
# યોગસાર પ્રવચન

(ભાગ-૨)



શ્રીમદ્ યોગીન્દુદેવ વિરચિત 'યોગસાર' શાસ્ત્ર ઉપર
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં અધ્યાત્મરસસભર પ્રવચનો

: 302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website:** www.vitragvani.com **Email:** vitragva@vsnl.com

**"Yogsar pravachan part-2 "** has been published by us & the PDF version of the same has been put on our website www.vitragvani.com

We have taken due care, while preparing the same. However, if you find any typographical error, you may kindly inform us on info@Vitragvani.com

**By "Shree Kundkund-Kahan Parmarthik Trust"**
**(Shri Shantilal Ratilal Shah-Parivar, Mumbai)**

www.vitragvani.com

શ્રી સીમંધર-કુંદકુંદકહાન-દિગંબર જૈન સાહિત્ય સ્મૃતિ-સંચય પુષ્પ–૧૮

ૐ

શ્રી વીતરાગાય નમઃ

# યોગસાર પ્રવચન

(ભાગ-૨)

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના 'યોગસાર'
શાસ્ત્ર ઉપરના સળંગ પ્રવચનો
(ગાથા ૬૯થી ૧૦૮)

પ્રકાશક
**અન્તર્રાષ્ટ્રીય દિગંબર જૈન મુમુક્ષુ મહાસંઘ**
**અંતર્ગત**
**શ્રી કુંદકુંદ કહાન પારમાર્થિક ટ્રસ્ટ**
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, નવયુગ સી.એચ.એસ. લિ.
વિ. એલ. મહેતા માર્ગ, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૫૬
ફોન : (૦૨૨) ૨૬૧૩૦૮૨૦

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ. સ. |
|---|---|---|---|
| ૨૯ | ૨૫૩૫ | ૨૦૬૫ | ૨૦૦૮ |


**પ્રકાશન**

ચૈતન્યધામ પંચ કલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવના
મંગલ પ્રસંગે. માગશર સુદ ૩, રવિવાર તા. ૩૦-૧૧-૨૦૦૮

પ્રત : ૧૫૦૦ ISBN : 978-81-907806-1-2

વેચાણ કિંમત : ૨૦/-

**પ્રાપ્તિ સ્થાન**

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**

સોનગઢ-૩૬૪૨૫૦ – ફોન : (૦૨૮૪૬) ૨૪૪૩૩૪

**શ્રી કુંદકુંદકહાન પારમાર્થિક ટ્રસ્ટ**

૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, નવયુગ સી.એચ.એસ. લિ.
વિ. એલ. મહેતા માર્ગ, વિલેપાર્લે (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૬
ફોન : (૦૨૨) ૨૬૧૩૦૮૨૦

**શ્રી સીમંધર કુંદકુંદ કહાન આધ્યાત્મિક ટ્રસ્ટ**

યોગીનિકેતન પ્લોટ 'સ્વરુચિ' સવાણી હોલની શેરીમાં,
નિર્મલા કોન્વેન્ટ રોડ, રાજકોટ-૩૬૦૦૦૭.
ટેલી નં. ૦૯૩૭૪૧૦૦૫૦૮ / (૦૨૮૧) ૨૪૭૭૭૨૮ / ૨૪૭૭૭૨૯

**શ્રી આદિનાથ કુંદકુંદ કહાન દિગંબર જૈન ટ્રસ્ટ**

વિમલાંચલ, હરિનગર, અલીગઢ (મ.પ્ર.). – ફોન : (૦૫૭૧) ૨૪૧૦૦૧૦/૧૧/૧૨

લેસર ટાઈપ સેટિંગ :
**પૂજા ઇમ્પ્રેશન્સ**
ભાવનગર-૩૬૪૦૦૧
મો. : ૯૩૨૭૪૯૪૯૭૨

મુદ્રક :
**શાર્પ ઑફસેટ પ્રિન્ટર્સ**
૩૧૨, હીરાપન્ના કોમ્પ્લેક્ષ, ડૉ. યાજ્ઞિક રોડ,
રાજકોટ-૩૬૦૦૦૧
મો. ૯૮૨૫૦૭૫૦૬૧

# પ્રસ્તાવના

અનંતકાલિન કાળચક્રના પ્રવાહમાં અનાદિકાળથી અનઉત્પન્ન, અવિનષ્ટ એવા અનંતા જીવો ભવદુઃખથી પીડિત છે. આધિ, વ્યાધિ, ઉપાધિથી ગ્રસ્ત અને શારીરીક તથા માનસિક દુઃખથી દુઃખિત આત્માઓને સત્ય સુખ તથા દુઃખમુક્તિનો ઉપાય પ્રાપ્ત થયો નથી. એક બાજુ આ પરિસ્થિતિ છે ત્યારે બીજી બાજુ આ જ દુઃખથી છૂટવાનો ઉપાય શોધનારા અનેક સંતો પણ કાળચક્રના પ્રવાહમાં થતા આવ્યા છે, જેમનો માર્ગ અંગીકાર કરી જીવો શાશ્વત સુખને પ્રાપ્ત થયા છે, થાય છે અને ભાવિકાળમાં થતા રહેશે.

દોષિત વિભાવભાવોની સાથે દુઃખ અને મલિનતાનું હોવું એ અનિવાર્ય પરિસ્થિતિ છે, દોષિત વિભાવભાવોનું મૂળ કારણ ગવેષી જ્ઞાની ધર્માત્માઓએ તેને મટાડવાનો ઉપાય શોધી, નિષ્કારણ કરુણાથી જગત સમક્ષ મૂક્યો. એવા જ કાળચક્રના પ્રવાહમાં વર્તમાન શાસનનાયક અંતિમ તીર્થાધિનાથ ભગવાન મહાવીરના શાસનમાં થતાં આવેલા દિગંબર આચાર્યો, મુનિ ભગવંતો, જ્ઞાની ધર્માત્માઓએ એ માર્ગને સ્વયંની અનુભવપૂર્ણ સશક્ત લેખની દ્વારા ગ્રંથારૂઢ કર્યો.

પ્રસ્તુત પ્રવચનના ગ્રંથ રચયિતા શ્રીમદ્ ભગવત્ શ્રી યોગીન્દ્રદેવ લગભગ ૧૪૦૦ વર્ષ પહેલા થઈ ગયા. ગ્રંથ રચયિતા આચાર્ય ભગવાનનો વિશેષ ઇતિહાસ પ્રાપ્ત નથી. પરંતુ તેમની કૃતિઓ ઉપરથી એટલું અવશ્ય કહી શકાય તેમ છે કે આચાર્ય ભગવંત પ્રચુર સ્વસંવેદનમાં ઝુલનારા અધ્યાત્મરસિક મહાસંત છે. ભગવાન કુંદકુંદાચાર્યદેવ તથા પૂજ્યપાદઆચાર્ય તેઓશ્રીના પ્રેરણાસ્રોત રહ્યા હોય તેમ લાગે છે. શ્રીમદ્ યોગીન્દ્રદેવની અન્ય કૃતિ 'પરમાત્મપ્રકાશ' પણ અધ્યાત્મરસથી ભરપૂર છે. જેમાં તેમનો અતીન્દ્રિય સ્વસંવેદનનો રસ ઝળકી રહ્યો છે. તેઓશ્રી દ્વારા રચિત અન્ય કૃતિઓ જેવી કે નૌકાર શ્રાવકાચાર, અધ્યાત્મ સંદોહ, સુભાષિત તંત્ર, તત્ત્વાર્થ ટીકા પણ સર્વમાન્ય છે. આ સૌમાં 'યોગસાર' ગ્રંથ મહત્ત્વપૂર્ણ મનાય છે.

'યોગસાર' ગ્રંથમાં પરિભ્રમણથી ભયભીત જીવોને સંબોધન કરીને ગ્રંથરચના કરવામાં આવી છે, જે તેઓશ્રી શરૂઆતમાં જણાવે છે ત્યારબાદ શાસ્ત્રના અંત ભાગમાં પોતાની ભાવના માટે આ ગ્રંથની રચના કરી છે તેમ પણ ઉલ્લેખ મળે છે. આ ગ્રંથની ટીકા કરવાનું સૌભાગ્ય બ્ર. પંડિત શ્રી શીતલપ્રસાદજીએ પ્રાપ્ત કર્યું છે. જીવ સંસાર પરિભ્રમણથી મુક્ત થઈ સ્વસ્વરૂપનું આલંબન લે તેવા મુખ્ય આશયને ઝાળવીને પ્રત્યેક દોહાની રચના કરી છે. જેમાં અંતરાત્મા, બહિરાત્મા, પરમાત્માનું સ્વરૂપ, આત્મજ્ઞાની જ નિર્વાણને પાત્ર છે, તપનું સ્વરૂપ, પરિણામોથી બંધ અને મોક્ષ, પુણ્યભાવનો નિષેધ, મૂળ આત્મ સ્વરૂપનું અસ્તિ-નાસ્તિથી

વર્ણન, સમ્યગ્દર્શન તથા સમ્યક્ચારિત્રનું મહત્ત્વ ઇત્યાદિ અનેક મહત્ત્વપૂર્ણ વિષયોને દર્શાવતા દોહાઓની રચના કરી છે.

અતીન્દ્રિય આનંદની કલમથી અને શાંતરસની સ્યાહીથી લખાયેલા અમૃતથી ભરપૂર એ ગ્રંથોના વચનોનું રસપાન કરાવનાર, એ આગમોમાં રહેલ ગૂઢ અધ્યાત્મ રહસ્યોનું ઉદ્ઘાટન કરનાર, મૂળ મોક્ષમાર્ગ પ્રકાશક, નિષ્કારણ કરુણામૂર્તિ, સિંહવૃત્તિ ધારક, ઉન્માર્ગનો ધ્વંસ કરનાર અને જૈનધર્મના પ્રણેતા, વિદેહીનાથ સીમંધર ભગવાનના દિવ્ય સંદેશા લાવી ભરતના જીવોના તારણહાર બની પધારેલા એ દિવ્યદૂત દિવ્યપુરુષ, સુષુપ્ત ચેતનાને જાગૃત કરનાર, અનંત ગુણથી દૈદીપ્યમાન, ગુણાતિશયવાન, મંગલકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ અનેક દિગંબર સંતો દ્વારા રચિત શાસ્ત્રો ઉપર પ્રવચન કર્યાં, તેમાં 'યોગસાર' ગ્રંથ ઉપર પણ પ્રવચનો કર્યાં. 'યોગસાર' ગ્રંથ ટૂંકામાં લખાયેલો હોવા છતાં મૂળ પરમાર્થ કેવી રીતે તેમાં રહ્યો છે તેની ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રકાશ પાડી આપણા સૌ ઉપર અનંત ઉપકાર કર્યો છે.

પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના શબ્દોમાં કહીએ તો પૂજ્ય ગુરુદેવશ્રી એ આ કાળનો અચંબો છે ! પૂજ્ય ગુરુદેવશ્રીના ઉપકારોનું વર્ણન મર્યાદિત કલમશક્તિમાં સમાવિષ્ટ થઈ શકે તેવી પરિસ્થિતિ નથી. રૂપી દ્વારા અરૂપીનું કેટલું વર્ણન થાય ! જડ દ્વારા ચૈતન્યનો કેટલો મહિમા થાય ! અતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રસ્તુત પ્રવચનોને હૃદયંગમ કરી, તેઓશ્રીએ બતાવેલા માર્ગે ચાલીએ એ જ તેમના પ્રત્યેનો યથાર્થ ઉપકાર વ્યક્ત કર્યો કહેવાશે.

પ્રસ્તુત ગ્રંથના પ્રવચનો અક્ષરશઃ પ્રકાશિત થાય તેવો પ્રસ્તાવ અમારી સમક્ષ આવતાં અમોએ સહર્ષ સ્વીકાર કર્યો અને શીઘ્ર પ્રકાશિત કરવાની ભાવના સાથે એવો નિર્ણય લેવામાં આવ્યો કે, પૂજ્ય ગુરુદેવશ્રીના જેટલા પ્રવચનો થયા છે તે બધા અક્ષરશઃ ગ્રંથારૂઢ કરવા. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રભાવના યોગમાં અનેક જિનમંદિરો થયા, પ્રતિષ્ઠાઓ થઈ, પ્રવચનો થયા અને જૈનધર્મનો મૂળમાંથી ઉદ્યોત થયો. પામરમાંથી પરમેશ્વર થવાનો માર્ગ, દોષ ઉપર વિજય મેળવી જૈન થવાનો માર્ગ જયવંત રહે તથા પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી શાશ્વત રહે એવી અમારા ટ્રસ્ટની ભાવના તથા મુખ્ય ઉદ્દેશ સાથે 'યોગસાર પ્રવચન' (ભાગ–૨) પ્રકાશિત કરતાં અમોને અત્યંત હર્ષ થાય છે.

'યોગસાર' ગ્રંથમાં કુલ ૧૦૮ ગાથાઓ છે અને ૪૫ પ્રવચનો થયા છે. 'યોગસાર પ્રવચન' (ભાગ–૨)માં એકવીસ પ્રવચનો આવરિત કરવામાં આવ્યા છે, જેમાં ૬૯ થી ૧૦૮ ગાથાઓનો સમાવેશ થાય છે. આ પ્રવચનોમાં જેટલા પ્રવચનો હિન્દી ભાષામાં થયા છે તેનું ગુજરાતી ભાષાંતર કરી છાપવામાં આવેલા છે.

પૂજ્ય ગુરુદેવશ્રીની મુખવાણી તથા ભાવો યથાવત જળવાઈ રહે તદર્થ પ્રવચનોને સી.ડી.માંથી અક્ષરશઃ ઉતારી લઈ, જ્યાં જરૂર લાગે ત્યાં કૌંસ ભરી વાક્યરચના પૂર્ણ કરવામાં આવેલ છે. જ્યાં સ્પષ્ટપણે સંભળાતું નથી ત્યાં ડોટ કરીને જગ્યા છોડી દેવામાં આવી છે.

પ્રવચનોનું સંપાદન કાર્ય પૂર્ણ થયા બાદ પ્રવચનોને સી.ડી. સાથે મેળવી લેવાનું તથા તપાસી જવાનું કાર્ય શ્રી ચેતનભાઈ મહેતા, રાજકોટ દ્વારા કરવામાં આવેલ છે, જે બદલ સંસ્થા તેમનો સહૃદય આભાર વ્યક્ત કરે છે.


ગ્રંથના ટાઈપ સેટિંગ માટે નિલેષભાઈ જૈન, પૂજા ઇમ્પ્રેશન્સ, ભાવનગર તથા ગ્રંથના સુંદર મુદ્રણ કાર્ય માટે ધર્મેશભાઈ શાહ, શાર્પ ઑફસેટ પ્રિન્ટર્સ, રાજકોટનો આભાર માનવામાં આવે છે તથા ગ્રંથ પ્રકાશનમાં જે જે મુમુક્ષુઓનું યોગદાન રહ્યું છે તે સર્વેનો આભાર માનવામાં આવે છે.

અંતતઃ યોગસાર અર્થાત્ નિજ સ્વરૂપ સાથે જોડાણ કરવું, તેનો સાર. એવા નવનીત સમાન, ભવ્ય જીવોને માટે પ્રકાશસ્તંભ સમાન પ્રસ્તુત પ્રવચનોનું મુમુક્ષુજીવ રસાસ્વાદન કરી ભવસાગર તરી જાય, એ ભાવના સાથે અત્ર વિરામ પામીએ છીએ.

ટ્રસ્ટીગણ

**શ્રી કુંદકુંદ કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

www.vitragvani.com



Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

# શ્રી સદ્‌ગુરુદેવ–સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો ! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો ! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના !
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દ્દષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું ‘સત સત, જ્ઞાન જ્ઞાન’ ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
- રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું.

(સ્ત્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ ! તારી ઉર- અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, - મનરથ મનનો; પૂરજો શક્તિશાળી !

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | દોહા નં. | તારીખ | પેઈજ નં. |
|---|---|---|---|
| ૨૫ | ૬૯ થી ૭૧ | ૦૪.૦૭.૧૯૬૬ | ૨ |
| ૨૬ | ૭૧ થી ૭૪ | ૦૫.૦૭.૧૯૬૬ | ૧૭ |
| ૨૭ | ૭૪ થી ૭૫ | ૦૬.૦૭.૧૯૬૬ | ૩૨ |
| ૨૮ | ૭૬ થી ૭૭ | ૦૭.૦૭.૧૯૬૬ | ૪૮ |
| ૨૯ | ૭૭ થી ૮૦ | ૦૮.૦૭.૧૯૬૬ | ૬૨ |
| ૩૦ | ૮૦ થી ૮૨ | ૦૯.૦૭.૧૯૬૬ | ૭૭ |
| ૩૧. | ૮૨ થી ૮૩ | ૧૦.૦૭.૧૯૬૬ | ૯૩ |
| ૩૨ | ૮૪ થી ૮૫ | ૧૨.૦૭.૧૯૬૬ | ૧૦૮ |
| ૩૩ | ૮૫ થી ૮૬ | ૧૩.૦૭.૧૯૬૬ | ૧૨૪ |
| ૩૪ | ૮૬ થી ૮૭ | ૧૪.૦૭.૧૯૬૬ | ૧૪૦ |
| ૩૫ | ૮૮ થી ૮૯ | ૧૫.૦૭.૧૯૬૬ | ૧૫૬ |
| ૩૬ | ૮૯ થી ૯૦ | ૧૬.૦૭.૧૯૬૬ | ૧૭૧ |
| ૩૭ | ૯૧ થી ૯૨ | ૧૭.૦૭.૧૯૬૬ | ૧૮૭ |
| ૩૮ | ૯૩ | ૧૯.૦૭.૧૯૬૬ | ૨૦૧ |
| ૩૯ | ૯૩ થી ૯૪ | ૨૦.૦૭.૧૯૬૬ | ૨૧૬ |
| ૪૦ | ૯૫ થી ૯૬ | ૨૧.૦૭.૧૯૬૬ | ૨૩૨ |
| ૪૧ | ૯૭ થી ૯૮ | ૨૨.૦૭.૧૯૬૬ | ૨૪૭ |
| ૪૨ | ૯૯ થી ૧૦૦ | ૨૩.૦૭.૧૯૬૬ | ૨૬૨ |
| ૪૩ | ૧૦૦ થી ૧૦૩ | ૨૪.૦૭.૧૯૬૬ | ૨૭૮ |
| ૪૪ | ૧૦૪ થી ૧૦૬ | ૨૬.૦૭.૧૯૬૬ | ૨૯૪ |
| ૪૫ | ૧૦૬ થી ૧૦૮ | ૨૭.૦૭.૧૯૬૬ | ૩૦૯ |

હે ગુરુદેવ ! આપે એકાકી, નિસ્પૃહ અને નીડરપણે અંતરમાં પુરુષાર્થ કરી આત્મરત્નને પ્રગટ કરી ભારતના જીવોને તે સમ્યક્ માર્ગે નિઃસ્પૃહપણે અને નીડરપણે આપના પરાક્રમથી વાળ્યા છે, શાસ્ત્રોનાં ને આત્મદેવનાં ઊંડા સૂક્ષ્મ હાર્દ પ્રકાશ્યા છે; ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, દ્રવ્યદૃષ્ટિ, જ્ઞાતા, કર્તા, અકર્તા, સ્વાનુભૂતિની નિર્વિકલ્પ દશા વગેરે ચૈતન્યની અદ્ભુતતા વાણી દ્વારા પ્રકાશ કરી લાખો જીવોને અંતરદૃષ્ટિનો માર્ગ બતાવ્યો છે, તે પંથે વાળ્યા છે. આપ ભારતની મહાન વિભૂતિ અને અજોડ રત્ન હતા.

હે ગુરુદેવ ! આપના ઉપકારોનું શું વર્ણન થાય ? તે તો હૃદયપટમાં કોતરાઈ ગયા છે. આ દાસના આત્મા ઉપર આપનો અનંત અનંત ઉપકાર છે. આપની સેવા–ભક્તિ અંતરમાં વસી રહો. આપના ચરણ કમળમાં આ દાસના વારંવાર પરમભક્તિથી વંદન નમસ્કાર હો.

(પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન, પરમાગમસાર)

ॐ

नमः श्रीसिद्धेभ्यः

# યોગસાર પ્રવચન

(ભાગ-૨)

(પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના યોગસાર ઉપર સળંગ પ્રવચનો)

જીવ સદા એકલો છે.

इक्क उपज्जइ मरइ कु वि दुहु सुहु भुंजइ इक्कु।
णरयहं जाइ वि इक्क जिउ तह णिव्वाणहं इक्कु।।६९।

જન્મ-મરણ એક જ કરે, સુખ-દુઃખ વેદે એક;
નર્કગમન પણ એકલો, મોક્ષ જાય જીવ એક. ૬૯.

અન્વયાર્થ :– (इक्क उपज्जइ मरइ कु वि) જીવ એકલો જ જન્મે છે અને એકલો જ મરે છે. (इक्कु दुहु सुहु भुंजइ) એકલો જ દુઃખ અથવા સુખ ભોગવે છે. (इक्क जिय णरयहं जाइ वि) એકલો જ જીવ નરકમાં પણ જાય છે (तह इक्क णिव्वाणहं) તથા એકલો જીવ પછી નિર્વાણ પામે છે.

## વીર સંવત ૨૪૯૨, અષાઢ વદ ૨, સોમવાર
## તા. ૦૪-૦૭-૧૯૬૬
## ગાથા-૬૯ થી ૭૧ પ્રવચન નં. ૨૫

'યોગીન્દ્રદેવ' દિગંબર મુનિ ભરતક્ષેત્રને વિષે ઘણા સેંકડો વર્ષ પહેલા થયા, એમણે આ 'યોગસાર' બનાવ્યું છે. યોગસાર એટલે આ આત્માનો શુદ્ધ સ્વભાવ પવિત્ર અનાદિ છે, એમાં એકાકાર થવું એ ધર્મનો સાર છે. સમજાણું કાંઈ? આત્મા... જુઓ! ૬૯માં ઇ આવે છે – 'જીવ સદા એકલો છે.'

**इक्क उपज्जइ मरइ कु वि दुहु सुहु भुंजइ इक्कु।**
**णरयहं जाइ वि इक्क जिउ तह णिव्वाणहं इक्कु।।६९।**

જુઓ! શું કહે છે? 'જીવ એકલો જ જન્મે છે અને એકલો જ મરે છે.' એકલો જીવ મરે છે, દેહ છૂટે છે તો પોતાએ એકલાએ જ મરવું પડે છે. કોઈ સ્વજન, કુટુંબ સાથે આવી શકતા નથી. અને એકલો જન્મે છે. જન્મમાં પણ કોઈ સાથે નથી. પૂર્વના કોઈ કુટુંબીએ એને માટે પાપ કર્યા હોય તો સાથે કોઈ આવે છે? નરકમાં જન્મ લે, પશુમાં જન્મ લે. પોતે એકલો જન્મે છે અને એકલો મરે છે, કોઈ સાથે નથી.

'**इक्क जिय णरयहं जाइ**' જેવા ભાવ કર્યા હોય એવા પોતાના ભાવ લઈને નરકમાં જાય. એકલો નરકમાં જાય છે, કોઈ કુટુંબ પરિવાર સાથે આવતા નથી. તમારે માટે મેં પાપ કર્યા અમારી સાથે તો ચાલો. અને '**इक्क णिव्वाणहं**' 'તથા એકલો જીવ પછી નિર્વાણ પામે છે.' પોતાનું શુદ્ધ સ્વરૂપ, પરમાનંદ પરમ સ્વરૂપ, એની એકત્વબુદ્ધિ દૃષ્ટિ એકાંત નિર્મળ કરીને પોતાના સ્વભાવમાં સ્થિર થઈને આત્મા પોતાથી એકલો મોક્ષમાં જાય છે. કહો, સમજાય છે? કોઈ ગુરુ પણ સાથે આવતા નથી, કેવળી પણ સાથે આવતા નથી, શાસ્ત્ર સાથે આવતા નથી, સંઘ સાથે આવતો નથી. પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે, તેને પુણ્ય-પાપના રાગથી ભિન્ન કરી નિજ સ્વરૂપમાં એકત્વ થઈને પોતાનો આત્મા જ પોતાને નિર્વાણ પ્રાપ્ત કરાવે છે, એમાં કોઈની મદદ-સહાય છે નહિ. કહો, સમજાય છે?

'અહીં એકત્વ ભાવનાનો વિચાર કરવામાં આવ્યો છે.' આ શ્લોકમાં એકત્વ ભાવના- હું એકલો છું (તેનો વિચાર કર્યો છે). 'આ જીવે એકલા જ જન્મવું અને એકલા જ મરવું પડે છે, દરેક જન્મમાં માતા, પિતા, ભાઈ, બંધુ વગેરે મિત્રો અને અન્ય ચેતન-અચેતન પદાર્થોનો સંયોગ થતો રહ્યો અને છૂટતો રહ્યો છે.' અનેક જન્મમાં કુટુંબનો સંયોગ થયો અને સંયોગ છૂટી ગયો, પોતે તો એકલો જ રહ્યો, કોઈ સાથે આવ્યું નહિ. એમ જાણીને

www.vitragvani.com



પોતાના સ્વરૂપનું અંતર સાધન કરવું, એમ કહે છે. 'યોગસાર' છે ને? સમજાય છે કાંઈ? 'આ જીવે એકલા જ બધાને છોડીને બીજી ગતિમાં જવું પડ્યું. એક પાપપુણ્ય કર્મ જ સાથે રહ્યું.' જેવા પુણ્ય અને પાપ કર્યા એ સાથે આવ્યા, બીજું તો કોઈ સાથે આવતું નથી.

'કર્મોનો બંધ આ જીવ પોતાના શુભ અને અશુભ ભાવોથી જેવો કરે છે તેવું જ તેમનું ફળ આ જીવ એકલો જ ભોગવે છે.' સમજાય છે? શાસ્ત્રમાં કથામાં એક દૃષ્ટાંત છે કે, નાના ભાઈ માટે મોટા ભાઈએ ઘણા પાપ કર્યા હતા. નાનો ભાઈ રોગી હતો. મોટો ભાઈ એને માંસ, ઇંડા લાવીને ખવડાવતો. એને ખબર નહિ કે આ માંસ છે. પછી મોટો ભાઈ મરીને નરકમાં ગયો અને નાનો ભાઈ જમ, પરમાધામી થયો. બે સગાં ભાઈ. જેને માટે પાપ કર્યા હતા એ મરીને પરમાધામી થયો. પાપ કરવાવાળો નારકી થયો. (પરમાધામી એને) મારે. 'અરે..! ભાઈ! પણ મેં તારી માટે કર્યું હતું ને!' 'મારી માટે (કરવાનું) કોણ કહેતું હતું?' 'તમારી માટે મેં પાપ કર્યા હતા અને તારી માટે કુપથ્ય ઇંડા લાવીને આપ્યા, માંસ લાવીને આપ્યું, માછલીનું માંસ આપ્યું. આ શિરો છે એમ કરીને મેં આપ્યું હતું.' (એટલે પરમાધામી કહે છે), 'મને તો ખબર નથી, તેં આવું કેમ કર્યું? હું તો પરમાધામી થયો છું એટલે હું તો મારીશ.' સમજાય છે કાંઈ? એ પાપ અને પુણ્ય જેવા શુભાશુભ(ભાવ) કર્યા છે (તે) એકલાએ ભોગવવા પડે છે.

કુટુંબ માટે કરે તો કહે છે, 'નરકાયુનો બંધ પડે છે તો આ જીવે એકલા જ નરકમાં જઈને દુઃખ સહેવું પડે છે. કોઈ કુટુંબીજન તેની સાથે આવી શકતું નથી.' આવી શકે છે કોઈ? અને 'પોતાની સાથે કોઈ મિત્ર, સ્ત્રી, પુત્રને લઈ જઈ શકતો નથી.' ભાઈ! ચાલો તમે મારા ઘણા નજીકના મિત્ર હતા. સાથે તો આવે, સાથે તો આવો. આપણે તો પચાસ-સાંઈઠ-સાંઈઠ વર્ષ સાથે રહ્યા, સ્ત્રી-પત્ની સાંઈઠ-સીત્તેર વર્ષ સાથે રહે, લ્યો! ચાલો હું જાઉં છું તમે પણ સાથે આવો. 'દરેક જીવની સત્તા જુદી છે.' કોઈની સત્તા કોઈની સાથે (ભળેલી) નથી. જેણે જેવા ભાવ કર્યા તેવા તે (ભોગવે) છે.

'કર્મોનો બંધ જુદો છે, ભાવોનું પલટવું જુદું છે,...' બધા જીવોનું કર્મબંધન જુદું અને ભાવોનું (પલટવું) પણ જુદું અને 'શાતા અને અશાતાનું ભોગવવું જુદું છે.' બરાબર છે, 'રતનચંદજી'! બધાનું જુદું? પત્ની પચાસ-સાંઈઠ-સીત્તેર વર્ષ સાથે રહે તોપણ (જુદું)?

મુમુક્ષુ :– બધા ભેગા થઈને ભોગવે?

ઉત્તર :– બધા ભેગા થઈને ભોગવે કે નહિ? એ..ઇ...! ધૂળમાંય ભોગવતા નથી. સૌ પોતાના રાગને ભોગવે છે. ભિન્ન ભિન્ન રાગ કરીને ભોગવે છે. પૈસા ક્યાં ભોગવે છે? પૈસા કોઈ ખાય જાય છે? આ..હા...! જુઓ!

'ચાર ભાઈ હોય તો એક જ સ્થિતિમાં રહી શકતા નથી.' ચાર ભાઈનો દાખલો આપ્યો છે. હેં? છે એમાં? 'ચાર ભાઈ હોય તો એક જ સ્થિતિમાં રહી શકતા નથી. એક ધનવાન

www.vitragvani.com



થઈને સાંસારિક સુખ ભોગવે છે.' જુઓ! સાંસારિક સુખ ભોગવે છે એટલે દુઃખ (ભોગવે છે). 'એક નિર્ધન થઈને કષ્ટપૂર્વક જીવનનિર્વાહ ચલાવે છે, એક વિદ્વાન થઈને દેશપ્રસિદ્ધ થઈ જાય છે,...' વિદ્વાન હોય તો દેશમાં આબરૂ થાય. એમાં શું? 'એક મૂર્ખ રહીને બધાનો અનાદર મેળવે છે.' ચાર ભાઈના ચાર (પ્રકાર). 'શ્રેણિક', 'અભયકુમાર' એકસાથે જમતા હતા. બહુ પ્રીતિ હતી, 'શ્રેણિક' રાજાને 'અભયકુમાર' ઉપર બહુ પ્રીતિ હતી અને એ તો દિવાનપણાનું કામ કરતા હતા અને બુદ્ધિવાળા બહુ. 'અભયકુમારની બુદ્ધિ' એમ વાણિયા લખે છે કે નહિ? ચોપડામાં લખે છે.

મુમુક્ષુ :– ઘરાકને સાચવતા આવડે.

ઉત્તર :– સાચવતા શું આવડે? ઓલો બુદ્ધિવાળો હતો. તો આ કહે, અમને બુદ્ધિ હજો. શેની બુદ્ધિ? તમને એમ મળી જતી હશે?

કહે છે, એ 'અભયકુમાર' ઉપર એટલી પ્રીતિ (હતી). 'અભયકુમાર' સ્વર્ગમાં ગયો. 'શ્રેણિક' રાજા નરકમાં ગયા. સમજાય છે કાંઈ? એકસાથે જમતા હતા. એક નરકમાં ગયા, એક સ્વર્ગમાં ગયા, કોઈ મોક્ષમાં ગયા. સમજાય છે? બીજા રાજકુમાર સાથે હતા તે મોક્ષમાં ગયા. જેવી પોતાની પર્યાય કરે છે તેવું તેનું ફળ મળે છે. એકસાથે જમનારા... શાસ્ત્રપાઠ દેખ એવું છે. એકસાથે જમનારા પણ શાસ્ત્રપાઠે દેખ. એક નરકમાં જાત હૈ ને એક મોક્ષમાં જાત હૈં, એસા દેખ. 'માંગીરામજી'! શું કહે છે? જુઓ! કહે છે, તારા પરિણામ તું સુધાર અને પોતાનો આત્મા શુદ્ધ આનંદકંદ છે એવી દૃષ્ટિ કરીને આત્માનું ધ્યાન, અનુભવ કર. એ જ મોક્ષનો ઉપાય છે, બીજો કોઈ ઉપાય છે નહિ. સમજાય છે કાંઈ?

'જ્યારે રોગ આવે છે ત્યારે આ જીવે તેની વેદના સ્વયં જ સહેવી પડે છે. પાસે બેસનારા કોઈ પણ આ વેદનામાં ભાગ પડાવી શકતા નથી.' પાસે બેઠા હોય ને? હાથ ફેરવ, હાથ. રોગનો થોડો ભાગ એ લે કે નહિ? કોણ લે? સમજાણું કાંઈ? 'સંસારના કાર્યોમાં પણ આ જીવે એકલા જ આચરણ કરવું પડે છે.' સંસારમાં પણ એકલો વર્તે છે ને? 'બધા જ સંસારી જીવો પોતપોતાના સ્વાર્થના સાથી છે. સ્વાર્થ ન સધાય ત્યારે સ્ત્રી, પુત્ર, મિત્ર, ચાકર સૌ આપણા પ્રત્યે પ્રેમ છોડી દે છે.' સ્વાર્થ ન હોય તો છોડી દે, નહિ, એમાં કંઈ છે નહિ. કમાતા હતા ત્યાં સુધી ઠીક છે, હવે કમાતા નથી. બરાબર છે કે નહિ? 'માંગીરામજી'!

મુમુક્ષુ :–

ઉત્તર :– બધું હોય તો સૌને એમ જ છે. તમને એકને 'મહાસુખ'ને છોડે એટલે શું થઈ ગયું? એને પણ અંદરમાં તો એવું જ હોય. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

'બીજાના અસત્ય મોહમાં પડીને પાપકાર્ય ન કરવું જોઈએ. ... હોડીમાં બેઠેલા પ્રવાસીઓની જેમ સર્વ સંયોગોને છૂટી જાય એવા અસ્થિર માનવા જોઈએ.' એક હોડીમાં બધા બેઠા હોય, સૌ પથિક પોતપોતાના ઘરમાં ચાલ્યા જાય છે, પોતાના ગામમાં ચાલ્યા જાય છે. સાથે બેઠા

www.vitragvani.com



હોય એ બધા એક ગામમાં જાય છે, એવું છે? એક હોડીમાં બેઠા હોય તો એક જણ એક ગામમાં જાય, બીજો બીજા ગામમાં જાય, ત્રીજો ત્રીજામાં. એમ એક ઘરમાં પચીસ માણસ આવ્યા. એક જાય નરકમાં, એક જાય સ્વર્ગમાં, એક જાય મોક્ષમાં. જેવો પોતાના આત્માનો પુરુષાર્થ કરે તેવું તેનું ફળ મળે છે. કોઈનો સાથ-સથવારો નથી. સમજાણું કાંઈ?

'તેમાં રાગ, દ્વેષ, મોહ ન કરતાં સમભાવમાં રહેવું જોઈએ.' એમ કહે છે. ભગવાનઆત્મા જ્ઞાતા-દ્રષ્ટા છે, એમાં દયા, દાન આદિ વિકલ્પ આદિ, ભક્તિ, જાત્રાનો (ભાવ) આવે એ બધા પુણ્યભાવ છે, એ ધર્મભાવ નથી. હિંસા, જૂઠ, ચોરી, વિષયભોગ, વાસના એ પાપ છે. દયા, દાન, ભક્તિ, વ્રત, તપ, પૂજા, જાત્રા પુણ્ય છે. બન્ને રાગથી પોતાનો આત્મા ભિન્ન છે એમ જાણીને પોતાના આત્માની શ્રદ્ધા, ધ્યાન કરવું એ જ પોતાની શુદ્ધિની વૃદ્ધિનું કારણ છે, એ જ મોક્ષનું કારણ છે. કહો, સમજાણું કાંઈ?

'જો એ રત્નત્રયથી ધર્મની સમ્યક્ પ્રકારે આરાધના કરે તો પોતે જ એકલો મોક્ષ પામે છે.' સંસારના બધા કુટુંબી નરકે જાય, ચાર ગતિમાં જાય, ભલે જાઓ. આત્મા–પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ (છે). સમજાય છે કાંઈ? પોતાનો આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદકંદ છે. એમ તેની રુચિ, દૃષ્ટિ કરી, આત્માનું જ્ઞાન કરી આત્મામાં જ લીન થવું તે રત્નત્રય એક જ મોક્ષનું કારણ છે. એ રત્નત્રય પોતાથી થાય છે, કોઈ બીજાથી થતા નથી. પોતાના આત્માના આશ્રયે થાય છે. એમાં કોઈની સહાય નથી. ભગવાન, દેવ-ગુરુ-શાસ્ત્ર પણ એમાં મદદ કરતા નથી. સમજાય છે કાંઈ?

એક જણ ભગવાનના મંદિરમાં માળા ગણતો હતો. 'સણોસરા'વાળા 'અમરચંદભાઈ' હતા ને? 'અમરચંદભાઈ' હતા. 'ઉમરાળા' રહેતા હતા ને? 'અમરચંદભાઈ' વિસાશ્રીમાળી. એ ન્યાં મંદિરમાં માળા ગણતા હતા, ન્યાં મરી ગયા. એથી એમ કે, ઓ..હો..હો...! મંદિરમાં મર્યા. મંદિરમાં (મર્યા) તો શું થયું? માળા ગણતા હોય તો શુભભાવ છે, તેનાથી પુણ્ય છે, સમજાણું કાંઈ ? એ ધર્મ-બર્મ છે નહિ. લોકો કહે, ઓ..હો..હો...! બહુ ભાગ્યશાળી! ઉપરથી મડદું ઉતાર્યું. ત્યાં ભગવાનના મુખ્ય મંદિરમાં મરી ગયા હતા. માળા ગણતા હતા ત્યાં દેહ છૂટી ગયો. આ 'સણોસરા'ના હતા ને? 'અમરચંદભાઈ' હતા, વિસાશ્રીમાળી, દેરાવાસી. ત્યાં રહેતા અને મકાન અહીં હતું. અમારા 'ઉમરાળા'માં મકાન કરેલા. અહીં આવતા. એને લઈને 'સણોસરા' ગયા હતા. ઉપરથી મડદું ઉતાર્યું તો લોકો કહે, ઓ..હો..હો...! સિદ્ધગિરિમાં મૂક્યાં. સિદ્ધિગિરિમાં (મરે પણ) નરકે જાય, એમાં શું છે? સિદ્ધગિરિમાં મરે ને નરકે જાય. 'ધીરુભાઈ'! અને સાધારણ શુભભાવ હોય તો પુણ્ય બાંધે, એમાં કાંઈ કલ્યાણ થઈ જાય, જન્મ-મરણના અંત આવે એમ નથી. ભગવાનની સામે બેઠો હોય તોપણ જેવો રાગ કરે એવો બંધ પડે છે. સમજાય છે કાંઈ? પુણ્ય-પાપના ભાવથી મારી ચીજ ભિન્ન છે. મારી ચીજ જ ભિન્ન છે એમ પોતાના આત્માની શ્રદ્ધા, જ્ઞાન કરે તો તેને રત્નત્રય પ્રગટ થતાં

www.vitragvani.com



તેનાથી મુક્તિ થાય છે, બીજા કોઈ ઉપાયે મુક્તિ છે નહિ.

'દરેક જીવના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ બીજા જીવથી જુદા છે.' બરાબર છે? શું કહ્યું? દરેક જીવ-પ્રત્યેક જીવ, તેનું દ્રવ્ય ભિન્ન, ક્ષેત્ર ભિન્ન, કાળ ભિન્ન અને ભાવ ભિન્ન. 'દરેક જીવ પરમ શુદ્ધ છે.' લ્યો! ઉતાર્યું છે ખરું, ક્યાંક બીજે ઉતાર્યું હશે, બરાબર છે. ઓલામાં ઉતાર્યું છે, ૭૦ માં ઉતાર્યું છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ઉતાર્યા છે. દરેક જીવનો પરમધર્મ શુદ્ધ છે. 'દરેક જીવ પરમ શુદ્ધ છે. ન તેને આઠ કર્મોનો સંયોગ છે, ન શરીરનો સંયોગ છે, ન વિભાવ ભાવોનો સંયોગ છે.' પુણ્ય-પાપના દયા, દાનના ભાવ એ પણ સંયોગી ચીજ છે, આત્માની નથી. એ બધા વિભાવ પરભાવ છે. એમ પોતાના એકલા સ્વભાવની દૃષ્ટિ કરીને વિચારવું અને હું 'સિદ્ધ સમાન શુદ્ધ, નિરંજન અને નિર્વિકાર છું.' એમ પોતાને એકલો જાણી 'પોતાના સ્વભાવમાં મગ્ન રહેવું જોઈએ.' શ્રદ્ધા, જ્ઞાન કરીને સ્થિર રહેવું તે જ મોક્ષનો માર્ગ છે, બીજો કોઈ ધર્મમાર્ગ છે નહિ.

છેલ્લે પણ કહ્યું છે, જુઓ! 'બૃહત્ સામાયિક' પાઠ છે ને? મોટી સામાયિકનો પાઠ છે. 'તું મૂઢ બનીને આવી મિથ્યા કલ્પના કર્યા કરે છે કે હું ગોરો છું, રૂપાળો, મજબૂત શરીરવાળો છું, દૂબળો છું, જાડો છું, કઠોર છું, દેવ છું, મનુષ્ય છું, પશુ છું, નારકી છું, નપુંસક છું, પુરુષ છું, સ્ત્રી છું.' એ બધું મૂઢ થઈને માને છે. આત્મા એવો છે જ નહિ. 'તું તારા આત્માને જાણતો નથી કે એ તો એકલો જ્ઞાનસ્વભાવી,...' (છે). ભગવાન જ્ઞાનસ્વરૂપ, જ્ઞાનસ્વભાવ, ચૈતન્યમૂર્તિ નિર્મળાનંદ 'સર્વ દુઃખરહિત અવિનાશી દ્રવ્ય છે.' નાશ ન થાય તેવો પદાર્થ છે. આવા પદાર્થની અતંર દૃષ્ટિ કરી રત્નત્રય પ્રગટ કરવા એ પોતાનું સ્વતંત્ર કારણ છે, એમાં કોઈની મદદ નથી.

---

## નિર્મોહી થઈને આત્માનું ધ્યાન કર.

इक्कुलउ जइ जाइसिहि, तो परभाव चएहि।
अप्पा झायहि णाणमउ, लहु सिव-मुक्ख लहेहि।।७०।।

જો જીવ તું છે એકલો, તો તજ સૌ પરભાવ;
આત્મા ધ્યાવો જ્ઞાનમય, શીઘ્ર મોક્ષસુખ થાય. ૭૦.

અન્વયાર્થ :- (जइ इक्कुलउ जाइसिहि) જો તું એકલો જ જવાનો હો (तो परभाव चयहि) તો રાગ દ્વેષ મોહાદિ પરભાવોને છોડી દે. (णाणमउ अप्पा झायहि) જ્ઞાનમય આત્માનું ધ્યાન કર. (लहु सिव-मुक्खं लहेहि) તો તું શીઘ્ર જ મોક્ષનું સુખ પામીશ.

---

www.vitragvani.com



૭૦. 'નિર્મોહી થઈને આત્માનું ધ્યાન કર.'

**इक्कुलउ जइ जाइसिहि, तो परभाव चएहि।**
**अप्पा झायहि णाणमउ, लहु सिव-मुक्ख लहेहि।।७०।।**

'જો તું એકલો જ જવાનો હો...' હે આત્મા! તું એકલો દેહ, કુટુંબ બધાને છોડીને જઈશ 'તો રાગ, દ્વેષ, મોહાદિ પરભાવોને છોડી દે.' ભગવાન પરમાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવ અને પરમાં મોહ છોડી, પોતાનો શુદ્ધ સ્વભાવ... 'યોગસાર' છે ને! પોતાનો શુદ્ધ પવિત્ર સ્વભાવનું અંદર ધ્યાન કર. એમાં લો લગાવી દે તો પરભાવ છૂટી જશે. 'જ્ઞાનમય આત્માનું ધ્યાન કર.' ભગવાનઆત્મા જાણક.. જાણક.. જાણક.. જાણનાર.. જાણનાર.. જાણનાર.. જાણનાર.. આ જાણનાર ચૈતન્ય તે હું છું, એ સિવાય કોઈ રાગાદિ (તે હું નથી). જ્યાં જ્યાં જ્ઞાન ત્યાં ત્યાં હુ, જ્યાં જ્યાં જ્ઞાન નહિ ત્યાં ત્યાં હું નહિ. રાગાદિ, દયા, દાન, ભક્તિ, વ્રત, જાત્રાના વિકલ્પ ઊઠે છે એ આત્મા નથી, એ તો રાગ છે. જ્યાં જ્યાં જ્ઞાન ત્યાં ત્યાં આત્મા, જ્યાં જ્યાં જ્ઞાન નહિ તો રાગમાં આ જ્ઞાન નથી (તેથી તે હું નહિ). સમજાય છે કાંઈ? એ પુણ્ય પરિણામ છે તે જ્ઞાન નથી. જ્યાં જ્ઞાન નહિ ત્યાં આત્મા નહિ. સમજાય છે કાંઈ? ભારે ઝીણું, ભાઈ! આત્મા.. આત્મા.

ભાઈ! આત્મા તો ચૈતન્યજ્યોત છે ને! ચૈતન્યજ્યોત છે. જ્યાં જ્યાં ચૈતન્ય છે ત્યાં ત્યાં આત્મા છે અને જ્યાં જ્યાં રાગાદિ ઉત્પન્ન થાય છે ત્યાં ચૈતન્ય નથી. આહાહા..! સમજાય છે કાંઈ? એવું પોતાનું સ્વરૂપ ચૈતન્યમય, રાગાદિ અચેતનથી તદ્દન ભિન્ન છે એમ જાણીને પોતાના સ્વરૂપની એકાગ્રતા કરવી તેનું નામ યોગસાર છે. કહો, સમજાણું કાંઈ? 'તો તું શીઘ્ર જ મોક્ષનું સુખ પામીશ.' લ્યો!

'આચાર્ય કહે છે કે હે શિષ્ય! જો તને એવો નિશ્ચય થઈ ગયો હોય કે તું એક દિવસ મરીશ અને તારે પરલોકમાં એકલા જ જવું પડશે, કોઈ પણ ચેતન કે અચેતન પદાર્થ તારી સાથે નહિ આવે, જેના પ્રત્યે તું રાગ કરે છે તે બધા અહીં જ છૂટી જશે...' જેને તું રાગ કરે છે કે આ મારા પિતા, મારી માતા, મારી સ્ત્રી, મારું કટુંબ, મારા પુત્ર, મારા મકાન, મુનિમ (એ બધા) જેના પ્રત્યે તું રાગ કરે છે એ બધું છૂટી જશે. સમજાય છે કાંઈ? 'તો તેમના પ્રત્યે રાગકરવાનું તારા માટે વૃથા છે.' જેના ઉપર તું રાગ કરે છે એ વસ્તુ તો છૂટી જશે, તારી સાથે તો આવશે નહિ માટે તારો રાગ વૃથા છે. તારી સાથે તો એ પરપદાર્થ આવતા નથી. 'આવા ક્ષણભંગુર પદાર્થો તરફ રાગ કરવો તે શોકનું અને દુઃખનું કારણ છે.' ઠીક લખ્યું છે.

'માટે તું હવે એવું કામ કર કે જેથી તને સ્થિરતા પ્રાપ્ત થાય,...' ધ્યાન, ધ્યાન કીધું ને? એમ કર કે, જેમાં આત્મા પોતાની જ્ઞાનભૂમિકામાં આવી જાય. સમજાય છે કાંઈ? એવું કામ કરો કે ચૈતન્ય ભગવાનઆત્મા પોતાની જ્ઞાનભૂમિમાં આવી જાય, એ રાગ વિકલ્પ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આદિ ભૂમિ આત્માની નહિ. સમજાય છે કાંઈ? 'અવિનાશી મોક્ષનું અનુપમ સુખ પ્રાપ્ત થાય,...' વગેરે ઘણું (લખ્યું) છે. 'મૃત્યુ આવવા પહેલાં જ આવો પ્રયત્ન તું કરી લે એ તારા માટે યોગ્ય છે.' તને યોગ્ય છે કે, દેહ છૂટવા પહેલા યત્ન કર. દેહ છૂટશે તે વખતે યત્ન થશે નહિ. ઘર બળશે ત્યારે કૂવામાંથી પાણી કાઢીશું. નહિ નીકળે, ઘર બળી જશે. દેહ છૂટવાના ટાણા આવ્યા, હવે ધર્મ કરો. શું ધર્મ કરે?

મુમુક્ષુ :- મર્યા પહેલાં વીલ કરી લેવું.

ઉત્તર :- મરતાં પહેલાં આત્માનો યત્ન કરવો. વીલ શું કરે? મરી જાય, વીલમાં ગરી જાવું છે એને? મરતા પહેલાં આત્માનો યત્ન કરવો, એમ કહે છે. સમજાય છે કાંઈ?

'માનવશરીરથી જ શિવ પદ મળી શકે છે. દેવ, નારકી, પશુના શરીરમાં રહીને કદી પણ શિવપદ પ્રાપ્ત થઈ શકતું નથી. આ અવસર ગુમાવવો યોગ્ય નથી. તે ઉપાય આ જ છે કે જે જે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ પોતાના નથી તેને પર સમજીને તે બધા તરફથી રાગ ઉઠાવી લે.' શું કહે છે? જુઓ! જે પોતાથી પરદ્રવ્ય ભિન્ન, પરક્ષેત્ર ભિન્ન, પરદશા ભિન્ન, પરભાવ ભિન્ન (છે), જે પોતાથી પર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ (છે એમ) સમજીને બધા તરફથી રાગ ઉઠાવી લે. આ દેવ-ગુરુ-શાસ્ત્ર તરફથી પણ રાગ ઉઠાવી લે, એમ કહે છે. આહાહા..! છે? પાણીમાં 'ગુણવંત' એકલો મર્યો હશે, ત્યારે 'ફૂલચંદભાઈ'ને પોકાર કર્યો હશે? કે, 'ફૂલચંદભાઈ' ન મળે, અરે..! અહીં કોઈ બાપુ ન મળે. એકલા જાવું? આહાહા..! એકલા અંદરમાં ઘૂસી જઈને એકલું ધ્યાન કરે તો કોઈને વિઘ્ન કરે એવું છે? હેં?

મારું જ્ઞાન, મારું જ્ઞાન, મારું જ્ઞાન... લ્યો! 'શેઠિયા' કહે છે ને? 'શેઠિયા' નહિ? મારું જ્ઞાન, મારું જ્ઞાન. આ જ્ઞાનસ્વરૂપ આત્મા જાણનાર (છે). એ જાણનાર સ્વરૂપ ભૂમિકા મારી છે. જેટલા રાગાદિ ઉત્પન્ન થાય છે એ મારી ભૂમિકા નથી. મારી ઠરવાની જગ્યા એ નહિ. આહાહા..! બહાર તો ઠરવાનું નથી, અંદરમાં પણ દયા, દાન, વ્રત, ભક્તિના, જપ, તપના ભાવ આવે છે એમાં ઠરવાની ભૂમિકા એ નહિ. એ તો તેમાંથી નીકળવાની ભૂમિ છે. પોતાનું શુદ્ધ સ્વરૂપ જ્ઞાન ભગવાન, જેમાં મહાન પરમશાંતિ અને આનંદ ભર્યા છે, એવા પ્રભુઆત્મામાં રુચિ, દૃષ્ટિ કરીને તેને ઠરવાની ભૂમિ જાણીને તેમાં ઠરવું એ પોતાથી એકલાથી થાય છે. (તેમાં) કોઈને સહાય-મદદ છે નહિ. ઓ..હો...! (બધા તરફથી) 'રાગ ઉઠાવી લે.'

'કેવળ પોતાના જ જ્ઞાનસ્વરૂપી આત્માના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને પોતાના જાણીને તેમાં જ પરમ રુચિવાન થઈ જા.' હવે એનો ખુલાસો કરશે, હોં! 'તેનો જ પ્રેમી થઈ જા, તેમાં જ મગ્ન રહેવાનો, તેના જ ધ્યાનનો અભ્યાસ કર. આત્માનો રસ પીવાનો ઉદ્યમ કર.' પછી ખુલાસો કરશે. 'મારા આત્માને અખંડ, અભેદ એક દ્રવ્ય છે.' જુઓ! આ દ્રવ્ય. હું અભેદ અખંડ પદાર્થ આત્મા છું એ મારું દ્રવ્ય-વસ્તુ. દ્રવ્ય એટલે પૈસા? એ..ઇ...! 'અસંખ્યાત પ્રદેશી ક્ષેત્ર છે,...' અસંખ્ય પ્રદેશ એ મારું ક્ષેત્ર છે. બહારના મકાન-બકાનના ક્ષેત્ર (મારા

નહિ). 'રાણપુર'નું ક્ષેત્ર, 'ઇન્દોર'નું ક્ષેત્ર, 'લાડનુ'નું ક્ષેત્ર... 'રતનલાલજી' એ ક્ષેત્ર કોના છે? એ તો પરનું છે. પોતાનું ક્ષેત્ર અસંખ્ય પ્રદેશ છે. અસંખ્ય પ્રદેશ પોતાનું ક્ષેત્ર છે, પોતાનું અખંડ દ્રવ્ય તે પોતાનું દ્રવ્ય છે.

'સમય પરિણમન કાળ છે,...' પોતાની એક સમયની પરિણમન દશા એ પોતાનો કાળ છે. દિવસ, પહોર, રાત્રિ એ કાંઈ પોતાનો કાળ નથી. સમજાય છે કાંઈ? દ્રવ્યની પોતાની વર્તમાન પરિણતિ–અવસ્થા, એક સમયની દશા એ પોતાનો કાળ છે, બીજો પોતાનો કાળ છે નહિ. 'જ્ઞાન, દર્શન, સુખ, વીર્યાદિ શુદ્ધ ભાવ છે,...' દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ લીધા. મારામાં જ્ઞાન, દર્શન, આનંદાદિ ત્રિકાળ ભાવ છે એ શુદ્ધ ભાવ મારો ભાવ છે. શુદ્ધભાવ મારો ભાવ છે, વર્તમાન અવસ્થા મારો કાળ છે, અસંખ્ય પ્રદેશ મારું ક્ષેત્ર છે, અખંડ દ્રવ્ય હું વસ્તુ છું. સમજાણું કાંઈ?

'એ જ મારું સર્વસ્વ છે.' લ્યો! 'કર્મસંયોગથી થવાવાળા રાગ, દ્વેષ, મોહભાવ, સંકલ્પ-વિકલ્પ, વિભાવ મતિજ્ઞાનાદિ ચાર જ્ઞાન વગેરે બધું પર છે.' કર્મના સંયોગથી દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ (ભાવ થાય) એ બધા ભાવ મારા આત્માથી ભિન્ન છે, એવા શ્રદ્ધા-જ્ઞાન કરવા. સંકલ્પ-વિકલ્પ અને વિભાવ મતિજ્ઞાનાદિ ચાર, લ્યો! આ બાજુ છે ને? ભાઈ! સમજાણું કાંઈ? મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિ, મનઃપર્યય પણ એક સમયની પર્યાય વિશેષ છે. સામાન્ય સ્વભાવ ત્રિકાળથી તે ભિન્ન છે. 'જે જે ભાવોમાં પુદ્ગલનું નિમિત્ત છે તે બધા ભાવ મારા (નિજ) સ્વાભાવિકભાવ નથી,...' લ્યો! જે ભાવમાં કર્મનું નિમિત્ત છે તે મારો સ્વભાવભાવ નથી, બધા પર છે. આહાહા..! રાગ-દ્વેષ તો પર, પુણ્ય-પાપ, દયા, દાનના ભાવ પર, પણ નિમિત્તની અપેક્ષા રાખીને ક્ષયોપશમ જ્ઞાનાદિ છે તે પણ પર છે. હું ત્રિકાળ જ્ઞાન ચિદાનંદ સ્વરૂપ છું, એવી દૃષ્ટિ કરવી, એવી શ્રદ્ધા કરવી અને તેનું જ્ઞાન કરવું તે જ પોતાનો સ્વભાવ છે. સમજાણું? 'હું તો એકાકાર, પરમ શુદ્ધ સ્વસંવેદન ગોચર એક અવિનાશી દ્રવ્ય છું.' ભગવાનઆત્મા સ્વસંવેદન–પોતાના જ્ઞાનથી જ્ઞાનમાં જાણવામાં આવે છે. જ્ઞાન પોતાના જ્ઞાનથી જ્ઞાન જાણવામાં આવે છે. એવું સ્વસંવેદન–સ્વથી પ્રત્યક્ષ, જ્ઞાનથી પ્રત્યક્ષ થનારો હું આત્મા છું. તેનું નામ આત્મા. રાગાદિ પર છે તેની સાથે મારે સંબંધ નથી. ઓ..હો..હો...! સમજાણું કાંઈ?

'સમયસાર'નો દાખલો આપ્યો છે. 'સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની એકતારૂપ જ એક નિશ્ચિત મોક્ષમાર્ગ છે,...' એક જ મોક્ષમાર્ગ છે. વ્યવહાર-ફ્યવહાર મોક્ષમાર્ગ નથી. ભગવાનઆત્મા પૂર્ણ ચૈતન્યભાવ શુદ્ધ, તેનું અંતર સમ્યગ્દર્શન, તેનું નિર્વિકલ્પ જ્ઞાન, તેની વીતરાગી પર્યાય (થાય) તે એક જ મોક્ષમાર્ગની પર્યાય છે. બે મોક્ષમાર્ગ છે નહિ. 'જે કોઈ અન્ય દ્રવ્યોનો સ્પર્શ ન કરતાં એક આ જ આત્મામયી ભાવમાં ઠરે છે, તેનું જ નિરંતર ધ્યાન કરે છે, તેને જ ચેતે છે, તેમાં જ નિરંતર વિહાર કરે છે...' તે શીઘ્ર મોક્ષને પામે છે.

www.vitragvani.com



## પુણ્યને (પણ) પાપ જાણે તે જ જ્ઞાની છે.

जो पाउ वि सो पाउ मुणि सव्वु इ को वि मुणेइ।
जो पुण्णु वि पाउ वि भणइ सो बुह को वि हवेइ।।૭૧।।

પાપરૂપને પાપ તો, જાણે જગ સહુ કોઈ;
પુણ્યતત્ત્વ પણ પાપ છે, કહે અનુભવી બુધ કોઈ. ૭૧.

અન્વયાર્થ :- (जो पाउ वि सो पाउ मुणि) જે પાપ છે તેને પાપ જાણીને (सव्वु इ को वि मुणेइ) સૌ કોઈ તેને પાપ જ જાણે છે (जो पुण्णु वि पाउ वि भणइ) જે કોઈ પુણ્યને પણ પાપ કહે છે (सो बुह को वि हवेइ) તે બુદ્ધિમાન કોઈ વિરલા જ છે.

---

હવે ૭૧ (ગાથા) મોટી તકરારી છે. 'પુણ્યને (પણ) પાપ જાણે તે જ જ્ઞાની છે.' મથાળું એ બાંધ્યું છે. શરીર, વાણી, મન તો પર છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, કમાવું એ ભાવ પાપ છે પણ અંદરમાં દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, પૂજા, જાત્રાના ભાવ થાય છે એ પુણ્ય (ભાવ છે), તે પુણ્ય પણ પાપ છે. છે કે નહિ પણ અંદર? હેં?

મુમુક્ષુ :- ખુલ્લેખુલ્લું છે.

ઉત્તર :- ખુલ્લેખુલ્લું છે? શ્લોક છે ને એનો? ગુજરાતી શું છે? હેં?

પાપરૂપને પાપ તો, જાણે જગ સહુ કોઈ;
પુણ્યતત્ત્વ પણ પાપ છે, કહે અનુભવી બુધ કોઈ. ૭૧.

વસ્તુ હોય એવી કહે ને! કહો, સમજાણું કાંઈ?

'જે પાપ છે તેને પાપ જાણીને તો સૌ કોઈ તેને પાપ જ જાણે છે.' હિંસાનો ભાવ, જૂઠનો ભાવ, ચોરીનો ભાવ, ભોગનો ભાવ, કમાવાનો ભાવ, ક્રોધ, માન, માયા, લોભભાવને તો સૌ કોઈ પાપ કહે છે, પણ 'पुण्णु वि पाउ वि भणइ'. એ બુદ્ધિમાન કોઈ વિરલા છે. 'કોઈ પુણ્યને પણ પાપ કહે છે...' આહાહા...! સમજાણું કાંઈ? એ દયા, દાન, ભક્તિ શુભભાવ છે. ભગવાન શુભભાવને છોડીને કેવળી થયા છે. શુભભાવને સાથે રાખીને થયા નથી. શુભભાવ પણ નિશ્ચયથી પોતાના શુદ્ધ પવિત્ર ધર્મની દૃષ્ટિની અપેક્ષાએ એ પુણ્યભાવ પણ પાપ જ છે. આહાહા...! રાડ નાખે છે, અત્યારે તો હજી પુણ્યના પણ ઠેકાણા ન મળે એ ધર્મ. 'નગિનભાઈ'! જાઓ, એક જાત્રા કરી, નવ્વાણુ જાત્રા કરી ઇ ધર્મ. ધૂળમાંય ધર્મ નથી. નવ્વાણુ શું, સૂકાઈ જાય નહિ ન્યાં અનંતવાર. એ શુભભાવ છે. હા, શુભભાવ છે. આત્માના સ્વભાવથી પતિત થાય માટે પાપ છે.

'बुह' શબ્દ પડ્યો છે ને? જુઓ! બુધ-'बुह'. જ્ઞાની તેને પાપ કહે છે, એમ કહે છે. મૂળ પાઠમાં તો એમ કહે છે. અજ્ઞાની પાપને પાપ તો સૌ કોઈ કહે પણ જ્ઞાની પુણ્યને પણ પાપ કહે. કેમકે તેનાથી આત્માનું કલ્યાણ થતું નથી. આહાહા...! આ તો 'યોગીન્દ્રદેવ'

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



દિગંબર મુનિ ૮૦૦ વર્ષ પહેલા ભરતક્ષેત્રમાં થયા છે. આ અત્યારનું લખાણ નથી. પહેલાનો પાઠ છે.

મુમુક્ષુ :- જાત્રા કરવા ન જાવું ?

ઉત્તર :- જાવા, ન જાવાની (વાત નથી). એ શુભભાવ હોય પણ એ શુભ પુણ્યબંધન છે. એને પુણ્ય ગણવું અને નિશ્ચયથી એને પાપ ગણવું. વ્યવહારે પુણ્ય, નિશ્ચયથી પાપ, લ્યો! આહાહા..! ભારે આકરું. ઓલા કહે, ભગવાનના દર્શન કરે (તો) મોક્ષ થઈ જાય. હે પ્રભુ! શિવપદ અમને દેજો. દેજો, દેજો રે મહારાજ, શિવપદ અમને દેજો. ન્યાં ભગવાન પાસે તારું શિવપદ હશે?

મુમુક્ષુ :- એ ભગવાન પાસે ન હોય તો ક્યાં હોય?

ઉત્તર :- આ ભગવાન પાસે છે, નિજ ભગવાન પાસે પોતાનું શિવપદ છે, અંતરમાં શિવપદ પડ્યું છે. બહારથી આવનારી ચીજ ક્યાં છે? ભગવાન ક્યાં આપે છે? અને ભગવાનની ભક્તિથી શું મળે છે? પુણ્ય થાય, શુભભાવ થાય છે. પાપથી બચવા શુભભાવ આવે છે. નિશ્ચયથી પોતાનું સ્વરૂપ અમૃત છે, ભગવાન અમૃતસ્વરૂપ છે. પુણ્યમાં આવવું એ પણ પોતાના સ્વરૂપથી પતિત થાય છે તે અપેક્ષાએ જ્ઞાની પુણ્યને પાપ કહે છે. અજ્ઞાનીને મીઠા લાગે માટે એની ભાષાએ મીઠા કહે. મીઠા શેના? પુણ્યના ફળ ઝેર છે. પુણ્યના ભાવ પોતે ઝેર છે. વળી એના ફળ સંયોગ મળે ને ધૂળ મળે, બાયડી, છોકરા, પૈસા (મળે) એમાં ફળ શું? એ તો પરચીજ છે, પરમાં ક્યાં આત્મા આવ્યો? તેનું લક્ષ કરીને ભોગ લેવો એ તો રાગ છે, એ તો અશુભરાગ છે. એ અશુભરાગ તો પાપ છે જ, ઝેર છે જ. આહાહા..! પણ પુણ્યભાવ પણ ઝેર છે, પાપ છે એમ જ્ઞાની કહે છે. આહાહા..! કેટલાક તો મુનિને ખોટા ઠેરવે. કહે, નહિ, એમ ન હોય. ન બેસે એ ઊડાવી દે, નહિ, એ નહિ. આ શું કહે છે? જુઓ!

'जो पुण्णु वि पाउ वि भणइ सो बुह को वि हवेइ' એ જ્ઞાની કો'ક હોય. પુણ્યને પણ પાપ કહે એ જ્ઞાની કોઈ હોય. અજ્ઞાની તો પાપને પાપ કહે જ છે, જ્ઞાની પણ પાપને પાપ કહે છે, પણ જ્ઞાની પુણ્યને પણ પાપ કહે છે. આહાહા..! પોતાના શુદ્ધ સ્વરૂપને છોડીને જેટલા એ શુભ-અશુભ વિકલ્પ ઉઠે છે, પરમાર્થે પવિત્રતાની અપેક્ષાએ એ અપવિત્ર ભાવ છે, નિશ્ચયની અપેક્ષાએ પોતાના અમૃતઆનંદને લૂંટનારો એ શુભભાવ છે. આ.હા...! મદદ કરનાર નહિ. આહાહા..! અજ્ઞાની કહે છે કે, એ શુભભાવ છે તો તેનાથી ક્ષાયિક સમકિત થાય છે. શુભભાવથી ક્ષાયિક સમકિત થાય છે, શુભભાવથી આમ થાય છે અરે.. ભગવાન!

અહીં તો કહે છે, શુભજોગ તો પોતાનો અમૃત ચૈતન્યપ્રભુ, અમૃતનો સાગર પડ્યો છે, એમાંથી બહાર નીકળવું એ શુભરાગ પોતાના અમૃતથી વિરુદ્ધ ભાવ છે (માટે) જ્ઞાની તેને પાપ કહે છે. પડે છે, પડે છે, નિજ સ્વરૂપમાંથી બહાર નીકળે છે. આહાહા...!

www.vitragvani.com



મુમુક્ષુ :– પહેલું શું કરવું ?

ઉત્તર :– પહેલું આ સ્વરૂપની દૃષ્ટિ કરવી. પહેલા પુણ્ય અને પાપના રાગની રુચિ છોડીને પોતાનો શુદ્ધ ભગવાનઆત્મા પવિત્ર છે તેની દૃષ્ટિ કરવી, એ પહેલામાં પહેલું સમ્યગ્દર્શન પ્રગટ કરવું. 'જ્ઞાનચંદજી' શું કરવું પહેલા? આહાહા..! ભેદ કરવો. 'સમયસાર'માં આવ્યું નહોતું? પહેલા શું કરવું? આવ્યું હતું ને? બધા હતા ને? 'બંસીધરજી' (હતા ત્યારે કહ્યું તો) ખળભળાટ થઈ ગયો. હાય.. હાય..! આ શું કહે છે? જુઓ! આ શું કહે છે? એમાં શું લખ્યું છે? જુઓ! આત્મા અને બંધને પ્રથમ તો તેના નિશ્ચય સ્વલક્ષણના જ્ઞાનથી સર્વથા છેદવા. પ્રથમ આ કરવું. 'પ્રથમ' શબ્દ પડ્યો છે. પહેલામાં પહેલું ભગવાન 'કુંદકુંદાચાર્યદેવ' સંત, કેવળીઓ કહે છે, ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપી છે અને બંધમાં રાગ, પુણ્ય, દયા, દાન બધા બંધભાવ છે. પ્રથમ તો આત્મા અને બંધ, તેના નિયત–નિશ્ચય સ્વલક્ષણ. રાગનું બંધ સ્વલક્ષણ છે, ભગવાનઆત્મા જ્ઞાનલક્ષણે બિરાજમાન ભિન્ન છે. તેમને સર્વથા છેદવા. એવો શબ્દ અહીંયાં પડ્યો છે. સંસ્કૃત ટીકા (છે). થોડોક પણ રાગનો અંશ મને મદદ કરશે, એમ નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– સાંભળવાનું શી રીતે ?

ઉત્તર :– આ કરે. (બાકી) બધું તો અનંતવાર સાંભળ્યું છે. એમાં શું કર્યું એણે?

જુઓ! પહેલા 'અમૃતચંદ્રાચાર્યદેવે' 'जीवो बंधो य तहा छिज्जंति सलक्खणेहिं णियएहिं' એમાંથી કાઢ્યું. બંધને છેદવો, એ બંધને છેદવો. પુણ્ય-પાપના પરિણામ એ બંધરૂપ સ્વરૂપ છે. ભગવાનઆત્મા જ્ઞાન, આનંદ સ્વરૂપ છે. બેને પહેલા ભિન્ન કરવા, એ પહેલામાં પહેલું આત્માર્થીનું કર્તવ્ય છે. સમજાણું કાંઈ? એને છૂટવું છે કે નહિ? છૂટવું છે કે નહિ? કે બંધાવું છે? બંધાવું છે તો અનાદિથી બંધાય છે. હવે છૂટવું હોય તો પહેલા શું કરવું? કે, પુણ્ય-પાપ ભાવ અને આત્મા ભિન્ન છે એમ પહેલી દૃષ્ટિ કરવી.

મુમુક્ષુ :– પાપભાવ તો પાપ છે પણ પુણ્ય કેવી રીતે પાપ છે ?

ઉત્તર :– ઇ પુણ્ય એટલે પવિત્રતા, આત્મા. પુણ્ય-પાપના વિકલ્પ, બન્ને પાપ છે, બંધ છે, દુઃખના કારણ છે, બન્ને ઝેરીલા ભાવ છે. ભગવાનઆત્મા અમૃતસ્વરૂપ છે. બન્નેનો સર્વથા ભેદ કરવો, એમ પાઠ પડ્યો છે. જુઓ! પછી (કહે છે), રાગાદિ જેનું લક્ષણ છે તે સમસ્ત બંધને છોડવો. જુઓ! રાગ લક્ષણ કોનું છે? શુભભાવ રાગનું લક્ષણ છે કે આત્માનું લક્ષણ છે? પ્રથમમાં પ્રથમ 'કુંદકુંદાચાર્યમહારાજ' કહે છે. પહેલા, 'तावत्', પ્રથમ. સમજાણું કાંઈ? ૨૯૫ ગાથા.

પહેલામાં પહેલું તારે આત્માનું કર્તવ્ય કરવું હોય અથવા મોક્ષનો–છૂટવાનો ઉપાય કરવો હોય તો પુણ્ય-પાપના ભાવ વિકલ્પ બંધનું લક્ષણ છે, ભગવાનઆત્મા જ્ઞાનલક્ષણે ભિન્ન બિરાજે છે. બેનો સર્વથા ભેદ–છેદ કરવો તે જ તેનું પ્રથમ કર્તવ્ય છે. પુણ્ય-પાપના ભાવથી

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ભગવાનઆત્માનું ભેદજ્ઞાન કરવું, ભેદજ્ઞાન કરવું તે જ તેનું પ્રથમ આચરણ છે, તે જ પહેલું કર્તવ્ય છે. એ કર્તવ્ય અનંતકાળમાં જીવોએ કર્યું નથી, બાકી બધું અનંતવાર કર્યું છે. જૈન મુનિ દિગંબર થઈને નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો. એમાં શું થયું? શુભભાવની ક્રિયા કરી શુક્લલેશ્યા થઈ તો સ્વર્ગમાં ગયો.

મુમુક્ષુ :- શુક્લલેશ્યામાં ત્યાં તો સુખ ભોગવ્યું ને!

ઉત્તર :- સુખ ક્યાં? ધૂળમાં સુખ હતું? ૩૧ સાગર દુઃખ ભોગવીને આવ્યો. સુખ કે દિ' (હતું)? સુખ તો આત્મામાં છે. આહાહા..! સુખ તો આત્મામાં છે. એ પુણ્યભાવથી સ્વર્ગ મળ્યું તો પુણ્યભાવ દુઃખ છે અને (એના ફળમાં) સ્વર્ગ મળ્યું એ પણ દુઃખ છે. ધૂળમાં ક્યાં સુખ હતું? ઓ..હો..હો...! આત્મામાં સુખ છે, એ વાત હમણાં સાંભળીએ છીએ. એક જણ કહેતો હતો. આત્મામાં સુખ છે, આત્મામાં સુખ છે એ ક્યાં સાંભળ્યું હતું? આત્મામાં સુખ છે. તમે કહ્યું હતું ને? કાલે સાંજે કો'કે કહ્યું હતું. એણે કહ્યું હતું, ઠીક! ભાઈએ કહ્યું'તું સાચી વાત છે. એણે સાંજે કહ્યું હતું કે, આત્મામાં સુખ છે એ સાંભળ્યું જ પહેલી વાર. એ પુણ્ય-પાપના ભાવમાં પણ સુખ નથી, એના બંધનમાં પણ સુખ નથી, એના ફળમાં પણ સુખ નથી.

ભગવાન કેવળજ્ઞાની પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવની વાણીમાં હુકમ આવ્યો છે કે, હે આત્મા! આનંદ તારા સ્વરૂપમાં છે. પુણ્ય-પાપના ભાવમાં આનંદ નથી, પુણ્ય-પાપથી બંધન પડે એમાં આનંદ નથી. આ તીર્થંકર પ્રકૃતિનો બંધ પડે એમાં આનંદ નથી. જે ભાવે તીર્થંકર પ્રકૃતિ બંધાય એ ભાવમાં આનંદ નથી અને પ્રકૃતિનું ફળ સમવસરણ મળે એમાં આનંદ નથી, એમ કહે છે. આહાહા..! ભારે કામ, ભાઈ! એ... 'માંગીરામજી'! સાધુ બિચારા કેટલાક તો આમ ધ્રુજી ઉઠે, હોં! અર..ર..ર..! આવો માર્ગ! માર્ગ તો આવો છે. માન કે ન માન, માર્ગ બીજો હોતો નથી. આહાહા..!

'ખરેખર આત્મા અને બંધને દ્વિધા કરવાનું પ્રયોજન છે કે બંધના ત્યાગથી શુદ્ધ આત્માનું ગ્રહણ કરવું.' 'પ્રથમ' શબ્દ લીધો છે, હોં! તે દિ' ત્યાં ભડક્યા હતા. કઈ સાલ? (સંવત) ૨૦૦૨ સાલ. બીજી સાલ, વીસ વર્ષ થયા, માગશર મહિનામાં. સાડી વીસ વર્ષ થયા. આહાહા..! વ્યાખ્યાનમાં ગાથા બરાબર એ ૨૯૫ આવેલી. એમાં આવ્યું, પ્રથમ શું કરવું? ધર્મદૃષ્ટિ કરવાવાળાએ પ્રથમ શું કરવું? પ્રથમ પુણ્ય-પાપના રાગ બંધસ્વરૂપથી ભગવાનઆત્મા ભિન્ન છે એમ પ્રથમ પરથી સર્વથા ભેદજ્ઞાન કરવું. સર્વથા પરથી (ભેદજ્ઞાન કરવું). સર્વથા (કહ્યું). કથંચિત્ રાગની મદદ અને કથંચિત્ (જ્ઞાનની મદદ) એમ નહિ. 'શશીભાઈ'! સર્વથા જૈનશાસનમાં હોય? સર્વથા હોય? કથંચિત્ હોય. અહીં તો (કહે છે), સર્વથા છેદવા. રાડ નાખે. અનેકાંત નથી, અનેકાંત નથી. સર્વથા છેદવા, લક્ષ એક અંશમાં રાખવું નહિ તેનું નામ અનેકાંત છે. 'વિમલચંદજી'! લ્યો, હવે જુવાનિયાને બેસી જાય છે ને! ઓલાને બેસતું

www.vitragvani.com



નથી, મોટા ઊંધા ભણી ભણીને ભણ્યા.

મુમુક્ષુ :– ઊંધા ભણ્યા ને પણ!

ઉત્તર :– આ પણ ભણેલા છે, નથી ભણ્યા? હેં? આહાહા..! અરે..! ભાઈ! પહેલા નિર્ણયમાં પણ તારા ઠેકાણા નથી, તારો માર્ગ ક્યાંથી નીકળશે? માર્ગ તો રાગ વિનાનો આત્મા છે એમાંથી નીકળશે કે રાગમાંથી નીકળશે? ઓ..હો...!

આખો વીતરાગમાર્ગ–સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ, તીર્થંકરનો માર્ગ (એ છે કે), પુણ્ય-પાપનો રાગ બન્ને બંધનું કારણ છે, ભગવાન અબંધસ્વરૂપી ચૈતન્ય લક્ષણ છે. બન્નેને અંતરમાં ભિન્ન કરવા, સર્વથા ભિન્ન કરવા. દયા રાખ્યા વિના. અરે..રે...! અનાદિથી મેં પુણ્ય કર્યું છે, મારી પાસે છે તો થોડું રાખું (એમ અભિપ્રાય રાખતો નહિ).

'પરમાત્મપ્રકાશ'માં કહ્યું છે કે, અરે..! અનાદિનો બંધુ, કર્મ અને રાગ સાથે આવ્યા, બંધુને નિર્દય થઈને મારી નાખ્યા. સાથે આવે છે ને? કાયમ સાથે રહેતા હતા, અનાદિથી પુણ્ય-પાપના ભાવ સાથે રહેતા હતા અને જડ કર્મ પણ સાથે રહેતા હતા. નિર્દય થઈને બંધુનો છેદ કરી નાખ્યો. 'પરમાત્મપ્રકાશ'માં 'યોગીન્દ્રદેવ' (કહે છે). આ પણ 'યોગીન્દ્રદેવ' છે. 'યોગીન્દ્રદેવ' કહે છે, મુનિઓ, સંતો, ધર્માત્મા એવા છે કે પોતાના બંધુને જ મારે છે. બંધુને જ ઉડાવે છે. બંધભાવ બંધરૂપ–બંધુરૂપ અનાદિથી સાથે છે (એને) ઊડાવ! છોડ! મારો ભાવ નથી. મારો ચૈતન્ય ભગવાનઆત્મા શુદ્ધ આનંદકંદ છે, એ પ્રકારે બંધભાવને છેદીને પોતાના સ્વભાવની દૃષ્ટિ કરી, પોતાના આત્માને ગ્રહણ કરીને આત્માનો અનુભવ કરવો એ જ ધર્મીનું પ્રથમ કર્તવ્ય છે. જ્યાં સુધી સ્થિરતા ન થાય (ત્યાં સુધી) વચમાં શુભભાવ થાય છે, ભક્તિ, પૂજા, દયા, દાન, જાત્રાના ભાવ થાય છે પણ એ ભાવ બંધનું કારણ છે, મોક્ષનું કારણ અને ધર્મનું કિંચિત્ કારણ નથી. સમજાણું કાંઈ?

કહે છે, 'જગતના સર્વ પ્રાણીઓ સાંસારિક દુઃખોથી ડરે છે...' જુઓ! બુધ કીધું ને? બુદ્ધિમાન કોઈ વિરલા છે. પુણ્યને પાપ કહેનારા બુદ્ધિમાન (છે), એને બુદ્ધિમાન કહે છે. પુણ્યને પુણ્ય કહે એ તો સાધારણ જનતા પણ કહે છે. આહાહા..! પણ બુધ–બુદ્ધિમાન, જ્ઞાનવંત ભગવાનની આજ્ઞા સ્વીકારનારા પુણ્યને પણ પાપ કહીને છોડવા માગે છે. 'જગતના સર્વ પ્રાણીઓ સાંસારિક દુઃખોથી ડરે છે તથા ઇન્દ્રિયસુખ ચાહે છે. સામાન્ય રીતે એ વાત પ્રસિદ્ધ છે કે પાપથી દુઃખ થાય છે અને પુણ્યથી સુખ થાય છે.' એ સાધારણ લોકો એ ચર્ચામાં પડે.

'જ્યારે ધર્મની ચર્ચા થાય છે ત્યારે એ જ વિચાર કરવામાં આવે છે કે પાપકર્મ ન કરો, પુણ્યકાર્ય કરો. પુણ્યથી ઊંચા કર્મ બંધાય છે.' જુઓ! પુણ્યથી ઊંચા કર્મ બંધાય છે. 'ધન, કુટુંબ, પુત્ર, પત્ની, રાજ્ય અને અનેક વિષયભોગોની સામગ્રીનો લાભ એક પુણ્યથી જ થાય છે. ઇન્દ્રપદ, અહમિન્દ્ર પદ, ચક્રવર્તીપદ, નારાયણ અને પ્રતિનારાયણ, કામદેવ કે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તીર્થંકરનું પદ આદિ મહાન મહાન પદ પુણ્યથી જ મળે છે.' ચર્ચા થાય ત્યારે આ થાય છે, કહે છે. આ પુણ્ય કરો, પુણ્ય કરવાથી આવી પદવી મળશે, આવી પદવી મળશે.

'અહીં આચાર્ય કહે છે કે જે સંસારના ભોગોના લોભથી પુણ્યને ગ્રહણયોગ્ય માને છે તે મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે.' એ પુણ્યભાવ ગ્રહણ કરવા લાયક છે, પુણ્યભાવ આદરવા લાયક છે, પુણ્યભાવ ઠીક છે, ભોગની ઇચ્છા કરવાવાળા પ્રાણી મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. કહો, 'રતનલાલજી'! છે કે નહિ? શ્લોકમાં છે, જુઓ!

મુમુક્ષુ :- પુણ્ય ને પાપને એકતત્વ કરી નાખ્યું.

ઉત્તર :- પુણ્ય અને પાપ એક થઈ ગયા, આસ્રવ.

'સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની પાપની જેમ પુણ્યને પણ બંધન જાણે છે,...' આહાહા..! શ્રદ્ધાના ઠેકાણા નહિ, જ્ઞાનના ઠેકાણા નહિ તેને ધર્મ ક્યાંથી થશે? આહાહા..! કહો, સમજાણું? 'તેઓ પુણ્યને પણ પાપ કહે છે.' પુણ્યને પણ બંધન જાણે છે અને પુણ્યને પણ પાપ કહે છે. ધર્મી તો પુણ્યને પણ બંધન જાણે છે તો બંધનને કારણે તેને પાપ કહે છે. 'જેનાથી સંસારમાં રહેવું પડે, વિષયભોગોમાં ફસાવું પડે, એ સ્વાધીનતાઘાતક પુણ્ય પણ પાપ જ છે.' સ્વાધીનતાનો ઘાતક પુણ્ય પણ પાપ છે. પુણ્ય સ્વાધીનતાનો ઘાતક છે. આહાહા..! અહીં તો હજી પુણ્યની મીઠાશ (વેદે). પૈસા મળે ને પછી દેવ થાશું ને પછી ધૂળ થાશું. હેં? અરે..! ભગવાન! એ પણ આત્મા છે ને! ઊંધો પડે તોપણ ઇ છે ને! તીર્થંકરનો સમજાવ્યો ન સમજે અને અનંત પરિષહ પડે તોપણ સમકિતી ડોલ્યો જાય નહિ. એનામાં બેય તાકાત છે. આહાહા..!

વજ્રના, અગ્નિના ઉપરથી પ્રહાર પડે (તોપણ) ધર્મી પોતાના સ્વરૂપથી ડગ્યો ન જાય. હું ચૈતન્યમૂર્તિ છું, બીજી ચીજ હું નથી. ઇન્દ્ર દેવો આવીને મારફાડ કરીને કટકા કરી નાખે (અને કહે) પુણ્યમાં ધર્મ છે એમ માન. પુણ્ય ધર્મનું કારણ છે એમ માન, નહિ તો મારી નાખું. કોણ મારે? કોને મારે? શું છે? અમે તો પુણ્ય-પાપથી રહિત પોતાના સ્વભાવની દૃષ્ટિમાં ધર્મ માનીએ છીએ, બીજામાં ધર્મ માનતા નથી. સમજાણું કાંઈ?

'જ્ઞાનીને એક આત્માનો આનંદ જ વહાલો છે.' પુણ્ય વહાલું નથી. ધર્મીજીવને પુણ્યભાવ વહાલો નથી. આહાહા..! 'તેનો પૂર્ણ લાભ અને અનંતકાળ સુધી નિરંતર લાભ ત્યારે જ થાય છે...' કોનો? આત્માનો, આનંદનો. આત્માનો આનંદ વ્હાલો છે, એ આનંદનો પૂર્ણ નિરંતર લાભ ક્યારે મળે? 'જ્યારે આ જીવ સંસારથી મુક્ત થઈને સિદ્ધ પરમાત્મા થઈ જાય, પુણ્ય પાપથી રહિત થઈ જાય. તેથી જ્ઞાની જીવ પુણ્ય પાપ દોષોને બંધનની અપેક્ષાએ સમાન જાણે છે.' પુણ્ય-પાપ દોષોને, એમ. પુણ્ય-પાપ દોષોને, શુભ અને અશુભભાવ બન્ને દોષોને. દોષ કહ્યા છે ને? પડિકમણાના અધિકારમાં લીધું છે, શુભ-અશુભ બન્ને ભાવ દોષ (છે). 'પુણ્ય પાપ દોષોને બંધનની અપેક્ષાએ સમાન જાણે છે.' આહાહા..!

'બન્નેના બંધનું કારણ કષાયની મલિનતા છે.' બંન્નેના બંધનું કારણ (કષાયની મલિનતા

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છે). પુણ્યથી પણ બંધન થાય છે અને પાપથી પણ બંધન થાય છે. બહારનો ભેખ પલટે છે પણ આત્મા પલટતો નથી. પુણ્ય બંધાય તો સ્વર્ગ મળે, ત્યાં તો ભેખ પલટ્યો એમાં આત્મા ક્યાં પલટ્યો? સમજાણું કાંઈ? શુભભાવથી પુણ્ય બંધાણું, પુણ્યબંધથી સ્વર્ગ મળ્યું, ધૂળની શેઠાઈ મળી એ તો બહારનો ભેખ પલટ્યો, અંદર શું પલટ્યું? સમજાણું?

'મંદ કષાયથી પુણ્ય અને તીવ્ર કષાયથી પાપ બંધાય છે. કષાય આત્માના ચારિત્ર ગુણનો ઘાતક છે. બન્નેનો સ્વભાવ પુદ્‌ગલ છે.' લ્યો! 'શાતા વેદનીય, શુભ આયુ, શુભ નામ, ઉચ્ચ ગોત્ર, પુણ્યકર્મ છે અને અશાતાવેદનીય, અશુભ આયુ, અશુભ નામ, નીચ ગોત્ર તથા ચાર ઘાતી કર્મ પાપકર્મ છે. બન્નેની કર્મવર્ગણાઓથી ઉત્પત્તિ છે, આત્માના ચેતન સ્વભાવથી ભિન્ન છે.'

'પુણ્યનો અનુભવ સુખરૂપ છે, પાપનો અનુભવ દુઃખરૂપ છે. એ બન્નેય અનુભવ આત્માના સ્વાભાવિક અનુભવથી વિરૂદ્ધ છે.' સુખ.. સુખ. પૈસા મળ્યા, પુણ્યના ફળ મીઠા. કહે છે, 'બન્નેય અનુભવ આત્માના સ્વાભાવિક અનુભવથી વિરૂદ્ધ છે.' ભગવાન અતીન્દ્રિય આનંદ, પોતાનું અતીન્દ્રિય શુદ્ધ સુખ, પોતાનું અતીન્દ્રિય શુદ્ધ સુખના અનુભવથી પુણ્ય-પાપના ભાવ, તદ્દન વિભાવ, વિરૂદ્ધ ભાવ છે. વિરૂદ્ધ ભાવ છે એમાં એક ઠીક છે અને બીજો અઠીક છે, એમ આવતું નથી. ભારે વાત, ભાઈ! કાલે આવ્યું હતું ને? વિરલા સુણે તત્ત્વને. આ વાતને કોઈ વિરલ સાંભળે. સાંભળનારા કહે, નહિ, નહિ. એમ ન હોય, એમ ન હોય. કંઈક પુણ્ય જોઈએ, પુણ્યથી આ થાય. એવા સાંભળનારા બિચારા ટોળેટોળા છે. પુણ્ય અને પાપ બન્ને બંધનરૂપ, દુઃખરૂપ, આત્માના અનુભવથી વિરૂદ્ધરૂપ, સ્વભાવથી વિભાવરૂપ ભિન્ન છે. જ્ઞાની તેને લાભદાયક માનતા નથી. આહાહા..!

'બન્ને અનુભવ કષાયની કલુષતાના સ્વાદ છે.' બન્નેનો સ્વાદ (કલુષિત છે). 'શુદ્ધાત્મામાં રમણતાના ઘાતક છે, બન્નેય અનુભવ કષાયની કલુષતાના સ્વાદ છે.' પુણ્યભાવનો સ્વાદ કષાયનો, પાપભાવનો સ્વાદ કષાયનો. કષાય સમજ્યા? વિકાર. બન્નેમાં વિકારનો સ્વાદ છે.

મુમુક્ષુ :- વિકાર ઓછોવત્તો હોય.

ઉત્તર :- ઓછુંવત્તુ, જાત એક છે ને? બન્ને દુઃખની જાત છે. 'પુણ્ય અને પાપ બન્નેય નવા બંધના કારણ છે. બન્નેમાં તન્મય થવાથી કર્મનો બંધ થાય છે.' ઠીક લખ્યું છે. પુણ્ય અને પાપ બન્ને ભાવમાં તન્મય થવાથી બંધ થાય છે. 'આ બંધ મોક્ષમાર્ગમાં વિરોધી છે.' એ પુણ્ય પરિણામ મોક્ષમાર્ગનો વિરોધી છે. પુણ્ય-પાપ આત્માના ધર્મના લૂંટારા છે. 'શશીભાઈ'! વીતરાગમાર્ગની વાત પામર ઝીલી શકે નહિ. આ..હા...! 'એમ જાણીને જ્ઞાની જીવ પાપની જેમ પુણ્યને પણ સારુ કે ગ્રહણયોગ્ય માનતા નથી. તેઓ શુભ અને અશુભ બન્ને ભાવોથી વિરક્ત રહે છે, કર્મનો ક્ષય કરનાર અને આત્માનો આનંદ આપનાર એવા એક શુદ્ધોપયોગને જ માન્ય કરે છે.' આહાહા..! વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

www.vitragvani.com



## વીર સંવત ૨૪૯૨, અષાઢ વદ ૩, મંગળવાર
## તા. ૦૫-૦૭-૧૯૬૬
## ગાથા-૭૧ થી ૭૪ પ્રવચન નં. ૨૬

આ 'યોગસાર' શાસ્ત્ર ચાલે છે. ૭૧ શ્લોક છે. શું કહે છે? 'પુણ્યને (પણ) પાપ જાણે તે જ જ્ઞાની છે.' પાપને તો પાપ બધા કહે છે. આત્મામાં જે અશુભભાવ હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસનાના પાપને તો પાપ બધા કહે છે પણ ધર્મી જીવ પોતાના શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ હોવાને કારણે મારો આત્મા શુદ્ધ જ્ઞાનાનંદ સ્વરૂપ (છે) એમ શ્રદ્ધામાં, જ્ઞાનમાં લીધો છે એ કારણે ધર્મી જીવ તો દયા, દાન, વ્રત, ભક્તિ, તપના જે શુભભાવ થાય છે તેને પણ પાપ માને છે. સમજાણું કાંઈ? આ પુણ્યભાવને પણ ધર્મી પાપ માને છે. કેમકે પુણ્ય છે તે બંધનું કારણ છે. જેમ પાપભાવ બંધનું કારણ છે તેમ પુણ્યભાવ પણ બંધનું જ કારણ છે. બન્ને ઝેર છે, બન્ને આકુળતા છે. આહાહા..! જુઓ!

ધર્મી 'શુભ અને અશુભ બન્ને ભાવોથી વિરક્ત રહે છે,...' ધર્મી જીવ તેને કહીએ કે આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપે ભગવાન ભંડાર આત્મા ભર્યો છે, તેની શ્રદ્ધા અને દૃષ્ટિ થવાથી આત્માના સ્વભાવથી વિપરીત જેટલા શુભ કે અશુભભાવ છે, અશુભભાવ જેમ બંધનું કારણ છે તેમ શુભભાવ બંધનું જ કારણ છે. સમજાણું કાંઈ? એકાંત છે. એ.. દેવાનુપ્રિયા! એકાંત છે, કહે છે. જુઓ!

'કર્મનો ક્ષય કરનાર અને આત્માનો આનંદ આપનાર...' કર્મ ક્ષયકાર, આત્માનંદદાયક 'એક શુદ્ધોપયોગને જ માન્ય કરે છે.' આહાહા..! સમજાણું કાંઈ? આત્મા પવિત્ર આનંદ શુદ્ધ ચિદાનંદ મૂર્તિ છે. જેવો સિદ્ધ સ્વભાવ, પરમાત્માનો જેવો સિદ્ધ સ્વભાવ છે એવો આત્માનો સ્વભાવ અંદર પૂર્ણ શુદ્ધ છે. તેની દૃષ્ટિ કરીને ધર્માત્મા એક રાગરહિત, પુણ્ય-પાપના ભાવ રહિત નિજ શુદ્ધ સ્વરૂપના શુદ્ધઆચરણને જ હિતકર માને છે. સમજાણું કાંઈ?

એ કર્મક્ષયકારક અને આત્મા આનંદદાયક (છે). પુણ્ય-પાપના ભાવ બંધકારક છે તો ભગવાનઆત્માના શુદ્ધ સ્વરૂપનો ઉપયોગ, શુદ્ધ ઉપયોગ એ કર્મનો ક્ષયકારક છે. પુણ્ય-પાપના ભાવ બંધકારક છે તો પોતાના આત્માના શુદ્ધ સ્વભાવનું શુદ્ધ ઉપયોગરૂપી આચરણ-વેપાર કર્મક્ષયકારક છે. શુભ અને અશુભ ભાવ દુઃખદાયક છે, દુઃખદાયક છે તો આત્મા આનંદ અને શુદ્ધ ભાવસ્વરૂપ, તેનો શુદ્ધઉપયોગ એ આનંદદાયક છે. ઉપયોગ આનંદદાયક છે. સમજાણું કાંઈ? ઉપયોગ આનંદદાયક છે. પોતાના આત્મામાં પુણ્ય-પાપથી રહિત શુદ્ધઉપયોગ કરવો (તે આનંદદાયક છે). કેમકે પુણ્ય-પાપના ભાવ બંધકારક છે તો આત્માનો સ્વભાવ, તેની શ્રદ્ધા-જ્ઞાનનો શુદ્ધઉપયોગ તે કર્મક્ષયકારક છે. શુભાશુભ ભાવ દુઃખદાયક

www.vitragvani.com



છે તો આત્મા શુદ્ધ આનંદસ્વરૂપ, તેનો અંદર શુદ્ધ વેપાર, શુદ્ધ ઉપયોગ આનંદદાયક છે. સમજાણું કાંઈ? કહો, સમજાણું કે નહિ આમાં?

મુમુક્ષુ :– બે નામ પડ્યા તો બેના ફળ જુદા ખરાને.

ઉત્તર :– બન્નેના ફળ જુદાં કીધાં ને! એકનું પાપ અને એકનું પુણ્ય, પણ બન્ને બંધન (છે). બન્ને દુઃખરૂપ (છે), એક મંદ આકુળતા અને એક તીવ્ર આકુળતા (સ્વરૂપ છે). એટલો ફેર (છે) પણ બન્ને દુઃખરૂપ (છે).

પછી થોડો ખુલાસો કર્યો છે. 'સમ્યગ્દષ્ટિ અવિરતિ હોવા છતાં પણ...' ધર્મી જીવ પોતાના શુદ્ધ ચૈતન્યમૂર્તિની જેને રુચિ, દષ્ટિ અને પરિણમન છે. હું શુદ્ધ આનંદ છું તેની દષ્ટિ છે. તેની દષ્ટિ પુણ્ય-પાપ ઉપર નથી. તો કહે છે કે, 'ગૃહસ્થ તરીકે ધર્મ, અર્થ, કામનો પુરુષાર્થ સાધવામાં અનુરક્ત રહેવા છતાં પણ બધાય શુભાશુભ કાર્યો ચારિત્ર મોહનીયના ઉદયને આધીને થઈને કરે છે...' એટલે કે થાય છે, એમ. 'પરંતુ આ સર્વ કાર્યને પોતાના આત્માના હિતરૂપ નથી માનતા...' ધર્મી જીવને શુભ-અશુભભાવ આવે છે, થાય છે પરંતુ તેમાં પોતાનું હિત માનતા નથી. સમજાણું કાંઈ?

'તે તો એમ જ માને છે કે નિરંતર આત્માના બગીચામાં રમું,...' ધર્મીની દષ્ટિ તો શુદ્ધ આત્મા ઉપર દષ્ટિ છે. આત્મા આનંદ સ્વરૂપ સિદ્ધ સમાન (છે) તેની દષ્ટિ થઈ એવા ધર્મી પોતાના આત્માના આનંદમાં રમણ કરું એમ તેની ભાવના હોય છે. પુણ્ય-પાપભાવ થાય છે પણ તેમાં રહું, ટકું એવી ભાવના હોતી નથી. હું 'વીતરાગતાનું જ સેવન કરું...' શું કહે છે? જુઓ! આત્મા તો વીતરાગ સ્વરૂપ જ ત્રિકાળ છે, તેમાં એકાગ્ર થઈને હું વીતરાગભાવની સેવા કરું, પુણ્ય-પાપની સેવા ન કરું. પુણ્ય-પાપ થાય છે (પરંતુ તે) સેવા કરવા લાયક, રાખવા લાયક, હિત કરવા લાયક નથી. 'સિદ્ધ ભગવંતોને જ પ્રેમ કરું.' જુઓ! ભાષા. પોતાના સિદ્ધ સ્વરૂપમાં પ્રેમ કરું. પોતાનું સિદ્ધ સમાન (પદ). 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' આત્માનો સિદ્ધ સ્વરૂપ, શુદ્ધ દ્રવ્ય સ્વભાવ ત્રિકાળ શુદ્ધ છે. તેમાં પ્રેમ કરું અને પુણ્ય-પાપમાં પ્રેમ ન કરું એવી દષ્ટિ હોય છે.

'આત્માનો પુરુષાર્થ ઓછો હોવાથી કષાયનો ઉદય સહન કરી શકતા નથી...' શું કહે છે? કષાયનો ઉદય આવે છે તો પોતાના પુરુષાર્થની મંદતાથી શુભાશુભભાવ થાય છે, શુભ-અશુભભાવ થાય છે પણ એ આત્મવીર્યની ઓછપને લઈને થાય છે. 'ગૃહસ્થને યોગ્ય બધા જ કામ કરે છે પરંતુ તેમાં આસક્ત કે મગ્ન થતા નથી. પૂજાપાઠ, પરોપકાર, દાનાદિ કાર્ય કરીને તે પુણ્યનો બંધ અને સાંસારિક ઇન્દ્રિયસુખ ઇચ્છતા નથી.' અજ્ઞાની તો પુણ્ય કરીને ઇન્દ્રિયનું સુખ ઇચ્છે છે. પુણ્યનું ફળ મળો, સ્વર્ગ મળો, આ પૈસા–ધૂળ મળો. ધર્મીની દષ્ટિ પોતાના શુદ્ધ આનંદસ્વરૂપ ઉપર છે. પુણ્ય થવા છતાં પુણ્યનો બંધ અને પુણ્યના ફળની ચાહના નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'તે તો કર્મરહિત દશાના જ ઉત્સાહી અને ઉદ્યમી રહે છે. જો કે શુભભાવોનું ફળ પુણ્યનો બંધ છે.' શુભભાવ થાય છે. દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા, જાત્રાના શુભભાવનું ફળ પુણ્યબંધ છે. 'તો પણ જ્ઞાની તેને પણ પાપ સમાન બંધ જ જાણે છે.' લ્યો! પોતાનું શુદ્ધ સ્વરૂપ જેનાથી બંધનમાં આવી જાય એવા ભાવને હિતકર કેમ માને? ભગવાનઆત્મા શુદ્ધ આનંદસ્વરૂપમાં ભંડાર ભર્યો છે એની શુદ્ધતા, એકાકાર પ્રગટ કરીને તેને હિતકર માને. પુણ્ય-પાપના ભાવને હિતકર કેમ માને? દુઃખદાયકને, બંધના કારણને હિતકર કેમ માને? સમજાણું કાંઈ?

'જ્ઞાની નિર્વાણના પથિક છે...' ઓ..હો...! જ્ઞાની આત્માના શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિવંત, રુચિવંત તો મુક્તિના પથિક છે, બંધના-સંસારના પથિક નથી. સંસારના પંથ લેનારા નથી. પોતાના શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિને કારણે તે તો મોક્ષના પથિક છે. સ્વરૂપમાં એકાગ્ર થઈને બંધથી છૂટવાના પથિક છે. બંધન કરવાના પથિક નથી. સમજાણું કાંઈ? 'માત્ર નિશ્ચય રત્નત્રય સ્વભાવમય ધર્મને અથવા સ્વાનુભવને જ ઉપાદેય ગ્રહણયોગ્ય માને છે.' લ્યો! 'પુણ્યને પણ પાપ સમાન જ તે જાણીને છોડાવવા ઇચ્છે છે.' શુભભાવ આવે છે પણ જેમ પાપ છોડવા લાયક છે તેમ ધર્મી પુણ્યને પણ છોડવા લાયક માને છે. જગતને ભારે કઠણ પડે. ધર્મ કરવો પણ ધર્મ કેમ થાય તેની ખબર નથી.

મુમુક્ષુ :– ત્રીજું હતું જ ક્યાં બે જ વર્ગ હતા.

ઉત્તર :– બે જ વર્ગ હતા. પાપ અને ધર્મ. પુણ્ય ત્રીજું હતું જ કે દિ'? પુણ્ય એ ધર્મ, પાપ એ અધર્મ, બસ!

'સમયસાર'નો દાખલો આપ્યો છે. 'મોક્ષાર્થીએ બધા જ કર્મનો ત્યાગ કરવો જોઈએ.' જેને આત્માનો પવિત્ર ધર્મ પ્રગટ કરવો છે અને પૂર્ણાનંદ મોક્ષની જેને ભાવના છે તેણે તો સર્વ પુણ્ય-પાપ ભાવ છોડવા લાયક છે. 'સર્વ કર્મનો ત્યાગ આવશ્યક છે તો પછી ત્યાં પુણ્ય પાપની શી વાત છે? એવા જ્ઞાનીમાં સમ્યગ્દર્શન આદિ પોતાના સ્વભાવ સહિત અને કર્મરહિત ભાવમાં તન્મયરૂપ શાંતરસથી પૂર્ણ મોક્ષનું કારણ એવું આત્મજ્ઞાન સ્વયં વિરાજે છે.' ધર્મીની દૃષ્ટિમાં તો આત્માનું જ્ઞાન છે. આત્માનું જ્ઞાન, સ્વરૂપનું જ્ઞાન. રાગ, પુણ્ય-પાપ એ કંઈ આત્માનું જ્ઞાન નથી. ૭૧ માં (એ કહ્યું), જ્ઞાની પુણ્યને પણ પાપ માને છે. કહો, સમજાણું કાંઈ? અહીં તો હજી પુણ્યના પણ ઠેકાણા ન હોય અને માને.. ઓ..હો..! ઘણો ધર્મ કર્યો!

www.vitragvani.com



## પુણ્યકર્મ સોનાની બેડી છે.

**जह लोहम्मिय णियड बुह, तह सुण्णम्मिय जाणि।**
**जे सुह असुह परिच्चयहि, ते वि हवंति हु णाणि।।७२।।**

**લોહબેડી બંધન કરે, સોનાની પણ તેમ;**
**જાણી શુભાશુભ દૂર કરે, તે જ જ્ઞાનીનો મર્મ. ૭૨.**

**અન્વયાર્થ :–** (**बुह**) હે પંડિત! (**जह लोहम्मिय णियड तह सुण्णम्मिय जाणि**) જેવી લોઢાની બેડી છે તેવી જ સોનાની બેડી છે તેમ જાણીને (**जे सुह असुह परिच्चयहि**) જે શુભ અશુભ બન્નેય પ્રકારના ભાવોનો ત્યાગ કરે છે (**ते वि हु णाणि हवंति**) તે જ નિશ્ચયથી જ્ઞાની છે.

---

'પુણ્યકર્મ સોનાની બેડી છે.' ૭૨. પુણ્યભાવ સોનાની બેડી છે. સુવર્ણ.. સુવર્ણ. પાપ લોઢાની બેડી છે, પુણ્ય સોનાની બેડી છે, બન્ને બેડી છે. સોનાની બેડી તો અંદર કાયમ સલવાયને રહે. લોઢાની બેડી તો કેદમાં હોય તો ત્યાં સુધી રહે. આ તો કાયમ હોંશથી આમ ને આમ રાખે. દાગીના ને પગમાં એ બધી બેડી છે કે શું? હેં? હોંશથી પહેરે, હોંશથી. દેખાડે, જુઓ! પાંચ હજારનો હાર છે. સોનાનો હાર છે, કડું છે. કડામાં અહીંયાં સોનાનું મોઢું છે, સિંહના મોઢામાં હીરા ટાંક્યા છે, હીરા લગાવ્યા છે. એ તો બેડી પહેરીને ખુશ થાય છે. લોઢાની બેડી પહેરે તો આ નહિ, આ નહિ. આ તો કહે છે, પુણ્ય સોનાની બેડી છે. એ માનતો નથી. બેડીમાં, પુણ્યના બંધનમાં આવી જાય છે. આત્મા તો ભગવાન પુણ્ય-પાપથી રહિત છે તેની તેને ખબર નથી.

**जह लोहम्मिय णियड बुह, तह सुण्णम्मिय जाणि।**
**जे सुह असुह परिच्चयहि, ते वि हवंति हु णाणि।।७२।।**

'હે પંડિત!' 'बुह' આચાર્ય મહારાજ 'યોગીન્દ્રદેવ' દિગંબર સંત વનવાસી છે. વનવાસી દિગંબર સંત કહે છે, હે પંડિત જીવ! હે જીવ પંડિત! એમ કહીને બોલાવ્યા છે. પંડિત તો એને કહે છે કે... સમજાણું? 'જેવી લોઢાની બેડી છે તેવી જ સોનાની બેડી છે એમ...' જાણ, તો તું પંડિત છો, વિવેકી છો, ત્યારે તું જીવ છો. સમજાણું કાંઈ? પાપના ભાવ લોઢાની બેડી છે, પુણ્યનો ભાવ સોનાની બેડી છે. બન્નેનું બંધન છે. એ જીવસ્વરૂપ નથી. જીવસ્વરૂપને માનનારા ધર્મીને કહે છે, હે ધર્મી! હે પંડિત! હે જીવસ્વરૂપી આત્મા! તને તો પુણ્યભાવ અને પાપભાવ બન્ને બંધનમાં સરખા છે. સમજાણું કાંઈ?

'જે શુભ અશુભ બન્નેય પ્રકારના ભાવોનો ત્યાગ કરે છે...' પહેલા એમ કહ્યું કે, એમ જાણ. સમજણમાં લે છે કે, પુણ્ય અને પાપ બન્ને બંધના કારણ છે. મારો આત્મસ્વભાવ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જ શુદ્ધ આનંદનું કારણ, મુક્તિનું કારણ છે. પછી છોડી દે, શુભાશુભભાવ છોડ અને શુદ્ધભાવમાં આવી જા. ભગવાનઆત્મા પૂર્ણ શુદ્ધ આત્માથી તો ભરેલો છે, તેમાં આવી જા. શુભભાવને છોડી દે. 'परिच्चयहि' કીધું ને? 'ते वि हवंति हु णाणि' તેને જ્ઞાની કહેવામાં આવે છે. કહો, દૃષ્ટિમાં બન્નેને છોડે તો જ્ઞાની કહેવાય છે. પુણ્ય ઠીક છે અને પાપ અઠીક છે, એમ જ્યાં સુધી માને ત્યાં સુધી તે મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? ભારે વાત, પુણ્ય વાત આકરી ભારે. એક તો પૈસા ને આબરૂ ને શરીર ઠીક (હોય તો) એવું મીઠું લાગે...! ઝેર મીઠું લાગે છે. બાયડી, છોકરા ને પૈસા, કુટુંબ.. ઓ..હો..હો...! હજીરા–મકાન, મકાન. દુનિયામાં ઠાઠ તો પુણ્યનો છે ને! દુનિયામાં ઠાઠ તો પુણ્યનો જ હોય ને!

ધર્મીનો ઠાઠ તો અંદર આત્માના શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર કરવા એ ધર્મનો ઠાઠ છે. આહાહા..! સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એમ ફરમાવે છે કે ભગવાન! તારી ચીજમાં તો આનંદ અને શુદ્ધતા પડી છે ને! એની શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર–રમણતા કરવી તે જ તારો ઠાઠ છે, આ બધી ઠાઠડી છે. ઠાઠની થઈ ગઈ ઠાઠડી. સમજાણું કાંઈ? આ ઠાઠડી મગજમાં આવી તો 'ગુણવંત' યાદ આવ્યો. કહો, સમજાણું આમાં?

કહે છે કે, શુભ-અશુભભાવનો ત્યાગ. આહાહા..! શરીર તો જડ, કર્મ જડ એ તો જ્ઞેય (છે), જ્ઞાનનો વિષય (છે). પુણ્ય-પાપના ભાવ એ પણ ખરેખર પોતાની ચૈતન્યજાતિથી ભિન્ન અચેતન છે. પુણ્ય-પાપના ભાવમાં ચૈતન્યના તેજ–નૂરનો તેમાં અભાવ છે. સમજાણું કાંઈ? ભગવાન પરમેશ્વર તીર્થંકર ફરમાવે છે, અરે...! ધર્મી! તને જો આત્માનો સ્વભાવ પ્રીતિ અને રુચિકર થયો છે તો પુણ્ય-પાપને દૃષ્ટિમાંથી છોડી દે. પુણ્ય હિતકર છે અને પાપ અહિતકર છે એમ છોડી દે. આહાહા..! સમજાણું કાંઈ?

'પુણ્ય અને પાપકર્મ બન્નેય બંધન છે. પુણ્યને સોનાની તથા પાપને લોઢાની બેડી કહી શકાય છે. બન્નેય કર્મ સંસાર વાસમાં રોકનારા છે.' સમજાણું? 'જ્યારે બન્ને બેડીઓનું વિઘટન થાય છે...' તોડવું થાય છે, એમ જોઈએ. 'ત્યારે જ આ જીવ સ્વાધીન મોક્ષસુખ પામે છે.' પુણ્ય અને પાપનું બેયનું વિઘટન એટલે એક જ થઈને તૂટી જાય, એકલો ભગવાનઆત્મા શુદ્ધ રહે ત્યારે સ્વાધીન થઈને આત્માની મુક્તિ થાય છે. 'માટે જ્ઞાનીએ પુણ્ય અને પાપ બન્ને પ્રકારના બંધનોને હેય સમજવા ઉચિત છે.' પુણ્ય અને પાપ બન્ને ભાવને જ્ઞાની હેય સમજે. તેમાં એક ઉપાદેય અને એક હેય, એમ છે નહિ.

'મંદ કષાયના ભાવોને શુભોપયોગ...' મંદ કષાય થાય છે. દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા, જાત્રા, વાંચન, શ્રવણમાં શુભભાવ થાય છે. તે શુભભાવ મંદ કષાય છે. હિંસા, જૂઠું આદિ 'તીવ્ર કષાયના ભાવોને અશુભોપયોગ કહે છે. બન્નેથી બંધ થાય છે. ચાર ઘાતિકર્મ અથવા બંધ બન્નેથી ઉપયોગથી થાય છે.' બન્ને ઉપયોગથી થાય છે. શું કહે છે? જેમ હિંસા, જૂઠું, ચોરી, ક્રોધ, માન (આદિ) અશુભઉપયોગથી ઘાતિકર્મ બંધાય છે. જ્ઞાનવરણીય,

www.vitragvani.com



દર્શનાવરણીય, મોહનીય, અંતરાય, એમ શુભઉપયોગથી પણ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય બંધાય છે. સમજાણું કાંઈ? જેમ પાપ પરિણામથી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય બંધાય છે તેમ પુણ્ય પરિણામથી પણ ચાર ઘાતિ બંધાય છે. આહાહા..! શુભભાવથી પણ જ્ઞાનાવરણીય બંધાય છે, શુભભાવથી દર્શનાવરણીય બંધાય છે, શુભભાવથી મોહનીય બંધાય છે. સમજાય છે કાંઈ? ચારિત્રમોહનીય બંધાય છે કે નહિ? અને અંતરાય પણ (બંધાય છે). જેમ અશુભભાવથી ઘાતિનો બંધ છે તેમ શુભભાવથી પણ ઘાતિનો બંધ છે જ. અઘાતિમાં થોડો ફેર પડે એ તો ભેખમાં ફેર પડ્યો. અશુભથી અઘાતિમાં પાપ બંધાય છે અને શુભથી અઘાતિમાં પુણ્ય બંધાય છે. એ તો અઘાતિ નામ સંયોગમાં ફેર પડ્યો. તેના સ્વભાવમાં કોઈ ફેર નથી. ઓ..હો..હો...!

માણસને બહારની મીઠાશ (એટલી છે). ખરેખર તો અતીન્દ્રિય સુખની મીઠાશ જ્યાં સુધી ન લાગે ત્યાં સુધી ઇન્દ્રિય વિષયના સુખની મીઠાશ તેને છોડતી નથી અને ઇન્દ્રિય સુખની મીઠાશમાં શુભ પરિણામની મીઠાશ રહે છે. સમજાણું કાંઈ? શુભ પરિણામની મીઠાશ, એનું ફળ બંધ, તેનું ફળ સંયોગ ને તેનું ફળ ઇન્દ્રિયના વિષય. અતીન્દ્રિય આનંદની રુચિ સમ્યગ્દર્શનમાં થાય તો તેને ઇન્દ્રિયના વિષયમાં સુખબુદ્ધિ ઉઠી જાય છે. ઇન્દ્રિયવિષયના સુખનું કારણ એવા પુણ્યભાવમાંથી પણ રુચિ ઉઠી જાય છે. સમજાણું કાંઈ? આહાહા..! પછી થોડી લાંબી વાત કરી છે. બંધની વાત છે.

'પુણ્યના ફળથી પ્રાપ્ત વિષયભોગોમાં ફસાઈ જવાથી વિષયી મનુષ્ય નરક, નિગોદાદિમાં ચાલ્યો જાય છે.' લ્યો! એ પુણ્યના ફળ 'પરમાત્મ પ્રકાશ'માં કહ્યું છે, પુણ્યથી વૈભવ અને વૈભવથી અભિમાન, અભિમાનથી નરક. સમજાણું? 'યોગીન્દ્રદેવઆચાર્યે' કહ્યું છે. પુણ્યથી વૈભવ (મળે). આ પુણ્ય બાંધે તો તેનાથી વૈભવ-ધૂળ મળે. આ ધૂળ.. ધૂળ! પૈસા ને આબરૂ ને મકાન ને દાગીના ને ઠાઠમાઠ, હાથી ને બળદ ને ઘોડા ને... મોટરું તો વળી હવે થઈ. હેં? હાથી, ઘોડા, બળદ. ઓ..હો..હો...! પુણ્યના ફળમાં એ મળે પછી અભિમાન (કરે કે), મારે છે, તમારે નથી. ધૂળની ચીજ મારે છે, તમારે નથી. અભિમાનથી નરક (મળે). જાઓ, હેઠે ઉતરો.

'દેવગતિમાં ભવનવાસી, વ્યંતર, જ્યોતિષી અને બીજા સ્વર્ગ સુધીના દેવ મરીને એકેન્દ્રિય પૃથ્વી, જળ, વનસ્પતિ કાયમાં જન્મ લઈ લે છે.' જુઓ! આહાહા..! પુણ્યના ફળમાં ઇન્દ્રના, દેવના પદ મળે અને દેવ મરીને એકેન્દ્રિયમાં જાય. તૃષ્ણામાં પુણ્યની ઇચ્છા છે, પુણ્યના ફળ ભોગવવાની ભાવના છે એવો મિથ્યાદૃષ્ટિ, એમ કહે છે. એ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ કે અમુક વૈમાનિક (દેવ).. સમજાણું? એકેન્દ્રિય પૃથ્વી, પાણી અને વનસ્પતિમાં ઊપજે. બે-બે સાગરની સ્થિતિ, અસંખ્ય અબજ વર્ષની સ્થિતિ છોડીને પૃથ્વીમાં જાય. પુણ્યની અભિલાષા અને તેના ફળની અભિલાષામાં મિથ્યાદૃષ્ટિ મરીને એકેન્દ્રિયમાં જાય. બીજા દેવલોકનો દેવ,

www.vitragvani.com



ઇન્દ્ર નહિ, સમજાણું કાંઈ? પાણીમાં જાય, વનસ્પતિમાં ઊપજે.

'બારમા સ્વર્ગ સુધીના દેવો પંચેન્દ્રિય પશુ સુધી જન્મ લઈ શકે છે.' પુણ્યના ફળની ઇચ્છા અને ઇન્દ્રિય સુખની ઇચ્છાવાળો મિથ્યાદૃષ્ટિ ભલે પુણ્યના ફળમાં બારમા સ્વર્ગે ચાલ્યો જાય પણ ત્યાં પણ ઇન્દ્રિયના વિષયમાં લોલુપતા છે, આત્માના અતીન્દ્રિય આનંદની દૃષ્ટિ નથી તો તે પણ મરીને પશુમાં જાય. બારમા સ્વર્ગનો દેવ પશુમાં ઊપજે. સમજાય છે કાંઈ? બારમો એટલે આ આઠમું દેવલોક જે શ્વેતાંબરનું છે એ અહીં બારમું કહેવાય છે. સમજાણું કાંઈ?

'નવમી ગ્રૈવેયક સુધીના દેવો મનુષ્યરૂપે જન્મે છે.' એ દેવ મનુષ્યમાં આવે, કહે છે.

'વિષયભોગોની આકુળતા તે તૃષ્ણારૂપી રોગ છે.' એને તૃષ્ણા રોગ થયો. પુણ્યની અભિલાષાથી પુણ્ય બંધાય ગયું. પુણ્ય નામ શુભભાવ થયો, બંધાય ગયો (અને) સ્વર્ગમાં નવમી ગ્રૈવેયકે ચાલ્યો ગયો, ત્યાંથી મરીને મનુષ્ય થઈને તૃષ્ણાનો રોગ થયો. કેમકે પુણ્યની ઇચ્છા થઈ, આત્માના આનંદની દૃષ્ટિ નહોતી. નવમી ગ્રૈવેયકવાળા લીધા છે. મિથ્યાદૃષ્ટિ છે ને! તેની વાત કરે છે, હોં! મિથ્યાદૃષ્ટિને તૃષ્ણારોગ લાગુ પડ્યો છે. 'આત્મભ્રાંતિ સમ રોગ નહિ' એ ભ્રાંતિ, આત્માને ભૂલીને ઇન્દ્રિયના સુખમાં અને પુણ્યમાં પ્રીતિ (થવી) એ જ મોટી ભૂલ અને ભ્રાંતિ છે. નવમી ગ્રૈવેયકે શુભભાવથી ગયો, ત્યાંથી નીકળી મનુષ્ય થયો તો એ મિથ્યાદૃષ્ટિ છે, ઇન્દ્રિયસુખની રુચિ છે તો તૃષ્ણાનો રોગ ચાલુ છે. તૃષ્ણાનો રોગ લાગુ પડ્યો છે. આત્માની ભાવના તો છે નહિ, ભાવના પુણ્યની, પાપની છે. તૃષ્ણાનો મોટો રોગ લાગુ પડ્યો છે, કહે છે. આ મોટા ચક્રવર્તી આદિ તૃષ્ણામાં રોગી છે, એમ કહે છે. પૈસાવાળા તૃષ્ણાના રોગી (છે). ચારે કોર આથડ્યા કરે, એ.. પૈસા, એ.. પૈસા, એ.. પૈસા. ઇન્દ્રિયસુખના ફળ ભોગવવાની ઇચ્છામાં તૃષ્ણાનો રોગ લાગુ પડ્યો. ભટક્યા ભટક (કરે), ગરીબ માણસ જેમ ભટકે ને એમ આ ભિખારી થઈને લાવ.. લાવ.. લાવ.. લાવ (કરે છે). ફિલ્મમાંથી પૈસા લાવો, બીજું શું? નાટકમાંથી લાવો, મકાનમાંથી લાવો, ભાડામાંથી લાવો. ભાડુ સમજો છો? ભાડાને શું કહે છે? કિરાયા. એમાંથી લાવો. તૃષ્ણાનો રોગ વળગ્યો. ભગવાનઆત્મા આનંદનું ઘર છે તેની તો દૃષ્ટિ છે નહિ તો તેને પુણ્ય પરિણામની રુચિ છે, તૃષ્ણાનો રોગ લાગુ પડ્યો છે. ક્ષય લાગુ પડ્યો છે, ક્ષયરોગ. આત્માની શાંતિને ક્ષયરોગ લાગુ પડ્યો.

'રોગથી પીડાયેલ પ્રાણી ગભરાઈને વિષયભોગોમાં તૃષ્ણાની શાંતિ માટે જાય છે. ભોગ ભોગવીને તે સમયે ક્ષણિક તૃપ્તિ પામીને તૃષ્ણામાં અધિક વધારો કરે છે. દુઃખોના સાધનોમાં જે આકુળતા થાય છે તેવી જ આકુળતા તૃષ્ણારૂપી રોગની વૃદ્ધિમાં થાય છે.' બન્નેને સરખું લગાવ્યું. ઠીક લખ્યું છે. કહે છે કે, દુઃખોના સાધનમાં જેમ આકુળતા થાય જમૈયા સામે આવે, રોગ આવે અને દુઃખી થાય છે એમ '(તેવી જ) આકુળતા તૃષ્ણારૂપી રોગની વૃદ્ધિમાં થાય છે.' આ તૃષ્ણારૂપી રોગમાં આકુળતા વધે એ મોટો રોગ છે, એમ કહે છે. શું કહ્યું? દુઃખના સાધન જેમ સિંહ, વાઘ, જમૈયા રોગ આવે ને આકુળતા થાય છે તે રીતે આકુળતા

www.vitragvani.com



તૃષ્ણારૂપી રોગના વધવામાં થાય છે. તૃષ્ણારૂપી રોગ વધ્યો એમાં આકુળતા વધે છે, એ આકુળતા વધી. સમજાણું કાંઈ?

'આ જીવે વારંવાર દેવગતિ તથા મનુષ્યગતિના પાંચ ઇન્દ્રિયોના વિષયભોગ ભોગવ્યા...' અનંતવાર સ્વર્ગના ભોગ ભોગવ્યા, નરકનું દુઃખ સહન કર્યું, મનુષ્યના રાજપાટમાં પણ અનંતવાર જન્મ્યો અને ભોગ ભોગવ્યા (પણ) તૃપ્તિ ન થઈ. 'તૃષ્ણાની બળતરા શાંત થઈ શકી નથી.' કેમકે આત્માના આનંદની રુચિ વિના એ તૃષ્ણાનો દાહ શમન થતો નથી. 'જ્ઞાનીઓ વિષયસુખને હેય સમજે છે...' ધર્મી જીવ પાંચ ઇન્દ્રિયના વિષયસુખને હેય, જ્ઞેય તરીકે હેય સમજે છે, છોડવા લાયક સમજે છે. 'અને વિષયસુખના કારણ એવા પુણ્યકર્મને હેય જાણે છે.' એમ કહેવું છે ને પાછું. સમજાય છે? એ વિષયસુખને ધર્મી હેય જાણે ત્યારે 'વિષયસુખના કારણ એવા પુણ્યકર્મને હેય જાણે છે. તેથી પુણ્યબંધના કારણરૂપ શુભોપયોગને પણ હેય સમજે છે.'

ત્રણ બોલ લીધા. ધર્મી તેને કહે છે કે, પાંચ ઇન્દ્રિયના વિષયસુખને છોડવા લાયક જાણે. પાંચ ઇન્દ્રિયના વિષયને હેય જાણે તો તેના કારણરૂપ બંધને પણ હેય જાણે, બંધને હેય જાણે.. સમજાણું? તો પુણ્યબંધનું કારણ એવા શુભોપયોગને પણ હેય જાણે. ત્રણે હેય થઈ ગયા. જેને વિષયતૃષ્ણા ઇન્દ્રિયસુખમાં પ્રીતિ છે તેને પાપમાં પ્રીતિ છે, તેના ફળમાં પ્રીતિ છે તો તેની પ્રીતિ કર્મબંધનમાં છે. અને જેને ઇન્દ્રિય વિષયસુખનો પ્રેમ છે તેનો બંધ પુણ્ય હોય તોપણ ઠીક માને છે અને પુણ્યભાવને પણ ઠીક માને છે. ઇન્દ્રિય વિષયસુખને હેય માને છે તેને પુણ્યબંધ પણ હેય છે અને તેનો શુભભાવ પણ હેય છે. શું કીધું? છ બોલ કહ્યા.

ઇન્દ્રિયવિષયને સુખરૂપ માને છે તેને ઇન્દ્રિયવિષયના કારણ જે બંધ છે તેને સુખરૂપ માને છે, તેના કારણ ભાવને પણ સુખરૂપ માને છે. ઇન્દ્રિયવિષયને સુખરૂપ નથી માનતા, હેય માને છે તો ઇન્દ્રિય વિષયસુખનું કારણ જે બંધ, તેને પણ હેય માને છે અને બંધના કારણ શુભભાવને પણ હેય માને છે. આહાહા..! સમજાય છે કાંઈ? બાહ્ય પદાર્થ અને બાહ્ય ફળ, તે જેની બુદ્ધિમાં અધિક દેખાય છે, અધિક દેખાય છે તો તેને ફળની પ્રીતિ આવી, તો તેના બંધનના કારણને પણ પોતાના આત્માના સ્વભાવથી અધિક માન્યું અને બંધનું કારણ એવા શુભભાવને પણ પોતાના સ્વભાવથી અધિક માન્યો. આત્માને હિન માન્યો. સમજાય છે કાંઈ? શું કહ્યું?

ભગવાનઆત્મા શુદ્ધ આનંદસ્વરૂપ છે, એવી જેને રુચિ નથી તેને ઇન્દ્રિયના ફળ વિષયમાં રુચિ છે, પ્રેમ છે, તો તેનો બંધ પડ્યો, પુણ્યબંધ પડ્યો તેનો પણ પ્રેમ છે અને તેના કારણ, શુભભાવમાં પણ પ્રેમ છે અને આત્મા પ્રત્યે તેને અપ્રેમ છે. આત્મા પ્રત્યે જેને પ્રેમ છે તેને ઇન્દ્રિય વિષયસુખ પ્રત્યે હેયબુદ્ધિ છે, તો તેના બંધમાં પણ હેયબુદ્ધિ છે અને બંધના

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કારણમાં પણ હેયબુદ્ધિ છે. સમજાય છે કાંઈ?

(જ્ઞાની) 'માત્ર શુદ્ધોપયોગની ભાવના કરે છે જેથી તિર્યંચમાં પણ અતીન્દ્રિય સુખ થાય છે,...' જુઓ! શું કહે છે? અરે..! પશુમાં પણ આત્મશ્રદ્ધા, આત્મજ્ઞાન અને શુદ્ધોપયોગ થાય છે તો તેને પણ આનંદ આવે છે. પશુ! ખાવા માટે એક પાય ન મળે, અનાજનો કણ ન મળે... સમજાણું? અને ચાર-ચાર પ્રહર રાત્રિમાં ચોવિહાર. રાત્રે કાંઈ પાણી મળતું નથી. ચકલીનું નાનું બચ્ચું હોય, સાંજથી સવાર સુધી પાણીનું બિંદુ નહિ, અનાજનો કણ નહિ અને સ્થાનફેર નહિ (એમ) ત્રણ (નથી). સ્થાન પણ તે જ, (ત્યાં) આસન લગાવી દીધું. ચકલા કહે છે ને? ચકલા.. ચીડિયા. ચીડિયા છે, મોર છે, પંખી છે, જુઓ! એક સ્થાનમાં બાર કલાક, તેર કલાક (રહે). મોટી રાત હોય તો ચૌદ-ચૌદ કલાક (રહે). આહારનું બિંદુ નહિ, પાણીનું બિંદુ નહિ. સમજાય છે કાંઈ? પણ કહે છે કે, એ સ્થાનમાં પણ જો આત્મા શુદ્ધ ચિદાનંદની રુચિ અને અનુભવ છે તો તેને શુદ્ધોપયોગનો આનંદ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એવી સ્થિતિમાં પણ.. આહાહા..! પશુ છે ને? દેડકો હોય છે તે પણ સમ્યગ્દર્શન પામે છે. આત્મા છે કે નહિ?

ભગવાનના સમવસરણમાં પશુ આદિ બધા જાય છે. નાનો (દેડકો પણ) જાય, મોટા મોટા મગરમચ્છ પણ જાય છે અને મોટા મોટા સિંહ, વાઘ, નાગ પણ જાય છે. ઝેરીલો મોટો નાગ હોય એ રાત્રે તો ફરે ખોરાક માટે પણ આ ન ફરે, પછી રાત્રિભોજન ન કરે. સમજાય છે કાંઈ? જેને આત્માનું ભાન થયું અને સમ્યગ્દર્શન આદિ થયા અને કોઈ નાગને તો પંચમ ગુણસ્થાન હોય છે. આત્માની શ્રદ્ધા, જ્ઞાન ઉપરાંત શાંતિ વધી જાય છે. એ નાગ ચાર પહોર તો બિલકુલ લે નહિ, બહાર જાય નહિ. તેમાં પણ તેને નિર્દોષ ખોરાક મળે એકેન્દ્રિયાદી (એ લ્યે). અને અંદર શુદ્ધોપયોગમાં આનંદ માને છે. ઓ..હો..હો...! સમજાય છે કાંઈ?

આ ચક્રવર્તી આદિ અને અબજોપતિ શેઠિયા આદિને પોતાના શુદ્ધ સ્વરૂપનું ભાન નથી, શ્રદ્ધા ને જ્ઞાનની રુચિ નથી, એ પુણ્ય-પાપમાં પ્રેમ અને રુચિ છે તો એકલી આકુળતાને વેદે છે. અબજોપતિ શેઠ આકુળતાને (વેદે છે). મેડીમાં.. મેડી કહે છે? મેડીમાં બેઠા બેઠા હિંડોળે હિંચકે, સોનાની સાંકળ છે, એકલી આકુળતા (ભોગવે છે). કેમકે આત્મા અખંડાનંદની રુચિ તો છે નહિ. પુણ્ય-પાપની રુચિમાં એકલી આકુળતાને વેદે છે. એ મહેલમાં બિરાજીને આકુળતા વેદે, ઓલો પંખી ઝાડની ડાળ ઉપર બે પગે આખી રાત અંતરમાં શુદ્ધ પ્રભુ આત્મા જ્ઞાનાનંદ ચૈતન્ય પ્રભુની અનુભવદૃષ્ટિ થઈ છે અને પુણ્ય-પાપના ભાવને વિકાર, દુઃખરૂપ જોઈને છોડવા લાયક માને છે. સ્વભાવ જ આદર કરવા લાયક માનીને શુદ્ધ વેપાર અંદર કરે છે તો એ પશુ પણ આનંદને વેદે છે. આહાહા..! સમજાણું કાંઈ?

નરકમાં પણ સમકિતીને આનંદ છે. 'બાહિર નારકકૃત દુઃખ ભોગવે' એ આવે છે

www.vitragvani.com



ને? અંદર સુખ કી ગટાગટી. નારકીને ગટાગટી. પીડા.. પીડા.. પીડા.. બહાર સંયોગ (એવા). ઓ..હો..હો..! જન્મે ત્યારથી સોળ રોગ. પીડા.. પીડા.. પીડા.. બહારની. અંતરમાં આત્માના શુદ્ધ શ્રદ્ધા, ભાન, અનુભવ કર્યો છે તો કહે છે કે, એ આનંદમાં ગટાગટી કરે છે. અતીન્દ્રિય આનંદ નરકમાં લે છે. એ આત્માના શુદ્ધઉપયોગની દૃષ્ટિને કારણે. અને અજ્ઞાની આમ મહેલમાં બેઠો હોય, લાગે કે સુખી છે (પરંતુ) એકલા આકુળતામાં દુઃખી છે. સમજાય છે કાંઈ?

'કર્મોનો ક્ષય થાય છે અને મોક્ષમાર્ગ પમાય છે.' લ્યો! એને–તિર્યંચને શુદ્ધોપયોગમાં કર્મનો ક્ષય થતો જાય છે, હોં! મોક્ષમાર્ગ પમાય છે, મોક્ષમાર્ગ બરાબર શુદ્ધ થતો જાય. 'શુદ્ધોપયોગમાં ઠરવાની શક્તિ ન હોવાથી જ્ઞાની જીવ શુભોપયોગમાં વર્તે છે પરંતુ પુણ્યની ઇચ્છા રાખતા નથી.' લ્યો, સમજાય છે કાંઈ? ઓ..હો..હો..! ક્યાં પશુ જ્ઞાની અને ક્યાં મિથ્યાદૃષ્ટિ શેઠિયા ને મિથ્યાદૃષ્ટિ દેવ!

મુમુક્ષુ :– મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી.

ઉત્તર :– દ્રવ્યલિંગી સાધુ. સમજાય છે કાંઈ? જેને આત્માના આનંદ સ્વભાવની રુચિ નથી અને પુણ્યભાવની પ્રીતિ–રુચિ છે તે નવમી ગ્રૈવેયકમાં હોય છતાં આકુળતાને વેદે છે. આકુળતા.. આકુળતા.. આકુળતા. નીચે સાતમી નરકમાં નારકી પડ્યો છે. નવમી ગ્રૈવેયક અને સાતમી નરક. નારકી પડ્યો છે, કોઈ મોટો રાજા-મહારાજા મરીને ગયો તો ભાન થઈ ગયું કે, ઓ..હો...! સંતોએ અમને કહ્યું હતું કે, સ્વભાવનું સાધન કરવામાં તું સ્વતંત્ર છો, બહારના કોઈ સાધનની જરૂર નથી. તારો ધર્મ કરવામાં પૈસાનો વ્યય, શરીરનો નાશ, કોઈ બળવાન પુરુષની મદદની કાંઈ જરૂર નથી. (ત્યારે) ન માન્યું. (હવે) હું અહીંયાં નરકમાં આવ્યો. એવી વેદનાનો ખ્યાલ છોડીને શાંતસ્વરૂપ આત્મા(ની સન્મુખ થઈને) સાતમી નરકમાં નારકી સમકિતી આનંદ લે છે અને નવમી ગ્રૈવેયકે મિથ્યાદૃષ્ટિ જીવ દુઃખ ભોગવે છે. તેનું કારણ–હેતુ, સ્વભાવની દૃષ્ટિ, અનુભવ થયે. શુદ્ધ ચિદાનંદ મૂર્તિ (છું), બસ! એ અનુભવમાં આનંદ છે અને અજ્ઞાનીને પુણ્યની પ્રીતિ પડી છે (એ) ભલે સ્વર્ગમાં જાય પણ એકલી આકુળતાને વેદે છે.

'પ્રવચનસાર'ની વાત કરી છે. પુણ્ય છે ખરું, એમ. પણ એ પુણ્યને કારણે દુઃખી છે. 'દેવાદિ તૃષ્ણાને કારણે દુઃખી થાય છે.' પુણ્યનું ફળ છે, પુણ્યનું અસ્તિત્વ છે, તેનું ફળ પણ છે (પરંતુ) તૃષ્ણામાં દુઃખી છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## ભાવ નિર્ગ્રંથ જ મોક્ષમાર્ગી છે.

जइया मणु, णिग्गंथु जिय, तइया तुहुँ णिग्गंथु।
जइया तुहुँ णिग्गंथु जिय, तो लब्भइ सिवपंथु।।७३।।

જો તુજ મન નિર્ગ્રંથ છે તો તું છે નિર્ગ્રંથ;
જ્યાં પામે નિર્ગ્રંથતા, ત્યાં પામે શિવપંથ. ૭૩.

અન્વયાર્થ :– (जिय जइया मणु णिग्गंथु) હે જીવ! જો તારું મન નિર્ગ્રંથ છે (तइया तुहुँ णिग्गंथु) તો તું સાચો નિર્ગ્રંથ છો. (जिय जइया तुहु णिग्गंथु) હે જીવ! જો તું નિર્ગ્રંથ છો (तो सिवपंथु लब्भई) તો તેં મોક્ષમાર્ગ પ્રાપ્ત કરી લીધો.

---

૭૩. 'ભાવ નિર્ગ્રંથ જ મોક્ષમાર્ગી છે.' ભાવ નિર્ગ્રંથ જ મોક્ષમાર્ગી છે.

जइया मणु, णिग्गंथु जिय, तइया तुहुँ णिग्गंथु।
जइया तुहुँ णिग्गंथु जिय, तो लब्भइ सिवपंथु।।७३।।

હે આત્મા! 'જો તારું મન નિર્ગ્રંથ છે...' આ મનમાં રાગની એકતા તૂટીને ગ્રંથિભેદ કર્યો છે, આત્મા શુદ્ધ આનંદની દૃષ્ટિ કરી છે (તો) 'તારું મન નિર્ગ્રંથ છે.' બહારમાં ભલે ગમે તેમ પડ્યો હોય, કહે છે. સમજાય છે કાંઈ? પહેલા સમ્યગ્દર્શનમાં, હોં! મુનિદશામાં તો બહારથી પણ છૂટી જાય છે. અહીં નિર્ગ્રંથ પદનું વિશેષ વજન આપ્યું છે.

હે આત્મા! તારું મન નિર્ગ્રંથ છે (અર્થાત્) અંતરમાંથી રાગ, પુણ્ય, પાપની એકતા છૂટીને તારી શુદ્ધ ચૈતન્યની સંપદા સાથે એકતા થઈ અને વિશેષ એકતા થઈ, ભાવથી નિર્ગ્રંથ છે ત્યારે તું સાચો નિર્ગ્રંથ છો, સાચો નિર્ગ્રંથ છો. બહારની નગ્ન થયો, કપડા છોડીને નગ્ન થયો એ કાંઈ સાચો નિર્ગ્રંથ નથી. સમજાય છે કાંઈ?

હે જીવ! જો તું નિર્ગ્રંથ છો. જો તારો અંતર સ્વભાવ પવિત્ર ભગવાનઆત્મામાં પ્રીતિ લાગી ગઈ છે અને પુણ્ય-પાપની પ્રીતિ, રાગની ગાંઠની પ્રીતિ છૂટી ગઈ છે, એવો જો નિર્ગ્રંથ છો તો તેં મોક્ષમાર્ગ પ્રાપ્ત કરી લીધો. એણે મોક્ષમાર્ગ પ્રાપ્ત કરી લીધો. 'सिवपंथु लब्भई' મોક્ષનો પંથ તને પ્રાપ્ત થઈ ગયો. બહારની સાથે સંબંધ નથી. ભગવાનઆત્મા પૂર્ણ શિવસ્વરૂપ પ્રભુ અને રાગાદિ દુઃખરૂપ, આ બેનો વિવેક કરીને ભેદજ્ઞાન કરી લીધું અને વિશેષ આત્મામાં સ્થિરતા જામી ગઈ તો તું નિર્ગ્રંથ છો. ભાવ નિર્ગ્રંથ છે તો ભલે બહારમાં નિર્ગ્રંથ દ્રવ્યલિંગ તો આવે જ છે, પણ ભાવ નિર્ગ્રંથ છો તો તેં શિવપંથ પ્રાપ્ત કરી લીધો. સમજાય છે કાંઈ? બહારમાં એકલા નિર્ગ્રંથ થઈને ભાવ નિર્ગ્રંથ ન હોય તો આત્માને કદી લાભ થતો નથી. અહીંયાં એ બતાવે છે.

'નિર્ગ્રંથ પદ જ સાધુપદ છે. સંયમનું સાધન સાધુ જ કરી શકે છે કેમકે તે જ આરંભ

www.vitragvani.com



પરિગ્રહનો ત્યાગ કરીને અહિંસાદિ પાંચ મહાવ્રતોનું યથાર્થ પાલન કરી શકે છે.' ઠીક (લખ્યું) છે. મૂળ તો અહીં મનમાં નિર્ગ્રંથ છે એ ત્યાગી છે, એમ ખરેખર કહેવું છે. આ સમ્યગ્દષ્ટિ પણ મનનો, રાગનો ત્યાગી છે. સમકિત અપેક્ષાએ તે પણ નિર્ગ્રંથ છે. સમજાય છે કાંઈ? ધર્મી જીવ અનુભવમાં પોતાના વીતરાગ સ્વભાવની રુચિ રાખે છે, તેની રાગ ઉપર પ્રીતિ છે જ નહિ. તે નિર્ગ્રંથ થયો. ભગવાનઆત્મા રાગ વિનાનો સ્વભાવ, તેની જેને અનુભવમાં પ્રીતિ, અનુભવમાં પરિણતિ જામી ગઈ (તો તે) ભાવ નિર્ગ્રંથ છે. સમજાય છે કાંઈ

'જ્યાં સુધી વસ્ત્રનું ગ્રહણ છે ત્યાં સુધી પરિગ્રહનો પૂર્ણ ત્યાગ નથી.' વિશેષ સિદ્ધ કરે છે. 'અંતરમાં મનને ગ્રંથ રહિત કરવું જોઈએ.' લ્યો! અંતરંગમાં મનને ગ્રંથ રહિત કરવું જોઈએ. દયા, દાનના વિકલ્પ જે ઊઠે છે તે પણ રાગની ગાંઠ છે, એ ગ્રંથ છે, ભગવાન નિર્ગ્રંથ આત્મા છે. આવે છે ને? 'णिग्गंथो' 'નિયમસાર'માં 'શુદ્ધભાવ અધિકાર'માં નથી આવતું? 'णिदंडो णिद्दंद्दो णिम्ममो' ઇ આત્માની વાત કરી છે, આત્મા નિર્ગ્રંથ છે. ત્રિકાળ નિર્ગ્રંથ જ છે. પુણ્ય-પાપના વિકલ્પથી રહિત નિર્ગ્રંથ ભગવાનઆત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? એવું પોતાનું પરમાત્મસ્વરૂપ.. અ..હો..! જેની મહિમામાં પોતાની અલ્પ પર્યાયના વિકાસનો પણ મહિમા રહેતો નથી તો તેમાં પુણ્ય પરિણામ ને પાપ પરિણામની મહિમા ક્યાં આવી શકે? સમજાય છે કાંઈ?

જ્ઞાનમાં, પોતાનો પૂર્ણ પવિત્ર પ્રભુ પરમાત્માનો પોતાનો નિજ શુદ્ધ સ્વભાવ જ્યાં જ્ઞાનમાં જામી ગયો (તો તે) નિર્ગ્રંથ આત્મા છે. વસ્તુ નિર્ગ્રંથ છે તો તેની દૃષ્ટિ કરનારો પણ ભાવથી નિર્ગ્રંથ છે. આહાહા..! સમજાય છે કાંઈ? બહારમાં નગ્ન આદિ હોય પણ અંદરમાં નિર્ગ્રંથ ભાવ ન હોય તો એક પણ ભવ ઘટવાનો લાભ નથી. લ્યો, સમજાય છે કાંઈ? આહાહા..!

'અંતરંગ પરિગ્રહનો ત્યાગ હોવો જોઈએ.' એના નામ આપ્યા છે, ઠીક છે. કહે છે, 'મનમાંથી સર્વ મમતાનો, રાગદ્વેષનો મેલ કાઢી નાખવો જોઈએ. પરમ વીતરાગ સમદર્શી સર્વ પ્રાણીમાત્ર ઉપર કરુણાભાવ, પરમ સંતોષી, આત્મરસના પિપાસુ અને વિષયરસમાં વિરક્ત થવું તે જ ભાવ નિર્ગ્રંથ પદ છે.' સમજાય છે કાંઈ? પછી કહે છે, 'અનાજની ઉપરનું જાડું ફોતરું કાઢી નાખ્યા વિના અંદરનું પાતળું ફોતરું દૂર થઈ શકતું નથી. કોઈ ઉપલું ફોતરું જ કાઢે અને અંદરનું ન કાઢે તો તેને શુદ્ધ ચોખા મળતા નથી...' ચોખા હોય છે ને? ચોખા. તેની ફોતરું હોય છે. ફોતરું કાઢે પણ લાલપ હોય છે ને? લાલપ. લાલપને શું કહે છે? રતાશ. તમારી ભાષામાં શું કહે છે? લલાઈ. ચોખા ઉપરની લલાઈ, લલાઈને ન છોડે અને ફોતરાને છોડે તેને ચોખાનો લાભ થતો નથી. એમ બહારથી વસ્ત્ર, પાત્ર આદિ છોડી દે, કુટુંબ છોડી દે પણ અંદરમાં રાગની એકતાબુદ્ધિ છોડે નહિ તો લલાઈ તો છૂટતી નથી. આહાહા..!

'બહારમાં નિર્ગ્રંથ થયા વિના અંતરંગમાં નિર્ગ્રંથ થઈ શકાતું નથી.' બહારથી નિર્ગ્રંથ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



થઈ જાય પરંતુ અંદરથી નિર્ગ્રંથી ન હોય. અંતરમાં રાગરહિત સ્વરૂપની અનુભવ દૃષ્ટિ ન હો, વીતરાગ સ્વભાવનો અંદર સાવધાનીપૂર્વક આદર ન કર્યો હોય તો સમદર્શી ન હોય, આત્માનંદ રસિક ન હોય, સાચો નિર્ગ્રંથ નથી. બહારથી નિર્ગ્રંથ થઈ ગયો, નગ્ન થઈ ગયા પણ અંદરથી નિર્ગ્રંથ ન હોય, પુણ્ય પરિણામથી ભિન્ન પડી ભગવાનઆત્માનો અનુભવ ન કર્યો હોય, વીતરાગી ન હોય, વિશેષ સ્થિરતા આદિ ન હો, સમદર્શી ન હો, પુણ્ય-પાપ બન્ને એક છે અને સ્વભાવ ભિન્ન છે. આત્માનંદ રસિક ન હોય અને પુણ્યનો રસિક હોય તે સાચો નિર્ગ્રંથ નથી.

'ભાવ નિર્ગ્રંથ જ વાસ્તવમાં મોક્ષનો માર્ગ છે, કેવળ વ્યવહાર ચારિત્ર મોક્ષમાર્ગ નથી.' પંચ મહાવ્રત ને અઠ્યાવીસ મૂળગુણ ને નગ્નપણું એ કેવળ વ્યવહાર ક્રિયાકાંડ મોક્ષમાર્ગ છે જ નહિ. આ..હા...! ઓલો ત્યાં ઠરાવે છે. ગજબ કરી છે! માણસ આવા ઝીલનારા, દિગંબર જૈન ધર્મ, સનાતન સત્ય પ્રવાહ આવે છે એમાં એવા નકાર કરનારા કો'ક નીકળ્યા... આવો સનાતન વીતરાગ માર્ગ સંતોએ સહેલો કરી દીધો છે, સ્પષ્ટ કરી દીધો છે. ભગવાન! તારી ચીજ તો પુણ્ય-પાપના વિકલ્પથી રહિત છે ને! તારું નિર્ગ્રંથ સ્વરૂપ છે ને! તેના અનુભવ વિના તને સ્થિરતા ક્યાંથી થશે? અને સ્થિરતા વિના ચારિત્ર નહિ થાય. બહારની ક્રિયાકાંડ લાખ કર, બહાર પંચ મહાવ્રત પાળ (પણ) મુનિ છે જ નહિ. સમજાય છે કાંઈ? 'રત્નત્રય, અંતરંગ સ્વાનુભવ રમણરૂપ નિશ્ચય ચારિત્ર છે, એ જ યથાર્થ શિવપંથ છે, એના ઉપર જ ચાલીને જ્ઞાની મોક્ષનગરમાં પહોંચી જાય છે.' પછી તો એની વાત કરી છે.

---

## દેહમાં ભગવાન છે.

जं वडमज्झहँ बीउ फुडु, बीयहँ वहु वि हु जाणु।
तं देहहँ देउ वि मुणहि, जो तइलोय-पहाणु।।७४।।

જેમ બીજમાં વડ પ્રગટ, વડમાં બીજ જણાય;
તેમ દેહમાં દેવ છે, જે ત્રિલોકપ્રધાન. ૭૪.

અન્વયાર્થ :– (जं वडमज्झहँ बीउ फुडु) જેમ વડના વૃક્ષમાં તેનું બીજ સ્પષ્ટપણે વ્યાપક છે (बीयहँ वहु वि हु जाणु) તેમ વડના બીજમાં વડનું વૃક્ષ પણ (વ્યાપક) જાણો. (तं देहहँ देउ वि मुणहि) તેમ આ શરીરમાં તે દેવનો પણ અનુભવ કરો (जो तइलोय-पहाणु) જે ત્રણ લોકમાં પ્રધાન છે.

---

હવે ૭૪. આ દેહમાં ભગવાન બિરાજે છે, એમ નક્કી કરવું જોઈએ. તારા ભગવાન તારાથી દૂર નથી. આ..હા...! પૂર્ણ ભગવાન તું છો. દૃષ્ટાંત આપે છે. કાલે આવ્યું હતું ને ?

जं वडमज्झहँ बीउ फुडु, बीयहँ वडु वि हु जाणु।
तं देहहँ देउ वि मुणहि, जो तइलोय-पहाणु।।७४।।

'જેમ વડના વૃક્ષમાં તેનું બીજ સ્પષ્ટપણે વ્યાપક છે તેમ વડના બીજમાં વડનું વૃક્ષ પણ (વ્યાપક) જાણો.' બીજમાં વડ અને વડમાં બીજ. સમજાય છે કાંઈ? વડમાં બીજ સ્પષ્ટપણે પડ્યું છે અને બીજમાં પણ વડ સ્પષ્ટપણે પડ્યું છે. 'तं देहहँ देउ वि मुणहि' આ શરીરરૂપી વડમાં તારો આ ભગવાન અંદર બિરાજે છે. દેહ નહિ, વાણી નહિ, કર્મ નહિ, આ પુણ્ય-પાપના વિકલ્પ, રાગ એ પણ નહિ, તેનાથી રહિત તારી ચીજ ભગવાન દેહ દેવાલયમાં, બીજમાં જેમ વડ છે, બીજમાં જેમ વડ છે, એમ આ આત્મા પોતે પરમાત્મસ્વરૂપ છે. કેમ બેસે? હું પરમાત્મા? હું ભગવાન? ભાઈ! તું પણ ભગવાન, વસ્તુએ ભગવાન નહિ હોય તો પર્યાયે ભગવાન ક્યાંથી થઈશ? વસ્તુએ ભગવાન ન હોય તો અવસ્થાએ ભગવાનપણું ક્યાંથી આવશે? બહારથી આવે છે? આહાહા..! શું છે શ્લોક?

જેમ બીજમાં વડ પ્રગટ, વડમાં બીજ જણાય;
તેમ દેહમાં દેવ છે, જે ત્રિલોકપ્રધાન. ૭૪.

ત્રણ લોકમાં પણ આ આત્મા દેવ જેવો પ્રધાન કોઈ આત્મા બીજો નથી, કહે છે. બીજા પરમેશ્વર પણ આ દેવના પરમાત્મા નથી. આહાહા..! સમજાણું કાંઈ? ત્રણલોકમાં તારો આત્મા દેવ એ પ્રધાન છે, એમ કહે છે. ભગવાન અરિહંત ને ભગવાન દેવ તારે માટે નહિ. આહાહા..!

જેમ બીજમાં વડ પ્રગટ, વડમાં બીજ જણાય;
તેમ દેહમાં દેવ છે, જે ત્રિલોકપ્રધાન. ૭૪.

શરીરમાં દેવનો અનુભવ કરો. શરીરમાં દેવનો અનુભવ કરો, ભગવાનઆત્મા દેવ તું જ છો. ઓ..હો..હો..! સમજાય છે કાંઈ? વસ્તુ છે ને? આત્મા પદાર્થ છે ને? પદાર્થ છે ને આત્મા? તો પદાર્થ છે તો પૂર્ણ જ્ઞાન, દર્શન, આનંદથી પૂર્ણ ભર્યો છે. પરમાત્મા જેમ પર્યાયમાં પૂર્ણ છે, આ વસ્તુએ પૂર્ણ છે. પૂર્ણ પરમાત્મા પોતે પોતાને જ્યાં સુધી ન માને ત્યાં સુધી તેની દૃષ્ટિ સમ્યક્ થતી નથી. સમજાય છે કાંઈ? શરીરવાળો તો ન માનવો, કર્મવાળો ન માનવો, રાગવાળો ન માનવો, અલ્પ અવસ્થાવાળો ન માનવો. આહાહા..! અલ્પ અવસ્થા સમજાય છે? પ્રગટ પર્યાય જેટલી અલ્પ છે તે કંઈ વસ્તુ નથી, વસ્તુ નથી. વસ્તુ એક સમયમાં 'વસ્તુ વ્હોરજો રે, દોષીડાને હાટે' એમ આવે છે, ઓલા લગ્નમાં આવે છે. આ વસ્તુ અંદર પડી છે. એ... 'ફૂલચંદજી'! આવે છે કે નહિ? સમજાણું કાંઈ? લગ્નમાં ગાય છે, આ લગ્ન માંડ્યા છે, કહે છે.

ભાઈ! તું મોટો વર છો, હોં! બધા વખતમાં એને વર બનાવે છે કે નહિ? પણ એ

થોડો વખત. અહીં તો ત્રિકાળ ત્રિલોક પ્રધાન. ત્રણલોકમાં તારો આત્મા દેવ, એના સિવાય કોઈ તારા માટે દેવ નથી. આહાહા..! એ તે દૃષ્ટિને સ્વીકાર... સમજાણું કાંઈ? ભરોસે ભગવાન ચડી ગયો, આવો ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એ હું પોતે જ દેવ, મારો દેવ, હું ત્રણલોકમાં પ્રધાન મારે માટે હું જ છું. મારે માટે કોઈ બીજો ત્રણલોકમાં પ્રધાન નથી. ઓ..હો..હો...! જુઓ! કેટલું મૂક્યું છે! સમજાણું? 'જે ત્રણ લોકમાં પ્રધાન છે.'

'પોતાનો આત્મા પોતાના શરીરમાં વ્યાપક છે.' અહીંયાં વ્યાપક છે ને? બીજમાં જેમ વડ વ્યાપક છે ને? બીજમાં વડ છે, આમ પ્રસરી રહેલું છે, એમ ભગવાનઆત્મા અનંત જ્ઞાન, દર્શન આદિથી વ્યાપક છે. પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ આનંદ, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ પ્રભુતા આદિ અનેક શક્તિઓનો પિંડ ભગવાન એક સમયમાં પૂર્ણ પરમાત્મા જ વ્યાપક છે. સમજાય છે કાંઈ? 'શરીર પ્રમાણ છે.' શરીર પ્રમાણ આકારે શરીરમાં છે. શરીર પ્રમાણે આકાર પણ શરીર પ્રમાણ શરીરથી ભિન્ન પોતાના આકારે છે. જેમ વરગતમાં.. વરગતમાં.. એમ ભાષા લીધી છે, હોં! વરગત, એમ કહે છે ને? વડને એમ કહે છે ને?

વડમાં બીજ અને બીજમાં વડ વ્યાપક છે. બીજમાં વડ વ્યાપક છે અને વડમાં બીજ વ્યાપક છે. એવડા આખા વડમાં પણ એક જ બીજ વ્યાપક છે. કેમકે મૂળ બીજ જે છે એ બધે વ્યાપ્યું છે ને? વડનું ઝાડ છે ને? મૂળ બીજ છે ને? એક મૂળ બીજ વ્યાપેલું છે. આખા ઠેઠ પાંદડામાં, ઠેઠ એના ટેટામાં એ બધે વ્યાપી ગયું છે. ભગવાનઆત્મા પોતાના આત્મામાં દેવ-ભગવાન બિરાજે છે અને ભગવાનમાં પોતે આત્મા બિરાજે છે. પોતે ને પોતે ભગવાન, પોતે ને પોતે બીજ અને પોતે ને પોતે ભગવાન. આહાહા..! અનંત મોક્ષ કેવળજ્ઞાન આદિનું બીજડું તો આત્મદ્રવ્ય છે. સમજાય છે? એમાં એ મોક્ષ ને અનંત કેવળજ્ઞાનની પર્યાય બધી વ્યાપક આમાં પડી છે. આહાહા..! સમજાણું કાંઈ? જે મોક્ષદશાની અનંતી દશાઓ (પ્રગટે છે) એ બધી આત્મામાં વ્યાપકરૂપે પડી છે. માટે તું તારો દેવ છો. 'આત્મા સ્વયં ત્રણ લોકમાં મુખ્ય પદાર્થ પરમાત્મા દેવ છે. જ્ઞાનીએ એમ વિચારવું જોઈએ કે મારે આરાધવા યોગ્ય મારો આત્મા જ છે.' લ્યો, મારે આરાધવા યોગ્ય, સેવવા યોગ્ય, ધ્યાન કરવા યોગ્ય મારો આત્મા છે. સમજ્યા? 'એ જ વિચાર કરો કે જેવો આકાર મારા આ શરીરનો છે તેવો જ આકાર મારા આત્મ ભગવાનનો છે.' આકાર આત્માનો છે. હું તો શરીરથી ભિન્ન આકારે છું. મારા આકારમાં અનંત આનંદાદિ પડ્યો છે. પરમાત્મસ્વરૂપી હું નિર્વિકલ્પ આનંદ છું, એમ ધર્મીએ પોતાના સ્વરૂપનું આરાધન કરવા લાયક છે અને પોતાને પ્રભુ માનવો એ જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૪૯૨, અષાઢ વદ ૪, બુધવાર
## તા. ૦૬-૦૭-૧૯૬૬
## ગાથા–૭૪, ૭૫ પ્રવચન નં. ૨૭

'યોગસાર' એટલે શું? યોગ એટલે જોડાવું એમ (અર્થ) થાય છે. શેમાં? કે, આ આત્મા અંદર સચ્ચિદાનંદ શુદ્ધ સ્વરૂપ ધ્રુવ સ્વરૂપ છે. આ દેહ, વાણી આ તો માટી જડ છે, એનાથી જુદું પણ અંદર પુણ્ય-પાપના જે શુભ-અશુભભાવો થાય, વિકલ્પો (થાય) એ વિકાર છે એનાથી એ જુદું તત્ત્વ છે. એ આત્મામાં...

અહીંયાં વડનો દાખલો આપ્યો છે. બીજમાં જેમ વડ છે એમ આ આત્મસ્વભાવમાં પરમાત્મસ્વરૂપ પૂર્ણ પડ્યું છે. સમજાય છે કાંઈ? જેમ પીપરના દાણામાં... પીપર-પીપર થાય છે ને? આ પીપર–લીંડીપીપર. છોટી પીપર. એ એક પીપરની અંદરમાં ચોસઠ પહોરી તીખાશ અંદર ભરી છે. કદે નાની, રંગે કાળી છતાં એના અંતર સ્વભાવમાં ચોસઠ પહોરી તીખાશ ભરી છે.

મુમુક્ષુ :– દસ્તાથી આવે છે?

ઉત્તર :– દસ્તાથી આવે તો પથરા ઘસી નાખે નહિ. આ ઘસે ત્યારે ચોસઠ પહોરી પ્રગટ થાય છે કે નહિ? ક્યાંથી આવી? પથરા ઘસવાથી આવે તો કોલસા અને કાંકરા ઘસવા જોઈએ. બરાબર છે કે નહિ આમાં ન્યાય, લોજીકથી? એ પીપરમાં ચોસઠ પહોરી તીખાશ ભરી છે. ચોસઠ પહોરી, એ તો હવે સોળ પૈસાનો રૂપિયો થયો ને? અત્યાર સુધી તો ચોસઠ પૈસાનો રૂપિયો હતો ને? ચોસઠ પૈસો એટલે કે પૂર્ણ રૂપિયો, આખો અખંડ. એમ પીપરમાં એક એક દાણામાં ચોસઠ પહોરી એટલે સોળ આના એટલે પૂરી તીખાશ ભરેલી છે. જે પડી છે એની પ્રાપ્તની પ્રાપ્તિ છે, છે એમાંથી આવે છે. ન હોય એમાંથી આવી શકે નહિ.

એમ આ દેહના રજકણોથી ભિન્ન ભગવાનઆત્મા, એમાં ચોસઠ પહોરી એટલે પૂર્ણ જ્ઞાન અને આનંદ એમાં પડેલ છે. પીપરનો ભરોસો એને આવે કારણ કે વૈદો આદિએ ઘસીને ઘણીવાર જોયું હોય. એમ એ પીપરનો આટલો દાણો કદે નાનો, રંગે કાળો, અલ્પ તીખાશ બાહ્ય વ્યક્તપણે અલ્પ દેખાય છે પણ અંતરના સ્વભાવમાં એનું સત્ત્વ જે શક્તિરૂપ છે એ તો પૂરી ચોસઠ પહોરી તીખાશથી ભરેલો અને લીલો રંગ જેમાં પૂરો ભર્યો છે. બહારમાં ભલે કાળી (દેખાય) પણ અંદર એનો સ્વભાવ કાળો નથી, એમાં લીલો રંગ ભર્યો છે.

એમ ભગવાનઆત્મા આ દેહમાં રહેલું તત્ત્વ ભલે શરીર પ્રમાણે હો, એ જ અહીંયાં કહે છે, છતાં એના અંતર સત્ત્વમાં, અંતર શક્તિમાં જેમ બીજમાં આખું વડ છે, પીપરના દાણામાં જેમ ચોસઠ પહોરી તીખાશ અને લીલો રંગ પૂરો છે એમ ભગવાન આ આત્મા,

www.vitragvani.com



એની અંતર શક્તિના સત્ત્વમાં, ધ્રુવપણામાં, સત્ત્વમાં ધ્રુવપણામાં પૂર્ણ આનંદ અને જ્ઞાન વ્યાપક પૂર્ણ પડ્યા છે. એને કોઈ દિ' એનો ભરોસો આવ્યો નથી. જગતની ચીજની મહત્તા અને મોટપ એને દેખાય છે. સમજાણું કાંઈ? આ સાકર થાય છે ને? શું કહેવાય આ? સેકરીન. છસો ગુણી કહે છે ને કાંઈ? છસો ગુણી મીઠાશ, એને માને કે, એ સાકરના રજકણોમાં એમાં અમુક જાતની રસની ઉગ્રતા થાય, ઉગ્રતા થાય (તો) છસો ગુણી એમાં થાય. એ રજકણમાં રસની એવી જાતની તાકાત પડી છે તો છસો ગુણી એમાં આવે છે. ગાંગડો આવડો હોય અને થોડી મીઠાશ (હોય), આ થોડું હોય અને ઘણી મીઠાશ (હોય). એ મીઠાશની દશાની–અવસ્થાની શક્તિ તો એ રજકણમાં હતી એમાંથી પ્રગટ થઈ છે.

એમ આ ભગવાનઆત્મા, હું કોણ છું અને કેવડો છું એવી એને ખબર નથી. એને તો આ શરીર ને વાણી ને રાગ ને પુણ્ય ને પાપ, શુભ-અશુભભાવ થાય એવડો. એ નહિ. એમ જાણવાની જે કળા અલ્પજ્ઞ વર્તમાન દશા દેખાય છે, અલ્પ આ પરને જાણે છે ને? એ અલ્પ જ્ઞાનનો વિકાસ (છે) એટલો એ નથી. બીજમાં જેમ આખું વડ સમાણું છે, બીજમાં વડ છે, ન હોય તો આવ્યું ક્યાંથી? પ્રગટ્યું ક્યાંથી? કાંકરામાં પાણી નાખે. કાંકરા વાવે અને પાણી નાખે, વડ ઊગતો હોય તો. એ બીજમાં વડ થવાની તાકાત છે. ભાઈ! બરાબર છે કે નહિ આમાં? લોજીકથી તો વાત છે, આમાં ન્યાયથી જરી એણે જાણવું પડશે. કાંકરો વાવે નહિ, પાણી નાખે નહિ, દૂધ નાખે નહિ, એમાં લીંબોડી વાવે, લ્યો ને! વડ થશે? એ વડના બીજમાં વડ થવાની તાકાત છે.

એમ ભગવાનઆત્મા દેહમાં રહેલું તત્ત્વ, એની વર્તમાન પ્રગટ અવસ્થા અલ્પ છે. પુણ્ય-પાપના વિકલ્પો કરે છે એ વિકાર છે, દુઃખરૂપ છે. ભગવાન અંતર એનો સ્વભાવ નિત્યાનંદ સ્વરૂપ આત્મા, એના સ્વભાવમાં તો કાયમ આનંદ, અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનની પૂર્ણતાથી ભરેલો એ ભગવાનઆત્મા પૂર્ણ છે. એ પૂર્ણ છે એમાંથી પ્રાપ્તની પ્રાપ્તિ થાય છે. છે, કૂવામાં હોય તો અવેડામાં આવે, ન હોય તો ક્યાંથી ધૂળમાંથી આવે? સમજાણું કાંઈ? એમ ભગવાનઆત્મા... કહ્યું ને? અહીં સુધી આવ્યું છે, જુઓ! 'તેવો જ આકાર મારા આત્મ ભગવાનનો છે.' પહેલો પેરેગ્રાફ થયો છે. ભાવાર્થ પહેલેથી લઈએ. જુઓ!

'પોતાનો આત્મા પોતાના શરીરમાં વ્યાપક છે.' ભગવાનઆત્મા શરીર પ્રમાણે પણ ભિન્ન તત્ત્વ (છે). આ જડના આકારો, આ તો જડ છે, પ્રભુ એમાં પાણીનો કળશો જેમ હોય એ કાશીઘાટનો (હોય) એ કળશાનો આકાર ભિન્ન છે અને અંદર જળ–પાણી ભર્યું છે, એનો આકાર ભલે કળશા જેવો એ પાણીનો આકાર છે પણ એ પાણીનો આકાર કળશાથી ભિન્ન આકાર છે. સમજાય છે કાંઈ? એમ આ શરીર, કળશાઘાટનું શરીર છે ને? જુઓને આ. આ (શરીર) કાશીઘાટનો કળશો છે. એમાં ભગવાનઆત્મા ચિદાનંદ બિરાજે છે. એ પણ એનો આકાર, એની આકૃતિ પણ શરીર પ્રમાણે ભિન્ન છે. શરીર પ્રમાણે (હોવા) છતાં

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ભિન્ન છે અને એના સ્વભાવમાં અનંત જ્ઞાન, અનંત દર્શન (રહેલા છે). જેનો સ્વભાવ જાણવું, એ જાણવાના સ્વભાવની શક્તિની મર્યાદા, માપ કેમ હોય? એ સ્વભાવ બેહદ જ્ઞાન, બેહદ દર્શન, અમાપ શાંતિ, અમાપ આનંદ, શાંતિ એટલે ચારિત્ર, અમાપ અંતર અતીન્દ્રિય આનંદનો રસકંદ આત્મદ્રવ્યમાં પડ્યો છે. સમજાય છે કાંઈ?

એવા આત્માને શરીર પ્રમાણે હોવા છતાં, 'આ આત્મા સ્વયં ત્રણ લોકમાં મુખ્ય પદાર્થ પરમાત્મા દેવ છે.' પોતે જ પરમાત્મા દેવ છે. પરમાત્મા થયા એ પોતાના સ્વરૂપથી થયા. સમજાય છે કાંઈ? એ પણ સ્વતંત્ર જેમ લાખો, કરોડો ગુણી પીપરની હોય છતાં દરેક પીપરમાં પૂરેપૂરી તાકાત છે અને પ્રગટ પૂરેપૂરી થાય છે. એમ અનેક આત્માઓ (છે), છતાં એક એક આત્મામાં પરિપૂર્ણ, વડમાં જેમ બીજ કે બીજમાં વડ (છે), (એમ) ભગવાનઆત્મા પરિપૂર્ણ શક્તિ આનંદ આદિથી ભરેલું તત્ત્વ છે. સમજાણું?

આત્માદેવને જોઈએ તો આ શરીરથી દેખાય પણ એને શરીરથી ન જોવો જોઈએ, કહે છે. સમજાય છે કાંઈ? અથવા સંયોગી કર્મના કારણે પણ એમાં વિકાર ને કંઈ વિશુદ્ધિ એવી દશાના ભેદ દેખાય એ ભેદો ન જોતાં એકલું ચૈતન્ય દ્રવ્યસ્વભાવ, વસ્તુસ્વભાવ જોવો તો અભેદ અખંડ આનંદકંદ છે. એના ઉપર દૃષ્ટિ મૂકતાં આત્માને શાંતિ થાય, સમ્યગ્દર્શન થાય અને સ્વતંત્ર સુખની અંતરમાં શક્તિ જે પડી છે એ અંતર એકાકાર થતાં અંતરના આનંદની ઝળક, એની શ્રદ્ધાના, જ્ઞાનમાં અંતરમાં વળતાં થાય છે. જેમ પીપરને ઘૂંટતા જેમ પાંચ-દસ પહોરી, પચીસ પહોરી થાય, છેલ્લે ચોસઠ પહોરી થાય, છેલ્લે ત્રેસઠ છે ને? ત્રેસઠનો વ્યય, ત્રેસઠનો અભાવ થઈને ચોસઠ થઈ છે. એ ત્રેસઠમાંથી ચોસઠ નથી આવી. થોડામાંથી ઘણી નથી આવી, ત્રેસઠ ગઈ અને ચોસઠ થઈ એ ચોસઠ અંદરમાંથી શક્તિમાંથી આવી છે. સમજાણું કાંઈ? એમ ભગવાનઆત્મા, અંતરમાં આ જે અલ્પ જ્ઞાન બહારમાં પ્રગટ દેખાય છે, રાગ દેખાય છે, એ રાગ એની ચીજ નથી, વિકૃતભાવ છે. અલ્પ જ્ઞાન દેખાય છે એટલો એ નથી. કેમકે અંદરમાં એકાકાર થતાં જ્ઞાનની શક્તિની વ્યક્તતા-પ્રગટતા વિશેષતા દેખાય છે. તો એ વિશેષ જ્ઞાનની દશા દેખાય છે એ પૂર્વની દશા ગઈ એમાંથી નથી આવતી. એ વિશેષ શક્તિમાંથી અંદર શક્તિ પડી છે એમાં એકાકાર થતાં જ્ઞાનની કળાની ઉગ્રતા પ્રગટ જે દશામાં થાય તે કળાનું ધામ એ ચૈતન્યદ્રવ્ય અને ધ્રુવસ્વભાવ છે. એની ખાણમાંથી એ કળા પ્રગટ થાય છે. સમજાણું કાંઈ?

એ આત્મા કેવો એણે કોઈ દિ' અનંતકાળમાં જાણ્યો નથી. સમજાણું કાંઈ? 'નરસિંહ મહેતા' કહે છે ને? 'જ્યાં લગી આત્મા તત્ત્વ જાણ્યો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી' ભાઈ! સાંભળ્યું છે ને? હેં? 'જ્યાં લગી આત્મા તત્ત્વ જાણ્યો નહિ, ત્યાં લગી સાધના શેની? શું કર્યું તીર્થ ને તપ કરવા થકી?' તારા બધા વ્રત ને નિયમ મીંડા છે, કહે છે. સમજાણું? જાત્રા ને ભક્તિ ને પૂજા ને ભગવાન પાસે ટોકરી વગાડે.. પણ આ આત્મા શું છે? એવા

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તત્ત્વના સામર્થ્યના અનુભવ ને પ્રતીત વિના એ બધા નિરર્થક ચાર ગતિમાં રખડવા માટે છે. સમજાણું કાંઈ?

એટલે અહીં કહે છે, ભગવાનઆત્મા.. 'દ્રવ્યદૃષ્ટિથી જીવની સાથે કર્મોનો સંયોગ દેખાતો નથી.' આની કોર છે, ભાઈ! વસ્તુદૃષ્ટિએ જોઈએ, જેમ એ પીપરને તેની શક્તિના સત્ત્વથી જોઈએ તો તે કાળી અને અલ્પ તીખાશ તેનામાં નથી. તેનામાં તો પૂર્ણ તીખાશથી ભરેલું અને પૂર્ણ લીલાં રંગથી ભરેલું એ તત્ત્વ છે. એમ ભગવાનઆત્માને વસ્તુથી જોઈએ, એના પદાર્થના સત્ત્વથી જોઈએ તો એને કર્મના સંગથી (થયેલો) વિકાર એ એનામાં છે જ નહિ. એમ કર્મના ઘટવાથી, પુરુષાર્થથી કંઈ કર્મ ઘટે અને વિશુદ્ધિ થોડી વધે, એવા ભંગ પણ જેની અંતર ચીજમાં નથી. પીપરમાં જેમ બે પહોરી, પાંચ પહોરી, દસ પહોરી પ્રગટ થાય પણ એ બધા ભંગ અંતરમાં એવા નથી. અંતરમાં તો પૂર્ણ, પૂર્ણ, પૂર્ણ, પૂર્ણ પડેલું છે. 'શશીભાઈ'!

મુમુક્ષુ :- દાખલામાં તો વાત બેસી જાય છે.

ઉત્તર :- આ દાખલો શું કરવા (આપીએ છીએ)? દાખલા માટે દાખલો છે? કે સિદ્ધાંત માટે દાખલો છે? સિદ્ધાંત માટે દાખલો છે કે દાખલા માટે દાખલો છે? દાખલામાંથી પેલો સિદ્ધાંત તારવવા માટે દાખલો છે. સમજાણું કાંઈ?

કહે છે, ભગવાનઆત્માને વસ્તુદૃષ્ટિએ જો જોઈએ, પદાર્થદૃષ્ટિથી અંતરદૃષ્ટિ મૂકવાથી અંતર પૂર્ણ જ્ઞાન, આનંદથી જોઈએ તો એને કર્મનો સંયોગ અને એના નિમિત્તે પોતે પુરુષાર્થથી ઊંધો વિકાર, પુણ્ય-પાપ કરે અને અલ્પજ્ઞપણું, એ બધું એનામાં પૂર્ણ દૃષ્ટિથી જોઈએ તો છે નહિ. સમજાણું કાંઈ?

'એ દૃષ્ટિએ કર્મસાપેક્ષ થઈ જાય છે. કર્મોની અપેક્ષા ન લેનારા દ્રવ્યાર્થિકનયમાં આ ક્ષાયિક ભાવનો પણ વિચાર આવી શકતો નથી.' જરી ઝીણી વાત છે. આત્મ વસ્તુ, એની પૂર્ણ શક્તિનું સત્ત્વ જોતાં એની પ્રગટ અવસ્થા જે રાગના અભાવ થઈને, કર્મનો અભાવ કરીને, પુરુષાર્થ દ્વારા જે દશા પ્રગટ થાય એ દશા પણ ક્ષણિક અવસ્થાની પૂર્ણતા છે, ક્ષણિક અવસ્થાની પૂર્ણતા છે, આખી પૂર્ણતા નથી. સમજાણું કાંઈ? કોઈ દિ' એણે પોતાની જાત શું છે એને જોઈ નથી. બાકી ભણી ભણીને ભણ્યા બધા જગતના થોથાં અને શાસ્ત્ર ભણ્યા. પણ શાસ્ત્રમાંથી શું કાઢવું છે એની ખબર ન મળે.

આ ભગવાનઆત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં પૂર્ણ આનંદ ને પૂર્ણ જ્ઞાન ને પૂર્ણ શાંતિના, પૂર્ણ સ્વચ્છતાના, પૂર્ણ પ્રભુતાના સામર્થ્યથી-સ્વભાવથી ભરેલો એ પદાર્થ છે. એ દૃષ્ટિથી જોઈએ તો એને દશા જે નવી પ્રગટે, એની પણ જેના ત્રિકાળ દ્રવ્યની દૃષ્ટિમાં અપેક્ષા રહેતી નથી. કહો, સમજાય છે કે નહિ આમાં? 'માંગીરામજી'! એ તો 'અનાદિથી અનંતકાળ સુધી સર્વ વસ્તુને પોતાના મૂળ સ્વભાવમાં દેખાડનાર દ્રવ્યાર્થિક નય છે.' દ્રવ્ય-વસ્તુને દેખવાની

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



દૃષ્ટિએ અનાદિઅનંત સત્.. સત્.. સત્.. સત્.. સત્.. સત્.. છે.. છે.. છે.. હૈ.. હૈ.. હૈ.. આદિ નહિ, અંત નહિ, ઉત્પન્ન નહિ, નાશ નહિ, એવો જે આત્મપદાર્થ ધ્રુવ સત્, છે.. છે.. છે.. એમ એનું જ્ઞાન, આનંદ છે.. છે.. છે.. પૂર્ણ.. પૂર્ણ.. પૂર્ણ.. પૂર્ણ.. છે. આહાહા..! 'વિમલચંદજી'!

એણે કોઈ દિ' આત્મા શું છે? કેવો, કેમ છે? (એ જોયું નથી). એ એમ કહે છે કે, આપણે કાંઈક પવિત્રતા પ્રગટ કરવી છે. એમ કહે છે ને? ત્યારે એનો અર્થ થયો કે એની વર્તમાન દશામાં પવિત્રતા નથી. જો વર્તમાન દશા-હાલતમાં પવિત્રતા હોય તો પવિત્રતા કરવી છે એ રહેતું નથી. ત્યારે એનો અર્થ એ થયો કે એની દશામાં-હાલતમાં વર્તમાનમાં તો અપવિત્રતા છે. હવે પવિત્રતા મારે કરવી છે એમ કહેનાર પવિત્રતા લાવશે ક્યાંથી? અપવિત્રતા જે છે એમાંથી પવિત્રતા આવશે? અપવિત્રતા જાય એમાંથી પવિત્રતા આવશે? અપવિત્રતાની દશા જાય અને પવિત્રતા અંદરમાં પડી છે એમાંથી આવશે. ભાવમાંથી ભાવ આવે.

અપવિત્રતા મારે ટાળવી છે અને પવિત્રતા જોઈએ છે. એનો સિદ્ધાંત એ થયો કે, એની દશામાં અપવિત્રતા છે એ નાશ થઈ શકે છે અને એના સ્થાનમાં પવિત્રતા લાવી શકાય છે, પણ એ પવિત્રતા ક્યાંથી આવશે? અપવિત્રતાની દશા ગઈ એમાંથી આવશે? ગઈ એમાંથી એ તો અભાવ થઈ ગયો. ભાવ જે છે અંદરમાં ત્રિકાળ ભાવ પવિત્રસ્વરૂપ છે એમાં એકાકાર કરતાં તેની અપવિત્રતા ટળીને પવિત્રતા પ્રગટ થાય છે.

અહીં તો કહે છે કે, પૂર્ણ પવિત્રતા પ્રગટે એ પણ એક હાલત અને દશા છે. ભાઈ! આહાહા..! જ્યાં વસ્તુને અંતર એકરૂપ ચિદાનંદ પૂર્ણ શક્તિનું સત્ત્વ જ્યાં જોવું છે એને તો વિકારવાળો નહિ, શરીરવાળો નહિ, આ અલ્પ વિકાસ થયો એ નહિ અને પૂર્ણ વિકાસની દશા તો એમાંથી નવી પ્રગટી, એટલો પણ નહિ, એ તો ત્રિકાળ જ્ઞાયકમૂર્તિ છે, ત્રિકાળ પૂર્ણ આનંદ અને શાંતરસનો કંદ છે. સમજાણું કાંઈ? એને જોતાં દૃષ્ટિમાં એક જ વસ્તુ દેખાય. પૂર્ણ.. પૂર્ણ.. પૂર્ણ.. પૂર્ણ.. બસ! એ દૃષ્ટિએ જોતાં આત્માને સમ્યગ્દર્શન અને શાંતિની દશા પ્રગટ થાય છે, બીજો કોઈ ઉપાય છે નહિ. સમજાણું આમાં?

'આ દૃષ્ટિએ જોતાં આત્માની સાથે કર્મનો સંબંધ ન કદી હતો, ન છે, ન થશે.' કર્મ છે, પણ વસ્તુદૃષ્ટિએ જોઈએ તો કર્મનો સંબંધ આત્માને છે જ નહિ. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ (છે) પણ એ દૃષ્ટિનું જોર ક્યાંથી લાવવું? કર્મનો સંબંધ હોવા છતાં નથી, ભાઈ! આહાહા..! પુણ્ય-પાપના જેવા ભાવ કરે છે, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ શુભભાવ છે, પુણ્ય છે, એનાથી પુણ્યબંધન થાય છે, કર્મ રજકણ (બંધાય છે). હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ પાપભાવ છે, એનાથી પાપબંધન (થાય) પણ એ કર્મ રજકણ છે, એ રજકણ છે એ કંઈ આત્માની મૂળ ચીજ નથી. તેમ જે કારણે કર્મ બંધાણું એવા ભાવ એ પણ કૃત્રિમ વિકાર છે, એ લક્ષે ન જોતાં વસ્તુની દૃષ્ટિએ જોવો તો એને કર્મનો સંબંધ પણ

www.vitragvani.com



નથી, કર્મ (સંબંધ) હતો પણ નહિ, સંબંધ ત્રણકાળમાં નથી. આ એ તો નથી પણ વિકારની લાગણી જે ઉત્પન્ન થાય એ પણ વસ્તુની દૃષ્ટિએ જોતાં એનામાં છે નહિ. એટલી દૃષ્ટિના જોરે જ્યારે આત્માનો સ્વીકાર થાય, એ દૃષ્ટિના જોરે આ આત્મા પરિપૂર્ણ અખંડાનંદ એકરૂપ છે, એવો દૃષ્ટિના જોરે સ્વીકાર થાય, વિકાર અને કર્મનો સંબંધ મારે છે જ નહિ, એવી દૃષ્ટિ થતાં તેને અંતરમાં સમ્યગ્દર્શન, જ્ઞાન ને શાંતિના કણિયા, શાંતિના કણિયા અંતરમાંથી પ્રગટ થાય.

કોણ કહે છે? ધૂળમાંય સુખ નથી. સુખ તો ન્યાં છે. મરી ગયો બહારમાં, સુખ તે આત્મામાં હોય કે આત્માનું સુખ પરમાં હોય? ધૂળમાં સુખ હોય? આ શરીરમાં, માંસમાં, હાડકામાં, પૈસામાં, દાળ, ભાત, મોસંબી, માખણ, રેશમના ગાદલા ધૂળમાં સુખ હશે? આનું સુખ ન્યાં હશે? એને ખબર નથી. આત્મામાં એનો અતીન્દ્રિય આનંદથી ભરેલું એ તત્ત્વ છે. સચ્ચિદાનંદ સ્વરૂપ-સત્ શાશ્વત ચિદ્-જ્ઞાન અને આનંદ, અતીન્દ્રિય આનંદનો રસકંદ પરિપૂર્ણ પ્રભુઆત્મા છે. સમજાણું કાંઈ? એ દૃષ્ટિથી જોતાં કર્મના સંબંધના અને કર્મના સંબંધે થતી દશાઓ, તેની દૃષ્ટિના વિષયમાં એ આવતી નથી. એવી દૃષ્ટિ પ્રગટ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. આહાહા..! કેવું સુખ હશે આ પૈસામાં? હૈં? તો શું કરવા ત્યાં તમારા જાય છે? ન્યાં હેરાન થાય છે. કહો, હેરાન થાય છે. દીકરાને 'અમેરિકા'માં દસ હજારનો પગાર મળે છે ને! હેરાન થવા ગયા છે, ન્યાં હેરાન થવા. એ પોતે કહે છે, હોં! એ પોતે. એમાં ધૂળમાં સુખ નથી. એ બિચારા આવે ત્યારે કહે, આમાં કાંઈ નથી. કરવાનું તો આ છે, એમ કહે છે. દસ હજાર પગાર હોય કે વીસ હજાર મહિનાના હોય, (એમાં) આત્માને શું? હેરાન, આકુળતા છે. આકુળતા.. આકુળતા.. આકુળતા.. આ આવ્યું ને આ ગયું, વિકલ્પ, હોં! વિકલ્પ. હોળી વિકલ્પની છે, ઇ ચીજ તો અહીં અડતી પણ નથી. અહીં અડે છે? ગરી જાય છે અહીં? આત્મા તો અરૂપી ભગવાન છે, એને રૂપી અડે છે? એ તો રૂપી પરમાણુ જડ વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળા છે. વિકલ્પ ઊઠાવે, વિકલ્પ. આ મને મળ્યું, મેં ટાળ્યું. એવા વિકલ્પની વાસના ઊઠાવે એ દુઃખદાયક વિકલ્પ છે.

જેને સુખ અને શાંતિ એટલે સ્વતંત્રતા જોઈતી હોય એણે એ કલ્પનાની પાર ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ છે તેની દૃષ્ટિ કરવી જોઈએ. એ દૃષ્ટિમાં સ્વતંત્રતા પ્રગટ થઈ અને શાંતિ પ્રગટ થાય છે. એ સિવાય કોઈ સુખનો રસ્તો છે નહિ. સમજાણું કાંઈ?

'ત્રણે કાળે એક સ્વરૂપે શુદ્ધ સ્ફટિકમણિ સમાન દેખાતો આ આત્મા છે.' જેમ સ્ફટિક મણિ, શુદ્ધ સ્ફટિક મણિ, શુદ્ધ-સફેદ છે એને વર્તમાનમાં કાળા, રાતાં ફૂલના નિમિત્તથી અંદર જે કાળો, રાતો ડંખ દેખાય એ કાંઈ સ્ફટિકનું મૂળ સ્વરૂપ નથી. એમ સ્ફટિકની મૂળ ચીજથી જો જુઓ તો કાળા, રાતાં ફૂલથી અંદર જે કાળો, રાતો ડાઘ દેખાય છે એ એનું સ્વરૂપ નથી. એમ આ ભગવાન તો ચૈતન્ય સ્વરૂપ સ્ફટિક છે. આ પત્થર એ જડ સ્ફટિક છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ચૈતન્ય સ્ફટિક, જ્ઞાનાનંદ સ્ફટિક, મૂર્તિ પ્રભુ નિર્મળાનંદ છે, એ દૃષ્ટિએ જુઓ તો એમાં પુણ્ય-પાપના વિકારના ડાઘ પણ એના સ્વરૂપમાં નથી. એવી દૃષ્ટિ આત્માની કરવી એનું નામ ધર્મદૃષ્ટિ છે અને આ ધર્મદૃષ્ટિ કર્યા વિના ત્રણકાળમાં કોઈને ધર્મ થતો નથી. સમજાણું કાંઈ? ભારે મોંઘું પડે છે, એમ કેટલાક કહે છે. હેં?

ધર્મ વિના ક્યાં સુખી હતો? ધૂળમાં. સુખી ક્યાંથી આવ્યું? ઇ વાત તો પહેલી કરી કે, ધર્મ વિના સુખ નથી. ધર્મ સુખ તે આત્મામાં છે. આનંદકંદ પ્રભુ સચ્ચિદાનંદ સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનો ભંડાર પરિપૂર્ણ છે, પીપરના દાણાની શક્તિના દાખલે. એમાં અંતર દૃષ્ટિ દીધે સુખી થાય એવો છે, બાકી ધૂળમાં ક્યાંય સુખ છે નહિ. શેઠિયા ને રાજા ભિખારા, ભિખારા બધા દુઃખી છે. કરોડોપતિ, અબજોપતિ જડના પતિ (છે), ચૈતન્યના પતિ નહિ. 'મલૂકચંદભાઈ'! જડના પતિ? કલ્પના માને છે ધૂળમાં ક્યાંય (સુખ નથી). એની પાસે અહીં ચીજ કે દિ' આવે છે? આહાહા..!

ભગવાન સત્ સ્વરૂપ કાયમી અસલી ચીજ, જેના મીંજમાં એકલો આનંદ ને જ્ઞાન ને શુદ્ધતાની પરિપૂર્ણતા છે, કહે છે કે એવી દૃષ્ટિએ જોતાં એને આ નારકી ને મનુષ્ય ને દેવ ને રાગ ને દ્વેષ, આ દૃષ્ટિએ જોતા એનામાં છે નહિ અને એ દૃષ્ટિ કરવી એ જ આત્માને હિતકર છે. સમજાણું?

'પર્યાયની દૃષ્ટિથી છે...' અવસ્થાદૃષ્ટિએ જોઈએ તો દેખાય છે. વર્તમાન દશામાં રાગ છે પણ એ દૃષ્ટિ તો જાણવા લાયક છે, એ કંઈ આદરવા લાયક નથી. આદરવા લાયક તો અંદર ત્રિકાળ (સ્વરૂપ છે). વિકલ્પ હોવા છતાં મારા સ્વરૂપમાં નથી એવી પૂર્ણાનંદની દૃષ્ટિનો આશ્રય કરવો એ સુખી થવાનો રસ્તો છે. કહો, સમજાણું?

ખરેખર 'પરના ગ્રહણ અને સ્વગુણના ત્યાગ રહિત છે.' છેલ્લે (લીટી) છે. ભગવાનઆત્મા રાગનું પણ જેને સ્વભાવમાં ગ્રહણ નથી અને પોતાના શુદ્ધ ધ્રુવ ગુણને કોઈ દિ' છોડ્યા નથી. શુદ્ધ ધ્રુવ ગુણ જે શક્તિ, પીપરમાં ચોસઠ પહોરી તીખાશ અને લીલો રંગ કોઈ દિ' છોડ્યો નથી અને એ શક્તિએ કોઈ દિ' કાળો રંગ ગ્રહણ કર્યો નથી અને બહારની જે કરકરાઈ હોય છે ને પીપર ઉપર? એ અંદરના સ્વભાવમાં એણે ગ્રહ્યો નથી. એમ ભગવાનઆત્મા, એના જ્ઞાન, આનંદ સ્વભાવમાં, એકાકારમાં એણે પુણ્ય-પાપના વિકાર અને અલ્પજ્ઞતા અંદરમાં ગ્રહી નથી અને પોતાનો ધ્રુવ શાશ્વત સ્વભાવ છે ઇ કોઈ દિ' એણે છોડ્યો નથી. સમજાણું કાંઈ? આ કઈ જાતનો ધર્મ? ઓલું તો દેરાસર કરવું, પૂજા કરવી, ભક્તિ કરવી, ચાલો 'શેત્રુંજય' જઈ આવીએ, નાહી આવીએ એટલે ધર્મ થઈ ગયો. ધૂળમાંય ધર્મ નથી. તારા 'શેત્રુંજય' જા અને લાખ વાર ઉપર ચડ અને હેઠે ઉતર (તોપણ ધર્મ નથી). સમજાણું કાંઈ? શુભરાગ હોય, પાપથી બચવા શુભરાગ છે. ધર્મ નહિ, ધર્મ નહિ, ધર્મ નહિ. સમજાણું આમાં? એ બધી ઘણી વાત કરી છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



'જ્યાં સર્વને એક સમાન શુદ્ધ જોવામાં આવ્યા ત્યાં ન કોઈ મિત્ર રહ્યા, ન કોઈ શત્રુ. પોતાને અને સર્વને સમાન જોતાં રાગદ્વેષનો પત્તો જ લાગતો નથી.' ભગવાનઆત્મા પોતાના શુદ્ધ ધ્રુવ સ્વભાવને દેખવાથી, જેમાં રાગ-દ્વેષ પણ નથી એવો દેખવાથી જેને સ્વતંત્રતા પ્રગટ થાય છે તો એ રીતે બીજા આત્માઓ પણ શુદ્ધ ધ્રુવ સત્ત્વથી ભરેલા છે એમ જોતાં એના ઉપર રાગ-દ્વેષ કરવાનો અવસર રહેતો નથી. ભાઈ! સમજાણું કાંઈ? એ આત્મા પણ પૂર્ણાનંદ ને સચ્ચિદાનંદ ધ્રુવ શાશ્વત શક્તિમાં પરિપૂર્ણ છે. જેમ પોતાની દૃષ્ટિએ પોતાનું સ્વરૂપ જોતાં પોતાને શાંતિ અને વિકારરહિત ભાસે, એ દૃષ્ટિએ બીજા બધા આત્માને જુએ તો એ આત્મા પણ પૂર્ણાનંદથી ભરેલા છે. એના રાગ-દ્વેષ આદિ ન જુએ તો આ વ્યક્તિ મારી વિરોધી અને આ વ્યક્તિ મારી મિત્ર એ વાત રહેતી નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'બધેય સમભાવ અને શાંતરસ વહે છે.' ભગવાનઆત્મા, એકલા શુભ-અશુભ વિકલ્પો રાગ કષાયભાવ, એનાથી રહિત (છે) એમ શ્રદ્ધા, જ્ઞાન કરતાં પોતાને શાંતિ આવે છે અને બીજા આત્માઓને એ રીતે દેખતા એના પ્રત્યે અનાદર કે કલુષિતતા થતી નથી. એના સ્વભાવ ઉપર સમભાવ સમભાવ (રહે છે), ભગવાન છે, એ પણ ભગવાન છે. જે દિ' પોતાને સંભાળશે તે દિ' ભગવાન થઈ જશે. સમજાણું કાંઈ? કંઈ બીજો ભગવાન થવા આવશે નહિ. પરમાત્મ શક્તિ એનામાં પણ પડી છે.

'નિર્ગ્રંથ મુમુક્ષુએ આ રીતે સમભાવોમાં રમણતા કરીને સામાયિક ચારિત્રનું પાલન કરવું ઉચિત છે.' સામાયિક ચારિત્ર. સામાયિક એટલે અંતર સમતા પ્રગટ કરવી. પૂર્ણ.. પૂર્ણ.. પૂર્ણ.. પૂર્ણ.. પૂર્ણ.. ઓ..હો...! જેનો સ્વભાવ પૂર્ણ સ્વભાવ, એના ઉપર દૃષ્ટિ વળતાં, પૂર્ણનો સ્વીકાર કરતાં અંતર દૃષ્ટિમાં સમતાભાવ પ્રગટ થાય છે. એ સમતાભાવ પ્રગટ થાય તેને સમ્યગ્દર્શન અને ધર્મ કહે છે. ધર્મ કોઈ એવી ચીજ નથી કે આમ કરીએ ને આમ પૂજા કરીએ ને ભક્તિ કર્યા ને વ્રત કર્યા ને આ પાળ્યા ને અપવાસ કર્યા. હોળી કરે, અપવાસનો વિકલ્પ તો શુભરાગ છે. સમજાણું કાંઈ? આ વાત દુનિયાથી જુદી જાત છે. 'સ્વાનુભવમાં લીન થઈને સર્વ નયોના વિચારથી પણ રહિત થઈને આત્માનંદમાં મસ્ત થઈ જાય.' (પછી) 'સમાધિ શતક'નો દાખલો આપ્યો છે. હવે ૭૫, ૭૫ ગાથા છે ને?

www.vitragvani.com



## પોતે જ જિન છે એ અનુભવ મોક્ષનો ઉપાય છે.

**जो जिण सो हउँ सो जि हउँ एहउ भाउ णिभंतु।**
**मोक्खहँ कारण जोइया अण्णु ण तंतु ण मंतु।।७५।।**

**જે જિન તે હું, તે જ હું, કર અનુભવ નિર્ભ્રાન્ત;**
**હે યોગી! શિવહેતુ એ, અન્ય ન મંત્ર ન તંત્ર. ૭૫.**

**અન્વયાર્થ :–** (**जो जिण सो हउँ**) જે જિનેન્દ્ર પરમાત્મા છે તે હું છું (**सो जिहउ**) તે જ હું છું (**एहुउ णिभंतु भाउ**) એવી જ શંકારહિત ભાવના કરો. (**जोइया**) હે યોગી! (**मोक्खहं कारण अण्णु तंतुण मंतुण**) મોક્ષનો ઉપાય એ જ છે અન્ય કોઈ તંત્ર કે અન્ય કોઈ મંત્ર નથી.

---

'પોતે જ જિન છે...' પરમાત્મસ્વરૂપ પોતે છે 'એ અનુભવ મોક્ષનો ઉપાય છે.' જુઓ!

**जो जिण सो हउँ सो जि हउँ एहउ भाउ णिभंतु।**
**मोक्खहँ कारण जोइया अण्णु ण तंतु ण मंतु।।७५।।**

૭૫ ગાથા. 'જે જિનેન્દ્ર પરમાત્મા છે તે હું છું...' જે પૂર્ણાનંદ વીતરાગ દશા પ્રાપ્ત થઈ, જેને આત્માની શક્તિની પૂર્ણ વિકાસ પરમા દશા થઈ તેવા પરમાત્મા તે હું છું. કારણ કે હું પોતે જ પરમાત્મા થવાને લાયક છું. એક પીપરની ચોસઠ પહોરી પ્રગટ થઈ ગઈ અને એક પીપર ચોસઠ પહોરી તાકાત રાખે છે. એ તો જડ છે એટલે એને ખબર નથી. એમ એકને પૂર્ણ દશા પ્રગટ થઈ ગઈ અને આ પૂર્ણ દશા પ્રગટ થવાની તાકાત રાખે છે. હું એના જેવો છું.

જેવા વીતરાગ પરમેશ્વર, જેણે આત્મામાંથી રાગ-દ્વેષ નાશ કર્યા, અલ્પજ્ઞપણું નાશ કર્યું, સર્વજ્ઞ ને વીતરાગ દશા જેની પ્રગટ થઈ એવો જ હું આત્મા છું, એની જાતમાં અને મારી જાતમાં કાંઈ ફેર નથી. સમજાણું કાંઈ? હેઠે ઘઉંનો દાખલો આપશે. 'જેમ હજાર ઘઉંના દાણા સમાન આકાર અને ગુણોવાળા હોય તે બધા સમાન છે તો પણ બધા દાણા જુદા જુદા છે.' ઘઉંના હજાર દાણા છે ને? દરેક દાણાનો આકાર સરખો, લોટ સરખો, ભાવ સરખો છતાં વસ્તુ જુદી છે. એમ દરેક આત્માનો ભાવ-સ્વભાવ સરખો, છતાં વસ્તુ જુદી છે, વસ્તુ એક છે નહિ. સમજાણું કાંઈ?

જે ભગવાન પરમાત્મા દશાએ પ્રાપ્ત થયા એ દશાનો ધરનાર શક્તિવાન તે હું પોતે જ જિનેન્દ્ર છું. આહાહા..! 'તે હું છું...' અને જરીક બીજી ભાષા છે. 'તે જ હું છું...' એમ બે છે. તે જ હું છું, એમ. તે જ હું છું, જોર આપ્યું છે. તે જ હું છું, એમ વધારે જોર આપ્યું છે. પૂર્ણ દશા જેને પ્રગટ થઈ, આત્મા થઈને અંતર શક્તિની વ્યક્તતા પ્રગટ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કરી, તલમાંથી તેલ કાઢીને જેમ ગાડવામાં ચોખ્ખું પડ્યું છે, એવું જ તેલ તલમાં પડ્યું છે. એમ જેણે પરમાત્મશક્તિ અંદર હતી એને અનુભવદૃષ્ટિ એકાકાર થઈને પ્રગટ કરી છે એવો જ હું છું. એમ અંતરમાં દૃષ્ટિએ આત્માનો સ્વીકાર કરવો એ સુખને પામવાનો સરળ, સીધો રસ્તો છે.

'શશીભાઈ'! આ હાથ આવે નહિ, સાંભળવા મળે નહિ. આ ને આ કરો. પચાસ-પચાસ, સાંઈઠ-સાંઈઠ વર્ષ ચાલ્યા ગયા, કેટલાકને સીત્તેર (પૂરા થયા). આ શું છે એને સાંભળવા ન મળે. આ કરો ને આ મૂકો ને આ લો ને આ દ્યો, સેવા કરો ને કરુણા કરો, ધૂળ કરો ને આ કરો. કોણ કરતું હતું? ધૂળ! પરની સેવા કોણ કરે? શરીરમાં રોગ આવે તો મૂકી શકતો નથી. બાયડીને રોગ થાય તો મૂકાવાનો ઘણો ભાવ છે, ડૉક્ટર બહુ હોશિયાર હોય, પોતાને રોગ થાય તો મૂકી શકતો નથી, એ તો જડની અવસ્થા છે. જડને તું કરી શકે છો? વ્હાલી સ્ત્રી મરતી હોય, પોતાની ચાલીસ વર્ષની ઉંમર (હોય) અને પેલીની પાંત્રીસ વર્ષની (હોય), હાય.. હાય.. હવે શું કરવું? બીજી (પત્ની) થાય નહિ. આ છોકરા જુવાનિયા પરણવા દેશે નહિ. જીવાડવાનો ઘણો ભાવ હોય, મરી જાય. તારો ભાવ ન્યાં શું કાર્યગત થાય? એની દશા, એના શરીરની જે પ્રકારે થવાની એને તું શું કરી શકે? સમજાણું કાંઈ? પણ માળાને અભિમાન (એવા કે) બીજાના કરી દઈએ, આમ કરી દઈએ, આમ કરી દઈએ. અત્યારે તો બહુ હોય છે ને? સુધારો કરી દઈએ. ધૂળેય કરતો નથી, સાંભળને!

અહીં તો કહે છે કે, જે વીતરાગ પરમેશ્વર પૂર્ણાનંદના નાથ, જેને પ્રગટ દશા થઈ તે હું છું. તે હું–એવો જ, એવડો જ, એટલો જ હું વસ્તુએ છું. એમ દૃષ્ટિમાં સ્વીકાર આવ્યા વિના પૂર્ણ તત્ત્વનો સ્વીકાર સાચો હોઈ શકે નહિ. 'તે જ હું છું...' જોર (આપ્યું) છે. તે જ હું છું. તે જ, તે જ છું. તે જ છું. એવી શક્તિ જેને પ્રગટ થઈ એવો હું છું. સમજાણું કાંઈ? પીપરનો દરેક દાણો સરખો છે. શક્તિએ, સત્ત્વે, સ્વભાવે, પૂર્ણે અંદરમાં સરખો છે. એમ દરેક આત્મા શક્તિએ, સ્વભાવે સરખા છે. દશામાં ફેર છે. તો દશા ફેર ટાળીને જે પૂર્ણ દશા પ્રગટ કરી, અંતરના અવલંબન દ્વારા, એ જ હું છું. એવો થવાને હું લાયક છું એનો અર્થ જ કે, તે હું છું. 'ટોડરમલ્લે' કીધું ને? શક્તિથી થવાનો લાયક છું. પણ અહીં તો કહે છે, હું ઇ છું. ઇ છું, અહીં અત્યારે છું.

શુદ્ધ, શુદ્ધ પરમાનંદની મૂર્તિ, બરફની જેમ શીતળ શિલા હોય, શીતળ શિલા બરફની હોય એ બરફને કોઈ ખૂણેખાંચરે, મધ્યમાં કોઈ દિ' ગરમી ન હોય. એમ ભગવાનઆત્મા અવિકારી ચૈતન્યનો પિંડ, એમાં ક્યાંય કષાય, રાગ-દ્વેષ નથી એવી વીતરાગી શાંતરસની શિલા આત્મા છે. ભગવાન જાણે પોતે કેવો હશે? સમજાણું કાંઈ? શાંત.. શાંત... શાંત.. પુણ્ય-પાપના શુભ-અશુભના વિકલ્પો એ અશાંતિ, દુઃખ છે. એના મૂળ સ્વરૂપમાં એ નથી. શાંત.. શાંતિની બરફની શિલા જેમ પડી હોય, એમ ભગવાન દેહથી ભિન્ન અરૂપી ચિદ્દ્ઘન

www.vitragvani.com



અનંત શાંતિના રસના કંદથી વ્યાપક તત્ત્વ આખું ભગવાનઆત્મા છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'एहुउ णिभंतु भाउ' 'એવી જ શંકારહિત ભાવના કરો.' એનો અર્થ છે. 'एहुउ णिभंतु भाउ' એની ભાવના નિર્ભ્રાંત કર, ભ્રાંતિ ન કર. અરે...! પૂર્ણ પરમેશ્વર જિનેન્દ્ર થયા એનાથી હું જુદી જાત હોઈશ? જાત જુદી, વસ્તુ તો એની એ છે. તારી દશામાં તેં પ્રગટ કરી નથી, એણે પ્રગટ કરી છે તો શક્તિએ તો બધા તત્ત્વ સરખા જ છે. એમ હું તે આત્મા પરમેશ્વર છું અને પરમેશ્વર તે જ હું છું. આહાહા! આ તે કઈ દૃષ્ટિના જોરે એ સ્વીકાર કરે?

આ જ્ઞાન.. આ જાણવું.. જાણવું.. જાણવું.. જાણવું.. જાણવું.. જાણવું.. એ જાણવું.. જાણવા.. જાણવાની શક્તિની બેહદતા, અચિંત્યતા, અમાપતા તે હું. એ જ્ઞાનની સાથે રહેલો આનંદ પણ સાથે છે. એ અતીન્દ્રિય આનંદ, બેહદ આનંદ, પૂર્ણ આનંદ તે હું. એવી વસ્તુની દૃષ્ટિનો સ્વીકાર થતાં તેની પર્યાયમાં એટલે દશામાં સત્યનો સ્વીકાર થતાં સત્ય દશા પ્રગટ થાય તેને ધર્મ કહેવામાં આવે છે. આહાહા...! ભારે વ્યાખ્યા ભાઈ ધર્મની. એને અહિંસા કહેવામાં આવે છે. એટલે કે જે આત્માનો પૂર્ણ જ્ઞાન, આનંદાદિ સ્વભાવ છે એવો અસ્વીકાર અને રાગ-દ્વેષનો જેટલો સ્વીકાર, એનું નામ પોતાના પૂર્ણ સ્વભાવનો અનાદર એ એની હિંસા છે. સમજાય છે કાંઈ? અરે...! હિંસા, અહિંસાની આ વળી કેવી વ્યાખ્યા?

પોતે ચૈતન્ય પૂર્ણાનંદ પ્રભુ, જેની પીપરમાં ચોસઠ પહોરી તીખાશ અને લીલાશ ભરી છે એની ના પાડે તો એ એનું ખૂન કરે છે. અસ્તિની નાસ્તિ કરે છે. એમ ભગવાનઆત્મામાં પૂર્ણ શાંત, આનંદકંદ, જ્ઞાનાનંદ પૂર્ણ ધ્રુવ છે એનો નકાર કરે, તેની નાસ્તિ કરે, નાસ્તિ કરે એનો અર્થ કે એની હિંસા કરે છે. પરની હિંસા કોણ કરી શકતો હતો? ધૂળ. ઇ તો એની દશા થવાની હોય ત્યારે થાય. પરની દયા પણ કોણ પાળી શકતો હતો? ભાવ કરે. ભાવ કરે એટલે ત્યાં પરની દયા પળાય જાય? તો તો મરે શું કરવા કોઈ? ડૉક્ટર મરવા શું કરવા દ્યે? ડૉક્ટર પોતે શું કરવા મરે?

'શશીભાઈ'! તમારા ઓલા ડૉક્ટર હતા કે નહિ? વૈદ્ય. સર.. સર... શું કહેવાય ઇ? સર્જન. કો'કનું ઑપરેશન કરતા હતા. અહીં આવ્યા હતા, ત્રણ-ચાર વાર આવી ગયા છે. સર્જન, 'ભાવનગર'. કો'કનું (ઑપરેશન) કરતા હતા ત્યાં (કહે), 'મને કાંઈક થાય છે.' ઊડી ગયા! પોતે ગયા. 'ભાવનગર'માં ઇસ્પિતાલમાં પોતે ગુજરી ગયા. સાંભળ્યું ને? ભાઈ! અહીં આવ્યા હતા, બે-ચાર આવ્યા હતા. એક વાર દાઢ માટે આવ્યા હતા. એક વાર 'જિથરી'માં કાંઈક હતું ને આવ્યા હતા. લ્યો, પોતે બીજાનું ઑપરેશન કરવા ગયા હતા. (ત્યાં કહે), 'મને કાંઈક થાય છે.' ખલાસ થઈ ગયા. એ તો દેહની સ્થિતિ રાખે કોણ? જે મુદ્દત એ સંયોગની છે તેટલી ત્યાં રહેવાની. ફેરફાર ઇન્દ્ર, નરેન્દ્ર કોઈ કરવા સમર્થ છે નહિ. ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ, જેનો સંગ જ કોઈને નથી એવા અસંગ તત્ત્વની દૃષ્ટિ કર,

www.vitragvani.com



એમાં સુખી થવાના રાહ છે, કહે છે. સમજાણું કાંઈ? એ તું કરી શકે છો. સમજાણું?

'હે યોગી!' શું કહે છે? 'એવી જ શંકારહિત ભાવના કરો.' 'एहुउ णिभंतु भाउ' આ તો એકલા સિદ્ધાંત પડ્યા છે ને! મોટા સિદ્ધાંતો છે. જેમ ચાર પૈસે શેર તો મણની અઢી. કૂંચીઓ (છે). પછી કૂંચીના ખુલાસા ગમે તેટલા કરો, સાડા સાત આના ને સાડા આઠ આના.. એમ આ તો એકલા સિદ્ધાંતો, તત્ત્વ છે. 'जो जिण सो हउँ सो जि हउँ एहउ भाउ णिभंतु' ભ્રાંતિ છોડીને નિર્ભ્રાંતપણે એમ ભાવના કર. આહાહા..! એ તે ભાવનામાં કેટલું જોર છે! એની પુરુષાર્થની ઉગ્રતા કેટલી છે! કોઈ કહે કે, એમાં શું? પણ એમાં પુરુષાર્થની ઉગ્રતા (છે). અલ્પજ્ઞ અને રાગ-દ્વેષ હોવા છતાં હું પૂર્ણાનંદ છું, અખંડ અભેદ છું એવી દૃષ્ટિમાં પુરુષાર્થમાં આવો સ્વીકાર (આવ્યો) એ પુરુષાર્થની ઉગ્રતા કેટલી! એ શ્રદ્ધામાં જોર કેટલું! અને એના જ્ઞાનમાં જોર કેટલું કે હું આવો પરિપૂર્ણ છું!! એ શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ ત્રણેમાં જોર છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– જોર કરવાનો ઉપાય શું ?

ઉત્તર :– આ શું કહેવાય છે? એમાં–અંદરમાં જોર કરવું એ જોર લાવવાનો ઉપાય. આંગળા નાખવા છે ન્યાં? ઇ જોર, આવો (છું) ઇ જોર કોણ લાવે? હું અલ્પજ્ઞ છું, રાગી છું, આવો છું એવી જે માન્યતા, એ માન્યતામાં આ હું પરિપૂર્ણ છું એ માન્યતાનું જોર લાવે કોણ? કરનાર લાવે. બીજો કોણ લાવે? કહો, સમજાણું કાંઈ? આહાહા..! દુનિયામાં પણ કહે છે, જણનારીમાં જોર ન હોય તો સુવાવડી શું કરે? સુયાણી. એમ એનામાં પરિપૂર્ણને પ્રતીત કરવાનું જોર ન હોય (તો) કરાવી કોણ દ્યે? કહો, સમજાણું આમાં? આહા...! એને અનંતકાળ થયો, ચોરાશીના અવતારમાં એના થોથા ઊડી ગયા. આદિ વિનાનો કાળ. આદિ છે? અનાદિનો આત્મા છે. નવો થાય છે? (તો) રહ્યો ક્યાં? રહ્યો ક્યાં? હોય તે જાય નહિ અને ન હોય તે થાય નહિ. હોય તે જાય? હોય તેનું રૂપાંતર થાય. રૂપાંતર થાય, રહીને રૂપાંતર થાય, પણ જઈને અભાવ થાય એમ કોઈ દિ' હોઈ શકે નહિ. અને ન હોય તે નવી ચીજ થાય (એમ બને નહિ). સસલાના શીંગડા જગતમાં નથી. કોઈ દિ' થયા, એમ બનશે નહિ. ભગવાનઆત્મા અનાદિનો છે. સમજાણું કાંઈ? એનામાં આનંદાદિ ગુણની શક્તિ અનાદિની પડી છે. પ્રતીતમાં નથી, ભરોસો આવતો નથી. અરે! હું આવો? કહે છે કે, નિર્ભ્રાંત થઈને ભાવના કર. ભ્રાંતિ છોડી દે. આહાહા..!

અરે..! હું પરિપૂર્ણ પ્રભુ છું ને! મારા સ્વભાવમાં તો પરિપૂર્ણતા (ભરી છે). વસ્તુ જેને કહીએ અને વસ્તુનો વસેલો અંદર સ્વભાવ જો કહીએ, વસ્તુ છે ને? પદાર્થ છે ને? એમાં વસેલી શક્તિઓ (છે), વસ્તુ એટલે એમાં વસેલી શક્તિઓ, તો ભગવાનઆત્મા વસ્તુમાં વસેલી, રહેલી શક્તિઓ એટલે જ્ઞાન, આનંદ ગુણોના શક્તિના સ્વભાવમાં અપરિમિતતા હોય. એમાં મિતતા–મર્યાદા કેમ હોય? એવો જેનો અપરિમિત જ્ઞાન, આનંદાદિ પૂર્ણ સ્વભાવ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



(છે), તે જ હું છું. ભગવાન હું છું. આહાહા..!

'જિન તે જિનવર અને જિનવર તે જિન.' જિનવર કોઈ સંપ્રદાયનો શબ્દ નથી, ગુણવાચક છે. રાગ અને વિકારનો અભાવ થઈ એના સ્થાનમાં અંતરમાં વીતરાગતા, નિર્દોષતા જે પડી છે એ પ્રગટ કરીને અરાગી દશાની પરિપૂર્ણતા થવી એને આત્માની વીતરાગ દશા કહે છે. એ આત્માના ગુણવાચક નામ છે, સંપ્રદાયવાચક નથી. સમજાણું કાંઈ?

'હે યોગી!' સંબોધન કર્યું છે, હોં! એલા તું કાંઈક ઠરવા તો માગે છે કે નહિ? કહે છે. આમ જોડવું (થાય) છે ને? રાગ ને દ્વેષ ને પુણ્ય ને વિકલ્પ આ.. આ.. આ.. આ.. એમાં તો તારું જોડાણ છે. એ પણ એક અજ્ઞાનનો યોગ છે. પર ઉપર યોગ–સંબંધ કર્યો. આમ કરને હવે, સુખી થવું હોય તો આમ જોડાણ કરને! ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ બિરાજે છે. એમાં જોડાણ (કર). યોગ.. યોગ એટલે યુજ–જોડાવું. જોડાવું. શ્રદ્ધા, જ્ઞાનથી કબુલાત લાવવી એ આત્માના સ્વભાવમાં જોડાણને યોગ કહે છે. એ યોગને યોગી કહે છે. એ યોગીને આ યોગનો સાર–ધર્મ કહેવામાં આવે છે. ઓલા યોગી આમ આમ બેસી જાય, એમ યોગી નહિ. સમજાણું કાંઈ?

ભગવાનઆત્માના પૂર્ણ સ્વભાવમાં જેણે પોતાની દૃષ્ટિ અને જ્ઞાનની વર્તમાન કળા એમાં જોડી, એને યોગી કહીએ. એ યોગીનો એ વેપાર, તેને યોગ કહીએ. એ યોગને ધર્મ કહીએ. આ કઈ જાતની વાત! 'શશીભાઈ'! આ તે ક્યાંની (વાત) હશે? લોજીકથી–ન્યાયથી બેસે એવી વાત છે પણ કોઈ દિ' પાનું ઉખડ્યું નથી ને! પાનું કોઈ દિ' જોયું નથી કે ક્યાં માલ છે મારો? મારો બાપ શેમાં મૂકી ગયો છે? સમજાણું કાંઈ? અનંતકાળ આમ ને આમ આત્માના ભાન વિના રખડ્યો. સાધુ થયો, ત્યાગી થયો, મરી ગયો સૂકાઈને પણ એની જાતની પરિપૂર્ણતાની દૃષ્ટિના સ્વીકાર વિના જન્મ-મરણના અંત કોઈ દિ' આવે નહિ. મરી જાય નહિ, બાવો થઈને, જોગી થઈને. બાયડી, છોકરા ક્યાં અંદરમાં ગરી ગયા હતા? એ તો બિચારા બહાર પડ્યા છે. આ મેં છોડ્યા એનું એને અભિમાન છે.

ભગવાનઆત્મા એક સમયમાં, સેકંડના નાનામાં નાના કાળમાં પરિપૂર્ણ પ્રભુ છે એવો દૃષ્ટિમાં સ્વીકાર ન આવે ત્યાં સુધી પરિપૂર્ણની સત્યતાનો સ્વીકાર નથી ત્યાં સુધી અસત્યનો સ્વીકાર (છે) તે મિથ્યાદૃષ્ટિ છે. અસત્ય કહો કે મિથ્યા કહો, સત્ય કહો કે સમ્યક્ કહો. સમજાણું કાંઈ? આહાહા..!

'મોક્ષનો ઉપાય એ જ છે અન્ય કોઈ તંત્ર કે અન્ય કોઈ મંત્ર નથી.' કોઈ મંત્ર ગણવાથી થાતું હશે? ૐ.. ૐ.. ૐ.. ૐ.. ૐ.. હવે ૐ.. ૐ.. લાખ વાર કર, ક્રોડ વાર કર. એ પણ વિકલ્પ છે. એ.. 'શશીભાઈ'! એ તો રાગ છે, એ ક્યાં આત્માનો ધર્મ હતો? તંત્ર, મંત્ર હશે કે નહિ? માદળિયુ-બાદળિયુ બાંધી દે ને ફલાણું થઈ જાય. દોરો બાંધી દે, જા તારો મોક્ષ થઈ જશે. એવું કાંઈ હશે કે નહિ? ધૂળમાંય ક્યાંય નથી, સાંભળને! 'ફૂલચંદભાઈ'!

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



'जो जिण सो हउँ सो जि हउँ एहउ भाउ णिभंतु मोक्खहँ कारण जोइया' પૂર્ણાનંદની દશારૂપી મોક્ષ. મોક્ષનો અર્થ ઇ. પૂર્ણાનંદની પ્રાપ્તિ તેનું નામ મોક્ષ. એવા મોક્ષના કારણરૂપ હે યોગી! 'अण्णु ण तंतु ण मंतु' ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, એનો અંતર દૃષ્ટિ અને જ્ઞાનમાં સ્વીકાર કરીને એકાકાર થવું એ જ આત્માને પૂર્ણ શુદ્ધતારૂપી આનંદ અને પૂર્ણ આનંદની દશાની પ્રગટતારૂપી મોક્ષ, એનું કારણ આ એક જ છે. બીજા કોઈ વિકલ્પ ને દયા, દાન, ભક્તિ, પૂજા-ફૂજા, જાત્રા-ફાત્રા એ મોક્ષનું કારણ છે નહિ. કહો, સમજાણું આમાં? હેં?

મુમુક્ષુ :– આ ન સૂઝે એનું કારણ શું?

ઉત્તર :– સૂઝે. ન સૂઝે એમ કેમ? ઠરી શકે નહિ તો ત્યાં સુધી એને શુભભાવ હોય. દયા, દાન, ભક્તિ, પૂજાનો ભાવ હોય છે પણ એ ભાવ હોય છે એ અંદરની સ્થિરતાનું કારણ નથી અને અંદરની શાંતિનું કારણ નથી. સમજાણું કાંઈ?

'મોક્ષનો ઉપાય એ જ છે કે પોતાના આત્માને નિશ્ચયનયથી જેવો છે તેવો સમજો.' લ્યો! જેવો ભગવાન ત્રિકાળી છે એવો એના જ્ઞાનમાં લ્યે, શ્રદ્ધામાં લ્યે, અંદર સ્થિરતા કરે એ જ આત્માને પૂર્ણ શુદ્ધિરૂપી મુક્તદશા, એનો આ એક જ ઉપાય છે. 'જેવો છે તેવો...' જેવો પૂર્ણ છે, એમ. વસ્તુ જ્ઞાને, આનંદે, શાંતિએ, સ્વચ્છતાએ, પ્રભુતાએ, પરમેશ્વરતાએ, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન એ બધી શક્તિઓ અંદર આત્મામાં પૂર્ણ પડી છે. શુદ્ધરૂપે પરિપૂર્ણ પ્રભુમાં પડી છે. સમજાણું કાંઈ? એવા સ્વભાવને જેવો છે તેવો સમજે.

'મૂળ સ્વભાવે આ આત્મા સ્વયં જિનેન્દ્ર પરમાત્મા છે. કર્મરહિત આત્માને જિનેન્દ્ર કહે છે. પોતાનો આત્મા નિશ્ચયથી દ્રવ્યકર્મ,...' જડકર્મ, પુણ્ય-પાપના 'ભાવકર્મ અને નોકર્મ..' શરીર, વાણીથી 'રહિત છે. વ્યવહારનયથી અથવા પર્યાયની દૃષ્ટિએ..' અશુદ્ધ દેખાય છે. 'શુદ્ધ થવાની શક્તિ ધરાવે છે.' છતાં અવસ્થા વર્તમાન હાલતથી દેખીએ તો વિકાર દેખાય છે, વસ્તુથી દેખીએ તો પરમાત્મ થવાની શક્તિ કાયમ રાખે છે. કારણ સમયસાર કીધું.

'આત્મા અને પરમાત્મા સમાન છે.' આત્મા અને પરમાત્મા બધી રીતે સમાન છે. ભગવાન પૂર્ણાનંદની પ્રાપ્તિ થઈ અને આ આત્મા સરખા છે. કેવળ સત્તાની અપેક્ષાએ ભિન્નતા છે. એની સત્તા–હોવાપણું ભિન્ન છે, આનું સત્તાપણું ભિન્ન છે. 'દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અને ભાવ જે એક આત્માના છે તે જ બીજા આત્માના છે.' ભગવાનઆત્મા જેવી પોતાની વસ્તુ, પોતાની પહોળાઈ, પોતાની દશા અને પોતાનો ભાવ એ રૂપે પોતે છે, એ રીતે બધા આત્માઓ છે. 'સર્વ આત્માઓના ચતુષ્ટય સમાન છે, સદૃશ છે પણ એક નથી–એક સમાન છે.' બધા એક નહિ, એક સમાન. આહાહા..! (ઘઉંના) દાણાનો દાખલો આપ્યો ને?

(પોતાના આત્માને) 'પરમાત્મા રૂપ દેખવો અને અનુભવવો તે જ વીતરાગભાવની પ્રાપ્તિનો ઉપાય છે.' નિશ્ચયથી પોતાના આત્માને પૂર્ણ સ્વરૂપે દેખવો, શ્રદ્ધવો અને ઠરવું એ જ અનુભવ કરવો, એ જ પૂર્ણાનંદની પ્રાપ્તિનો ઉપાય છે. જેટલા પ્રમાણે અંતરમાં રાગરહિત

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ પ્રગટે એટલા પ્રમાણમાં ધર્મ. એ સિવાય જેટલો રાગાદિ રહે એટલો અધર્મ. પૂર્ણ પૂર્ણ પ્રભુ, એની એકાગ્રતા થઈને જેટલી રાગરહિત દશા પ્રગટ થાય એટલો ધર્મ. વિકલ્પ બાકી રહે એટલો ધર્મથી વિરુદ્ધ ભાવ છે. સમજાણું કાંઈ?

'વાસ્તવમાં જે કોઈ અરિહંત અને સિદ્ધ પરમાત્માને બરાબર ઓળખે છે...' એ 'પ્રવચનસાર'નો દાખલો આપે છે. ખરેખર કોઈ અરિહંત, સિદ્ધ પરમાત્મા જે થયા એને જે એના દ્રવ્ય-ગુણને. દ્રવ્ય એટલે વસ્તુ, ગુણ એટલે એની શક્તિ, અવસ્થા એટલે પ્રગટ દશા. વસ્તુ, વસ્તુ એની શક્તિઓ એટલે ગુણ-સ્વભાવ અને એની વર્તમાન હાલત-પ્રગટ દશા. એ પૂર્ણાનંદ પરમાત્માને આ ત્રણથી જે જાણે, એવો હું આત્મા છું એમ એને જાણવાનો પ્રયત્ન થાય. ત્યારે તેને સમ્યક્-સત્યદર્શન, આત્મા પ્રગટ થાય. સમજાય છે કાંઈ? 'એ કાર્ય ખાસ કરવા યોગ્ય માનવામાં આવ્યું છે.' જોયું? હવે કાર્ય લીધું. 'એ જ સ્વાનુભવની કળા છે.' એ જ સ્વાનુભવની કળા છે. આત્મામાં એકાકાર દૃષ્ટિ કરવી, શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરવો, એ જ કળા, 'એ જ તંત્ર છે, એ જ મંત્ર છે, બીજા કોઈ મંત્ર (તંત્ર) નથી, જેનાથી આત્મા મુક્તિ પ્રાપ્ત કરી શકે.'

અહીં ખાનગીમાં કેટલાક આવે છે, 'મહારાજ! એવો કોઈ મંત્ર આપો કે (જેથી) મોક્ષ થાય.' 'એવો મંત્ર-ફંત્ર નથી, સાંભળ!' મહારાજ કાંઈક જાપ કરતા હશે (એટલે હું પણ કરું). જાપ-બાપ નથી, આ ભગવાનને ઓળખવો એ જાપ છે. એની કિંમત આવતાં એને રાગ-દ્વેષ ને પૈસા ને પરના ઇન્દ્રિયના વિષયના સુખની ભોગની કિંમત ઊડી જાય. અતીન્દ્રિય આનંદના સુખની કિંમત દૃષ્ટિમાં આવતા ઇન્દ્રિયના વિષયના સુખ અને એના કારણ પુણ્ય અને એના ફળ બાહ્ય (સંયોગો), બધાની કિંમત ઊડી જાય, ફટ દઈને...! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદમૂર્તિ સચ્ચિદાનંદ પ્રભુ, એની અંતરમાં કિંમતની કિંમત કરતાં, કિંમતીની કિંમત કરતાં, એવી કિંમતી ચીજની કિંમત દૃષ્ટિમાં કરતાં એને ઇન્દ્રિયવિષયમાં સુખબુદ્ધિ છૂટી જાય. મારામાં આનંદ છે, ઇન્દ્રિયના વિષયમાં ધૂળ છે. (એમ) સુખબુદ્ધિ ઊડી જાય. સમજાય છે કાંઈ? અને ઇન્દ્રિય વિષયના કારણરૂપ પુણ્યભાવ થાય એમાં પણ સુખબુદ્ધિ ઊડી જાય. આ પુણ્યથી બંધન થાય, એ પુણ્યની પણ સુખબુદ્ધિ ઊડી જાય. આહાહા..! એની રીત એને પકડતા આવડતી નથી. પહેલી તો સાંભળવા મળતી નથી તો બિચારો ક્યાં જાય? જે પંથે ચાલ્યો, એમ ને એમ ચાલ્યો જાય. જિંદગી પૂરી થઈને મરીને જાય, જ્યાંથી આવ્યો હોય ત્યાંને ત્યાં (જાય). ચોરાશીની ઘાણીમાં (જાય). ચોરાશીની મોટી ખાણ પડી છે. આહા..!

ઓલો મરી ગયો, નહિ? 'નવનીતભાઈ'નો છોકરો. 'કાશ્મિર'. 'નવનીતભાઈ' ગૃહસ્થ માણસ. સાંઈઠ-સીત્તેર લાખ, કરોડપતિ હશે. અઢી કરોડના તો એને કારખાના છે. એને બે છોકરા. એમાં એક છોકરો ઘોડા ઉપર બેસી આમ ક્યાંક જાતો હતો. એમાં રસ્તો ટૂંકો

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



હશે. એમાં ઘોડો લપટ્યો, છોકરો માથે બેઠો હતો (એ પણ) લપટ્યો. હેઠે ખાણ..! એવી ખાણ.. થઈ રહ્યું મૂકીને ચાલ્યો ગયો. છોકરો અને ઘોડો બેય હેઠે (ગયા). ખાણ તે એવી ખાણ કે ક્યાંય કોઈ માણસ જવાનો રસ્તો કાંઈ ન મળે. જઈ શકાય જ નહિ. થઈ રહ્યું.. આમ પડતાં (પડતાં) ગયા. થઈ રહ્યું, ખલાસ! ચાલો મૂકીને! એ ઘોડો અને છોકરો બેય (ગયા). આ 'નવનીતભાઈ' આપણા પ્રમુખ છે ને! અહીં મકાન કરાવે છે ને? સમજાણું કાંઈ? આ ચોરાશીની ખાણ છે, કહે છે. જો અહીંથી લટક્યો... આહાહા..! એ અવસર કેવો હશે? ગૃહસ્થ માણસ, એનો દીકરો ઘોડે બેસીને (જાય). આમ જરી પગ લટક્યો. ચારે કોર ખીણ.. ખીણ.. ખીણ.. ઊંડી ખીણ. બાવળ ને અંદર કેવા વાઘ ને વરુ ને કેટલું અંદર ઊંડે હશે? ક્યાં જઈને ભરાણો હશે ને ત્યાં જઈને દેહ છૂટી ગયો હશે. થઈ રહ્યું, જાઓ! ઘોડો ને માણસ. આ ખાણ છે, બાપા! એમ આ મનુષ્ય દેહમાં આત્માને ઓળખવાનો કાળ, ટાણું છે. એ બીજે ટાણા નથી. એ ટાણા જો ગયા તો ખીણમાં જાઈશ, ચોરાશીમાં પત્તો ખાય એવું નથી. આ ઉપાય એક છે. સમજાણું?

'અનેકાંતના જ્ઞાનથી વિભૂષિત રહેવું કે પર્યાની અપેક્ષાએ હું કર્મ સહિત છું.' અવસ્થાથી કર્મસહિત છું. અશુદ્ધતા છે, મારા ત્રિકાળમાં છે નહિ એવી દૃષ્ટિ રાખીને પોતાના આત્માની અંદર એકાકાર થાય. કહો, સમજાણું કાંઈ? એ ૭૫ ગાથા (થઈ). અરિહંતનો દાખલો આપ્યો છે. 'જે કોઈ અરિહંત ભગવાનને દ્રવ્ય, ગુણ, પર્યાયો દ્વારા યથાર્થ જાણે છે...' પરમેશ્વર જે અરિ.. અરિ એટલે રાગ, દ્વેષ ને અજ્ઞાન દુશ્મન, એને જેણે હણ્યા એવા પરમાત્મા અરિ-હંત, એવા અરિહંતના દ્રવ્ય એટલે વસ્તુ, ગુણ અને પર્યાય-અવસ્થા આવી નિર્મળ, એના ગુણો પરિપૂર્ણ નિર્મળ, એનો ધરનાર દ્રવ્ય નિર્મળ, એમ જે પરમાત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે એ આત્માને જાણે અને એને સમ્યક્ (પ્રકારે) મોહનો નાશ થયા વિના રહે નહિ. સમ્યક્ પ્રકારે મોહને નાશ થઈ સમ્યક્ અનુભવ થયા વિના રહે નહિ. એ પ્રતીતનું જોર લાવવું ક્યાંથી? કરવું ક્યાંથી? ભસ્મ-બસ્મ ખાધે પ્રગટે કે નહિ? લો, આ ભસ્મ એમ કહે છે ને? ત્રાંબાની ભસ્મ, ધૂળની ભસ્મ. ધૂળેય નથી, સાંભળને! આ તો અંતરના બળની કળાની વાત છે. જે કળા અંદરથી જાગે ત્યારે પોતે માને એવું છે. એટલે અરિહંતનો દાખલો આપ્યો. ૭૬મી ગાથામાં ગુણની સંખ્યાની વાત કરશે. બે, ત્રણ ને ચાર દાખલો આપશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

આત્માના ગુણોની શુદ્ધ ભાવના કરો.

बे ते चउ पंच विणवहँ सत्तहँ छह पंचाहँ।
चउगुण-सहियउ सो मुणह, एयहँ लक्खण जाहँ।।७६।।

બે, ત્રણ, ચાર ને પાંચ, છ, સાત, પાંચ ને ચાર;
તવ ગુણયુત પરમાતમા, કર તું એ નિર્ધાર. ૭૬.

**અન્વયાર્થ** :– (सो) તે આત્માને (बे ते चउ पंचवि णवहँ सत्तहँ छह पंचाहँ चउगुण सहियउ मुणह) બે, ત્રણ, ચાર, પાંચ, નવ, સાત, છ, પાંચ અને ચાર ગુણ સહિત જાણો. (जाहँ एयहँ लक्खण) તે પરમાત્માના અથવા આત્માના આ જ લક્ષણ છે.

વીર સંવત ૨૪૯૨, અષાઢ વદ ૫, ગુરુવાર
તા. ૦૭-૦૭-૧૯૬૬
ગાથા–૭૬, ૭૭ પ્રવચન નં. ૨૮

આગમનો સાર આવી ગયો. આગમનો આ સાર છે, એ યોગસાર. જેને આત્માનું હિત કરવું હોય એણે ક્યાં જોડાણ કરવું ને ક્યાંથી ખસવું? મુદ્દાની વાત છે. જેને આત્માનું હિત એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવો ધર્મ પ્રગટ કરવો હોય તો એણે આત્માનો સ્વભાવ પરિપૂર્ણ છે તેના ઉપર એણે દૃષ્ટિ દેવી અને રાગાદિ, નિમિત્તાદિથી, ભેદઆદિથી દૃષ્ટિ ખસેડવી. એમ અહીંયાં 'યોગસાર'માં કહેવામાં આવે છે.

હવે અહીંયાં કહે છે, 'આત્માના ગુણોની શુદ્ધ ભાવના કરો.' જોકે વસ્તુ એક સમયમાં પૂર્ણ અનંત ગુણનો પિંડ એકરૂપ છે એ જ આશ્રય કરવા લાયક છે, પણ એમાં રહી શકે નહિ ત્યારે આ ગુણોના વિચાર કરવા, એમ કહે છે. સમજાણું કાંઈ?

बे ते चउ पंच विणवहँ सत्तहँ छह पंचाहँ।
चउगुण-सहियउ सो मुणह, एयहँ लक्खण जाहँ।।७६।।

'તે આત્માને...' તે પોતાના આત્માને 'બે, ત્રણ, ચાર, પાંચ, નવ, સાત, છ, પાંચ અને ચાર ગુણ સહિત જાણો.' અહીં તો વિચાર વ્યવહારથી કરે તો આના વિચાર કરે, એમ કહે છે. સમજાણું કાંઈ? વચ્ચે ભક્તિનો, પૂજાનો, દાનનો વ્યવહાર આવે એ જુદી વાત છે પણ એણે વ્યવહાર કરવો તો નજીકનો આ વ્યવહાર છે. નિશ્ચય તો એકસ્વરૂપે ભગવાનઆત્મા અનંત ગુણનું એકરૂપ સ્વરૂપ (છે) એમાં એકાકાર, એનું લક્ષ કરીને એકાકાર થવું એ વસ્તુનું સ્વરૂપ અને નિશ્ચય એ (છે). પણ એમાં રહી શકે નહિ તો એમાં જવા

www.vitragvani.com



પહેલાં, ઠરવા પહેલાં આવા ગુણના ભેદનો વિચાર કરે, એમ કહે છે. નજીકમાં નજીક ગુણના વિચારો કરવા એ એનો વ્યવહાર (છે), એમ અહીં કહે છે, ભાઈ! બીજો જે ભક્તિ, વ્રતાદિનો વ્યવહાર હોય કે બહારનો અમુક હોય. સમજાણું કાંઈ?

'આત્માના ધ્યાન માટે આત્માના સ્વરૂપની ભાવના કરવી યોગ્ય છે.' ભગવાનઆત્મા જેમાં અનંત વીતરાગતા, અનંત આનંદ એવા ગુણોનું એકરૂપ એવો આત્મા, તેને જ્ઞાયકભાવે ભાવવો, એકસ્વરૂપે ભાવવો એ મુખ્ય લક્ષણ છે, મુખ્ય કર્તવ્ય તો આ છે. સમજાણું કાંઈ? એમાં ન રહી શકે ત્યારે 'નિશ્ચયથી આ આત્મા એક સત્ પદાર્થ છે, જ્ઞાયક અખંડ પ્રકાશરૂપ છે. કેવળ અનુભવવા યોગ્ય...' તો એ એક અખંડ વસ્તુ છે. સમજાય છે કાંઈ? ધર્મ કર્તવ્ય કરનારને એક જ્ઞાયકભાવ સ્વભાવ, એનો અનુભવ કરવો એ એનું કર્તવ્ય છે. પણ 'વ્યવહારનયથી એના પ્રકાર વિચારી શકાય છે,...' ઠીક લખ્યું છે. સમજાય છે કાંઈ?

આત્માનું કલ્યાણ કરવું હોય તો આત્મા કેવો છે એવો પહેલા એણે જાણવો જોઈએ અને જાણીને આત્માના રૂપમાં એકાગ્ર થાવું જોઈએ. જેમાંથી શાંતિ, ધર્મ, હિત દશા પ્રગટ થાય એવો આત્મા પહેલો બરાબર અનંત ગુણનું એકરૂપ સ્વરૂપ જાણીને એમાં જ લક્ષ કરવા જેવું છે પણ એમાં લક્ષ કરીને ઠરી શકે નહિ તો વ્યવહારનયથી એને વિચાર આવે, ભેદના વિચાર આવે. શું?

'બે પ્રકારે વિચારીએ તો એ ગુણ પર્યાયવાન છે.' એક પ્રકારે તો જ્ઞાયકભાવ છે એ તો એક વસ્તુ. સમજાણું કાંઈ? બહુ ટૂંકું છે. આ તો 'યોગસાર' છે ને! એક પ્રકારે તો જ્ઞાયક ચિદાનંદ પૂર્ણાનંદ પ્રભુ, એનો જ અનુભવ કરવો એ તો વસ્તુસ્થિતિ છે. એમાં ન રહી શકે તો બે ગુણનો વિચાર કરવો, એ વિકલ્પ ભેદ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ 'યોગસાર'નો વ્યવહાર પણ જુદી જાતનો (છે).

વસ્તુ જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદનો નાથ એકરૂપ વસ્તુ છે, એનું જ ધ્યાન, એનું લક્ષ, એની શ્રદ્ધા, એમાં ઠરવું એ જ મોક્ષાર્થીનું કર્તવ્ય છે, પણ એમાં ન રહી શકે ત્યારે વ્યવહારનયથી આ ગુણ અને પર્યાયવાળો છે એમ વિચાર આવે. એ વસ્તુ જે જ્ઞાયકભાવ, પૂર્ણ એકરૂપ વસ્તુ એમાં લક્ષ લઈને ઠરી શકે નહિ ત્યારે એ આત્મા ગુણ-પર્યાયવાળો છે એવા વિકલ્પ, વિચાર આવે. સમજાય છે કાંઈ? એના વિચાર આવે (કે) આ ગુણ-પર્યાયવાળો છે. બીજા આત્માઓ અને બીજી વાતની અહીં વાત નથી. દેવ-ગુરુ-શાસ્ત્ર આવા હોય એ બધી વ્યવહારશ્રદ્ધા સ્થૂળમાં જાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– એ ભળાતો નથી.

ઉત્તર :– એ આ ભળાય એની જ વાત છે. ભાળનારો પોતાને ભાળીને વિચાર કરે છે. ભાળનારો–દેખનારો કોણ છે? જડ છે? દેખનાર ભગવાનઆત્મા પોતાના મૂળ સ્વરૂપને એકરૂપને દેખતો ઠરે એ તો એનું મૂળ કર્તવ્ય છે, એ તો એનું મૂળ આચરણ છે અને

www.vitragvani.com



એ આચરણ મોક્ષનું કારણ છે. આહાહા..! એમાં ઠરી શકે નહિ, પુરુષાર્થની નબળાઈને લઈને, કમજોરીને લઈને વિકલ્પ ઊઠે. એકાકાર નિશ્ચયમાં ન ઠરી શકે તો ગુણનો વિચાર (કરે). આ આત્મા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય, અનંત સ્વચ્છતા એવા ગુણો (ધરનારો છે), પણ એ આત્માના ગુણો અને એની અવસ્થા, એ ગુણ-પર્યાયવાળો છે એમ વિચાર આવે. એ પણ વ્યવહાર છે, વિકલ્પ છે, ભેદરૂપ વિચાર છે. લ્યો! સમજાણું કાંઈ?

'પોતાની અંદર અનેક ગુણ અને પર્યાયો રાખે છે...' ભગવાનઆત્મા એ વસ્તુ, વસ્તુ (છે). અંતરમાં પોતે ભગવાન અનંત ગુણ અને અનંત અવસ્થા રાખી રહેલ છે. વસ્તુનો એના ને એના ભેદથી વિચાર કરવો, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાનઆત્મા જેને ધર્મ કરવો છે, જેમાં ધર્મ કરવો છે એવો ભગવાન પૂર્ણ સ્વરૂપ, એનું લક્ષ કરીને ઠરવું, એમાં ન રહી શકે તો આ આત્મા અનંત ગુણવાળો છે અને અનંત ગુણ છે તો એની પર્યાય પણ અનંત ગુણવાળી છે, પર્યાય પણ અનંત છે એમ એને એકને બે પ્રકારે વિચારવો. આહાહા..! સમજાણું કાંઈ? એ પણ વ્યવહાર આવ્યો. સમજાણું કાંઈ?

એકડે એક ને બગડે બે. બે વિચાર આવ્યા એ વિકલ્પ આવ્યો (તો) બગાડ ઊભો થયો. એ ન ઠરી શકે તો આવા વિચારમાં રહેવું એટલી વાત ત્યાં લીધી છે. આહાહા..! અહીં તો મૂળ વાત છે ને! એ ભેદ પડ્યો એ ખરેખર યોગસાર નથી. એનો વ્યવહાર (છે). યોગસાર તો અખંડ જ્ઞાયકમૂર્તિ પ્રભુ, એનામાં અંતરમાં વળીને એકાકાર થવું એ જ એની વસ્તુ છે. પછી યોગસારની દશા યોગરૂપે જોડાવામાં કામ ન કરે તો એના ને એના આ ગુણો અને આ પર્યાયનું માહાત્મ્ય કરતો અંતર્મુખ સમાવાનો પ્રયત્ન કરે. સમજાણું કરે? આ તો એકલી માખણની વાત છે. ઓલા કહે, આમાં નિશ્ચયમાં વ્યવહારની વાત જ કરતા નથી. પણ એ વ્યવહારની વાત શી કરે? સાંભળને. બીજો વ્યવહાર વચ્ચે આવે, ભલે એ વખતે આવે પણ આ વ્યવહાર, એનો નજીકનો વ્યવહાર તો આ છે. સમજાણું કાંઈ? આહાહા..!

'અથવા એ જ્ઞાન દર્શન સ્વરૂપ છે.' ભગવાનઆત્મા વસ્તુ, એના અનંત ગુણો, એની પર્યાય એ ભેદ પડ્યો, એ વ્યવહાર થયો અથવા ભગવાનઆત્મા દર્શન, જ્ઞાન સ્વરૂપ છે. એ પરમાત્મા પોતે એકસ્વરૂપમાં દર્શન, જ્ઞાન સ્વરૂપ છે એવા બે ગુણોથી વિચારવો એ પણ એક વ્યવહારનયનો વિકલ્પ છે. સમજાય છે કાંઈ? આવો ભારે ધર્મ ભાઈ વીતરાગનો! લોકોને એવું લાગે આ નિશ્ચયવાળા... મુનિને કહે, આ શું માંડી તમે? વ્યવહાર નાખ્યો તો આવો વ્યવહાર નાખ્યો? ઓલો વ્યવહાર કેમ આમાં રાખ્યો નહિ? એ વાત તો પહેલા થઈ ગઈ. જે કોઈને સ્વરૂપની દૃષ્ટિને સ્થિરતા થઈ અંતર એને પંચ મહાવ્રતના વિકલ્પ નિમિત્ત હોય છે અને પછી સ્વરૂપનું સાધન ઉગ્રપણે અંદર કરે છે. એ વાત પહેલા કહી ગયા છે. સમજાણું કાંઈ? અહીં તો અંતરમાં ભગવાનઆત્માનું જ ઘોલન કરવામાં વ્યવહાર ઊભો થાય એની વાત કરે છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



'એ એક જ સમયમાં પોતાને અને સર્વ પર પદાર્થોને દેખનાર જાણનાર છે.' એક જ કાળમાં ભગવાનઆત્મા બધાને જાણનાર અને દેખનાર એ છે. કોઈને મારું માનનાર કે કોઈને પોતામાં ભેળવનાર એ એના સ્વભાવમાં નથી, એમ કહે છે. એના સ્વભાવમાં જાણવું-દેખવું છે એમ કહે છે. એવો ભેદનો વિચાર કરવો. એનો સ્વભાવ જાણવું-દેખવું છે. અનંત લોકાલોક આદિ પદાર્થ (હોય), એમાં ક્યાંય જાણવા-દેખવા સિવાય એનો સ્વભાવ, આ મારું (અને) હું એનો એવું એના સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ? ઓહો!

આત્મ વસ્તુ જાણનાર ને દેખનાર એવો સ્વભાવ ધરનાર આત્મા છે. એ કોઈ પરને મારું માનનાર એવો સ્વભાવ ધરનાર નથી. તેમ હું પરનો છું એવો કોઈ સ્વભાવ ધરનાર નથી. પણ હું મને અને પરને જાણવાના-દેખવાના સ્વભાવનો ધરનાર છું, રાખનાર છું એવો પણ ભેદ તેને વ્યવહાર કહે છે. આહાહા..! 'માંગીરામજી'! ભારે વાતું. આ તે વીતરાગના વ્યવહાર! ઓલા રાડેરાડ પાડે છે, 'અરે...! વ્યવહાર...' ભગવાન! સાંભળને, ભાઈ! નિશ્ચયની દૃષ્ટિ અને અનુભવ થતાં ઠરી શકે નહિ ત્યારે વચ્ચે વ્યવહાર–બંધના કારણના ભાવ આવે પણ એ તો બંધના કારણના ભાવ (છે), એની હોંશ શી? જેનો ખેદ હોય એની હોંશ શી? શું કીધું? વ્યવહાર વચ્ચે આવે છે, ખેદ છે કે વચ્ચે આવે છે. એમ કહ્યું છે ને? એ હેતુ છે. ઓ..હો...!

ભગવાનઆત્મા મારો ધ્રુવ સ્વભાવ, જેમાં એકરૂપપણું ત્રિકાળ (રહ્યું છે), એની અંતરમાં ધ્રુવમાં એકાકાર (થવું), એમાં જ રુચિ, એનું જ્ઞાન અને એની રમણતા (કરવી) એ જ વસ્તુ છે, એ કર્તવ્ય છે, એ મોક્ષને માટે કારણરૂપ ભાવ છે પણ કહે છે કે, ભાઈ! એમાં ઠરી શકે નહિ. કમજોરી, પુરુષાર્થની બહુ નબળાઈ છે. તેથી એને વ્યવહાર આવે તો આવો વિચાર કરવો. એ તો જાણનાર-દેખનાર, જાણનાર-દેખનાર ભાવ ગુણને ધરનાર આત્મા છે. એવો વિચાર, વિકલ્પ આવે. આહાહા..! સમજાણું કાંઈ? બધો લોકાલોક રાગથી માંડી, દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ-પરિવાર કે છ દ્રવ્ય બધું, હું મારામાં રહીને જાણું-દેખું, હું મારામાં રહીને જાણું-દેખું એવા સ્વભાવનો ધરનાર તે હું આત્મા છું. એને એવા વિચારને પણ વ્યવહાર કહેવામાં આવે છે. આહાહા..! એ.. 'ન્યાલભાઈ'! એને હજી પુણ્યબંધનું કારણ કહે છે. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ?

ભાઈ! પરમેશ્વરના પંથ તો કોઈ અલૌકિક છે. પોતે પરમેશ્વર છે. પરમ-ઈશ્વર, જેમાં ઈશ્વરની એકલી મોટપ, ઈશ્વરનો પુંજ ભગવાન પડ્યો છે. આત્મા એટલે એક ઈશ્વર નહિ. સમજાણું કાંઈ? એ જ્ઞાનગુણે ઈશ્વર, દર્શનગુણે ઈશ્વર, ચારિત્રગુણે ઈશ્વર, અનંતગુણે ઈશ્વર, અનંત ગુણનો ઈશ્વર, એમ એ વિચાર કરે, કહે છે. એ પણ વિકલ્પ અને ભેદ છે, કહે છે. કહો, 'રતિભાઈ'! કેવું આ ભણતર હશે? તમારે તો એનું એ શીખવવું. દરરોજ એના એ ગડિયા અને એના એ પલાખાં. 'હિંમતભાઈ'! એનું એ ને? દરરોજ શું નવું હોય? હેં?

www.vitragvani.com



બુકો નવી છપાય, કહે છે. બે-બે વર્ષે ફરતી હશે, નહિ? ન પણ ફરે. આ તો ફરે નહિ એવી વાત (છે). એક જ જાતનો ધંધો અને એક જ જાતની બુક.

ભગવાનઆત્મા અનંત ગુણરાશિ પ્રભુ, એમાં અંતરમાં એકાકાર દૃષ્ટિ, રુચિ અને સ્થિરતા (થવી), એવી અખંડ વસ્તુની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા.. બસ! એ એનો મોક્ષનો માર્ગ (છે), પણ એમાં રહી શકે નહિ ત્યારે ઓલી દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા હોવા છતાં આવો ભેદ ઊઠે. અમુક તો દૃષ્ટિ, જ્ઞાન અને એકાકાર હોવા છતાં એને આવા વિચારો આવે કે, ઓ..હો...! એનો એક એક ગુણ ઈશ્વર અને એની પર્યાય પણ ઈશ્વરવાન, એવા અનંતગુણની ઈશ્વરવાન પર્યાય અને ગુણ, એનો એ ધરનાર, એનો એ ધરનાર, એવો વ્યવહારનો વિકલ્પ એને આવે. કહો, સમજાણું આમાં? આહાહા..! અરે..! પરમેશ્વરના માર્ગ...! પરમેશ્વર આત્મા પોતે અને પરમેશ્વર ત્રિલોકનાથે બતાવેલો પંથ, એ તો અલૌકિક જ હોય ને, ભાઈ! લૌકિકની સાથે એનો મેળ ક્યાંય ખાય એવો નથી. દુનિયાની સાથે પરમેશ્વરના પંથને ક્યાંય મેળ છે નહિ. એવો દુનિયાથી તો અતડો છે. અતડાને શું કહે છે? ભિન્ન. અતડો એટલે બીજા સાથે મેળ ન ખાય એવું. અતડો અમારી કાઠિયાવાડી ભાષા છે. અતડો એટલે કોઈ સાથે મેળ ન ખાય, કોઈ સાથે ભળે નહિ. આમાં કાંઈ બોલાય એવું નથી. 'પ્રેમચંદભાઈ'ને કહું છું.

ત્રણ પ્રકારે વિચાર કરે. ઉત્પાદ-વ્યય અને ધ્રુવ. આહા..! ભગવાનઆત્મા પહેલા ગુણ-પર્યાયે જાણીને નક્કી અને દૃષ્ટિ કરી હોય અને જેણે દૃષ્ટિ નથી કરી એને પણ આવા વિચાર પહેલા આવે અને દૃષ્ટિ કરીને અનુભવ કર્યો હોય એને પણ ઠરે નહિ ત્યારે આવા વિચાર આવે, એને વ્યવહાર કહે છે. આ આત્મા એ ધ્રુવરૂપે શાશ્વત છે, નવી અવસ્થાથી ઉત્પન્ન થાય છે, જૂની અવસ્થાથી વ્યય–અભાવ થાય છે. એવું એનું ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વરૂપ એ એક સ્વરૂપમાં ત્રણ ભેદે વિચારવો એનું નામ વ્યવહાર છે. સમજાણું કાંઈ? આ વ્યવહાર આવે છે, વચ્ચે આવ્યા વિના રહેતો નથી, પણ છે એની હોંશ કરવા જેવી નહિ, એને અનુસરવા જેવું નહિ. આવે ખરો. આહાહા..! ભારે વાત, ભાઈ! કહ્યું ને ત્યાં? વ્યવહાર દર્શન, જ્ઞાન, ચારિત્રને ધરનારો તે આત્મા. પણ એ વ્યવહાર અનુસરવા યોગ્ય નથી, હોં! કહેનાર અને સાંભળનાર બેયને, કહે છે. આહાહા..!

'સમયસાર' આઠમી ગાથા છે ને! 'जह ण वि सक्कमणज्जो अणज्जभासं विणा दु गाहेदुं।' આહાહા..! એ ભગવાનઆત્મા એને ત્રણપણે કહેવો, ગાવો એનું નામ અનાર્ય ભાષા છે. એને આ રીતે સમજાવ્યા વિના બીજો કોઈ ઉપાય નથી. પ્રભુ એકરૂપનું એને જ્ઞાન નથી તેથી ભગવાનઆત્મા શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રને પહોંચી વળે, પ્રાપ્ત થાય તે આત્મા, એવું કીધા વિના પેલો સમજે નહિ. છતાં એ કહેવું એ કહેનારને એ વખતે ભલે વિકલ્પ હો પણ એ અનુસરવા લાયક નથી. સાંભળનાર ભલે સાંભળે એ રીતે, આ ભગવાનઆત્મા ઉત્પાદ્-વ્યય-ધ્રુવ અથવા દર્શન, જ્ઞાન, ચારિત્રવાળો છે એમ ભલે વિચારે પણ એમાં રહેવા

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

જેવું, અનુસરવા જેવું નથી. ન્યાંથી ખસીને જ્ઞાયકભાવમાં એકાકાર થવા જેવું છે. આહાહા..! સમજાણું કાંઈ?

ઉત્પાદ, વ્યય અને ધ્રુવ. 'સમયે સમયે પર્યાયો બદલતી હોવાથી ઉત્પાદ વ્યય કરવા છતાં પણ પોતાના સ્વભાવથી અવિનાશી છે,...' ભગવાનઆત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં પલટો મારતા છતાં ઉત્પત્તિ અને વ્યય એવો પલટો ખાતાં છતાં વસ્તુનો પલટો નથી એવા અવિનાશીને ધરનારું એ તત્ત્વ છે. પર્યાયે પલટો અને વસ્તુએ અપલટો–સદૃશ રહે એવી એ ચીજ છે. આહાહા..! શું આમાં કરવું? આ આવે છે એ વ્યવહાર છે. આહા..! ભગવાનની ભક્તિ અને પૂજાનો વ્યવહાર તો બહુ સ્થૂળ બહાર રહી ગયો. સમજાય છે કાંઈ?

'બીજી રીતે તે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રરૂપ છે.' એમ વિચારવું, કહે છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ એની હયાતીના ત્રણ પ્રકાર અને કાં એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ગુણવાળો આવો છે એનો વિચાર કરવો. ભગવાનઆત્મા સમ્યગ્દર્શનને ધારનાર એનો ગુણ ત્રિકાળ છે, પર્યાય સમ્યગ્દર્શનરૂપ પરિણમે છે. સમ્યગ્જ્ઞાન ત્રિકાળ છે, પર્યાયે સમ્યક્પણે પરિણમે છે, ચારિત્રરૂપ ત્રિકાળ છે, પર્યાયરૂપે (ચારિત્ર) પરિણમે છે. એવા આ ગુણ અને પર્યાયવાળો આત્મા (છે), એમ ત્રણ ભેદે એકને વિચારવો એનું નામ ભગવાન વ્યવહાર કહે છે કે જે વ્યવહાર હેય છે. આહાહા..! બાપુ! તારા ઘરમાં ગયા વિના તારો છૂટકો નથી. આવા ભેદ વિચારવા એ ઘર બહાર નીકળે છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

'ચાર પ્રકારે વિચારતાં એ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને સમ્યક્ તપ...' ઇચ્છા નિરોધ. ચાર આરાધના સ્વરૂપનો વિચાર કરે. ભગવાનઆત્મા આમ વસ્તુએ જ્ઞાયકરૂપ હોવા છતાં વિચારભેદમાં જ્યારે આવે ત્યારે એમ વિચારવું (કે), આ સમ્યગ્દર્શનમય વસ્તુ, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને પરમાનંદની ઉગ્ર દશારૂપી તપ, પરમાનંદની ઉગ્ર દશારૂપી તપ (એવા) ચાર ગુણવાળો આ ભગવાન છે. પણ હું એ આ છું એમ હું ની અંદરમાં વાત છે. આહા..! સમજાણું કાંઈ?

'અથવા એ અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત સુખ અને અનંત વીર્ય એ ચાર અનંત ચતુષ્ટય સ્વરૂપ છે.' ભગવાનઆત્મા પોતાની ઋદ્ધિમાં, પોતાની સંપદામાં... પોતાની (એ) અમારી કાઠિયાવાડી ભાષા છે. પોતાનીનો અર્થ અપની, એમ બધું હિન્દી સમજી લેવું. કેમ, 'રાજમલજી'? પોતામાં.. પોતામાં એટલે શું હશે? એ કાઠિયાવાડી ભાષા છે (એટલે) જરી ઓલી લાગે. પોતામાં એટલે શું? પોતામાં શું હશે? પોતામાં એટલે અપનેમેં. એમ. પોતામાં એટલે અપનેમેં, અપનામાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત બળ (એવા) અનંત ચતુષ્ટયનો ધરનાર પોતે વસ્તુ જ છે. એકને ચારપણે ધરનાર વિચારવો તે વ્યવહાર અને ભેદ છે. આહાહા..! આ વ્યવહાર આવે ભલે, (પણ એની) હોંશ કરવા જેવી નથી. આવું આવ્યા વિના રહેતું નથી. એકદમ સર્વજ્ઞપદ પૂર્ણ થતું નથી એને વાર લાગે છે. સર્વજ્ઞદશા

www.vitragvani.com



પ્રગટ કરવાને અસંખ્ય સમય લાગે છે તો કહે છે કે, આવા વિચારો હોય, આવો વ્યવહાર હોય. (એમ) ચાર સ્વરૂપ છે.

'અથવા એ સુખ, સત્તા, ચૈતન્ય, બોધ એ ચાર ભાવપ્રાણોનો ધારણ કરનાર છે.' ચાર ભાવપ્રાણ લીધા. સુખ, આનંદ હોવાપણે રહેલો આનંદ અને હોવાપણું ચૈતન્ય અને બોધ–જ્ઞાન, એ ચાર ભાવપ્રાણનો ધરનાર છું. હું નો હું એ. એ આત્મભગવાન રાગ-દ્વેષ ને શરીર ને વાણી ને કર્મને ધરનાર એ તો એનામાં ગંધમાં નથી. એના વ્યવહારમાં તો ધરનાર એનો એ વ્યવહાર પણ નથી. આહાહા..! ભગવાનઆત્મા એ ચૈતન્ય, બોધ, આનંદ અને હોવું એવા પ્રાણનો ધરનાર, એ એક આવા પ્રાણનો ધરનાર (છે) એને પણ વ્યવહાર અને વિકલ્પ કહેવાય છે. સમજાણું કાંઈ? ઓ..હો...!

અથવા 'આ આત્મા પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો સ્વામી છે...' ચાર લેવું છે ને? ભગવાનઆત્મા...! ચાર-ચારની વાત ચાલે છે. પોતે પ્રભુ, પોતાનું દ્રવ્ય એટલે ગુણ-પર્યાયનો પિંડ, ક્ષેત્ર એટલે એની અવગાહન–પહોળાઈ, કાળ એટલે અવસ્થા અને ભાવ એટલે શક્તિ–એ ચારનો એ સ્વામી છે. પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ સિવાય બીજી કોઈ ચીજના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો એ ધણી નથી, માલિક નથી. સમજાણું કાંઈ?

શાંતરસનો ધરનાર પ્રભુ, શાંત.. શાંત.. શાંત એકલો ઉપશમરસ, એનો ધરનાર (છે) એમ વિચારવું એ પણ ભેદ છે. સમજાણું કાંઈ? ભગવાન તો સ્વરૂપે અખંડ એકરૂપ છે, એની રુચિ, જ્ઞાન અને સ્થિરતા એ સાક્ષાત્ મોક્ષનો માર્ગ (છે) પણ એમાં જ્યારે રહી શકે નહિ ત્યારે આવા વિકલ્પો હોય છે. આવા ભેદ હોય કે, હું મારા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો સ્વામી (છું). શરીરનો, રાગનો (સ્વામી નહિ). મારી નિર્મળ પર્યાયનો સ્વામી, હોં! રાગનો સ્વામી નહિ, શરીરનો, વાણીનો, કર્મનો, બાયડી, છોકરા, કુટુંબ, દેશ, રાષ્ટ ધૂળ, આ રાજા, નૃપતિ, નરપતિ એમ કહે છે ને. નર–મનુષ્યના પતિ-બતિ ધર્મી માનતો નથી. હું કોઈ નરનો પતિ નથી. હું તો મારા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો પતિ છું. આહાહા..! મારી માલિકીની ચીજ–વસ્તુ, એની ચોડાઈ, એની અવસ્થા, એની શક્તિઓ એનો હું માલિક છું. એમ ચાર ભેદે વિચાર કરવો એ પણ વ્યવહાર અને વિકલ્પ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'પાંચ પ્રકારે વિચાર કરીએ તો અનંત દર્શન, અનંત જ્ઞાન, ક્ષાયિક સમ્યક્ત્વ, ક્ષાયિક ચારિત્ર અને અનંત વીર્ય...' લ્યો, એ રીતે લીધું. એવા સ્વરૂપ છે. ભગવાનઆત્મા અનંત દર્શનસ્વરૂપ, અનંત જ્ઞાનસ્વરૂપ, ક્ષાયિક સમકિત સ્વરૂપ, ક્ષાયિક ચારિત્રરૂપ બે એમ લીધા અને અનંત વીર્ય સ્વરૂપ. 'અથવા એનામાં ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક, ઔદયિક અને પારિણામિક આ પાંચ ભાવોમાં પરિણમવાની શક્તિ છે...' એ બીજા પાંચ લીધા, બીજા પાંચ લીધા. ઓલા પણ પાંચ લીધા અને આ પણ પાંચ લીધા. અથવા ભગવાનઆત્મા ઉપશમ સ્વરૂપે થવાની શક્તિ છે. ઉપશમ સમકિત અને ઉપશમ ચારિત્ર થવાની શક્તિવાળો છે.

www.vitragvani.com



ક્ષયોપશમ દર્શન, જ્ઞાન અને આનંદને થવાવાળી શક્તિવાળો છે. ક્ષાયિક સમકિત દર્શન ને ચારિત્રને થવાવાળી શક્તિવાળો છે. ઔદયિક–એમાં યોગ્યતા, પર્યાયમાં રાગ થવાની એની પર્યાયમાં યોગ્યતા છે. સમજાણું કાંઈ? કર્મને લઈને નહિ, પરપદાર્થને લઈને નહિ.

કાલે મોટું લખાણ આવ્યું છે. કર્મને લઈને વિકાર ન થાય એમ 'સોનગઢ' કહે છે. 'સોનગઢવાળા' એમ કહે છે. 'સોનગઢવાળા'! કાલે જ આવ્યું હતું. શું છે? 'જૈનદર્શન'માં. એકવીસ બોલનો ઉત્તર આપે છે. પ્રભુ! તું કહે છે એ તો બધા કહેતા હતા. (સંવત) ૨૦૦૬ની સાલમાં 'રામવિજય' પણ કહેતા હતા કે, આઠ કર્મને લઈને ભગવાન કહે છે કે, રખડે છે. તમે કહો છો કે, નહિ, પોતાના અપરાધથી રખડે. લ્યો! તે દિ' ૨૦૦૬ની સાલમાં 'પાલીતાણા'માં વાંધા ઉઠ્યા હતા. સોળ વર્ષ પહેલાં. સમજાણું? 'દામોદરશેઠ' પણ કહેતા હતા, 'કર્મને લઈને વિકાર થાય. બહુ તો તમે ઓગણ પચાસ દોકડા કર્મના રાખો અને એકાવન દોકડા પુરુષાર્થના (રાખો). એમ કહેતા. જોકે બેયના અડધા-અડધા રાખવા જોઈએ. પણ તમારે બહુ જોર દેવું હોય તો આમ એકાવન રાખો.' કીધું, ના. હરામ છે. એકેય દોકડો આનો ઓછો નહિ અને એનો પણ ઓછો નહિ. સોએ સો દોકડા કર્મના કર્મમાં અને વિકારના વિકારમાં.

જુઓ! અહીં શક્તિ ધરાવે છે, એમ કીધું ને? ઔદયિક શક્તિ ધરાવવાની શક્તિ છે. પર્યાયમાં એવું થવાની એનામાં એક યોગ્યતા છે, ત્રિકાળ ગુણ નથી પણ એ પર્યાયની એવી શક્તિ છે એમ વિચાર કરવો. એમ વિચાર ન કરવો કે, કર્મને લઈને મને વિકાર થાય છે અને ફલાણાને લઈને આમ થાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– પ્રમાણજ્ઞાન કરવા માટે કર્મ લેવું (એમ કહેવું છે).

ઉત્તર :– આમાં જ પ્રમાણ છે. ત્રિકાળ સામાન્ય અને વિશેષ પર્યાય, બેનું જ્ઞાન તે પ્રમાણ (છે). એ જ્ઞાનમાં પરવસ્તુનો પ્રકાશનો ગુણ સ્વપરપ્રકાશમાં આવી જાય છે. કહો, સમજાણું આમાં? અહીં તો પોતાના અસ્તિત્વની અંદર હોય એની વાત છે. બીજાના અસ્તિત્વના ભાગ એને ઘરે રહ્યા. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે, અને પારિણામિકભાવ. એ ત્રિકાળ ભાવ. ઓલી ચાર પર્યાયો છે, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એ નિર્મળ પર્યાય છે, ઉદય તે વિકારી (પર્યાય) છે (અને) પારિણામિક તે ત્રિકાળી ભાવસ્વરૂપ છે. એવા પાંચ ભાવસ્વરૂપે વિચારવો, એકને પાંચ (ભેદસ્વરૂપે) વિચારવો એ પણ વ્યવહાર છે. ઓ..હો...! કહો, સમજાણું આમાં?

એક સમયે કેટલા ભાવ હોય? પ્રશ્ન થયો હતો ને? કોક'ની સાથે પ્રશ્ન થયો હતો. પાંચ ભાવ આને કહે કે, તમે નક્કી 'આત્મધર્મ' વાંચ્યું લાગે છે. (તો આ કહે), હા, ભાઈ! 'આત્મધર્મ' વાંચીએ છીએ. 'હરિભાઈ' ઓલા નહોતા મૂક્યા? નહોતા બોલ આવ્યા? એક ફેરી મૂક્યા હતા ને? કો'કે કીધું હશે કે, પાંચ ભાવ. તમારામાં ન હોય. એ 'આત્મધર્મ'માંથી

www.vitragvani.com



લીધું હોય. એ તો હોય છે પણ ઇ એણે એવું તારવીને મૂકેલી વાત એમાં હોય જ નહિ. એણે વાંચ્યું એની વાત છે ને? એણે વાંચ્યું એમાંથી પાંચ બોલ કીધા, એમ. કહેનારે, 'આત્મધર્મ' વાંચ્યુ એમાંથી પાંચ બોલ કીધાને? તમે શું સમજ્યા? પાંચ ભાવ એક સમયમાં કીધા ત્યારે આણે પ્રશ્ન કર્યો કે, તમે ક્યાંથી બોલ્યા? 'આત્મધર્મ' વિના હોય નહિ. ત્યારે કહે, હા, મેં 'આત્મધર્મ'માં વાંચ્યું છે. તમે સમજ્યા નહિ હજી? આમણે પૂછ્યું. ઓલાએ એમ જવાબ આપ્યો, હા, 'આત્મધર્મ' વાંચીએ છીએ.

એક સમયમાં પાંચ ભાવ હોય. ઉપશમ શ્રેણી માંડે એને ક્ષાયિક સમકિત હોય, ઉપશમભાવ હોય, ક્ષયોપશમભાવ હોય, ઉદયભાવ અને પારિણામિક ભાવ પાંચે ભાવ એક સમયમાં હોય. 'માંગીરામજી'! એ થોડી ઝીણી વાત છે. એ તો સંપ્રદાયમાં પહેલેથી વાતું કરતા. (સંવત) ૧૯૭૦, ૧૯૭૧, ૧૯૭૨ એમાં કંઈ નવી વાત નથી. એક સમયે પાંચ ભાવ હોય એ તો પેલા થોકડામાં પણ હતું. સમજાણું કાંઈ? આવે છે, એ લોકોમાં આવે છે. પણ એ કાંઈ જુદું ન પાડે ને? જુદું પાડે નહિ. સમુચ્ચય વાંચી જાય. ઘણાનું વાંચન તો કેટલાકને સભામાં વ્યાખ્યાન દેવાની રીત કેમ શીખવી એ ઘણા અંશે હોય. એ કળા આવડી તો દીક્ષા લીધી સફળ. નહિતર શું દીક્ષા લીધી? કોઈ ગણે નહિ, બેઠા હોય, મોઢા આગળ ઊંચે બેસવું (એ) સફળ. ધૂળેય સફળ નથી, સાંભળને હવે. બીજાને સમજાવવું એ તો બધા વિકલ્પો છે. બહાર નીકળ્યા એનું ફળ શું? બહાર નીકળ્યા હોય તો લોકોમાં એમ થાય કે, આહા..! મહારાજ ત્યાગી થયા પણ પ્રસિદ્ધિ મેળવી, હોં! અમારા ગામને પ્રસિદ્ધિ મેળવી દીધી, જે ગામના હોય એ લોકો એમ કહે. એ માર્ગ હશે? પ્રસિદ્ધિ તો આત્માની અંદર મેળવવી એ પ્રસિદ્ધિ છે. આત્મપ્રસિદ્ધિ!

પાંચ ભાવવાળો આત્મા. છે? એક સમયે પણ પાંચ ભાવ હોય, હોં! કીધું ને? એ પાંચે ભાવ આત્મામાં જ હોય. કર્મમાં ને પુદ્ગલમાં તો એક પારિણામિક ભાવ અને બહુ તો કર્મમાં ઉદય ને પારિણામિક. આત્મામાં જ પાંચ ભાવ હોય એનો વિચાર એણે કરવો. 'આત્મા અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એ પાંચ પરમેષ્ઠી પદનો ધારક છે...' પાંચ પરમેષ્ઠીના પદની પર્યાયનો ધરનાર ભગવાનઆત્મા છે. હું જ પોતે અરિહંતની પર્યાયને ધરવાવાળું મારું તત્ત્વ છે. એ શક્તિ મારામાં પડી છે. સિદ્ધની પર્યાયને ધરનાર મારી શક્તિ પડી છે. આચાર્ય એટલે કે નિર્મળ ગુણની પર્યાયને આચાર્ય કહે છે, કાંઈ વિકલ્પ અને બહારની ક્રિયાકાંડને નહિ. આચાર્યના પંચ જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, તપાચાર–નિર્વિકલ્પ જે આચાર એની પર્યાયનો પિંડ તો હું આત્મા છું. એમ ઉપાધ્યાયની નિર્મળ પર્યાય અને સાધુની નિર્મળ પર્યાય એનો ધરનાર હું આત્મા છું. એમ એણે આત્મામાં પાંચ પદના ધરનાર તરીકે વિચારવો એ વ્યવહાર છે, એ પણ વ્યવહાર છે. કહો, સમજાણું? ઓહો! ઠીક લખાણ કર્યું છે, હોં!

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



'આ આત્મા નરક, પશુ, દેવ, મનુષ્ય, સિદ્ધ ગતિ આ પાંચ ગતિઓમાં જવાની શક્તિ રાખે છે.' એમ વિચારવું. ગતિની યોગ્યતા પણ મારે લઈને છે, મોક્ષ ગતિની યોગ્યતા પણ મારે લઈને છે. એમ અંદરમાં પોતાની સત્તાનો આ પાંચ પ્રકારે વિચાર કરવો, એ એક સ્વરૂપમાં પાંચ પ્રકારનો વિચાર તે વ્યવહાર છે.

છ પ્રકારે વિચાર. 'અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, અનંત સુખ, ક્ષાયિક સમ્યક્ત્વ, ક્ષાયિક ચારિત્ર સ્વરૂપ છે...' અથવા ગુણ સ્વરૂપ છે, એવા ગુણ સ્વરૂપ છે. 'અથવા પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ, ઉત્તર, ઉપર, નીચે...' છ દિશાની વાત કરે છે. છ આ લેવા, છ આ લેવા અને કાં છ દિશાઓ લેવી, એમ કહે છે. એ છ દિશામાં જવાની શક્તિ ધારે છે. ઊર્ધ્વ, અધો, પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ એ છમાં (જવાની) પોતાની શક્તિ રાખે છે, કર્મને લઈને નહિ. કહો, સમજાણું? નરકમાં જવાની યોગ્યતા પણ પોતાની પર્યાયમાં પોતાને કારણે છે. પશુમાં જવાની, નિગોદમાં જવાની પર્યાયની યોગ્યતા પોતાને કારણે છે. પોતાના અસ્તિત્વમાં સત્તાની યોગ્યતાથી છે, પર તો નિમિત્તમાત્ર ચીજ છે. સમજાણું? છ ગુણ સ્વરૂપ અથવા છ દિશામાં જવાની યોગ્યતાવાળો છે.

અથવા આત્મા છ ગુણવાળો છે. ઓલા અસ્તિત્વ આદિ લીધા ને! સામાન્ય ગુણ આવે છે ને? 'જૈન સિદ્ધાંત પ્રવેશિકા'માં છ (ગુણ આવે છે). અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, અગુરુલઘુત્વ, પ્રદેશત્વ એ છ સમ્યક્ ગુણનો ધારી છે, એ છ સાચા ગુણનો ધારી છે. સમજાણું?

સાત પ્રકારનો વિચાર કરે તો 'અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ, અનંત જ્ઞાનચેતના, અનંત વીર્ય...' લ્યો, પહેલા જ્ઞાન તો નાખ્યું (છે). 'ક્ષાયિક સમ્યક્ત્વ અને ક્ષાયિક ચારિત્ર આ સાત ગુણ સ્વરૂપ છે...' અથવા સાત ભંગ સ્વરૂપ છે, એમ વિચારવું. સપ્તભંગી લીધી. સ્યાત્ સ્વથી અસ્તિ, સ્યાત્ પરથી નાસ્તિ, સ્યાત્ અસ્તિ-નાસ્તિ, સ્યાત્ અવક્તવ્ય, સ્યાત્ અસ્તિ અવક્તવ્ય, સ્યાત્ નાસ્તિ અવક્તવ્ય, સ્યાત્ અસ્તિ-નાસ્તિ અવક્તવ્ય. સાત ભંગથી આત્માને વિચારવો ભેદથી એ પણ એક જ્ઞાનની વિકલ્પની દશા છે, જ્ઞાનમાં એ જાતની (દશા છે). આ રીતે વિચારવું પણ ધરે છે, એમાં છે, એ સાતે સપ્તભંગી આત્મામાં છે એમ વિચારવું. પરને લઈને એ નથી. સમજાણું કાંઈ? પોતાનું હોવાપણું પોતાથી છે અને પોતાનું પરથી નહિ હોવાપણું પણ પોતાથી છે. એમ ભગવાનઆત્માને વિચારવો.

'અથવા આ જીવને કારણે જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ આ સાત તત્ત્વોની વ્યવસ્થા થાય છે...' લ્યો, સાત તત્ત્વ એની દશામાં થાય ને? એમ વિચારવું. આત્મા સાત નયે વિચારવો. સાત નયથી (વિચારવો). ઠીક છે. 'નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુ સૂત્ર, શબ્દ, સમભિરૂઢ,...' એમ થોડી ઝીણી વાત છે.

'નવ પ્રકારે વિચાર કરીએ તો આત્મા નવ કેવળલબ્ધિરૂપ છે.' એમાં ફક્ત આઠ નથી આવ્યા. આઠ છે નહિ. બે, ત્રણ, ચાર, પાંચ, છ, નવ, સાત. એમ બોલ લીધા છે. સમજાણું?

www.vitragvani.com



નવ પ્રકારે વિચારે તો કેવળી ભગવાનને નવ લબ્ધિ થાય છે. એ રૂપે હું છું. અત્યારે એવો હું છું, એમ હોં! અનંત જ્ઞાન, અનંત દર્શન.. એ લબ્ધિની પર્યાયની પ્રાપ્તિને લાયક હું જ પોતે આત્મા છું. સમજાણું કાંઈ? પોતે પ્રાપ્તિને લાયક છે ને? બીજો કોણ દઈ દે એવું છે? સમજાણું? નવ પ્રકાર – 'અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત દાન, અનંત લાભ, અનંત ભોગ, અનંત ઉપભોગ,...' એક વાર ભોગવવું, વારંવાર ભોગવવું. 'અનંત વીર્ય, ક્ષાયિક સમ્યક્ત્વ, ક્ષાયિક ચારિત્રરૂપ...' લ્યો, એ નવ થયા. નવ લબ્ધિનો ધરનાર હું છું. આ બધા આંકડા યાદ રહે એવા નથી, પણ એમાંથી ભાવ તો યાદ રહે ને?

મુમુક્ષુ :– આંકડાનું શું કામ છે?

ઉત્તર :– આંકડાનું શું કરવા કરે? વાત ઠીક કહે છે. આંકડાનું કામ છે કે ભાવનું કામ છે?

'અથવા આ આત્મા પુણ્ય-પાપ સહિત સાત તત્ત્વ એવા નવ પદાર્થોમાં સ્થિત થાય છે.' છે ને? પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષની પર્યાયમાં ટકનારો આત્મા છે કે નહિ? આહાહા..! ઠીક ઠીક વિચાર કર્યો છે. એ ઘણું આવે છે. 'પંચાસ્તિકાય'માં આવે છે ને? એક રૂપે, બે રૂપે, ત્રણ રૂપે, ચાર રૂપે આવે છે. આમાં પણ આવે છે, આ લોકોમાં પણ આવે છે. 'દેવાધિગમ'માં બધા ભંગ શ્વેતાંબરમાં આવે છે.

'જીવની અપેક્ષાએ નવ પદાર્થોનો વિચાર છે. આ રીતે આત્માને અનેક ગુણ તથા સ્વભાવવાળો વિચારવો જેથી વસ્તુનો વિચાર સમભાવથી થાય. રાગદ્વેષ અને સાંસારિક વિકલ્પો જીતી શકાય.' એમાં બીજાનો વિચાર નહિ એટલે એમાં રાગની તીવ્રતા આવે નહિ. 'ગુણોની ભાવના કરતાં કરતાં જ સ્વાનુભવની શક્તિ આવે છે,...' એ ગુણોનું બહુમાન કરતાં કરતાં.. ભલે વિકલ્પ છે, એમાંથી ખસીને અંદરમાં એકાકાર થાય એને અંતરનો અનુભવ કહેવામાં આવે છે. 'વિકલ્પ રહિત ભાવમાં આવવું તે જ સ્વાનુભવ છે.' ભેદરહિત, વિચારરહિત થઈને અંદરમાં અવલંબન કરવું. વિકલ્પ રહિત અનુભવ છે, ઓલો ભેદ છે એ તો વિકલ્પ છે.

'સમયસાર'નો દાખલો આપ્યો છે. જુઓ! શક્તિનું વર્ણન છે ખરું ને? ઠીક મેળવ્યું છે. ૪૭ શક્તિઓ. 'આ આત્મા જુદા જુદા પ્રકારની શક્તિઓનો સમુદાય છે. એક એક નયથી એક એક ગુણની પર્યાય અથવા શક્તિનો વિચાર કરવાથી આત્માનો ખંડરૂપ વિચાર થાય છે...' જુઓ! એક એક ગુણનો વિચાર કરવાથી એક એક ગુણ રૂપમાં વિકલ્પમાં ઊઠે છે. 'તેથી ખંડરૂપ વિચાર છોડીને હું એવો અનુભવું છું કે એ અખંડ છે તો પણ અનેક ભેદવાળો છે, એક છે,...' અંદર ભલે ભેદ છે, ભેદ છે છતાં દૃષ્ટિમાં ભેદ નથી. 'એક છે, પરમ શાંત છે, નિશ્ચય છે, ચૈતન્યમયી જ્યોતિ સ્વરૂપ છે.' લ્યો! એક ગાથામાં પચાસ મિનિટ થઈ. આંકડા ઝાઝા હતા ને! એકદમ મૂકી દેવાય એવા નહોતા.

મુમુક્ષુ :– પાંચ નો લીધા?

www.vitragvani.com



ઉત્તર :– પાંચ કીધા ને! બે-ત્રણ વાર કીધાં. ગમે ત્યાંથી લ્યો, પાંચ બે વાર આવે છે. પાંચ ભાવવાળો લ્યો, પાંચ ગુણવાળો લ્યો. બે વાતમાંથી ગમે તે લ્યો. અહીંયાં પણ બે વાર આવ્યું. એકવાર 'पंच' ને પછી 'पंच'. એમાં ગમે તે પાંચ બોલ લ્યો. જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય... હવે ૭૭.

---

## બેને છોડીને બે ગુણનો વિચાર કરો.

**वे छंडिवि बे गुण सहिउ, जो अप्पाणि वसेइ।**
**जिणु सामिउ एमइं भणइ लहु णिव्वाणु लहेइ।।७७।।**

**બે ત્યાગી બે ગુણ સહિત, જે આતમ રસલીન;**
**શીઘ્ર લહે નિર્વાણપદ, એમ કહે પ્રભુ જિન. ૭૭.**

અન્વયાર્થ :– (जो बे छंडिवि) જે બે ને અર્થાત્ રાગ-દ્વેષને છોડીને (बे गुण सहिउ अप्पाणि वसेई) જ્ઞાન, દર્શન બે ગુણધારી આત્મામાં સ્થિત થાય છે (लहु णिव्वाणु लहेई) તે શીઘ્ર જ નિર્વાણ પામે છે (एमई जिणु सामिउ भणइ) એમ જિનેન્દ્ર ભગવાન કહે છે.

---

'બેને છોડીને બે ગુણનો વિચાર કરો.' લ્યો, ગ્રહણ-ત્યાગનો વિકલ્પ, ભેદ. એ પણ વ્યવહારે એક વિકલ્પ છે.

**वे छंडिवि बे गुण सहिउ, जो अप्पाणि वसेइ।**
**जिणु सामिउ एमइं भणइ लहु णिव्वाणु लहेइ।।७७।।**

જિનવર સ્વામી એમ કહે છે. જિનેન્દ્ર ભગવાન ત્રિલોકના નાથ જિનેન્દ્ર પ્રભુ એમ કહે છે કે, 'જે બેને અર્થાત્ રાગ-દ્વેષને છોડીને...' લ્યો, ઠીક! આત્મા વીતરાગસ્વરૂપમાંથી ભેદ પડતો રાગ-દ્વેષને છોડીને 'જ્ઞાન-દર્શન બે ગુણધારી આત્મામાં સ્થિત થાય છે...' સ્થિત થવું આત્મામાં, પણ જ્ઞાન અને દર્શનનો ધરનાર, એવા આત્મામાં ઠરવું. મૂળ તો આત્મામાં ઠરવું. જ્ઞાન, દર્શનનો ધરનાર એમ કીધો. જ્ઞાન, દર્શનનો વિચાર કરીને, ત્યાં એમ અહીં પ્રશ્ન નથી. આ તો જ્ઞાન, દર્શનનો ધરનાર ભગવાનઆત્મા એકરૂપ (છે), એમાં 'अप्पाणि वसेइं' એ આત્મામાં વસે. ભેદમાં વસવું એ હજી આત્મામાં વસવું નથી. સમજાણું કાંઈ? ઓલામાં સમુચ્ચય નામ લીધા હતા. 'जाहँ एयहँ लक्खण' એના લક્ષણ જાણવા. હવે આ કહે છે કે, એ બધા વિચારોને ટૂંકાવી દઈને આ આત્મા જ્ઞાન-દર્શનરૂપનો ધરનાર એ છે, એવા આત્મામાં વસવું. કહો, સમજાણું કાંઈ?

બેના લક્ષણવાળો, એમ નહિ. બેનું રૂપ તે એક આત્મા, એવા આત્મામાં વસવું. લ્યો,

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

આત્મામાં વસવું. ઓ..હો...! ભગવાન પોતાના શુદ્ધ સ્વરૂપમાં રુચિ, જ્ઞાન અને ઠરવું કરે એનું નામ વસવું કહેવાય છે. એમ કરે તો **'जिणु सामिउ एमई भणइ लहु णिव्वाणु लहेइ'** તો **'તે શીઘ્ર જ નિર્વાણને પામે છે...'** અલ્પકાળમાં એ જીવની મુક્તિ થશે એમ જિનેન્દ્ર સ્વામી (કહે છે). **'जिणु सामिउ'** કીધું ને એટલે જિનેન્દ્ર લીધું. સ્વામી–જિનસ્વામી એમ કહે છે. જિનસ્વામી એટલે જિનેન્દ્ર. જિનના સ્વામી એટલે જિનેન્દ્ર. આહાહા..! **'जिणु सामिउ एमई भणइ'** જિનના ઇન્દ્ર એવા જિનેન્દ્ર પ્રભુ એમ કહે છે, જિનેન્દ્ર પ્રભુ એમ કહે છે. ભગવાનઆત્મામાં એ જાણનાર-દેખનાર બે ધરનારું એક તત્ત્વ છે, એવા આત્મામાં વસે તો અલ્પકાળમાં મુક્તિ થાય એમ જિનેન્દ્રદેવ કહે છે. આ ક્રિયા કેવી? સમજાણું કાંઈ?

'બંધનું મૂળ કારણ રાગદ્વેષ છે તેમનો ત્યાગ કરવો.' રાગ-દ્વેષનો ખંડ. ભગવાન વીતરાગસ્વરૂપે છે એમાં ખંડ થવો, આ ઠીક-અઠીક, એ રાગ-દ્વેષ છે. ઠીક-અઠીકપણું એના સ્વભાવમાં નથી. કોઈ અનુકૂળ ચીજ ઠીક અને પ્રતિકૂળ અઠીક, એ વસ્તુમાં જ નથી. આમાં (–આત્મામાં) નથી અને એમાં પણ નથી. જણાવા યોગ્ય ચીજમાં પણ કોઈ ઠીક અને અઠીક (એવા) બે ભાગલા જ નથી અને આત્મામાં એવો ભંગ નથી, એ તો વીતરાગસ્વરૂપ છે. આ ઠીક અને અઠીક એવા વિકલ્પ ઊઠે એ વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? આહાહા..! નિરોગ શરીર હોય તો ધર્મ થાય. લ્યો! એ કહે છે એવું સ્વરૂપમાં છે જ નહિ. સાંભળને હવે. એ તો પરજ્ઞેય છે, એ તો જાણવા લાયક જ્ઞેય છે. એમાં આમ હોય તો આમ થાય, ન્યાં હોય તો અહીં થાય, એવું અહીં ક્યાં હતું? આહાહા..! ખાવા-પીવાના સાધન હોય, સગવડતા હોય, બાયડી-છોકરા સારા (હોય) સેવા-બેવા કરે તો કંઈક વૈયાવચ્ચમાં, માવજતમાં ફેર પડે. પડતી હશે કે નહિ? બાયડી સારી હોય, છોકરા હોય બધું એને જોઈતું હોય, ટાઢા ટાણે આવું જોઈએ, ઉના ટાણે આવું જોઈએ, સવારમાં આવું જોઈએ, સાંજે (આવું જોઈએ) ઇ (બધું) ઘરના માણસ જાણે. એવી બધી સગવડતા, માવજત સરખી હોય તો એને સ્ફૂર્તિ રહે કે નહિ?

મુમુક્ષુ :– શરીરની સાથે આત્માને શું સંબંધ છે?

ઉત્તર :– એ જ કહે છે કે, બહારમાં ઠીક-અઠીક એવું કોઈ ચીજમાં નથી માટે રાગ-દ્વેષ છોડી દે. તારા સ્વભાવમાં નથી. ઠીક-અઠીક માનવું એવું તારું સ્વરૂપ નથી. તું તો જાણનાર-દેખનાર (છો અને) એ એકરૂપે જણાય. બધી ચીજો જણાય તે એકરૂપે. આ ઠીક-અઠીક એવા બે ભાગ છે જ નહિ. આહાહા..! અને તારામાં પણ બે ભાગ નથી. તું એકરૂપે જ બધાને જાણ, બસ! એ તારું સ્વરૂપ છે. એવા જાણવા-દેખવાના ભાવમાં રાગ-દ્વેષને છોડીને (રહે). સમજાણું? ત્યાગ કરવાનો આ ક્રમ છે.

'પહેલાં મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાય સંબંધી રાગ-દ્વેષનો ત્યાગ કરવો. મિથ્યાદૃષ્ટિ જીવ પરપદાર્થને આત્મા માનવાની ભૂલ કરે છે.' મિથ્યાદૃષ્ટિ જીવ અંદરમાં પરપદાર્થમાં આત્મા

www.vitragvani.com



માનવાની ભૂલ કરે છે. આત્મા એટલે મને લાભ થશે, એનાથી નુકસાન થશે એમ માનનાર પરને પોતાનું માને છે. આહાહા..! આત્મા, ભગવાનઆત્મા સિવાય કોઈપણ પદાર્થ મને આ ઠીક છે, એવો વીર્યનો ઉત્સાહ, ઉત્સાહિત વીર્ય (થાય) એ અનંતાનુબંધીનો ક્રોધ, માન, માયા, લોભ છે. સમજાણું કાંઈ? માયા અને લોભ એ રાગના ઘરના છે અને ક્રોધ ને માન બે દ્વેષના ઘરના છે. કંઈ પણ વીર્ય ઉલ્લસિત (થાય કે) આ ઠીક, એને અનંતાનુબંધી માયા, લોભ કહે છે. આ ઠીક નહિ. એને અનંતાનુબંધીનો ક્રોધ, માન (કહે છે). એમાં પરની એકત્વબુદ્ધિ થાય છે. સમજાણું?

મિથ્યાદૃષ્ટિ પરમાં અહંકાર અને મમકાર ભાવ કરે છે. એ હું અને એ મારા. 'ઇન્દ્રિય જનિત પરાધીન સુખને સાચું સુખ માને છે.' અજ્ઞાની ઇન્દ્રિયમાં ઉત્પન્ન થયેલું સુખ (તેને સાચું માને છે). મોસંબી ખાવી, પીવી, આમ ગાદલા ઊંચા રેશમના, રસ-પુરી ખાધા હોય પછી રેશમના ગાદલામાં સૂતો હોય, માથે પંખો ચાલતો હોય તો ઓઢવાની જરૂર નહિ, માખી અડે નહિ. આ..હા...! કેટલી સગવડતા! કહે છે કે, એમાં સુખબુદ્ધિ મિથ્યાદૃષ્ટિ માને છે. આહા..! એવી સગવડતા.. કેળા અને પુરી આમ એવા પાધરા ઊતરીને જતા હોય, ચાવવુ પણ ન પડે. અને ઊંચા દહીંથરા હોય. ખાયને પછી મલમલ ઓઢીને (સૂવે). નાગરવેલના પાન ચાવતો હોય. આળોટે આમ. શેઠ સુખે પોઢ્યા છે. મૂઢ છે, કહે છે. એમાં સુખબુદ્ધિ માને એ મિથ્યાદૃષ્ટિ પરપદાર્થમાં અનુકૂળ માન્યા વિના રહેતો નથી. પરાધીન સુખને સુખ માને છે.

'આ મિથ્યાભાવને કારણે જે વિષયોના સેવનથી ઇન્દ્રિયસુખની કલ્પના કરે છે તે પદાર્થમાં રાગભાવ કરે છે અને જેનાથી વિષયભોગમાં હાનિ થાય છે તથા જે વિષયો રુચતા નથી તેમના પ્રત્યે દ્વેષ કરે છે.' એ લીધું છે, 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં લીધું છે ને ઇ. જે એને રુચે એને મદદ કરનાર હોય એના ઉપર રાગ કરે, ન રુચે એને મદદ કરનાર હોય એના ઉપર દ્વેષ કરે. 'આ રીતે રાગદ્વેષના ચાર પ્રકાર છે.' પછી અનંતાનુબંધી આદિના ભેદ પાડે છે. પહેલા અનંતાનુબંધીના તીવ્ર રાગ-દ્વેષ છોડવા અને સ્વરૂપની એકાગ્રતા કરવી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

### એકવાર....આ વાત તો સાંભળ!

અહો! આત્માનો જ્ઞાનસ્વભાવ કે જેમાં ભવ નથી તેનો જેણે નિર્ણય કર્યો તે ક્રમબદ્ધપર્યાયનો જ્ઞાતા થયો, તેને ભેદજ્ઞાન થયું, તેણે કેવળીને ખરેખર માન્યા. પ્રભુ! આવું જ વસ્તુસ્વરૂપ છે ને આવો જ તારો જ્ઞાનસ્વભાવ છે. એકવાર આગ્રહ છોડીને, તારી પાત્રતા ને સજ્જનતા લાવીને આ વાત તો સાંભળ!

(આત્મધર્મ — ઑગસ્ટ - ૨૦૦૮)

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## વીર સંવત ૨૪૯૨, અષાઢ વદ ૬, શુક્રવાર
## તા. ૦૮-૦૭-૧૯૬૬
## ગાથા-૭૭ થી ૮૦ પ્રવચન નં. ૨૯

'યોગસાર'ની ૭૭ ગાથા. શું કહે છે? જુઓ!

**बे छंडिवि बे गुण सहिउ, जो अप्पाणि वसेइ।**
**जिणु सामिउ एमइं भणइ लहु णिव्वाणु लहेइ।।७७।।**

જે કોઈ આત્મા પોતામાંથી રાગ-દ્વેષ (છોડે છે), પહેલા તો અનંતાનુબંધીનો રાગ-દ્વેષનો ત્યાગ કરીને પોતાના આત્માનું સમ્યગ્દર્શન, જ્ઞાન ગુણ ગ્રહણ કરીને પોતામાં એકાગ્ર થાય છે, 'अप्पाणि वसेइ', તે અલ્પકાળમાં મુક્તિને પામે છે.

'મિથ્યાત્વ અને અનંતાનુબંધી રાગ-દ્વેષ મટાડવા માટે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ જરૂરી છે.' ત્રીજો પેરેગ્રાફ. કહો, સમજાય છે કાંઈ? આચાર્ય મહારાજ, દિગંબર આચાર્ય 'યોગીન્દ્રદેવ' એમ કહે છે, બે દોષને છોડીને બે ગુણ ગ્રહણ કરવા. બે દોષ-રાગ અને દ્વેષ છોડીને, બે ગુણ-પોતાના આત્માના દર્શન અને જ્ઞાન, તેને ગ્રહણ કરવા.

મુમુક્ષુ :- રાગ-દ્વેષ તો દસમે છૂટે છે.

ઉત્તર :- રાગ-દ્વેષ ક્યાં દસમે છૂટે છે. અહીં તો ચોથે ગુણસ્થાનેથી રાગ-દ્વેષને ઉપયોગની ભૂમિકામાં લાવતા જ નથી. સમજાય છે કાંઈ? સમ્યગ્દષ્ટિ પોતાના આત્માના જ્ઞાનઉપયોગમાં રાગ-દ્વેષના પરિણામ એકત્વપણે લાવતા નથી ત્યારે તેને સમ્યગ્દર્શન, જ્ઞાન કહેવામાં આવે છે. રાગ થાય છે, પણ રાગ અને દ્વેષને રોગ જાણે છે. ધર્મી જીવ સમ્યગ્દષ્ટિ રાગ અને દ્વેષને રોગ જાણે છે અને પોતાનો આત્મસ્વભાવ, શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ અને જ્ઞાન કરવા, તેને લાભદાયક માને છે. કહો, સમજાય છે કાંઈ?

'આ સમ્યક્ત્વ પામવાનો ઉપાય પોતાના આત્માના યથાર્થ સ્વભાવનું જ્ઞાન છે...' સમ્યગ્દર્શન પહેલી ચીજ છે. અનંતકાળમાં પોતાનો શુદ્ધ પરમાત્મા એકલો આનંદકંદ, અતીન્દ્રિય આનંદસ્વરૂપની અંતર દૃષ્ટિ અનંતકાળમાં કરી નથી. તો કહે છે કે, પહેલા એ કરવું. અતીન્દ્રિય આનંદ, સુખ મારામાં છે અને મારામાં પુણ્ય-પાપના કષાયભાવ મારી ચીજમાં નથી, એવું સમ્યક્ પામવાનો ઉપાય પોતાના આત્માના યથાર્થ સ્વભાવનું જ્ઞાન છે.

'આ આત્મા જ્ઞાન-દર્શન સ્વભાવનો ધારક છે,...' ભગવાનઆત્મા જાણન-દેખન અથવા શ્રદ્ધાસ્વરૂપ ત્રિકાળ છે. સમજાય છે કાંઈ? જાણન સ્વભાવ જ્ઞાન ત્રિકાળ છે, શ્રદ્ધા સ્વભાવ પણ ત્રિકાળ છે. એવા આત્મામાં દૃષ્ટિ લગાવીને (સમ્યક્ત્વ પ્રાપ્ત કરવું). 'સૂર્ય સમાન

સ્વપરપ્રકાશક છે,...' એમ જાણવું. હું મને જાણનારો છું અને રાગ, શરીરને મારી મોજૂદગીમાં રહીને જાણનારો છું. સમજાય છે કાંઈ? એવો અંતર નિર્ણય કરે અને અનુભવ કરે કે, હું આત્મા જ્ઞાન, દર્શનનો ધરનારો, જ્ઞાન-દર્શનનો ધરનારો (છું). અહીં બેની વાત છે એટલે બે લે છે.

જ્ઞાન જાણન અને શ્રદ્ધા અથવા દર્શન ઉપયોગ, એનો ધરનારો આત્મા પોતામાં રહીને બીજાને અને સ્વને જાણનારો છે. સમજાય છે કાંઈ? એવો સૂર્ય સમાન ભગવાનઆત્મા સ્વપરપ્રકાશક 'સર્વજ્ઞ છે, સર્વદર્શી છે,...' આત્મા સર્વજ્ઞ છે, અત્યારે. અને સર્વદર્શી છે. જ્ઞાનસ્વભાવ છે તો જ્ઞાન સંપૂર્ણ આત્મામાં છે. દર્શન સ્વભાવ છે એ દર્શન સંપૂર્ણ આત્મામાં છે. અને 'પૂર્ણ વીતરાગ છે,...' આત્મા રાગરહિત છે તો પૂર્ણ વીતરાગ છે. એવા આત્માની અંતર દૃષ્ટિ અને જ્ઞાન કરવા તેનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન છે. શરૂઆતમાં, પહેલી ભૂમિકામાં એ પ્રગટ કરવું.

'પૂર્ણ આનંદમય છે,...' ભગવાનઆત્માનું આનંદ સ્વરૂપ છે, અતીન્દ્રિય આનંદ સ્વરૂપ (છે). સિદ્ધમાં જેવો અતીન્દ્રિય આનંદ છે એવો મારા સ્વભાવમાં અતીન્દ્રિય આનંદ છે. એ અતીન્દ્રિય આનંદનો ખોરાક લેનારો હું છું. કહો, સમજાય છે કાંઈ? હેં?

મુમુક્ષુ :- ખાય ને પછી દાન આપે.

ઉત્તર :- કોણ કરે? ધૂળ કરે બધી. ખાય કોને? કરે કોને? આ..હા..! પોતાની ભૂમિકામાં- પોતાની સત્તામાં રાગ-દ્વેષ કરે કાં હર્ષ-શોક ભોગવે. પોતાની સ્વભાવદૃષ્ટિ કરવાથી અતીન્દ્રિય આનંદ ભોગવે. બીજું શું કરે? પોતાનો આત્મા અતીન્દ્રિય આનંદમય છે તેનો કરવાવાળો અને ભોગવનારો આત્મા છે. ઓહો..હો...! અરે...! સોની દાગીના કરે? દાગીનાને શું કહે છે? ઝેવર. ઝેવર કરે? સોનીને કંઈ આપે તો એ ભોગવે. શું ભોગવે? પૈસાને-ધૂળને ભોગવે? ધૂળમાંય ભોગવતા નથી. મૂઢ માને છે. પોતાની મોજૂદગીમાં, પોતાની સત્તાની ભૂમિમાં કરવું અને ભોગવવું છે. પરની સત્તાની ભૂમિમાં કરવું-ભોગવવું આત્માને નથી.

મુમુક્ષુ :- 'કુંદકુંદાચાર્ય' કહે છે, ભોગવે છે અને તન્મય ન થાય.

ઉત્તર :- એનો અર્થ શું થયો? ભોગવે અને તન્મય ન થાય એનો અર્થ એ થયો કે, પરમાં એકમેક થતો નથી અને પરને ભોગવે છે એમ જ્ઞાન કરાવવા નિમિત્ત કહેવાય છે. ઓ..હો..હો...! ભારે પણ પંડિતોએ પણ ભણી ભણીને ભારે લાકડું કાઢ્યું. કાલે એવું આવ્યું છે, સોની હોય છે ને? સોની - સુવર્ણકાર. એ દાગીના બનાવે છે પણ એકમેક થતો નથી. દાગીનારૂપ થતો નથી. પણ કોઈ પરરૂપે કેવી રીતે થાય? અને પરરૂપ થયા વિના પરનો કર્તા કેવી રીતે થાય? અને પરરૂપ થયા વિના પરનો ભોક્તા પણ કેવી રીતે થાય? અને પરરૂપ તો કદી થતો નથી. આહાહા..! લખ્યું છે પણ તેનો અર્થ સમજવો જોઈએ ને. લખ્યું છે શું? ઘીની શીશી, લખ્યું (હોય). ઘીની બરણી નથી કહેતા? ઘીની બરણી. ઘીની

www.vitragvani.com



બરણી છે? ઘીનું વાસણ હોય? વાસણ તો પીત્તળ, માટીનું હોય, ઘી તો તેમાં રહે છે. એ રહે છે એમ કહેવું તે પણ વ્યવહાર છે. ઘી ઘીમાં રહે છે, વાસણ વાસણમાં રહે છે. ઘીનું વાસણ થાય છે? બોલવામાં આવ્યું. બોલવામાં આવ્યું તો શું થયું? 'કુંદકુંદાચાર્યદેવ' કહે છે, કુંભાર ઘડો કરે છે એમ અમે તો દેખતા નથી. અમે તો જોઈએ કે માટી ઘડાને કરે છે. એમ 'કુંદકુંદાચાર્યદેવ' કહે છે.

મુમુક્ષુ :- ઇ તો ઉપાદાનથી કહે છે.

ઉત્તર :- પણ ઉપાદાનનો અર્થ શું? પોતાથી પોતાના પરિણામ પદાર્થ કરે છે, પરના પરિણામ કદી કરતા નથી. આહાહા..!

અહીંયાં કહે છે, ભગવાનઆત્મા 'પૂર્ણ આનંદમય છે,...' સમ્યગ્દર્શન, જ્ઞાનમાં પોતાના આનંદનો ભોગવનારો આત્મા છે. અજ્ઞાનમાં રાગ-દ્વેષને ભોગવનારો છે. પરને તો ભોગવનારો છે નહિ. આ શરીર માટી જડ છે. આ રંગ, ગંધ, રસ, સ્પર્શ માટી-ધૂળ છે. દાળ, ભાત, શાક, ચરપરા, મરચાં, મરી આત્મા ભોગવી શકે છે? આત્મા ચરપરો થઈ જાય છે?

મુમુક્ષુ :- બજારમાંથી લાવીને ખાઈને બટકા ભરે છે.

ઉત્તર :- કોણ બટકા કરે? આહાહા..! ભાઈ! એ તો જગતના પદાર્થ પોતાની વર્તમાન અવસ્થાથી પરિણમી રહ્યા છે, પૂર્વની અવસ્થાથી બદલી રહ્યા છે. એમાં તારે કરવા-ભોગવવાનું ક્યાં આવ્યું?

'સ્વયં પરમાત્મારૂપ...' ભગવાનઆત્મા (છે). પોતે નિજ સ્વરૂપે તો પરમ સ્વરૂપ જ પરમાત્મા જ છે. 'આઠ કર્મ, રાગાદિ ભાવકર્મ, શરીરાદિ નોકર્મથી ભિન્ન છે. અતીન્દ્રિય સુખ જ સાચું સુખ છે એવી પ્રતીતિ લાવીને વારંવાર પોતાના જ્ઞાન-દર્શન સ્વભાવમય આત્માની ભાવના કરતા રહેવાથી મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયનો ઉપશમ, ક્ષયોપશમ, ક્ષય થઈ જશે.' એમ કહે છે. સમજાણું? ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદ સંપન્ન સ્વરૂપ પરિપૂર્ણ છે એવી વારંવાર એકાગ્રતા કરવાથી દર્શનમોહ આદિનો ક્ષયોપશમ, ક્ષય થઈ જાય છે.

'ત્યારે આ જીવને સમ્યગ્દર્શન ગુણ પ્રગટશે, મૂઢતા નાશ પામશે અને સમ્યગ્જ્ઞાન પ્રગટી જશે.' બસ! દર્શન અને જ્ઞાન બે લઈ લીધા. 'પછી તેને નિર્વાણ પદ પામવાની યોગ્યતા મળી જશે.' ઓલા બે લીધા છે ખરા ને? દર્શન અને જ્ઞાન. ચારિત્ર બાકી રહ્યું. સમજાય છે? એટલે એ શબ્દ વાપર્યો છે. ઠીક કર્યું છે. નિર્વાણ, સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન. પોતાના શુદ્ધ સ્વરૂપ પરમાનંદનું જ્ઞાન અને પરમાનંદની દૃષ્ટિ થઈ તો સમ્યગ્દર્શન, જ્ઞાની થયો તો મોક્ષ પામવાને લાયક થઈ ગયો. અલ્પકાળમાં તેનો મોક્ષ થશે. એ સમ્યગ્દર્શન, જ્ઞાન વિના લાખ, કરોડ ક્રિયાકાંડ કરે, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ (કરે પણ) તેનાથી કદી સમ્યગ્દર્શન, જ્ઞાન અથવા મોક્ષનો અધિકારી થશે નહિ. કહો, સમજાય છે? ત્યારે બાર કષાય બાકી રહેશે. ચાર અનંતાનુબંધી ગયા. સોળમાંથી બાર બાકી રહ્યા. નોકષાય પણ છે. ચારિત્રની

www.vitragvani.com



કમી છે. ચોથા ગુણસ્થાને 'એકવીસ પ્રકારે ચારિત્ર મોહનીયના ઉદયથી રાગ-દ્વેષ થઈ જાય છે (જ્ઞાનીને) તેને તે રોગ જાણે છે.' કહો, સમજાય છે?

'મન, વચન, કાયાની ક્રિયાને આત્માનું કર્તવ્ય જાણતા નથી,...' આહા..! જડની ક્રિયા, શરીર, વાણી, માટીની જે પર્યાય ક્રિયા થાય છે તેને ધર્મી પોતાનું કર્તવ્ય જાણતા નથી, માનતા નથી. એ તો તેના જાણનાર રહે છે. તેનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. સમજાય છે કાંઈ? 'આ રીતે રાગ-દ્વેષનો ત્યાગ કરીને જ્ઞાન-દર્શન ગુણવાળા આત્માને પ્રાપ્ત કરો.' છેલ્લો સરવાળો (કર્યો). છેલ્લી લીટી (છે). એ રીતે રાગ-દ્વેષનો ત્યાગ કરી જ્ઞાન-દર્શન ગુણવાળા આત્માને પ્રાપ્ત કર. પાઠમાં એમ છે ને કે, બે દોષને છોડે અને બે (ગુણને) ગ્રહણ કરે.

'સમયસાર'નો દાખલો આપ્યો છે. 'મહાન જ્ઞાન લક્ષણધારી શુદ્ધ નિશ્ચયનય દ્વારા...' નિશ્ચય નામ સત્ય દૃષ્ટિ દ્વારા 'જે સદાય પોતાના આત્માના એક સ્વભાવનો અનુભવ કરે છે...' ધર્મી જીવને રાગ હો, વિકલ્પ હો તેનાથી રહિત મારી ચીજ એક સ્વભાવી, એક સ્વભાવી પૂર્ણ આનંદ એક સ્વભાવી (છે) એવી દૃષ્ટિ કરીને આત્માનો અનુભવ કરે છે. 'તે રાગાદિ ભાવોથી છૂટીને બંધરહિત શુદ્ધ આત્માને દેખી લે છે.' રાગભાવોથી છૂટીને. 'विधुरं.. विधुरं' છે ને? 'विधुरं', 'बन्धविधुरं'. બંધથી તે વિધુર થઈ જાય છે. એ ૭૭ (ગાથા પૂરી) થઈ.

---

ત્રણને છોડી ત્રણ ગુણરૂપ વિચારો.

तिहिं रहियउ तिहिं गुण-सहिउ जो अप्पाणि वसेइ।
सो सासय-सुह माय बि जिणवरु एम भणेइ।।७८।।

ત્રણ રહિત ત્રણ ગુણ સહિત, નિજમાં કરે નિવાસ;
શાશ્વત સુખના પાત્ર તે, જિનવર કરે પ્રકાશ. ૭૮.

અન્વયાર્થ :– (तिहिं रहियउ) ત્રણ–મોહ, રાગ, દ્વેષથી રહિત થઈને (तिहिं गुण-सहिउ अप्पाणि जो वसेइ) ત્રણ ગુણ–સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર સહિત આત્મામાં જે નિવાસ કરે છે (सो समय-सुह-भायणु वि) તે અવિનાશી સુખનું ભાજન થાય છે. (जिण वरु एम भणेई) જિનેન્દ્ર એમ કહે છે.

---

૭૮. 'ત્રણને છોડી ત્રણ ગુણરૂપ વિચારો.'

तिहिं रहियउ तिहिं गुण-सहिउ जो अप्पाणि वसेइ।
सो सासय-सुह माय बि जिणवरु एम भणेइ।।७८।।

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



'રાગ, દ્વેષ, મોહથી રહિત થઈને...' પહેલા બે લીધા હતા-રાગ, દ્વેષ. આ મોહ (કહીને ત્રણ કહ્યા). મોહ (એટલે) મિથ્યાત્વ. રાગ-દ્વેષ અને મિથ્યાત્વ ત્રણને છોડીને. 'ત્રણ ગુણ-સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર સહિત આત્મામાં જે નિવાસ કરે છે...' જે કોઈ મિથ્યાત્વભાવ છોડીને પોતાના આત્મામાં સમ્યગ્દર્શન (સહિત) નિવાસ કરે છે, રાગ-દ્વેષ છોડીને સ્વરૂપની સ્થિરતામાં નિવાસ કરે છે. આત્મામાં સ્થિરરૂપ નિવાસ કરે છે 'તે અવિનાશી સુખનું ભાજન થાય છે.' એ પાત્ર થઈ ગયો. હવે કેવળજ્ઞાન પામવાનો પાત્ર થઈ ગયો. સમજાય છે કાંઈ? અહીં તો સત્ય નિશ્ચયની વાત છે ને! અહીંયાં વ્યવહારને તો યાદ કરવાનો છે નહિ. એ તો વચમાં વિકલ્પ આવે છે, એ તો બંધનું કારણ છે.

જેને આત્માની પરમાનંદ દશારૂપી મુક્તિની ચાહના છે, જેને આત્માની અનંત આનંદરૂપી મુક્તિની ચાહના છે તેણે રાગ-દ્વેષ, મોહનું લક્ષ છોડી પોતાના ભગવાનઆત્માના દર્શન, જ્ઞાન અને ચારિત્ર પ્રગટ કરવા. આહાહા..! અનાદિથી પોતાથી આંખ વીંચી છે અને અનાદિથી પરને જોવે છે. તો પરને જોવાની આંખ બંધ કરીને પોતાને જોવો, એમ કહે છે. સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય આનંદકંદ પ્રભુ, તેને અનાદિથી પોતાના જ્ઞાનચક્ષુને બંધ કરીને ક્યારેય જોયો નથી. રાગ, દ્વેષ, પુણ્ય, પાપ, શરીર, વાણી, મન, ભોગ એમ જોયું. એ તો અજ્ઞાન છે. એકવાર પોતાના જ્ઞાનનેત્રને ખોલી, જ્ઞાનનેત્રને ખોલી પોતાના ચૈતન્ય આનંદકંદ સ્વરૂપને જોઈને પ્રતીત કરવી, તેનું જ્ઞાન કરવું અને તેમાં લીન થવું તેનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર (છે). તે મુક્તિનો પાત્ર છે. ભાજન કહ્યું ને? ભાજન. શાશ્વત સુખનું ભાજન છે. અલ્પકાળમાં તેને શાશ્વત સુખની પ્રાપ્તિ થશે.

મુમુક્ષુ :- લગાવે ત્યારે આંખ ખુલેને.

ઉત્તર :- લગાવે કોણ? આત્મા પોતે લગાવે. પોતાના જ્ઞાનનેત્રના ચક્ષુ આત્મા પોતે ખોલે. બીજો કોણ ખોલે? ગુરુ શું કરે? ગુરુ પોતાની પર્યાય કરે, બીજાની શું કરે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કોણ ધારે છે? એ તો નિમિત્તરૂપે ઉપદેશ હોય ત્યારે હોય છે. આહાહા..! 'કર વિચાર તો પામ.' આવે છે કે નહિ? 'શ્રીમદ્'માં. આવે છે ને? ભાઈ! કર વિચાર, એક જ શબ્દ એમણે મૂક્યો છે. 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ, બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ.' કર તું તો પામ. અમે કહીએ તો પામ, એમ છે એમાં?

મુમુક્ષુ :- એટલું તો કહ્યું ને કે કર વિચાર તો પામ.

ઉત્તર :- કોણે કીધું પણ? સાંભળ્યું કોણે? સમજ્યો કોણ? થઈ રહ્યું. સમજ્યો ઇ અને સમજાવ્યું એણે. ઇ 'ઇષ્ટોપદેશ'માં આવ્યું નથી? ઇ આવી ગયું છે. ગુરુ કોને કહીએ? કે, જે પોતે ચક્ષુ ઉઘાડે અને જે પોતાને સમજાવે તે પોતે. પોતે પોતાનો ગુરુ છે. આહાહા..!

કહો, સમજાય છે કાંઈ? 'ઇષ્ટોપદેશ'માં આવ્યું છે કે નહિ? કે, ગુરુ કોને કહેવા? જે આત્મા પોતાના હિતને ચાહે, હિતને બતાવે અને હિતના ફળ માટે પોતામાં પ્રાર્થના કરે તેને ગુરુ કહે છે. સાંભળ્યું છે કે નહિ? ઇ આવી ગયું છે. હિતને ચાહે, હિતને સમજાવે-સમજે અને હિતમાં વર્તન કરે. લ્યો! બરાબર છે? એ ગુરુના લક્ષણ આપ્યા છે. 'ઇષ્ટોપદેશ', 'પૂજ્યપાદસ્વામી'. 'કુંદકુંદાચાર્ય'ના શિષ્યોમાં 'ઉમાસ્વામી'એ બનાવેલું 'તત્ત્વાર્થ સૂત્ર', તેની જેમણે ટીકા બનાવી 'સર્વાર્થસિદ્ધિ ટીકા', 'મોક્ષશાસ્ત્ર'ની. એ 'પૂજ્યપાદસ્વામી' કહે છે. વ્યવહાર શાસ્ત્રની ટીકા બનાવી એ 'ઇષ્ટોપદેશ'માં કહે છે, પોતાને ઉપદેશ આપે, મોક્ષની ચાહના કરે અને મોક્ષનો ભાવ તેને સમજાવે અને તેમાં વર્તન કરે એ ગુરુ.

મુમુક્ષુ :- આ તો નિશ્ચયગુરુ કીધા.

ઉત્તર :- ત્યારે ઓલા વ્યવહારને વ્યવહાર કહેવાય. આ વસ્તુ હોય તો બીજાને વ્યવહાર કહેવાય. કહ્યું છે ને! બીજું કહ્યું પણ ક્યારે? આ થાય ત્યારે ને? નિશ્ચય હોય ત્યારે એમ કહેવાય કે આ ગુરુથી અમને મળ્યું. એમ બોલાય. 'ગોમ્મટસાર'માં મુનિઓ પણ એમ કહે, અમારા ગુરુથી અમે ભવસાગર તરી ગયા છીએ. એ પોતે તર્યા એની હોંશ બતાવે છે. સમજાણું કાંઈ? હોંશને શું કહે છે? ઉત્સાહ, ઉત્સાહ. 'ગોમ્મટસાર'માં 'નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી'માં આવે છે. ઉલ્લાસ.. પોતાનો ઉલ્લાસ.. ઓ..હો...! પ્રભુ! તમારા પ્રતાપે અમે ભવસાગર તરી ગયા, હવે અમારે ભવ નથી. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ તો નિમિત્તથી એવા જ કથનો આવે. ભાષા, એવી વ્યભિચારી ભાષા છે. એ 'ગોમ્મટસાર'માં એમ આવે છે, છેલ્લે એ શબ્દ છે. છે કે નહિ? લાવો ને, ભાઈ! પાઠ તો લાવો, ટાણે આવે તો શોભે, નહિતર શોભે શું? કેમ? એ..ઇ...! 'ન્યાલભાઈ'! માણસ એમ કહે કે, ટાણે આવે તો માંડવે આવે તો માંડવો શોભશે, એમ કહે છે ને? લગ્નમાં માંડવો કરે છે ને? બેન-દીકરીને લખે કે, ટાણે આવજો, ભાણેજને બધાને લઈને (આવજો), માંડવાની શોભા વધશે. એ બધી સંસારની વાતું એવી છે. માંડવો, માંડવો નાખે છે ને? મંડપ. કંકોત્રીમાં એમ લખે. મંડપ કહે છે? અહીં કાઠિયાવાડમાં માંડવો કહે છે. ૪૩૬ ગાથા છે. લ્યો, જે જોઈએ ઇ પાનું આવ્યું. લીટા કર્યા છે, જુઓ! '....' 'વીરેન્દ્રનંદી' નામના આચાર્યનો શિષ્ય એવો હું, 'નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી', 'ગોમ્મટસાર'ના કર્તા. 'વીરનંદી' નામના આચાર્યનો હું શિષ્ય, ગ્રંથકર્તા 'નેમિચંદ્ર' છું. શાસ્ત્રશિક્ષા દાયક ગુરુચરણોના પ્રસાદથી, શાસ્ત્ર શિક્ષાદાયક ગુરુચરણોના પ્રસાદથી અનંત સંસાર સમુદ્રના પારને પ્રાપ્ત થયો. તે શ્રુતગુરુ 'અભયનંદીઆચાર્ય'ને નમસ્કાર કરું છું. જુઓ! એમને નિશ્ચય પણ થઈ ગયો કે, અલ્પકાળમાં મારો સંસાર નાશ પામશે. સંસાર છે નહિ. આ પંચમઆરાના મુનિ કહે છે. ૪૩૬ ગાથા છે. સમજ્યા? 'अनंत संसार जलही उतीनो' અનંત સંસારના દરિયાનો પાર પામી ગયો. પોતાની સાક્ષી છે ને!

www.vitragvani.com



ત્યારપછી કહે છે, હે પ્રભુ! તમારા ચરણકમળની સેવાથી હું આ પામ્યો. એમ વિનયથી ભાષા છે. એમાં ભગવાનના પગ સેવવા હતા? પગ દાબવા હતા? એમણે કહ્યો એવો ભાવ પોતામાં પ્રગટ કર. સંસારથી હું પાર થયો છું, પ્રભુ! આપની મારી ઉપર કૃપા છે. ભાષા તો એમ બોલે ને! વિનયવંત પ્રાણી કેમ બોલે? સમજાણું કાંઈ? ઓહો..હો..! '...' પછી દસ કરણની વ્યાખ્યા લ્યે છે. દસ કરણ આવે છે ને? પોતાનો આહ્લાદ પ્રસિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

'કુંદકુંદાચાર્યદેવે' પણ કહ્યું, અહો...! સર્વજ્ઞ ભગવાનથી માંડી અમારા ગુરુ પર્યંત મહા આત્મામાં લીન, વિજ્ઞાનઘનમાં લીન (હતા), વિજ્ઞાનઘનમાં લીન એવા અમારા ભગવાન અને પછી અમારા ગુરુએ અમને કૃપા કરીને ઉપદેશ આપ્યો, શુદ્ધ આત્માનો ઉપદેશ આપ્યો. લ્યો! ટૂંકો શબ્દ-શુદ્ધાત્માનો ઉપદેશ. ભગવાન તું શુદ્ધાત્મા છો, પરમાનંદ છો. બસ! એમાં વિચાર કરીને ઠરો. સમજાણું કાંઈ? જેણે પોતાના પુરુષાર્થથી પ્રગટ કર્યું તેને ગુરુની કૃપા થઈ એમ કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ?

(અહીંયાં) કહે છે કે, 'ત્રણ ગુણ-સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર સહિત આત્મામાં જે નિવાસ કરે છે...' જુઓ! જે આત્મામાં નિવાસ કરે છે (એમ કહ્યું). પુણ્ય-પાપના જે વ્યવહાર વિકલ્પ છે તેનો નિવાસ છોડીને. આહાહા..! ભગવાનઆત્મા જ મુક્ત સ્વરૂપ છે. મુક્ત સ્વરૂપ જ છે. રાગથી, બંધનથી રહિત અબંધ સ્વભાવી ભગવાનઆત્મા છે. તેમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાય તેના આશ્રયે પ્રગટ કરી આત્મામાં વસવું, આત્મામાં વસવું. સમ્યગ્દર્શન, જ્ઞાનથી આત્મામાં વસવું. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાનઆત્મા પરમાનંદની મૂર્તિ પરમાત્મા પોતાનું નિજ સ્વરૂપની અંતરમાં સ્વસન્મુખની શ્રદ્ધા, સ્વસન્મુખનું જ્ઞાન, સ્વસન્મુખમાં લીનતા એ ત્રણેથી આત્મામાં વસીને મુક્તિનો પાત્ર થઈ જા. આહાહા..!

'अप्पाणि जो वसेइ' શાશ્વત સુખનું ભાજન થાય. 'जिणवरु एम भणेइ' છે ને? જિનવર વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ સમવસરણની સભામાં ભગવાન આમ કહેતા હતા, પરમાત્મા આમ ફરમાવતા હતા. બાકી તો વાણી આવતી હતી, બોલે ક્યાં?

'સમ્યગ્દૃષ્ટિ જીવને એ નિશ્ચય હોય છે કે આઠેય કર્મનો બંધ આત્માના સ્વભાવથી ભિન્ન છે.' આઠેય કર્મનો બંધ મારાથી ભિન્ન છે. દૃષ્ટિમાં આત્મા કર્મથી ભિન્ન જ છે. એની શંકા એને પોતાને જ રહે છે, એ શંકાને તોડનારો તો એ છે. હું આઠ કર્મથી રહિત ભગવાનઆત્મા છું. આઠ કર્મ સહિત તો વ્યવહારનું લક્ષ છે, એટલું. સ્વભાવના લક્ષમાં આઠ કર્મથી રહિત છું. વર્તમાન, હોં! વર્તમાન. આહાહા..! કેટલી દૃષ્ટિના જોરે એ કબુલતા આવે છે! એ જોર કોનામાં પડ્યું છે? આત્મામાં એટલું જોર પડ્યું છે. પૂર્ણ બળ પડ્યું છે, આત્મામાં પૂર્ણ બળ પડ્યું છે. પૂર્ણ.. પૂર્ણ.. પૂર્ણ.. એવા પૂર્ણ બળનો ધણિ આત્મા, તેની પ્રતીતિ, જ્ઞાનમાં એમ આવવું કે હું આઠ કર્મથી રહિત છું. આ તે શું છે! હું વિકાર, પુણ્ય-પાપના વિકારથી

હું રહિત છું, હું શરીર, વાણી, નોકર્મથી પણ જુદો છે. ક્યા પુરુષાર્થ ગતિમાં એ વાત જ્ઞાનમાં આવે છે? આહાહા..! સમજાણું કાંઈ? અલ્પજ્ઞ, અલ્પદર્શી રાગાદિ અને નિમિત્તનો સંબંધ હોવા છતાં ઊડાડી દે. દૃષ્ટિ તેનો સ્વીકાર નથી કરતી. હું આઠ કર્મથી રહિત પૂર્ણાનંદ છું. કર્મ, શરીરથી રહિત છું, વાણીથી રહિત છું, વિકારથી રહિત છું. સમજાણું કાંઈ? એવા આત્માનો અંતર સ્વભાવ, પોતાનો સ્વભાવ પરથી ભિન્ન જાણવો. (પછી) આઠ કર્મની વાત લીધી છે.

'જેમ વિવેકી જીવ મલિન પાણીમાં ફટકડી નાખીને...' ફટકડી સમજ્યા? ઔષધ આવે છે ને? 'માટી અને પાણી અલગ કરી નિર્મળ પાણી પીએ છે તેવી જ રીતે જ્ઞાની જીવ ભેદવિજ્ઞાનના બળથી...' પોતાના શુદ્ધ ધ્રુવ સ્વરૂપ તરફ લક્ષ કરીને પુણ્ય-પાપના રાગ તરફથી હટીને, રાગ અને સ્વભાવની એકતાને તોડીને, પરથી ભિન્ન ભેદજ્ઞાનના બળથી. જુઓ! બળથી. હું શુદ્ધ ચૈતન્ય પદાર્થ ભગવાન અતીન્દ્રિય આનંદ (છું), એમ રાગ અને વિકલ્પથી ભેદજ્ઞાન કરીને ભેદજ્ઞાનના બળથી. સમજાણું કાંઈ? 'રાગ-દ્વેષ-મોહને આત્માથી ભિન્ન કરીને વીતરાગ વિજ્ઞાનમય આત્માનો અનુભવ કરે છે.' એ પુરુષાર્થની ગતિ કેટલી છે? આહાહા..! કોણ કરે છે? સમજાણું કાંઈ? જે દૃષ્ટિમાં વર્તમાન અવસ્થા અલ્પજ્ઞ રાગવાળી હોવા છતાં અને તેમાં કર્મનું નિમિત્ત હોવા છતાં જે દૃષ્ટિ અંતરમાં અલ્પજ્ઞ, રાગ અને કર્મના સંબંધ રહિત હું છું એવું ભેદજ્ઞાન કરીને પોતાના સ્વરૂપમાં વીતરાગપણાનો અનુભવ કરે છે. સમજાણું કાંઈ? તે અલ્પકાળમાં મોક્ષને પામે છે. જરી લાંબી વાત કરી છે.

'વ્યવહારનયથી જોવામાં આવે તો સંસારી જીવોમાં ભેદ દેખાય છે.' વ્યવહારથી ભેદ દેખાય છે. ઘણા દાખલા આપ્યા છે. મિત્ર, શત્રુ દેખાય. સ્વભાવની દૃષ્ટિ હોય તો કોઈ મિત્ર, શત્રુ નથી. વ્યવહારથી આ મિત્ર ને શત્રુ (છે એમ કહેવાય). માતા અને પિતા. વ્યવહારથી દેખાય છે. આત્માને માતા-પિતા કેવા? આત્માને કોઈએ ઉત્પન્ન કર્યો છે તો માતા-પિતા છે? નિશ્ચયથી ભગવાન માતા-પિતા રહિત, શત્રુ-મિત્રની દૃષ્ટિ રહિત (છે). વ્યવહારથી દેખાય છે પણ એ દૃષ્ટિને ફેરવીને નિશ્ચયથી જોવાની દૃષ્ટિ કરવી. પુત્ર-પુત્રી વ્યવહારથી (કહેવાય). સ્વામી-સેવક. સ્વામી અને સેવક વ્યવહારથી (છે). ધ્યાતા-ધ્યેય વ્યવહારથી, સુંદર-અસુંદર. આ સુંદર-અસુંદર ભેદ, વ્યવહાર છે. આત્માના સ્વભાવની દૃષ્ટિમાં એ ભેદ નથી. આહાહા..!

વ્યવહારથી આમ હોવા છતાં પણ નિશ્ચયદૃષ્ટિએ જોવાથી સ્વભાવધારી ભગવાન પરનો જાણનાર-દેખનાર જ છે, ભેદ પાડનારો નથી. રોગી-નિરોગી. વ્યવહારથી કહે, આ રોગી, નિરોગી છે. બે-બે ભંગ (લીધા છે). ધનિક-નિર્ધન, વિદ્વાન-મૂર્ખ, બળવાન-નિર્બળ, કુલીન-અકુલીન, સાધુ-ગૃહસ્થ એ પણ વ્યવહારના ભેદ છે. સ્વભાવની દૃષ્ટિમાં ભેદ નથી. અભેદ અખંડાનંદ પ્રભુ પૂર્ણાનંદથી ભરેલો આત્મા (છે) એવી દૃષ્ટિએ જોવાથી ભેદ નથી. સમજાણું કાંઈ? એવી દૃષ્ટિએ જોવું તે નિશ્ચય સમ્યગ્દૃષ્ટિ છે. આહા..!

રાજા-પ્રજા, દેવ-નારકી, પશુ-માનવ, સ્થાવર-ત્રસ, સૂક્ષ્મ-બાદર, પર્યાપ્ત-અપર્યાપ્ત, પ્રત્યેક-સાધારણ, પાપી-પુણ્ય આત્મા, લોભી-સંતોષી, માયાવી-સરળ, માની-વિનયવાળો. એ બધો વ્યવહાર છે. ક્રોધી-કપટવાળો, સ્ત્રી-પુરુષ, બાળક ને વૃદ્ધ, અનાથ-સનાથ, સિદ્ધ ને સંસારી 'ગ્રહણ કરવા યોગ્ય અને ત્યાગવા યોગ્યનો ભેદ દેખાય છે.' વ્યવહારનયથી જુવો તો ગ્રહણ યોગ્ય અને ત્યાગવા યોગ્ય દેખાય છે. સમજાણું કાંઈ? 'ત્યાં વિષયભોગનો લોલુપી અને કષાયનો ધારક જીવ ઇષ્ટ પ્રત્યે રાગ અને અનિષ્ટ પ્રત્યે દ્વેષ કરે છે. બહારના વ્યવહારમાં દેખાતું આ આખું જગત રાગ-દ્વેષ, મોહ ઉત્પન્ન કરવાનું નિમિત્ત બની જાય છે. તેથી જ્ઞાનીએ રાગ-દ્વેષ, મોહ ભાવોની મલિનતા ન થાય તે માટે નિશ્ચયનયથી જગતને જોવું જોઈએ.' બધા દ્રવ્ય છે, પરિપૂર્ણ પદાર્થ ભગવાનઆત્મા છે. આહાહા..! શત્રુ-મિત્ર એવા ભેદ છે નહિ, મૂર્ખ-વિદ્વાનના ભેદ નથી, માતા-પિતાનો (ભેદ) નથી, ધ્યાન-ધ્યાતાનો નથી. આહા..! એક વસ્તુ અભેદ ચિદાનંદ સ્વરૂપ (છે) એવી દૃષ્ટિનો અભ્યાસ કરવો. સમજાણું કાંઈ?

'સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણેય આત્માના ગુણ છે. આત્મા સ્વભાવથી યથાર્થ પ્રતીતિનો ધારક છે.' આ ત્રણ ગુણ લીધા ને? ત્રણ. ભગવાનઆત્મા વાસ્તવિક રીતે યથાર્થ પ્રતીતિનો ધરનાર જ છે. તેનો સ્વભાવ યથાર્થ શ્રદ્ધા-પ્રતીત ધરનારો આત્મા છે. તેમાંથી યથાર્થ પ્રતીત કાઢવાની છે, છે તેમાંથી કાઢવી છે તેમાં શું છે? એમ કહે છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા યથાર્થ પ્રતીતિનો ધરનાર છે.

'પોતાને પોતે, પરને પર યથાર્થ માનનારો છે...' એવો જ છે. પોતાને પોતે અને પરને પર એવું શ્રદ્ધાન કરવાનો તેવો તેનો ત્રિકાળ સ્વભાવ છે. વસ્તુ એવી છે ને! એ દર્શનની વાત કરી. 'લોકાલોકના સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાયોને એક સાથે જાણનાર છે.' સર્વ લોક અને અલોક, છ દ્રવ્ય, તેના ગુણ અને પર્યાયને એકસાથે જાણનાર છે, એવો એનો સ્વભાવ છે. 'ચારિત્ર ગુણથી એ પરમ વીતરાગ છે.' સમજાણું કાંઈ? 'રત્નત્રય સ્વરૂપ આ આત્મા અભેદ દૃષ્ટિએ એકરૂપ છે.' પહેલા ત્રણ (ભેદ) લીધા. પછી ભેદ કાઢી નાખ્યા. 'રત્નત્રય સ્વરૂપ આ આત્મા અભેદ દૃષ્ટિએ એકરૂપ છે.' એમ. ઓલા ત્રણ ભેદ કહ્યા પણ રત્નત્રય – દર્શન, જ્ઞાન, ચારિત્ર રત્નત્રય સ્વરૂપ આ આત્મા અભેદ દૃષ્ટિએ એકરૂપ છે. દર્શન, જ્ઞાન અને ચારિત્રના ભેદ પણ દૃષ્ટિનો વિષય અભેદમાં નથી.

'શુદ્ધ સ્ફટિક સમાન નિર્મળ છે.' ભગવાનઆત્મા શુદ્ધ સ્ફટિકની પેઠે નિર્મળાનંદ પ્રભુ અંદર છે. 'પરમ જ્ઞાન પરમ શાંત અને પરમાનંદમય છે. આ પ્રમાણે વારંવાર પોતાના આત્માનું ધ્યાન કરવું. પછી પરિણામોની સ્થિરતા થતાં સ્વયં આત્માનુભવ પ્રગટશે. એ જ મોક્ષનો માર્ગ છે.' એ શુદ્ધ સ્વરૂપની વારંવાર એવી ભાવના કરતાં અનુભવ થશે તેનું નામ જ મોક્ષનો માર્ગ છે, બીજો કોઈ માર્ગ નથી. મોક્ષમાર્ગ માટે એને ઠીક બેઠું છે, નિમિત્તમાં જરી ગોટો આવે છે. કહો, સમજાણું કાંઈ?

www.vitragvani.com



'સમયસાર'માં એ દાખલો આપ્યો છે, 'હું મારા વડે જ મારા આત્માના શુદ્ધ રસથી પૂર્ણ ચેતન પ્રભુનો અનુભવ કરું છું.' કળશ (છે). 'હું મારા વડે જ...' મારા આત્મિક શુદ્ધરસથી, આત્મિક શુદ્ધરસથી પૂર્ણ ચેતન પ્રભુ હું છું, તેનો અનુભવ કરું છું. 'હું કેવળ શુદ્ધ જ્ઞાનનો ભંડાર છું. મારે મોહકર્મ સાથે બિલકુલ કોઈ સંબંધ નથી.' જે શ્લોક બોલીએ છીએ એ જ છે ને? 'મોહકર્મ મમ નાંહિ, નાંહિ ભ્રમકૂપ હૈ, શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ. કહૈ વિચિક્ષણ પુરુષ સદા મૈં એક હું.' ધર્મી પોતાના આત્માને એવો વિચાર કરે છે, 'કહૈ વિચિક્ષણ પુરુષ સદા મૈં એક હું, અપને રસસૌં ભર્યો અનાદિ ટેક હું.' અનાદિથી મારું સ્વરૂપ આવું છે. 'મોહકર્મ મમ નાંહિ, નાંહિ ભ્રમકૂપ હૈ, શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ.' આહાહા..! 'બનારસીદાસે' આ શ્લોક ઉપરથી બનાવ્યું છે. હિન્દી, હિન્દી બનાવ્યું છે. સમજાય છે કાંઈ? 'શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ' ઓલો ભ્રમકૂપ છે. પુણ્ય-પાપના વિકલ્પને પોતાના માનવા એ ભ્રમનો કૂપ છે, મિથ્યાત્વનો કૂવો છે. ભગવાન શુદ્ધ ચેતનાનો દરિયો છે. શુદ્ધ ચેતનાનો સિંધુ.. સિંધુ.. સિંધુ. એવી અંતરમાં પોતાના આત્માની દૃષ્ટિ કરવી તેનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. એ ૭૮ (ગાથા પૂરી થઈ).

---

ચારનો ત્યાગ કરી ચાર ગુણ સહિત ધ્યાવવો.

चउ कसाय सण्णा रहिउ चउ गुण सहियउ वुत्तु।
सो अप्पा मुणि जीव तुहुं जिम परु होहि पवित्तु।।७९।।

કષાય સંજ્ઞા ચાર વિણ, જે ગુણ ચાર સહિત;
હે જીવ! નિજરૂપ જાણે એ, થઈશ તું પરમ પવિત્ર. ૭૯.

અન્વયાર્થ :– (चउ कसाय) ચાર ક્રોધાદિ કષાય (सण्णा) ચાર સંજ્ઞા (આહાર, ભય, મૈથુન, પરિગ્રહ) (रहिउ) રહિત (चउ गुण सहियउ अप्पा वुत्तु) અને દર્શન, જ્ઞાન, સુખ, વીર્ય એ ચાર ગુણ સહિત આત્મા કહેવામાં આવ્યો છે. (जीव तुहुं सो मुणि) હે જીવ! તું આમ મનન કર. (जिम परु पवित्तु होहि) જેથી તું પરમ પવિત્ર થઈ જાય.

---

૭૯. 'ચારનો ત્યાગ કરી ચાર ગુણ સહિત ધ્યાવવો.'

चउ कसाय सण्णा रहिउ चउ गुण सहियउ वुत्तु।
सो अप्पा मुणि जीव तुहुं जिम परु होहि पवित्तु।।७९।।

'ચાર ક્રોધાદિ કષાય, ચાર સંજ્ઞા (આહાર, ભય, મૈથુન, પરિગ્રહ)...' ચાર સંજ્ઞા. ક્રોધ, માન, માયા, લોભ–ચાર કષાય. અને આહારની સંજ્ઞા, ભયની સંજ્ઞા, વિષયની સંજ્ઞા અને

www.vitragvani.com



પરિગ્રહની સંજ્ઞાથી રહિત 'દર્શન, જ્ઞાન, સુખ, વીર્ય એ ચાર ગુણ સહિત આત્મા કહેવામાં આવ્યો છે.' લ્યો! સમજાણું કાંઈ? ચારિત્ર લીધું હતું ને? ચારિત્રમાંથી બે કાઢ્યા–સુખ અને વીર્ય. ચાર બનાવ્યા, ચાર.

ભગવાનઆત્મા દર્શન, જ્ઞાન, સુખ, વીર્ય ચાર ગુણ સહિત આત્મા છે. એનાથી સહિત જ છે. આત્મામાં દર્શન ત્રિકાળ છે, જ્ઞાન ત્રિકાળ છે, સુખ ત્રિકાળ છે, બળ ત્રિકાળ છે. તેનો આશ્રય કરતાં ચાર પર્યાય પ્રગટ કરી, 'હે જીવ! તું આમ મનન કર. જેથી તું પરમ પવિત્ર થઈ જાય.' 'जिम परु पवित्तु', 'परु पवित्तु'. પોતાના આત્માને ભૂલીને એણે બધું કર્યું. 'અપને કો આપ ભૂલ કે હૈરાન હો ગયા. અપને કો આપ ભૂલકે હૈરાન હો ગયા.' ભગવાનઆત્મા કેવો છે તેની પરવા જ નથી, બસ! આમ કરો, આમ કરો. દયા પાળો, ભક્તિ કરો, વ્રત કરો. પણ તું કોણ એ તો પહેલા ઓળખ. એ તો ઠીક, રાગ, મંદ પુણ્ય છે. સમજાણું કાંઈ? કહે છે કે, પોતાનો ભગવાનઆત્મા, તેની ચાર ગુણથી આરાધના કરવી અને ચાર કષાય અને સંજ્ઞાને છોડવી.

'જગતને નિશ્ચયનયથી જોવાનો અધિક અભ્યાસ રાખે. વસ્તુસ્વરૂપનો વિચાર કરીને કોઈ અપરાધી ઉપર ક્રોધ ન કરતાં...' ઓલા ચાર કષાયનો નકાર કરવો છે ને! 'એને સુધારવાનો પ્રયત્ન કરવો.' એ તો ઠીક. સુધારવાનો કોણ પ્રયત્ન કરે? 'જેમ રોગી મનુષ્ય ઉપર દયા રાખવી જોઈએ તેમ અપરાધી મનુષ્ય ઉપર દયા રાખવી જોઈએ.' જેમ રોગી પ્રાણી હોય (તો) દયા આવે છે ને? અરે..! આ પ્રાણી..! 'કલકત્તા'માં હોય છે ને? હાથ કાપી નાખે. અહીંથી પગ કાપી નાખે. છોકરાને, બચ્ચાને લઈ આ કાપી નાખે, પછી રેકડીમાં... રેકડી હોય છે ને? લાકડાની. એમાં નાખે, ખેંચે. ઓલાને પછી દયા આવે.. અર..ર..ર...! પચીસ-પચાસ રૂપિયા ભેગા થાય, એક દિવસમાં સો-સો, દોઢસો (ભેગા થાય). એના પાછા ધણિ હોય, ઇ વહેંચી લે. જમાદાર ને પોલીસ ને... એવી કાર્યવાહી ચાલે. કોઈનું બાળક લઈ લે. અમે એકવાર 'ભાવનગર'માં જોયું હતું. આટલું શરીર. લોકોને દયા એટલી આવે કે, અર..ર...! અરે..! ચાર આના આપો, આઠ આના આપો. કેળુ ખવરાવે રૂપિયો આપે, એમ અપરાધી ઉપર દયા કરવી. જેમ રોગી ઉપર દયા આવે છે એમ અપરાધી (જીવ) રોગી, મહારોગી છે. ભાવરોગી છે. સમજાણું કાંઈ? આ તો ચાર કષાયનો ત્યાગ બતાવે છે ને? ભાવરોગી ઉપર ક્રોધ કરવો નહિ. હેં?

મુમુક્ષુ :– અપરાધ ચોખ્ખો દેખાતો હોય તો?

ઉત્તર :– એમાં તારે શું છે? ઇ અપરાધી છે, તારે શું? અરે..! આ અપરાધ કરે છે એનું એણે આકરું ફળ ભોગવવું પડશે, એમ દયા કરવી. મરતાને મારવો? લોકો નથી કહેતા? મરતો હોય એને મારવો? અમે તો મરી ગયા છીએ, અમને મારો છો? એક જણો કહેતો હતો. એને સાત દીકરીયું, સાત દીકરીયું! અને એક એકને પરણાવવી, દીકરી સમજો છો?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



લડકી. અને એમાં બે-બે, પાંચ હજારનો ખર્ચ. ગરીબ માણસ. હજાર-હજાર, બે હજાર ખર્ચવા પડે. ભાઈ! અમે તો મરી ગયા છીએ અને તમે અમને મારો નહિ. એ... 'મલૂકચંદભાઈ'! તમારા જેવાને શું હોય? આ તો ગરીબ માણસની વાત છે. એણે દીકરી પરણાવી એમાં એક લાખ ખર્ચ્યા. એક લાખ! સમજ્યા? મારવાડીમાં તો બહુ ખર્ચે, હોં! તમારી જેવા ગૃહસ્થ હોય તો. મારવાડીમાં લાખ-લાખ (ખર્ચે). ઓલાને લાખ ને ઓલાને લાખ. કન્યાવાળાને લાખ. 'વચ્છરાજજી' બહુ કહેતા હતા. તમારા 'વચ્છરાજજી'. એમ કહે, તમારા એક લાખ કંઈ વધારે નથી, હોં! કહો, સમજાય છે?

અહીં તો કહેવું છે, જ્યાં એટલું ખર્ચે અને પોતાની આબાદી મનાવે કે, અમે આબાદ છીએ. એ તો રોગ છે, અપરાધ છે. સમજાય છે કાંઈ? એવા અપરાધી ઉપર તો દયા ખાવી જોઈએ, એમ કહે છે. આહાહા..! એમ ન જોવું કે, આહા..હા...! આ તો ચડી ગયા ને મોટો થઈ ગયો. શું મોટો થઈ ગયો? મોટો રોગ થયો છે. માનનો રોગ લાગ્યો છે. માનનો રોગ લાગ્યો છે. અમે આટલું ન કરીએ તો અમારું નાક નહિ (રહે). અત્તર હોય ને? શું કહેવાય? અત્તરદાની ઘરમાં બહુ લાવે. જ્યારે સરઘસ નીકળે ને? ચાંદીની અત્તરદાની (રાખે). નહિતર તો કહે, આ શું તમારું સરઘસ? તમે અમારો શું આદર કર્યો? આવા ધૂળધાણી માનમાં બિચારા મરી જાય. સમજ્યા ને? સાધારણ મારવાડી બિચારા કહેતા હતા, અમારે એક દીકરી પરણાવવી હોય તો વીસ-વીસ હજારનો ખર્ચ. ઘરમાં પચાસ-સાંઈઠ હજારની મૂડી હોય, કરવું શું? નહિતર લે નહિ. આ મરી ગયા માનમાં, બધા રોગીલા છે. 'ન્યાલભાઈ'! એમાં પૂરતીયા ઘર હોય. ઘરમાં સમજવા જેવું હોય. અને એ દસ-દસ હજાર કરિયાવરમાં ખર્ચવા પડે. સાધારણ ઘરને, હોં! આપણા ઊંચા ઘરની વાત નથી. સાધારણવાળાને બિચારાને શું થાય? એ બધા માની એના ઉપર ક્રોધ (કષાય) ન કરવો, દયા ખાવી. સમજાય છે કાંઈ? આહાહા..!

'ક્ષણભંગુર ગૃહલક્ષ્મી, વિદ્યા, તપ આદિનું માન કદાપિ ન કરવું જોઈએ.' પેલી ક્રોધની વ્યાખ્યા હતી, આ માનની છે. સમજાય છે? ગૃહસ્થાશ્રમ, લક્ષ્મી, વિદ્યા, તપનું માન ન કરવું જોઈએ. એ તો ક્ષણભંગુર ચીજ છે, તેનું શું માન કરવું? 'ફળના ભારથી વૃક્ષો જેમ નીચે નીચે ઝુકતા જાય છે...' ફળના ભારથી જેમ વૃક્ષ ઝુકે છે 'તેમ જ જ્ઞાનીએ સંપત્તિ, વિદ્યા, તપ અને બળ પ્રાપ્ત થતાં વિશેષ કોમળ અને વિનયવાન થવું જોઈએ.' આંબો બહુ પાકે તો આમ નમે. આંબો! ઘણી કેરી થાય ને? પચાસ મણ. એક એક આંબે સો-સો મણ, સો-સો મણ, હોં! મોટો આંબો હોય તો બસો-બસો મણ (થાય), એકસાથે બસો મણ કેરી! આમ નમી જાય, ઝુકી જાય. પાંચ-પાંચ, દસ-દસના લુમખા (થાય).

મુમુક્ષુ :- ડાળીઓ ભાર ન ઝીલી શકે એટલી..

ઉત્તર :- હા, એટલી કેરીઓ હોય છે, હોય છે, અહીં થાય છે. 'સોનગઢ'માં કેટલી

www.vitragvani.com



થાય છે! એક કહેતો હતો, પચાસ મણ પાકશે, પચાસ મણ એક આંબે! અહીં 'સોનગઢ' સાધારણમાં. જેમાં પાણી ઘણું હોય, મોટા આંબા હોય તો બસો-બસો મણ (થાય). એમાં વીસ-વીસ રૂપિયાની મણ હોય. (એવી) બસો મણ. ચાર હજાર રૂપિયા (થાય). એમાં ધૂળેય કાંઈ નથી, કહે છે. અહીં તો કહે છે, તને તપ અને વિનય આદિ ગુણ હોય તો તારે નરમાશ રાખવી જોઈએ. કોમળતા રાખવી જોઈએ. એ માટે દાખલો છે. વિશેષ કોમળ (હોય).

'બીજાને છેતરવાનો ભાવ મનમાંથી કાઢી નાખીને...' માયાની વાત (કરે છે). 'માયાચારનું આચરણ ન કરવું.' ક્રોધ, માન, માયા, લોભનો ત્યાગ કહે છે ને? 'સીધો, સત્ય વ્યવહાર રાખવો જોઈએ. લોભ મનને મેલું કરે છે, સંતોષ વડે લોભને જીતવો જોઈએ.' લ્યો!

'આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ આ ચાર સંજ્ઞા...' લ્યો! એને જીતવી જોઈએ. ચાર સંજ્ઞાને છોડવી જોઈએ. 'આત્માને ઉત્તમ ક્ષમા, ઉત્તમ માર્દવ, ઉત્તમ આર્જવ, ઉત્તમ શૌચ આ ચાર ગુણસહિત અને જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય એ ચાર અનંત ચતુષ્ટય સહિત ધ્યાવવો જોઈએ.' ચાર ગુણ આ અને અનંત ચતુષ્ટયને ધ્યાવવા જોઈએ. 'પવિત્ર થવાનો ઉપાય પવિત્રનું ધ્યાન કરવું તે છે.' લ્યો! તારે નિર્દોષ થવું હોય તો નિર્દોષ ભગવાનઆત્માનું ધ્યાન કરવું જોઈએ. તારે પવિત્ર થવું હોય તો પવિત્ર તો ભગવાનઆત્મા પૂર્ણાનંદથી પવિત્ર છે તેનું ધ્યાન કરવું જોઈએ. સમજાય છે કાંઈ?

'હું કષાયરહિત અને ચાર સંજ્ઞારહિત શુદ્ધાત્મા છું અને આખા વિશ્વના આત્માઓ શુદ્ધ છે, આવી જાતની ભાવના કરવાથી સ્વાનુભવની પ્રાપ્તિ થાય છે. સ્વાનુભવને જ ધર્મધ્યાન અને શુક્લધ્યાન કહે છે.' લ્યો! આ તો સ્વાનુભવને જ ધર્મધ્યાન અને શુક્લધ્યાન કહે છે. ઓલા કહે છે, શુભજોગને ધર્મધ્યાન કહે છે અને શુદ્ધઉપયોગને શુક્લધ્યાન કહે છે. તે તો આઠમેથી શુદ્ધોપયોગ કહે છે સાતમા સુધી શુભ ભાવ છે તેમ કહે છે. સ્વાનુભવ-આત્મા પૂર્ણાનંદની દૃષ્ટિ કરીને અનુભવ કરવો. અલ્પ નિર્દોષતા (પ્રગટે) તેનું નામ ધર્મધ્યાન (છે), વિશેષ નિર્દોષતા થવી તેનું નામ શુક્લધ્યાન છે. બાકી છે તો બન્ને અનુભવ. પવિત્ર આત્માને અનુસરીને થવું તે અનુભવ (છે). એ અનુભવની ઉગ્રતા તે શુક્લધ્યાન. તેની મધ્યમતા તે ધર્મધ્યાન (છે). શરૂઆત તો પહેલે સમયે થઈ ગઈ. જ્યારથી સમ્યગ્દર્શન થયું ત્યારથી. સમજાય છે કાંઈ?

'આત્માનુશાસન'માં કહ્યું છે, 'ગંભીર અને નિર્મળ વનના સરોવરમાં જ્યાં સુધી ચારે તરફ કષાયરૂપી મગરમચ્છોનો વાસ હોય...' ગંભીર અને નિર્મળ મનરૂપી સરોવરની અંદર જ્યાં સુધી ક્રોધ, માન, માયારૂપી મગરમચ્છનો વાસ છે 'ત્યાં સુધી ગુણસમૂહ શંકારહિત થઈને ત્યાં સ્થિર રહી શકતા નથી.' સમજ્યા? જ્યાં મગરમચ્છ હોય ત્યાં બીજા જીવ રહી શકે નહિ, ખાય જાય. એમ ક્રોધ, માન, માયા, લોભ મગરમચ્છ જ્યાં છે ત્યાં ગુણોનો સમૂહ શંકારહિત રહી શકશે નહિ. ઠીક ઉપમા આપી છે. 'તેથી તું સમતાભાવ, ઇન્દ્રિયદમન

www.vitragvani.com



અને વિનય દ્વારા તે કષાયોને જીતવાનો યત્ન કર.' ત્રણ ગાથા થઈ. હવે ૮૦ છે ઇ આંકડાની છેલ્લી છે, આંકડાની છેલ્લી છે.

---

દશરહિત અને દશ ગુણ સહિત આત્માનું ધ્યાન કરવું.

बे-पंचहँ रहियउ मुणहि बे-पंचहँ संजुत्तु।
बे-पंचहँ जो गुणसहिउ सो अप्पा णिरु वुत्तु।।८०।।

દશ વિરહિત, દશથી સહિત, દશ ગુણથી સંયુક્ત;
નિશ્ચયથી જીવ જાણવો, એમ કહે જિનભૂપ. ૮૦.

અન્વયાર્થ :– (बे-पंचहँ रहियउ) બે પ્રકારે પાંચથી રહિત થઈને અર્થાત્ પાંચ ઇન્દ્રિયોને રોકીને અને પાંચ અવ્રતોને ત્યાગીને (बे-पंचह संजुत्तु मुणहि) બે પ્રકારે પાંચ અર્થાત્ પાંચ ઇન્દ્રિયદમનરૂપ સંયમ અને પાંચ મહાવ્રત સહિત થઈને આત્માનું મનન કરો. (जो बे-पंचहं गुणसहिउ सो अप्पा णिरु वुत्तु) જે દશ ગુણ ઉત્તમ ક્ષમાદિ સહિત છે અને અનંત જ્ઞાનાદિ દશ ગુણસહિત છે, તેને નિશ્ચયથી આત્મા કહેવામાં આવે છે.

---

'દશરહિત અને દશ ગુણ સહિત આત્માનું ધ્યાન કરવું.'

बे-पंचहँ रहियउ मुणहि बे-पंचहँ संजुत्तु।
बे-पंचहँ जो गुणसहिउ सो अप्पा णिरु वुत्तु।।८०।।

'બે પ્રકારે પાંચથી રહિત થઈને અર્થાત્ પાંચ ઇન્દ્રિયોને રોકીને અને પાંચ અવ્રતોને ત્યાગીને...' લ્યો, એમ બે પાંચ લીધા. પાંચ ઇન્દ્રિયોને રોકીને અતીન્દ્રિય આત્માનું એકાગ્ર ધ્યાન કરવું. પાંચ અવ્રત. સમજ્યા? હિંસા આદિ પાંચ અવ્રત. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસનાનો ત્યાગ કરીને.

'બે પ્રકારે પાંચ અર્થાત્ પાંચ ઇન્દ્રિયદમનરૂપ સંયમ...' એની સામે લે છે. પાંચ ઇન્દ્રિયને રોકીને પાંચ ઇન્દ્રિયના દમનરૂપ સંયમમાં રહેવું. અને પાંચ અવ્રતોને ત્યાગીને 'પાંચ મહાવ્રત સહિત થઈને આત્માનું મનન કરો.' સમજાય છે કાંઈ? 'જે દશ ગુણ ઉત્તમ ક્ષમાદિ સહિત છે...' જે દશ ગુણ ઉત્તમક્ષમા આદિ સહિત (છે) 'અને અનંત જ્ઞાનાદિ દશ ગુણસહિત છે,...' બે વાત લીધી. ઉત્તમક્ષમાદિ દસ ગુણ. ઉત્તમક્ષમા આદિ દસ ગુણ આવે છે ને? અને કાં અનંત જ્ઞાનાદિ દસ ગુણ સહિત એમ. 'તેને નિશ્ચયથી આત્મા કહેવામાં આવે છે.' અનંત ગુણ સહિત ભગવાનઆત્માને આત્મા કહે છે. ઇન્દ્રિયનું દમન કરી, પાંચ અવ્રતનો ત્યાગ કરી સ્વરૂપમાં દસ ગુણ સહિત કાં ઇન્દ્રિયદમનના ભાવસહિત અવ્રતનો ત્યાગ કરી

www.vitragvani.com



વ્યવહારે વ્રતનો વિકલ્પ આવે છે, નિશ્ચયથી વ્રત તો પોતામાં સ્થિર થવું તે નિશ્ચય વ્રત છે. એ 'નિયમસાર'માં આવી ગયું. પંચ મહાવ્રત. પંચ મહાવ્રત નિશ્ચય પ્રાયશ્ચિત છે. નિશ્ચય પ્રાયશ્ચિત પોતાની વીતરાગી પર્યાયને મહાવ્રત કહે છે. વિકલ્પને મહાવ્રત વ્યવહારે કહેવાય છે. સમજાય છે કાંઈ? એમ અનંત ગુણ સહિત જાણ.

'આત્માનું મનન નિશ્ચિંત થઈને કરવું જોઈએ.' નિશ્ચિંત થઈને કરવું જોઈએ, એમ. 'પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં ફસાયેલો ઉપયોગ આત્માનું મનન કરી શકતો નથી.' પાંચ ઇન્દ્રિયના વિષયોમાં ફસાયેલું મન, તે તરફની સાવધાનીવાળું મન અંતર અતીન્દ્રિય આનંદનું ધ્યાન કરી શકતું નથી. ભગવાન અતીન્દ્રિય આનંદ, ઇન્દ્રિયથી રહિત એવા આત્માનું ધ્યાન, પાંચ ઇન્દ્રિયના વિષયમાં ઉલ્લસિત થયેલું મન અંતરમાં એકાકાર થઈ શકતું નથી. સમજાણું કાંઈ? 'તેથી પાંચ ઇન્દ્રિયોને સંયમમાં રાખવી જોઈએ. ઇન્દ્રિયવિજયી થવું જોઈએ અને જગતના આરંભથી છૂટવા માટે હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહ...' એ પાંચ કીધાં ને? 'અવિરત ભાવોથી વિરક્ત થઈને અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને પરિગ્રહત્યાગ આ પાંચ મહાવ્રતોનું પાલન કરવું જોઈએ. સાધુપદમાં દ્રવ્ય અને ભાવ બન્ને રૂપે નિર્ગ્રંથ થઈને...' મુનિ(ને) તો અંતરમાં પણ રાગરહિત નિર્ગ્રંથ દશા (છે). બહારમાં નગ્નદશા દિગંબર દશા, અંદરમાં નિર્ગ્રંથ ત્રણ કષાયના અભાવસહિત આનંદની દશા (વર્તે છે). એવા થઈને એકાકી ભાવથી શુદ્ધ નિશ્ચય દ્વારા પોતાના શુદ્ધાત્માનું મનન કરવું. લ્યો, મુનિઓએ પણ શુદ્ધાત્માનું મનન કરવું એ જ મુનિપણું છે. એને મુનિ કહેવાય.

ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપમાં અંતર એકાકાર થઈને મનન નામ એકાગ્ર થવું તેને મુનિ કહે છે અને શ્રાવક ગૃહસ્થ પણ પોતાના શુદ્ધ સ્વરૂપમાં એકાગ્ર થઈને જેટલી નિર્મળતા પ્રગટ કરી છે તેને સમકિતી અને શ્રાવક કહે છે. એવું આત્માનું ધ્યાન કરવું એમ કહે છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## સર્વજ્ઞ ભગવાન 'જ્ઞાયક' છે, 'કારક' નથી!

પહેલાં તો એમ નિર્ણય કરવો જોઈએ કે આ જગતમાં એવા સર્વજ્ઞ ભગવાન છે કે જેમને આત્માનો જ્ઞાનસ્વભાવ પૂર્ણ ખીલી ગયો છે અને મારો આત્મા પણ એવો જ જ્ઞાનસ્વભાવી છે. જગતના બધાય પદાર્થો ક્રમબદ્ધપર્યાયપણે પરિણમે છે, પદાર્થના ત્રણકાળની પર્યાયનો ક્રમ નિશ્ચિત છે; સર્વજ્ઞદેવે ત્રણકાળ ત્રણલોકની પર્યાયો જાણી છે. સર્વજ્ઞે જાણ્યું તે ફરે નહીં છતાં પણ સર્વજ્ઞદેવે જાણ્યું માટે તેવી અવસ્થા થાય છે-એમ પણ નથી. સર્વજ્ઞ ભગવાન તો જ્ઞાયકપ્રમાણ છે, તે કાંઈ પદાર્થોના કારક નથી. કારકરૂપે તો પદાર્થ પોતે જ છે. દરેક પદાર્થ પોતે જ પોતાના છ કારકરૂપે થઈને પરિણમે છે.

(આત્મધર્મ — ઑગસ્ટ - ૨૦૦૮)

www.vitragvani.com



## વીર સંવત ૨૪૯૨, અષાઢ વદ ૬, શનિવાર
## તા. ૦૯-૦૭-૧૯૬૬
## ગાથા-૮૦ થી ૮૨ પ્રવચન નં. ૩૦

જુઓ! કહ્યું છે ને એમાં? 'पंचह संजुत्तु' એ ... પછી છેલ્લું છે 'बे-पंचहं गुणसहिउ' નીચે છે. 'ભેદદષ્ટિથી આત્માનું મનન કરતાં તેને દશ લક્ષણ ધર્મરૂપ વિચારવો જોઈએ.' (બીજા પેરેગ્રાફની પહેલી) લીટી છે ને? 'बे-पंचहं गुणसहिउ' દસ પ્રકારના મુનિના ધર્મ છે ને? સમિતિ આદિ. એ દસ પ્રકારના ધર્મથી વિચાર કરવો તે વ્યવહારનય છે, ભેદદષ્ટિ છે. નિશ્ચયથી તો હું માત્ર જ્ઞાયક સ્વભાવ છું તેનું ધ્યાન કરવું તે જ નિશ્ચય છે. વ્યવહારથી 'ભેદદષ્ટિથી આત્માનું મનન કરતાં તેને દશ લક્ષણ ધર્મરૂપ વિચારવો જોઈએ.'

'આ આત્મા ક્રોધ વિકારના અભાવથી પૃથ્વી સમાન ઉત્તમ ક્ષમાગુણનો ધારક છે.' કોઈ પૃથ્વી ખોદે, કોઈ કટકા કરે તો પૃથ્વી કંઈ બોલે છે? એની ઉપમા આપી છે, હોં! શાસ્ત્રમાં આવે છે. 'પૃથ્વી સમાન ઉત્તમ ક્ષમાગુણનો ધારક છે.' પૃથ્વીને કોઈ ખોદાવે, કાપે, તોડે, છોડે, ભાંગે (તો) પૃથ્વી કાંઈ સામે ક્રોધ કરે છે? ઊંડા ખાડા (કરે), વિષ્ટા નાખે, ખાડા નાખીને અંદર વિષ્ટા પૂરે તો પૃથ્વી કહે છે કે, આમ નહિ કરો. એમ ક્રોધ વિકારના અભાવથી ક્ષમાગુણધારી.. ભગવાનઆત્મા એવી ક્ષમા રાખે. ક્ષમા કરે. જ્ઞાતા-દૃષ્ટા રહીને ક્ષમા (કરે), હોં!

'માનના અભાવથી ઉત્તમ માર્દવ ગુણનો ધારક છે.' આત્મા માર્દવ-કોમળ ગુણનો પિંડ જ આત્મા છે. માર્દવ-નિર્માન સ્વરૂપ છે એવી દૃષ્ટિ કરી નિર્માનતા પ્રગટ કરવી.

'માયાના અભાવથી ઉત્તમ આર્જવ ગુણ ધારક છે.' સરળ, સરળ. આ શું કરવા લેવું છે? ત્યાગમાં લઈ જવું છે એટલે. આ ત્યાગ, ત્યાગ કરે છે ને અત્યારે? દસમાં ત્યાગ ધર્મ. માયાના અભાવથી ઉત્તમ આર્જવ ગુણધારી-સરળ. 'અસત્ય જ્ઞાનના અભાવથી ઉત્તમ સત્ય ધર્મનો ધારક છે.' મહા સત્યસ્વરૂપનો ધરનાર જ આત્મા છે. 'લોભના અભાવથી ઉત્તમ શૌચ ગુણધારક (પવિત્ર) છે.' આત્મા અંતર સંતોષ સ્વરૂપ જ ભગવાનઆત્મા છે તેની દૃષ્ટિ કરીને સ્થિર થવું તે જ આત્માના કલ્યાણનો માર્ગ છે.

'અસંયમના અભાવથી સ્વરૂપમાં રમણતારૂપ ઉત્તમ સંયમ-ગુણધારી છે.' લ્યો, ઉત્તમ સંયમ ગુણધારી. દસ પ્રકારના ધર્મની વ્યાખ્યા ચાલે છે. 'સર્વ ઇચ્છાઓનો અભાવ હોવાથી આત્માનું એક શુદ્ધ વીતરાગભાવે તપવું...' જુઓ! સર્વ ઇચ્છાઓનો અભાવ હોવાથી આત્માનો એક શુદ્ધ વીતરાગભાવે તપવું તે ઉત્તમ તપ ગુણ છે. બહારના તપ તો વ્યવહાર છે. પોતાની વીતરાગદશામાં એકાકાર થઈને શુદ્ધતાથી તપવું, શુદ્ધતાનું પ્રતપન કરવું તેનું નામ ઉત્તમ

www.vitragvani.com



ગુણ છે. 'આ આત્મા પરમ તપસ્વી છે.' એ અપેક્ષાએ તો આત્મા પરમ તપસ્વી ત્રિકાળ છે. તેનું ધ્યાન કરવું તેને પરમ તપસ્વી કહેવાય છે.

અહીંયાં ઓલા લોકો ત્યાગની વાત કરે છે. 'આ આત્મા પોતાની શુદ્ધ પરિણતિ...' નિર્મળ દશા. રાગરહિત શુદ્ધ પૂર્ણ સ્વભાવમાં એકાગ્ર થઈને શુદ્ધ પર્યાય દ્વારા 'આત્માનંદ પોતાને જ આપે છે,...' લ્યો! પોતાની શુદ્ધ પરિણતિને પોતાની દશામાં પોતે રાખે છે તે જ 'ઉત્તમ ત્યાગધર્મ છે.' લ્યો, આ ત્યાગધર્મની વ્યાખ્યા. ઓલા લોકો કહે છે ને, ત્યાગ? સમજાણું કાંઈ? દસ પ્રકારના ત્યાગ ધર્મમાં એમ કહે, આ ત્યાગ, પુસ્તક છોડવું, કોઈને જ્ઞાન દેવું, આમ દેવું તે ત્યાગધર્મ (છે). એ તો બધી વ્યવહારની વાત છે. એ તો વિકલ્પ ઊઠે ને? આ પુસ્તક દઈએ, આને જ્ઞાન હોય તો ઠીક, એવો (વિકલ્પ). નિશ્ચય ત્યાગધર્મની વ્યાખ્યા એ છે કે, પોતાનું શુદ્ધ સ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુમાં એકાકાર થઈને શુદ્ધ દશાને પ્રગટ કરવી, તેમાં અશુદ્ધતાનો ત્યાગ (થાય) તેને ત્યાગધર્મ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'આ આત્માને ઉત્તમ આંકિંચન ગુણ છે.' શું (કહે છે)? 'આ આત્મામાં અન્ય પરમાત્માઓનો, પુદ્ગલ દ્રવ્યનો, ધર્મ, અધર્મ, કાળ, આકાશનો અભાવ છે.' એ આકિંચન ગુણ (છે). મારા સ્વરૂપમાં કોઈ છે જ નહિ. રાગ નહિ, શરીર નહિ, કર્મ નહિ, પરદ્રવ્ય નહિ. એવી અંતર આત્મામાં ભાવના કરવી તેનું નામ આંકિંચન ભાવ-આકિંચન ધર્મ કહેવામાં આવે છે. આત્મા અપરિગ્રહવાન છે. ત્રિકાળ અપરિગ્રહવાન છે. એ પરિગ્રહવાનનું ધ્યાન કરવું, અપરિગ્રહની પરિણતિ પ્રગટ કરવી તેનું નામ આકિંચન ધર્મ કહેવામાં આવે છે. 'પરમ અસંગ છે.' એ આકિંચનની વ્યાખ્યા કરી. 'આ આત્મા ઉત્તમ બ્રહ્મચર્ય ગુણનો ધારક છે.'

'આ આત્મા ઉત્તમ બ્રહ્મચર્ય ગુણનો ધારક છે. નિરંતર બ્રહ્મભાવમાં મગ્ન રહે છે.' એ તો ઉત્તમ બ્રહ્મસ્વરૂપ તો અનાદિઅનંત છે, તેમાં લીન થવું તે ઉત્તમ બ્રહ્મચર્ય છે. કહો, સમજાય છે કાંઈ? કાયાથી બ્રહ્મચર્ય (પાળે એ) તો વ્યવહાર છે. આત્મા બ્રહ્માનંદ ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ, બ્રહ્માનંદ સ્વરૂપ આત્મા જ છે. તેમાં એકાકાર (થઈને) આનંદમાં રહેવું તેનું નામ બ્રહ્મચર્ય કહેવામાં આવે છે. 'આ રીતે દશલક્ષણ ધર્મનો વિચાર કરવો અથવા પોતાના આત્માને દશ ગુણ સહિત વિચારવો.' બીજા દસ લક્ષણ કીધા. ક્યા?

'આ આત્મા અનંત જ્ઞાન, અનંત દર્શન, ક્ષાયિક સમ્યક્ત્વ, ક્ષાયિક ચારિત્ર, અનંત દાન, અનંત લાભ, અનંત ભોગ, અનંત ઉપભોગ, અનંત વીર્ય, અનંત સુખ, આ દશ વિશેષ ગુણોનો ધારક પરમાત્મા સ્વરૂપ છે. એ સર્વજ્ઞ અને સર્વદર્શી હોવા છતાં પણ આત્મજ્ઞ અને આત્મદર્શી છે.' એ પહેલો ગુણ-અનંત જ્ઞાનની વ્યાખ્યા કરી, ભાઈ! આત્મા અનંત જ્ઞાન સ્વરૂપ છે એમ ભેદથી વિચારવું, હોં! આ તો બધું ભેદથી વિચારે છે. વસ્તુ તો અખંડ છે. અભેદમાં તો એકલો જ્ઞાયક ચૈતન્ય સ્વરૂપ ઉપર દૃષ્ટિ કરી ધ્યાનમાં લીન થઈ જવું

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તે જ અભેદ દૃષ્ટિ, તે જ ધ્યાન અને તે જ મોક્ષનો માર્ગ છે.

એમ વિચારવું કે, 'સર્વજ્ઞ અને સર્વદર્શી હોવા છતાં પણ...' આત્મા સર્વજ્ઞ છે, સર્વદર્શી છે છતાં 'આત્મજ્ઞ અને આત્મદર્શી છે.' સર્વને જાણનાર-દેખનાર છે છતાં આત્મજ્ઞ અને આત્મદર્શી છે. સમજાણું કાંઈ? કહે છે ને, સર્વજ્ઞને વ્યવહાર થયો ને? વ્યવહાર થયો ને? એમ કહે છે. વ્યવહાર તો પરની અપેક્ષાએ (કહે છે) પણ સર્વજ્ઞપણું અને સર્વદર્શીપણું, પોતાનો સ્વભાવ જ આત્મજ્ઞ અને આત્મદર્શી, સર્વજ્ઞ અને સર્વદર્શીપણું છે. સમજાય છે કાંઈ? જ્ઞ–તે જ આત્મજ્ઞ છે, આત્મજ્ઞ તે જ સર્વજ્ઞ છે. એમ નહિ કે, સર્વજ્ઞ એટલે પરને જાણવું વ્યવહાર છે, (માટે) વ્યવહાર જૂઠો છે, એમ નહિ. આત્મા સર્વજ્ઞ, સર્વદર્શી સ્વભાવધારી ભગવાનઆત્મા છે એમ અંતરમાં મનન કરવું તે પણ ભેદ છે, પુણ્યનો વિકલ્પ છે. અંતર સ્વરૂપ એકાકારની દૃષ્ટિ કરીને અનુભવ કરવો તે નિશ્ચયધર્મ છે. સમજાણું કાંઈ?

'તે જ્ઞેયની અપેક્ષાએ સર્વજ્ઞ સર્વદર્શી કહેવાય છે.' જુઓ! જ્ઞેયની અપેક્ષાએ કહેવાય છે, બાકી પોતાના જ્ઞાનની અપેક્ષાએ તો આત્મજ્ઞ અને આત્મદર્શી છે. 'શુદ્ધ સમ્યગ્દર્શન ધારણ કરીને નિરંતર આત્મપ્રતીતિમાં વર્તે છે.' લ્યો! શુદ્ધ સમ્યગ્દર્શનનો ધારી, ત્રિકાળ, હોં! અને તેની દૃષ્ટિ કરીને 'નિરંતર આત્મપ્રતીતિમાં વર્તે છે.' ભગવાનઆત્મા નિશ્ચયમાં, અંતર સ્વભાવમાં તો નિરંતર પ્રતીતિમાં વર્તમાન જ આત્મા છે, ત્રિકાળ. એવી દૃષ્ટિ કરી ત્યારે ત્રિકાળ પ્રતીતમાં વર્તમાન છે એવું ભાન થયું. શ્રદ્ધામાં લીધો કે આ આત્મા પૂર્ણાનંદ છે તો પ્રતીતમાં જ્યારે પૂર્ણ આત્મા આવ્યો તો એ આત્મા ત્રિકાળ પ્રતીતમાન જ વર્તમાન છે, ત્રિકાળ પોતાની પ્રતીતિ કરવા સહિત જ આત્મા છે, એમ પ્રતીતિમાં આવ્યું. સમજાણું કાંઈ?

'સર્વ કષાયભાવોના અભાવથી પરમ વીતરાગ યથાખ્યાત ચારિત્રથી વિભૂષિત છે.' ભગવાનઆત્મા સર્વ પુણ્ય-પાપના વિકલ્પ, કષાયથી રહિત વીતરાગ ચારિત્ર છે. જ્યારે પોતાની પર્યાયમાં પણ વીતરાગતા પ્રગટ કરી તો આત્મા ત્રિકાળ વીતરાગ ચારિત્ર સંપન્ન છે એમ અનુભવમાં આવ્યું. સમજાય છે કાંઈ? 'પોતાનો આનંદ પોતાને આપે છે, અનંત દાન કરનાર છે.' પરને દાન કોણ આપે? એ તો જડની ક્રિયા (છે), એ તો થવાવાળી હોય તો થાય છે. દાનનો વિકલ્પ, શુભભાવ આવે છે એ પુણ્ય છે. 'પોતાનો આનંદ પોતાને આપે છે,...' હું આનંદમૂર્તિ છું, અતીન્દ્રિય આનંદ છું, એમ અંતરમાં એકાકાર થઈને પોતાની પર્યાયમાં–અવસ્થામાં આનંદનું દાન આપવું તે પોતામાં દાન દીધું એમ કહેવામાં આવે છે. ઓહોહો..! સમજાય છે કાંઈ? 'પોતાનો આનંદ પોતાને આપે છે,...' પોતાનો આનંદ પોતાને આપે છે. આહાહા..! ઠીક લખ્યું છે. આહાર-પાણી દેવા એ તો પરની ક્રિયા છે, એ ક્યાં આત્મા કરી શકે છે? તેમાં શુભભાવ થાય છે એ પુણ્ય છે.

મુમુક્ષુ :– આપવા કે ન આપવા?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ઉત્તર :- દે કોણ? દેવામાં જે ભાવ આવે છે તે ભાવ શુભભાવ છે, શુભભાવ છે.

મુમુક્ષુ :- પૈસા હોય તો પણ બીજાને ભૂખ્યા રાખવા?

ઉત્તર :- કોણ રાખે? રાખે કોણ ને દે કોણ? સમજાય છે કાંઈ? એક રજકણ પણ તેને કારણે હાલેચાલે છે, તો એ રજકણ આત્મા ચલાવે, દે એમ ત્રણેકાળ આત્મામાં નથી. એક રજકણ, પરમાણુ પણ અહીં આવે છે, જાય છે એ તેને કારણે થાય છે. આત્મા એક રજકણને પણ આપી શકે, લઈ શકે (એવું) આત્મામાં છે જ નહિ. 'રાજમલજી'! એક રજકણને પણ ન કરી શકે તો પરમેશ્વર ક્યાંથી થયો? રજકણને કાંઈ કરે નહિ અને પરમાત્મા થયો? અનંત બળ (ધારક થયો)?

મુમુક્ષુ :- સાધારણ માણસ ઘણું કરે છે અને ભગવાન કાંઈ ન કરે?

ઉત્તર :- કોણ કરે છે? સાધારણ (માણસ) ધૂળેય કરતો નથી. અજ્ઞાની રાગ કરે છે. રાગ અને દ્વેષ કરે છે. દુનિયાના વેપાર-ધંધા ત્રણકાળમાં કોઈ દિ' એ કરતો નથી. એમ હશે? 'મલૂકચંદભાઈ'! દુકાનના થડે બેસીને ધંધા કરે એ તો બધી પુદ્‌ગલની ક્રિયા છે. કહો, સમજાય છે કાંઈ? 'અનુભવ પ્રકાશ'માં ખૂબ લખ્યું છે. આમાં-'આત્માવલોકન'માં પણ લખ્યું છે. સમજાણું? છે ને?

મુમુક્ષુ :- એમાં તો લખ્યું છે, પુદ્‌ગલના છે.

ઉત્તર :- હા, એ પુદ્‌ગલની વાત (છે), એ બધો પુદ્‌ગલનો ખેલ છે. આત્મા ક્યાં કરે એને? સમજાણું કાંઈ? 'અનુભવ પ્રકાશ'માં પાછળ છે. ખાવું, પીવું, હરવું, ફરવું બધી જડની ક્રિયા છે. 'અનુભવ પ્રકાશ', 'દીપચંદજી', 'દીપચંદજી' સાધર્મી થઈ ગયા. ૨૦૦ વર્ષ પહેલાં દિગંબરમાં (થયા), બહુ સરસ! પહેલા તો દિગંબર ગૃહસ્થ પણ એવા હતા, પંડિત પણ ઘણા આત્માર્થી (હતા). 'અનુભવ પ્રકાશ' અહીં છે, લ્યો! અહીં છે. (પાનું-૬૫).

'દશ પ્રકારનો પરિગ્રહ-ક્ષેત્ર, બાગ, નગર, કૂપ, વાપી, તળાવ, નદી આદિ...' જેટલા પુદ્‌ગલો કહીએ છીએ તે બધા પર છે. એને આત્મા કાંઈ કરી શકતો નથી. 'માતા, પિતા, કલત્ર, પુત્ર, પુત્રી, વધૂ, બંધુ, સ્વજન આદિ... સર્પ, સિંહ, વ્યાઘ્ર, ગજ, મહિષા આદિ બધાય દુષ્ટો, અક્ષર, અનક્ષર શબ્દાદિ, ગાવું બજાવવું, સ્નાન, ભોગ, સંયોગ-વિયોગની બધી ક્રિયા, પરિગ્રહનો મેલાપ તે મોટો, પરિગ્રહનો નાશ તે દરિદ્ર વગેરે બધી ક્રિયા...' એ બધી જડની ક્રિયા છે. 'ચાલવું, બેસવું, હાલવું, બોલવું, કંપવું વગેરે બધી ક્રિયા; લડવું, બાથ ભીડવી, ચઢવું, ઊતરવું, કૂદવું, વાંચવું, ખેલવું, ગાવું, બજાવવું વગેરે બધી ક્રિયા-એ સર્વ પુદ્‌ગલનો ખેલ જાણ.'

મુમુક્ષુ :- ખાવું ન આવ્યું ?

ઉત્તર :- આવ્યું ને! શું ન આવ્યું? ખાવું નથી આવ્યું? એ આવ્યું, જુઓ! 'નર, નારક, તિર્યંચ, દેવ, તેમના વૈભવ, ભોગકરણ, વિષયરૂપ ઇન્દ્રિયોની ક્રિયા આદિ સર્વ પુદ્‌ગલનું નાટક

www.vitragvani.com



છે.' લ્યો! પુદ્ગલનો ખેલ છે. આ હાલે, ચાલે, વાણી નીકળે, વેપાર-ધંધા એ તો જડની ક્રિયા (છે), આત્મા એને કરે? 'દીપચંદજી'એ બનાવ્યું છે. સમજાણું? 'આદિ સર્વ પુદ્ગલનો અખાડો છે.' એ સર્વ ઇન્દ્રિય આદિ, ક્રિયા આદિ પુદ્ગલ નાટક છે. 'દ્રવ્યકર્મ, નોકર્મ આદિ સર્વ પુદ્ગલનો અખાડો છે. તેમાં તું ચિદાનંદ રંજિત થઈ પોતાના જાણે છે. પોતાના દર્શનજ્ઞાનચારિત્રાદિ અનંતગુણના અખાડામાં પરિણતિપાત્રો નાચે છે, સ્વરૂપરસ ઊપજાવે છે. જેટલા ગુણ છે તેટલાને વેદે છે. સર્વ ભાવો (–સ્વરૂપ) સત્તા...' એ પછી બીજું લીધું છે. એ બધા પુદ્ગલના ખેલ છે. આ રાંધવું, ખાવું, આ ચૂલા થવા, અગ્નિ સળગવી, પાણી ગળવું એ બધી જડની ક્રિયા, પુદ્ગલનું નાટક છે.

મુમુક્ષુ :– કર્યા વિના રોટલા થાય?

ઉત્તર :– ધૂળેય કરતો નથી. કોણ કરે? તેમાં તેને રાગ-દ્વેષ થાય છે, બસ! કોઈ કરતું નથી. કરે કોણ? (પાનું–૩૩) 'એ પ્રમાણે દેહ જડ છે. એના ભોગને તું પોતારૂપ માની જૂઠ જ જડની ક્રિયાને શા માટે પોતાની માને છે?' લ્યો! 'જેમ સર્પ કોઈને કરડે (અને) કોઈ બીજાને ઝેર ચઢે તો અચરજ માનીએ છીએ. (તેમ) જડ ખાય, પહેરે, સ્નાન, તેલમર્દન આદિ ક્રિયા કરે (ત્યાં) તું કહે છે કે 'મેં ખાધું, મેં ભોગવ્યું' મેં ખાધું, મેં પીધું, મેં ભોગ કર્યો. એ તો જડની ક્રિયા છે. આહાહા..! આ માને ઇ માને નહીં. એ માંદા, માંદા છે, માંદા. મિથ્યાત્વથી માંદા રોગી થઈ ગયા છે, રોગી. જુઓને! એક આ 'દીપચંદજી' જેવા ગૃહસ્થાશ્રમમાં (રહેતા હતા), જેણે 'અનુભવ પ્રકાશ' બનાવ્યું, 'આત્માવલોકન' બનાવ્યું, 'ચિદ્વિલાસ' બનાવ્યું. મહા સાધર્મી, સમ્યગ્જ્ઞાની સાધર્મી થઈ ગયા છે.

મુમુક્ષુ :– તેને કાંઈ સંબંધ નથી?

ઉત્તર :– છે ને! એ ખેલ આત્માનો નહિ અને પોતામાં રાગ થાય એ પણ મારું સ્વરૂપ નહિ, હું ચિદાનંદ સ્વરૂપ છું, એવી દૃષ્ટિ કરવી તેનું નામ સમ્યગ્દર્શન છે.

મુમુક્ષુ :– ખાવું, પીવું કે નહિ?

ઉત્તર :– કોણ ખાય, પીવે? કીધું ને આ? આ શું આવ્યું? આ જડ ખાય, પહેરે અને સ્નાન, તેલમર્દન (કરે). આ તો ગુજરાતી છે, ગુજરાતી કર્યું છે ને? હિન્દીમાં છે. આપણે હિન્દી છે કે નહિ? આ તો હિન્દીનો અનુવાદ છે.

મુમુક્ષુ :– ખાવું કે ન ખાવું?

ઉત્તર :– ઇ કીધું આ. મેં ખાધું, મેં ભોગ કર્યો, એ પરનો સ્વામી થા, પરસ્વામી થાય. પરસ્વામી પણ આવું માને નહિ અને તું મૂંઢ આ શું માને છે? (એમ) કહે છે. લક્ષ્મી પરની. કોઈ એમ પણ ન માને કે આ 'માણેકચોક'માં ઝવેરાત છે, ત્યાં કોઈ નીકળે ઇ માનતો હશે કે આ મારી લક્ષ્મી છે? આ એવું છે. હેં? 'માણેકચોક'માં ઝવેરાતની દુકાન હોય અને માણસ નીકળે તો એમ માની લે, આ મારી ઝવેરાત છે? એમ આ મૂઢ જ્યાં નીકળ્યો ત્યાં

www.vitragvani.com



(પોતાનું માની લીધું). પાગલ કહે. એમ આ જ્યાં નીકળે ત્યાં લક્ષ્મી દેખાણી, બાયડી, છોકરા, કુટુંબ (મારા), એ તો પરવસ્તુ છે, તારી ક્યાં છે? મૂઢ.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ઇ કહે પણ ભાષા જ ક્યાં એની છે? પુદ્ગલ કહે, છોકરો ક્યાં કહે છે? એ તો પુદ્ગલની ભાષા છે. 'ન્યાલભાઈ'! આ ભારે નાટક! એ તો શાસ્ત્રમાં બધી વાત છે. પહેલાના દિગંબર ગૃહસ્થો થયા. 'બનારસીદાસ', 'ટોડરમલજી', 'ભાગચંદજી', 'દ્યાનતરાય', 'દૌલતરામ', 'દીપચંદજી' મોટા સમ્યગ્જ્ઞાની, એની બધી વાત સત્ય છે. આ બસો વર્ષમાં ઘણી ગડબડ થઈ ગઈ. અત્યારે તો બહુ ગડબડ થઈ ગઈ, બહુ ગડબડ. આ વાત માને નહિ. ખોટું છે, એમ કે નહીં.

'મેં ખાધું, મેં ભોગ્યું' (એમ) પરનો સ્વામી થયો.પરનો સ્વામી પણ એવું તો માનતો નથી. જેમકે :– રાજા નોકરનો સ્વામી છે. (છતાં) તેના ધરાવાથી (પાઠાન્તર – નોકર ભોજનથી તૃપ્ત થવાથીઃ રાજા એમ કહેતો નથી કે 'હું ધરાયો છું'. વળી તું દેખ, તારી આવી ચાલ તને જ દુઃખદાયક છે' આવું ઊંધું માને છે, તને દુઃખ થાય છે, જો! સમજાય છે? 'અનુભવ પ્રકાશ', 'ચિદ્વિલાસ', 'આત્માવલોકન' બહુ સરસ ! શાસ્ત્ર પ્રમાણે અંતર દૃષ્ટિથી બહુ સરસ લખ્યું છે પણ અત્યારે તો વાંચનની નિવૃત્તિ નહિ અને ઓલા વાંચે તો શાસ્ત્રની ઉપર દૃષ્ટિથી કયા નયનું કથન છે એની ખબર નહિ. (અત્યારે અજ્ઞાની એમ કહે છે), સોની આભૂષણ બનાવી શકે છે અને આભૂષણનું ફળ ખાઈ શકે છે. ધૂળેય ખાઈ શકતો નથી, સાંભળને! બે ઠેકાણ (વાત) છે. આપણે તો પહેલા હિન્દી વાંચેલું છે ને! હિન્દી પણ વ્યાખ્યાનમાં વાંચ્યું છે અને ગુજરાતી પણ વાંચેલું છે.

મુમુક્ષુ :– હિન્દી ઉપર વ્યાખ્યાન થઈ ગયા છે.

ઉત્તર :– હા, હા.

જુઓ! શું (કહે છે), જુઓ! 'પોતાનો આનંદ પોતાને આપે છે,...' કહો, સમજાણું? 'અનુભવ પ્રકાશ'માં ૩૯ પાનું અને ૬૫ પાનું છે. 'પોતાનો આનંદ પોતાને આપે છે,...' ભગવાનઆત્મા પોતામાં અતીન્દ્રિય આનંદ છે, અંદર સ્વભાવ (છે) એની અંદર એકાકાર થઈ અતીન્દ્રિય આનંદ પ્રગટ કર્યો એ પોતાને પોતે દીધો. બીજો કોણ આપે ને કોણ લે છે? કહો, સમજાણું? તેનું નામ દાન છે. 'અનંત દાન કરનાર છે.'

'નિરંતર સ્વઆત્માનંદનો લાભ કરવો તે જ અનંત લાભ છે.' નિરંતર સ્વઆત્માનો આનંદ (તે લાભ છે). આ પૈસા મળ્યા (તો) લાભ થયો, સાંઈઠ વર્ષે છોકરો થયો તો.. ઓ..હો...! (કરે). ધૂળેય નથી, સાંભળને! પોતાના સ્વરૂપમાં અતીન્દ્રિય આનંદ છે. વિકારથી હટીને નિર્વિકાર આનંદમાં લીન થઈ અતીન્દ્રિય આનંદનો લાભ અવસ્થા-દશામાં થાય તેનું નામ અનંત લાભ કહેવામાં આવે છે. લ્યો, 'મલૂકચંદભાઈ' આ પૈસાનો લાભ, લાભ નથી,

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એમ કહે છે. સાચી વાત છે?

મુમુક્ષુ :- એ તો અનુભવસિદ્ધ વાત છે.

ઉત્તર :- શું અનુભવસિદ્ધ છે? છોકરાઓ કંઈ આપતા નથી, એમ? કોણ આપે કોને? બે છોકરા મોટા ત્રણ કરોડ રૂપિયાવાળા, લ્યો! અહીં આટલા નાના બંગલામાં-મકાનમાં રહેવું? લ્યો, ઉઘાડ્યું ત્યાં ૬૫ પાનું નીકળ્યું, એ નીકળ્યું, જુઓ! પહેલા જે વાંચ્યું ઇ.

'સો કહતે હૈં :- દશ પ્રકાર કા પરિગ્રહ-ક્ષેત્ર, બાગ, નગર, કૂપ, વાપી, તડાગ (તાલાબ), નદી આદિ સબ પુદ્ગલ; માતા, પિતા, કલત્ર, પુત્ર, પુત્રી, વધૂ, બંધુ, સ્વજનાદિ સર્વ (કુટુંબીજન), સર્પ, સિંહ, વ્યાઘ્ર, ગજ, મહિષ આદિ સબ દુષ્ટ; અક્ષર, અનક્ષર, શબ્દાદિ, ગાના, બજાના, સ્નાન, ભોગ, સંયોગ-વિયોગ કી સબ ક્રિયા, પરિગ્રહ કા મિલાપ સો બડા, પરિગ્રહ કા નાશ તો દારિદ્રયાદિ સબ ક્રિયા, ચલના, બૈઠના, હિલના, બોલના, કાંપના આદિ ક્રિયા, લડના, ભિડના, ચઢના, ઉતરના, કૂદના, નાચના, ખેલના, ગાના, બજાના આદિ જિતની ક્રિયાએઁ સબ પુદ્ગલ કા ખેલ જાનો.' ભાઈ! આ તમારી હિન્દીમાં (છે). 'તખ્તમલજી' આ તમારી હિન્દીમાં લીધું. આહાહા..! પુદ્ગલની ખેલ ક્રિયા (છે), તો આ માને કે મારાથી થઈ. મૂઢ છે. તારી દૃષ્ટિમાં જ ફેર છે. આહાહા..!

'નર, નારક, તિર્યંચ, દેવ, ઉનકા વૈભવ, ભોગકરણ, વિષયરૂપ ઇન્દ્રિયોં કી ક્રિયા આદિ સર્વ પુદ્ગલ કા નાટક હૈ. દ્રવ્યકર્મ, નોકર્મ આદિ સર્વ પુદ્ગલ કા અખાડા હૈ, ઉસમેં તૂ ચિદાનંદ રંજિત હોકર અપના જાનતા હૈ.' 'પર મેં અપનાપન માનકર તૂ ઇસપ્રકાર દુઃખ પ્રાપ્ત કર રહા હૈ કિ જૈસે મુરદે કો વસ્ત્રાભૂષણ પહિનાકર માને કિ 'મૈંને પહિને હૈં'. તૂ જીવન્ત હોનેપર ભી ઉનકો જૂઠ હી અપના માન રહા હૈ.' મેં પહેર્યું, આ તો જડની ક્રિયા છે. સમજ્યા ને? 'ઇસપ્રકાર શરીર જડ હૈ; ઉસકે ભોગોં કો તૂ અપને માનકર વ્યર્થ હી કિસલિએ જડ કી ક્રિયા કો અપની માન રહા હૈ?' દેહની ક્રિયા થાય તો કહે, મેં ભોગ લીધો. આ તો જડની ક્રિયા છે, તેં ક્યાં ભોગ લીધો? કેટલું સ્પષ્ટ કર્યું છે! ભોગવી શકે, જડને ભોગવી શકે એવું ક્યાંક આવ્યું છે.

મુમુક્ષુ :- 'કુંદકુંદાચાર્ય' કહે છે.

ઉત્તર :- શું 'કુંદકુંદાચાર્ય' કહે છે? તને ખબર નથી.

મુમુક્ષુ :- તન્મય ન થાય.

ઉત્તર :- તન્મય ન થાય એનો અર્થ શું થયો? તે રૂપે થયા વિના તેનો ભોગ ક્યાંથી આવ્યો? તે રૂપે થયા વિના તેનો કર્તા ક્યાંથી થયો?

'વ્યર્થ હી કિસલિએ જડ કી ક્રિયા કો અપની માન રહા હૈ? જૈસે સાંપ કાટે કિસીકો ઔર વિષ કિસી દૂસરે કો ચઢે તો અચરજ માનતે હૈં. (વૈસે હી) જડ ખાયે, પીએ, સ્નાન, તેલમર્દનાદિ ક્રિયા કરે, (વહાં) તૂ કહે કિ 'મૈંને ખાયા, મૈંને ભોગ લિયા' (ઇસપ્રકાર) પર

www.vitragvani.com



કા સ્વામી હુઆ. સો પર કા સ્વામી ભી ઐસા તો નહીં માનતા. જૈસે રાજા દાસોં કા સ્વામી હૈ. (તથાપિ) ઉનેક તૃપ્ત હોને સે (પાઠાન્તર :– નોકર ભોજન સે તૃપ્ત હોને સે) રાજા ઐસા નહીં કહતા કિ 'મૈં તૃપ્ત હુઆ હૂં'. ઔર તૂ દેખ, તેરી ઐસી ચાલ તુજે હી દુ:ખદાયી હૈ.' આહાહા..! કહો, આ શરીર, વાણી, મન તો જડ છે. તેની ચાલવું, હલવું ક્રિયા તો જડનો ખેલ છે, તારો છે?

મુમુક્ષુ :– દાન તો દેવું કે નહિ?

ઉત્તર :– કોણ દાન આપી શકે છે? દાનનો ભાવ પોતામાં થાય છે. રાગની મંદતા, પુણ્ય (થાય). લક્ષ્મી જાવી, આવવી એ આપણા અધિકારની વાત છે? ભાવ થાય છે કે, આટલી લક્ષ્મી દાનમાં ખર્ચું. ઇ ભાવ શુભભાવ છે, એ પુણ્ય છે. પણ પુણ્યભાવ થયો તો લક્ષ્મી જાય છે એમ પણ નહિ અને લક્ષ્મી જવાની છે તો શુભભાવ થયો છે એમ પણ નહિ અને શુભભાવ થયો તો ધર્મ થયો એમ પણ નહિ. ભારે વાત, ભાઈ! સમજાય છે કાંઈ? 'અનુભવ પ્રકાશ' છે, ભાઈ! જોયું છે ક્યારેય? 'દીપચંદજી'નું છે. 'દીપચંદજી સાધર્મી, કાસલીવાલ' છે. બહુ સરસ! અને સાદી ભાષા. હિન્દી ચાલતી ભાષામાં લખ્યું છે. વ્યાખ્યાન થઈ ગયા છે.

મુમુક્ષુ :– બે દિ'ન ખાય ત્યાં જીવ મોળો પડી જાય.

ઉત્તર :– જીવ મોળો પડે કે શરીર? બે દિવસ ખાવાનું ન મળે તો જીવ મોળો જાય છે, એમ કહે છે, શેઠ! બે દિવસ ન ખાય તો શરીર મોળું કે આત્મા? કોણ મોળું પડે છે? મહા મુનિઓ તો છ-છ મહિનાના અપવાસ કરે છે અને એવી તપસ્યાની લબ્ધિ હોય છે કે શરીર એવું ને એવું રહે. છ-છ મહિનાના અપવાસ કરે અને શરીર એવું ને એવું. સુંદર.. સુંદર.. સુંદર... એમાં શું છે? સમજાય છે કાંઈ?

અહીંયાં તો કહે છે, 'નિરંતર સ્વાત્માનંદનો લાભ કરવો તે જ અનંત લાભ છે.' આ રાગ થવો એ પણ તારો લાભ નથી, પુણ્યભાવ થયા તે પણ તારો લાભ નથી. પરની લક્ષ્મી મળી, સ્ત્રી મળી, કુટુંબ મળ્યું એમાં તને શું લાભ થયો? ધૂળમાં. આહાહા..! 'સ્વાત્માનંદનો જ નિરંતર ભોગ છે.' જુઓ! આત્મા આનંદસ્વરૂપની દૃષ્ટિ કરીને આનંદનો અનુભવ કરવો તેનું નામ ભોગ છે. જડનો ભોગ, શરીરનો ભોગ એ પોતાનો છે? 'પોતાના આત્માનો જ વારંવાર ઉપભોગ છે.' જુઓ! વારંવાર આનંદનો અનુભવ કરવો તે ઉપભોગ છે. પરવસ્તુને કોણ ભોગવે? એકવાર ભોગવાય તે ભોગ અને વારંવાર ભોગવાય તે ઉપભોગ, એમ કહે છે ને? પર ચીજને કોણ (ભોગવે)? એ તો વિકલ્પની વાત કરે છે.

'ગુણોમાં પરિણમન કરતાં કદી પણ ખેદ પામતો નથી એ જ અનંત વીર્ય છે.' અનંત વીર્ય આત્મામાં છે. પોતાની શક્તિનું એકાકાર પરિણમન કરવાથી જેનું બળ ઓછું થતું નથી પણ બળની વૃદ્ધિ થાય છે. કહો, સમજાણું? એ પછી તપસ્યાની વાતું છે. એ કંઈ નહિ.

www.vitragvani.com



કાયક્લેશની વાત છે. નિશ્ચય અને વ્યવહાર પ્રાયશ્ચિત કહ્યું છે, ઠીક છે.

'અભેદનયથી એક અખંડ આત્માનું ધ્યાન કરવું...' અભેદનયથી એક અખંડ આત્માનું ધ્યાન કરવું 'તો સ્વાનુભવની પ્રાપ્તિ થશે.' એ લાભ થયો. 'એ જ આત્મદર્શન છે અને એ જ સુખશાંતિ આપનાર ભાવ છે. એ જ આત્મસમાધિ છે, એ જ નિશ્ચય રત્નત્રયની એકતા છે. મુમુક્ષુ જીવે નિશ્ચિંત થઈને પરમ પ્રેમથી પોતાના આત્માનું જ આરાધન કરવું જોઈએ.' એ 'બૃહત સામાયિક'માં કહ્યું છે. હવે, ૮૧ (ગાથા). હવે આંકડા ગયા. ઓલા આંકડા હતા ને? બે, ચાર (એમ).

---

## આત્મ રમણતામાં તપ-ત્યાગાદિ બધું સમાઈ જાય છે.

अप्पा दंसणु णाणु मुणि, अप्पा चरणु बियाणि।
अप्पा संजमु सील तउ, अप्पा पच्चक्खाणि।।८१।।

આત્મા દર્શન-જ્ઞાન છે, આત્મા ચારિત્ર જાણ;
આત્મા સંયમ-શીલ તપ, આત્મા પ્રત્યાખ્યાન. ૮૧.

અન્વયાર્થ :- (अप्पा दंसणु णाणु मुणि) આત્માને જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન જાણો. (अप्पा चरणु बियाणि) આત્માને જ સમ્યક્ ચારિત્ર સમજો. (अप्पा संजमु सील तउ) આત્મા જ સંયમ છે, શીલ છે, તપ છે. (अप्पा पच्चक्खाणि) આત્મા જ પ્રત્યાખ્યાન અથવા ત્યાગ છે.

---

'આત્મ રમણતામાં તપ-ત્યાગાદિ બધું સમાઈ જાય છે.' લ્યો!

अप्पा दंसणु णाणु मुणि, अप्पा चरणु बियाणि।
अप्पा संजमु सील तउ, अप्पा पच्चक्खाणि।।८१।।

આ શ્લોક તો આપણે 'સમયસાર'માં, 'નિયમસાર'માં આવે છે. 'આત્માને જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન જાણો.' સમ્યગ્દર્શન કોઈ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિ વિકલ્પ એ કોઈ સમ્યગ્દર્શન નથી. આહાહા..! આત્માને સમ્યગ્દર્શન (જાણો). ભગવાનઆત્મા પૂર્ણ અનંત શુદ્ધભાવથી ભરેલો આત્મા, તેની અંતર્મુખ થઈને દૃષ્ટિ નિર્વિકલ્પ પ્રતીત કરવી તે આત્મા જ સમ્યગ્દર્શન છે, આત્મા જ સમ્યગ્જ્ઞાન છે. શાસ્ત્રનું જ્ઞાન આદિ વ્યવહાર સમ્યગ્જ્ઞાન (છે). આ નિશ્ચય (સમ્યગ્જ્ઞાન), આત્માનું જ્ઞાન. આત્મા જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ સ્વરૂપ છે, તેનું અંતરમાં જ્ઞાન કરવું તેનું નામ સમ્યગ્જ્ઞાન છે અને તે સમ્યગ્જ્ઞાન આત્મા છે.

'આત્માને જ સમ્યક્ચારિત્ર સમજો.' આત્મામાં નિર્વિકલ્પ ચારો ચરવો, 'નિર્વિકલ્પ

www.vitragvani.com



ઉપયોગમાં નહિ કર્મનો ચારો' એવું આવે છે. 'યશોવિજય'. સમજ્યા? ભગવાનઆત્મા પુણ્ય-પાપના રાગથી હટીને પોતાના પૂર્ણ શુદ્ધ સ્વરૂપમાં એકાકાર થઈ નિર્મળતા, વીતરાગતાની પર્યાય પ્રગટ કરવી તે ચારિત્ર (અને) તે આત્મા છે. કહો, સમજાણું?

'મુંબઈ'માંથી નીકળવું હાલાહાલ થતું હશે ને? પણ આ નગરીમાંથી નીકળીને જાવું છે ક્યાં એની એને ખબર છે? આત્મસ્થિતિ અહીં દેહની પૂરી થઈ જાય, ક્યારે થશે એની એને ખબર છે? સ્થિતિ તો પૂરી થઈ જવાની. ફડાક દઈને અંદરથી નીકળશે. એની ચિંતા કરને! નગરીમાં ન્યાં ક્યાં પડ્યો છો? ભગવાનઆત્મા દેહ છોડીને ચાલ્યો જશે. ક્યાં જાશે?

ભગવાનઆત્મા હું શુદ્ધ સ્વરૂપ પરમાનંદ છું, એવી પ્રતીતિ કરી સ્વરૂપમાં લીન થવું તેનું નામ સાચું ચારિત્ર છે, તે આત્મા છે. તે ચારિત્ર છે. નગ્નપણું ચારિત્ર નથી. અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ છે તે ચારિત્ર નથી. અઠ્યાવીસ મૂળગુણ પાળવા એ ચારિત્ર નથી, એ તો રાગ છે. વ્યવહાર ચારિત્ર કહે છે, ક્યારે? જો નિશ્ચયચારિત્ર હોય તો. પોતાનું શુદ્ધ સ્વરૂપ ચારિત્રમય છે, શાંત વીતરાગ સ્વરૂપ છે તેમાં દૃષ્ટિ લગાવી સ્થિર થવું તે ચારિત્ર આત્મા જ છે. કેમકે આત્મા સાથે એ નિર્મળ પર્યાય અભેદ થઈ. મહાવ્રતના રાગાદિ ઉત્પન્ન થાય છે તે તો ભેદ થયો. રાગ ભેદ પડે છે, તે સાચું ચારિત્ર નથી.

'આત્મા જ સંયમ છે,...' લ્યો, સમજાય છે કાંઈ? એની વ્યાખ્યા પછી કરશે, હોં! આત્મા 'શીલ છે,...' અને આત્મા 'તપ છે.' આત્મા તપ છે. અને 'આત્મા જ પ્રત્યાખ્યાન અથવા ત્યાગ છે.' લ્યો! આત્મા જ પ્રત્યાખ્યાન, ત્યાગ છે. એ આપણે અહીં વિસ્તારથી આવી ગયું છે.

'આત્માના સ્વભાવમાં રમણતા થતાં જ બધાય મોક્ષના સાધન નિશ્ચયનયથી પ્રાપ્ત થઈ જાય છે.' (ભાવાર્થની) પહેલી લીટી. ભગવાનઆત્મા પૂર્ણાનંદ સ્વરૂપ શુદ્ધ ધ્રુવ શાશ્વત વસ્તુમાં રમણતા થતાં પોતાના શુદ્ધ સ્વભાવમાં લીનતા, રમણતા થતાં જ 'બધાય મોક્ષના સાધન નિશ્ચયનયથી...' યથાર્થપણે 'પ્રાપ્ત થઈ જાય છે.' તે સિવાય મોક્ષનું સાધન બીજા કોઈથી થતું નથી.

'વ્યવહારનયથી દેવ-શાસ્ત્ર-ગુરુ અને જીવાદિ સાત તત્ત્વોનું શ્રદ્ધાન સમ્યગ્દર્શન છે.' વિકલ્પ, શુભરાગ. વ્યવહારનયથી, હોં! દેવ-ગુરુ-શાસ્ત્રનું શ્રદ્ધાન, સાત તત્ત્વોનું (શ્રદ્ધાન). 'નિશ્ચયથી તે આત્માનો જ નિજ ગુણ છે. જ્યાં શ્રદ્ધા અને રુચિ સહિત આત્મામાં સ્થિરતા કરવામાં આવે છે...' જોયું? સ્થિરતા કરવામાં આવે, એમ લીધું. 'ત્યાં જ ભાવનિક્ષેપરૂપ યથાર્થ પરિણમનશીલ સમ્યગ્દર્શન છે.' છે ને, એટલી સ્થિરતા નથી? ઠીક લખ્યું છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, સાત તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા તો શુભરાગરૂપ છે. આત્મા પોતાનો નિર્મળાનંદ પ્રભુ શુદ્ધ સ્વભાવે છે તેની શ્રદ્ધા, રુચિનું થવું અને તેમાં પરિણમન નિશ્ચય, ભાવનિક્ષેપથી નિર્મળાનંદનું પરિણમન થવું તેનું નામ ભગવાન સમ્યગ્દર્શન કહે છે. તે

www.vitragvani.com



સમ્યગ્દર્શન જ આત્મા છે. આત્માથી તે નિર્મળ પર્યાય ભિન્ન નથી. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એ તો નિર્મળ પર્યાયથી ભિન્ન વિકલ્પ છે, રાગ છે.

'વ્યવહારમાં આગમજ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે...' વ્યવહારથી શાસ્ત્રનું જ્ઞાન. 'નિશ્ચયથી જ્ઞાનમાં પોતાના આત્માના શુદ્ધ સ્વભાવનું ઝળકવું તે જ સમ્યગ્જ્ઞાન છે.' નિશ્ચય યથાર્થતામાં પોતાના જ્ઞાનમાં પોતાના આત્માનો શુદ્ધ સ્વભાવ ઝળકવો (તે સમ્યગ્જ્ઞાન છે). શુદ્ધ સ્વભાવનું ભાન અંદર જ્ઞાનમાં થવું તેનું નામ સમ્યગ્જ્ઞાન છે.

'વ્યવહારમાં સાધુ કે શ્રાવકના મહાવ્રત અથવા અણુવ્રતરૂપ આચરણ તે વ્યવહાર ચારિત્ર છે.' વ્યવહાર ચારિત્ર, હોં! 'નિશ્ચયથી વીતરાગભાવ જ સમ્યક્ચારિત્ર છે.' નિશ્ચય પોતાના શુદ્ધ સ્વરૂપમાં રમણતા કરવી, એવા નિર્વિકલ્પ આનંદનો અનુભવ થવો તે ચારિત્ર સાચું છે. સાથે પંચ મહાવ્રતના વિકલ્પ આદિ હોય તે વ્યવહાર ચારિત્ર, ઉપચાર ચારિત્ર છે. 'વ્યવહારમાં પાંચ ઇન્દ્રિય અને મનનો નિરોધ તે ઇન્દ્રિયસંયમ અને પૃથ્વીકાયાદિ છ પ્રકારે પ્રાણીઓની રક્ષા તે પ્રાણીસંયમ છે.' તે વ્યવહાર છે, વિકલ્પ છે. 'નિશ્ચયથી પોતાના જ શુદ્ધ સ્વભાવમાં પોતાને સંયમરૂપ રાખવો, બહાર ક્યાંય પણ રાગદ્વેષ ન કરવા તે આત્માનો ધર્મ સંયમ છે.' અહીં તો આત્મા, આત્મા વાત કરી છે ને!

'વ્યવહારે મન, વચન, કાય, કૃત, કારિત, અનુમોદિત એ નવ પ્રકારે કામ વિકાર ટાળીને શીલ પાળવું તે બ્રહ્મચર્ય છે.' એ પણ વ્યવહાર બ્રહ્મચર્ય. વિકલ્પ છે ને! મનથી, વાણીથી, કાયાથી બ્રહ્મચર્ય (પાળે) તે વિકલ્પ, શુભરાગ છે. 'નિશ્ચયથી બ્રહ્મસ્વરૂપ આત્મામાં જ ચાલવું તે નિશ્ચય બ્રહ્મચર્ય છે.' નિશ્ચય બ્રહ્મચર્ય તો પોતાનો બ્રહ્માનંદ ભગવાન, બ્રહ્મ નામ આનંદ, તેમાં ચરવું, લીન થવું તેનું નામ બ્રહ્મચર્ય છે. અતીન્દ્રિય આનંદસ્વરૂપમાં લીન થવું તે બ્રહ્મચર્ય છે. બધા અર્થોમાં ફેર. વ્યવહાર અને નિશ્ચયના બધા અર્થોમાં ઘણો ફેર પડી ગયો છે. લોકો તો (એમ કહે છે), વ્યવહાર તે જ સાધન છે, તે જ સાધન છે. 'મખ્ખનલાલજી'. 'એ સાધન–શ્રાવક, મુનિના વ્રતાદિ સાધન (છે), તેનાથી મુક્તિનો માર્ગ છે. તેને તો 'સોનગઢ' કહે છે કે, પુણ્યબંધનું કારણ છે.' 'સોનગઢ' કહે છે કે ભગવાન કહે છે? ભગવાન કહે છે, પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ આ શું કહે છે? જુઓને આ! 'યોગીન્દ્રદેવ' મુનિ (કહે છે). કેટલા વર્ષ થયા? હજાર-બારસો વર્ષ પહેલા (થયા). સમજાય છે?

'યોગીન્દ્રદેવ' મહા નગ્ન મુનિ દિગંબર વનવાસી સાધુ કહે છે કે, પંચમ આરામાં પણ ચારિત્ર તો દર્શન, જ્ઞાન તેને કહે છે, પોતાના શુદ્ધ ભગવાનઆત્માની પ્રતીત, અનુભવ અને તેમાં સ્થિરતા થાય તેને દર્શન, જ્ઞાન, ચારિત્ર કહે છે. વ્યવહાર તો જાણવા લાયક છે, વસ્તુ નથી. શું કહે છે અહીંયાં? 'अप्पा दंसणु णाणु मुणि, अप्पा चरणु बियाणि।' આત્મા, આત્મા ને આત્મા પોકાર કરે છે. ખબર નથી એને કે પાંચમા આરામાં આવા જીવો પાકશે? માર્ગ તો આ છે. સમજાય છે કાંઈ? 'પરમાત્મ પ્રકાશ'માં કેવું લખ્યું છે! આગળ કહેશે,

મેં મારા... પહેલા કીધું કે, ભવ્ય જીવોને સંબોધન અર્થે કહ્યું છે. પછી (કહેશે), મારી ભાવના માટે મેં બનાવ્યું છે. મારી ભાવના માટે મેં બનાવ્યું છે, છેલ્લે કહેશે. ઠીક! પોતે કહે છે, મને તો એ ઘોલન ચાલે છે તે મેં બનાવ્યું છે. સમજાણું કાંઈ?

'વ્યવહારથી બાર પ્રકારનું તપ...' પાળવું. એ શુભ વિકલ્પ (છે), બાહ્ય વ્યવહાર તપ. 'નિશ્ચયથી આત્માના શુદ્ધ સ્વરૂપમાં તપવું...' કહો, સમજાય છે કાંઈ? એક આત્મા.. આત્મા. પણ આત્મા સિવાય બીજું હોય શું? અનાત્મામાં ધર્મ થાય છે? પુણ્ય-પાપના પરિણામ તો અનાત્મા છે. દેહની ક્રિયા, વાણીની ક્રિયા તો જડ છે, અજીવ છે, શું તેમાં ધર્મ થાય છે? ભગવાનઆત્મા... સમજાય છે? ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. નીરખે ધ્રુવનો તારો. ભગવાન શાશ્વત ચૈતન્ય ધ્રુવની અંદર લીન થવું તે જ આત્માનું તપ કહેવાય છે. એ તપ છે. બાકી બધું વ્યવહાર તપ કહેવાય અથવા લાંઘણ કહેવાય.

'આત્મિક ભાવમાં પ્રકાશ પામવા માટે આ તપ સહાયક છે.' આ ઇચ્છા, શુદ્ધ સ્વરૂપમાં રમવું, હોં! 'તપસ્વી, યોગીને માટે ઉચિત છે કે ઇન્દ્રિયદમન અને મન, વચન, કાયની શુદ્ધિ માટે ઉપવાસ કર્યા કરવા...' એ તો વ્યવહારની વાત છે. 'માત્રાથી ઓછું ભોજન લેવું, જેથી ધ્યાન, સ્વાધ્યાયમાં પ્રમાદ ન થાય.' (પછી) બાર પ્રકારના તપની વ્યાખ્યા કરી છે. સમજાણું? વ્યવહારની (વાત કરી છે). એ પણ અર્થ કર્યા છે, બાર પ્રકારના તપની વ્યાખ્યા કરી છે.

'અંતરમાં વિભાવોથી અને બહારમાં શરીરાદિ પર વસ્તુઓથી વિશેષ મમતાનો ત્યાગ તે બ્રહ્મચર્ય તપ છે.' અંતરંગ વિકાર, વિભાવના વિકલ્પથી બહારમાં શરીરાદિ પર વસ્તુઓથી વિશેષ મમતાનો ત્યાગ કરવો તે બ્રહ્મચર્ય તપ છે. તપના ભેદ છે ને, તપના? 'ધર્મધ્યાનનો એકાંતમાં અભ્યાસ કરવો ધ્યાનતપ છે. આ બાર પ્રકારના તપમાં વર્તતા પોતાના આત્માનો પ્રકાશ કરવો તે જ નિશ્ચયતપ છે.' લ્યો, એ અનશન આદિ બધું એમાં થોડું થોડું લઈ લીધું છે. સમજાણું?

'પોતાના આત્માને સર્વ પર દ્રવ્યથી અને પરભાવોથી ભિન્ન અનુભવવો તે નિશ્ચય પ્રત્યાખ્યાન છે. અભિપ્રાય એ છે કે જ્યારે આ ઉપયોગ પોતાના જ આત્માના શુદ્ધ સ્વરૂપમાં લીનતા કરીને સ્વાનુભવમાં રહે છે ત્યારે જ વાસ્તવમાં રત્નત્રય સ્વરૂપ મોક્ષમાર્ગ છે. તપ જ જો કે સંયમ છે, શીલ છે, પ્રત્યાખ્યાન છે માટે આત્મસ્થ રહેવું યોગ્ય છે.' એ દરેકનું વ્યવહાર, નિશ્ચય ઉતાર્યું છે. દાખલો આપ્યો છે, જુઓ! 'સમયસાર'નો આધાર (આપ્યો છે). 'કુંદકુંદાચાર્યદેવ' પણ આમ કહે છે.

आदा खु मज्झ णाणे, आदा मे दंसणे चरित्ते य।
आदा पच्चक्खाणे आदा मे संवरे जोगे।।१८।।

'કુંદકુંદાચાર્યદેવ' કહે છે, 'નિશ્ચયથી મારા જ્ઞાનમાં,...' આત્મા છે. વિકલ્પમાં આત્મા

www.vitragvani.com



છે એમ નહિ. જ્ઞાન, જ્ઞાન–સમ્યગ્જ્ઞાનમાં મારો આત્મા જ સમીપ છે, મારા સમ્યગ્જ્ઞાનમાં આત્મા જ સમીપ છે. મારા દર્શનમાં આત્મા જ સમીપ છે, ચારિત્રમાં આત્મા જ સમીપ છે. અને 'જ્યારે હું રત્નત્રયમાં રમણતા કરું છું ત્યારે આત્માની પાસે પહોંચું છું.' સમજાય છે કાંઈ? 'ત્યાગભાવમાં રહેવું એ પણ આત્મામાં રહેવું છે.' પચ્ચખાણ કર્યા ને, પચ્ચખાણ? 'આસ્રવભાવના નિરોધરૂપ સંવર ભાવમાં અથવા એકાગ્ર યોગાભ્યાસમાં પણ આત્મા જ સન્મુખ રહે છે.' લ્યો! એ 'आदा मे संवरे जोगे' આપણે વ્યાખ્યા આવી ગઈ છે.

---

પરભાવોનો ત્યાગ જ સંન્યાસ.

जो परयाणइ अप्प परु, सो परु चयइ णिभंतु।
सो सण्णासु मुणेहि तुहुँ, केवल-णाणि उत्तु।।૮૨।।

જે જાણે નિજ આત્માને, પર ત્યાગે નિર્ભ્રાન્ત;
તે જ ખરો સંન્યાસ છે, ભાખે શ્રી જિનનાથ. ૮૨.

અન્વયાર્થ :– (जो अप्प परु परयाणइ) જે સ્વ અને પરને ઓળખી લે છે (सो णिभतु परु चयइ) તે કાંઈ પણ ભ્રમ વિના પરને છોડી દે છે. (तुहुं सो सण्णासु मुणेहि) તું તેને જ સંન્યાસ અથવા ત્યાગ જાણ. (केवल-णाणिं उत्तु) એમ કેવળજ્ઞાનીએ કહ્યું છે.

---

૮૨. 'પરભાવોનો ત્યાગ જ સંન્યાસ' છે. હવે સંન્યાસ આવ્યો, સંન્યાસ.

जो परयाणइ अप्प परु, सो परु चयइ णिभंतु।
सो सण्णासु मुणेहि तुहुँ, केवल-णाणि उत्तु।।૮૨।।

જે આત્મા (સ્વ અને) 'પરને ઓળખી લે છે...' 'अप्प परु' પોતાના આનંદ શુદ્ધ સ્વરૂપને જાણે છે, પર–પુણ્ય-પાપના વિકલ્પ એ પર અને શરીરાદિ પર, બન્નેને જે ઓળખી લે છે 'તે કાંઈ પણ ભ્રાંતિ વિના પરને છોડી દે છે.' 'परु चयइ' છે ને? પોતાના શુદ્ધ સ્વભાવનું જ્ઞાન કરીને અને રાગાદિ પર ભિન્ન છે એવું જ્ઞાન કરીને રાગાદિને છોડીને સ્વરૂપમાં રહે છે, સ્થિર રહે છે તેને અહીંયાં સંન્યાસી કહેવામાં આવ્યા છે, ત્યાગી કહેવામાં આવ્યા છે. સંન્યાસી આવ્યા, સંન્યાસી, જૈનના સંન્યાસી.

મુમુક્ષુ :– જૈનમાં જ સંન્યાસી હોય છે, બીજે હોય ક્યાં?

ઉત્તર :– બીજે હોય છે ક્યાં? બીજામાં ખોટા સંન્યાસી છે. જૈન સિવાય, જૈન પરમેશ્વર સિવાય કોઈ સાચો સંન્યાસી ત્રણકાળમાં હોતો નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અહીં કહે છે, ન નહિ. લૂગડાં સંન્યાસ નથી, રાગ પણ નથી. રાગનો ત્યાગ (તે સંન્યાસ છે). આ રાગ છે, આ વીતરાગ સ્વરૂપ છે. આત્મા વીતરાગ સ્વરૂપ છે, આ રાગ છે (એમ) બેયનું જ્ઞાન કરીને અહીંયાં (આત્મામાં) ઠરવું (અને) રાગને છોડવો તેનું નામ સંન્યાસ છે. લ્યો, આ સંન્યાસી. આમ અડધું કપડું પહેરીને નીકળતા હતા ને પહેલા? આ દેરાવાસી સાધુ પહેરે એમ. અડધું પહેરતા, પહેલા એવો વેશ ભજવ્યો હતો. (સંવત) ૧૯૯૯માં.

'તેને જ સંન્યાસ અથવા ત્યાગ જાણ.' જુઓ! સમજાય છે? 'એમ કેવળજ્ઞાનીએ કહ્યું છે.' જુઓ! 'केवल-णाणिं उत्तु' છે ને? 'केवल-णाणिं उत्तु'. સર્વજ્ઞ પરમેશ્વર એમ કહે છે કે, પોતાનો આત્મા વીતરાગ સ્વરૂપ આત્મા છે અને દયા, દાનાદિ વિકલ્પ રાગ છે, બેનું જ્ઞાન કરીને રાગને છોડી સ્વરૂપમાં સ્થિર થવું તેનું નામ ત્યાગ, સંન્યાસ કેવળજ્ઞાની કહે છે. 'અંતરંગમાં પર ભાવોના મમત્વના ત્યાગને સંન્યાસ કહે છે.' સંન્યાસની વ્યાખ્યા.

મુમુક્ષુ :- સંન્યાસ આશ્રમ...

ઉત્તર :- આ આશ્રમ છે, બહારનો આશ્રમ કે દિ' હતો? ગૃહસ્થાશ્રમ, બ્રહ્મચર્યાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસ એમ ચાર આશ્રમ છે ને? એ બધા ખોટા છે. આ ભગવાન કહે છે ઇ આશ્રમ સાચો છે.

'અંતરંગમાં પર ભાવોના...' પુણ્ય-પાપના વિકલ્પ જે પરભાવ છે તેના મમત્વનો ત્યાગ, તેનું નામ ભગવાન સંન્યાસ કહે છે. બહારનો ત્યાગ નહિ. બાહ્ય (પદાર્થ) તો ક્યાં અંદરમાં ઘૂસી ગયા છે. શુભ ને અશુભ રાગ, પુણ્ય-પાપના ભાવ બન્ને રાગનો ત્યાગ, તેને ભગવાન સંન્યાસ કહે છે. 'બાહ્ય પરિગ્રહનો ત્યાગ અંતરંગ ત્યાગભાવનું નિમિત્ત સાધન છે.' નિમિત્ત છે. નિમિત્ત સાધન, વ્યવહાર કહેવામાં આવે છે.

'આ સંન્યાસનો પ્રારંભ સમ્યગ્દષ્ટિ અવિરતીને થઈ જાય છે.' આ આવ્યું. 'બંધ અધિકાર'માં કહ્યું છે, નહિ? 'જયસેનાચાર્યદેવ' કહે છે, અંતરંગથી તો ચોથા ગુણસ્થાનવાળો અબંધ પરિણામી છે. અબંધ છે, અબંધ છે એમ કહ્યું છે. લખ્યું છે. પોતાનો નિજ શુદ્ધ આત્મા અનંત અનંત એક એક ગુણની તાકાત અને એવા અનંત ગુણ તાકાત સંપન્ન પ્રભુ, તેનો અંતરમાં અનુભવ-નિર્વિકલ્પ અનુભવમાં પ્રતીતિ થવી (તે સમ્યગ્દર્શન છે). રાગનો તો તેમાં-દૃષ્ટિમાં ત્યાગ જ છે, જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય તે ભાવનો પણ દૃષ્ટિમાં તો ત્યાગ છે. સમ્યગ્દષ્ટિને ચોથે ગુણસ્થાને રાગનો તો ત્યાગ છે, સ્વભાવનું ગ્રહણ છે. આહાહા..!

પોતાનો સ્વભાવ એક સમયના રાગથી ભિન્ન પૂર્ણાનંદ પ્રભુ છે. એ રાગનો ઉદયભાવ જે સંસાર છે તેનો ત્યાગ અને પોતાના શુદ્ધ સ્વભાવનું ગ્રહણ, તેમાં લીનતા (થવી) તેનું ભગવાન સંન્યાસ કહે છે. એ ચોથે ગુણસ્થાનથી અવિરતી સમ્યગ્દષ્ટિને સંન્યાસનો પ્રારંભ થઈ જાય છે. સમજાય છે કાંઈ? અને જેને ઘરે છન્નુ હજાર સ્ત્રી, છન્નુ કરોડ પાયદળ અને હીરાના સિંહાસન અને મોટા મોટા દાગીના, મુગટ, એક એક મુગટના અબજો રૂપિયા!

www.vitragvani.com



અંદરમાં એ બધાનો સ્વામી નથી. પુદ્ગલનો સ્વામી નથી, શરીરનો સ્વામી નથી, વાણીનો સ્વામી નથી, રાગનો સ્વામી નથી, અંતરમાં શુભ-અશુભ રાગ થાય છે તેનો પણ સ્વામી નથી. એ સંન્યાસી છે, એવી દૃષ્ટિની અપેક્ષાએ છે. દૃષ્ટિની અપેક્ષાએ. સ્થિરતાની અપેક્ષાએ મુનિ સંન્યાસી છે. અવ્રત પરિણામનો ત્યાગ કરીને અંદરમાં સ્થિર થયા તે સ્થિરતાની અપેક્ષાએ. સમજાય છે કાંઈ? એ સંન્યાસનો પ્રારંભ સમ્યગ્દૃષ્ટિ અવિરતીને થઈ જાય છે.

'સમ્યગ્દૃષ્ટિ સારી રીતે જાણે છે કે મારું સ્વામીપણું...' જુઓ! આવ્યું, જુઓ! 'મારા આત્મા ઉપર જ છે.' સમ્યગ્દૃષ્ટિ જીવ ચોથે ગુણસ્થાને હો, અવિરતી ભાવ પણ હો છતાં એમ માને છે (કે), મારું સ્વામીપણું મારા એક આત્માથી છે. સ્વસ્વામીસંબંધ (એવો) પોતાનો ગુણ આત્મામાં છે. સ્વસ્વામીસંબંધ. સ્વ (અર્થાત્) પોતાની શુદ્ધતા, તેનો હું સ્વામી. ચૈતન્ય સહજાત્મ સ્વરૂપનો હું સ્વામી. દયા, દાન, વ્રતનો વિકલ્પ ઊઠે તેનો પણ હું સ્વામી નહિ. સમજાય છે કાંઈ? શુભાશુભ પરિણામનું સ્વામીત્વ તે મિથ્યાદર્શન છે. છે? શુભાશુભ પરિણામ બંધનું જ કારણ છે. સમ્યગ્દૃષ્ટિ કહો કે મિથ્યાદૃષ્ટિ કહો, શુભાશુભ પરિણામ બંધનું જ કારણ છે. તેનું સ્વામીપણું મિથ્યાદર્શન છે. સમ્યગ્દૃષ્ટિ તેનો સ્વામી નથી. એમાં આવ્યું ને?

'મારા આત્માનું અભેદરૂપ દ્રવ્યત્વ મારું દ્રવ્ય છે.' દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ કહે છે. મારો આત્મા એકસ્વરૂપે દ્રવ્ય-વસ્તુ છે તે મારું દ્રવ્ય છે. લક્ષ્મી-બક્ષ્મી એ મારું દ્રવ્ય નથી. 'મારા આત્માનું અસંખ્યાત પ્રદેશ ક્ષેત્ર મારું ક્ષેત્ર છે.' આ શરીરનું ક્ષેત્ર ને બહારના મકાનના ક્ષેત્ર, રાગનું ક્ષેત્ર મારું નહિ. 'મારા આત્માના ગુણોનું સમય સમયનું પરિણમન તે મારો કાળ છે,...' તમારે અત્યારે કાળ બહુ સારો છે, હોં! દીકરા, પૈસા એ મારો કાળ નહિ. મારા આત્મગુણની વર્તમાન પરિણતિ-પર્યાય તે મારો કાળ છે. સમજાય છે કાંઈ? 'મારા આત્માના શુદ્ધ ગુણ એ મારો ભાવ છે.' દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ લીધા. આત્મામાં ત્રિકાળ શુદ્ધ ભાવ, અનંત શુદ્ધ ભાવ છે તે મારો ભાવ છે. વર્તમાન નિર્મળ દશા (છે) તે મારો કાળ (છે). મારું અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર, અભેદ દ્રવ્ય સ્વરૂપ હું દ્રવ્ય-પદાર્થ (છું). આહાહા..! સમજાય છે કાંઈ?

'હું સિદ્ધ સમાન શુદ્ધ નિરંજન નિર્વિકાર છું. હું પૂર્ણ જ્ઞાનદર્શનવાળો છું,...' એમ સમ્યગ્દૃષ્ટિ પોતામાં માને છે. હું અપૂર્ણ જ્ઞાનવાળો છું એમ નથી તો પછી રાગવાળો છું ને પૈસાવાળો છું, એ તો સમ્યગ્દૃષ્ટિ માનતા નથી. ધર્મી-સમ્યગ્દૃષ્ટિ પોતાને પૂર્ણ જ્ઞાનદર્શનવાન, પૂર્ણ આત્મવીર્યના ધણી માને છે, સિદ્ધ સમાન નિર્વિકાર શુદ્ધ માને છે. તે અપૂર્ણ પર્યાય, રાગાદિ, તેનો બંધ, તેનો બાહ્ય સંયોગ, તેના સ્વામી જ્ઞાની થતા નથી. એ અપેક્ષાએ તેને પરનો સંન્યાસ છે. કહો, સમજાણું કાંઈ?

'પરમ આનંદમય અમૃતનો અગાધ સાગર છું,...' આહાહા..! મોટો દરિયો હોય ને? દરિયો, સમુદ્ર. અગાધ.. અગાધ.. અગાધ.. હેઠે મોતી પડ્યા હોય પણ ક્યાં (ભળે)? અગાધ.

www.vitragvani.com



એમ ભગવાનઆત્મા અરૂપી આનંદસાગર અગાધ, આનંદસાગર અગાધ, અમાપ.. અમાપ.. અમાપ.. અચિંત્ય, અકૃત્રિમ મારો સ્વભાવ અગાધ (છે). એ અમૃતનો અગાધ સાગર છું. 'હું પરમ કૃતકૃત્ય છું.' લ્યો! દૃષ્ટિની અપેક્ષાએ સમકિતી પરમ કૃતકૃત્ય છે. અને 'જીવનમુક્ત છું.' આહાહા..! ચોથું ગુણસ્થાન, સમ્યગ્દર્શનની આ વાત ચાલે છે. એ અપેક્ષાએ તેને પરનો ત્યાગ સંન્યાસ દૃષ્ટિની અપેક્ષાએ કહેવામાં આવ્યો છે. તેને સાચા સંન્યાસી કહે છે. વિશેષ કહેશે..

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જૈનદર્શનની મૂળવસ્તુનો નિર્ણય!

મૂળ વસ્તુસ્વભાવ શું છે તેનો પહેલાં બરાબર નિર્ણય કરવો જોઈએ. આત્માનો જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ શું? અને જ્ઞેય પદાર્થોનો ક્રમબદ્ધ સ્વભાવ શું? તેના નિર્ણયમાં વિશ્વદર્શનરૂપ જૈનદર્શનનો નિર્ણય આવી જાય છે પણ અજ્ઞાનીને તેનો નિર્ણય નથી.

જુઓ, આ મૂળવસ્તુ છે. તેનો પહેલાં નિર્ણય કરવો જોઈએ. આ મૂળવસ્તુના નિર્ણય વગર ધર્મ થાય તેમ નથી. જેમ કોઈ માણસ બીજા પાસે પાંચ હજાર રૂપિયાની ઉઘરાણીએ જાય, ત્યાં સામો માણસ તેને લાડવા જમાડે; પણ આ તો કહે કે ભાઈ! જમવાની વાત પછી, પહેલા મુદ્દાની વાત નક્કી કરો એટલે કે હું પાંચ હજાર રૂપિયા લેવા આવ્યો છું, તેની પહેલાં સગવડ કરો-એ રીતે ત્યાં પણ મુદ્દાની વાતને મુખ્ય કરે છે; તેમ અહીં મુદ્દાની રકમ એ છે કે આત્મા જ્ઞાનસ્વભાવ છે તેનો નિર્ણય કરવો. આત્મા જ્ઞાયકસ્વભાવ છે ને પદાર્થોની પર્યાયનો ક્રમબદ્ધસ્વભાવ છે એનો જે નિર્ણય કરતો નથી ને 'આવું નિમિત્ત જોઈએ ને આવો વ્યવહાર જોઈએ એમ વ્યવહારની રુચિમાં રોકાઈ જાય છે તેને જરા પણ હિત થતું નથી. અહો..! હું જ્ઞાયક છું - એ મૂળ વાત જેને પ્રતીતમાં આવી તેને ક્રમબદ્ધપર્યાય બેઠા વગર રહે નહિ અને જ્યાં આ વાત બેઠી ત્યાં બધા ખુલાસા થઈ જાય છે.

(આત્મધર્મ — ઑગસ્ટ - ૨૦૦૮)

www.vitragvani.com



## વીર સંવત ૨૪૯૨, અષાઢ વદ ૭, રવિવાર
## તા. ૧૦-૦૭-૧૯૬૬
## ગાથા-૮૨, ૮૩ પ્રવચન નં. ૩૧

'પરભાવોનો ત્યાગ જ સંન્યાસ' છે. ત્યાગ, ત્યાગ. આત્મામાં પરભાવોનો ત્યાગ, તેનું નામ સંન્યાસ કહો કે ત્યાગ કહો કે તેનો સ્વભાવમાં અભાવ છે (એમ કહો). સર્વ વિકાર, પુણ્ય-પાપનો આત્મામાં અભાવ છે. એવા આત્મામાં દૃષ્ટિ થવાથી આત્મામાં વિકારનો ત્યાગ થયો. કોઈ કહે છે ને કે ચોથા ગુણસ્થાને વિકારનો ત્યાગ નથી, સમ્યગ્દર્શનમાં ત્યાગ નથી. (અહીંયાં) ત્યાગ આવ્યો, જુઓ! **'जो परयाणइ अप्प परु, सो परु चयइ णिभंतु'** જે કોઈ આત્મા પોતાના આત્માનું સ્વરૂપ શુદ્ધ આનંદ (છે) અને પરનું સ્વરૂપ, વિકાર અને પર અજીવ આદિ (છે), એમ બેનું ભેદજ્ઞાન જાણે છે તે પરને દૃષ્ટિમાંથી છોડે છે. દૃષ્ટિમાંથી છોડે છે – **'परयाणइ'**. તે આદર નથી કરતા. ધર્મી જીવ પોતાનું શુદ્ધ સ્વરૂપ આનંદ (છે) તેનો આદર કરે છે અને વિકાર ને સંયોગનો આદર નથી કરતા. આદર નથી કરતા તેનો અર્થ તેનો સંન્યાસ થયો, દૃષ્ટિમાં તેનો ત્યાગ થયો. સમજાણું કાંઈ?

અહીંયાં એ આવ્યું, જુઓ! ધર્મી જીવ વિચારે છે, 'મારો કોઈ સંબંધ ન અન્ય આત્માઓ સાથે છે ન પુદ્ગલના કોઈ પરમાણુ કે સ્કંધ સાથે છે.' આત્મા છે આત્મા, એ તો શુદ્ધ અરૂપી આનંદઘન આત્મા છે. એવા આત્માની દૃષ્ટિ કરનારો (વિચારે છે કે), મારો પર સાથે કોઈ સંબંધ નથી. અન્ય આત્માઓ સાથે કોઈ સંબંધ નથી, ન પુદ્ગલના એક રજકણ કે સ્કંધ પિંડ સાથે પણ મારો કોઈ સંબંધ નથી. આ સમ્યગ્દર્શનના કાળમાં (વિચારે છે). છે તો ત્રણે કાળ (અભાવ). આત્મામાં વિકાર અને પરનો ત્રિકાળ અભાવ છે પરંતુ દૃષ્ટિમાં આવ્યો ત્યારે વર્તમાન પરનો ત્યાગ દૃષ્ટિમાં થઈ ગયો. કહો, સમજાણું કાંઈ? બરાબર છે? કોઈની ચીજ લાવે છે, બહારથી લાવે છે ને? પોતાના પુત્રના લગ્ન હોય તો લાવે છે, ઘરમાં રાખે છે. શું પોતાની મૂડીમાં તેને ગણે છે? ઘરમાં પુત્રનો કોઈ લગ્ન આદિનો પ્રસંગ હોય અને (કોઈ ચીજ) લાવે, પાંચ હજાર, દસ હજારનો દાગીનો લઈ આવે તો એને પોતાની મૂડીમાં ગણે છે?

મુમુક્ષુ :– એ માગીને, ઉછીનું લાવ્યા છે.

ઉત્તર :– આ (પણ) માગીને, ઉછીનું છે. આત્મામાં છે નહિ. આહા..! દાગીનો માગીને, ઉછીનો (લાવ્યા છે), આગંતુક છે. વિકાર–પોતાની પર્યાયમાં પુણ્ય અને પાપના ભાવ થાય છે એ આગંતુક છે, મહેમાન છે, કાયમની ચીજ નથી. આહાહા..! સમજાણું કાંઈ? 'માંગીરામજી'! આ ત્યાગી. આહાહા..!

www.vitragvani.com



મુમુક્ષુ :- શેના (ત્યાગી)?

ઉત્તર :- રાગના. પોતાનું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, મારો પૂર્ણાનંદ સ્વભાવ (છે) એવી ધર્મીની દૃષ્ટિ થઈ. ધર્મીની દૃષ્ટિ એવી હોય છે-હું તો શુદ્ધ જ્ઞાયક અને આનંદ છું. મારામાં આ રાગ અને પરમાણુનો કાંઈ સંબંધ નથી અને બીજા આત્મા સાથે પણ મારે સંબંધ નથી. સમજાણું કાંઈ?

'ન ધર્મ, અધર્મ, આકાશ અને કાળદ્રવ્ય સાથે છે. ન તો મારામાં આઠ કર્મ છે, ન શરીરાદિ છે,...' અત્યારે, હોં! અત્યારે. 'ન રાગાદિભાવ છે, ન મારામાં ઇન્દ્રિયના વિષયોની અભિલાષા છે,...' જુઓ! ઇન્દ્રિયના સુખની અભિલાષા સુખબુદ્ધિથી થાય તો મિથ્યાદૃષ્ટિ છે. ઇન્દ્રિય, પાંચ ઇન્દ્રિયના વિષયમાં સુખબુદ્ધિની અભિલાષા મિથ્યાદૃષ્ટિને હોય છે. જ્ઞાનીને જરી રાગ આવે છે, પણ તેમાં સુખબુદ્ધિ નથી. અભિલાષા નથી કે, સુખ છે અને એ સુખને હું ભોગવું. ધર્મીને એવો ભાવ (સુખબુદ્ધિ નથી). ઇન્દ્રિયના વિષયસુખમાં સુખબુદ્ધિનો ત્યાગ છે, સમજાણું કાંઈ? લ્યો! એ ત્યાગ થયો કે નહિ? જુઓ!

'ન મારામાં ઇન્દ્રિયના વિષયોની અભિલાષા છે, ન હું ઇન્દ્રિયસુખને સુખ જાણું છું.' સમ્યગ્દર્શન કોને કહે છે? પોતામાં આનંદ છે, આત્મામાં આનંદ છે એ જ મારી ચીજ છે. સમજાણું કાંઈ? એ આગળ (ગાથા-૮૫માં) આવશે, 'જ્યાં ચેતન ત્યાં અનંત ગુણ, કેવળી બોલે એમ.' પછી આવશે, કેવળી ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર કહે છે કે, જ્યાં ચૈતન્ય, ચૈતન્ય, ચૈતન્ય, જાણક જાણક ભાવથી આત્મા છે ત્યાં બધા અનંત ગુણ છે. રાગમાં, શરીરમાં, કર્મમાં, પરમાં પોતાનો કોઈ ગુણ અને પોતાની દશા પરમાં નથી. સમજાણું કાંઈ?

'ન હું ઇન્દ્રિયસુખને સુખ જાણું છું.' આહાહા..! ચક્રવર્તી રાજા હોય, છન્નુ હજાર સ્ત્રી હોય... સમજાય છે? પણ પરમાં સુખબુદ્ધિ નથી. તેમાં સુખ છે એવી બુદ્ધિ નથી. ત્યારે સમ્યગ્દર્શન છે. એમાં સુખ છે (એમ માને તો) એમાં સુખ નથી અને સુખબુદ્ધિ(થી) માને છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! કહો, 'વલ્લભદાસભાઈ'! દેખાય, વિષયમાં ભોગમાં દેખાય પણ અંતરમાં સમ્યગ્દૃષ્ટિ જીવની દૃષ્ટિમાં આત્મામાં અતીન્દ્રિય સુખ મારામાં જ છે, (એમ છે). એ દૃષ્ટિમાં કેટલા પુરુષાર્થની જાગૃતિ છે! મારા આત્મામાં આનંદ છે, ઇન્દ્રિયસુખને હું સુખ માનતો જ નથી, એ તો દુઃખ છે, ઝેર છે, ઉપસર્ગ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'હું અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય સુખને સાચું જ્ઞાન અને સુખ જાણું છું.' જુઓ! સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના આત્માનું અતીન્દ્રિય જ્ઞાન (છે), એ અતીન્દ્રિય જ્ઞાનને જ્ઞાન જાણે છે. શાસ્ત્રજ્ઞાન, લૌકિકજ્ઞાનને સમ્યગ્દૃષ્ટિ-ધર્મી જ્ઞાન નથી જાણતા. સમજાણું કાંઈ? 'અને સુખ જાણું છું.' સમજાણું કાંઈ? અતીન્દ્રિય સુખને જ સાચું જ્ઞાન અને સુખ જાણું છું. આત્મામાં મનથી પાર, રાગથી અતીત-ભિન્ન, ભગવાનઆત્મામાં અતીન્દ્રિય આનંદ છે. સમ્યગ્દૃષ્ટિ-ધર્મી મારામાં આનંદ છે એમ માને છે. આહાહા..! (આ) ભેદજ્ઞાન છે. ઇન્દ્રિય સુખને સુખ

www.vitragvani.com



નથી જાણતો, અતીન્દ્રિય સુખને સુખ (જાણે છે). ઇન્દ્રિય જ્ઞાનને જ્ઞાન નથી (જાણતો), અતીન્દ્રિય જ્ઞાનને જ્ઞાન (જાણે છે). પરવસ્તુથી પૃથક, મારા સ્વભાવથી હું અપૃથક અભેદ (છું). સમજાણું કાંઈ?

'માટે મારું ધન મારી પાસે છે.' લ્યો! આ લક્ષ્મીની પાછળ દોડે છે ને? ધર્મી પોતાનું ધન પોતામાં જોવે છે, તેની પાસે દોડે છે. દોડે છે, કહે છે ને? સમજાય છે કાંઈ? ગૃહસ્થાશ્રમમાં હો, પુરુષ હો, સ્ત્રી હો કે આઠ વર્ષની બાલિકા સમ્યગ્દૃષ્ટિ હો, પરંતુ પોતાના આત્મામાં આનંદ છે તેને લેવા માટે અંદર દોડે છે. કદાચિત્ લગ્ન પણ થઈ જાય, મોટી હોય તો લગ્ન પણ કરે. (પરંતુ જાણે છે કે) નહિ, તેમાં આનંદ નથી. આનંદ લેવા માટે હું લગ્ન નથી કરતી. મારામાં એવો રાગ છે એ દૂર થતો નથી, મારી નબળાઈથી એ દુઃખ આવે છે, એવા દુઃખથી તેમાં જોડાણ થાય છે. સમજાય છે કાંઈ? 'મારું ધન મારી પાસે છે.' જુઓ! 'મલૂકચંદભાઈ'! આ લક્ષ્મીની જરૂર ન રહી. મારા આત્મામાં અનંત જ્ઞાન અને અનંત આનંદ પડ્યા છે, (એવી) મારી લક્ષ્મી મારી પાસે છે.

સમ્યગ્દૃષ્ટિ આટલું નાનું દેડકુ હો કે હજાર જોજનના મચ્છ હો, સ્વયંભૂરમણ સમુદ્રમાં સમ્યગ્દૃષ્ટિ હોય છે, હોં! એ માને છે કે, મારી લક્ષ્મી મારી પાસે છે. આહાહા..! મારું ધન, પુણ્ય-પાપના ભાવ થાય છે તેમાં પણ મારું ધન નથી અને પુણ્ય-પાપના ફળ બહારમાં સંયોગ મળે તેમાં પણ હું નથી, મારી લક્ષ્મી તેમાં છે જ નહિ. ઓ..હો...! સમજાણું કાંઈ?

'એ રીતે સમ્યગ્દૃષ્ટિ ત્યાગી...' જુઓ! એ રીતે સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થાશ્રમમાં હોય તોપણ 'ત્યાગી શ્રદ્ધા અને જ્ઞાનપરિણતિની અપેક્ષાએ પરમ સંન્યાસી છે,...' શ્રદ્ધા, જ્ઞાનપરિણતિની અપેક્ષાએ, જુઓ! પર્યાય. પોતાનો શુદ્ધ સ્વભાવ, હું આત્મા છું એવી શ્રદ્ધા અને હું જ્ઞાન છું એવી પર્યાયમાં પરિણતિ, એવી અવસ્થાને કારણે આત્મામાં પરનો પરમ ત્યાગી છે. આહાહા..! ઓલા (અજ્ઞાનીને) ખૂંચે કે, નહિ, નહિ. અરે...! સાંભળ તો ખરો, પ્રભુ! જ્યાં ભ્રાંતિ ગઈ અને અનંતાનુબંધીનો અભાવ થયો ત્યાં પરનું સ્વામીપણું ગયું. પોતાના સહજાત્મ સ્વરૂપનો સ્વામી રહ્યો (તો) દૃષ્ટિમાં પરનો ત્યાગી થયો. હેં? સહજાત્મ સ્વરૂપ ચૈતન્યસ્વામી. હું તો સહજાત્મ સ્વરૂપ ચૈતન્ય સ્વામી છું. રાગાદિ મારી ચીજ, એ સ્વ અને હું તેનો સ્વામી (એમ) નથી. સમ્યગ્દર્શનમાં આટલો રાગાદિનો ત્યાગ દૃષ્ટિમાં અને જ્ઞાનની પરિણતિમાં આવી જાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

બહારનો ત્યાગ કરીને બહારથી સાધુ થઈ જાય પણ અંતરમાં પોતાની શુદ્ધ શ્રદ્ધા, પોતાના પરમાનંદની મૂર્તિની શ્રદ્ધા નથી તો રાગની દયા, દાનની ક્રિયાને પોતાની માને છે. કહે છે કે, તે તો મૂઢ (છે), રાગનો આદર કરે છે તો રાગનો અંશે પણ ત્યાગ નથી. સમજાણું કાંઈ? રાગ દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ ઊઠે છે, (એ) કષાયના મંદ પરિણામ પોતાના સ્વરૂપથી બહાર છે. એ બહારનાને પોતાના માને છે અને તેનાથી લાભ માને છે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તેને અંશે પણ રાગનો ત્યાગ નથી તો બાહ્ય પદાર્થનો અસદ્ભુત વ્યવહારનયથી ત્યાગ કહેવામાં આવે તેવો પણ ત્યાગ ત્યાં નથી. સમજાણું કાંઈ?

'જેમ કોઈ પ્રવીણ પુરુષ...' પ્રવીણ પુરુષ 'પોતાની અંદર થનાર રોગોને ઓળખીને...' પોતાના શરીરમાં અંદરમાં રોગાદિ હોય અને ખ્યાલમાં આવી જાય કે અંદરમાં રોગ છે. અહીંયાં દુઃખે છે કે આમ થાય છે, એમ નથી કહેતા? 'રોગોને ઓળખીને...' કેટલાકને દાક્તરી તપાસ કરી શકે નહિ પણ રોગી તો જાણે કે નહિ કે મને રોગ છે, અંદરમાં દુઃખ છે. હું પણ કંઈ પકડી શકતો પણ અંદર દુઃખ થાય છે, અંદરમાં ઊંડે ઊંડે ઊંડે દુઃખ થાય છે. એમ 'રોગોને ઓળખીને અને તેનાથી પોતાનું અહિત થતું જાણીને તે રોગો પ્રત્યે સંપૂર્ણ ઉદાસીન થઈ જાય...' રોગોથી ઉદાસ થઈ જાય કે રોગનો આદર કરે છે? હેં?

'તેમ સમ્યગ્દષ્ટિ જીવ વિશિષ્ટ કર્મોના સંયોગથી થનાર રાગાદિભાવ અને શરીરાદિ રોગોને રોગ અને આત્મા માટે હાનિકારક જાણીને...' જુઓ! મિથ્યાદષ્ટિ રાગથી લાભ માને છે અને શરીરાદિ બાહ્ય સાધનને પોતામાં સાધન માને છે. સમ્યગ્દષ્ટિ પોતામાં રાગ થાય છે તેને દુઃખ રોગ જાણે છે અને રોગના ત્યાગનો ઉપાય કરે છે. રોગ રાખવાનો ઉપાય કરતા નથી. રહેવા દો, રોગ રહેવા દો, એમ કરે છે?

મુમુક્ષુ :- શરીર માટે શું માને છે?

ઉત્તર :- શરીર માટે જડ, પોતાથી ભિન્ન લાકડું છે એમ માને છે. પહેલા આવી ગયું છે (કે) મારો કોઈ સંબંધ નથી, 'ન પુદ્ગલના કોઈ પરમાણુ કે સ્કંધ સાથે છે.' લાકડુ, લાકડુ. જેમ લાકડી છે તેમ શરીર છે. મારા આત્માની ચીજમાં તેનો કોઈ સ્પર્શ નથી. આહાહા..! અજ્ઞાનીને શરીરમાં જરી (કાંઈક થાય તો એમ માને છે કે), અરે...! મને થયું, મારામાં થયું. મને થયું અને મારામાં થયું (એમ માને છે). તારામાં ક્યાં થાય છે? એ તો જડમાં છે. સમજાણું કાંઈ? આ તો 'પરભાવોનો ત્યાગ જ સંન્યાસ' છે, ઇ ચાલે છે ને? 'પરભાવોનો ત્યાગ જ સંન્યાસ' છે. પહેલા એ સ્પષ્ટ કર્યું.

જેમ અજ્ઞાની રોગને રોગ જાણીને રોગનો ત્યાગ કરવાનો ઉપાય કરે છે, તેમ ધર્મી નિરોગ આત્મા... 'આરોગ બોહિ લાભમ્' એમ આવે છે, 'લોગસ્સ'માં આવે છે – 'આરોગ બોહિ લાભમ્' મારું આરોગ્યપણું બોધિ લાભ છે. હું શુદ્ધ ચૈતન્ય રાગ રહિત, શરીર રહિત છું, એવી પોતાના સ્વરૂપની રુચિ-દૃષ્ટિ થાય તેનું નામ 'આરોગ બોહિ લાભમ્' છે. નિરોગતા-બોધિનો લાભ થવો તેનું નામ આરોગ્યતા લાભ છે. અને રાગ મારો છે, શરીર મારું છે તેનાથી મને લાભ થાય (એમ જે માને છે તેને) મોટી ભ્રાંતિનો, સન્નેપાતનો રોગ લાગુ પડ્યો છે.

મુમુક્ષુ :- ત્યાગનું માહાત્મ્ય છે.

ઉત્તર :- ત્યાગનું તો માહાત્મ્ય કહે છે. આ શું કહે છે? એ તો વાત કરે છે. શું

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

કહ્યું? અંદરમાં રોગ હોય તો અજ્ઞાની રોગને જાણે છે કે નહિ? રોગને છોડવાનો ઉપાય કરે છે કે નહિ? એમ અંદરમાં રોગ છે, એ મારો છે અને હું તેનો છું, એમ રોગને છોડવાનો ઉપાય કરે કે તેને રાખવાનો ઉપાય કરે? છોડવાનો. રાગને છોડવાનો ઇલાજ કરે, રાખવાનો ઇલાજ ન કરે. કહો, સમજાણું કાંઈ?

'તેમના પ્રત્યે પૂર્ણ વૈરાગી થઈ જાય છે.' લ્યો! આહાહા..! રોગના ઢગલા શરીરમાં હોય તો ખુશ થાય છે? શરીરમાં સોળ રોગ, લ્યો! સોળ રોગ. સમજાય છે કાંઈ? નારકીને સોળ રોગ એકસાથે (હોય). સમ્યગ્દર્શન છે (તો) જાણે છે કે મને રોગ જ નથી. એ શરીરમાં છે, મારામાં નથી. અજ્ઞાની જાણે છે કે, રોગ મને થયો, મારામાં થયો. અજ્ઞાની હોય તોપણ રોગ રાખવાનો ઉપાય કરે છે? સમજાણું કાંઈ? એમ ધર્મીમાં પુણ્ય-પાપના ભાવ થાય છે તે રોગ છે. ગૂમડું છે, ગૂમડું. આહાહા..! સમજાણું કાંઈ? એને (-પુણ્યને) તો આમ ગળે વળગે છે. પુણ્યનો ભાવ, હોં! ગળે વળગ્યો છે. પુણ્ય ક્યાં હતું તારે? સાંભળને. ઓહોહો...! પવિત્રતા, ભગવાનઆત્મા એકલો પવિત્રતાનો પિંડ પ્રભુ, તેની દૃષ્ટિનો (જેને) અભાવ (છે), તેને પુણ્ય-પાપનો આદર કરવાનો ભાવ છે, જ્ઞાનીને નથી. સમજાય છે કાંઈ?

'રાગાદિભાવ અને શરીરાદિ રોગોને રોગ અને આત્મા માટે હાનિકારક જાણીને તેમના પ્રત્યે પૂર્ણ વૈરાગી થઈ જાય છે.' તેની સારસંભાળ કરું તો મને ઠીક (થાય), એમ માનતા નથી. વિકલ્પ આવે છે પણ એ વિકલ્પ પણ નિરર્થક છે. મારા શરીરની વ્યવસ્થા એ વિકલ્પથી થાય છે એમ છે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? 'હવે રોગ મટાડવાનો ઉદ્યમ કરવો એ જ રોગી માટે બાકી રહે છે.' જેને રોગ જાણ્યો તેનું નિવારણ કરવાની ભાવના (બાકી) રહી.

'તેથી પ્રવીણ રોગી ખૂબ ભાવપૂર્વક પ્રવીણ વૈદ્ય દ્વારા બતાવવામાં આવેલી...' જુઓ! બેય લીધું છે. એક તો પ્રવીણ રોગી, એને ખબર છે કે આ રોગ છે. ભાન વિનાના મૂઢ હોય એને ખબર પણ ન હોય કે, આ રોગ છે કે નહિ. પ્રવીણ રોગી અને 'ખૂબ ભાવપૂર્વક પ્રવીણ વૈદ્ય દ્વારા...' જ્ઞાની દ્વારા 'બતાવવામાં આવેલી ઔષધિ...' જો આ તારી ચીજમાં રાગાદિ પુણ્યાદિ થાય છે એ તને રોગ છે. સમજાણું કાંઈ? 'ઔષધિનું સેવન કરીને ધીરે ધીરે નીરોગી થઈ જાય છે.'

'તેવી જ રીતે સમ્યગ્દૃષ્ટિ જીવ ચારિત્ર મોહનીયના વિકારો દૂર કરવા માટે...' ચારિત્રમોહના નિમિત્તે પોતામાં રાગનો રોગ થાય છે. રાગનો રોગ, શુભરાગનો રોગ, અશુભરાગનો રોગ. આહાહા..! ધર્મીની દૃષ્ટિ ક્યાં છે અને ક્યાંથી ઊઠી ગઈ છે (તે બતાવે છે). વિકાર ઉપરથી દૃષ્ટિ ઊઠી ગઈ છે. વિકાર મારા ચૈતન્યમાં છે જ નહિ. વિકારને રોગ જાણીને તેને છોડવાનો, ટાળવાનો ઉપાય કરે છે. કે રાખવાનો (કરે છે)? આ (અજ્ઞાની) તો કહે, શુભરાગ રાખો, શુભરાગથી ધર્મ થશે. અહીં તો કહે છે, શુભરાગ આવે છે (તો

www.vitragvani.com



તેને) રોગ સમાન જાણીને ધર્મી તેને છોડવાનો ઉપાય કરે છે. કહો, આ તો સાદી વાત છે, સમજાય છે કે નહિ? ભાઈ! સરળ વાત છે.

શરીરમાં રોગ થાય તો રોગ રાખવાની ઇચ્છા છે? દવાના બાટલા ભરી રાખો. દવા ભરી રાખો, ભાઈ! ઘણી દવા રાખો, આપણે રોગ રાખવો છે અને રોગ ઉપરની દવા પણ રાખો. અરે...! હાલ.. હાલ...! ભાઈસાહેબ! રોગ આજે જ મટી જાય તો દવા-બવા કોણ કરે? એ તો રોગ જાણે છે.

એમ ધર્મી, ધર્મ તેને કહેવાય કે પોતાના આત્મામાં ધર્મીએ અતીન્દ્રિય આનંદ માન્યો છે અને રાગ પુણ્ય, દયા, દાન, વ્રતનો ભાવ આવે છે તેને ધર્મી રોગ જાણે છે. આહાહા..! અરે..! ભગવાન! અને રોગને ટાળવાનો ઉપાય કરે છે અને ટાળવાનો ઉપાય પણ (એ કે) પોતાના સ્વરૂપમાં એકાગ્રતા (કરવી) તે ટાળવાનો ઉપાય છે. સમજાય છે કાંઈ? બીજો કોઈ ઉપાય નથી.

મુમુક્ષુ :– એનું નામ ત્યાગ બહારનો...

ઉત્તર :– પછી સ્થિરતા થાય છે તો ક્રમે ક્રમે રાગ ઘટી જાય છે, એટલો નિમિત્તનો સંયોગ છૂટી જાય છે. બસ! એ ત્યાગ (થયો). બહારનો ત્યાગ શું? બહારની ચીજ શું (અંદર) ઘૂસી ગઈ છે તો ત્યાગ કરવો છે? રાગ-દ્વેષનો વિકાર પોતાની પર્યાયમાં છે તેને પોતાના માને છે તેને છોડી દે. પોતાનું (સ્વરૂપ) આનંદકંદ શુદ્ધ ચૈતન્ય છે તેની દૃષ્ટિ કર તો દૃષ્ટિ અને જ્ઞાનની પરિણતિમાં રાગનો ત્યાગ થઈ જશે. પછી જેટલી સ્વરૂપમાં સ્થિરતા થશે તેટલી રાગ, અસ્થિરતા ઘટી જશે, એટલું સંયોગ નિમિત્ત ઉપરથી તારું લક્ષ છૂટી જશે. જ્યાં કરવાનું છે ત્યાં કર ને, જ્યાં નથી કરવાનું ત્યાં કરવા જાય છે. છોડો બહારની ચીજ. ઓલા કહે, બહારની ચીજ છૂટે તો રાગ છૂટે, એમ કહે છે, લ્યો!

મુમુક્ષુ :– શાસ્ત્રમાં આવે છે.

ઉત્તર :– આવે છે એનો અર્થ શું? પરનું લક્ષ છોડી દે, બીજું છે શું? અહીંયાં આત્મામાં લક્ષ કર. ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો સાગર પડ્યો છે. ચૈતન્યમૂર્તિ, અતીન્દ્રિય આનંદ કાઢ, અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત કાઢીશ તોપણ ત્યાં ખૂટશે નહિ. આહાહા..! એટલી અતીન્દ્રિય આનંદની ખાણ આત્મા છે.

જેમ આ જ્ઞાન, જ્ઞાનમય છે, આ આત્મા જેમ જ્ઞાન જ્ઞાનમય છે તેમ એ અતીન્દ્રિય આનંદમય છે. પુણ્ય-પાપ રાગમય આત્મા છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? 'પ્રવીણભાઈ'! જુઓ, અહીં પ્રવીણ રોગી અને પ્રવીણ (વૈદ્ય) બેય લીધા છે. બેય (પ્રવીણ હોવા) જોઈએ. ઓલા રોગીને ભાન હોવું જોઈએ કે ક્યો રોગ છે? કાંઈકનું કાંઈક બતાવે તો ઓલો બધા રોગ ક્યાં પકડી શકે? ઘણા તપાસ કરાવે કે, અમને અહીં દુઃખે છે. આ બેન, નહિ? 'જગજીવનભાઈ'ની દીકરીએ ઘણાને બતાવ્યું પણ કોઈ પકડી શક્યું નહિ. મને અંદર રોગ

www.vitragvani.com



(છે), મને બહુ દુઃખ થાય છે. ક્યાં ગયા 'જગજીવનભાઈ'? એમની દીકરી પરમ દિ' ગ્યાસતેલ છાંટીને બળી. કોઈએ પરખ્યું નહિ કે રોગ શું છે? .... લગાવી દીધી, જેવી લગાવી એવી ફ..ટ..! ભગવાન... ભગવાન... બીજી કોઈ વાત નહિ. અરિહંત.. અરિહંત.. અરિહંત.. ણમો અરિહંતાણં.. બળી, બળીને અહીં શરીર સળગે છે. ભડકો... ભડકો... ઇ જાતના ભાવ (આવ્યા). થઈ રહ્યું... પછી વિચાર ફેરવ્યા. એ તો પરિણામની વિચિત્રતા છે. રોગ ન પરખી શક્યા. લ્યો! 'મુંબઈ' બતાવ્યું, બીજે બતાવ્યું. અનુમાન કરે, આ બધા ડૉક્ટર અનુમાન કરે. પ્રયોગ કરે, કરતા કરતા એકાદ-બેનું ખ્યાલમાં તો બીજાને પણ લગાવી દે, તમારે પણ આમ લાગે છે.

મુમુક્ષુ :– લોહી તપાસે છે...

ઉત્તર :– લોહી તપાસે તોપણ કેટલો ફેર પડે? આ કહે છે, લોહી તપાસે છે. આ તપાસ ને, કહે છે. તારા આત્મામાં તારું લોહી–કેટલી તાકાત છે. તારામાં અનંત બળ છે. સમજાણું કાંઈ? આહાહા..! પેશાબ તપાસે. પેશાબ શું તપાસે? પેશાબ રાગ છે. સમજાણું કાંઈ? તપાસે (કે), રાગ વિકાર દુઃખરૂપ છે. ચાહે તો શુભ હો કે ચાહે તો અશુભ હો, બન્ને રાગ રોગ છે. એમ સમ્યગ્દૃષ્ટિને પોતાની નાડ પકડીને નિરોગતા કેમ કરવી તેની તેને ખબર પડે છે. સમજાણું કાંઈ?

'વિકારો દૂર કરવા માટે પૂર્ણ રીતે કટિબદ્ધ થઈ જાય છે. તેણે શ્રીગુરુ પરમવૈદ્ય પાસેથી એ પણ જાણ્યું છે કે ભાવકર્મના રોગ મટાડવા માટે સત્તામાં રહેલા કર્મોનો નાશ કરવા માટે...' એમ બન્ને લીધું છે–પુણ્ય-પાપનો ભાવ અને જડ કર્મ. 'નવીન રોગના કારણથી બચવા માટે શુદ્ધાત્માનુભવ જ એક પરમ ઔષધ છે.' 'શ્રીમદ્દે' કહ્યું ને, 'આત્મભ્રાંતિ સમ રોગ નહિ, આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્ગુરુ વૈદ્ય સુજાણ; ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન.' વિચાર અને ધ્યાન ઔષધ (છે). 'આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્ગુરુ વૈદ્ય સુજાણ; ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન.' ભગવાનઆત્મા પૂર્ણાનંદ અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનનો રસકંદ પ્રભુ, તેમાં રાગાદિ વિકલ્પ મારા છે, એવી ભ્રાંતિ–મિથ્યા ભ્રાંતિ જેવો જગતમાં બીજો કોઈ મોટો રોગ નથી, મોટો રોગ છે. ગુરુ તેના વૈદ્ય– સુજાણ વૈદ્ય છે. ભાઈ! આ તારો રોગ છે. કહ્યું ને? રાગ તારો રોગ છે. તું લાભદાયક માને છો એ તારી ખોટી બુદ્ધિ છે. અમારા પ્રત્યે પણ તું રાગ કરે છે એ રાગ રોગ છે, એમ કહે છે. ઓહોહો..! સમજાય છે કાંઈ?

'ભાવકર્મના રોગ મટાડવા માટે અને સત્તામાં રહેલા કર્મો...' એટલે નિમિત્તરૂપ. 'નવીન રોગના કારણથી બચવા માટે શુદ્ધાત્માનુભવ જ એક પરમ ઔષધ છે.' 'અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ, અનુભવ મારગ મોક્ષનો, અનુભવ મોક્ષ સ્વરૂપ.' ભગવાનઆત્મા અતીન્દ્રિય શાંતરસનો ચૈતન્ય રત્નાકર ઉપર દૃષ્ટિ કરીને અંદર આત્માનો અનુભવ કરવો એ જ એક રોગ મટાડવાનો ઉપાય છે. સમજાણું કાંઈ? કોઈ ક્રિયાકાંડ કરવા

એ રોગ (મટાડવાનો ઉપાય નથી). ક્રિયાકાંડનો રાગ છે તે પોતે જ રોગ છે. આહાહા..! સમજાણું કાંઈ? 'શુદ્ધાત્માનુભવ જ એક...' જોયું? શુદ્ધાત્મા છે ને? વિકાર તો અશુદ્ધ છે.

'આ સમ્યગ્દષ્ટિ સમય કાઢીને સ્વાનુભવ કરતો રહે છે.' જુઓ! ધર્મી જીવ ગમે તેટલા વેપાર-ધંધામાં પડ્યા હોય તેમાંથી સમય કાઢીને પોતાના આત્માનો સ્પર્શ કરી લે છે. આહાહા..! સમજાણું કાંઈ? સમય કાઢીને પોતાના આત્મામાં અંદર નજર કરીને અનુભવ કરી લે છે. આહાહા..!

મુમુક્ષુ :- આજકાલતો સમય કાઢવાનો વખત જ નથી મળતો.

ઉત્તર :- સદા સમય જ છે. શું વખત લે? સદા સમય જ છે. સમય કાઢે નહીં તો એમાં શું કરવું? આત્મા નિવૃત્ત જ છે. રાગથી અને પરથી સદા નિવૃત્ત જ છે અને નિવૃત્ત છે તેને પ્રવૃત્તિવાળો માનવો તે જ દૃષ્ટિમાં ભ્રમ છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

'કષાયના અનુભાગને સૂકવતા રહે છે.' એ તો સૂકાઈ જાય, ઠીક. સ્થિરતા કરતાં કરતાં એટલો આનંદ આવી જાય કે, 'આત્મરસમાં જાણે કે ઉન્મત્ત થઈ જાય ત્યારે બાહ્ય સકલ ત્યાગ કરીને સંન્યાસી અથવા નિર્ગ્રંથ થઈ જાય છે.' લ્યો! અંતર આનંદમાં, ધર્મી જીવ ગૃહસ્થાશ્રમમાં હોય તોપણ રાગ, વિકલ્પ, બાહ્ય સંયોગ આદિનું સ્વામીપણું નથી એ અપેક્ષાએ તેનો ત્યાગી જ છે પણ હજી અસ્થિરતાનો રાગ છે તો તેને રોગ જાણે છે, તો સમય કાઢીને રાગથી રહિત પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે તેનો અંતરમાં સ્પર્શ કરીને વેદન કરી લે છે, આત્માનો સ્પર્શ કરીને અનુભવ કરી લે છે. એટલી સંવર અને નિર્જરા, શુદ્ધિની વૃદ્ધિ થાય છે. સમજાણું કાંઈ? કાયમની જેટલી શુદ્ધિ છે તેટલા સંવર, નિર્જરા તો છે જ પણ અંતરનો અનુભવ કરે તો વિશેષ શુદ્ધિ થાય છે અને વિશેષ આનંદ આવતાં આવતાં બહારની આસક્તિમાં કાંઈ રુચે નહિ, ધંધા-પાણીમાં ક્યાંય વૃત્તિને રુચે નહિ. (તેથી) અંતરનો આનંદનો લેવા માટે બહારનો ત્યાગી થઈ જાય છે. અંતરનો વિશેષ આનંદ લેવા માટે બહારનો ત્યાગી થઈ જાય છે. ક્યાંય ગોઠે નહિ, ક્યાંય રુચે નહિ. રુચે નહિ એટલે શ્રદ્ધાની વાત નથી, અસ્થિરતા(માં રુચે નહિ). ક્યાંય ચેન પડે નહિ. વેપારમાં, ધંધામાં, પુત્રમાં, સ્ત્રી બધાની વચ્ચે બેઠો હોય પણ ક્યાંય ચેન ન પડે. ત્યારે એને એમ થાય છે કે, હું તો આત્માનો વિશેષ અનુભવ કરવા માટે બધાથી જુદો થઈ જાઉં છું. તેનું નામ મુનિપણું કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? છે ને?

'આત્મતત્ત્વનો સ્વાદ લીધા કરે અને બહાર જવાનો કોઈ પ્રપંચ રુચે નહિ.' બહાર જવાનો એટલે બહાર વેપાર-ધંધામાં. 'આત્મરસમાં જાણે કે ઉન્મત્ત થઈ જાય ત્યારે બાહ્ય સકલ ત્યાગ કરીને સંન્યાસી અથવા નિર્ગ્રંથ...' દિગંબર મુનિ. આહાહા..! જ્યાં બેઠા ત્યાં વન, જ્યાં જાય ત્યાં જંગલ. આહાહા..! તમે કેમ છો ને એ બધા વિકલ્પ છૂટી ગયા. સમજાણું કાંઈ? પોતાના આત્માનો અનુભવ કરવામાં પ્રયત્ન ઉગ્ર થઈ ગયો ત્યાં એ બહારનો ત્યાગ

www.vitragvani.com



સહજ થઈ જાય છે. (અજ્ઞાનીને) અંતરનો અનુભવ અને દૃષ્ટિનું તો ભાન નથી અને બહારનો ત્યાગ કરે એ ત્યાગ જ નથી. સમજાણું કાંઈ? ક્યાંય રુચે નહિ. સમજાણું કાંઈ?

હડકાયુ કૂતરુ કરડ્યું હોય ને? હડકાયુ સમજ્યા? શું કહે છે? ગાંડો કૂતરો. ગાંડો કૂતરો કરડે પછી ક્યાંય રુચે નહિ. નહિ પાણી, નહિ પવન, નહિ ખોરાક. પવન ન રુચે, હોં! એક બ્રાહ્મણની દીકરી હતી. એને સોંપી ગયા હતા. પછી છેલ્લે બાર વર્ષ સુધી હડકવા. કાકા! મને ક્યાંય (ચેન નથી પડતું). પછી છેલ્લે ૪૮ કલાક પાણી નહિ, આહાર નહિ, પવન નહિ, કાંઈ રુચે નહિ. અંદરમાં હડકવા લાગ્યો. નજીક આવવા ન દે. એક બાઈને તો મેં જોઈ છે. વૃદ્ધ હતી, વૃદ્ધ. (એ કહે), મારે દર્શન કરવા છે. છેટે ઊભી રહી. (પછી કહે), મને અંદરથી હડકવા આવે તો આમ બટકું ભરવાનું મન થઈ જાય છે. 'રાણપુર'. આ છોડી તો બિચારી નાની (હતી). ૪૮ કલાક ન ગોઠે પવન, ન ગોઠે પાણી. પાણી નજરે ન પડવું જોઈએ. પાણી પડે તો પીડા (થાય). પાણી નજરે પડે ને પીડા (થાય). હડકાયું હોય ને, ગાંડુ કૂતરુ. એમ ક્યાંય રુચિ જામે નહિ.

એમ ધર્મીને સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની એવી લગની લાગી હોય કે ક્યાંય રુચે નહિ, ક્યાંય મન ઠરે નહિ. સમજાણું કાંઈ? વેપાર, ધંધો, બોલવું, ચાલવું, આબરૂ, કીર્તિ ક્યાંય મન ઠરે નહિ. પોતાના આનંદની રુચિમાં ગરકાવ હોવાને કારણે બહારનો ત્યાગ કરીને વિશેષ અનુભવ કરે છે. તેનું નામ નિર્ગ્રંથ દશા કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

ઇ છોડી બિચારી કહેતી હતી, કાકા! મને ક્યાંય (ચેન નથી પડતું). પંખો નાખે (તોપણ ગમે નહિ). અંદર પીડા.. પીડા.. પીડા.. પીડા. એક ગાયને અમે જોઈ હતી, અહીં એક ગાય હતી. 'હીરાભાઈ'ના મકાનમાંથી (જોઈ હતી). મોટી ગાય, હડકવા લાગ્યો. બે દિ' આમ ફર્યા ફર, ફર્યા ફર કરે. બે દિવસ સુધી પાણી નહિ, આહાર નહિ, ગોઠે નહિ. શરીર મોટું લઠ્ઠ. એ અંતે હેઠે પડી. તરફડે.. તરફડે.. તરફડે... કાગડા માંસ ખાય, ફોલે. ચાર-છ કલાક એમ રહી, તરફડે.. તરફડે.. તરફડે.. (ત્યાં) એક પોલીસ નીકળ્યો, કીધું, જુઓ! કંઈ છે કે નહિ? શું છે આ? કંઈ કર્મ, કંઈ પાપ, એના ફળ એવું કાંઈ છે કે નહિ? આમાં આત્મા છે, જુઓને! અંદર આત્મા છે. એ અત્યારે આ શરીરની સ્થિતિથી તરફડે છે. ગાયનું શરીર મોટું લઠ્ઠ જેવું, એમાં હડકવા થઈ ગયો. પછાડે, પગ પછાડે, પૂછડું પછાડે, પગ પછાડે, અંદર રહ્યું ન જાય. ૪૮ કલાક (પછી મરી ગઈ).

એમ ધર્મી જીવને બહારમાં ક્યાંય ચેન ન પડે. પોતાના આત્માના અતીન્દ્રિય આનંદની પ્રીતિ અને રુચિ થઈ ગઈ ત્યારથી રાગનો ત્યાગ છે, પણ રાગને રોગ જાણીને ત્યાગ કરવાના અભિલાષી છે, છોડવાના અભિલાષી છે. આહાહા..! અતીન્દ્રિય અમૃતનો સ્વાદ, અતીન્દ્રિય અમૃતનો ઉગ્ર સ્વાદ લેવાની અભિલાષા કેમ ન થાય? કહે છે કે, બધું છૂટી જાય છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



'શ્રદ્ધા અને જ્ઞાનની અપેક્ષાએ તો અવિરત સમ્યક્ત્વના ચોથા ગુણસ્થાનમાં જ તે સંન્યાસી થઈ ગયા છે,...' લ્યો! સમજાણું? 'હવે છઠ્ઠા સાતમા ગુણસ્થાનમાં રહીને ચારિત્રની અપેક્ષાએ પણ સંન્યાસી થઈ ગયા છે,...' લ્યો! બે પ્રકારના સંન્યાસી કહ્યા. સમજાણું કાંઈ? આહાહા..! મારા આત્મા સિવાય મને કોઈ પદાર્થ રુચતો નથી. શુભભાવ પણ સમકિતીને રુચતો નથી. આહાહા..! અને શુભભાવ રુચે તો મિથ્યાદૃષ્ટિ મૂઢ છે, પોતાના અતીન્દ્રિય આનંદનો અનાદર કરે છે. સમજાણું કાંઈ? ધર્મી એવી ચીજ છે, એનું ફળ પણ મહા અમૃતફળ છે. અમર, અમરફળ!

અમરફળ 'પીંગળા'ને નહોતું? એ તો ખોટું અમરફળ હતું. આવે છે ને, 'પીંગળા'ને? રાજાને કોઈકે આપ્યું, રાજાએ 'પીંગળા'ને આપ્યું, 'પીંગળા'એ અશ્વપાળને (આપ્યું), અશ્વપાળે કોઈ બાઈને (આપ્યું), ઇ બાઈ પાસેથી પાછું રાજા પાસે આવ્યું. (રાજાને થયું), અરે..! આ ફળ ક્યાંથી (આવ્યું)? અરે...! આ ફળ (તારી પાસે) ક્યાંથી (આવ્યું)? (બાઈ કહે છે), અન્નદાતા! એક અશ્વપાળ છે એ મારી પાસે આવે છે, તેણે મને આપ્યું. અશ્વપાળ પાસે ક્યાંથી આવ્યું? બોલાવો અશ્વપાળને! ક્યાંથી (આવ્યું) આ ફળ? (અશ્વપાળ કહે છે), મહારાજા! આ 'પીંગળા' રાણી પાસેથી આવ્યું છે. અરે..! 'પીંગળા'! આ શું? 'દેખા નહીં કુછ સાર જગતમેં દેખા નહિ કુછ સાર, પ્યારી મારી પીંગળા નારી, દેખ્યા નહીં કુછ સાર.' છોડીને ચાલ્યો ગયો. આહાહા..! ૯૨ લાખ માળવાનો અધિપતિ ચાલી નીકળ્યો. આ સંસાર! ગુપ્ત રીતે મારું આ ફળ વેશ્યા પાસે કોઈ આવ્યું હશે તો થયું કે, અન્નદાતાને આપો. વેશ્યા અશ્વપાળની સાથે ચાલતી હશે, અશ્વપાળને 'પીંગળા'એ આપ્યું. એમ ચાલતા ચાલતા (ચાલ્યું). આહાહા..! એમ સમ્યગ્દૃષ્ટિને અંતરમાંથી આખી વાત ઊડી જાય. સમજાય છે?

સમ્યગ્દૃષ્ટિને અંતરમાં જ વૈરાગ્ય છે. જ્ઞાન, વૈરાગ્ય શક્તિ આવે છે ને? ભાઈ! 'નિર્જરા અધિકાર'માં નથી આવતું? જ્ઞાન, વૈરાગ્ય ચોથા ગુણસ્થાનથી છે. ઓલા કહે, નહિ. એ તો સાતમે હોય. સાંભળને, ભગવાન! અરે..! તને તારા માહાત્મ્યની ખબર નથી, પ્રભુ! આહાહા..! અતીન્દ્રિય અનાકુળ આનંદ, તે પણ પરિપૂર્ણ આનંદ, તે પણ અનંત.. અનંત.. આનંદ પર્યાયમાં પ્રગટ થાય તોપણ ખૂટે નહિ, એવો આનંદ! એવો સમુદ્ર બીજે ક્યાં છે? એવો ભગવાનઆત્મા અતીન્દ્રિય અતીન્દ્રિય આનંદના રસનો સમુદ્ર જ્યાં દૃષ્ટિમાં આવ્યો (ત્યાં) રાગનો ત્યાગ થઈ ગયો. રાગનો રોગ (છે). અરે...! મારું અમૃત લૂંટાય છે, મારો અમૃતનો સ્વાદ લૂંટાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એ અપેક્ષાએ સમ્યગ્દૃષ્ટિ અમૃતના આનંદના સ્વાદની અભિલાષામાં રાગની ભાવના છૂટી જાય છે એ અપેક્ષાએ ત્યાગી છે. શ્રદ્ધા અને સમ્યગ્જ્ઞાનની અવસ્થાની અપેક્ષાએ.

મુનિ 'નિર્ગ્રંથપદમાં રહીને દિવસરાત સ્વાનુભવનો અભ્યાસ કરે છે.' એ અંતરમાં રાગનો પણ અભાવ થઈ ગયો. મુનિ થયા... મુનિ કોને કહીએ...! આહાહા..! જે અંદરમાં ઉગ્ર

www.vitragvani.com



અતીન્દ્રિય આનંદ લેવા માટે ઝપટ મારે છે. આહાહા..! નાના બાળકને તરબૂચની મીઠાશ હોય ને? તરબૂચ... તરબૂચ. શું કહે છે? ખરબૂજા. આમ અધ મણ, અધ મણના લાલચોળ. છરી મારીને કાઢે છે ને! નાનું બાળક હોય એને કહે, લે આ, દે ભાઈને. ઇ દેવાનું ન સમજે, ઇ એને પાધરું બટકું ભરવા મંડે. સમજાય છે? અમારે આવે છે ને! નાના છોકરા વ્હોરવામાં આવે છે ને! એને કહે કે, પાપડ દે. તો ઇ પાપડ લઈને ખાવા મંડે. એની મા કહે કે, દે. તો ઇ પાધરો પાપડ (ખાવા મંડે). એમ ઓલા કહે, આ ભાઈને દે, તને પછી આપીશ, હોં! દે, મોટા ભાઈને દે. 'મોટા ભાઈને દે' ઇ ન સાંભળે. લાલચોળ દેખીને પાધરો ચૂસવા મંડે. આહાહા..!

એમ ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનું (બિંબ છે). લાલચોળ તરબૂચની મીઠાશ એ તો જડની મીઠાશ છે. આ તો ચૈતન્યની મીઠાશ છે. એકાગ્રતાની છરી (ચલાવી) જેટલી એકાગ્રતા કરે એટલો આનંદ ઝરે. સમજાણું કાંઈ? એવો પરમાત્મા મારી પાસે છે. હું જ આત્મા પરમાત્મા છું. આહાહા..!

'નિર્ગ્રંથપદમાં રહીને દિવસરાત સ્વાનુભવનો અભ્યાસ કરે છે.' લ્યો! નિર્ગ્રંથપદમાં આ અભ્યાસ છે. લેવું, દેવું, પુસ્તક બનાવવા, ફલાણું ફલાણું કરવું એ એનો અભ્યાસ જ નથી. સાંભળને! આટલાને સમજાવ્યા ને આટલા દેશમાં બતાવ્યું ને આટલા રાજાને સમજાવ્યા અને આટલા પુસ્તક બનાવ્યા. અરે...! ઇ તારું કર્તવ્ય છે? સાંભળ તો ખરો. 'પ્રભુદાસભાઈ'! અહીં તો ભગવાનઆત્મા, પોતાના નિજ સ્વરૂપની સંપદાની દૃષ્ટિનો અનુભવ થયો તો રાગ થવા છતાં તેનું સ્વામીપણું નથી, એટલો ત્યાગ (છે) અને સ્વરૂપમાં સ્થિરતા કરવા નિર્ગ્રંથપદમાં આવી જાય તો બાહ્યમાં દિગંબર (દશા અને) અંદરમાં ત્રણ કષાયના અભાવપૂર્વકનો આનંદ. સ્વાનુભવના આનંદની ઉગ્રતા વેદવા માટે જ મુનિ થાય છે. આહાહા..! દુનિયાને સમજાવવા માટે, બોધ દેવા માટે, ઉપદેશ દેવા માટે મુનિ નથી થતા. કહો, 'જ્ઞાનચંદજી'! શું કહે છે? જુઓ! સ્વાનુભવનો દિવસરાત અભ્યાસ કરવા માટે મુનિ થાય છે. આહાહા..!

પોતાનો ભગવાનઆત્મા,... એવો અભ્યાસ પ્રભુ આત્મા.. આત્મા.. આત્મા.. અમૃતનો મહાસાગર, એમાં જેટલી એકાગ્રતા થાય તેટલા આનંદના ઝરણા (ઝરે), ડુંગરામાંથી જેમ પાણી ઝરે તેમ આનંદ ઝરે. એ વિશેષ આનંદ ઝરે તેના અનુભવ માટે મુનિપણું લે છે. ઓહોહો..! કંઈ બોલવા કે લેવા માટે કે વાંચવા માટે કે સાંભળવા માટે (મુનિપણું લે છે) એ કારણ છે જ નહિ, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'જો તદ્ભવ મોક્ષગામી હોય છે તો ક્ષાયિક શ્રેણીએ ચઢીને શીઘ્ર જ ચાર ઘાતિકર્મોનો ક્ષય કરીને કેવળજ્ઞાની થઈ જાય છે.' સમજાણું? (પછી) 'સમયસાર'નો દાખલો આપ્યો છે. 'सन्यस्त' શબ્દ પડ્યો છે ને? 'મોક્ષની ચાહ રાખનાર મહાત્માએ સર્વ ક્રિયાકાંડ અને મન, વચન, કાયાની ક્રિયાનું મમત્વ ત્યાગી દેવું યોગ્ય છે.' મમત્વ ત્યાગી દેવું. મન-વચન-કાયાની

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જડની ક્રિયાનું મમત્વ છોડી દે. દયા, દાનના વિકલ્પની મમતા છોડી દે, એ મારા નહિ.

'જ્યાં આત્માના નિજ સ્વભાવ સિવાય સર્વનો ત્યાગ હોય ત્યાં પુણ્ય અને પાપના ત્યાગની શી વાત? એ બન્નેનો ત્યાગ છે જ.' અહો! જ્યાં અંતરમાં દૃષ્ટિમાં પણ પુણ્ય-પાપનો ત્યાગ થઈ ગયો પછી ચારિત્રપદમાં પુણ્ય-પાપની અસ્થિરતાનો ત્યાગ થઈ ગયો. અંતરમાં જેટલી વીતરાગતા પ્રગટે તેટલો ધર્મ છે. નિર્ગ્રંથપદમાં વીતરાગતાની ઘણી વૃદ્ધિ થાય છે.

'એ બન્નેનો ત્યાગ છે જ.' જુઓ! ધર્માત્મા મુનિ સંતને (અને) સમ્યગ્દૃષ્ટિને પણ સમ્યગ્દર્શનમાં પણ પુણ્ય-પાપ ભાવનો દૃષ્ટિ અને જ્ઞાનની અપેક્ષાએ ત્યાગ છે, મુનિને અસ્થિરતાની અપેક્ષાએ ત્યાગ (છે). અસ્થિરતાનો પણ ત્યાગ થઈ ગયો અને આત્મામાં લીનતા થઈ ગઈ, તેનું નામ સંન્યાસ છે.

'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં આદિ સ્વભાવમાં રહેવું તે જ મોક્ષનો માર્ગ છે.' લ્યો! પોતાના શુદ્ધ સ્વભાવમાં રહેવું તે મોક્ષમાર્ગ છે. 'જે આ માર્ગમાં રહે છે તેની પાસે કર્મ રહિત ભાવથી પ્રાપ્ત અને આત્મિક રસથી પૂર્ણ એવું કેવળજ્ઞાન સ્વયં દોડતું આવે છે.' લ્યો! 'ज्ञानं स्वयं धावति' ભગવાનઆત્મા પોતાના અતીન્દ્રિય આનંદનો સ્વાદ લેવાનો ઉગ્ર પ્રયત્ન કરે છે તો અલ્પકાળમાં કેવળજ્ઞાન દોડતું આવે છે. કેવળજ્ઞાનને બોલાવે છે કે, લાવો કેવળજ્ઞાન, લાવો! અનુભવની ઉગ્રતા કેવળજ્ઞાનને બોલાવે છે. કેવળજ્ઞાન અલ્પકાળમાં આવી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? ત્રણે બોલ આવી ગયા. સમ્યગ્દર્શન પછી મુનિપણું પછી કેવળજ્ઞાન. સમજાણું કાંઈ?

---

## રત્નત્રય ધર્મ જ ઉત્તમ તીર્થ છે.

रयणत्तय-संजुत्त जिउ, उत्तिमु तित्थु पवित्तु।
मोक्खहँ कारण जोइया, अण्णु ण तंतु ण मंतु।।८३।।

રત્નત્રયયુત જીવ જે, ઉત્તમ તીર્થ પવિત્ર;
હે યોગી! શિવહેતુ એ, અન્ય ન તંત્ર ન મંત્ર. ૮૩.

**અન્વયાર્થ** :– (जोइया) હે યોગી! (रयणत्तय संजुत्त जिउ उत्तिमु पवित्तु तित्थु) રત્નત્રય સહિત જીવ ઉત્તમ અને પવિત્ર તીર્થ છે. (मोक्खहं कारण) એ જ મોક્ષનો ઉપાય છે. (अण्णु तंतु ण मंतुण) બીજા કોઈ તંત્ર કે મંત્ર નથી.

---

www.vitragvani.com



૮૩. 'રત્નત્રય ધર્મ જ ઉત્તમ તીર્થ છે.' લ્યો, આ ઉત્તમ તીર્થ! 'સમેદશીખર' ને 'શેત્રુંજય' ને 'ગિરનાર' એ તો શુભભાવ હો, અશુભથી બચવા એ શુભભાવ આવે છે ત્યારે એ તીર્થ કહેવામાં આવે છે. નિમિત્ત. ઉત્તમ તીર્થ તો પોતાનો ભગવાનઆત્માનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર (છે).

**रयणत्तय-संजुत्त जिउ, उत्तिमु तित्थु पवित्तु।**
**मोक्खहँ कारण जोइया, अण्णु ण तंतु ण मंतु।।८३।।**

ઓહોહો..! 'યોગીન્દ્રદેવ' છઠ્ઠી શતાબ્દીમાં થયા છે, મેં કાલે જોયું હતું. તેરસો વર્ષ પહેલા થઈ ગયા. 'યોગીન્દ્રદેવ' દિગંબર સંત મુનિ વનવાસી નિર્ગ્રંથપદમાં રહેનારા, મહા દિગંબર, એક વસ્ત્રનો તાણો નહિ, પાત્રનો કટકો નહિ. એક પાણીનું કમંડળ અને એક મોરપીંછી. કોઈ પુસ્તક જ્ઞાનનું ઉપકરણ હો તો હો, ન હો તો ન હો. બસ! એવા મુનિ લગભગ તેરસો વર્ષ પહેલા (થઈ ગયા) એ કહે છે, જુઓ! સમજાણું કાંઈ? સિંહ જેમ જંગલમાં ત્રાડ મારતો આવે, ત્રાડ મારતો આવે તો હરણિયા બધા ફડ.. ફડ.. ફડ ભાગે.

એમ ત્રાડ મારતા કહે છે કે, ઉત્તમ તીર્થ પ્રભુ આત્મા છે. બહારના તીર્થ એ બધા વ્યવહાર અને પુણ્યબંધનું કારણ છે. અહીં તો (અજ્ઞાની કહે), 'એક બાર વંદે જો કોઈ નરક પશુ ન હોઈ' એ આવે છે ને? ભાઈ! એ 'સમેદશીખર' (માટે કહે). તો શું છે 'સમેદશીખર'? એક વાર શું, લાખ-કરોડ વાર ત્યાં જા ને! એ તો શુભભાવ છે, પુણ્યભાવ છે, બંધભાવ છે. કહો, સમજાણું કાંઈ? ભગવાનઆત્મા... સમજાણું કાંઈ?

'કર્મબંધથી છૂટવાનો ઉપાય અથવા ભવસાગરથી પાર થવાનો ઉપાય રત્નત્રય ધર્મ છે. એ સિવાય બીજો કોઈ ઉપાય નથી.' તે જ તીર્થ છે, ઉત્તમ તીર્થ એ છે. પવિત્ર તીર્થ છે, પવિત્ર તીર્થ. 'નિશ્ચય રત્નત્રય સાક્ષાત્ મોક્ષમાર્ગ છે...' પોતાનું શુદ્ધ સ્વરૂપ, તેની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા નિર્વિકલ્પ આનંદ સહિત (થવી) તે નિશ્ચય સાક્ષાત્ મોક્ષમાર્ગ છે. તે જ 'ઉપાદાન કારણ છે.' પોતાનું કારણ છે. 'વ્યવહાર રત્નત્રય ઉપાદાનના પ્રકાશ માટે બાહ્ય નિમિત્ત છે.' વ્યવહાર રત્નત્રય બાહ્ય નિમિત્ત છે. બાહ્ય નિમિત્ત છે. બાહ્ય નિમિત્ત છે એમ કીધું. 'પ્રકાશ માટે' આપણે કાઢી નાખ્યું. પછી ઘણી લાંબી વાત છે. ઉપાદાન પોતાના શુદ્ધ સ્વભાવથી પ્રગટ થાય છે, એમ બતાવવું છે. વ્યવહાર રત્નત્રય તો એક નિમિત્તમાત્ર છે.

'માટી સ્વયં ઘડારૂપે થઈ જાય છે, કુંભારનો ચાકડો વગેરે નિમિત્ત છે. કાર્યરૂપ સ્વયં ઉપાદાન કારણ થઈ જાય છે.' સમજાણું કાંઈ? 'આત્મા પોતાની શુદ્ધિમાં અથવા ઉન્નતિમાં પોતે જ ઉપાદાન કારણ છે,...' ઉપાદાન બે પ્રકારના છે. અશુદ્ધ ઉપાદાન (અને શુદ્ધ ઉપાદાન). આ શુદ્ધ ઉપાદાનની વાત ચાલે છે. અશુદ્ધ ઉપાદાનનો અર્થ કે, આત્મા પોતાની પર્યાયમાં રાગ-દ્વેષ વિકાર કરે છે તે અશુદ્ધ ઉપાદાન છે. અને વિકાર નથી, આત્મા એકલો શુદ્ધ પરમાનંદ છે એ શુદ્ધ ઉપાદાન છે. શુદ્ધ ઉપાદાનમાં બે પ્રકાર છે. ધ્રુવ ઉપાદાન, એક ક્ષણિક

www.vitragvani.com



ઉપાદાન. ધ્રુવ ઉપાદાન શુદ્ધ ત્રિકાળ છે અને તેમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરવા તે ક્ષણિક શુદ્ધ ઉપાદાન છે તે સમયનું. સમજાણું કાંઈ?

'સ્વયં જ્ઞાનચેતનામય છે, પરમ નિરાકુળ છે.' ભગવાનઆત્મા સ્વયં જ્ઞાનચેતનામય છે. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન એટલે જ્ઞાન સ્વભાવ. જ્ઞાન સ્વભાવ એ આત્મ સ્વભાવ. ચેતનામય, તેનું વેદન એ ચેતનમય વેદન છે. પોતાનું શુદ્ધ ચેતનમય વેદન (છે). પુણ્ય-પાપ રાગાદિનું વેદન એ તો આકુળતાનું વેદન છે. ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપનું વેદન તે જ્ઞાનચેતના છે. 'પરમ નિરાકુળ છે. એ જ પરમાત્મા દેવ છે...' 'એ જ પરમાત્મા દેવ છે એવું દૃઢ શ્રદ્ધાન તે નિશ્ચય સમ્યગ્દર્શન છે.'

'એની પ્રાપ્તિનો ઉપાય અંતરંગ નિમિત્ત અનંતાનુબંધી કષાય અને મિથ્યાત્વનો ઉપશમ છે...' બહારનું નિમિત્ત બતાવે છે. 'બાહ્ય ઉપાય દેવ-શાસ્ત્ર-ગુરુનું શ્રદ્ધાન અને જીવાદિ સાત તત્ત્વોનું પાકું શ્રદ્ધાન...' એ નિમિત્ત છે. 'તથા સ્વપરનો ભેદજ્ઞાનપૂર્વકનો વિચાર છે. મન-વચન-કાયાની સર્વ ક્રિયા નિમિત્ત છે. અંતરંગ અને બહિરંગ નિમિત્ત મળતાં નિશ્ચય સમ્યગ્દર્શન આત્માની જ ભૂમિકામાંથી ઉત્પન્ન થાય છે.' એ નિશ્ચય આત્માનું સમ્યગ્દર્શન આત્માની ભૂમિકામાં આત્માના આશ્રયે ઉત્પન્ન થાય છે, એ રાગની ભૂમિકામાં ઉત્પન્ન નથી થતું. ભગવાનઆત્મા પોતે પરમેશ્વર પોતાની ભૂમિકામાં નિશ્ચય સમ્યગ્દર્શન અંદરથી પ્રગટ કરે છે. પરની સત્તામાં શું છે? પોતાની સત્તામાં (પોતે) પ્રગટ કરે છે. સમજાણું કાંઈ?

તેમાં 'આત્મા જ ઉપાદાન કારણ છે. આત્માનું આત્મારૂપ યથાર્થ જ્ઞાન નિશ્ચય સમ્યગ્જ્ઞાન છે. આગમ દ્વારા તત્ત્વોનું અને દ્રવ્યોનું મનન તે વ્યવહાર સમ્યગ્જ્ઞાન છે, નિમિત્ત છે, આત્માના અભ્યાસથી અને ગુરુના ઉપદેશના નિમિત્તથી અંતરંગમાં ઉપાદાન આત્માની જ્ઞાનનો પ્રકાશ થાય છે. અંતરંગ નિમિત્ત જ્ઞાનાવરણી અને દર્શનાવરણી કર્મોનો ક્ષયોપશમ છે.' નિમિત્તથી વાત (કરી છે), ઠીક!

'આત્માનું આત્માની અંદર આત્મા દ્વારા જ પરના આલંબન રહિત રમણપણું (લીનતા) તે નિશ્ચય સમ્યક્ચારિત્ર છે.' લ્યો, આ ચારિત્ર! 'આત્માનું આત્માની અંદર આત્મા દ્વારા...' નિર્વિકલ્પ દ્વારા. 'પરના આલંબન રહિત...' વ્યવહારના આલંબન રહિત સ્વરૂપમાં રમણતા કરવી તે નિશ્ચય સમ્યક્ચારિત્ર છે. એ દર્શન-જ્ઞાન-ચારિત્ર ઉત્તમ તીર્થ છે. તેમાં સ્નાન કરવાથી મેલનો નાશ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? 'આત્માનુભવ જ તીર્થ છે,...' એ આત્માનુભવ તીર્થ (છે). આહાહા..!

મુમુક્ષુ :- અનુભવને તે તીર્થ!

ઉત્તર :- ઇ આત્માનુભવ થયો ને! અનુભવ એ જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. ઇ તીર્થ છે, એમ કહે છે.

મુમુક્ષુ :- જીવ તીર્થ છે ને!

www.vitragvani.com



ઉત્તર :- ઇ જીવ તીર્થ પછી, અત્યારે તો મૂળ તીર્થ આ છે, એ તીર્થ તો અનાદિ છે, એ તીર્થ તો અનાદિ છે. આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરે ત્યારે એ અનાદિ તીર્થની શ્રદ્ધા થઈ. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ઉત્તમ તીર્થ છે. એવા તીર્થનો પિંડ પ્રભુદ્રવ્ય એ તો ત્રિકાળ તીર્થ છે, પણ તેના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કર્યા તે ઉત્તમ તીર્થ છે. તેમાં સ્નાન કરવાથી મળનો નાશ થાય છે, એ તીર્થની જાત્રા કરવાથી બંધનો નાશ થાય છે. કહો, સમજાણું કાંઈ? બહારના તીર્થમાં તો શુભભાવનો બંધ થાય છે. ચાહે તો 'સમેદશીખર'ની જાત્રા હો અને ચાહે તો 'ગિરનાર'ની હો, શુભભાવ છે. પુણ્ય બંધાય, પુણ્ય બંધાશે, સંવર, નિર્જરા નહિ (થાય).

મુમુક્ષુ :- શાશ્વત તીર્થ છે.

ઉત્તર :- ગમે તે હો, આત્મા શાશ્વત તીર્થ છે.

'જહાજ છે, તે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણે આત્મિક ધર્મોથી રચિત છે.' લ્યો! એ ત્રણ ધર્મથી રચિત તીર્થ છે. 'આ જહાજ ઉપર જે આત્મા પોતે જ ચઢીને તે જહાજને પોતાના જ આત્મારૂપી સમુદ્રમાં ચલાવે છે તે પોતે જ મોક્ષદ્વીપ ઉપર પહોંચી જાય છે. તે દ્વીપ પણ પોતે જ છે. પોતાનો પૂર્ણ ભાવ કાર્ય છે, અપૂર્ણ ભાવ કારણ છે. આ રીતે જે કોઈ નિશ્ચિંત થઈને આત્માનો સતત અનુભવ કરે છે તે જ પરમાનંદનો સ્વાદ પામતો થકો અને કર્મોનો સંવર અને તેમની નિર્જરા કરતો થકો ઉન્નતિ કરતો જાય છે, એ જ કર્તવ્ય છે.'

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જ્ઞાયકપણું તે જ આત્માનો પરમસ્વભાવ છે!

આત્મા જ્ઞાયક વસ્તુ છે, જ્ઞાન જ તેનો પરમસ્વભાવ છે. 'જ્ઞાયકપણું' આત્માનો પરમભાવ છે, તે સ્વપરના જ્ઞાતાપણા સિવાય બીજું શું કરે? જેમ 'છે' ને જેમ 'થાય છે' તેનો તે જાણનાર છે. દ્રવ્ય અને ગુણ તે ત્રિકાળ સત્ ને પર્યાય તે એક સમયનું સત્! તે સત્નો આત્મા જાણનાર છે પણ કોઈ પરનો ઉત્પન્ન કરનાર, નાશ કરનાર કે તેમાં ફેરફાર કરનાર નથી. જો ઉત્પન્ન કરવાનું, નાશ કરવાનું કે ફેરફાર કરવાનું માને તો ત્યાં જ્ઞાયકભાવપણાની પ્રતીતિ રહેતી નથી એટલે જ્ઞાનસ્વભાવને જે નથી માનતો તે પરમાં ફેરફાર કરવાનું માને છે, તેને જ્ઞાયકપણું નથી રહેતું પણ મિથ્યાત્વ થઈ જાય છે.

(આત્મધર્મ — ઑગસ્ટ - ૨૦૦૮)

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



રત્નત્રયનું સ્વરૂપ.

दंसणु जं पिच्छियइ, बुह अप्पा विमल महंतु।
पुण पुणु अप्पा भावियए, सो चारित्त पवित्तु।।૮૪।।
દર્શન જે નિજ દેખવું, જ્ઞાન જે વિમળ મહાન;
ફરી ફરી આતમભાવના, તે ચારિત્ર પ્રમાણ. ૮૪.

અન્વયાર્થ :– (अप्पा विमल महंतु) આ આત્મા મળરહિત શુદ્ધ અને મહાન પરમાત્મા છે (ज पिच्छियइ वुह दंसणु) આવું જે શ્રદ્ધાન કરવું તે સમ્યગ્દર્શન છે અને એવું જાણવું તે જ્ઞાન છે. (पुणु पुणु अप्पा भावियए सो चारित्त पवित्तु) વારંવાર આ આત્માની ભાવના કરવી તે પવિત્ર અથવા નિશ્ચય શુદ્ધ ચારિત્ર છે.

---

વીર સંવત ૨૪૯૨, અષાઢ વદ ૯, મંગળવાર
તા. ૧૨-૦૭-૧૯૬૬
ગાથા–૮૪, ૮૫ પ્રવચન નં. ૩૨

---

આ 'યોગસાર' ચાલે છે, તેની ૮૪મી ગાથા.

दंसणु जं पिच्छियइ, बुह अप्पा विमल महंतु।
पुण पुणु अप्पा भावियए, सो चारित्त पवित्तु।।૮૪।।

ભગવાન 'યોગીન્દ્રદેવ' મુનિ જંગલવાસી દિગંબર આચાર્ય હતા. ૧૪૦૦ વર્ષ પહેલાં તેમણે આ એક 'પરમાત્મ પ્રકાશ' અને એક આ 'અમૃતાશીતિ' આદિ બનાવ્યા છે. આપણે ત્યાં બે પ્રસિદ્ધિમાં છે. આ યોગસાર છે. યોગસારનો અર્થ–પોતાનું શુદ્ધ સ્વરૂપ એકરૂપ પવિત્ર (છે) તેમાં એકાકાર થઈને યોગ નામ જોડાણ કરીને સાર નામ નિર્વિકલ્પ દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા કરવા તેનું નામ યોગસાર–મોક્ષમાર્ગ કહે છે. અહીં તો બધા સાર જ છે. 'સમયસાર', 'પ્રવચનસાર', 'નિયમસાર', 'ગોમ્મટસાર', 'યોગસાર'. સંતોએ બધું સાર સાર જ બનાવ્યું છે. દિગંબર સંતોએ તો તત્ત્વનો સાર દોહન કરીને સાર સાર કાઢ્યો છે.

યોગસાર–ભગવાનઆત્મા પરિપૂર્ણ વસ્તુ સ્વરૂપ અખંડ એકરૂપ (છે), તેમાં આ યોગ છે તે પર્યાય છે, યોગસાર તે પર્યાય છે, પણ યોગસાર પર્યાયનો વિષય દ્રવ્ય છે. સમજાણું કાંઈ? યોગસાર તે પર્યાય છે, પણ વસ્તુ એકરૂપ ત્રિકાળ જ્ઞાયક સ્વભાવભાવ પરમસ્વરૂપ, જેમાં કોઈ ઉત્પાદ-વ્યય પણ નથી. ધ્રુવ શાશ્વત સત્ ધ્રુવ વસ્તુમાં એકાકાર તેનું લક્ષ કરીને, ધ્યેય બનાવીને, તેમાં શ્રદ્ધા-જ્ઞાન અને સ્થિરતા કરવી તેનું નામ અહીંયાં ભગવાન યોગસાર

www.vitragvani.com



કહે છે. વ્યવહાર યોગસાર કાઢી નાખે છે. જે વિકલ્પ વ્યવહાર વચ્ચે છે તે સાર નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? એ કહે છે, જુઓ!

આ આત્મા 'विमल महंतु' 'મળરહિત શુદ્ધ અને મહાન...' 'अप्पा महंतु' 'મહાન પરમાત્મા છે.' એક સેકંડના અસંખ્ય ભાગમાં એ તો અનંત પરમાત્માના પેટ અંદરમાં છે. સર્વજ્ઞ કે સિદ્ધ પરમાત્મા જે થાય છે એવી એવી પરમાત્મદશા તો જેના ગર્ભમાં-ધ્રુવમાં અનંતી પડી છે. એવો એ આત્મા પરમાત્મા ધ્રુવરૂપ શાશ્વત, તેનું શ્રદ્ધાન કરવું. 'पिच्छियइ' શબ્દ લીધો છે. 'पिच्छियइ' નામ દેખવું, દેખવું નામ શ્રદ્ધાન કરવું. એ શ્રદ્ધા એમ ને એમ નથી, કલ્પના નથી. એ શ્રદ્ધા સ્વસન્મુખ થઈને પરસન્મુખના ભેદના વિકલ્પથી નિરાળો થઈને પોતાના શુદ્ધ અંતર્મુખ સ્વભાવમાં દેખવું નામ એ સ્વભાવની પ્રતીત કરવી તેનું નામ સમ્યગ્દર્શન કહેવાય છે. એ 'पिच्छियइ' શબ્દથી લીધું છે. 'શ્રદ્ધાન કરવું તે સમ્યગ્દર્શન છે.'

'એવું જાણવું તે જ્ઞાન છે.' એવું જાણવું કે ભગવાનઆત્મા પરિપૂર્ણ સ્વરૂપને જ્ઞેય કરી, એ વસ્તુ અખંડ એકરૂપ છે તેને જ્ઞેય કરીને તેનું જ્ઞાન કરવું તેનું નામ મોક્ષના માર્ગનો બીજો અવયવ-જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા પરમપારિણામિક સ્વભાવભાવ સ્વરૂપ ત્રિકાળ.. ત્રિકાળ.. ત્રિકાળ.. અસંખ્ય પ્રદેશનો પિંડ પણ એ અસંખ્ય ભેદ પણ નહિ. એકરૂપ. છે એમાં અસંખ્ય પ્રદેશ, છે તેમાં અનંત ગુણ પણ ગુણભેદ નહિ. એકરૂપ, એકરૂપ દૃષ્ટિ થયા વિના એકાકાર થતો નથી, એકાકાર થયા વિના એકરૂપ દૃષ્ટિ આવતી નથી. સમજાણું કાંઈ?

કહે છે કે, ભગવાન 'अप्पा विमल महंतु'. 'महंतु' (અર્થાત્) એ તો મહાન આત્મા છે. મહાન આત્મા. તેના એક એક ગુણ અનંત પર્યાય પ્રગટ કરવા લાયક (છે). એક એક ગુણથી પણ અનંત શક્તિવાન છે. અનંત શક્તિવાન છે. એવા અનંત ગુણ, તેનું એકરૂપ 'महंतु' મહાત્મા ભગવાનની અંતર્મુખ શ્રદ્ધા કરવી. એ જેવો છે તેવો. ભગવાન સર્વજ્ઞ કહે છે તેવો. અન્ય સર્વ લોકો આત્મા કહે કે, આત્મા આવો, આત્મા આવો એમ નહિ. સર્વજ્ઞે કહ્યો તેવો (આત્મા). પછીની ગાથામાં આવશે. ૮૫ (ગાથા). 'જ્યાં આત્મા ત્યાં સકળ ગુણ, અનંત ગુણ, કેવળી બોલે એમ.' 'જ્યાં આત્મા ત્યાં સકળ ગુણ, કેવળી બોલે એમ. નિર્મળ અનુભવ આપનો, પ્રગટ કરો સો પ્રેમ.' એ ૮૫માં (આવશે). એટલે અહીં પહેલું આ લીધું છે.

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ પરમેશ્વરે જે એક એક આત્મા જોયો, તો ભગવાને આત્મા કેવો જોયો? કે, અસંખ્ય પ્રદેશી, અનંત ગુણનો પિંડ અને ત્રિકાળ એકરૂપ સ્વભાવ જોયો. એવો જે આત્મા, તેમાં પુણ્ય-પાપભાવ નથી આવતા, શરીર, વાણી નથી આવતા અને તેની પર્યાયના ભેદ પણ તેમાં નથી આવતા, તેમાં આ ગુણ છે અને આ ગુણી છે એવા ભેદ પણ નથી આવતા. એવા મહંત આત્માના અંતર્મુખ દર્શન કરવા તેનું નામ ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ સમ્યગ્દર્શન છે, એમ ફરમાવે છે. તેનું જ્ઞાન. શાસ્ત્રનું જ્ઞાન આદિ નહિ.

www.vitragvani.com



એ જ્ઞાનસ્વરૂપી ભગવાનનું જ્ઞાન. જ્ઞાયક ભગવાન એકસ્વરૂપી પ્રભુ, એકસ્વરૂપી જ્ઞાયકનું જ્ઞાન તેનું નામ જ્ઞાન છે. શાસ્ત્રનું જ્ઞાન તે જ્ઞાન નથી. સમજાણું કાંઈ? (એ) બહિર્ પરસત્તાવલંબી જ્ઞાન છે. સ્વસત્તાવલંબ થઈને પોતાના શુદ્ધ સ્વરૂપમાં એકાકાર થવું, જે જ્ઞાન સ્વરૂપ ત્રિકાળ છે તેમાંથી જ્ઞાનની પર્યાયનું પ્રગટ થવું તે પોતાનું જ્ઞાન છે. તેને જ્ઞાન કહે છે. આહાહા..!

'पुण पुणु अप्पा भावियए' આ ચારિત્રની વ્યાખ્યા ચાલે છે. ચારિત્ર એટલે શું? કે, 'વારંવાર આ આત્માની ભાવના કરવી તે પવિત્ર અથવા નિશ્ચય શુદ્ધ ચારિત્ર છે.' ભગવાનઆત્મા શુદ્ધ પૂર્ણાનંદ અતીન્દ્રિય આનંદનો કંદ એકરૂપની દૃષ્ટિ થઈ છે, જ્ઞાન થયું છે (હવે) વારંવાર તેમાં લીન થવું, લીન થવું, આત્મામાં, હોં! વિકલ્પ, શરીરની ક્રિયા તેમાં છે જ નહિ. ઓ..હો..! જુઓને, જીવતા શરીરથી ક્રિયાથી ધર્મ થાય છે, એમ કહે છે ને? આવો પ્રશ્ન ઉઠ્યો છે 'જયપુર'માં. આહાહા..!

ભગવાન અહીં કહે છે, પ્રભુ! એ શરીરની ક્રિયા તો જડની છે, અંદર દયા, દાનના વિકલ્પ ઊઠે તે પુણ્યાસ્રવ છે, પાપની હિંસા, જૂઠની તો વાત જ શું કરવી? અને તેની એક સમયની પ્રગટ પર્યાય છે તેનો આશ્રય કરવો તે પણ ચીજ નથી, એનો આશ્રય કરવો એ તો વિકલ્પ છે. તેનું જ્ઞાન અને પર્યાયનું જ્ઞાન કરવું તે પણ જ્ઞાન નહિ. એક સમયનો ચૈતન્યપ્રભુ, તેનું જ્ઞાન કરીને તેમાં વારંવાર લીન થવું, આત્મામાં લીન થવું તેને પવિત્ર નિશ્ચય ચારિત્ર કહેવામાં આવે છે. જુઓ! બે શબ્દ પડ્યા છે. શુદ્ધો હું શુદ્ધો શું કરે? એ તો વિકલ્પ આવ્યો.

એકરૂપ (સ્વરૂપનું) પહેલા જ્ઞાનમાં લક્ષ કરીને પછી એકરૂપમાં એકાકાર દૃષ્ટિ કરવી, જેમાં ભેદનું લક્ષ રહે નહિ અને નિર્વિકલ્પ પ્રતીત ઉત્પન્ન થાય, એવો દ્રવ્યનો આશ્રય કરવો તેનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન છે અને તે જ આત્મામાં.., જેવો અખંડ અભેદ શ્રદ્ધા, જ્ઞાનમાં લીધો છે, તે જ આત્મામાં સ્થિરતા, સ્થિરતા, જામી જવું, લીન થવું, ચરવું, ચરવું. ચરવું એટલે ચારો ચરવો, આનંદનો ચારો ચરવો, આનંદનો અનુભવ કરવો, અતીન્દ્રિય આનંદનો અનુભવ કરવો તેનું નામ ભગવાન ચારિત્ર કહે છે.

બે શબ્દ વાપર્યા છે. પવિત્ર... સમજ્યા? અને એનો અર્થ ચારિત્ર એટલે નિશ્ચય એમ લેવું. સમજાણું? 'पुण पुणु अप्पा भावियए, सो चारित्त पवित्तु' તે નિશ્ચય ચારિત્ર-સાચું ચારિત્ર, તે જ પવિત્ર છે અને તે જ મોક્ષનું કારણ છે. આમ છે, ભાઈ! વ્યવહાર ચારિત્ર, વ્યવહાર જ્ઞાન અને વ્યવહાર શ્રદ્ધા એ તો પરાલંબી વિકલ્પ છે, એ કાંઈ મોક્ષમાર્ગ નથી. મોક્ષમાર્ગ બે નથી. મોક્ષમાર્ગનું કથન બે છે, માર્ગ બે નથી. મોટી વિપરીતતા અત્યારે ચાલે છે. નહિ, માર્ગ બે છે. ભગવાન! માર્ગ બે નથી. માર્ગ એક જ છે, પણ કથનશૈલીમાં બે પ્રકાર નિમિત્ત જોઈને આવ્યા, પણ નિમિત્ત છે તે માર્ગ છે જ નહિ. આ એક જ માર્ગ છે. આ 'યોગસાર' છે. ચોરાશી ગાથા છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા વસ્તુ છે કે નહિ? એકરૂપ અખંડ અભેદ ચીજ છે કે નહિ? પર્યાયમાં

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પરિણમન છે એનું અત્યારે લક્ષ (નથી). પર્યાય છે, હો. પર્યાય તેનો સ્વભાવ છે, સ્વભાવ છે, નથી એમ નહિ. એ પર્યાય સ્વભાવ પણ હમણાં લેશે, પણ એ પર્યાયનો આશ્રય કરવાનો નથી. પર્યાયનો આશ્રય કરવાથી વિકલ્પ ઊઠે છે. કેમકે પર્યાય તો એક અંશ છે, સ્થિર નથી. સ્થિર નથી તેની ઉપર લક્ષ કરવાથી તો અસ્થિર વિકલ્પ ઉત્પન્ન થાય છે. આ વસ્તુ સ્થિર બિંબ, સ્થિર ધ્રુવ અનાદિઅનંત (છે), જેમાં અનાદિઅનંત એવો કાળભેદ પણ નથી. એકરૂપતા. તેમાં વારંવાર રમણ કરવું, લીનતા કરવી, રમવું, આનંદનો અનુભવ (કરવો), વારંવાર અતીન્દ્રિય આનંદનો અનુભવ કરવો તેનું નામ પવિત્ર ચારિત્ર, મોક્ષનો માર્ગ કહે છે. ભારે વાત, ભાઈ! અઠ્યાવીસ મૂળગુણ ને પંચ મહાવ્રત ક્યાંય રહી ગયા. એ તો વિકલ્પ છે, ભગવાન! ભાઈ! અહીંયાં તો માર્ગ તો સ્વસ્વભાવમાંથી આવે છે કે પરલક્ષી રાગમાંથી આવે છે? ભગવાન અંતર પરિપૂર્ણ પડ્યો છે ને, પ્રભુ! એને વિશ્વાસ નથી. અનંત અનંત ચૈતન્ય રત્નાકર.. ઓ..હો..હો..! સમજાણું કાંઈ?

એક આકાશનો અસ્તિત્વગુણ લો તો આખું વ્યાપક છે. અહીંયાં અસ્તિત્વ ગુણ લો તોપણ આટલામાં વ્યાપક છે, પૂર્ણ છે. એમ નથી કે આટલા ક્ષેત્રમાં જ્ઞાનગુણ છે તો થોડો છે, અસ્તિત્વગુણ છે તો થોડો છે અને આકાશ અનંતગુણા ક્ષેત્રમાં વ્યાપક છે તો મોટો છે, એમ નથી. ક્ષેત્રથી મોટું એની મોટપ નથી. તેના ભાવની મોટપ છે. ભગવાનઆત્મા અસંખ્ય પ્રદેશના ધામમાં જે અનંત ગુણ છે, એક એક ગુણનું મહાન અનંત અનંત સામર્થ્ય (છે), મહાનતા છે. એવા એકરૂપ સામર્થ્ય (સ્વરૂપ) દ્રવ્યમાં લીન થવું તે ચારિત્ર છે. ખરેખર એ ચારિત્ર મોક્ષનો માર્ગ છે. ચારિત્રનું કારણ દર્શન, જ્ઞાન છે. દર્શન, જ્ઞાન વગર (ચારિત્ર નથી). પણ ખરેખર મોક્ષનો માર્ગ તો 'चरित्त खल्लु धम्मो' (છે). સમજાણું કાંઈ? પણ આ ચારિત્ર.

મુમુક્ષુ :– એકાગ્ર એટલે સ્થિર થવું વારંવાર.

ઉત્તર :– વારંવારનો અર્થ એમાં ને એમાં એકાગ્ર થવું, એમ વારંવાર. વિકલ્પમાં આવી જાય ને? અસ્થિરતા (થાય). અમુક સ્થિરતા તો કાયમ હોય પણ અંતરમાં જામવાની (વાત છે). એકાકાર નિર્વિકલ્પ શુદ્ધોપયોગમાંથી ખસી જાય, વળી નિર્વિકલ્પ ઉપયોગમાં આવવું, એમ. અમુક ચારિત્રની સ્થિરતા તો કાયમ હોય, સમજાણું? અહીંયાં 'पुणु पुणु' કહ્યું એનો અર્થ એ કે, નિર્વિકલ્પ ઉપયોગમાં વારંવાર આવવું, વારંવાર આવવું. પંચ મહાવ્રત આદિના વિકલ્પ આવી જાય છે પણ વારંવાર ત્યાં જામી જવું તેનું નામ પવિત્ર ચારિત્ર છે. લ્યો એટલો તો શ્લોકનો શબ્દાર્થ થયો. પછી ભાઈએ 'શીતલપ્રસાદે' જરી (ભાવાર્થ લખ્યો છે).

'પોતાના આત્માનું યથાર્થ સ્વરૂપ જાણીને તેનું શ્રદ્ધાન કરવું જોઈએ.' થોડી સાધારણ વાત (કરી છે). 'આ આત્મદ્રવ્ય પરિણમનશીલ છે,...' આ આત્મા દ્રવ્ય છે, વસ્તુ છે અને વર્તમાન પરિણમન (છે). પરિણમન નામ પલટતો સ્વભાવ છે, પલટવું તેનો સ્વભાવ છે. 'ગુણોનો

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સમૂહ છે.' ભગવાનઆત્મા અનંત ગુણોનો પિંડ છે. આવે છે કે નહિ? એ..ઇ..! ક્યાં (આવે છે)? 'જૈન સિદ્ધાંત પ્રવેશિકા'. દ્રવ્ય કોને કહેવું? ઇ તો પહેલી વ્યાખ્યા છે. ગુણોના સમૂહને. ગુણોના સમૂહને દ્રવ્ય કહેવામાં આવે છે. 'જૈન સિદ્ધાંત પ્રવેશિકા'. હેં? દ્રવ્ય કોને કહે છે? ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે. એમ 'જૈન સિદ્ધાંત પ્રવેશિકા'માં આવે છે. એ જ અહીંયાં કહ્યું, જુઓ! ગુણોનો સમૂહ તે દ્રવ્ય છે. દ્રવ્ય તો એક છે, ગુણનો સમૂહ કહ્યો ને? સમૂહ. ગુણભેદ છે તે બીજી વાત, એક એક ગુણની દૃષ્ટિ કરવાથી તો ખંડ ખંડ થાય છે. ગુણોનો સમૂહ વસ્તુ છે, એકરૂપ વસ્તુ છે.

'ગુણોમાં સ્વભાવ પરિણમન થવું તે દ્રવ્યનો ધર્મ છે.' એ ગુણોમાં, પર્યાયમાં–અવસ્થામાં સ્વભાવ પરિણમન થવું એ દ્રવ્યનો ધર્મ છે, પર્યાયનો, હોં! 'પરિણમન શક્તિથી જ ગુણોની સમયે સમયે પર્યાયે થાય છે.' બદલવાના કારણે એ પર્યાયધર્મ આત્માનો સ્વભાવ છે. પોતાનો પર્યાયધર્મ છે, પલટવું ધર્મ છે, ક્ષણિક પર્યાયમાં પલટવું. તો કહે છે, સમયે સમયે પર્યાય થાય છે.

'વ્યવહારનયથી આ આત્મા કર્મસહિત મલિન દેખાય છે.' વ્યવહારથી સંયોગ દેખાય છે. સ્વભાવનયે નહિ, એ નિશ્ચય છે. 'કર્મોના સંયોગથી ચૌદ ગુણસ્થાન અને ચૌદ માર્ગણા રૂપ આત્માની જે અવસ્થાઓ થાય છે તે આત્માનો નિજ શુદ્ધ સ્વભાવ નથી.' એ ભેદ છે. આશ્રય કરવા લાયક નથી. ભૂતાર્થ એકરૂપ સ્વભાવ છે. ગુણસ્થાન અભૂતાર્થ છે. અભૂતાર્થનો અર્થ નથી, એમ નહિ. આશ્રય કરવા લાયક નથી. ક્ષણિક અવસ્થા છે તે અપેક્ષાએ તેને અભૂતાર્થ નિશ્ચયની અપેક્ષાએ કહ્યું છે.

'જ્યારે શુદ્ધ નિશ્ચયનયથી જાણવામાં આવે તો આ આત્મા યથાર્થમાં જેવું મૂળ દ્રવ્ય છે તેવું જાણવામાં આવે છે.' ભેદ નહિ. ચૌદ ગુણસ્થાન આદિ વ્યવહારનયનો વિષય છે ખરો, હોં! છે ખરો. એ વિષય છોડી દે તો તીર્થનો નાશ થઈ જાય. ચોથું, પાંચમું, છઠ્ઠું પર્યાયભેદ જ ન રહે. વ્યવહારનો વિષય જ ન હોય એ ખોટી વાત છે. વ્યવહારનો વિષય છે (પરંતુ) આશ્રય કરવા લાયક નથી.

મુમુક્ષુ :– બેય રાખો.

ઉત્તર :– બે શી રીતે રાખે? આશ્રય કરવા લાયક એક. બીજી ચીજ જાણવા લાયકનું અસ્તિત્વ જાણવું. ચૌદ ગુણસ્થાન, માર્ગણાસ્થાન બધું છે. નથી, એમ નહિ. એ તો આશ્રય કરવા લાયક નથી એ અપેક્ષાએ વ્યવહાર કહીને અભૂતાર્થ કહ્યું છે. વ્યવહાર કહીને ગૌણ કરીને (અભૂતાર્થ કહ્યું છે). તેને ગૌણ કરીને (કહ્યું છે), તેનો અભાવ કરીને નહિ. (કેમકે) પર્યાય તેની છે. પર્યાયને ગૌણ કરીને, વ્યવહાર કહીને અભૂતાર્થ કહ્યું, એટલું લેવું. પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કહીને, ગૌણ કરીને વ્યવહાર કહીને અભૂતાર્થ કહ્યું છે. ભગવાનઆત્મા એક સમયમાં પૂર્ણ પૂર્ણ મુખ્ય કરી, નિશ્ચય કહીને તેને ભૂતાર્થ કહ્યો. સમજાણું કાંઈ? અભાવ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કરીને (કહે તો) પર્યાય છે જ નહિ, એમ થયું. (પર્યાયનું) લક્ષ છોડવું છે માટે તેને ગૌણ કરવું. પરંતુ છે જ નહિ, એમ છે? પર્યાય છે જ નહિ? પરિણમન છે જ નહિ? ગુણસ્થાન છે જ નહિ? (જો એમ હોય તો) વસ્તુનો નાશ થઈ જાય. સમ્યગ્દર્શન ને જ્ઞાન ને ચારિત્ર ને આ મોક્ષમાર્ગ ને એ બધી પર્યાય છે. ચોથું, પાંચમું, છઠ્ઠું, સાતમું, તેરમું (ગુણસ્થાન) એ બધું શું છે? એ તો બધી પર્યાય છે. પર્યાય નથી? છે. પણ તેમાં પોતાનું પ્રયોજન સિદ્ધ થતું નથી. પ્રયોજન સિદ્ધ કરવા પર્યાયના ભેદને ગૌણ કરીને, અભાવ કરીને નહિ, ગૌણ કરીને વ્યવહાર કહ્યું અને વ્યવહાર કહીને અભૂતાર્થ કહ્યું. ભગવાનઆત્માનું પ્રયોજન સિદ્ધ કરવા માટે એકરૂપ નિશ્ચય મુખ્ય નહિ, મુખ્ય ત્રિકાળ મુખ્ય વસ્તુને નિશ્ચય કહીને, અભેદ કરીને તેને ભૂતાર્થ કહ્યું. વસ્તુ યથાર્થ, યથાર્થ, યથાર્થ. આહા..! સમજાણું કાંઈ? આવી વસ્તુ સર્વજ્ઞ સિવાય ત્રણકાળમાં બીજા કોઈ સ્થાનમાં છે નહિ. વેદાંત ભલે મોટી મોટી વાત કરે કે, આત્મા આવો છે, આત્મા આવો છે. બધી ખોટી વાત છે, બધી વિપરીત વાત છે. સમજાણું કાંઈ? અહીંયાં નિશ્ચયની વાત કરે છે માટે વેદાંત સાથે મળી જાય છે એમ નથી.

ભગવાનઆત્મા અભેદ દૃષ્ટિમાં મુખ્ય કરીને તેનો આશ્રય કરવો છે, પ્રયોજન સિદ્ધ કરવું છે. પર્યાયના આશ્રયે પ્રયોજન સિદ્ધ નથી થતું. પોતાના કાર્યમાં શાંતિ પ્રગટ કરવી છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણે શાંતિ છે. ત્રણે ધર્મ છે, શાંતિ છે, ત્રણે આનંદ છે. તો આનંદનું પ્રયોજન સિદ્ધ કરવા માટે પોતાનો સ્વભાવ ત્રિકાળ જે મુખ્ય છે તેને નિશ્ચય કહીને ભૂતાર્થ એક એ જ છે, એ જ છે એમ કહ્યું પણ પર્યાય છે જ નહિ, એમ નથી. સમજાણું કાંઈ?

'આ આત્મા સત્ પદાર્થ છે, તે કદી જન્મ્યો નથી, કદી નાશ પામવાનો નથી, સ્વતઃસિદ્ધ છે, કોઈએ તેને ઉત્પન્ન કર્યો નથી...' જે હોય તેને કોણ ઉત્પન્ન કરે? છે.. છે.. છે.. આદિ-અંત વિનાનો સત્ ભગવાનઆત્મા સત્.. સત્.. છે. સત્ કહો કે છે કહો. છે.. છે.. છે.. તો તેનો સ્વભાવ પણ ત્રિકાળ છે, સ્વભાવ ત્રિકાળ છે, પરિણમન એક સમયની પર્યાય છે. 'આ લોક અનાદિકાળથી છે, છ દ્રવ્યોના સમૂહને લોક કહે છે.' ઠીક, એ તો વાત કરી છે.

'આત્મા–આત્મારૂપે સર્વ સમાન છે તોપણ દરેક આત્માની સત્તા બીજા આત્માની સત્તાથી જુદી છે.' અનંત આત્મા. નિગોદમાં એક શરીરમાં અનંત (આત્મા છે). ઓહોહો..! એટલી કિંમત તો દે, કહે છે. એક નિગોદનો આટલો કટકો. બટાટા. બટાટાને શું કહે છે? આલુ. લીલ, ફૂગ–કાઈ. એક આટલી કટકી. એ કટકીમાં અસંખ્ય શરીર, એક શરીરમાં અત્યાર સુધી જેટલા સિદ્ધા થયા તેનાથી અનંતગુણા જીવ. સંખ્યાએ અનંત છે એ અપેક્ષાએ સમાન (છે). સત્તા બધાની ભિન્ન ભિન્ન છે. આહાહા..! એ વસ્તુ બાપુ! એ વસ્તુ છે, ભાઈ! એ તો તારા જ્ઞાનની એક સમયની પર્યાયમાં એટલા છ દ્રવ્યોનું આવડું અસ્તિત્વ કબુલ કરે

www.vitragvani.com



એટલી તો એના જ્ઞાનગુણની એક સમયની પરલક્ષી પર્યાયનું સામર્થ્ય છે. સમજાણું કાંઈ? આ ભગવાનઆત્માનું લક્ષ કરીને જે જ્ઞાનપર્યાય પ્રગટ થઈ એમાં તો અનંતા અનંતા ગુણનો પિંડ પ્રભુ જાણવાની, કબુલાત કરવાની એક સમયની પર્યાયમાં તાકાત છે. સમજાણું કાંઈ? એ કહે છે, જુઓ! 'દરેક આત્માની સત્તા બીજા આત્માની સત્તાથી જુદી છે.'

'પોતાના આત્માને એકાકી દેખો...' શ્રદ્ધાનો વિષય છે ને! ભગવાનઆત્મા એકાકી એકલો છે, પરની સાથે કોઈ સંબંધ નથી. 'એમાં ન આઠ કર્મોનો બંધ છે,...' આમ એકાકી જોવો છે ને! એકલો તો પછી આવશે પણ એણે અહીં અર્થ કર્યો છે. નહિતર એકલો આવશે ૮૬(ગાથામાં). ૮૬માં તો ચોખ્ખો 'એકલો' શબ્દ જ આવશે. ૮૬મી ગાથામાં (કહેશે), 'एक्कलउ इंदिय रहियउ' એટલે અહીંથી એકલો લેવો છે ને! ૮૬માં પહેલો શબ્દ ઇ છે. ભગવાનઆત્માને એમ જોવો કે જેમાં આઠ કર્મોનો સંબંધ નથી. 'ન એમાં રાગાદિ વિકારી ભાવ છે,, ન કોઈ સ્થૂળ ઔદારિક અને વૈક્રિયિક શરીર છે. આ આત્મા શુદ્ધ સ્ફટિકમણિ સમાન પરમ નિર્મળ છે. જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય આદિ ગુણોનો સાગર છે. આ આત્મા ન કોઈનું ઉપાદાન કારણ છે, ન કોઈનું નિમિત્ત કારણ છે.'

ભગવાનઆત્મા કોઈનું કારણ નથી અને કોઈનું કાર્ય નથી, એવો એનો અનાદિઅનંત ગુણ છે. અકાર્યકારણ નામનો આત્મામાં અનાદિઅનંત ગુણ છે. એવો એક ગુણ છે, તો બધા ગુણ એવા છે અને આખું દ્રવ્ય એવું છે. સમજાણું કાંઈ? અધ્યાત્મની અંતરની વાતું જરી ગ્રાહ્ય થવાનો પુરુષાર્થ ઘણો જોઈએ, ત્યારે ખ્યાલમાં આવે. આહાહા..! હેં?

વસ્તુ વસ્તુ કોઈની નિમિત્ત ક્યાં હોય? વસ્તુના સ્વભાવમાં અકાર્યકારણ નામની શક્તિ અનાદિઅનંત પડી છે. ભગવાનઆત્મામાં જેમ જ્ઞાનગુણ છે, આનંદગુણ છે, અસ્તિત્વગુણ છે એમ અકાર્યકારણ નામનો ત્રણેકાળ તેમાં રહેલો ગુણ અનાદિઅનંત છે. એ દ્રવ્ય વસ્તુ, ગુણ વસ્તુ અને એની પર્યાય, હોં! કોઈનું કાર્ય નહિ અને તે પર્યાય કોઈનું કારણ નહિ. આહાહા..! કેમ? કે, અકાર્યકારણ નામનો ગુણ છે એવી જ્યારે દ્રવ્યદૃષ્ટિ થઈ તો દ્રવ્યમાં અનંત ગુણ છે. તો અકાર્યકારણ ગુણનું પણ પરિણમન થયું. શું કહ્યું સમજાણું?

૪૭ શક્તિ જે પ્રકાશિત થશે એ બહુ સારી નીકળશે. 'આત્મપ્રસિદ્ધિ' છપાણું છે પણ અત્યારે ૪૭ શક્તિના વ્યાખ્યાન થયા છે તે બહુ સારા થયા છે. હળવે હળવે બહાર આવશે. ૪૭ શક્તિ નવી છપાશે. અકાર્યકારણ નામનો આત્મામાં ગુણ છે, એવા ગુણનો ધરનાર દ્રવ્ય છે. એવા અખંડ અભેદ દ્રવ્યની દૃષ્ટિ થઈ તો જેટલા અનંત ગુણ છે એ બધા ગુણનું પરિણમન તેની પર્યાયમાં આવ્યું. દ્રવ્ય અકાર્યકારણ છે, ગુણ અકાર્યકારણ છે, પર્યાય પણ અકાર્યકારણ છે. આહાહા..! સમજાણું કાંઈ?

આ તો ભગવાનનું ઘર છે, તેને જાણવા માટે પુરુષાર્થની ઉગ્રતા જોઈએ. આહાહા..! એ ધર્મ કંઈ સાધારણ ચીજ નથી. જેના ફળ સ્વરૂપે સાદિઅનંત સિદ્ધપદ આનંદ પ્રગટ થાય.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આહાહા..! જેના ફળમાં સાદિઅનંત, ભૂતકાળની પર્યાય કરતાં ભવિષ્યની સાદિઅનંત અનંતગુણી પર્યાય છે. સંસારની પર્યાયની સંખ્યા કરતાં સિદ્ધની પર્યાયની સંખ્યા અનંતગુણી છે. અનંતગુણી, અનંત અનંતગુણી (છે). આહાહા..! એવા આત્માના અતીન્દ્રિય આનંદરૂપ જેનું ફળ, તેના ધર્મની શું કિંમત! અને એ ધર્મ જેના આશ્રયે પ્રગટ થાય તે દ્રવ્યનું શું કહેવું!! સમજાણું કાંઈ?

કહે છે, કોઈનું ઉપાદાન નથી અને કોઈનું નિમિત્ત નથી. એ તો ભગવાન જ્ઞાયક ભિન્ન છે ને! પોતાના આત્મામાં દ્રવ્યમાં એવી શક્તિ છે, જ્યારે એ શક્તિની પ્રતીત, જ્ઞાન થયું તો સર્વ ગુણોની પર્યાયનું પરિણમન થયું, તો અકાર્યકારણ નામનો ગુણ એકલા દ્રવ્ય, ગુણમાં ન રહ્યો, પર્યાયમાં પણ અકાર્યકારણ (પરિણમન આવ્યું). દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેમાં વ્યાપી ગયો. નિર્મળાનંદ ભગવાનની જે પર્યાય છે, તેની જ્યારે દૃષ્ટિ થઈ ત્યારે તે પર્યાય કોઈનું કાર્ય નથી અને કોઈનું કારણ નથી. સમજાણું કાંઈ? સમજવામાં એને (એમ થાય કે) આ શું છે? મૂળ એને સ્વતંત્રતાની વાત અંદર રુચતી નથી. અનાદિથી પરાધીન લોલા લોલા લોલા (જેવો થઈ ગયો છે). ભગવાન, લોલા સમજાય છે? આંખ્યું આમ હોય, પગ-બગ આમ હોય, શક્તિ વિનાના આમ લોલા પડ્યા હોય.

આ તો ભગવાનઆત્મા સિંહ, તેના એક એક (ગુણ).. ઓ..હો..હો..! સમજાણું કાંઈ? એ સિંહની લડાઈની વાત આવી હતી. બે વાઘ હતા, મોટા વાઘ! એક વાઘ ઉપર બીજો વાઘ ચડી ગયો પણ વાઘે માર્યું નહિ. એટલો તો પશુઓમાં પણ ખ્યાલ છે. ચડી બેઠો ઉપર. પછી ઓલો નીકળવાનો હતો ત્યારે આમ ગરદન કરી દીધી, હેઠે કરી દીધી. થઈ રહ્યું, જાઓ. ઓલો કહે, હાર્યો, અને આ કહે, જીત્યો. 'છોટાભાઈ'એ કીધું. ઇ કાલે છાપામાં આવ્યું છે. 'જૈનસંદેશ'માં. 'જૈનસંદેશ' કાલે આવ્યું છે ને? એમાં છે. હેં?

મુમુક્ષુ :– હાર કબુલ થઈ ગઈ.

ઉત્તર :– હાર કબુલ થઈ ગઈ. પહેલા તો ખૂબ લડ્યા, ખૂબ લડ્યા. એક વાઘણ હતી, બેઠી હતી, જોઈ રહી, બસ! જેમ સાક્ષી હોય એમ જોવે. એકની વાઘણ હતી. બે એવા લપટેલપટે (લડ્યા), લોહીજાણ! લોહી કહે છે ને? પછી ચડી ગયો, ઓલો વિજેતા હતો ને? એના ઉપર બેઠો. મોઢું આમ આમ કરે પણ કાપે નહિ. ... ઓલો ચાલ્યો ગયો. કાલે 'જૈનસંદેશ'માં આવ્યું છે. પશુમાં પણ આટલી (કબુલાત આવે છે કે), આ હાર માને છે.

આત્મા પોતાનો જ્યારે વિજેતા થયો (તો) બધા હારી ગયા. રાગ, પર્યાયભેદ બધા હારી ગયા. ભગવાનઆત્મા, હું અકાર્યકારણ સ્વભાવવંત છું. હું કોઈના કારણથી ઉત્પન્ન પર્યાય છું એમ નથી, પર્યાય હોં! અને મારી પર્યાય કોઈના કાર્યમાં કારણ થાય એવો હું છું જ નહિ. ઓહોહો..! આત્માના વિજેતાનું એ લક્ષણ છે.

'સંસારદશામાં આત્મા...' 'કષાયના ઉદયથી શુભાશુભ ઉપયોગવાળો થાય છે. આ યોગ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અને ઉપયોગ જ લૌકિક કાર્યોમાં નિમિત્ત છે. કુંભાર ઘડો બનાવે છે ત્યાં માટી ઘડાનું ઉપાદાન કારણ છે, કુંભારના મન, વચન, કાયાનો યોગ અને અશુદ્ધ ઉપયોગ નિમિત્ત કારણ છે.' એ તો ઠીક. 'શુદ્ધ આત્મામાં ન યોગોનું કાર્ય છે, ન કોઈ શુભ કે અશુભ ઉપયોગ છે.' ભગવાનઆત્મા પોતાની જ્યાં દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા પોતામાં કરે તો ત્યાં ન યોગ છે, ન ઇચ્છા છે. સમજાણું કાંઈ?

'આત્મા સ્વભાવથી અકર્તા અને અભોક્તા છે.' ભગવાનઆત્મા તો રાગનો પણ કર્તા, ભોક્તા સ્વરૂપમાં નથી. પરનો કર્તા તો ક્યાં છે? (લોકોમાં) ગજબ વાત ચાલે છે, કોઈ પૂછનાર ન મળે. અરે..રે...! પ્રભુ! કરે કોને? ભગવાનઆત્મા રાગને કરે? શું રાગ તેની શક્તિમાં પડ્યો છે? તેના સ્વભાવની ખાણમાં રાગ પડ્યો છે? રાગનો કર્તા થાય તો એનો અર્થ થયો કે આખું દ્રવ્ય વિકારી છે. (પરંતુ) એમ છે નહિ. ભગવાનઆત્મા શુદ્ધ અનાકુળ આનંદકંદ, એ તો રાગનો પણ કર્તા અને રાગનો ભોક્તા વસ્તુમાં છે જ નહિ. સમજાણું કાંઈ? તો પરનો કર્તા અને ભોક્તા (ક્યાંથી હોય)? આહાહા..! પરની દયા પાળવાનો શુભભાવ હોય પણ એ શુભભાવ સ્વભાવમાં નથી અને એ શુભભાવથી તેમાં કાર્ય થયું નથી. એ શુભભાવથી પરમાં દયાનું કાર્ય થયું નથી અને શુભભાવથી પોતાની નિર્મળ પર્યાયનું કારણ શુભભાવ થાય અને કાર્ય થાય એમ પણ નથી. સમજાણું કાંઈ? આહાહા..! સર્વજ્ઞ નહિ, વસ્તુનું સ્વરૂપ આમ છે. સર્વજ્ઞે કંઈ કર્યું છે? બનાવ્યું છે? જેવું છે તેવું સર્વજ્ઞે જાણ્યું. જાણ્યું તેવું વાણીમાં આવ્યું, આવ્યું એવું છે. આહાહા..!

કહે છે, ભગવાન! તું તો આત્મા છો ને પ્રભુ! તો આત્મામાં તો મહાન, મહાન મહાન પવિત્રતા પડી છે ને, પ્રભુ! એ પવિત્રતાનું ધામ ભગવાન (છે). એ પવિત્રતારૂપે પરિણમે, એ પરિણમન થયું તે પણ તેનો વ્યવહાર થયો. આહાહા..! હેં? એ પરિણમન તેનો વ્યવહાર છે અને ધ્રુવ તેનું નિશ્ચય છે.

કહે છે કે, ભગવાનઆત્મા સ્વભાવથી તો અકર્તા, અભોક્તા છે. રજકણનો, પરની દયાનો (ભાવ), પરને બચાવનારો, મારનારો કર્તા ભગવાનઆત્મા ન હોય. ભાઈ! એમ ન હોય, ભાઈ! એ ભગવાનને કલંક ચડે છે. એનામાં જે સ્વભાવ નથી એને એમ કહેવું, પ્રભુ! એને કલંક લાગે છે, ભાઈ! તને કલંક લાગે છે, બાપા! એ કલંકનું ફળ, ભાઈ! નુકસાનકારી છે. પણ હવે એ વાત કેમ થાય? એ કાંઈ કોઈની દીધી દેવાય એવી નથી.

ભગવાનઆત્મા જ્ઞાયકનો પિંડ પ્રભુ, જેમાં અકર્તા અભોક્તા નામનો ગુણ છે પણ રાગનો કર્તા અને પરનો કર્તા એવો કોઈ ગુણ નથી, તો પર્યાય પણ નથી. આ તો ભગવાનના દેશની વાત છે. સમજાણું કાંઈ? પરદેશમાંથી નીકળવું હોય અને સ્વદેશમાં આવવું હોય તેની વાત છે. ભગવાનઆત્મા મહાન જેની શક્તિ, કહે છે કે, શક્તિ છે પણ એ શક્તિમાં કોઈ એક શક્તિ એવી નથી કે રાગને રચે. વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ, શુભઉપયોગને રચે

www.vitragvani.com



એવો કોઈ ગુણ નથી. શુભઉપયોગને રચે એવો કોઈ ગુણ નથી તો પરની પર્યાયને રાખે કે ટાળે, ઉત્પાદ કરે કે વ્યય કરે, જીવાડવું નામ ઉત્પન્ન અને મરણ નામ વ્યય, ભગવાન! એ આત્મામાં છે નહિ. ભાઈ! તેના દ્રવ્ય, ગુણ, પર્યાયમાં ત્રણેમાં નથી. સમજાણું કાંઈ? એવા આત્માને જાણે ત્યારે આત્મા જાણ્યો કહેવામાં આવે છે. આત્મા આવો છે અને તેનાથી વિપરીત જાણે તો આત્માને જાણ્યો જ નથી. સમજાણું કાંઈ?

'તે ન તો પરભાવોનો કર્તા છે, ન પરભાવોનો ભોક્તા છે.' 'સર્વવિશુદ્ધિ'માં આવ્યું છે ને? ભાઈ! એ લીધું છે. 'આત્મા સ્વભાવથી પોતાની શુદ્ધ પરિણતિનો કર્તા છે...' એ પણ વ્યવહાર થયો. આત્મામાં પોતાની પર્યાય, આત્મા કર્તા અને પર્યાય કર્મ, એ પણ ઉપચાર વ્યવહાર થયો. 'સહજ શુદ્ધ સુખનો ભોક્તા છે.' ભગવાનઆત્મા પરમાનંદથી ભરેલો છે. અતીન્દ્રિય આનંદનો ભાવ ઠસોઠસ ચૈતન્યમાં ભર્યો છે. અરૂપી માટે મોટા ક્ષેત્રની જરૂર નથી. એ તો તેમાં સામર્થ્ય મોટું છે. આહા..! અતીન્દ્રિય આનંદનો રસકસ. આખા અસંખ્ય પ્રદેશમાં તરબોળ તરબોળ છે. એવા અતીન્દ્રિય આનંદનો ભોક્તા છે. આહા..! એ પણ વ્યવહારનયે ભેદ પાડીને કહે છે.

મુમુક્ષુ :– ઠસોઠસ ...

ઉત્તર :– ઠસોઠસ એટલે તેમાં બીજા કોઈના પ્રવેશનો અવકાશ નથી. અરૂપી પણ દળ છે કે નહિ? જેમ બરફની પાટ છે, બરફની પાટમાં પણ હજી કાંઈક અવકાશ છે કેમકે ભિન્ન ભિન્ન સ્કંધ છે, ભિન્ન ભિન્ન સ્કંધ છે તો તેમાં પણ અવકાશ છે, થોડો ખાલી ભાગ છે. ભગવાન અસંખ્ય પ્રદેશમાં કોઈ ખાલી ભાગ છે જ નહિ. અખંડ પિંડ અને અનંત ગુણનો રસકંદ છે. એમાં આકાશના એક પ્રદેશમાં વચ્ચે અવકાશ છે એમ છે જ નહિ. આહાહા..! બરફની શિલા સમજ્યા? તમને એમ લાગે કે બરફ આમ ઠસોઠસ છે. અંદરમાં આકાશના અસંખ્ય પ્રદેશ, ઘણા સૂક્ષ્મ (પ્રદેશો) ખાલી રહી જાય છે. એમ વાત છે. કેમકે અનંત સ્કંધ છે. અનંત પરમાણુનું એક દ્રવ્ય ક્યાં છે? સ્કંધની અંદર અવકાશ રહી જાય છે. ભગવાનઆત્મામાં એક એક ગુણમાં કોઈ એક પ્રદેશનો અવકાશ ખાલી નથી. આખું અભેદ એકાકાર (દ્રવ્ય) પડ્યું છે. પણ એ આત્મા શું ચીજ છે, તેને તેણે સમજમાં લીધી જ નથી. આત્માનું શું માહાત્મ્ય છે! એ તો પરમાત્માનું પેટ છે, એમાંથી પરમાત્મા પ્રસવે છે. આહાહા..! પરમાત્માની પ્રસુતિનું ઘર આત્મા છે.

મુમુક્ષુ :– કેટલા?

ઉત્તર :– અનંતા. અનંતા પરમાત્માને આત્મા પ્રસવે છે. એક સમયનો પરમાત્મા, બીજા સમયનો પરમાત્મા. પરમાત્મા પર્યાય છે કે નહિ? સિદ્ધ પર્યાય છે કે નહિ? સિદ્ધ એક સમયની પરમાત્માની પર્યાય છે. બીજા સમયે બીજો પરમાત્મા, ત્રીજા સમયે ત્રીજો. ભલે એ જ છે, પણ છે બીજી પર્યાય. એવા સાદિ અનંત પરમાત્મા (થાય તેને) આત્માએ પોતાના ગર્ભમાં

www.vitragvani.com



રાખ્યા છે, પેટમાં રાખ્યા છે. આહાહા..!

મુમુક્ષુ :- પેટ ખોલીને કાઢે તો નીકળે ને.

ઉત્તર :- એકાકાર થાય તો નીકળ્યા વિના રહે જ નહિ. હેં? આહાહા..! વસ્તુ તો આવી છે. આ ઘડી શું આજ જ, એમ કહે છે. 'અમૃતચંદ્રાચાર્યદેવ' 'પ્રવચનસાર'માં છેલ્લે બે ગાથામાં કહે છે, આજ. ભાઈ! બતાવ્યું હતું, નહિ? 'પ્રવચનસાર'માં છેલ્લે છે. આજ જ કરો, આજ જ કરો. ટાઈમની શું વાત છે. જુઓ! છેલ્લે છે, છેલ્લે. જુઓ! (શ્લોક-૨૧) 'એક આખા શાશ્વત સ્વ તત્ત્વને પ્રાપ્ત કરીને આજે અવ્યાકુળપણે નાચો.' 'अद्य' છે ને? 'वल्गात्वद्य'. કહે છે કે, 'ખરેખર પુદ્ગલો જ સ્વયં શબ્દરૂપે પરિણમે છે, આત્મા તેમને પરિણમાવી શકતો નથી,...' ભાષાને આત્મા ત્રણકાળમાં કરી શકતો નથી. માટે એમ ન જાણો કે આ ટીકા મેં કરી છે. 'અમૃતચંદ્રાચાર્યદેવ' કહે છે.

મુમુક્ષુ :- એ તો અભિમાન નથી માટે કહે છે.

ઉત્તર :- અભિમાન નહિ, કરી શકતો જ નથી. એમ કહે છે, કરી તો શકે છે પણ અભિમાન ન કરવું. લોકો એમ કહે છે, હોં! ભગવાન! એમ નથી, ભાઈ! કરી શકતો નથી. કેમકે પરમાણુની પર્યાય સ્વતંત્ર (છે). અનંત પરમાણુમાં એક એકમાં અનંત ગુણની પર્યાયનો ઉત્પાદ તે સમયે થાય, આત્મા શું કરે?

'સ્વયં જ્ઞેયપણે-પ્રમેયપણે પરિણમે છે, શબ્દો તેમને જ્ઞેય બનાવી-સમજાવી શકતા નથી માટે 'આત્મા સહિત વિશ્વ તે વ્યાખ્યેય (સમજાવવાયોગ્ય) છે, વાણીની ગૂંથણી તે વ્યાખ્યા (સમજૂતી) છે અને અમૃતચંદ્રસૂરિ તે વ્યાખ્યાતા (વ્યાખ્યા કરનાર, સમજાવનાર) છે' એમ મોહથી જનો ન નાચો.' આહાહા..! હે જીવો! એમ ન માનો. મેં વ્યાખ્યા કરી, શબ્દો કર્યા એમ ન માનો, પ્રભુ! એ તો ભાષામાં સ્વપર વાર્તા કહેવાની તાકાત છે અને આત્મામાં સ્વપર જાણવાની તાકાત છે. ભગવાનઆત્મામાં સ્વપર જાણવાની તાકાત છે, વાણીમાં આત્મા કે નિમિત્તની અપેક્ષા વિના સ્વપરને કહેવાની તાકાત છે. નિમિત્તની અપેક્ષા હોય તો સ્વપરની વાર્તા કહેવાની તાકાત ક્યાં રહી? સમજાણું કાંઈ? ભાઈ! કેવળજ્ઞાન નિમિત્ત છે માટે ભાષામાં તાકાત આવી. બિલકુલ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ તો સૂચવે છે કેવળજ્ઞાન.

ઉત્તર :- એ તો કેવળજ્ઞાન સૂચવે છે, પણ કેવળજ્ઞાન છે માટે ભાષામાં, દિવ્યધ્વનિમાં સ્વપર વાર્તા કહેવાની પૂર્ણ તાકાત આવી એમ બિલકુલ નથી. આહાહા..!

'સ્યાદ્વાદવિદ્યાના બળથી વિશુદ્ધ જ્ઞાનની કળા વડે આ એક આખા શાશ્વત સ્વ તત્ત્વને પ્રાપ્ત કરીને આજે (જનો) અવ્યાકુળપણે નાચો (-પરમાનંદપરિણામે પરિણમો).' પ્રભુ! આજે, આજે શબ્દ છે. બીજામાં (શ્લોક-૨૨માં) પણ એમ લીધું છે. 'આજે પ્રબળપણે-ઉગ્રપણે અનુભવો...' 'તે ચૈતન્યને જ ચૈતન્ય આજે પ્રબળપણે-ઉગ્રપણે અનુભવો...' ત્યાં આજે છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



'अनुभवतु तदुच्चैश्चिच्चिदेवाद्य यस्माद्' છેલ્લા શ્લોકમાં છે. આજે, બીજો સમય શું? આહાહા..! વાયદા કરે ઇ વાંફળ. વાયદા કરે છે ને? પચાસ હજારનું દેણું હોય તો કાંધો પાડે ને? કાંધો. કાંધો એટલે શું? એક મહિને પાંચસો ભરીશ, બીજા મહિને પાંચસો ભરીશ. હપ્તા! નહિ, એ વાયદા વાંફળ છે. સાવકાર એમ કરે? (એ તો એમ કહે), લે, લઈ જા. ... એમ ભગવાનઆત્મા આવા પૂર્ણાનંદથી ભરેલો પ્રભુ અભેદ, એ કોઈનો કર્તા-હર્તા નથી એને અત્યારે કબુલી લે. વાયદો નહિ. વાયદા કેવા? ભગવાન સ્વરૂપમાં વાયદા છે? સમજાણું કાંઈ?

(અહીંયાં કહે છે), 'આ આત્મા પરમ નિરાકુળ અને સમભાવધારી પરમ પવિત્ર, નિશ્ચળ રહેનાર છે. તે પરમ પદાર્થ પરમાત્મા છે. હું આવો જ છું. એવો નિશ્ચય અનુભવપૂર્વક થવો તે જ સમ્યગ્દર્શન ગુણનું પ્રગટવું છે.' કલ્પનાથી નહિ, બહારથી નહિ, શાસ્ત્રની ધારણાથી નહિ, શાસ્ત્રના જ્ઞાનથી નહિ. આહાહા..! અંતર ભગવાનઆત્મા, એવા પૂર્ણ સ્વરૂપનો અંતર અનુભવ કરીને સમ્યગ્દર્શન ગુણનું પ્રગટવું છે. 'તે મિથ્યાત્વ કર્મ અને અનંતાનુબંધી કષાયના ઉપશમ વિના હોતું નથી.' એ સમ્યગ્દર્શન મિથ્યાત્વકર્મ અને અનંતાનુબંધીનો ઉપશમ (થાય ત્યારે થાય છે). અહીં જ્યારે સમ્યગ્દર્શન થાય ત્યારે ત્યાં ઉપશમ હોય જ, ન હોય એમ નહિ.

'શાસ્ત્રો સારી રીતે જાણ્યા પછી પણ જ્યાં સુધી સ્વાનુભવ ન થાય ત્યાં સુધી જ્ઞાન સમ્યગ્જ્ઞાન કહેવાતું નથી.' શાસ્ત્રના જ્ઞાનને બરાબર સમજતો હોય પણ એ પણ પરજ્ઞાન છે. હજી તો શાસ્ત્રના જ્ઞાનના ઠેકાણા નથી. અરે..! ભગવાન! માંડ થોડો વખત મળ્યો. અનંતકાળમાં આ સમય બહુ થોડો સમય છે, હોં! મનુષ્યપણાનો સમય બહુ થોડો છે, ભાઈ! માંડ માંડ વખત મળ્યો એમાં વળી આમ ને આમ રોકાઈ જઈશ તો તારા કલ્યાણનો કાળ ચાલ્યો જશે. છોડી દે. અમે આમ કહીએ છીએ ને અત્યાર સુધી માન્યું. માન્યું, મૂક ને! સત્યને લે ને! એમાં શું છે?

કહે છે, 'શાસ્ત્રો સારી રીતે જાણ્યા પછી પણ જ્યાં સુધી સ્વાનુભવ...' 'અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ, અનુભવ માર્ગ મોક્ષ કા, અનુભવ મોક્ષ સ્વરૂપ.' બસ! અનુભવ એક જ મોક્ષનો માર્ગ છે. રત્નત્રય તેમાં (થાય છે). અનુભવ–ભગવાન જેવો છે તેને અનુસરીને દશામાં થવું, વેદનમાં આવવું. એવા શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રને અનુભવો. 'સમ્યગ્દર્શનનો પ્રકાશ થતાં જ જ્ઞાન સમ્યગ્જ્ઞાન થઈ જાય છે. મુમુક્ષુએ આત્માના શ્રદ્ધાન, જ્ઞાનમાં વારંવાર રમણતા કરવી ઉચિત છે.' એ ચારિત્ર. 'વારંવાર ભાવના ભાવો. ભાવનામાં ચાલવું તે ચારિત્ર છે.' ભાવનામાં રહેવું એ ચારિત્ર. 'જ્યાં આત્મા પોતાથી પોતામાં સ્થિર થઈ જાય છે ત્યાં રત્નત્રયની એકતા હોય છે તે જ મોક્ષમાર્ગ છે. રત્નત્રય ધર્મ નિજ આત્માનો સ્વભાવ જ છે.' લ્યો!

'પુરુષાર્થ સિદ્ધઉપાય'માં કહ્યું છે : પોતાના આત્માનો નિશ્ચય તે સમ્યગ્દર્શન છે.' 'दर्शनमात्मविनिश्चिति' ભગવાન 'અમૃતચંદ્રાચાર્યદેવ' 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં ફરમાવે છે, મહા 'અમૃતચંદ્રાચાર્યદેવ'.. આહાહા..! હજી નવસો વર્ષ પહેલા ભરતક્ષેત્રમાં હશે, આમ ચલતા

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



હશે, ભિક્ષા માટે જતા હશે. આહાહા..! એ તો સિદ્ધ, સિદ્ધ! વિકલ્પ બહાર, શરીર બહાર. હજી તો નવસો વર્ષ પહેલાં. ભગવાન 'અમૃતચંદ્રાચાર્યદેવ' એકલા અમૃતનું ઘોલન કરનારા કહે છે, આત્માનું નિશ્ચય સમ્યગ્દર્શન, 'પોતાના આત્માનું જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે, પોતાના આત્મામાં સ્થિરતા સમ્યક્ ચારિત્ર છે આ ત્રણેથી કર્મબંધ થતો નથી.' સમજાણું કાંઈ?

---

## આત્માનુભવમાં સર્વ ગુણ છે.

जहिं अप्पा तहिं सयल-गुण, केवलि एम भणंति।
तिहि कारणए जोइ फुडु, अप्पा विमलु मुणंति।।८५।।

જ્યાં ચેતન ત્યાં સકળ ગુણ, કેવળી એમ વદંત;
તેથી યોગી નિશ્ચયે, શુદ્ધાત્મા જાણંત. ૮૫.

અન્વયાર્થ :– (जहिं अप्पा तहिं सयल-गुण) જ્યાં આત્મા છે ત્યાં તેના સર્વ ગુણ છે. (केवलि एम भणंति) કેવળી ભગવાન એમ કહે છે. (तिहि कारणए जोइ फुडु विमलु अप्पा मुणंति) આ કારણે યોગીઓ નિશ્ચયથી નિર્મળ આત્માનો અનુભવ કરે છે.

---

૮૫. 'આત્માનુભવમાં સર્વ ગુણ છે.'

जहिं अप्पा तहिं सयल-गुण, केवलि एम भणंति।
तिहि कारणए जोइ फुडु, अप्पा विमलु मुणंति।।८५।।

આહાહા..! આચાર્યને કેવળીની સાક્ષી દેવી પડી. બાપુ! જે સર્વજ્ઞ છે ને? જે કેવળજ્ઞાની પ્રભુ છે ને? એને એક સેકંડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ ત્રણલોકની પર્યાયમાં પરિપૂર્ણતા જાણતાં તેમાં બધું જણાઈ ગયું. પાણીને જોતાં, પાણીમાં નજર પડતાં પાણીમાં માથે જે તારા હોય એ પાણીને જોતા દેખાય જાય છે. એમ ભગવાનઆત્માની નિર્મળ પર્યાય જોતાં ત્રણકાળ ત્રણલોક એમાં જણાય જાય છે. પાણી સ્વચ્છ હોય ને? સ્વચ્છ પાણી. આમ નજર પડે (પાણીમાં) ત્યાં (દેખાય). એણે આમ નજર (તારા તરફ) ન કરવી પડે. ત્યાં નક્ષત્ર, તારા બધું પાણીની સ્વચ્છતામાં જણાય. એમ ભગવાનઆત્મા પોતાના અવલંબનથી પ્રગટેલી જ્ઞાનગુણની પરિપૂર્ણ કેવળપર્યાય, એને જોતાં ત્રણકાળ ત્રણલોક એમાં આવી જાય છે–જણાય જાય છે.

મુમુક્ષુ :– પાણીમાં તારા ભેગા છે ને ?

ઉત્તર :– તારા ક્યાં હતા? તારા તો ત્યાં છે. તારા સંબંધીની જે જળની સ્વચ્છતા

www.vitragvani.com



છે એ ત્યાં છે. તારા ત્યાં છે? એમ આત્માની સ્વચ્છતાની પર્યાયમાં શું લોકાલોક છે? લોકાલોક સંબંધીનું પોતાનું જ્ઞાન ત્યાં છે, એ જ્ઞાન ત્યાં જણાય જાય છે, આ જ્ઞાન છે. આહાહા..! ત્યાં શું લીમડો અહીં આવી જાય છે. અમારા શેઠ ઠીક છે, હળવેથી લાકડું નાખે. પાણીમાં તારા ભેગા છે ને? પાણીમાં છે કે નહિ? તારા ન્યાં હશે, તારા તો ત્યાં છે. પાણીની સ્વચ્છતાનું એ બધું રૂપ છે, પાણીની સ્વચ્છતાનું એ આખું પૂરું રૂપ છે. એમ ભગવાનઆત્મા કૈવલ્ય દશાની પર્યાય જ્યાં પ્રગટ થઈ, એને જોતાં લોકાલોક સંબંધીનું જ્ઞાન એ પોતાનું જ્ઞાન ત્યાં છે. એ જ્ઞાનને જોવે છે. આહાહા..! સમજાણું કાંઈ? આવડો આત્મા, બાપુ! જેની એક સમયની પર્યાય લોકાલોકને સામું જોયા વિના અહીં જોતા જણાય, એવી એવી અનંતી પર્યાયનો તો એક ગુણ, એવા એવા અનંતા ગુણનો (પિંડ) એક દ્રવ્ય એની શું વાત કરવી! જેને ધર્મ કરવો છે એ કરનારો કેવડો એની એને ખબર ન મળે. કરનાર આત્મા, પણ એ કેવડો ને ક્યાં, કેવી રીતે? એ આપણને કાંઈ ખબર નથી. હવે ખબર નથી તો કરશે શું ઇ? સમજાણું કાંઈ? ગુજરાતી છે ને એનું? આમાં નાખ્યું છે ને આપણે?

જ્યાં આત્મા ત્યાં સકળ ગુણ, કેવળી બોલે એમ;
પ્રગટ અનુભવ આપનો, નિર્મળ કરો સો પ્રેમ. ૮૫.

ચેતનપ્રભુ! ચેતન સંપદા રે તારા ધામમાં. હે ચેતનપ્રભુ! ચેતન સંપદા રે તારા ધામમાં. એ લોકાલોકની સંપદા અહીં છે, ન્યાં ક્યાં લોકાલોક એના ઘરે રહ્યા. એ કાંઈ જ્ઞાનની પર્યાયમાં આવ્યા છે? અને જ્ઞાનની પર્યાયમાં લોકાલોક અહીં આવ્યું છે? એ તો જ્ઞાનની પર્યાયના સ્વપરપ્રકાશ સામર્થ્યમાં એ પોતે જોતાં ઓલું જણાય. એને જાણે છે કહેવું વ્યવહાર છે. આત્મજ્ઞાનમય સર્વજ્ઞતા છે. આહાહા..! અરે..! આવો આત્મા, એને મહિમાથી દૃષ્ટિમાં લીધો નહિ અને એને મહિમા રાગની, પુણ્યની, નિમિત્તની અને આ ધૂળની. વ્યવહાર રત્નત્રયના વિકલ્પની મહિમા. એને આ એક ક્ષણમાં ઉપાધિનો મેલ, એની મહિમા. ભગવાન આવડો મોટો (મહિમાવંત) એને રુચે નહિ, હજી રુચે નહિ, એનું પરિણમન કે દિ' થાય? કહે છે ને, એકાંત થઈ જાય છે. અરે..! ભગવાન! સાંભળને ભાઈ! જાવા દે ને, અંદરમાં જવા દે ને, એનું નામ એકાંત છે. પંડિતજી! છે ને? આહાહા..!

ભગવાન! તારા ઘરની વાત છે, ભાઈ! એના પોતાના ઘરની વાત છે, બાપુ! આ કાંઈ કોઈની વાત નથી. સમજાણું? એને પકડવી છે ને એને જાણવી છે ને એને ગ્રહવી છે. કોઈ કરાવી દે એવું નથી. ત્રણલોકના નાથ તીર્થંકર પણ શું કરે? અનંત તીર્થંકરો થયા, ધોધમાર (ઉપદેશ) ચાલતો હતો, ધર્મ ધુરંધર ધોરી, મહાવિદેહ ક્ષેત્રમાં ધોરી તીર્થંકરો વિચરે છે, તે શું બધા સમકિતી છે ન્યાં? ત્યાં પણ મિથ્યાદૃષ્ટિના ઢગલા પડ્યા છે. અહીં તો હજી સાતમી નરકના જાનારા પણ નથી, ત્યાં તો અત્યારે સાતમી નરકે જાનારા છે. જેમ કેવળ પામીને જનારા છે (એમ) સાતમી નરકે જનારા છે. ભાઈ! એ તો એની સ્વતંત્રતા

www.vitragvani.com



બતાવે છે. અહીં સાતમી નરકે જાનારા નથી તેમ ચાર જ્ઞાન કે કેવળજ્ઞાન થાય એવી શક્તિ પણ નથી. આહાહા..!

'જ્યાં આત્મા છે ત્યાં તેના સર્વ ગુણ છે.' અહીં શું કહે છે? ભાઈ! જેટલા ગુણ છે એ તારા આત્મામાં જ છે. ક્યાંય બહાર શોધવા જાવા પડે એવું નથી. જેટલા જેટલા પ્રશંસા કરવા લાયક, અચ્છાઈ, સારાઈ, ભલાઈ, પવિત્રતા જેટલું કાંઈ કહેવામાં આવે એ બધા ગુણો ભગવાન તારા આત્મામાં છે, ભાઈ! એ નથી સંયોગમાં, નથી કર્મમાં, નથી દયા-દાનના વિકલ્પમાં, નથી એક સમયની પર્યાયમાં બધા ગુણ આવી જતા. ત્રિકાળ, ત્રિકાળ..

'કેવળી ભગવાન એમ કહે છે.' લ્યો! 'યોગીન્દ્રદેવ'ને એમ કહેવું પડ્યું. ભગવાન પરમાત્મા જેને અનંત ચક્ષુ છે ને, ભાઈ! એ તો પરમાત્મા કેવળજ્ઞાની છે, જેને અનંત ચક્ષુ છે. એ અનંત ચક્ષુ અસંખ્ય પ્રદેશે ખીલી ગયા છે, એ ભગવાન એમ કહે છે, જ્યાં જ્યાં આત્મા ત્યાં ત્યાં અનંતા પવિત્ર ગુણ, જ્યાં જ્યાં અનંત પવિત્ર ગુણ તે આત્મા. કહો, સમજાણું આમાં? 'યોગીન્દ્રદેવ'ને ભગવાનને નાખવા પડ્યા. આવા અનંતા ગુણો, ભાઈ! તું એમ કહે કે, આ આત્મા છે કે નહિ? તો પછી જેટલા સારા સારા સારા ગુણો કહેવામાં આવે, જેટલી સ્વચ્છતા, નિર્મળતા, પવિત્રતાની ઉગ્રતા જે કંઈ કહેવામાં આવે છે એ બધું તારા આત્મામાં વસ્યા છે, પ્રભુ! શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ, આનંદ, સ્વચ્છતા, પરમેશ્વરતા, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ, ભાવ, અભાવ, ભાવઅભાવ, અભાવભાવ, ભાવભાવ, અભાવઅભાવ એવા અનંતા ગુણો. જ્યાં આત્મા ત્યાં અનંતા ગુણો વ્યાપકપણે ઠસોઠસ ભર્યા છે.

'આ કારણે યોગીઓ નિશ્ચયથી નિર્મળ આત્માનો અનુભવ કરે છે.' લ્યો! આ કારણે ભગવાનઆત્મા પૂર્ણ પવિત્રતાનો પિંડ પ્રભુ, એનો જ અનુભવ સંતો કરે છે. સમજાણું? અનુભવ કરે છે, જોયું? 'નિશ્ચયથી નિર્મળ આત્માનો અનુભવ કરે છે.' 'विमलु', 'विमलु अप्पा मुणंति' 'विमलु'. નિર્મળને જ અનુભવે છે. 'मुणंति'નો અર્થ અનુભવે છે, હોં! એકલું જાણવું જાણવું એમ નહિ. જાણવાનો અર્થ જ અનુભવવું. એને જાણવું કહેવાય છે. ભગવાનઆત્મા પૂર્ણ શુદ્ધ સ્વરૂપ, એની સન્મુખ થઈને, પરથી વિમુખ થઈને અનુભવે છે, કારણ કે તેમાં અનંતા ગુણ છે. એકને અનુભવતાં અનંતા ગુણનો અનુભવ એમાં આવી જાય છે, એમ કહે છે. એક ભગવાનઆત્માને અંતર દૃષ્ટિએ અનુભવતાં ભગવાનમાં રહેલા બધા ગુણો અનુભવમાં આવી જાય છે. આહાહા..!

જુઓ! આ મોટી તકરારો અત્યારે ચાલે છે. સ્વરૂપાચરણ અત્યારે ચોથે ગુણસ્થાને ન હોય. અરે..! ભગવાન! ચારિત્રના ગુણનો અંશ ન આવે તો એ દ્રવ્ય પરિણમ્યું ક્યાંથી? આનંદનો અંશ ન આવે તો એ અનંત આનંદને ધરનારું દ્રવ્ય એ દૃષ્ટિમાં-પ્રતીતમાં આવ્યું ક્યાંથી? આહાહા..! સમ્યગ્દર્શન કોઈ એવી ચીજ છે કે સર્વ ગુણના અંશને પ્રગટ કરીને પરિણમે છે. સમજાણું કાંઈ? 'સર્વ ગુણાંશ તે સમકિત'. છે ને આપણે અહીં? ચાકળો નાખ્યો

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છે, 'સર્વ ગુણાંશ તે સમકિત'. સર્વ ગુણમાં જેટલા અનંતા ગુણો ભગવાનઆત્મામાં ભગવાને જોયા એમાં સમ્યગ્દર્શનમાં બધા ગુણોનો એક અંશ વ્યક્તપણે, પ્રગટપણે-પ્રગટપણે અનુભવાય છે. સમજાણું કાંઈ? આહાહા..! શક્તિપણે તો છે, એમાં શું પણ? તેથી કહ્યું ને, અનુભવે છે. અનુભવ તો પર્યાયમાં છે ને? દ્રવ્યનો અનુભવ ન હોય, દ્રવ્ય-ગુણનો અનુભવ ન હોય, દ્રવ્ય-ગુણનું જ્ઞાન હોય. અનુભવ પર્યાયનો હોય, પર્યાયનો હોય. પર્યાયમાં–અવસ્થામાં દ્રવ્ય શું છે એવું લક્ષ કરીને પર્યાયને અનુભવે છે તે આત્માને અનુભવે છે એમ કહેવામાં આવે છે.

'શુદ્ધાત્માનું જ્યાં શ્રદ્ધાન છે, જ્ઞાન છે અને તેનું જ ધ્યાન છે અર્થાત્ જ્યાં શુદ્ધાત્માનો અનુભવ છે, ઉપયોગ પાંચ ઇન્દ્રિય અને મનના વિષયોથી ખસીને એક નિર્મળ આત્મામાં જ તન્મય છે ત્યાં જ યથાર્થ મોક્ષમાર્ગ છે. જ્યાં આત્માનું ગ્રહણ થઈ ગયું ત્યાં આત્માના સર્વ ગુણોનું ગ્રહણ થઈ ગયું...' બરાબર છે? 'કેમકે દ્રવ્યના સર્વ ગુણ તેની અંદર જ રહે છે.' ભગવાન પરિપૂર્ણ દ્રવ્યની જ્યાં અનુભવદૃષ્ટિ થઈ તો દ્રવ્યમાં અનંત ગુણ રહે છે તો અનંત ગુણ પણ તેમાં આવી ગયા. 'સાકરને ગ્રહણ કરવાથી તેના સર્વ ગુણોનું ગ્રહણ પણ થઈ જ જાય છે.' બરાબર છે? સાકરનો ગાંગડો હાથમાં લીધો તો સાકરના જેટલા ગુણો છે એ બધા આવી જાય છે.

કેરીને ગ્રહણ કરવાથી, બીજો દાખલો આપ્યો છે, ભાઈ! કેરી. કેરીને ગ્રહણ કરવાથી કેરીના સ્પર્શ ગુણ આદિ ગ્રહણ થઈ જાય છે. એવી જ રીતે આત્માને ગ્રહણ કરવાથી આત્માના સર્વ ગુણો ગ્રહણ થઈ જાય છે, કોઈ ગુણ બાકી રહેતો નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## 'રોગચાળો' નહિ પણ વીતરાગનું કારણ!

કેટલાક કહે છે કે 'અત્યારે ક્રમબદ્ધપર્યાયનો રોગચાળો ફેલાયો છે'. અરે ભાઈ! ક્રમબદ્ધપર્યાયની પ્રતીત તે તો વીતરાગતાનું કારણ છે. જે વીતરાગતાનું કારણ છે તેને તું રોગચાળો કહે છે? ક્રમબદ્ધપર્યાય ન માનો તો કોઈ વસ્તુ જ રહેતી નથી. ક્રમબદ્ધપર્યાયપણું તે તો વસ્તુનું સ્વરૂપ છે, તેને રોગચાળો કહેવો એ તો મહા વિપરીતતા છે. દ્રવ્ય સમયે સમયે પોતાની ક્રમબદ્ધપર્યાયપણે ઊપજે છે એવો તેનો ધર્મ છે. ક્રમબદ્ધપર્યાયમાં જે સમયે પર્યાયનો સ્વકાળ છે તે સમયે દ્રવ્ય તે જ પર્યાયને દ્રવે છે-પ્રવહે છે એવો જ વસ્તુસ્વભાવ છે ને પોતાનો જ્ઞાયકસ્વભાવ છે. આવા સ્વભાવને માનવો તે રોગચાળો નથી પરંતુ આવા વસ્તુસ્વભાવને ન માનતાં ફેરફાર કરવાનું માનવું તે મિથ્યાત્વ છે ને મિથ્યાત્વ તે જ મોટો રોગચાળો છે.

(આત્મધર્મ — ઑગસ્ટ - ૨૦૦૮)

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## વીર સંવત ૨૪૯૨, અષાઢ વદ ૧૦, બુધવાર
## તા. ૧૩-૦૭-૧૯૬૬
## ગાથા-૮૫, ૮૬ પ્રવચન નં. ૩૩

આ 'યોગસાર' શાસ્ત્ર છે. 'યોગીન્દ્રદેવ' દિગંબર મુનિ થઈ ગયા. તેમણે આ 'યોગસાર' પોતાના સંબોધન માટે બનાવ્યું છે, એમ છેલ્લે લખ્યું છે. પહેલા એમ કહ્યું છે કે, જે ભવભ્રમણથી ભયભીત છે, જેને ત્રાસ લાગ્યો છે તેમને માટે હું બનાવું છે. પછી લખ્યું કે, મેં મારી ભાવના માટે, સંબોધન માટે બનાવ્યું છે. છેલ્લે એ ગાથા છે. 'યોગસાર'નો અર્થ, જુઓ! આ ૮૫ (ગાથામાં) કહ્યું, 'જ્યાં ચેતન ત્યાં સકળ ગુણ,' એ પાઠ છે. 'જ્યાં ચેતન ત્યાં અનંત (સકળ) ગુણ, કેવળી બોલે એમ; પ્રગટ અનુભવ આપનો, નિર્મળ કરો સો પ્રેમ.' આત્મા અનંત ગુણ સંપન્ન એક વસ્તુ (છે), તેની અંતર દૃષ્ટિ, અનુભવ કરવાથી એક આત્માના ગ્રહણમાં અનંત ગુણનું ગ્રહણ થઈ જાય છે. સમજાણું કાંઈ?

એક ભગવાનઆત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં અનંત ગુણરૂપ એકરૂપ, અનંત ગુણરૂપ એકરૂપ (વસ્તુ છે). કેટલા અનંત ગુણ? કે, આકાશના પ્રદેશ છે તેનાથી અનંતગુણા ગુણ છે. આહાહા..! છ મહિના ને આઠ સમયમાં છસ્સો ને આઠ જીવ મુક્તિ, પરમાત્મદશાને પ્રવાહમાં પ્રાપ્ત થાય છે. છ મહિના ને આઠ સમયમાં છસ્સો ને આઠ જીવ મુક્તિ (પામે). અત્યાર સુધીમાં જેટલા મુક્ત થયા તેનાથી અનંતગુણા જીવ નિગોદના એક શરીરમાં છે. એવા એવા જીવ સિદ્ધથી અનંતગુણા છે, જીવથી પુદ્ગલની સંખ્યા અનંતગુણી છે, પુદ્ગલ કરતાં ત્રણકાળના સમયની સંખ્યા અનંતગુણી છે, તેનાથી આકાશના પ્રદેશની સંખ્યા અનંતગુણી છે. આહાહા..!

આ ભગવાન કહે છે કે, અનંત ગુણ છે. દોષ તો કોઈ ગુણનો અલ્પ દોષ છે. સમજાણું કાંઈ? અનંત ગુણમાં દોષ નથી. કોઈ ગુણની કોઈ પર્યાયમાં અલ્પ દોષ છે. ગુણ તો અનંત અનંત છે. એ અનંત અનંત ગુણ અસંખ્ય પ્રદેશે વ્યાપક (છે). આકાશના પ્રદેશ અમાપ (છે), એનું કોઈ માપ છે? આકાશનો ક્યાં અંત આવ્યો? પછી.. પછી.. પછી.. પછી.. પછી.. (શું)? નાસ્તિકે પણ તર્કથી કહેવું પડશે કે આકાશ છે તેમાં ચાલ્યા જાઓ તો તેનો અંત ક્યાં? અંત હોય તો પછી શું? એવો જ આકાશના ક્ષેત્રનો, પ્રદેશનો પણ અચિંત્ય સ્વભાવ છે, અનંત સ્વભાવ છે, અમાપ ક્ષેત્ર છે. એવા આકાશના અમાપ અનંત પ્રદેશ કરતાં એક ભગવાનઆત્માના અનંત ગુણ છે. ઓહોહો..! એ અનંત ગુણનું એકરૂપ ભગવાનઆત્મા છે. એને અંદરમાંથી વિશ્વાસ આવવો જોઈએ ને! એમ ને એમ કલ્પનાથી, ક્ષયોપશમથી ધારી

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



લે એ વાત નથી. સમજાણું કાંઈ?

અંતરમાં એ ભગવાનઆત્મા(માં) એટલા અનંતાઅનંત અનંતાઅનંત ગુણ વ્યાપક (છે). ભગવાનઆત્મા એવા એકરૂપનો અનુભવ કરવાથી, તેની ઉપર દૃષ્ટિ દેવાથી, તેને જ્ઞેય બનાવવાથી, ચારિત્રમાં તેને આશ્રય બનાવવાથી, ચારિત્રમાં તેને આશ્રય બનાવવાથી અનંત ગુણની પર્યાય (એક) સમયમાં પ્રગટ થાય છે. સમજાણું કાંઈ?

ઇ કહે છે, જુઓ! એક 'આત્માનું ગ્રહણ થઈ ગયું ત્યાં આત્માના સર્વ ગુણોનું ગ્રહણ થઈ ગયું...' કાલે ત્યાં આવ્યું હતું, ભાઈ! બીજો પેરેગ્રાફ. એનો અર્થ કર્યો. આહાહા..! જ્યાં વિકલ્પને અવકાશ નથી. એ અનંતાઅનંત ગુણ જે સ્વભાવસ્વરૂપ, આકાશનો સ્વભાવ.. સ્વભાવ.. સ્વભાવ ત્યાં તર્ક ને વિકલ્પ શું કામ કરે? જે જ્ઞાનમાં અમાપ આકાશની પ્રતીતિ થઈ કે, અમાપ.. અમાપ.. એવા પ્રદેશની સંખ્યા કરતાં અનંતગુણા અમાપ.. અમાપ.. કોઈ માપ નહિ. ઓહોહો..! એવો ભાવસમુદાય એક આત્મા, ગુણસમુદાય આત્મા. ભાવસમુદાય કહો કે ગુણસમુદાય કહો. તેની અંતર રુચિ કરી એ વસ્તુ પોસાણમાં (આવે). પોસાણને શું કહે છે હિન્દીમાં? પોસાણ, પોસાણ સમજાણું? વેપારીને આ માલ પોસાય છે ને? પોસાતા હૈ. એ અંદર પોસાણ થવું જોઈએ. વેપારી પાંચ રૂપિયે મણ લાવે એના છ રૂપિયા ઊપજે તો માલ લે ને? પોસાતું હોય તો માલ લે કે પોસાયા વિના માલ લે? પાંચ રૂપિયે મણ લે અને સાડા ચારમાં વેચાય (તો લે)?

એમ આત્મામાં એટલા અનંત ગુણ છે તેનું પોસાણ થવું જોઈએ. લક્ષમાં પોસાણ (થવું જોઈએ કે), ઓ..હો...! એકસ્વરૂપ ભગવાન એમાં અનંત સ્વરૂપે ગુણ. કહે છે, ભગવાન એક આત્માને અંતર્મુખ દૃષ્ટિ કરવાથી, પકડવાથી અનંત ગુણની પર્યાય પ્રગટ થવાનું તેમાં આવી જાય છે. શ્રદ્ધા ગુણ પ્રગટ થાય છે, જ્ઞાન ગુણ પ્રગટ થાય છે, ચારિત્ર ગુણ પ્રગટ થાય છે, આનંદ ગુણ પ્રગટ થાય છે, શાંતિ ગુણ પ્રગટ થાય છે, સ્વચ્છતા, પ્રભુતા આદિ અનંત ગુણની પર્યાયનો અનુભવ (પ્રગટ થાય છે). સર્વ ગુણાંશ સમકિતની પર્યાયમાં સર્વ ગુણાંશ આવી જાય છે. આહાહા..! જેટલા દ્રવ્યમાં ગુણ છે તેટલી તેની પ્રતીતિ કરવાથી, નિર્વિકલ્પ અનુભવ કરવાથી તેટલા જ ગુણના અંશ પર્યાયમાં પ્રગટ થઈ જાય છે. સમજાણું કાંઈ? પોતાના આત્માનો અનુભવ કરવાથી આટલો લાભ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'એક એક ગુણને ગ્રહણ કરવાથી આત્માનો એકેક અંશ...' ખંડ ખંડ થઈ જાય છે. આખો આત્મા ગ્રહણ થતો નથી, એ તો ભેદ થઈ જાય છે (તેથી) વિકલ્પ ઊઠે છે. ગુણ પણ અનંત છે તે એક એક ગુણને ગ્રહણ કરવાથી (આત્માનો અનુભવ થતો નથી). એક એક ગુણ (ગણો તો) ત્રણકાળ કરતાં અનંતગુણા ગુણ છે. ત્રણકાળના સમય કરતાં અનંતા ગુણ છે, કેટલાને પકડવા? આહાહા..! એક સમયમાં એક, એક સમયમાં એક. અરે...! અસંખ્ય ચોવીશીમાં એક સમય, એક ગુણ તોપણ પાર ન આવે એટલા ત્રણકાળ કરતાં અનંતગુણા

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ગુણ છે. આહાહા..! ભાવ! જેની શક્તિનું સત્ત્વ, તેની સંખ્યાનું અમાપપણું ભગવાને (જોયું છે). 'જ્યાં ચેતન ત્યાં અનંત ગુણ, કેવળી બોલે એમ; પ્રગટ...' 'ફુડુ' શબ્દ પડ્યો છે ને? 'ફુડુ'. 'પ્રગટ અનુભવ આપનો,...' પ્રગટ શ્રદ્ધા-જ્ઞાનથી તું અનુભવ કર, નિર્મળ પ્રેમથી અનુભવ કર, પુણ્ય-પાપનો પ્રેમ છોડી દે. પરનો પ્રેમ છોડીને ભગવાનઆત્માનો પ્રેમ લગાવો. 'નિર્મળ કરો સો પ્રેમ.' અનંત ગુણ છે એમ તારી પર્યાયમાં પ્રગટમાં અને પ્રતીતમાં આવી જશે. અંશરૂપે પ્રગટમાં અને પ્રતીતરૂપે આખો અનંત (આવી જશે). આહાહા..!

આત્મા મહાન પ્રભુ છે એ (વાત) અંતરમાં બેઠી નથી. મહિમા એ પુણ્યની, વિકલ્પની, દયા ને દાન ને ધૂળની (રહી). વીર્યની ઉલ્લસિતતા, ઉલ્લસિતતા (અર્થાત્) હોંશ એ રાગમાં કાં સંયોગમાં કાં અનુકૂળતામાં (ચાલુ રહી). એ હોંશ આગળ ચિદાનંદ ભગવાન અનંત ગુણના પિંડનો અનાદર થઈ જાય છે, અશાતના થાય છે તેની ખબર નથી. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા એક સમયમાં આત્માને પકડવાથી, જ્ઞેય કરવાથી અનંત ગુણો જ્ઞાનમાં જ્ઞેય થઈ ગયા, પ્રતીતમાં અનંત ગુણની પ્રતીત થઈ ગઈ, સ્થિરતામાં, અનંત ગુણમાં અનંત ગુણરૂપ એકરૂપ આત્મામાં પણ સ્થિરતા થઈ ગઈ, વીર્ય પણ અનંત ગુણરૂપ એક દ્રવ્યની રચના કરવાના કાર્યમાં વીર્ય પણ એવું કામ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? એક એક ગુણ ગ્રહણ કરવાથી થાય નહિ પણ અખંડ અભેદ એક આત્માને ગ્રહણ કરવાથી અંદર વ્યાપી રહેલા બધા ગુણોનું ગ્રહણ થઈ જશે. માટે ધર્મી જીવ નિશ્ચળ થઈને એક ભગવાનઆત્મા, બાહ્ય ઉપયોગને બધેથી સમેટીને અંદર ચૈતન્યમાં લગાવે છે. (આ કાંઈ) ભાષા નથી, વસ્તુ છે. ભાષાએ પાર પડે એવું નથી.

ભગવાનઆત્મા... આહાહા..! અનંતાઅનંત અનંતાઅનંત ગુણરૂપ એક પ્રભુ (છે). હું પરમેશ્વર સાક્ષાત્ પ્રભુ હું જ છું, એવી મહિમા આવીને અંદરમાં ઘૂસી જાય તો કહે છે કે, ભગવાનઆત્મામાં સર્વ ગુણ વ્યાપી રહ્યા છે માટે તેનું ધ્યાન કરવાથી મુખ્ય ત્રણે ગુણો પ્રગટ થઈ જાય છે. અનંત તો હોય છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર પોતાના નિજ એકરૂપમાં ત્રણે અંશ આવી જાય છે. કોઈ કહે કે, ધ્યાન કરવાથી તેમાં દર્શન અને જ્ઞાન (બે જ) આવ્યા, ચારિત્ર ન આવ્યું. મોક્ષમાર્ગની અપેક્ષાએ (એમ નથી.) આમ તો અનંત ગુણ પ્રગટ છે. ભગવાનઆત્મા પોતાનું પૂર્ણ સ્વરૂપ પ્રભુ, એમાં દૃષ્ટિ લગાવવાથી દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતા ત્રણે અંશ તે સમયે પ્રગટ થયા. અનંત ગુણ પ્રગટ થયા. અહીંયાં તો મોક્ષમાર્ગ લીધો છે ને!

'ત્યાં જ સમ્યક્ તપ છે.' જુઓ, સમજાણું કાંઈ? એ સમ્યક્ તપ છે. ભગવાનઆત્મા અનંત ગુણનું એકરૂપ (સ્વરૂપ છે), એવી અંતર દૃષ્ટિ કરવાથી ઇચ્છા ઉત્પન્ન ન થઈ અને અતીન્દ્રિય આનંદની પ્રતપના, અતીન્દ્રિય આનંદનું તપવું, વિશેષ શોભવું, સોનું જેમ ગેરુથી ઓપે છે, શોભે છે, ગેરુ... ગેરુ.. ગેરુને શું કહે છે? સોનું.. ગેરુ. એમ ભગવાનઆત્મા પોતાની

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ઉગ્ર દૃષ્ટિથી જ્યાં આત્માને પકડ્યો ત્યાં ઇચ્છાનો અભાવ થયો અને અતીન્દ્રિય આનંદથી પ્રતપન એવી દશા પ્રગટ થઈ, તેનું નામ તપ છે. જ્યાં આત્મા ત્યાં અનંત ગુણ પ્રગટ (થઈ જાય છે). સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાનઆત્મા એકસ્વરૂપે પ્રભુ અંતર્મુખ દૃષ્ટિનો આશ્રય ભગવાનને બનાવ્યો ત્યારે રાગ-દ્વેષનો અભાવ થતાં નિશ્ચય અહિંસાવ્રત પણ થઈ ગયું. અહિંસક પરિણામ થયા. પોતાનો ભગવાનઆત્મા પૂર્ણાનંદને પકડીને દૃષ્ટિમાં લીધો તો અહિંસક પરિણામ–રાગરહિત પરિણામ ઉત્પન્ન થયા. રાગરહિત પરિણામ ઉત્પન્ન થયા તે જ અહિંસા સત્ય વ્રત છે. અહિંસા સત્ય વ્રત છે. અહિંસાનું સાચું વ્રત છે. દયાના પરિણામ એ અહિંસાનું સત્ય વ્રત નથી. આહાહા..! અહિંસાનું સત્ય (વ્રત) અને અહિંસાનું જૂઠું (વ્રત). ભગવાન તારી ચીજ એવી છે, ભાઈ! આત્મા એક સમયમાં પૂર્ણ શુદ્ધ ધ્રુવની અંતરમાં સન્મુખ થઈને દૃષ્ટિ કરવાથી દર્શન, જ્ઞાન, ચારિત્ર થયા અને રાગની ઉત્પત્તિ ન થઈ. અંદરમાં એકાકાર થવાથી તેટલું સાચું અહિંસા વ્રત થયું. સમજાણું કાંઈ? પર તરફનું લક્ષ (કરીને) જે અહિંસાનો શુભભાવ (થાય) એ અહિંસા સત્ય વ્રત નથી. એ જૂઠું વ્રત છે. જૂઠાનો અર્થ એ શુભરાગ છે તો ઉપચાર વ્યવહાર છે. વ્યવહાર ઉપચાર છે, નિશ્ચયથી જૂઠું છે. ભગવાનઆત્મા...! અરે..! લોકોને એ કઠણ પડે છે, હોં! આ પરની દયાનો ભાવ... ભાઈ! એ તો રાગ છે ને ભગવાન! એ રાગમાં સ્વરૂપની હિંસા થાય છે. દુનિયા સાથે મેળ ન ખાય તો કાંઈ અટક નથી. વાત તો એમ છે.

ભગવાનઆત્મા આમ પરલક્ષમાં જાય છે તો વિકલ્પ ઊઠે છે, ભાઈ! વિકલ્પ ઊઠે છે તો એટલી નિર્વિકલ્પ સ્વરૂપની હિંસ્યતે.. હિંસ્યતે.. હિંસ્યતે – હિંસા થઈ ગઈ. (લોકોને) આ વાત ગોઠતી નથી. કંઈક કંઈક કરીએ તો એમાં કાંઈક છે, કાંઈક છે. પણ રાગ ન કરવો અને સ્વભાવની એકાગ્રતા કરવી તેમાં સુખ છે. આહાહા..! આ દયાધર્મ અહિંસક પરિણામ થવા તે દયાધર્મનું મૂળ છે. એને તો બહારની વાત કહેવી છે. તુલસીદાસને! આ ક્યાં ન્યાં હતું? બધું સાંભળ્યું છે ને, સાંઈઠ વર્ષથી સાંભળીએ છીએ. 'દયા ધર્મ કા મૂલ હૈ, પાપ મૂળ અભિમાન, તુલસી દયા ન છોડીએ, જબ તક ઘટમેં રામ' એ તો અમે દુકાને બેસતા ત્યારે ઘણા બાવા નીકળતા. ઘણું સાંભળ્યું.

આ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો તે આત્મા, તેની અંતરમાં દૃષ્ટિ કરવાથી એકાકાર થઈને અનુભવ થાય તે જ સત્ય દયા છે, પોતાની દયા છે. સમજાણું કાંઈ? વાત એવી છે, ભાઈ!

મુમુક્ષુ :– દયા તો કો'કની પળાય ને?

ઉત્તર :– દયા પોતાની (પાળે), કો'કની પાળી શકતો જ નથી. (પરની દયા પાળે એ) વાત જ ખોટી છે. પરદ્રવ્યની અવસ્થા આત્મા ત્રણકાળમાં કરી શકતો નથી. શું પરદ્રવ્ય

www.vitragvani.com



વર્તમાન પર્યાય વિનાનું ખાલી છે? 'પર્યાય વિહુમ્ દવ્વમ્' પર્યાયરહિત દ્રવ્ય છે કે એની પર્યાય બીજો કરી દે. કાલે એ આવ્યું હતું. 'પજ્જમ વિહુમ દવ્વમ્, દવ્વમ્ વિહુણં પજ્જમ.' મહા સિદ્ધાંત, મહા સિદ્ધાંત. કોઈપણ પદાર્થ કોઈપણ સમયે પર્યાય વિના હોતો નથી. ભગવાન હવે તારે શું કરવું છે? તારે બીજી પર્યાય કરવી છે? એ પર્યાય વિનાનું દ્રવ્ય છે? અને તું પણ તારી પર્યાય વિનાનું દ્રવ્ય છે? કે, તારું કાર્ય કર્યા વિનાનો રહે? આહા..!

આ તો ઘણી ચોખવટ તો આવી છે, ભાઈ! એટલી બધી વાત ઘણી આવી ગઈ છે. શાસ્ત્રોના અર્થો, સ્પષ્ટીકરણ તો ઘણા (થઈ ગયા). ચાર લાખ સાંઈઠ હજાર તો બહાર આવી ગયા, ચાલીસ હજાર તો ઓણ (–આ વર્ષે) છપાવાના છે. ઓલા કહે, એ..ઇ..! એકાંત છે, એકાંત છે. 'ઉદેપુર'માં તેરાપંથમાં વાંચતા હતા ને? એને કહે, એકાંત છે, જાઓ બંધ કરો. વીસપંથીએ તો બંધ કરી દીધું. અરે..! ભગવાન! ભાઈ! એકાંત છે, 'સોનગઢ'નું સાહિત્ય એકાંત છે. તેરાપંથી ખાનગીમાં કહે, આમ ખુલ્લું ન કહે. અરે...! પ્રભુ! તેં સાંભળ્યું નથી, પ્રભુ! તારો પંથ, તારો પંથ–ભગવાનનો પંથ શું છે? ઓ..હો...! વાત એને એમ લાગે કે, રાગથી આત્મામાં કાંઈક લાભ થાય અને નિમિત્તથી કાંઈક કાર્યમાં ફેરફાર થાય તો નિમિત્તની નિમિત્તતા રહે છે અને રાગ–શુભરાગથી આત્મામાં કાંઈક લાભ થાય તો શુભરાગની શુભરાગતા રહે છે. ભગવાન! એમ નથી, હોં! આહાહા..!

મુમુક્ષુ :– અશુભમાંથી બચે.

ઉત્તર :– અશુભથી બચે એ ખરેખર તો સ્વરૂપની દૃષ્ટિને કારણે બચે છે. નહિતર તો જ્યાં દૃષ્ટિ રાગ ઉપર છે ત્યાં બચ્યો ક્યાંથી? મિથ્યાત્વભાવ તો છે. રાગની રુચિ છે ત્યાં મિથ્યાત્વભાવ તો છે, તો અશુભ તો મિથ્યાત્વ છે, બચ્યો ક્યાંથી? આહાહા..! ભાઈ! માર્ગ એવો છે, હોં! આ કોઈ કલ્પનાની વાત નથી. વસ્તુ જ એવી છે. એમાં કરવું શું? ભગવાને શું કર્યું છે? ભગવાને બનાવ્યું છે? કહ્યું છે એટલે બનાવ્યું છે? એમણે તો જાણ્યું એવું કહ્યું. એવી ચીજ જ છે, અનાદિની ચીજ છે, એમાં તારે શું (કરવું છે)? એમાં ગડબડ કરે તો નહિ ચાલે. આહાહા..!

કહે છે, ભગવાનઆત્મા એ રાગ-દ્વેષના અભાવથી પોતાના સ્વરૂપમાં એકાકાર થયો. 'જ્યાં ચેતન ત્યાં અનંત ગુણ' એમાં આ જરીક પર્યાય લ્યે છે. ગુણ તો અનંત છે, પણ પોતાના સ્વરૂપની એકાગ્રતા કરવાથી ત્યાં અહિંસા (થાય છે). એક એક ગુણની, અહિંસા ગુણની પર્યાય પણ પ્રગટ થાય છે. એ સ્વનો આશ્રય કરવાથી સ્વનો આશ્રય કરવાથી અહિંસાની પર્યાય પણ પ્રગટ થાય છે, એમાં કોઈ (ગુણ) બાકી રહેતો નથી.

'સર્વ અસત્ પર પદાર્થોના ત્યાગથી અને સત્ નિજ પદાર્થના યથાર્થ ગ્રહણથી આત્મામાં જ નિશ્ચય સત્ય વ્રત છે.' ભગવાન સત્સ્વરૂપ પરમાત્મા, સત્ય સ્વરૂપ, સત્ સાહિબનો અંતર પરમાત્માનો દૃષ્ટિમાં અનુભવ કર્યો તો એમાં પરમ સત્યવ્રત પણ આવી ગયું. પરમ સત્ય

www.vitragvani.com



વ્રત. વ્યવહાર સત્ય વ્રતનો વિકલ્પ એ તો (રાગ) છે. આહાહા..! પરમ સત્યનો સ્વીકાર, પરમ સત્યનો સ્વીકાર, પરમ પૂર્ણાનંદનો સ્વીકાર અને તેની પરિણતિ થઈ તો એ પરિણતિની પર્યાયમાં પરમ સત્ય મહાવ્રત ભાવ પણ પ્રગટ થઈ ગયો, નિશ્ચય મહાવ્રત સત્ય આવી ગયો. આહાહા..! સમજાણું કાંઈ? આ બધા હિન્દી (લોકો આવ્યા) છે તો હિન્દીમાં (વ્યાખ્યાન) કરીએ છીએ. બપોરે ગુજરાતી કરીએ છીએ. આમાં થોડુંક હિન્દી આવે છે ને એટલે હિન્દી રાખ્યું છે. બપોરે ગુજરાતી. અહીં તો હિન્દી છે એનો હિન્દી અર્થ કરવો અને વળી ગુજરાતી કરવું ઇ કરતાં કીધું આમ લગાવો. આહાહા..! .... ભાષા નીકળવાની હોય તેવી નીકળે. જુઓ, સમજાણું કાંઈ?

પુદ્ગલાદિ ગુણપર્યાય, રાગની ચોરી નથી કરતા. ભગવાનઆત્મા પોતાના અનંત ગુણરૂપે બિરાજમાન પ્રભુ, તેની અનુભવમાં દૃષ્ટિ કરીને જ્યાં અનુભવ થયો તો રાગની પર્યાયને પોતામાં ન લીધી તો મહા અચૌર્ય વ્રત પ્રગટ થયું. આહાહા..! એક રાગનો કણ પણ પોતામાં ન લીધો અને ત્રિકાળ આનંદકંદ ભગવાનની નિર્મળ અચૌર્ય દશા પ્રગટ થઈ. પરને પકડ્યા વિના પોતાની પકડ કરી અને પરની પકડ છોડી દીધી. આહાહા..! સમજાણું કાંઈ? 'જ્યાં ચેતન ત્યાં અનંત ગુણ, કેવળી બોલે એમ, પ્રગટ અનુભવ આપનો, નિર્મળ કરો સો પ્રેમ.' ચેતનપ્રભુ ચૈતન્ય સંપદા રે તારા ધામમાં. તારા ધામમાં અનંત સંપદા પ્રભુ બિરાજે છે. વૈકુંઠપણું તારા ધામમાં બિરાજે છે. આહાહા...! ઓલા વૈકુંઠ ત્યાં ગોતવા જાય છે. 'મથુરા'માં છે ને ઓલો કહે અહીં છે ને અહીં છે. આ કહે, મુક્તિશિલામાં છે. અહીં છે. સમજાણું કાંઈ? આહાહા..! 'સંતોષ રાખવાથી આત્મામાં જ નિશ્ચય અચૌર્ય વ્રત છે.'

ભગવાનઆત્મા પરપદાર્થમાં એકાકાર નહિ થતાં પરમ બ્રહ્મસ્વરૂપ આત્મામાં વિહાર કરવા લાગ્યો. સ્વભાવની દૃષ્ટિ કરવાથી એકાકાર થયો તે બ્રહ્મ વ્રત થયું. બ્રહ્માનંદ ભગવાનમાં એકાકાર થયો તે બ્રહ્મ વ્રત થયું, પર્યાયમાં બ્રહ્મવ્રત આવી ગયું. નિશ્ચય બ્રહ્મ વ્રત, હોં!

સર્વ વિકાર અને મૂર્ચ્છાનો ત્યાગ. ભગવાનઆત્મામાં શુદ્ધ દૃષ્ટિ થઈ, અનંત ગુણના પિંડને પકડી લીધો તો સર્વ વિભાવ અને પરની મૂર્ચ્છા મટી ગઈ તે જ અપરિગ્રહવ્રતની પરિણતિ, આત્મામાં નિવૃત્તરૂપ પરિણમન થયું. અસંગભાવમાં રમણ કરવાથી પરિગ્રહ ત્યાગ વ્રત પણ થયું. તેમાં શું નથી આવતું? સમજાણું કાંઈ?

આત્મા આત્મામાં જ્યારે સત્યભાવથી ઠર્યો તો નિશ્ચય સામાયિક પણ આવી ગયું. લ્યો, સામાયિક (આવી). કાલે સામાયિક આવી હતી ને? 'તત સામાયિક હોઈ, કેવળી ભાખે એમ.' ભાઈ! તારા ક્ષેત્રમાં ક્યાં ગુણની ઓછપ છે? તારા ક્ષેત્રમાં ક્યાં ગુણની ઓછપ છે કે તારા ક્ષેત્ર સિવાય બીજા ક્ષેત્રમાં તારે ગોતવું છે? સમજાણું કાંઈ?

ભગવાન અસંખ્ય પ્રદેશી પ્રભુ, પરમ પારિણામિક સ્વભાવભાવનો દ્રવ્ય સ્વભાવ પિંડ (છે). ઉદય આદિ છે તે એક સમયના છે. ભલે તે અસંખ્ય પ્રદેશમાં વ્યાપક છે. ઉદય,

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એ અસંખ્ય પ્રદેશમાં વ્યાપક છે પણ તેની સ્થિતિ એક સમયની છે અને ભગવાન ત્રિકાળ અનંત ગુણના પિંડરૂપ પરિણમન સ્વભાવ, તે છે અસંખ્ય પ્રદેશમાં પણ તેની સ્થિતિ ત્રિકાળ છે. સમજાણું કાંઈ? એવો ભગવાન ત્રિકાળ અસંખ્ય પ્રદેશમાં પરમ પારિણામિક અનંત ગુણનો સંગ્રહ રાખે છે. સંગ્રહ.. સંગ્રહ. એ ભગવાન સંગ્રહાલય છે. અનંત ગુણનો સંગ્રહાલય! આહાહા..! એ બહારના દાણા ચા ને સાકર સંગ્રહે એને સંગ્રહ કહે છે? સંગ્રહ કરે. આ તો અનંત ગુણનો સંગ્રહાલય. કેટલા? અનંતાઅનંત. કેવળી પણ એક એક સમયે અસંખ્ય ગુણની વાત કરે, એક સમયે, તો એમની ક્રોડ પૂર્વની સ્થિતિ આઠ વર્ષમાં એમાં એટલા કહી ન શકે. સ્વભાવ છે ને! વસ્તુ અને સ્વભાવ. વસ્તુ સ્વભાવવાન. સ્વભાવ. વસ્તુ સ્વભાવ વિનાની હોય? સ્વભાવ.

એવો અનંત ગુણનો પિંડ પ્રભુ, એમાં એકાકાર થવાથી કહે છે કે, સત્યભાવનો આદર થયો. સત્યરૂપ સ્વભાવ ભગવાનઆત્માની એકાગ્રતા થઈ એ સત્યનો આદર થયો તે સામાયિક છે. વીતરાગતા જ્યારે થઈ, આત્માની દૃષ્ટિ કરીને અનુભવ કર્યો, જ્યાં આત્મા ત્યાં અનંત ગુણ 'ત્યારે ભૂતકાળના બાંધેલા કર્મો પ્રત્યે વીતરાગતા થાય છે અને તે કર્મ સ્વયં નિર્જરાને પ્રાપ્ત થતાં જાય છે. તેથી ત્યાં જ નિશ્ચય પ્રતિક્રમણ છે.' નિશ્ચય પ્રતિક્રમણ થયું. ભગવાનઆત્મા પોતાનું અનંત ગુણરૂપ એક દ્રવ્ય સ્વરૂપનો અનુભવ કરવાથી તેની પર્યાયમાં ભૂતકાળના રાગાદિનો નાશ થઈ ગયો. નિવૃત્તરૂપ પરિણમન થયું તે જ નિશ્ચય પ્રતિક્રમણ છે. સમજાણું કાંઈ?

'ભવિષ્યમાં થનારા વિભાવોનો પણ ત્યાગ છે...' તેનું નામ નિશ્ચય પ્રત્યાખ્યાન છે. આપણે આ બધું આવી ગયું છે. પહેલી ગાથા, 'નિયમસાર' નહિ? કઈ ગાથા? સમાધિ પહેલાની ને? પ્રાયશ્ચિત? પ્રાયશ્ચિતની પહેલી ગાથા. વ્રત, નિયમ, બધું (લીધું છે). મૂળ પાઠ. પાંચ મહાવ્રત, ગુપ્તિ, સમિતિ બધું આત્માની પર્યાયમાં સમાઈ જાય છે. નિર્મળ, હોં! એ આવી ગયું છે. મૂળ પાઠમાં (છે). નિશ્ચય... નિશ્ચય. સમજાણું કાંઈ? ભગવાનઆત્મામાં અંતર સ્વરૂપનો આશ્રય કર્યો (ત્યાં) એની દશામાં શું ખામી રહી ગઈ? એમ કહે છે. બધા ગુણ, જેટલા તમે કહો છો એ બધા ગુણની પર્યાયનું પરિણમન પ્રગટ થઈ ગયું. સમજાણું કાંઈ?

'એકાગ્રભાવમાં લીન છે...' ભગવાનઆત્મા પોતાના ગુણોમાં અથવા ગુણીમાં એકાગ્ર છે 'એ જ (ગુણની) નિશ્ચય સ્તુતિ છે.' એનું નામ સ્તુતિ થઈ. 'સમયસાર' ૩૧ ગાથામાં કહ્યું ને? 'કુંદકુંદાચાર્યદેવ'ને પૂછ્યું, પ્રભુ! કેવળીની સ્તુતિ કોને કહે છે? ભગવાન કેવળજ્ઞાનીની સ્તુતિ આપ કોને કહો છો? તો ઉત્તર આપે છે. અમે તો પૂછીએ છીએ કે કેવળજ્ઞાનીની સ્તુતિ કોને કહે છે? તો કહે છે કે, તારું અનંત ગુણરૂપ એક દ્રવ્ય અતીન્દ્રિય સ્વરૂપનો અનુભવ કર એ કેવળજ્ઞાનની સ્તુતિ છે. જવાબ આ આપ્યો. હું તો કેવલી પરમાત્મા ભગવાન કેવળીની સ્તુતિ પૂછું છું. પંડિતજી! એવું એમાં આવ્યું ને? કેવળજ્ઞાનની સ્તુતિ પૂછું છું, પ્રભુ! કેવળજ્ઞાનની સ્તુતિ તો અમે એને કહીએ છીએ, 'जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि

www.vitragvani.com



आदं।' આહાહા..! ભાઈ! તારો આત્મા રાગ અને વિકલ્પથી પાર અધિક ભિન્ન ચિદાનંદ એકરૂપ સ્વભાવ છે એવી દૃષ્ટિનો અનુભવ કરવો તે જ અમે કેવળજ્ઞાનીની સ્તુતિ કહીએ છીએ. પણ હું પૂછું છું કે, ભગવાનની સ્તુતિ કોને કહે છે? અને તમે આમ કહો છો. સાંભળ તો ખરો! આહાહા..! ઓલા કહે છે, જ્યારે વ્યવહારની વાત ચાલે ત્યારે નિશ્ચયની વાત કરે છે. ઓલા 'તલોદ.. તલોદ'. 'તલોદ'માં પહેલા આવતા હતા. ભગવાન! સાંભળને ભાઈ!

ભગવાન 'કુંદકુંદાચાર્યદેવ'ને પૂછ્યું કે, મહારાજ! આપ કેવળજ્ઞાનની સ્તુતિ કોને કહો છો? (તો કહે છે કે), અમે તો કેવળજ્ઞાનની સ્તુતિ તો એને કહીએ છીએ કે, પોતાનો જ્ઞાનાનંદ સ્વભાવ રાગથી અધિક નામ ભિન્ન, વિકલ્પથી ભિન્ન, નિમિત્તથી ભિન્ન અને કર્મથી પણ ભિન્ન, અને પોતાના અનંત ગુણથી અભિન્ન દ્રવ્ય, એવો અનુભવ કરનારો કેવળીની સ્તુતિ કરે છે, એમ અમે નહિ, સર્વજ્ઞો એમ કહે છે. આહાહા..! આ સર્વજ્ઞ કહે છે, કોણ કહે છે? 'કેવળી બોલે એમ.' ભગવાન એમ કહે છે કે, અમારી સ્તુતિનો અર્થ શું? કે, તારા અનંત ગુણમાં એકાકાર થવું તે જ કેવળીની સ્તુતિ છે. સમજાણું કાંઈ? સ્તુતિ થઈ ને?

(હવે) આરાધન. ભગવાનઆત્મા વિકલ્પથી હટીને, ભગવાન પૂર્ણાનંદ તરફની આરાધના થઈ, સેવન થયું, સ્વભાવ સન્મુખની લીનતા થઈ તો કહે છે કે, તે જ પોતાનો વિનય કરે છે. એ જ નિશ્ચય વંદના, ગુરુની વંદના છે. 'તખતમલજી'! આ વાત ભારે, ભાઈ! ભગવાન! તારી તો સર્વ સ્થિતિ તારામાં જ સમાઈ જાય છે. પરમેશ્વર એમ કહે છે. પરમેશ્વર એમ કહે છે કે, અમે આમ કહીએ છીએ. આહાહા..! જેમને એક સમયમાં ત્રણકાળ ત્રણલોક પોતાની પર્યાયમાં જણાઈ ગયા, પર્યાયમાં જણાઈ ગયા, હો! એક ગુણની એક પર્યાય એક સમયમાં ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન એક સમયમાં આવી ગયું. એ ભગવાનની વાણીમાં એમ આવ્યું કે, તારી વસ્તુ ભગવાન અખંડ અભેદની દૃષ્ટિ કર, અનુભવ કર. એ જ ગુરુની વંદના છે, એ ગુરુની વંદના છે. આહાહા..! ભગવાન કહે છે કે, એ ગુરુની વંદના છે. આ બહારથી ગુરુની વંદના કરે એ તો વિકલ્પ છે, વ્યવહાર છે, પરાધીનતા છે. એ હોય છે, એ બીજી વાત છે પણ એ વસ્તુસ્થિતિ નથી. ... હોય છે, વ્યવહાર વચ્ચે આવે છે. નિશ્ચયમાં જ્યાં સુધી પૂર્ણતા પ્રાપ્ત ન થાય ત્યારે વચમાં વ્યવહાર આવ્યા વિના રહેતો નથી. રાગ આવે છે, ભક્તિ, સ્તુતિ, વંદન, પૂજા (નો ભાવ આવે છે) પણ એની મર્યાદા પુણ્યબંધની છે. એનાથી આગળ લઈ જાઓ તો વસ્તુસ્થિતિમાં એ સમાઈ શકતું નથી. સમજાણું કાંઈ? લ્યો, એ વંદના થઈ, ઠીક!

'પોતામાં સ્થિરતા કરી છે, એ જ નિશ્ચય કાયોત્સર્ગ છે.' એ કાયોત્સર્ગ થયો. એ આપણે આવી ગયું છે, 'નિયમસાર'માં આવી ગયું, કાયોત્સર્ગ. સાત ગાથા છે. કાયોત્સર્ગ યોગનો આ 'યોગસાર' છે તો તેમાં ભગવાને યોગ લીધો છે. આત્મા પૂર્ણાનંદ પ્રભુ અભેદ

www.vitragvani.com



વસ્તુમાં જોડાણ કરવું. યોગ.. યોગ.. યોગ.. જોડાણ (કરવું) બસ! એનું નામ કાયોત્સર્ગ છે. કાયોત્સર્ગ .... આત્મા ... એકાંત થઈ જાય છે, એમ કહે છે. અમારા વ્યવહારની કંઈ કિંમત રહેતી નથી. વ્યવહારથી કંઈ લાભ થાય એ કંઈ (કહેતા નથી). ભગવાન! વ્યવહાર છે તો નિશ્ચય છે એમ નથી.

મુમુક્ષુ :– કર્મ તો ઓછા બંધાય છે ને.

ઉત્તર :– ઓછા બિલકૂલ નહિ. એ તો સ્વભાવનો આશ્રય થયો એટલું બંધન ઘટી ગયું.

મુમુક્ષુ :– વ્યવહાર છે તો નિશ્ચય છે ?

ઉત્તર :– વ્યવહાર છે તો નિશ્ચય છે એમ નથી. રાગની મંદતા છે તો અરાગ પરિણમન છે એમ છે? એમ નથી. પણ વ્યવહાર વચ્ચે આવ્યા વિના રહેતો નથી. આહાહા..! પૂર્ણ આશ્રય જ્યાં સુધી ન થાય, ભગવાનઆત્માનો પૂર્ણ આશ્રય જ્યાં સુધી ન થાય ત્યાં સુધી ત્યાં પરાશ્રયમાં ભગવાન કહે છે એવો વ્યવહાર આવ્યા વિના રહેતો નથી. પરંતુ તેની મર્યાદા જાણે. એ કાળે જાણેલો પ્રયોજનવાન છે, એમ 'અમૃતચંદ્રાચાર્ય' મહારાજ ('સમયસાર'માં) બારમી ગાથામાં કહે છે. પંડિતજી! બારમી ગાથા છે ને? **'सुद्धो सुद्धादेसो णादव्वो परमभावदरिसीहिं।'** ત્યાં 'યદાત્વે' એવો સંસ્કૃતમાં પાઠ છે. 'યદાત્વે' તે કાળે જાણેલો પ્રયોજનવાન છે. જ્યાં સુધી સર્વજ્ઞ ન થાય ત્યાં સુધી (જાણેલો પ્રયોજનવાન છે).

મુમુક્ષુ :– કરેલો પ્રયોજનવાન નહિ.

ઉત્તર :– કરેલો નહિ. કરે શું? જાણેલો પ્રયોજનવાન (છે). તેરમા વર્ષે 'ઇન્દોર'માં પણ કહ્યું હતું. વ્યાખ્યાન થયું હતું. ત્યારે 'બંસીધરજી' હતા ને? 'સોલાપુર'ના. એ આવ્યા હતા. અમે ત્યાં ઉતર્યા હતા ને, શું કહેવાય એ? નસિયાજી.. નસિયાજી. પહેલા ત્યાં ઉતર્યા હતા. ત્યાં આવ્યા હતા. પહેલા તો આવીને કહ્યું, હું અભિનંદન આપું છું. (મેં કહ્યું), શું છે? આમ સાધારણ ગરીબ જેવા લાગે. પંડિતજી આવ્યા છે એમ ખબર નહિ. (આવીને) પગમાં પડી ગયા (અને કહ્યું), અભિનંદન આપું છું. કીધું, શું છે? કોણ છો તમે? 'બંસીધરજી'! ક્યાંના? અરે..! પંડિતજી! તમે કહ્યું, વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે, એવી વાત અત્યાર સુધી તો અમે સાંભળી નથી. વ્યવહાર છે, 'યદાત્વે' તે કાળે પાછો. તે કાળે એટલે? એમાં ખૂબી છે. જેટલો સ્વભાવનો આશ્રય કરીને શુદ્ધતા પ્રગટ થઈ તે તો નિશ્ચય છે અને જેટલો હજી રાગ બાકી રહ્યો તેટલી શુદ્ધતાની અલ્પતા અને રાગનું જ્ઞાન કરવું, તે કાળે. પછી ફરીને શુદ્ધતાની વૃદ્ધિ થઈ અને રાગ ઘટ્યો તો તે કાળે તેટલું જ્ઞાન કરવું તે પ્રયોજનવાન છે. તેટલી તેટલી જેમ જેમ શુદ્ધિ વધતી જાય અને રાગ ઘટતો જાય તે પ્રકારનું ત્યાં જ્ઞાન કરવું તે પ્રયોજનવાન છે. તે તે કાળે તેવું જ્ઞાન કરવું તે પ્રયોજનવાન છે. સમજાણું કાંઈ? ભાઈ! વસ્તુની સ્થિતિ એમ છે.

વ્યવહાર છે તો નિશ્ચય છે એમ નહિ. બન્ને વસ્તુ ફેર છે, બન્નેની દિશા ફેર છે,

www.vitragvani.com



બન્નેના ફળમાં ફેર છે અને બન્નેના ભાવમાં ફેર છે. ભાઈ! શું થાય? એ કાંઈ કોઈ વસ્તુ બદલી શકાય એવી છે? કે, ભાઈ! ના, ના. આ બધાને ઠીક પડે તો આમ કરો. ભાઈ! તને ઠીક જ એમાં પડે એવું છે. હેં? આહાહા..! આત્મા શુદ્ધ પ્રભુ આત્મા છે. તને ક્યાંય ન ઠીક પડે તો ન્યાં ઠીક પડે એવું અંદરમાં છે.

બહેને એક ફેરી કહ્યું હતું, ક્યાંય ન ગોઠે તો આત્મામાં ગોઠે એવું છે. સમજાણું કાંઈ? આહાહા..! ખબર છે? વાત તો ઇ જ છે. શબ્દોમાં ફેર છે. આત્મા ભગવાનઆત્મા, તને ક્યાંય ઠીક ન પડે તો જા અંદર! સમજાણું કાંઈ? 'તારી હાકલથી કોઈ ન સાથે આવે તો જાજે એકલો તું' તારે કામ શું છે કોઈનું? કે, અરે..! અમે આવી વાત કરીએ ને આ (માનતા નથી). હવે તારે કામ શું છે? હાકલ, વાણી જડ છે, વિકલ્પ એ બંધનું કારણ છે. કોઈ સમજે, ન સમજે એ કંઈ તારે આશ્રયે નથી. કહો, સમજાણું કાંઈ?

'એકલો જાજે રે' આવે છે ને ક્યાંક? નહિ? શું આવે છે? 'મેઘાણી' નહિ, મૂળ તો 'રવિન્દ્રનાથ ટાગોર'નું છે. ઇ તો એની શૈલીએ વાત છે, આપણી બીજી શૈલી છે, હોં! 'તારી હાકલ સાંભળીને કોઈ ન આવે તો એકલો જા જે રે..' ઇ શ્લોક હમણાં આવશે, ઇ આવશે. 'एक्कलउ' એ ૮૬ (ગાથામાં) જ આવશે. ૮૬મી ગાથામાં પહેલો શબ્દ છે. આ ૮૫ (ગાથા) આપણે ચાલે છે ને? ૮૬માં છે. પંડિતજી! ૮૬ છે ને? ઇ ગાથા. 'एक्कलउ' એ ૮૬ ગાથા છે. આપણે (૮૫) ચાલે છે. 'एक्कलउ इंदिय रहियउ' એકલો 'इंदिय रहियउ' ભગવાન!

'યોગસાર' તો અલૌકિક વાત છે. દિગંબર સંતોની શું વાત! ઓ..હો..હો...! એના તો એક એક શ્લોકમાં ચૌદ પૂર્વનો સાર (છે)! સંતો અંતર દશા જેની છઠ્ઠે-સાતમે, આહાહા..! ક્ષણમાં અંતર્મુહૂર્તમાં, ઇ અંતર્મુહૂર્ત એટલે પોણી સેકંડ કહેવાય. અસંખ્ય સમયને પણ અંતર્મુહૂર્ત કહેવાય. નાનાને. પણ ઇ પોણી સેકંડ રહ્યું પણ અંતર્મુહૂર્ત કહેવાય. અસંખ્ય સમય છે. પોણી સેકંડમાં પણ અસંખ્ય છે, હોં! અને એનાથી અડધો કાળ સાતમાનો. ઘડીકમાં અતીન્દ્રિય આનંદ. ક્ષણમાં આ (વિકલ્પ), ક્ષણમાં આ (આનંદ). એક દિવસમાં હજારો વાર છઠ્ઠુ સાતમું! આ તે કાંઈ વાત! ક્ષણે ક્ષણે સાક્ષાત્ પરમાત્માને સ્પર્શે છે. એ તો વળી મંદ પુરુષાર્થ છે એટલે ફટ વિકલ્પ ઊઠે છે. છઠ્ઠાનો પ્રમાદ વિકલ્પ તે બંધનું કારણ છે. ઇતમ.. ઇતમ. આમ જાય છે. આમ જાય ત્યાં સાતમું. આવી દશા મુનિની! એમણે આ શ્લોકો કર્યા છે, લ્યો! કર્યા છે એટલે એમનું નિમિત્ત છે. સમજાણું કાંઈ?

'એ જ નિશ્ચય કાયોત્સર્ગ છે,...' કહો, ઠીક! આ ત્રણ ગુપ્તિ પણ એ છે. ભગવાનઆત્મા પોતાનું નિજ સ્વરૂપ, એમાં અંદરમાં સાવધાન.. સાવધાન.. સાવધાન થઈને, દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્ર ત્રણે અંદરમાં એકાકાર થયા તો ત્રણ ગુપ્તિ થઈ ગઈ. ત્યાં ત્રણ ગુપ્તિ થઈ ગઈ. મન, વચન, કાયા બધાનું અવલંબન રહ્યું નહિ. એમાં જ ત્રણ ગુપ્તિ થઈ ગઈ. ઓ..હો..! પાંચ ઇન્દ્રિયોનો નિરોધ સ્વયં થઈ ગયો. લ્યો! પાંચ ઇન્દ્રિયનું લક્ષ ન રહ્યું. અતીન્દ્રિય ઉપર

www.vitragvani.com



સ્વયં એકાકાર થઈ ગયા તેનું નામ સંયમ છે. સમજાણું કાંઈ? તેનું નામ ઉત્તમ ક્ષમા છે. આદિ બીજા (ધર્મો) લઈ લેવા.

'બધા જ શુદ્ધ ગુણોનો નિવાસ આત્મામાં છે. જેણે આત્માનું આરાધન કર્યું તેણે સર્વ આત્મિક ગુણોનું આરાધન કરી લીધું. આત્માના ધ્યાનથી જ આત્માના ગુણ વિકસિત થાય છે.' વિકસિત નામ પર્યાયમાં પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? 'શ્રુતજ્ઞાનની પૂર્ણતા થાય છે.' પોતાના સ્વરૂપમાં એકાકાર થવાથી શ્રુતજ્ઞાનની પૂર્ણતા થાય છે. વાંચ્યે, લખ્યે કાંઈ પૂર્ણ જ્ઞાન થાય છે? 'અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાનની ઋદ્ધિ પ્રગટ થાય છે,...' એ ઋદ્ધિ છે, એ સાધન નથી. અવધિ, મનઃપર્યય (જ્ઞાન) કંઈ મોક્ષનું સાધન નથી, પણ વચમાં ઋદ્ધિ (પ્રગટે) છે. આહાહા..! મતિ-શ્રુતજ્ઞાન તો સાધન છે. સ્વરૂપમાં એકાકાર થઈને કેવળજ્ઞાન લ્યે છે. આ તો વચમાં એક ઋદ્ધિ આવે છે. 'અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાનની ઋદ્ધિ પ્રગટ થાય છે, કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.' લ્યો! 'નિર્વાણનો પરમ ઉપાય એક આત્માનું ધ્યાન છે.' લ્યો!

'તત્ત્વાનુશાસન' માં કહ્યું છે – જે વીતરાગી આત્મા આત્માની અંદર આત્મા દ્વારા આત્માને દેખે છે અને જાણે છે તે સ્વયં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ થાય છે.' 'दृगवगमचरणरूपस्य' એમ છે ને? ત્રીજું પદ. આહાહા..! 'તત્ત્વાનુશાસન'. સમજાણું? સ્વયં સમ્યગ્દર્શન આદિ (રૂપ થાય છે). 'તેથી નિશ્ચય મોક્ષમાર્ગ સ્વરૂપ છે આમ જિનેન્દ્ર ભગવાન કહે છે.' 'जिनोक्तिः' એમ છે, જુઓ! ઓહોહો..! દિગંબર સંતો પણ જ્યાં ત્યાં ભગવાનને મોઢા આગળ નાખે, હોં! પરમાત્મા આમ કહે છે, ભાઈ! અમે કહીએ છીએ તે પરમાત્મા કહે છે. સર્વજ્ઞ ત્રિલોકનાથ (કહે છે), ના ન પાડીશ, હોં! ના ન પાડીશ. હેં? બહુ દયા, કરુણા (કરી કહે છે). ભાઈ! માર્ગ તો આવો છે, પ્રભુ કેવળી કહે છે. જુઓ! આમાં પણ કેવળી આવ્યું, ઓલામાં (૮૬ ગાથામાં) 'जिनोक्तिः' આવ્યું. આમાં કેવળી કહે છે (એમ આવ્યું). (૮૬માં) 'जिनोक्तिः' કહે છે. 'जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं। ' એમાં મુનિ કહે છે, એમ આવ્યું.

www.vitragvani.com



એક આત્માનું જ મનન કર.

इक्कलउ इंदिय रहियउ, मण वय काय ति-सुद्धि।
अप्पा अप्पु मुणेहि तुहुं, लहु पावहि सिवि-सिद्धि।।८६।।

એકાકી, ઇન્દ્રિયરહિત, કરી યોગત્રય શુદ્ધ;
નિજ આત્માને જાણીને, શીઘ્ર લહો શિવસુખ. ૮૬.

અન્વયાર્થ :– (एक्कलउ) એકાકી નિર્ગ્રંથ થઈને (इंदिय रहियउ) પાંચે ઇન્દ્રિયોથી વિરક્ત થઈને (मण वय काय ति सुद्धि) મન વચન કાયાની શુદ્ધિથી (तुहुं अप्पा अप्पु मुणेहि) તું આત્મા દ્વારા આત્માનું મનન કર. (सिव-सिद्ध लहु पावहि) મોક્ષની સિદ્ધિ શીઘ્ર જ કરી શકીશ.

---

૮૬. 'એક આત્માનું જ મનન કર.' 'યોગસાર' છે ને?

इक्कलउ इंदिय रहियउ, मण वय काय ति-सुद्धि।
अप्पा अप्पु मुणेहि तुहुं, लहु पावहि सिवि-सिद्धि।।८६।।

'लहु' ને 'फुडु' એવા ઘણા શબ્દો આવે છે. અલ્પકાળમાં તારી મુક્તિ થશે, ભગવાન! 'એકાકી...' 'एक्कलउ'નો ભાઈએ જરી આમ અર્થ કર્યો છે, નિર્ગ્રંથ થઈને એમ. અહીં તો ગુણસ્થાનના ભેદ પણ વ્યવહારમાં જાય છે. પોતાનું એકલું સ્વરૂપ ચિદાનંદ અભેદ, બસ! તેમાં તું એકાકાર થા.

'ઇન્દ્રિયોથી વિરક્ત થઈને...' પાંચ ઇન્દ્રિયથી વિરક્ત થઈને. 'મન વચન કાયાની શુદ્ધિથી તું આત્મા દ્વારા આત્માનું મનન કર.' ઓહો..! આત્મા આખો પૂર્ણ પ્રભુ, તેનો પૂર્ણ સ્વભાવ, એ સ્વભાવનું જ એકલું ઘોલન કર, ઘોલન કર, એ સ્વભાવનું જ ઘોલન કર. સમજાણું કાંઈ? કોઈ વિકલ્પને સ્પર્શ ન કર. એ સ્વભાવ પૂર્ણ સ્વરૂપ વ્યાપક અસંખ્ય પ્રદેશી, અનંત એમાં જ, એમાં જ ઘોલન કર.

'આત્મા દ્વારા આત્માનું મનન કર.' મનનનો અર્થ વિકલ્પની વાત નથી, હોં! મનન એટલે વિકલ્પ, ચિંતા બિલકુલ નહિ. અંતરમાં એવો ને એવો. એકાકાર સ્વરૂપમાં પૂર્ણ એકાકાર (થાય). 'મોક્ષની સિદ્ધિ શીઘ્ર જ કરી શકીશ.' તને મુક્તિની સિદ્ધિ થઈ જશે. તેનું ફળ મુક્તિ છે. સમજાણું કાંઈ?

'આત્માનું મનન નિશ્ચિંત થઈને કરવું જોઈએ.' ગૃહસ્થપણામાં એટલી ચિંતાનો ત્યાગ થઈ શકતો નથી એટલી વાત વિશેષ કરે છે. 'ગૃહસ્થના વ્યવહારધર્મ,...' વ્યવહારધર્મ, ષટ્ કર્મ. દયા, દાન આદિના વિકલ્પ, 'પૈસા કમાવા,...' (એ) અર્થ પુરુષાર્થ. 'કામભોગ કરવો,...'

www.vitragvani.com



એ કામ પુરુષાર્થ. 'આ ત્રણે કાર્યો માટે મન, વચન, કાયાને ચંચળ અને રાગ-દ્વેષથી પૂર્ણ, આકુળિત રાખવા પડે છે...' ધર્મ, કામ, અર્થ. મોક્ષ પછી. અહીં તો અત્યારે ત્રણના વિકલ્પ છે ને? અર્થ (અર્થાત્) પૈસા કમાવાનો અશુભરાગ. કામ અશુભ(રાગ) અને ધર્મ શુભ. પણ છે તો શુભ વિકલ્પની ઝાળ.

કોઈ એમ કહે કે, એને પણ ધર્મ કહ્યો છે અને તેને તમે પુણ્ય કહો છો? વળી કેટલાક એમ કહે છે. પણ ભાઈ! એને 'સમયસાર'માં પુણ્ય કહ્યું છે. પ્રભુ! વ્યવહારધર્મ કહો કે પુણ્ય કહો. નિશ્ચયધર્મ નહિ, વ્યવહારધર્મ. વ્યવહારધર્મ એટલે કે ધર્મ નહિ, ધર્મ નહિ. નથી તેને કહેવું તેનું નામ વ્યવહાર. હવે એને ભાષામાં વાંધા આવે છે. ઓલા આવ્યા હતા ને પંડિત, નહિ? 'તર્કતીર્થ', 'ઝમનલાલજી'. એને અધર્મ કહ્યું તો કહે, નહિ, નહિ, નહિ. પણ તમને શબ્દમાં શું વાંધો આવે છે? ભગવાનઆત્મા!

મુમુક્ષુ :– સાંભળવું ગમતું નથી.

ઉત્તર :– અરે..! પણ શું કરવા ન ગમે? પ્રભુ! તારી શાંતિ તને ન ગોઠે અને રાગ ગોઠે, રુચે? તો જાઈશ ક્યાં તું? સમજાણું કાંઈ? જ્યાં સુધી રોગનું પોષાણ અને રુચિ છે ત્યાં સુધી વીર્ય અંતરમાં જવાનું કાર્ય નથી કરી શકતું. સમજાણું કાંઈ? જેવું તેનું સ્વરૂપ સ્વતંત્ર શુદ્ધ છે એવી અંતર દૃષ્ટિ કરવામાં રાગની રુચિ જો રહી ગઈ અને તેનાથી કાંઈક લાભ છે, કાંઈક લાભ છે, કાંઈક લાભ છે (એમ રહી જશે) તો દૃષ્ટિ ત્યાંથી ખસશે નહિ. એવી વસ્તુ છે. હો, વ્યવહાર હો એની કોણ ના પાડે છે? પણ તેની જો રુચિ રહી ગઈ તો અંતરંગમાં (નહિ જઈ શકાય).

વીર્યનું કામ જ એ છે કે, સ્વરૂપની રચના કરવી. વીર્યનું કામ રાગની રચના કરવી એવું છે જ નહિ. ૪૭ શક્તિ છે, પંડિતજી! ૪૭ શક્તિ આવે છે ને? એમાં એમ લીધું છે, વીર્યગુણ કોને કહે છે? ભગવાન 'અમૃતચંદ્રાચાર્યદેવ' કહે છે, વીર્ય, સ્વરૂપની રચના કરે તેને અમે વીર્ય કહીએ છીએ. ભગવાનઆત્મા પોતાના અનંત ગુણની નિર્મળ રચના પર્યાયમાં કરે તેનું નામ વીર્ય. રાગરચના (થાય છે) તે વીર્ય પોતાનું વીર્ય છે જ નહિ. છે તો પોતાનો પુરુષાર્થ, હોં! પણ તે કૃત્રિમ છે, દોષ છે માટે ગણવામાં નથી આવ્યો. શાસ્ત્રમાં એમ લીધું છે. ભગવાન! ૪૭ શક્તિનું વર્ણન અલૌકિક વર્ણન છે.

વીર્યગુણનું કાર્ય શું? સ્વરૂપ રચના. તો શું રાગ પોતાનું સ્વરૂપ છે? વ્યવહારરચના એ વીર્યનું કાર્ય છે? સમ્યક્ વીર્ય પોતાનું છે? તેનું કાર્ય છે? આત્માના વીર્યનું તે કામ છે? સમજાણું કાંઈ? આવી વાત બહાર મૂકાય ત્યારે કહે કે, ઘરનો અર્થ કરે છે. એવું કહે છે. ભાઈ! એમ નથી, ભાઈ! એ તો અંદર લખ્યું છે એના ભાવોને ગૂઢપણે છે તેને ખોલીએ છીએ. ખોલ્યા છે, બીજી કાંઈ (નથી), ઘરની એક વાત નથી. આહાહા..! પણ એને અંદર બેઠું ન હોય એટલે સમજાય નહિ એટલે બીજો અર્થ કરે. શું કરે? સ્વતંત્ર જીવ છે. ભાઈ!

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અનંતકાળ એણે એવું જ કર્યું છે. તીર્થંકરના જીવે એવું કર્યું છે. કેમ પંડિતજી? તીર્થંકરના આત્માએ પહેલા એવું કર્યું હતું ને? પહેલા અજ્ઞાનમાં એવું કર્યું હતું. નવમી ગ્રૈવેયકે ગયા તેણે એવું જ કર્યું હતું. સમજાણું કાંઈ?

(અહીંયાં) કહે છે, 'ગૃહસ્થના વ્યવહારધર્મ,...' જુઓ! આ વ્યવહારધર્મ કેવો છે? કે, 'મન, વચન, કાયાને ચંચળ અને રાગ-દ્વેષથી પૂર્ણ આકુળિત રાખવા પડે છે...' વ્યવહારધર્મમાં આકુળતા છે, વિકલ્પ છે, ભાઈ! 'અને પાંચે ઇન્દ્રિયોના ભોગોમાં ફસાવું પડે છે.' પર તરફ લક્ષ જાય છે ને?

'જ્યારે સર્વ ચિંતાઓ મટે ત્યારે જ મન સ્થિર થઈને સંકલ્પ-વિકલ્પરહિત થઈને પોતાના આત્માના શુદ્ધ સ્વભાવનું મનન કરી શકે છે.' થોડું પણ શલ્ય રહેશે કે, આ આમ, આ આમ (છે). એ શલ્ય મિથ્યાત્વ શલ્ય છે, તો અંદરમાં નહિ જઈ શકે. પરવસ્તુમાં ઉત્સાહિત વીર્ય કામ કરે, રાગમાં, પુણ્યમાં, સંયોગમાં તો તે વીર્ય ત્યાં રોકાઈ ગયું, તે અંતરમાં કામ નહિ કરે. સમજાણું કાંઈ? પહેલા વીર્યમાંથી એ કાઢી નાખવું જોઈએ કે, રાગ અને પરવસ્તુ મને બિલકુલ સહાય નથી કરતા. મારી સહાયક મારી ચીજ છે. સદા સહાયકપણું તેમાં પડ્યું છે. ત્રણકાળ ત્રણલોકમાં કરણ સાધન ગુણ તેમાં રહેલો છે.

મુમુક્ષુ :- સમ્યગ્દૃષ્ટિને શુભભાવ તો થાય છે.

ઉત્તર :- સમ્યગ્દૃષ્ટિને શુભભાવ થાય છે એ એકાંત બંધનું કારણ છે, એકાંત આસ્રવ છે. કહો! સિદ્ધને આવ્યું ને? 'પ્રવચનસાર'માં આવ્યું, સિદ્ધને એકાંત શુદ્ધતા છે, ન આવ્યું?

મુમુક્ષુ :- મિથ્યાદૃષ્ટિને તો બંધનું કારણ પણ સમ્યગ્દૃષ્ટિને તો તે કામના છે.

ઉત્તર :- મિથ્યાદૃષ્ટિ.. સમ્યગ્દૃષ્ટિને કામના બિલકુલ નથી. નિમિત્તરૂપ રાગ છે, બીજું કાંઈ નથી. જ્ઞાનધારામાં એ વિઘ્નધારા છે. ભાઈ! એ વિઘ્નધારા છે, ભાઈ! કર્મના લક્ષે ઉત્પન્ન થાય એ તો કર્મધારા છે, એ સ્વભાવધારા નથી. સમકિતીને હો કે મુનિને હો. કાંઈ લાભ નથી. તેનું જ્ઞાન કરવાનો લાભ છે, પ્રમાણજ્ઞાન કરવા. આ નિશ્ચયનું જ્ઞાન થયું (સાથે) રાગનું વ્યવહારનું જ્ઞાન (થયું), પ્રમાણજ્ઞાન થયું, એટલું. વાત તો આ છે, બીજું શું છે? બીજી લાવવી ક્યાંથી? જેવું સત્યનું સ્વરૂપ હોય એવી રીતે આવે કે બીજું આવે? ત્રણકાળ ત્રણલોકમાં સત્યપંથ એક પ્રકારનો છે.

મુમુક્ષુ :- સમ્યગ્દૃષ્ટિને કાંઈક લાભ તો ખરો ને!

ઉત્તર :- બિલકુલ લાભ નહિ. જેટલો સ્વાશ્રય છે તેટલો લાભ. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ ભરત, ઐરાવત કે મહાવિદેહ (હો), પંથ તો એક જ છે.

મુમુક્ષુ :- કોઈ રીતે લહતું મૂકાય એમ નથી.

ઉત્તર :- તો આ લોહાને મૂકો. થોડું ન પતતું હોય તો થોડું લહતું મૂકો. પણ સત્યમાં

www.vitragvani.com



લહતું શી રીતે મૂકાય? લહતું એટલે સમજ્યા? પોચું, પોચું, ઢીલું કરો, ઢીલું. આહાહા..! ભગવાન! તારામાં ઢીલાની વાત જ નથી. આહાહા..! તું એકલા વીર્યનો પિંડ છો. જો વીર્યગુણથી જો તો એકલા વીર્યનો પિંડ છે. જ્ઞાનથી જો તો એકલા જ્ઞાનનો પિંડ છે, આનંદથી જો તો એકલો આનંદનો પિંડ છે. આહાહા..! સમજાણું કાંઈ? એવો ગુણપુંજ, ગુણપુંજ આત્મા, ગુણપુંજ આત્મા (છે). કહ્યું ને સિદ્ધાંત પ્રવેશિકામાં? દ્રવ્ય કોને કહે છે? ગુણોના સમૂહને (દ્રવ્ય કહે છે). સમૂહ કહો કે પુંજ કહો. ગુણનો પુંજ, અનંત ગુણનો ઢગલો. હૈં? જથ્થો કહે છે? હિન્દીમાં. ઢેર.. ઢેર. અને ગુણ કોને કહે છે? લ્યો, એમાં છે, રાત્રે કહ્યું હતું. ગુણ કોને કહે છે? દ્રવ્યના પૂરા ભાગમાં અને સર્વ હાલતમાં રહે તેને ગુણ કહે છે. એક જ સિદ્ધાંત લઈ લ્યો. તેની કોઈપણ હાલતમાં એ ગુણ કામ કરે છે. ગુણ દરેક હાલતમાં છે. એ હાલતમાં પર છે તો હાલત છે? સમજાણું કાંઈ? આવો સાદો સીધો સિદ્ધાંત છે. ગુણ સર્વ ભાગમાં અને સર્વ હાલતમાં (રહે છે). ગુણ–ભાવ તો પોતાનો છે અને દ્રવ્યનો ભાવ છે, દ્રવ્યમાં ભાવ છે, ક્ષેત્ર એ સર્વ ભાગમાં આવી ગયું, સર્વ હાલતમાં કાળ આવી ગયો. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ચારે આવી ગયા. આહાહા..! શાસ્ત્રકારની કથન પદ્ધતિ જ અલૌકિક! દિગંબર સંતોની પદ્ધતિ જ કોઈ અલૌકિક છે! એક એક શબ્દે આખો સિદ્ધાંત એમાં ભરી દીધો છે. સમજાણું કાંઈ? શ્વેતાંબર શાસ્ત્ર જુઓ તો ક્યાંય આ વાત નથી, આવી વાત નથી. ઇ વાતનું સ્વરૂપ જ ફેરવી નાખ્યું, સ્વરૂપ ફેરવી નાખ્યું. હૈં? આ તો સર્વજ્ઞે જોયું, સર્વજ્ઞે કહ્યું, એવું છે, એમ અનુભવમાં આવે છે, એવું જ આવે છે. એવી ચીજ છે. આહાહા..! એ આવી ગયું ને? 'પ્રગટ અનુભવ આપનો' પહેલા ૮૫ માં કહી ગયા. પ્રભુ! તું અનુભવ કર તો તને એમ જ લાગશે, અમે કહીએ છીએ તેવું જ તને જાણવામાં આવશે.

'જ્યારે સર્વ ચિંતાઓ મટે ત્યારે જ મન સ્થિર થઈને સંકલ્પવિકલ્પરહિત થઈને પોતાના આત્માના શુદ્ધ સ્વભાવનું મનન કરી શકે છે.' નિર્ગ્રંથપદમાં વધારે એમ હોય. પહેલા ગ્રંથિભેદ છે તે બરાબર છે, પણ ગ્રંથિભેદ સિવાય બીજી ગ્રંથિ રહે છે તેને છોડીને નિર્ગ્રંથ (થાય). પહેલા તો ગ્રંથિભેદ થયો તે અપેક્ષાએ દૃષ્ટિથી નિર્ગ્રંથ થયો. રાગની એકતાની ગાંઠ તૂટી ગઈ, રાગની એકતાની ગાંઠ તૂટી ગઈ. પૃથક્ થઈ ગયો અને સ્વભાવની પર્યાય સ્વભાવમાં એકત્વ થઈ ગઈ તો દૃષ્ટિમાં તો નિર્ગ્રંથ જ થઈ ગયો, પણ ચારિત્રમાં નિર્ગ્રંથ ક્યારે થાય? એ અસ્થિરતા છોડીને જ્યારે સ્થિર થઈ જાય (ત્યારે) ચારિત્રમાં નિર્ગ્રંથ થાય છે. સમજાણું કાંઈ?

એ નિર્ગ્રંથ તો આત્માનું સ્વરૂપ છે. 'નિયમસાર'માં 'શુદ્ધભાવ અધિકાર'માં આવ્યું છે, ભાઈ! 'શુદ્ધભાવ અધિકાર'. નિર્ગ્રંથ તો આત્માનું સ્વરૂપ જ છે. 'णिग्गंथो णिदंडो णिद्वंदो' ત્રણે કાળ, હોં! 'નિયમસાર' 'શુદ્ધભાવ અધિકાર'ની ગાથા છે. 'णिग्गंथो णिदंडो णिद्वंदो' દંડ વિનાનો, દ્વંદ્વ વિનાનો, દેહ વિનાનો તેનું નિર્ગ્રંથ સ્વરૂપ જ છે, આત્માનું સ્વરૂપ જ નિર્ગ્રંથ છે. નિર્ગ્રંથ નામ રાગ વિના, વિકલ્પ વિના. કર્મ વિના તો છે જ, એ તો પરદ્રવ્ય છે. વિકલ્પ

www.vitragvani.com



વિના(નો છે) એ દૃષ્ટિ કોણ સ્વીકારે? સહિતપણે હોવા છતાં રહિત માનવો... આહાહા..! વ્યવહારથી કર્મસહિત, રાગસહિત. રાગરહિત (છે એ) દૃષ્ટિનું જોર છે. સમજાણું કાંઈ? નહિ, હું તો રાગ અને શરીર, કર્મથી રહિત છું. અરે..! પણ અત્યારે નહિ. અરે..! અત્યારે (એવો છું). નિશ્ચય દૃષ્ટિમાં સમયે સમયે આવો જ ત્રિકાળ છે. વ્યવહાર તે જ્ઞાન કરવાની ચીજ છે કે, રાગ છે. કહ્યું ને, જાણેલો પ્રયોજનવાન છે, જાણેલો પ્રયોજનવાન છે. આદરેલો પ્રયોજનવાન છે, એમ નથી. વસ્તુસ્થિતિ એવી છે. નહિતર કોઈ રીતે વસ્તુ સિદ્ધ થતી નથી. નિશ્ચય, વ્યવહાર એકેય સિદ્ધ નહિ થાય. સમજાણું કાંઈ? થઈ ગયો (સમય)?

'ઊંચું આત્મધ્યાન નિર્ગ્રંથ અને નિર્વિકાર થયા વિના થઈ શકતું નથી. જ્યાં સુધી કામવિકારની વાસના ન મટે, સ્ત્રી પુરુષનો ભેદ ન મટે, લજ્જાનો ભાવ હૃદયમાંથી ન ખસે ત્યાં સુધી આ ઊંચા પદનું ગ્રહણ ન કરવું.' એમ કહે છે. એકદમ મુનિપણું (આવવા માટે) એવી શક્તિ જોઈએ. એમ એકદમ નગ્ન થઈ જાય, ઉતાવળે વ્રત લઈ લે, નભી શકે નહિ પછી કાંઈક ગોટા વાળ્યા વિના રહે નહિ. પોતાની શક્તિને (જોઈને ગ્રહણ કરે). 'શક્તિતપત્યાગઃ' આવે છે ને પંડિતજી? એ ત્યાં વિવેક છે. મર્યાદામાં પોતાનો કેટલો પુરુષાર્થ સહજ કામ કરે છે તેટલો ત્યાગ કરીને પોતાનું કામ કરવું. વિશેષ મુનિપણું ન થઈ શકે તો ગૃહસ્થાશ્રમમાં પોતાની શક્તિ પ્રમાણે ધ્યાન કરીને પોતાનું કામ કરવું, એમ અહીંયાં કહે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## બે નવી વાત! સમજે તેનું કલ્યાણ

એક નિયમસારની 'શુદ્ધ કારણપર્યાય'ની વાત ને બીજી આ 'ક્રમબદ્ધપર્યાય'ની વાત! એ બે વાત સોનગઢથી નવી કાઢી - એમ કેટલાક કહે છે. લોકોમાં અત્યારે આ વાત ચાલતી નથી તેથી નવી લાગે છે. શુદ્ધ કારણપર્યાયની વાત સૂક્ષ્મ છે ને બીજી આ ક્રમબદ્ધપર્યાયની વાત સૂક્ષ્મ છે. આ વાત જેને બેસે તેનું કલ્યાણ થઈ જાય! આ એક ક્રમબદ્ધપર્યાયની વાત બરાબર સમજે તો તેમાં નિશ્ચયવ્યવહારના ને ઉપાદાન-નિમિત્તના વગેરે બધાય ખુલાસા આવી જાય છે; વસ્તુની પર્યાય ક્રમબદ્ધ ને હું તેનો જ્ઞાયક - એ સમજતાં બધા સમાધાન થઈ જાય છે. ભગવાન! તારા જ્ઞાયકસ્વભાવને ભૂલીને તું પરનું કરવાની માન્યતામાં રોકાઈ ગયો? પરમાં તારી પ્રભુતા કે પુરુષાર્થ નથી, આ જ્ઞાયક ભાવમાં જ તારી પ્રભુતા છે. તારો પ્રભુ તારા જ્ઞાયકમંદિરમાં બિરાજમાન છે તેની સન્મુખ થા ને તેની પ્રતીત કર.

(આત્મધર્મ — ઑગસ્ટ - ૨૦૦૮)

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## વીર સંવત ૨૪૯૨, અષાઢ વદ ૧૧, ગુરુવાર
## તા. ૧૪-૦૭-૧૯૬૬
## ગાથા-૮૬, ૮૭ પ્રવચન નં. ૩૪

'યોગીન્દ્રદેવ' મુનિ દિગંબર આચાર્ય થયા છે. છઠ્ઠી શતાબ્દિ. ૧૩૦૦-૧૪૦૦ વર્ષ પહેલાં થયા. એમણે 'યોગસાર' બનાવ્યું. 'યોગીન્દ્રદેવ' ૮૬મી ગાથામાં કહે છે, એક આત્માનું મનન કરો. જુઓ!

**इक्कलउ इंदिय रहियउ, मण वय काय ति-सुद्धि।**
**अप्पा अप्पु मुणेहि तुहुं, लहु पावहि सिवि-सिद्धि।।८६।।**

એ શબ્દ પડ્યા છે. હે ભાઈ! તું એકલા આત્માને જો. ઇન્દ્રિયથી રહિત, કર્મ, શરીરના સંબંધથી રહિત. ભગવાનઆત્મામાં પરમાર્થ દૃષ્ટિએ શરીર, કર્મ અને વિકારના સંબંધ રહિત આત્મા એકલો છે. એવો ઇન્દ્રિયથી રહિત 'मण वय काय ति सुद्धि' અને મન-વચન-કાયાથી પણ હટીને પોતાની શુદ્ધિ પોતાના સ્વભાવ સન્મુખ કરી પોતાનું ધ્યાન કરવું તેનું નામ મોક્ષનો માર્ગ યોગસાર છે. મુનિને તો ઉત્કૃષ્ટ હોય છે. એ કાલે આવી ગયું છે કે, 'લજ્જાનો ભાવ હૃદયમાંથી ન ખસે ત્યાં સુધી આ ઊંચા પદનું ગ્રહણ ન કરવું.' એમ આવ્યું હતું.

'શ્રાવકપદમાં રહીને એકદેશ આત્મધ્યાનનું સાધન કરવું.' આપણે એ શબ્દ ઉપર થોડું લેવું છે. ગૃહસ્થાશ્રમમાં પણ શ્રાવક છે તો એકદેશ આત્મધ્યાનનું સાધન કરી શકે છે. સમજાણું કાંઈ? 'નિયમસાર'માં 'સમાધિ અધિકાર' પછી 'ભક્તિ અધિકાર' આવશે. એ તો 'કુંદકુંદાચાર્યદેવ'નો પહેલા શ્લોકમાં મૂળ પાઠ છે. શ્રાવક હો કે મુનિ હો, નિશ્ચય શુદ્ધ રત્નત્રયની ભક્તિ બન્ને કરે છે. એવો પાઠ 'ભક્તિ અધિકાર'માં મૂળ ગાથામાં છે. શ્રાવક હો કે મુનિ હો, શુદ્ધ રત્નત્રયની ભક્તિ, એવો પાઠ છે. ટીકામાં મૂળ પાઠમાં એટલું છે કે, દર્શન-જ્ઞાન-ચારિત્ર રત્નત્રયની ભક્તિ કરે છે. એ નિશ્ચય રત્નત્રયની વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પોતાના સ્વરૂપની એકાગ્રતા તે ભક્તિ છે. ભગવાનની ભક્તિ એ શુભરાગ છે, વ્યવહારભક્તિ છે.

અહીં તો બીજું કહેવું છે કે, શ્રાવકને પણ પોતાના શુદ્ધ નિશ્ચય રત્નત્રયનું ધ્યાન હોય છે અને પ્રગટ દશા થાય છે. કોઈ કહે કે, મુનિને જ સાતમા ગુણસ્થાનમાં શુદ્ધ રત્નત્રય હોય છે. હજી સાતમામાં પણ નથી લેતા. અહીં તો કહે છે કે, શ્રાવકને પણ. સમજાણું કાંઈ? જુઓ! એમાં છે. ૧૩૪ ગાથા છે ને? ભક્તિ અધિકાર 'सम्मत्तणाणचरणे जो भत्ति कुणइ सावगो समणो।' 'सावगो समणो' એવો પાઠ છે. 'सम्मत्तणाणचरणे जो भत्ति

www.vitragvani.com



कुणइ सावगो समणो। तस्स दु णिव्वुदिभत्ती...' નિવૃત્તિભક્તિ 'होदि त्ति जिणेहि पण्णत्तं' ।।૧૩૪।। ભગવાન પરમેશ્વર વીતરાગદેવ ત્રિલોકનાથ એમ કહે છે, શ્રાવક અને મુનિ બન્નેને નિશ્ચય શુદ્ધ રત્નત્રય પોતાનો ભગવાનઆત્મા શુદ્ધ નિર્મળ નિર્વિકલ્પ દૃષ્ટિથી પોતાની પ્રતીતિ કરવી અને સ્વસંવેદન પોતાનો જ્ઞાનસ્વરૂપ ભગવાન, તેનું જ્ઞાનથી સ્વસંવેદન કરીને જ્ઞાન કરવું અને પોતાના સ્વરૂપમાં શુદ્ધ ઉપયોગરૂપ અથવા શુદ્ધ પરિણતિરૂપ આચરણ કરવું તેનું નામ નિશ્ચય રત્નત્રય કહે છે. આહાહા..! અહીંયાં શ્રાવકને કહે છે, જુઓ! ટીકામાં પણ એમ લીધું છે.

'નિજ પરમાત્મતત્ત્વનાં સમ્યક્ શ્રદ્ધાન-અવબોધ-આચરણસ્વરૂપ શુદ્ધરત્નત્રય પરિણામોનું જે ભજન તે ભક્તિ છે;...' શ્રાવક પણ કરી શકે છે અને મુનિ પણ. શ્રાવકો અને પરમ તપોધનો બન્ને રત્નત્રયની ભક્તિ કરે છે. જિનવરોએ એમ કહ્યું છે. થોડી સૂક્ષ્મ વાત છે. અહીંયાં નિશ્ચય રત્નત્રયની વાત છે. તેને શુદ્ધ રત્નત્રય કહે છે. વ્યવહાર રત્નત્રય(ને) અશુદ્ધ રત્નત્રય કહો, બાહ્ય રત્નત્રય કહો, ઉપચારિક રત્નત્રય કહો. પરમ અપેક્ષાએ તેને અસત્યાર્થ પણ કહો. વ્યવહાર અસત્યાર્થ. અસત્યાર્થનો અર્થ તેને ગૌણ કરીને, છે નહિ એમ નહિ, વ્યવહાર છે ખરો પણ તેને ગૌણ કરીને વ્યવહાર કહીને અભૂતાર્થ કહી દીધો છે.

ભગવાનઆત્મા એક સમયમાં પૂર્ણાનંદ પ્રભુ, તેની અંતરમાં અનુભવમાં દૃષ્ટિ કરવી. અનુભવ કરીને દૃષ્ટિ થવી અને સ્વરૂપમાં સ્થિરતા થવી, એવી નિશ્ચય શુદ્ધ રત્નત્રયની ભક્તિ એકદેશે શ્રાવકને પણ હોય છે. સમજાણું કાંઈ? શ્રાવક એટલે મહા પંચમ ગુણસ્થાન દશા, જેને સર્વાર્થસિદ્ધિના ચોથા ગુણસ્થાનવાળા કરતાં જેની શાંતિ વધી ગઈ છે. આહાહા..! ભલે સ્ત્રી, કુટુંબમાં પડ્યો હોય, રાજમાં પડ્યો હોય, વિષયભોગની વાસના પણ હોય પણ તેની વાસનામાં મર્યાદા છે. પોતાનો આનંદ સ્વરૂપ ભગવાનઆત્મા, અતીન્દ્રિય નિર્વિકલ્પ આનંદમય પ્રભુ આત્મા, તેની અંતરમાં સ્વસન્મુખ થઈને નિશ્ચય શુદ્ધ સમ્યગ્દર્શન પ્રગટ થયું છે. કોઈ કહે છે કે, શુદ્ધ નિશ્ચય સમકિત ચોથે, પાંચમે નથી હોતું. ભાઈ! તને સમજણ નથી. વ્યવહાર તો ઉપચાર છે. નિશ્ચય સ્વઆશ્રિત ઉત્પન્ન થાય તેને શુદ્ધ રત્નત્રય કહે છે. આહાહા..! શું કરે? બધું ફરી ગયું, ઘણું ફરી ગયું. વ્યવહાર રત્નત્રય, ચોથેથી સાતમે સુધી વ્યવહાર રત્નત્રય. એક જણો વળી બારમા સુધી કહે છે. ભાઈ!

અહીં તો ભગવાન.. વસ્તુનું સ્વરૂપ.. આત્મા પરમાનંદની મૂર્તિ, પરમાત્મસ્વરૂપની અંતર નિશ્ચય સ્વઆશ્રય દૃષ્ટિ (થવી), સ્વઆશ્રય દૃષ્ટિ (થઈ) તેનું નામ નિશ્ચય. પરાશ્રય દૃષ્ટિ ભગવાનની શ્રદ્ધા આદિ કરવી એ પરાશ્રિત દૃષ્ટિ, વ્યવહાર (છે). પોતાના સ્વરૂપનું જ્ઞાન, જ્ઞાનનું જ્ઞાન કરવું, સ્વસંવેદન (કરવું) તે નિશ્ચય. શાસ્ત્ર આદિનું જ્ઞાન કરવું તે પરાશ્રિત વ્યવહાર છે. પોતાના સ્વરૂપમાં શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ-જ્ઞાનપૂર્વક સ્વમાં લીન થવું તે ચારિત્ર છે, નિશ્ચય ચારિત્ર છે. શ્રાવકને પણ નિશ્ચય ચારિત્રનો અંશ હોય છે. કહો, સમજાણું કાંઈ?

www.vitragvani.com



'જ્ઞાનચંદજી'! કોઈ એમ કહે છે, શ્રાવકને પંચમ ગુણસ્થાને શુદ્ધઉપયોગ નથી, શુદ્ધ નિશ્ચય રત્નત્રય નથી. નિશ્ચય રત્નત્રય આઠમે ને દસમે પછી કોઈ એક તો વળી તેરમે કહે છે. એક 'શરણારામ' છે એ તો વળી તેરમે નિશ્ચય (થાય અને) બારમા સુધી વ્યવહાર (હોય એમ કહે છે).

મુમુક્ષુ :- કોઈ વળી પંદરમે કહે.

ઉત્તર :- પંદરમાં છે જ નહિ તો શું કહે? પંદર ગુણસ્થાન જ નથી.

અહીં તો આપણે શુદ્ધ રત્નત્રયની ભક્તિ એકદેશ શ્રાવકને પણ હોય છે (એમ કહેવું છે). ભલે સ્ત્રી, કુટુંબ, પરિવાર, રાજપાટમાં પડ્યો હોય... સમજાણું કાંઈ? પડ્યો નથી. પોતાનો આત્મા શુદ્ધ ભગવાનઆત્મા પરમાત્મા નિર્વિકલ્પ સ્વભાવે સંપન્ન પ્રભુ, અનાદિઅનંત એવી અંતરમાં નિશ્ચય દૃષ્ટિ સ્વભાવના આશ્રયે થઈ, તે તો આત્મામાં જ પડ્યો છે. સમજાણું કાંઈ? શ્રાવક પણ પોતાના જ્ઞાનમાં રહે છે, સ્થિરતામાં રહે છે. વ્યવહાર રત્નત્રયથી પણ મુક્ત છે. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ?

ભગવાન... એ માટે 'શ્રાવકપદમાં રહીને એકદેશ આત્મધ્યાનનું સાધન કરવું.' સમજાણું કાંઈ? ન થઈ શકે એમ નથી, ભાઈ! ચોથા ગુણસ્થાને પણ જ્યાં આત્મા મુક્તસ્વરૂપનું ભાન થાય છે અને નિર્વિકલ્પ પ્રતીત થાય છે તો પંચમ ગુણસ્થાને તો શ્રાવકને તો શાંતિ બીજા કષાયના અભાવથી શાંતિ.. શાંતિ વધી ગઈ છે. સમજાણું કાંઈ? એવી શાંતિ જે સ્વભાવના આશ્રયે ઉત્પન્ન થઈ તેને અહીંયાં દેશ રત્નત્રય, શુદ્ધ રત્નત્રય કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'નિર્વાણનો સાક્ષાત્ ઉપાય નિર્ગ્રંથપદ જ છે...' ઓ..હો..! અલૌકિક વાત! અંતરમાં ત્રણ કષાયનો અભાવ, નિર્ગ્રંથ ભાવ, દ્રવ્યલિંગ પણ નિર્ગ્રંથ, બાહ્યમાં પણ નગ્ન દશા, બાહ્ય અને અભ્યંતર બન્ને નિર્ગ્રંથ દશા. એ નિર્ગ્રંથ દશા જ સાક્ષાત્ મોક્ષનું કારણ છે, ઉપાય છે. કહો, સમજાણું કાંઈ? પણ કહે છે કે, જો આવી ચીજ ન થઈ શકે (તો ત્યાં સુધી એકદશ આત્મધ્યાનનું સાધન કરવું).

'જ્યાં સુધી ઇન્દ્રિયોના વિષયોની લાલસા ન છૂટે...' સમ્યગ્દર્શન થવા છતાં, ઇન્દ્રિયના વિષયમાં સુખબુદ્ધિ નહિ હોવા છતાં,.. સમજાણું કાંઈ? ભાષા નહિ, એના ભાવ સમજી લેવા. અહીંયાં તો કહે છે, પોતાના સ્વભાવમાં આનંદ છે એમ સમ્યગ્દૃષ્ટિને રુચિ થઈ હોવા છતાં, ઇન્દ્રિયના સુખમાં સુખ નથી એવી માન્યતા હોવા છતાં પણ આસક્તિ રહે છે. આસક્તિ તે ચારિત્રનો દોષ છે. અને ઇન્દ્રિયમાં સુખ છે, એ મિથ્યાત્વનો દોષ છે. આહાહા..! સમજાણું કાંઈ? પોતાના સ્વરૂપમાં અતીન્દ્રિય આનંદ છે. રાગમાં અને પરમાં ત્રણકાળમાં સુખ નથી. એવી અતીન્દ્રિય આનંદની સુખબુદ્ધિ થવી તેનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. સુખબુદ્ધિ નથી, પણ આસક્તિ, લાલસા ન છૂટે એમ એમાં લીધું છે ને? જે શબ્દ હોય તે પ્રકારે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



(કહીએ છીએ). લાલસા, જરી આસક્તિ, વૃત્તિ છૂટતી નથી. પંચમ ગુણસ્થાનમાં સુખબુદ્ધિ નહિ હોવા છતાં, સુખબુદ્ધિ તો ત્રણકાળમાં નથી. સમ્યગ્દૃષ્ટિને ત્રણકાળ, ત્રણલોકમાં કોઈ સર્વાર્થસિદ્ધિના દેવમાં પણ સુખબુદ્ધિ નથી. ઓ..હો..! જ્યાં સુખ છે ત્યાં સુખબુદ્ધિ હોય કે જ્યાં સુખ નથી ત્યાં સુખબુદ્ધિ હોય? પોતાનો આનંદ તો પોતામાં છે. પોતાનો આનંદ શું પુણ્ય-પાપના ભાવમાં છે? શરીરમાં છે? ઇન્દ્રિયમાં છે?

ધર્મીને પહેલી નજરમાં પોતાનો આનંદ પોતામાં છે, પુણ્ય-પાપમાં આનંદ નથી (એમ દૃષ્ટિ થઈ ગઈ છે). વ્યવહાર રત્નત્રયનો શુભઉપયોગરૂપ રાગ થાય છે તેમાં આનંદ નથી અને તેના ફળમાં આનંદ નથી, એવી દૃષ્ટિ થઈ હોવા છતાં લાલસા ન છૂટે. જરી આસક્તિ અંદરથી ન છૂટે 'ત્યાં સુધી ઘરમાં સ્ત્રીસહિત રહીને જ યથાશક્તિ આત્માનું મનન કરવું.' સમજાણું કાંઈ? એમ નહિ કે પોતાની શક્તિ તો છે નહિ અને બધું છોડીને બેસી જાય અને અંદરમાં દશા તો છે નહિ, પછી હઠ થઈ જાય, પરિષહ સહન કરવાની જે તાકાત અંદર હોવી જોઈએ એ તો થઈ નથી. પછી તો હઠ થઈ જાય. ભાર.. ભાર.. ભાર.. બોજો. બોજો (લાગે). કહે છે, 'સ્ત્રીસહિત રહીને...' એમ. સમજાણું કાંઈ? આહાહા..!

એકવાર તો 'કુંદકુંદાચાર્યદેવે' 'મુલાચાર'માં એમ પણ કહ્યું કે, હે જીવ! તારા સ્વરૂપની દૃષ્ટિમાં સમ્યગ્દર્શન થયું અને તને સમ્યગ્દર્શનમાં દોષ ન લાગે તે માટે જેની મિથ્યાશ્રદ્ધા છે અને મિથ્યાશ્રદ્ધાની વાત કરે છે, એવા સાધુનો સંગ નહિ કરતો. પંડિતજી! એવો 'મૂલાચાર'માં શ્લોક છે. (તેનો સંગ) નહિ કરતો, એ કરતાં તો વિવાહ કરી લેજે એવો પાઠ છે. લગ્ન કરી લેજે. સ્ત્રી કરવાનું કહે છે? આ તો (એમ કહે છે કે), સ્ત્રીનો દોષ છે તે ચારિત્રનો દોષ છે. પણ જો તું મિથ્યાશ્રદ્ધાવંતના સંગમાં જઈશ અને તારી મિથ્યાશ્રદ્ધા થઈ ગઈ તો (સમ્યગ્દર્શનથી) ભ્રષ્ટ થઈ જઈશ. એવો 'મૂલાચાર'માં શ્લોક છે. મૂળ ગાથા છે, કેટલામી છે ઇ? બધું કાંઈ યાદ હોય? ભાવ ખ્યાલ હોય. એવી કંઈ બુદ્ધિ નથી કે આ ઠેકાણે આ ગાથા (છે), આ ઠેકાણે આ શ્લોક છે. ભાવનો ખ્યાલ છે, ભાવ. સમજાણું કાંઈ? આહાહા..! અરે..! પણ સંતો આમ કહે? ભાઈ! લગ્ન કરવાનું કહે? એમ નથી, એમ નથી. પાઠ તો એવો છે. લાવોને પાઠ, જુઓ! પાઠ એવો છે. વિવાહ કરજે. વિવાહ કરવાનું કહે?

મુમુક્ષુ :– લખ્યું છે ને.

ઉત્તર :– લખ્યું (ભલે), તેનો અર્થ સમજવો જોઈએ. એ તો કહે છે,... સ્પષ્ટીકરણ કરાવે છે. પંડિતજી! એમ કે, લખ્યું તો એમ છે કે, વિવાહ કરજે. મુનિને નવ કોટિએ ત્યાગ છે. વિષયનો નવ કોટિએ (ત્યાગ છે). મન-વચન-કાય, કરવું-કરાવવું-અનુમોદનથી ત્યાગ છે. કરે નહિ, કરાવે નહિ અને કર્તાને સંમત કરે નહિ. મિથ્યાત્વનું પાપ મટાડવા તે વાત કહી છે. આમાં આવ્યું છે. ૪૯૨ પાનું. આ રહ્યું, ૯૬મો શ્લોક છે. અધિકારનું નામ નથી, નામ કાંઈ નથી. (દસમો અધિકાર છે).

www.vitragvani.com



वरं गणपवेसादो विवाहस्स पवेसणं।
विवाहे रागउप्पत्ति गणो दोसाणागरो।।९६।।

આચાર્ય એમ કહે છે, ભાઈ! મિથ્યાશ્રદ્ધાનો દોષ મોટો છે. મહાપાપ જ એ છે. ચારિત્રદોષનું પાપ અલ્પ છે. લોકોને મિથ્યાશ્રદ્ધાનું પાપ અને સમ્યગ્દર્શનનો ધર્મ, એ બેની કિંમત નથી. તેથી કહે છે કે, ભાઈ! 'यति अंत समय में यदि गण में प्रवेश करेंगे तो शिष्यादिकों में मोह उत्पन्न होगा तथा मुनिकुल में मोह उत्पन्न होने के लिये कारणभूत ऐसे पार्श्वस्थादिक पांच मुनिओं से संपर्क होगा। उनके संपर्क की अपेक्षा से विवाह में प्रवेश करना अर्थात् गृह में प्रवेश करना अधिक अच्छा है क्योंकि विवाह में स्त्री आदिक परिग्रहों का ग्रहण होता है और उससे रागोत्पत्ति होती हैं। परंतु गण तो...' આમ થાય છે, નહિ આમ થાય છે, વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય છે, એવું લાકડું ખોસી દેશે કે તને મહા મિથ્યાશ્રદ્ધા (થઈને તું) દર્શનભ્રષ્ટ થઈ જઈશ. દર્શનભ્રષ્ટ નહિ સિઝંતિ, ચરિત્તભટ્ઠા સિઝંતિ. કેમકે ખ્યાલમાં છે. પેલામાં તો શ્રદ્ધામાં જ ખબર નથી, શું રાગ? શું પર ચીજ છે? હું કોણ છું? તો કહે છે કે, આમાં પ્રવેશ કર. એ પ્રવેશ કરાવવા માટે નથી કહેતા. પણ જેની શ્રદ્ધા વિપરીત છે એવા સાધુનો ગણસમૂહ, તેના સંસર્ગથી ભાઈ! તને મિથ્યાશ્રદ્ધા થઈ જશે. એ તો કુયુક્તિથી સમજાવશે, તારી સાચી શ્રદ્ધા ભ્રષ્ટ થઈ જશે. એ કરતાં સ્ત્રીના સંગમાં તને ચારિત્રનો દોષ લાગશે, શ્રદ્ધાનો દોષ લાગશે નહિ. સમજાણું કાંઈ? એ બતાવે છે. સ્ત્રીમાં પ્રવેશ કરો, પાઠ તો એમ છે. 'विवाहस्स पवेसणं' મુનિ નવ કોટિએ ત્યાગી છે. પણ કેવો અર્થ કરવો તે સમજવું જોઈએ કે નહિ? (એમ કહે), આ અહીંયાં લખ્યું છે, વ્યવહારમાં પ્રવેશ કરવાનું કહે છે. ભાઈ! તેનો આશય શું છે તે સમજવું જોઈએ ને! સંત મુનિ છે. આહાહા..! નવ નવ કોટિએ જેમને વિષયનો ત્યાગ છે. બ્રહ્મમાં રંગ લાગ્યો છે, આનંદકંદમાં રંગ લાગી ગયો છે. સમજાણું કાંઈ? કોઈ વિષય કરે, કરાવે, સંમત કરે (એમ ન હોય). તેના વિકલ્પમાં મન-વચન-કાયામાં, કરવું-કરાવવું-અનુમોદન કરવું હોય નહિ. આ..હા..! પરંતુ તેઓ કહે છે, ભગવાન! ખોટા સંગમાં પડીને જો તને મિથ્યાશ્રદ્ધા થઈ જશે, એવી કુયુક્તિ, કુતર્કથી બેસાડી દેશે તો તારી શ્રદ્ધા વિપરીત થઈ જશે. એ દોષ કરતાં સ્ત્રીના સંગમાં તો રાગનો દોષ છે ચારિત્રનો.

એ અહીંયાં કહે છે. લાલસા સ્ત્રી (છોડી) ન શકે (તો) ગૃહસ્થાશ્રમમાં રહો (અને) 'યથાશક્તિ આત્માનું મનન કરવું.' રહો એટલે કાંઈ રાગ કરવાનું કહે છે? રહેવાનું નથી કહેતા. પણ નબળાઈ છે, કમજોરી છે, પરમાં સુખબુદ્ધિ નથી છતાં અંદર આસક્તિનો ભાવ દેખાય છે તો આસક્તિના પરિણામ છૂટતા નથી. ભાવ જોવે છે ને? ત્યાં સુધી ગૃહસ્થાશ્રમમાં રહીને પોતાના સ્વરૂપનું સાધન, ધ્યાન કરો. શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતાનું, નિશ્ચય રત્નત્રયનું ધ્યાન કરો. સમજાણું કાંઈ? જુઓ! 'સ્ત્રીસહિત રહીને જ યથાશક્તિ..' એ તો રહીને કીધું

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અને ત્યાં ('મૂલાચાર'માં) વિવાહમાં પ્રવેશ કરજે, એક જ કીધું.

'જ્યારે વિષયોની લાલસા ન રહે,...' પરિણામમાં એમ લાગે કે, હવે વિષયની પ્રીતિ છૂટી ગઈ. રુચિ તો છૂટી ગઈ પણ પ્રીતિ, આસક્તિ છૂટી ગઈ. એમ આસક્તિ નહિ કે સ્ત્રીને છોડી દીધી માટે આસક્તિ છૂટી ગઈ. અંતરમાં એ રાગમાં જરી અંદર મીઠાશ, આસક્તિ આવે છે. આસક્તિ છે, હોં! રુચિ નહિ. છે તો દુઃખ, છે તો ઉપસર્ગ પણ એ આવી જાય છે. એ લાલસા જ્યાં સુધી ન છૂટે ત્યાં સુધી ગૃહસ્થાશ્રમમાં રહીને પણ પોતાનું જ્ઞાન, ધ્યાન, શ્રદ્ધા કરો.

'મનમાંથી વિષયવિકાર નીકળી જાય...' જુઓ! મનમાંથી (કહ્યું છે). બહારથી તો શું, સ્ત્રી અનંતવાર છોડી, એમાં શું આવ્યું? અંતરમાં આનંદની દૃષ્ટિ અને આનંદની મજામાં એ આસક્તિ છૂટી જાય તો મુનિપણું લઈ લો અને મુનિપણું જ સાક્ષાત્ મોક્ષનું કારણ છે. ચારિત્ર જ સાક્ષાત સુખનું કારણ છે. 'આત્મિક સુખનો પ્રેમ વધી જાય અને અભ્યાસ પણ એવો થઈ જાય કે આત્મિક રસના સ્વાદ વિના બીજા બધા વિષયરસના સ્વાદ ફીકા લાગે...' ક્યાંય આસક્તિ પણ ન હોય. 'જિન અથવા જિતેન્દ્રિય થઈને આત્માનું મનન કરી શકે છે.' લ્યો! સમજાણું કાંઈ? પછી ઘણું લીધું છે.

'આત્માનુશાસન'માં કહ્યું છે : આત્મજ્ઞાની મુનિને વારંવાર સમ્યગ્જ્ઞાનને અંતરમાં ફેલાવી રાખવું યોગ્ય છે.' જુઓ! 'मुहुः प्रसार्य्य सज्ज्ञानं'. 'मुहुः' 'मुहुः' એટલે વારંવાર.

मुहुः प्रसार्य्य सज्ज्ञानं पश्यन् भावान् यथास्थितान्।
प्रीत्यप्रीती निराकृत्य ध्यायेदध्यात्मविन्मुनिः ।।१७७।।

એ શ્લોક છે. સમજાણું કાંઈ? એ 'આત્માનુશાસન'નો છે. 'રામસેનઆચાર્ય'નું છે? કેવા? 'આત્માનુશાસન' તો 'ગુણભદ્રાચાર્યદેવ'નું છે. 'આત્મજ્ઞાની મુનિને વારંવાર સમ્યગ્જ્ઞાનને અંતરમાં ફેલાવી રાખવું યોગ્ય છે.' જુઓ! કહે છે, ભગવાનઆત્મા આમ ચૈતન્યજ્યોત છે ને, તેની અંતર દૃષ્ટિ કરી, અંતરમાં જ્ઞાનના વિકાસનો અર્થ સ્થિરતા, આનંદ, શાંતિ એટલે ચારિત્ર આદિનો વિકાસ થાય તે રીતે જ્ઞાનને ફેલાવે. રાગને ઘટાડે અને જ્ઞાનને ફેલાવે. જ્ઞાન શબ્દે આત્મા, તેની બધી શક્તિનો વિસ્તાર કરે અને રાગને ઘટાડે. સમજાણું કાંઈ? મોક્ષનો તો આવો માર્ગ છે. નિરાલંબ માર્ગ (છે). આહાહા..! જેમાં વ્યવહારનું આલંબન પણ નિશ્ચયમાં નથી, એવો ભગવાનઆત્મા પોતાનું શુદ્ધ સ્વરૂપમાં જ્ઞાનને ફેલાવો. આત્માનો વિકાસ (કરો). જેમ કળી છે એ કળી ખીલે છે (તો) વિકાસ થાય છે. એમ ભગવાન પરમપારિણામિક સ્વભાવે શક્તિરૂપે પડ્યો છે તેમાં એકાગ્ર થઈને પર્યાયમાં વિકાસ કરો, કમળની પેઠે વિકાસ કરો. એ કહે છે. સમજાણું કાંઈ? જ્ઞાનને અંતરમાં ફેલાવી રાખવું. જ્ઞાનની એકાગ્રતામાં શ્રદ્ધા પણ થઈ, ચારિત્ર થયું, આનંદ પણ થયો, સ્થિરતા–શાંતિ પણ થઈ, સ્વચ્છતા પણ થઈ. રાગને ઘટાડો.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



'પદાર્થોને જેવા છે તેવા દેખવા,...' જેવું વસ્તુનું સ્વરૂપ છે એમ જોતાં 'રાગદ્વેષ ન કરતાં સમતાભાવે આત્માનું ધ્યાન કરવું.' ભગવાનઆત્મા પરમાનંદની મૂર્તિ છે તેનું ધ્યાન કરો. એ ધ્યાન જ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ? 'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि' એ આવે છે ને? પંડિતજી! 'દ્રવ્યસંગ્રહ... દ્રવ્યસંગ્રહ' ૪૭ ગાથા. 'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा।' અંતર ધ્યાન સ્વરૂપ.. જુઓ! 'दुविहं पि मोक्खहेउं' નિશ્ચય અને વ્યવહાર બન્ને 'झाणे पाउणदि जं मुणी णियमा' 'દ્રવ્યસંગ્રહ'. ભગવાનઆત્મા પોતાના પૂર્ણ આનંદ સ્વરૂપની દૃષ્ટિ ધ્યાનમાં અને અંદર જ્ઞાનરૂપી ધ્યાનમાં અને લીનતા પણ અંદર ધ્યાનમાં ઉત્પન્ન થાય છે. સાથે વિકલ્પ બાકી રહે છે તેને વ્યવહાર કહેવામાં આવે છે. (મોક્ષમાર્ગ) ધ્યાનમાં ઉત્પન્ન થાય છે, બહારથી વિકલ્પથી નિશ્ચય ઉત્પન્ન થતો નથી. અંદર ભગવાનઆત્મા.. મોક્ષમાર્ગની ઉત્પત્તિ ધ્યાનમાંથી ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? ઓહોહો..! આચાર્યોએ તો ચારે બાજુ, કોઈપણ શાસ્ત્ર લ્યો એવી જ વાત કરી છે. સ્પષ્ટ વીતરાગમાર્ગ મોક્ષમાર્ગ છે એમ ઢંઢેરો પીટ્યો છે, ઢંઢેરો પીટ્યો છે. ભાઈ! રાગમાર્ગ એ માર્ગ આત્માનો નથી. પ્રભુ આત્મા વીતરાગસ્વરૂપ છે ને! તેની શ્રદ્ધા, જ્ઞાન અને નિર્વિકલ્પ અનુભવ કરો. એ મોક્ષનો માર્ગ છે. એ ૮૬ (ગાથા પૂરી) થઈ. હવે ૮૭.

---

## સહજ સ્વરૂપમાં રમણતા કર.

जइ बद्धउ मुक्कउ मुणहि तो बंधयहि णिभंतु।
सहज-सरुवई जइ रमहि तो पावहि सिव सन्तु।।८७।।

બંધ મોક્ષના પક્ષથી, નિશ્ચય તું બંધાય;
સહજસ્વરૂપે જો રમે, તો શિવસુખરૂપ થાય. ૮૭.

અન્વયાર્થ :- (जइ बद्धउ मुक्कउ मुणहि) જો તું બંધ મોક્ષની કલ્પના કરીશ (तो णिभंतु बंधयइ) તો તું નિઃસંદેહ બંધાઈશ. (जइ सहज-सरुवई रमहि) જો તું સહજ સ્વરૂપમાં રમીશ (तो सन्तु सिव पावहि) તો શાંત મોક્ષ પામીશ.

---

'સહજ સ્વરૂપમાં રમણતા કર.' બંધ-મોક્ષના વિકલ્પ છોડી દે. આહાહા..!

जइ बद्धउ मुक्कउ मुणहि तो बंधयहि णिभंतु।
सहज-सरुवई जइ रमहि तो पावहि सिव सन्तु।।८७।।

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

આહાહા..! ભગવાનઆત્મા! 'જો તું બંધ મોક્ષની કલ્પના કરીશ તો તું નિઃસંદેહ બંધાઈશ.' પર્યાયદૃષ્ટિ થઈ ને, પર્યાયદૃષ્ટિ. રાગનો બંધ છે એ રાગ છૂટશે તો મુક્તિ થશે, એવા બે પ્રકારના વિચાર વિકલ્પનું કારણ છે, વિકલ્પ છે. સમજાણું કાંઈ? ભગવાન સહજાત્મસ્વરૂપ પૂર્ણ શુદ્ધ એકરૂપ સહજાત્મસ્વરૂપ પૂર્ણ સ્વરૂપ એકરૂપનું અંદર ધ્યાન કર એ મુક્તિનો ઉપાય છે.

'बद्धउ मुक्कउ मुणहि' જો બંધ અને મોક્ષ, બે, પર્યાયદૃષ્ટિથી જોવા જઈશ તો નિશ્ચયથી બંધાઈશ. 'णिभंतु'. ભ્રાંતિ વિના તને બંધ થશે. આહાહા..! (કોઈ કહે) બંધ નથી. સાંભળ તો ખરો, પ્રભુ! અહીં તો વ્યવહારનયનો વિષય બંધ-મોક્ષ, તેને છોડાવે છે. તેનો આશ્રય કરવાથી વિકલ્પ થાય છે. આ 'યોગસાર' છે. યોગસ્વરૂપ એકાકારમાં લીન થવું, તેમાં ભેદ કરીને બંધ અને મોક્ષનો વિચાર ન કરવો તેનું નામ યોગસાર–સ્વરૂપની એકતાના ભાવને કહે છે.

'જો તું બંધ મોક્ષની કલ્પના કરીશ..' આચાર્ય પણ કડક છે ને! જુઓ! 'णिभंतु बंधयइ' નિઃસંદેહ બંધાઈશ. ભગવાનઆત્મા એકસ્વરૂપ સિવાય બે પ્રકારનો વિચાર થશે તો નિશ્ચયથી વિકલ્પ થશે અને વિકલ્પ થશે તો બંધ થશે. ભલે એ વિકલ્પ શુભ છે. કેમકે બંધ અને મોક્ષનો વિચાર એ કંઈ અશુભ નથી, પણ છે તો શુભ, પણ છે બંધનું કારણ. આહાહા..! સમજાણું કાંઈ?

'जइ सहज-सरुवई रमहि' જો તું ભગવાન સહજાત્મસ્વરૂપમાં રમણતા કરીશ. એકરૂપ પ્રભુ... પર્યાયદૃષ્ટિને છોડીને, વ્યવહારનયના વિષયને છોડીને એકલો ભગવાન પૂર્ણાનંદ પ્રભુમાં જો રમીશ (તો) શાંત મોક્ષને પામીશ. શાંતિ.. શાંતિ.. શાંતિ.. પૂર્ણ શાંતિ. નિર્વાણ. પૂર્ણ શાંતિને પામીશ. (પેલા વિકલ્પમાં) બંધ થશે. બે વાત કરી.

જુઓ! એક શ્લોકમાં શું કહ્યું? બંધ અને મોક્ષ એવી પર્યાયદૃષ્ટિનો વિચાર કરીશ તો નિઃસંદેહ બંધાઈશ. એકસ્વરૂપ સહજાનંદ પ્રભુ, એકરૂપ પરમાત્મા પોતાના સ્વરૂપમાં રમીશ તો મોક્ષ થઈ જશે. બંધ અને મોક્ષની વ્યાખ્યા આ કરી. બંધ છે, પર્યાયમાં રોકાય છે તે ભાવબંધ છે. કર્મનો બંધ થાય એ બીજી વાત. અને રાગથી છૂટીને વીતરાગ પર્યાય પૂર્ણ થાય તો મોક્ષ પણ છે. પણ એ પર્યાયનો પર્યાયમાં મોક્ષ અને પર્યાયમાં બંધ છે. અંશમાં મુક્તિ અને અંશમાં બંધ. એવું લક્ષ કરવાથી તો નિર્ભ્રાંત–નિઃસંદેહ બંધાઈશ. જુઓ! આમાં ક્યા પ્રાણીને માર્યા? કોને બચાવ્યા? કોને માર્યા? ભગવાન! તેનો હેતુ છે ને! તારું સ્વરૂપ અખંડ જ્ઞાયકમૂર્તિ પ્રભુ છે, તેની રમણતા કર તો તને સંવર, નિર્જરા થશે અને મુક્તિ થશે. શાંત.. શાંત.. શાંત.. અકષાય પરિણમન પૂર્ણ થશે અને મુક્તિ થશે. આ ભાવ – બંધ અને મોક્ષ બે પર્યાયનું લક્ષ કરીશ તો નિશ્ચયથી ખરેખર રાગ થઈને બંધાઈશ. સમજાણું કાંઈ? પર્યાયદૃષ્ટિ વ્યવહારનયનો આશ્રય કરવાથી બંધ થાય છે. બસ! આ સિદ્ધ કરવું છે.

www.vitragvani.com



પોતાનું પ્રયોજન પર્યાયના લક્ષે સિદ્ધ નથી થતું. કેમકે નિર્મળ પર્યાય જે પ્રગટ થાય છે એ પર્યાયમાંથી પર્યાય નથી થતી. સમજાણું કાંઈ? એક ન્યાય તો 'નિયમસાર'માં ૫૦ મી ગાથામાં એવો પણ કહી દીધો છે કે, પોતાની પર્યાય ક્ષાયિક સમકિત હોય તોપણ પરદ્રવ્ય છે. ક્ષાયિક સમકિત પણ પરદ્રવ્ય છે. ઉપશમ, ઉદય (આદિ) ચાર ભાવ પરદ્રવ્ય છે. એમ ૫૦ મી ગાથામાં કહ્યું. કેમ? કે, જેમ પરદ્રવ્યમાંથી પોતાની નવી નિર્મળ પર્યાય ઉત્પન્ન થતી નથી એમ એ પર્યાયમાંથી નવી પર્યાય તો ઉત્પન્ન થતી નથી, એ અપેક્ષાએ ચારે ભાવને (પરદ્રવ્ય કહ્યા). જે પર્યાયના ચાર ભાવ છે રાગ, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ચારેયને પરદ્રવ્ય કહી દીધું. કેમકે ચારે ભાવમાંથી નવી પર્યાય ઉત્પન્ન નથી થતી. નવી પર્યાયની ખાણ તો ભગવાનઆત્મા ધ્રુવ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ છે તેને સ્વદ્રવ્ય કહ્યું. તેને (ચાર ભાવને) પરદ્રવ્ય કહ્યું. આ અપેક્ષાએ પરદ્રવ્ય, હોં! છે તો તેની પર્યાય. આહાહા..! પરદ્રવ્ય પરભાવ ઇતિ હેયમ્, એમ ૫૦ મી ગાથામાં ત્રણ બોલ લીધા છે. સમજાણું કાંઈ? વાસ્તવિક તત્ત્વનો ખ્યાલ ન હોય અને તેને કલ્યાણ થઈ જાય, કેમ થાય? કલ્યાણની ખાણ તો આત્મા છે. તેની એકરૂપ દૃષ્ટિ થયા વિના કલ્યાણનું બીજ ક્યાંથી ઊગશે? સમ્યગ્દર્શન, જ્ઞાન, મોક્ષ ક્યાંથી ઉત્પન્ન થશે?

અહીં તો આચાર્ય (કહે છે), 'નિર્વાણનો ઉપાય એક શુદ્ધાત્માનુભવ છે, જ્યાં મનના સર્વ વિકલ્પ...' અને વિચાર 'બંધ થઈ જાય છે, કાયા સ્થિર થઈ જાય છે, વચનાલાપ રહેતો નથી.' એ તો ઠીક, એનું કાંઈ નહિ. સ્વાનુભવનો પ્રકાશ થાય છે તેને નિર્વિકલ્પ સમાધિ કહે છે. સમ્યગ્દર્શન, જ્ઞાનમાં અને ચારિત્રના અંશમાં પણ નિર્વિકલ્પ સમાધિ થાય છે. નિર્વિકલ્પ રાગ વિનાની શાંતિ, શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ (થાય) એ નિર્વિકલ્પ સમાધિ છે. તે જ મોક્ષનો માર્ગ છે. ભારે કઠણ વાત. આવું કેમ કીધું?

ભાઈ! ઉદયતિ નય નિક્ષેપ, કીધું નથી? નય, નિક્ષેપ અને પ્રમાણ પણ ઉડાવી દે. કારણ કે ભેદ ઉપર તારું લક્ષ જશે તો વિકલ્પ થશે. ભગવાનઆત્મામાં જે પરિપૂર્ણતા પડી છે, જેમાં અનંત ગુણની એકરૂપતા છે તેની ઉપર દૃષ્ટિ દે, તેમાં રમણતા કર તો તને નિર્વાણ થશે જ. જેમ પેલામાં કહ્યું કે, નિઃસંદેહ બંધાઈશ. એમ (અહીંયાં કહે છે), નિઃસંદેહ તારી મુક્તિ થશે. શંકારહિત. ગુલાંટ ખાધી. સમજાણું કાંઈ? એ વ્યવહાર રત્નત્રય મુક્તિનો ઉપાય નથી, એમ કહે છે.

મુમુક્ષુ :– મદદ કરે.

ઉત્તર :– મદદ-ફદદ શું કરે? આહાહા..! નિમિત્ત નિમિત્ત તરીકે છે. નિમિત્ત તરીકેનો અર્થ–અહીંયાં કાર્ય થાય છે તો નિમિત્ત તરીકે સહકારી વિકલ્પ છે તેને ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો. છે નહિ, છે તો તે બંધનો માર્ગ.

મુમુક્ષુ :– વિકલ્પ હોય તો કાંઈક લાભ થાય.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ઉત્તર :- જરીયે લાભ નથી.

મુમુક્ષુ :- અશુભથી બચે.

ઉત્તર :- સ્વભાવની દૃષ્ટિથી અશુભથી બચે છે. જો તેનાથી બચે તો મિથ્યાદૃષ્ટિને પણ શુભમાં અશુભથી બચ્યો કહેવામાં આવે. (મિથ્યાદૃષ્ટિ) બચ્યો જ નથી. ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનું એકરૂપ પ્રભુ, તેની દૃષ્ટિ કરવાથી જ અને તેમાં લીન થવાથી જ મોક્ષનો માર્ગ પ્રગટ થાય છે, બીજો કોઈ મોક્ષમાર્ગ નથી. શું થાય?

મુમુક્ષુ :- શાંત નિર્વાણ..

ઉત્તર :- શાંત નિર્વાણ (એટલે) અકષાય, અકષાય બધું ઠરી ગયું. કષાયની બધી અગ્નિ ઠરી ગઈ. એકલો અકષાય શાંત દરિયો ફાટ્યો. એ શાંત મોક્ષ છે. આ કષાય તે સંસાર અને શાંત તે મોક્ષ. નિર્વાણક્ષેત્રનું કાંઈક આવે છે ને? છેદે છે, એવી ભાષા ક્યાંક આવે છે. સિદ્ધ.. સિદ્ધ. ... શબ્દ આવે છે, બધું કાંઈ યાદ રહે છે? શિતલીભૂત થઈ જાય છે, એમ. અકષાય પરિણમન શીતલીભૂત શાંત દશા તે મોક્ષ. સકષાય ભાવ તે સંસાર. સમજાણું કાંઈ? નિર્વાણ.. નિર્વાણની કાંઈક વ્યાખ્યા કરી છે. નિર્વાણની ક્યાંક વ્યાખ્યા કરી છે. 'સર્વાર્થસિદ્ધિ'માં કે બીજે ક્યાંક કરી છે. નિર્વાણનો અર્થ કર્યો છે. આમ ઠારી દીધું, એવું કાંઈક આવે છે. મગજમાં છે. ઠરી ગયો. હિમ.. હિમ ઠંડો હિમ જેમ પડે ને વાયુ નાખે, પોષ મહિનામાં ઠંડો હિમ વનને બાળી નાખે. આ ઠંડી અવિકારી પર્યાય જ્યાં પ્રગટ થઈ (તેણે) સંસાર બાળી નાખ્યો. શાંત.. શાંત.. શાંત.. હેં?

મુમુક્ષુ :- સિદ્ધિભૂદામાં આવે છે.

ઉત્તર :- સિદ્ધિભૂદામાં એ આવે છે. સિદ્ધિભૂદામાં એવું આવે છે. સિદ્ધિભૂદામાં આવે છે. ખ્યાલમાં છે. સમજાણું કાંઈ? આહાહા..! 'ઉપશમરસ વરસે રે પ્રભુ તારા નયનમાં' આવે છે ને? કરકમળમાં કૃપામૃત, આવે છે ને? હેં? એવું ભક્તો અનેક પ્રકારે કહે. અહીં તો ઉપશમની વાત કહેવી છે. ઉપશમ એટલે કે અકષાયભાવ. અકષાયભાવની પૂર્ણતા તે વીતરાગ. આત્મા એ અકષાયભાવ સ્વરૂપ છે એવો અકષાયભાવ પર્યાયમાં પ્રગટ થવો તે શાંતભાવ છે. સમજાણું કાંઈ?

'એ જ આત્મસ્વભાવ છે,...' આત્મામાં રાગરહિત.. ભાષામાં સહેલું છે, હોં! પુરુષાર્થમાં ઉગ્રતા છે. ભાષામાં કોઈ ભાવ આવી જતા નથી. કહે છે કે, આત્મસ્વભાવભાવમાં એકાગ્ર થવાથી રાગરહિત નિર્વિકલ્પ દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતા થાય તે નિર્વિકલ્પ સમાધિ છે, તે મોક્ષમાર્ગ છે, એ જ આત્મસ્વભાવ છે. રાગભાવ આત્મસ્વભાવ નથી. વ્યવહાર રત્નત્રય આત્મસ્વભાવ નથી. આહાહા..! વ્યવહાર રત્નત્રય અનાત્મભાવ છે. આસ્રવ છે ને? (માટે) અનાત્મભાવ છે.

(એ જ) આત્મસ્વભાવ (છે). 'અહીં જ યથાર્થમાં મોક્ષમાર્ગ છે.' ભગવાનઆત્મા પોતાના

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પૂર્ણ જ્ઞાયકસ્વરૂપ તરફની દૃષ્ટિ નિર્વિકલ્પ કરીને અંદર સ્થિર થવું તે જ મોક્ષનો માર્ગ છે. તે જ 'સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રની એકતા છે.' શ્રાવકને પણ આવો અંશ છે, હોં! 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં કહ્યું છે, જેટલો મુનિનો માર્ગ છે તેનો એક અંશ શ્રાવકને પણ છે. બધું લઈ લેવું. સમિતિ, ગુપ્તિ આદિ, હોં! થોડો અંશ, એવો પાઠ છે. 'અમૃતચંદ્રાચાર્યદેવ'.

'રાગ-દ્વેષ રહિત વીતરાગભાવ છે...' આત્માના સ્વભાવના આશ્રયે દૃષ્ટિ, જ્ઞાન, લીનતા થયા તે જ વીતરાગભાવ છે. તે જ 'પરમ સમતા છે. એ જ એક અદ્વૈતભાવ છે.' ભાવ, હોં! પર્યાય. દ્રવ્ય તો અદ્વૈત છે જ. અદ્વૈત એકરૂપ સ્વભાવની એકતામાં અદ્વૈતભાવ વિકલ્પરહિત ભેદભાવરહિત અભેદ દશા ઉત્પન્ન થાય તે અદ્વૈતભાવ છે. 'એ જ સંવર અને નિર્જરા તત્ત્વ છે. માટે જ્ઞાનીએ વ્યવહારનયના વિચારને તો બિલકુલ છોડી દેવા જોઈએ.' આહાહા..! પેલા બંધ-મોક્ષની વાત કરી ને, એ વ્યવહારનય(નો વિચાર છે). આ બંધ છે, આ રાગમાં આત્મા રોકાઈ ગયો છે, રાગથી રહિત થશે એવી મુક્તિની પર્યાયના વિચારમાં તો નિઃસંદેહ શુભરાગ થશે અને શુભરાગથી તને બંધ જ થશે. કહો, આ બંધ-મોક્ષનો વિચાર રાગ (છે).

મુમુક્ષુ :– વિચાર તો જાણવા જોઈએ.

ઉત્તર :– નહિ, વિચારનો અર્થ અહીંયાં રાગ લેવો છે. ભેદ પડ્યો ને? જ્ઞાનનો વિચાર ત્યાં અટકી ગયો, રોકાઈ ગયા. વિચારને વિકલ્પ કહે છે. 'રાજમલ્લજી'એ એમ લીધું છે. આપણે પણ લીધું છે. 'રાજમલ્લજી'એ લીધું છે, વિચાર સુદ્ધાં બંધનું કારણ છે. વિચાર એટલે? એ તો જ્ઞાનની પર્યાય છે. લીધું છે. રાગ આવે છે ને? ભેદ પડે છે તેને રાગ કહ્યો છે. 'રાજમલ્લજી'એ લીધું છે. આપણે પણ લીધું છે. આપણે 'સમયસાર'માં લીધું છે, ખબર છે. ભાઈએ નાખ્યું છે, વિચાર સુદ્ધાં બંધનું કારણ છે. એ ભાષા શાસ્ત્રની છે, 'રાજમલ્લજી'ની છે. વિચારનો અર્થ વિકલ્પમાં રોકાય છે તે. ભેદ પાડે છે. જ્ઞાન નહિ, જ્ઞાનનો તો જાણવાનો સ્વભાવ છે, પણ એ જ્ઞાન રોકાઈ જાય છે તેને અહીં વિચારના અર્થમાં (કહ્યું છે).

'વ્યવહારનયથી એમ જોવામાં આવે છે કે આત્મામાં કર્મોનો બંધ છે, આત્માની સાથે શરીર છે, આત્મામાં ક્રોધ, માન, માયા, લોભના ભાવ છે... આપણે ચોથા, પાંચમા, છઠ્ઠા કે સાતમા ગુણસ્થાનમાં છીએ.' એ તો બધો વ્યવહારનો વિષય છે. છોડી દેવાનો અર્થ લક્ષ છોડી દેવું. વસ્તુ નથી કાંઈ? લક્ષ છોડી દેવું, તેનો આશ્રય છોડી દેવો. વસ્તુ ક્યાં ચાલી જાય? 'આપણે મનુષ્યગતિમાં છીએ, આપણે સંજ્ઞી પંચેન્દ્રિય છીએ,...' પુરુષ છીએ એ બધા ભેદ છે. 'આપણે ભવ્ય છીએ, આપણે સમ્યગ્દૃષ્ટિ છીએ, આપણે સંજ્ઞી છીએ,.. આ રીતે ગુણસ્થાન તથા માર્ગણસ્થાનોનો વિચાર અથવા કર્મોના આસ્રવ ભાવોનો વિચાર અથવા ચાર પ્રકારના બંધનો વિચાર અથવા સંવર નિર્જરાના કારણનો વિચાર આ સર્વ વ્યવહારનય દ્વારા વિચારવું ચંચળતાજનક છે.' ચંચળ લીધું.

www.vitragvani.com



'શુભોપયોગમય છે માટે બંધના કારણ છે.' જુઓ! અહીં લીધું. એ શુભોપયોગમય છે, અશુભ નહિ. 'ધવલ'માં બીજું નથી. પંડિતજીએ 'ધવલ' નથી વાંચ્યું? આપણા 'વિમલચંદજી'એ બહુ વાંચ્યું છે. 'વિમલચંદજી', નહિ? પંડિતજી! 'વિમલચંદજી' નહિ? એણે બહુ વાંચ્યું છે. એનો અભ્યાસ ઘણો, 'ધવલ', 'જયધવલ', 'મહાધવલ'નો ઘણો અભ્યાસ. પાનેપાનાનું કહી દે. ઘણો અભ્યાસ. તેણે બે જ અભ્યાસ કર્યા, એક ઇજનેરનો (તેને) છોડીને આ (કર્યો). બીજું કાંઈ નાટક-ફાટક, ફિલ્મ-બિલમ (કાંઈ નહિ). જુવાન અવસ્થા, હમણા લગ્ન કરીને આવ્યો હતો, પાંચ દિવસ રહી ગયો. હમણા લગ્ન થયા. સાડા ચારસો, પાંચસોનો પગાર છે. લગ્ન કરીને આવ્યો હતો, હમણા પાંચ દિવસ રહી ગયો. તેને ઘણો અભ્યાસ છે. 'ધવલ', 'જયધવલ', 'મહાધવલ' ઘણો અભ્યાસ, ઘણો અભ્યાસ, યાદશક્તિ પણ ઘણી.

મુમુક્ષુ :– વિશેષ પ્રકાર..

ઉત્તર :– વિશેષ પ્રકાર નહિ, દૃષ્ટિ (ફર્યા) વિના વિશેષ પ્રકાર હોતો જ નથી. એ તો પહેલોવહેલો આવ્યો ત્યારે કહેતો હતો, મહારાજા! આપ જે કહો છો તે યથાર્થ છે. 'ધવલ'માં નિમિત્તપ્રધાનતાથી કથન છે. કારણ કે શાસ્ત્રમાં એમ લખે, લ્યો! 'સમયસાર'માં ત્રીજી ગાથામાં (એમ લખે), એક દ્રવ્ય બીજા દ્રવ્યને ક્યારેય સ્પર્શ કરતું નથી. એક દ્રવ્ય પોતાના અનંત ગુણને ચૂંબે છે પણ અન્ય દ્રવ્યને ચૂંબતું નથી. પંડિતજી! ત્રીજી ગાથામાં. 'एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे।' ત્યાં ટીકામાં (આવે) છે. 'ધવલ'માં એમ લીધું છે કે, આત્મા આત્માને સ્પર્શે, આત્મા પરમાણુને સ્પર્શે, આત્મા ધર્માસ્તિકાયને સ્પર્શે એમ આખો એક સ્પર્શદ્વાર લીધો છે. પણ તેનો અર્થ શું? નિશ્ચય છે તે ખોટું છે? એ તો વ્યવહારથી (કહ્યું છે). સ્પર્શનો અર્થ સંયોગ છે તો સ્પર્શ કહ્યું છે. સ્પર્શે શું? સમજાણું કાંઈ? કથનની પદ્ધતિ છે.

મુમુક્ષુ :– એકને માનવું અને એકને ન માનવું.

ઉત્તર :– નિશ્ચયને સત્ય માનવું અને વ્યવહારને ઉપચારથી કથન માનવું. ત્રીજી ગાથામાં 'અમૃતચંદ્રાચાર્યદેવે' એમ કહ્યું, એક પદાર્થ પોતાના અનંત ધર્મને, ગુણને ચૂંબે છે, આલિંગન કરે છે, સ્પર્શ કરે છે પણ એક દ્રવ્ય બીજા દ્રવ્યના ગુણ-પર્યાયને કદી ચૂંબતા, આલિંગન કરતું નથી. સમજાણું કાંઈ? ત્યાં એમ કહે છે અને ('ધવલ'માં) એમ કહે કે, પરમાણુ આત્માને સ્પર્શે છે, આત્મા ધર્માસ્તિકાયને સ્પર્શે છે. એલા પણ આત્મા ધર્માસ્તિકાયને સ્પર્શે છે એનો અર્થ શું? એ વખતે સંયોગને ત્યાં સ્પર્શ કહ્યો છે, (બાકી) સ્પર્શ છે નહિ. એવી કથનની પદ્ધતિ ત્યાં 'ધવલ'માં છે. આખો એક સ્પર્શદ્વાર છે. એ શું છે? સમજાણું કાંઈ?

અહીં કહે છે, ભગવાનઆત્મા..! વ્યવહારનયનો વિચાર ચંચળ શુભઉપયોગ બંધનું કારણ છે. એ સંસારદશા ત્યાગવા યોગ્ય છે અને મોક્ષદશા ગ્રહણ કરવા યોગ્ય છે, એ પણ રાગ-દ્વેષના વિકલ્પ છે. મોક્ષ સારો છે, એ રાગનો અંશ છે. સંસાર ખરાબ, એ દ્વેષનો અંશ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છે. સત્યનું સ્થાપન, આમ છે એ પણ જરી રાગનો વિકલ્પ છે. અને આમ નથી, એવો જરી દ્વેષનો અંશ છે. સમજાણું કાંઈ? 'જયચંદજી' પંડિતે 'કર્તા-કર્મ અધિકાર'માં લખ્યું છે, એમ જ છે ને. એકલા જ્ઞાતા સ્વભાવમાં આમ છે. સર્વજ્ઞ કહે એ તો ઇચ્છા વિના વાણી નીકળે છે, એમને તો ઇચ્છા છે નહિ. પણ અહીંયાં નીચેની ભૂમિકામાં (એમ કહે કે), આમ છે, આમ નથી. અંદર ચારિત્રમોહનો અંશ ઉત્પન્ન થાય છે. ઉપાદેય નથી, તે પણ ઉપાદેય નથી. સમજાણું કાંઈ? અહીં તો કહે છે...

ક્ષણિક છે, દુઃખદાયી, અનિત્ય છે, અશાંત છે. અનિત્ય છે ને? એ ત્રિકાળી નથી. અનિત્ય તો પોતાની શુદ્ધ પર્યાય પણ અનિત્ય છે, પણ એ દુઃખદાયી નથી. આ દુઃખદાયક છે, એ અપેક્ષાએ ફેર છે. ક્ષણિક તો કેવળજ્ઞાન પણ ક્ષણિક છે. એક સમયની પર્યાય કેવળજ્ઞાન બીજા સમયે તે રહેતી નથી. એ નહિ, એવી જ (બીજી) થાય પણ એ દુઃખદાયક નથી. વિકલ્પ છે તે દુઃખદાયક છે. એટલો ફેર છે. એ માટે અહિતકર છે, છોડવા લાયક છે. સમજાણું કાંઈ?

૫૦ મી ગાથામાં ક્ષાયિક સમકિતને હેય કહ્યું, પરભાવ કહ્યું, પરદ્રવ્ય કહ્યું. તેનો અર્થ તેનો આશ્રય કરવાથી વિકલ્પ ઉત્પન્ન થાય છે તે વિકલ્પ દુઃખરૂપ છે. પર્યાય દુઃખરૂપ નથી– ક્ષાયિક સમકિત દુઃખરૂપ નથી, એ તો આનંદરૂપ છે. સમજાણું કાંઈ? એમ ક્ષણિક છે તે દુઃખરૂપ છે, એમ પણ નહિ. ક્ષણિક તો કેવળજ્ઞાન પણ ક્ષણિક છે, સિદ્ધની પર્યાય પણ ક્ષણિક છે. બધી પર્યાય ક્ષણિક છે. સિદ્ધની એક સમયની પર્યાય સિદ્ધ રહે છે. બીજે સમયે બીજી થાય છે, પર્યાય ગુલાંટ ખાય છે. ધ્રુવપણે કાયમ રહે છે. એક સમયની પર્યાય અનંત જ્ઞાન, દર્શન ચતુષ્ટય પ્રગટ થયા તે એક સમય રહે છે, બીજે સમયે બીજા, ત્રીજે સમયે ત્રીજા. એક સમયમાં બે પર્યાય રહેતી નથી.

(અહીંયાં કહે છે), એ વિકલ્પનો અંશ જે થાય છે કે, આ સારું, એમાં એ રાગનો ભાગ આવે છે. તે કારણે તે જ્ઞાતા-દૃષ્ટામાં દખલ ઉત્પન્ન કરનાર છે. સમજાણું કાંઈ? ભગવાનનો માર્ગ, આત્માનો માર્ગ એવો છે. આંખની પાપણમાં તો થોડી રજ સમાય પણ આમાં તો સમાય નહિ. એવો પ્રભુનો માર્ગ છે, ભાઈ!

મુમુક્ષુ :– આ સિદ્ધ ભગવાન છે - અરિહંત ભગવાન છે...

ઉત્તર :– એ જાણવું બીજી વાત છે, પણ એમાં ભેદ કરીને લક્ષ ત્યાં ગયું તો વિકલ્પ ઉત્પન્ન થાય છે.

મુમુક્ષુ :– સર્વજ્ઞનું જ્ઞાન તો જાણે છે.

ઉત્તર :– (સર્વજ્ઞ) બધું જાણે છે પણ તેમને ઇચ્છા નથી, રાગ નથી. રાગ નથી ને. આ રાગી છે માટે રાગ ઉત્પન્ન થાય છે. ભેદનું જ્ઞાન કરવું, એ ભેદનું જ્ઞાન કરવું તે રાગનું કારણ નથી, પણ રાગી છે માટે ભેદનું જ્ઞાન કરે છે તો રાગી છે તો રાગ ઉત્પન્ન થાય

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છે. ભેદનું જ્ઞાન કરવું તે રાગનું કારણ હોય તો સર્વજ્ઞ બધું જોવે (જાણે) છે (તેમને રાગ ઉત્પન્ન થવો જોઈએ). એમ નથી. અહીંયાં રાગી પ્રાણી છે, રાગના અંશમાં પડ્યો છે તે કારણે ભેદનું લક્ષ કરે છે તો રાગ આવ્યા વિના રહેતો નથી.

એમાં ('સમયસાર'માં) પણ લીધું છે, સાતમી ગાથામાં લીધું છે. 'જયચંદ્રજી' પંડિતે બહુ સારું લીધું છે, બધા વ્યાખ્યાન થઈ ગયા છે. સાતમી ગાથા. 'ववहारेणुवदिस्सदि' છે ને? એમાં લીધું છે. (ભાવાર્થ) 'અહીં કોઈ કહે કે પર્યાય પણ દ્રવ્યના જ ભેદ છે, અવસ્તુ તો નથી; તો તેને વ્યવહાર કેમ કહી શકાય?' દર્શન, જ્ઞાન, ચારિત્ર તો પોતાની પર્યાય છે, તેને વ્યવહાર કેમ કહેવાય? સમજાય છે? વ્યવહાર તો એને કહીએ, સમજાય છે? જુઓ! તેનું સમાધાન, વ્યવહાર એને કહેવાય કે પોતામાં ન હોય એવા પરને વ્યવહાર કહેવાય. આ તો તમે પોતાની પર્યાયને વ્યવહાર કહો છો. તો વ્યવહારનો અર્થ એમ થાય છે કે, અવસ્તુ થાય છે. પોતાની ચીજ નથી તે અવસ્તુ છે. તો પર્યાયને તમે અવસ્તુ કેમ કહો છો? અર્થાત્ તમે વ્યવહાર કેમ કહો છો? વ્યવહાર કહેતાં જ તમે અવસ્તુ કહી. (એમ) શિષ્યએ પ્રશ્ન કર્યો. તમે વ્યવહાર કેમ કહ્યું? તો અવસ્તુ થઈ જાય છે. તો કહે છે, સાંભળ. એ ખરી વાત છે, તારી વાત સાચી છે. એમ કહીને કહે છે.

'(એ તો ખરું છે) પણ અહીં દ્રવ્યદૃષ્ટિથી અભેદને પ્રધાન કરી ઉપદેશ છે. અભેદદૃષ્ટિમાં ભેદને ગૌણ કહેવાથી જ અભેદ સારી રીતે માલૂમ પડી શકે છે.' એમાં ભેદ છે, અભેદમાં અંદર ગુણ નથી? પણ ગુણભેદ કરવાથી વિકલ્પ ઉત્પન્ન થાય છે. 'ભેદને ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો છે.' જોયું? ભેદને ગૌણ કરીને વ્યવહાર કહ્યો. 'અહીં એવો અભિપ્રાય છે કે ભેદદૃષ્ટિમાં નિર્વિકલ્પ દશા થતી નથી અને સરાગીને વિકલ્પ રહ્યા કરે છે;...' આ એક મહાસિદ્ધાંત છે. 'માટે જ્યાં સુધી રાગાદિ મટે નહિ ત્યાં સુધી ભેદને ગૌણ કરી અભેદરૂપ નિર્વિકલ્પ અનુભવ કરાવવામાં આવ્યો છે. વીતરાગ થયા બાદ ભેદાભેદરૂપ વસ્તુનો જ્ઞાતા થઈ જાય છે...' પછી ભેદ જાણે, ત્રણકાળ ત્રણલોક (જાણે). ભગવાન એક એક પર્યાય બધી જાણે છે. એ રાગનો ભેદ જાણવો તે રાગનું કારણ નથી, પણ રાગી પ્રાણી છે અને ભેદ ઉપર લક્ષ જાય છે તો વિકલ્પ ઉત્પન્ન થયા વિના રહેતો નથી. એ હેતુ છે.

એ કારણ અહીંયાં કહ્યું. ભગવાન તો એક એક પર્યાયના અનંતા અવિભાગ પ્રતિચ્છેદને એક એકને પૃથક્ પૃથક્ જાણે છે. એક દ્રવ્યના અનંત ગુણ, એક ગુણની અનંતી પર્યાય, એક પર્યાયના અનંતા અવિભાગ પ્રતિચ્છેદ. જ્ઞાનમાં તો ભગવાન સર્વ વિશેષ જાણે છે. વિશેષ જાણવું તે કાંઈ રાગનું કારણ નથી. પરંતુ નીચે ઉપયોગ રાગવાળો છે અને રાગી પ્રાણી છે તો ભેદનું લક્ષ કરવાથી રાગીને રાગ ઉત્પન્ન થાય છે. એમ વાત છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– અનુમોદન છે તે ?

www.vitragvani.com



ઉત્તર :- અનુમોદન નહિ, એ વિકલ્પ છે. એ રાગી છે ને? તો ત્યાં એકકરૂપતા ન રહી, અનેકતાનું લક્ષ થયું તો વિકલ્પ જ ઉત્પન્ન થાય છે. જરા સમજવું. અનેકરૂપ જાણવું તે રાગનું કારણ છે, પણ રાગી એકરૂપને જાણે ત્યારે નિર્વિકલ્પ થાય છે અને રાગી છે માટે અનેક ઉપર લક્ષ જાય ત્યારે તેને વિકલ્પ ઉત્પન્ન થાય છે, તે રાગનું કારણ છે મોહનું. સમજાણું કાંઈ?

અહીં કહે છે, 'વીતરાગ દશા પામવા માટે વ્યવહારનયના સર્વ વિચારો બંધ કરીને કેવળ નિશ્ચયનય દ્વારા પોતાને અને જગતને જોવું જોઈએ.' પોતાના સ્વરૂપને પણ નિશ્ચયથી જોવું. તેનું સ્વરૂપ અભેદ ત્રિકાળ સ્વરૂપ છે તેવું દૃષ્ટિમાં લેવું. (પછી) વિશેષ વાત કરી છે. 'જ્યાં સુધી વિચાર છે ત્યાં સુધી મનનો વિકલ્પ છે.' એ આ જાતના, હોં! 'જ્યારે વિચાર કરતાં મન સ્થિર થઈ જાય ત્યારે સહજ સ્વરૂપમાં રમણતા થઈ જાય છે, સ્વાનુભવ થઈ જાય છે. આનાથી જ ઘણા કર્મોની નિર્જરા થાય છે. આની પ્રાપ્તિને મોક્ષમાર્ગ જાણો. જ્યારે સ્વાનુભવ થાય ત્યારે મોક્ષમાર્ગ છે.' મોક્ષમાર્ગ ત્રિકાળ કાયમ તો છે પણ સ્વાનુભવ ઉપયોગ થયો ત્યારે મોક્ષમાર્ગ થયો.

'સ્વાનુભવ સિવાય મનના વિચારને અને શાસ્ત્રપઠનને કે કાયાના આચરણને, મહાવ્રત-અણુવ્રતના પાલનને મોક્ષમાર્ગ કહેવો તે યથાર્થ નથી, વ્યવહારમાત્ર છે.' કથનમાત્ર છે. ભાઈ! શું કરે? સ્વતંત્ર જીવ છે. એને પણ અનંત તીર્થંકરો આવે તોપણ ન ફરે એવો છે અને જ્યારે સવળો પડે ત્યારે અનંતા પરિષહો પડે તો ન ડગે એવો છે. એ બન્નેમાં આત્મા અડગ છે. એનું એટલું વીર્ય છે. 'અનુભવ પ્રકાશ'માં લીધું ને? ભગવાન! તારી શુદ્ધતા તો મોટી છે પણ તારી અશુદ્ધતા પણ મોટી છે. 'દીપચંદજી'એ લીધું છે. તારી અશુદ્ધતા પણ મોટી. અનંત તીર્થંકરો આવે, જ્ઞાની આવે ને સમજાવે તોપણ તું અશુદ્ધતા છોડી દે એમ નથી. તું છોડે તે દિ' છૂટશે. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની પોતામાં એટલા દઢ છે (કે) તરવાર પડે, વજ્ર પ્રહાર (થાય), આખી દુનિયામાં ફેરફાર થઈ જાય તોપણ પોતાની દૃષ્ટિથી અને પોતાની સ્થિરતાથી તેઓ ડગતા નથી. સવળામાં પણ એવો છે અને અવળામાં પણ એવો છે. તાકાત તો તેની છે કે નહિ?

અણુવ્રતના પાલનને મોક્ષમાર્ગ કહેવો તે વ્યવહાર છે. 'જેમ સોનાના મ્યાનમાં તલવાર હોય તેને સોનાની તલવાર કહીએ તેમ.' તલવાર તો લોઢાની છે. દાખલો ઠીક આપ્યો છે. 'સમયસાર'નો છે. દાખલા બધા શાસ્ત્રોના જ આપે છે. દાખલા તો શાસ્ત્રના જ દેવા જોઈએ ને! ભલે નામ ન આપે પણ શાસ્ત્રનું લખાણ હોવું જોઈએ. ઘરની કલ્પના (નહિ જોઈએ).

'સ્વાનુભવ છૂટી જાય ત્યારે સાધકે નિશ્ચયનય અથવા દ્રવ્યાર્થિકનય દ્વારા શુદ્ધ તત્ત્વોનો વિચાર કરવો જોઈએ.' એમ કહે છે. ઘણી લાંબી વાત છે. ઉપયોગ ન જામે તો વ્યવહારનયનો પણ વિચાર કરવો. શાસ્ત્ર વાંચે, ઉપદેશ દે, 'ભાવના એ જ રાખવી કે હું શીઘ્ર જ સ્વાનુભવમાં

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પહોંચી જાઉં.'

મુમુક્ષુ :- રાગ છે તેટલો બંધ તો છે ને.

ઉત્તર :- યથાર્થપણે જેટલો રાગ છે તેટલો બંધ થાય છે ને. ચોથે, પાંચમે અનુભવ થયો પણ હજી અબુદ્ધિપૂર્વક રાગ છે, અબુદ્ધિપૂર્વક રાગ છે. અનુભવથી નહિ, પણ જેટલો રાગ છે તેટલો બંધ તો તેને પણ છે. છઠ્ઠે ગુણસ્થાને થોડો બંધ તો છે ને! હેં?

મુમુક્ષુ :- રાગ સાથે જ હોય છે.

ઉત્તર :- સાથે જ નહિ, વસ્તુદૃષ્ટિ એવી છે. સ્થિર છે પણ પૂર્ણ સ્થિર નથી, પૂર્ણ સ્થિર હોય તો કેવળજ્ઞાન થઈ જાય.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હોય છે છતાં કેવળજ્ઞાન જેવી સ્થિરતા નથી. જ્યારે થાય છે ત્યારે પણ યથાખ્યાત ચારિત્ર જેવી સ્થિરતા નથી. છે જ નહિ, ચોથે, પાંચમે, છઠ્ઠે યથાખ્યાત ચારિત્ર જેવી સ્થિરતા હોતી જ નથી. જેટલી સ્થિરતા નથી તેટલો અંદર અબુદ્ધિપૂર્વકનો રાગ થયા વિના (રહે નહિ).

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બીજી વાત છે. અંદરમાં રાગ નથી રહેતો. રાગ બાકી છે, રાગ બાકી છે. રાગ બાકી ન હોય તો વીતરાગ થઈ જાય, કેવળજ્ઞાન (થઈ જાય). એક ક્ષણમાં અનુભવ થયો, ક્ષણમાં અનુભવ થયો તો ત્યાં વીતરાગ થઈ ગયો પર્યાયમાં? વીતરાગ થયો હોય તો પછી રાગ આવ્યો ક્યાંથી? પછી પાછો રાગ આવ્યો. એ રાગ અંદર છે. અનુભવ કરવામાં બુદ્ધિપૂર્વકનો રાગ નથી. અબુદ્ધિપૂર્વકનો રાગ એ જ સમયે છે પણ દૃષ્ટિના જોરમાં એમ પણ કહેવામાં આવે છે કે, અનુભવીને નિર્જરા જ છે, બંધ છે જ નહિ. એ તો દૃષ્ટિની પ્રધાનતાની મુખ્યતાથી (કહેવામાં આવે છે). પણ તેને અંદર રાગ બાકી છે તેટલો બંધ તો દસમે સુધી છે. સમજાણું કાંઈ? ગૌણમાં જે (રાગ) છે તેનું જ્ઞાન તો તેને હોવું જોઈએ. સ્થિરતા થઈ જાય, એકદમ અનુભવમાં પૂર્ણ સ્થિરતા (થઈ જાય), સિદ્ધ જેટલો આનંદ પ્રગટ થઈ જાય તો ખલાસ થઈ ગયું. સિદ્ધ જેટલો નહિ, સિદ્ધ જેવો અંશ છે, સિદ્ધ જેટલો નથી. એટલે અહીં કહે છે, પોતાના સ્વરૂપમાં ન રહી શકે, શુભભાવ થાય પણ વિચાર તો પોતામાં રાખવો. અંતર અનુભવ કેમ થાય? અંતરમાં કેમ જાઉં? એવી ભાવના રાખવી તે જ મોક્ષનો ઉપાય છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



વીર સંવત ૨૪૯૨, અષાઢ વદ ૧૨, શુક્રવાર
તા. ૧૫-૦૭-૧૯૬૬
ગાથા–૮૮, ૮૯ પ્રવચન નં. ૩૫

## સમ્યગ્દષ્ટિ સુગતિ પામે છે.

**सम्माइट्ठी-जीवडई, दुग्गई-गमणु ण होइ।**
**जइ जाइ वि तो दोसु णवि, पुव्व-क्किउ खवणेइ।।८८।।**

**સમ્યગ્દષ્ટિ જીવને, દુર્ગતિ ગમન ન થાય;**
**કદી જાય તો દોષ નહિ, પૂર્વ કર્મ ક્ષય થાય. ૮૮.**

**અન્વયાર્થ :–** (**सम्माइट्ठी-जीवडई, दुग्गई-गमणु ण होइ**) સમ્યગ્દષ્ટિ જીવને ખોટી ગતિઓમાં ગમન થતું નથી. (**जइ जाइ वि तो दोसु णवि**) જો કદાચિત્ માઠી ગતિમાં જાય તો પણ તેને હાનિ નથી થતી (**पुव्व-क्किउ खवणेइ**) એ પૂર્વકૃત કર્મનો ક્ષય કરે છે.

---

આ 'યોગસાર' શાસ્ત્ર છે. 'યોગીન્દ્રદેવ' મુનિ. ૮૮ ગાથા.

**सम्माइट्ठी-जीवडई, दुग्गई-गमणु ण होइ।**
**जइ जाइ वि तो दोसु णवि, पुव्व-क्किउ खवणेइ।।८८।।**

(સમ્યગ્દષ્ટિ માઠી ગતિમાં) જાય તો દોષ નથી, પૂર્વનું ખપે છે. એમ કહે છે, 'સમ્યગ્દષ્ટિ જીવને ખોટી ગતિઓમાં ગમન થતું નથી.' કેમકે પોતાનો આત્મા શુદ્ધ અખંડ નિર્મળ નિર્વિકલ્પ દૃષ્ટિનો આદર છે, દૃષ્ટિમાં પોતાના પૂર્ણ સ્વભાવનો આદર છે. આખા સંસારની અંદર દૃષ્ટિમાં ઉપેક્ષા છે. સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિ '**दुग्गई-गमणु ण होइ**' એને દુર્ગતિ ગમન થાય નહિ. કેમકે પોતાનો સ્વભાવ જ્ઞાયક ચૈતન્ય સ્વભાવ સન્મુખનું ઉપાદેયપણું છે અને આખો સંસાર વિકલ્પથી માંડી બધાની તેને ગ્રહણબુદ્ધિ નથી. ગ્રહણબુદ્ધિ નથી અને પોતાના શુદ્ધ સ્વભાવની ગ્રહણબુદ્ધિ છે. તે કારણે કદાચિત્ ખોટી ગતિમાં જાય તો હાનિ નથી. એ તો 'પૂર્વકૃત કર્મનો ક્ષય કરે છે.' પૂર્વનું બાંધેલું કર્મ છે તેનો તેને નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ?

'આત્માના શુદ્ધ સ્વરૂપની ગાઢ રુચિ અને અતીન્દ્રિય સુખનો પરમપ્રેમ ધરાવનાર ભવ્ય જીવને સમ્યગ્દષ્ટિ કહે છે.' પહેલા આનંદથી લે છે. આત્મા અતીન્દ્રિય આનંદનો સાગર અમૃત સ્વરૂપ છે, આનંદ મારામાં જ છે. અતીન્દ્રિય આનંદની ગાઢ રુચિ અને પરમપ્રેમ જેને અંતર આત્મામાં થઈ ગયો તેના પુણ્ય-પાપ, તેનું બંધન અને તેનું ફળ, તેનો પ્રેમ,

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

રુચિ અંતરથી ઊઠી ગઈ. સમજાણું કાંઈ? નાશ થઈ ગઈ, રુચિ નથી.

'ગાઢ રુચિ અને અતીન્દ્રિય સુખનો પરમપ્રેમ ધરાવનાર...' પોતાના આત્મામાં જ અતીન્દ્રિય આનંદ અને શાંતરસ પડ્યો છે. મારી શાંતિ અને આનંદ ત્રણકાળ ત્રણલોકમાં ક્યાંય મારા સિવાય, શુભરાગમાં પણ મારો આનંદ નથી તો આદર કોનો રહ્યો? સમજાણું કાંઈ? પરમ ગાઢ રુચિ. પોતાના નિર્મળાનંદ અનંત ગુણનો પ્રેમ, તેમાં આનંદનો પ્રેમ છે તો બધા ગુણનો પ્રેમ આવી ગયો.

'તે મોક્ષનગરનો પથિક બની જાય છે.' એ તો છૂટવાની દશાનો પથિક છે, બંધનની દશાના પથિક નથી. કેમકે આત્મા જ મુક્તસ્વરૂપ છે. રાગ, શરીર, કર્મથી મુક્તસ્વરૂપ છે. એવા મુક્તસ્વરૂપની અંતર રુચિ, દૃષ્ટિ, પરિણતિ થઈ ગઈ તો તેને મોક્ષના પંથ તરફની જ તેની પર્યાયમાં ગતિ છે. આત્મા મોક્ષસ્વરૂપ છે.

મુમુક્ષુ :– ક્યા ગુણસ્થાનની વાત છે?

ઉત્તર :– ચોથા ગુણસ્થાનની વાત કરે છે.

મુમુક્ષુ :– લોકો તો સાતમે કહે છે.

ઉત્તર :– દુનિયા ગમે તે કહે. પંડિતજી! અહીં તો ભગવાન આમ કહે છે અને એમ છે. દ્રવ્ય શું ચીજ છે? આત્મદ્રવ્ય શું છે? આત્મદ્રવ્ય અર્થાત્ અનંત આનંદ, અનંત જ્ઞાન આદિ શુદ્ધ સ્વરૂપનો પિંડ તે આત્મા. તે તો મુક્તસ્વરૂપ જ છે. આત્મા રાગ, શરીર, કર્મથી બંધાયેલો છે? વસ્તુ, વસ્તુ બંધાયેલી છે? જો વસ્તુ બંધાય તો વસ્તુનો અભાવ થઈ જાય. પર્યાયમાં, એક સમયની દશામાં રાગ છે. તો પર્યાયબુદ્ધિ જ્યાં ગઈ અને વસ્તુબુદ્ધિ થઈ તો વસ્તુ તો મુક્ત છે. વસ્તુમાં બંધ છે? પદાર્થમાં બંધ છે? પદાર્થના બંધની વ્યાખ્યા શું? કે, પદાર્થ બંધનમાં છે. તેનો અર્થ કે, પદાર્થ છે જ નહિ. એમ છે જ નહિ. સમજાણું કાંઈ?

પદાર્થ શુદ્ધ ધ્રુવ ચૈતન્ય શાશ્વત અનંત આનંદનો સાગર (છે). તેની પર્યાયમાં એક સમયનો રાગ છે, રાગમાં કર્મનું નિમિત્ત પણ છે, તે તો પર્યાયબુદ્ધિ અંશબુદ્ધિમાં દેખાય છે. પણ જ્યાં સમ્યગ્દૃષ્ટિ એટલે દ્રવ્યદૃષ્ટિનું ભાન થયું, વસ્તુ અખંડ જ્ઞાયકમૂર્તિની દૃષ્ટિ થઈ તો દ્રવ્ય તો મુક્ત છે. સમજાણું કાંઈ? મુક્ત નામ પર્યાયમાં પણ મુક્તિના–છૂટવાના પંથના માર્ગે તે છે. સમ્યગ્દૃષ્ટિ બંધાવાના માર્ગમાં છે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા એ રાગ અને કર્મનો સંબંધ વસ્તુમાં ક્યાં છે? સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર છે. દ્રવ્ય નામ વસ્તુ, તો વસ્તુ તો પૂર્ણ મુક્ત જ છે. પૂર્ણ મુક્તની જ્યાં દૃષ્ટિ થઈ ત્યાં રાગ અને કર્મના નિમિત્તના બંધની પર્યાયનું જ્ઞાન રહ્યું, આદર રહ્યો નહિ. સમજાણું કાંઈ? એ ભગવાનઆત્મા પોતાના પૂર્ણાનંદ અને જ્ઞાયક સ્વભાવની પ્રીતિ, ગાઢ રુચિ થઈ તો સ્વરૂપ મુક્ત છે તો પર્યાયમાં પણ મુક્તની દશા સન્મુખ મુક્તિના પંથે ચાલ્યો. એ મુક્તિમાં જાય છે, હવે મુક્તિમાં જ પર્યાય જાય છે. મુક્તિ તરફ જાય છે, બંધ તરફ નથી. જરી

www.vitragvani.com



સમજાણું? જરી સમજાણું એમ કહે છે.

'અતીન્દ્રિય સુખનો પરમપ્રેમ ધરાવનાર...' મોક્ષનગરનો પથિક (બની જાય છે). નગર નામ પૂર્ણાનંદની પ્રાપ્તિ, મુક્ત દશા તરફની તેની ગતિ છે, બંધભાવ તરફ ગતિ નથી. સમજાણું કાંઈ? આત્માની કબુલાત હોવી જોઈએ ને? રાગ અને કર્મ નિમિત્તપણે હોવા છતાં, રાગ અવસ્થામાં હોવા છતાં વસ્તુની દૃષ્ટિ કરવી અને વસ્તુમાં દૃષ્ટિ લગાવીને સમ્યક્ પરિણમન કરવું તે તો દૃષ્ટિનું જોર છે ને? રાગ અને કર્મ હોવા છતાં મારામાં નથી. સમજાણું કાંઈ? એવી પોતાના ચૈતન્ય જ્ઞાયક ભાવની, અતીન્દ્રિય આનંદની પરમગાઢ રુચિ જામી ગઈ. બંધ છે, રાગ છે તે જાણવા લાયક છે. જાણવાનું પ્રયોજન છે, બસ! આ તરફ દૃષ્ટિ થઈ તો તે અંતર છૂટવાના માર્ગનો પથિક છે. સમ્યગ્દૃષ્ટિ છૂટવાના માર્ગના પથિક છે. આહાહા..! એ કબુલ કોણ કરે? સમજાણું કાંઈ? એ કોઈને પૂછવા જાવું પડે નહિ કે, હે ભગવાન! મારે કેટલા ભવ છે? પણ મારી ચીજમાં ભવ જ નથી.

કાલે આવ્યું નહિ? ભગવાનઆત્માને ભવનો પરિચય નથી. કળશમાં આવ્યું ને? બરાબર છે. વસ્તુ પદાર્થ ચૈતન્યજ્યોત અનંત ગુણનો સાર, રસકસ, એ ચીજને ભવનો ભાવ કે ભવનો બિલકુલ પરિચય નથી. એ તો પર્યાયના અંશમાં રાગનો, ભવનો પરિચય છે. પર્યાયબુદ્ધિ, અંશબુદ્ધિ છૂટી ગઈ, સ્વભાવબુદ્ધિ થઈ, એવા સ્વભાવમાં ભવનો પરિચય, ભગવાનઆત્મામાં અને આત્માને છે જ નહિ. સમ્યગ્દૃષ્ટિને પણ ભવની શંકા નથી. એમ કહે છે. હું નિઃશંક મુક્ત થવાનો જ છું, અલ્પકાળમાં મારી મુક્તિ છે. અલ્પકાળમાં હું કેવળજ્ઞાન પામીશ. મારે બીજી વાત છે જ નહિ. સમજાણું કાંઈ? એ નિઃસંદેહપણું, નિઃશંકપણાનો અનુભવ એ તો પોતાની દૃષ્ટિનો વિષય થયો. એ કંઈ બહારની ચીજ છે? સમજાણું કાંઈ?

કહે છે, ભગવાનઆત્મા પોતાનો આખો ધર્મ, ધર્મ, આખા ધર્મીને ધર્મમાં ધારી લીધો, દૃષ્ટિમાં આખા આત્માને ધારી લીધો. આખો પૂર્ણાનંદ પ્રભુ દૃષ્ટિમાં આવી ગયો. તેમાં ભવ છે જ નહિ અને ભવના અભાવ તરફની પર્યાયમાં ગતિ થઈ ગઈ. નિઃસંદેહ થઈ ગયો. એકાદ-બે ભવ મારા પુરુષાર્થની કમી છે તો થશે, તો તે રાગને કારણે છે, મારા જ્ઞાનનું જ્ઞેય છે. મારી માલિકીની ચીજ નહિ, એ મારી ચીજ જ નથી. સહજાત્મસ્વરૂપ પૂર્ણાનંદ એ મારી ચીજ અને તેનો હું સ્વામી છું. સમજાણું કાંઈ? આહાહા..! સમ્યગ્દર્શનની મહત્તા શું! પછી થોડી લેશે, 'રત્નકરંડશ્રાવકાચાર'માંથી બે ગાથા લેશે.

વસ્તુ... એક સમયની પર્યાયમાં દોષ છે, એક સમયની પર્યાયમાં દોષ છે બાકી આખો આત્મા નિર્દોષનો પિંડ છે. તો જ્યારે રુચિ એક સમયના દોષના સંબંધની રુચિ છૂટી ગઈ, મારા સ્વભાવમાં એ એક સમયનો બંધ છે જ નહિ, સ્વભાવમાં નથી. આહાહા..! એ તે કોની દૃષ્ટિ કામ આવે ત્યાં? ભગવાનના વચન ત્યાં કામ આવે? પોતાની મેળે ભગવાનઆત્મા નિઃસંદેહ થઈને પોતાનો શુદ્ધ સ્વભાવનું દૃષ્ટિમાં પરિણમન થયું તો કહે છે કે, મોક્ષનો જ

www.vitragvani.com



પથિક છે. પડી જશે તો? પડી જવાનો પ્રશ્ન ક્યાં છે? વસ્તુ ક્યારેય પડે છે? તો વસ્તુની દૃષ્ટિ પડવાની કદી વાત જ અંદરમાં નથી. સમજાણું કાંઈ? અને પડવાની શંકા છે ત્યાં દ્રવ્યની દૃષ્ટિ રહેતી નથી. એ તો રાગમાં આવી ગયો, રાગની એકત્વબુદ્ધિમાં આવી ગયો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– બીજા જીવો કરતા દૃષ્ટિનું જોર કાંઈ જુદી જાતનું હોય છે.

ઉત્તર :– વસ્તુ જ એ છે. સમ્યગ્દર્શન સર્વમાં.. શું કીધું છે? પંડિતજી! 'કરણધાર' કહ્યું છે ને? કરણ શબ્દ છે. કંઠસ્થ નથી. મોક્ષમાર્ગમાં કરણધાર છે. ખેવટિયા છે, નાવડિયા. બધામાં નાવડિયા–નાવ ચલાવનારા છે. 'કરણધાર' લીધું છે. 'સમંતભદ્રાચાર્યદેવ'. બધાનો નાવડિયો છે. ચૈતન્યની આખી નાવ, સ્વભાવ સન્મુખની ધારા ચાલે છે (તેમાં) સમ્યગ્દર્શન છે તે નાવડિયો છે, ખેવટિયો છે. ખેવટિયા સમજ્યા? પાર કરવા માટે. ઓહોહો..! 'રત્નકરંડ શ્રાવકાચાર'માં બહુ લખાણ કર્યું છે. એના જેવો કોઈ ઉત્તમ પદાર્થ નથી. સમ્યગ્દર્શન વિના જ્ઞાન નથી, તેના વિના ચારિત્ર નથી, તેના વિના કંઈ છે જ નહિ. અને સમ્યગ્દર્શન થયું ત્યાં સર્વસ્વ થઈ ગયું. સમજ્યા?

'તે મોક્ષનગરનો પથિક બની જાય છે. સંસાર તરફ પીઠ ફેરવી લે છે.' લ્યો! એનો અર્થ શું? કે, વિકલ્પાદિથી ઉપેક્ષા જ રાખે છે. આહાહા..! નિર્વિકલ્પ સ્વભાવની અપેક્ષા રાખે છે અને વિકલ્પની ઉપેક્ષા કરે છે. બસ! આ વસ્તુસ્વરૂપ છે. એના ખ્યાલમાં આવવું જોઈએ ને! અંતર દૃષ્ટિમાં આવવું જોઈએ ને! એમ ને એમ બોલે તો કાંઈ પત્તો નહિ ખાય. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા ચૈતન્ય પદાર્થ જ્ઞાયકભાવ પૂર્ણ અમૃતની, આનંદની ગાઢ રુચિ, ગાઢ રુચિ. સમજાણું કાંઈ? જેમ માખી છે તે ફટકડીનો સ્વાદ લે છે, ફટકડી હોય છે ને? ફટકડીનો સ્વાદ લે તો ખારો લાગે છે. સાકરનો આટલો ગાંગડો હોય, આટલો (હોય પણ તેની) મીઠાશમાં એવી લાગી જાય, એવી લાગી જાય કે બાળક ખાતા ખાતા તેનો હાથ લગાડે, તેની પાંખ સાકર ઉપર ચોંટી ગઈ હોય, (બાળકનો હાથ લાગે) તોપણ ખસતી નથી. મીઠાશ લાગી ગઈ છે. ફટકડીનો આવડો મોટો ગાંગડો હોય અને સાકરનો નાનો ગાંગડો હોય પણ એવી (મીઠાશ) લાગી છે. સમજાણું કાંઈ? એમ આત્મા અતીન્દ્રિય આનંદનો ઢગલો છે. માખી જેવા ચતુરઇન્દ્રિય પ્રાણીને પણ મીઠાશ લાગે ત્યાંથી રુચિ ખસતી નથી, તો આત્મા અતીન્દ્રિય આનંદનો મોટો ઢગલો (છે),

'ચાખે રસ પૂર્ણ કરે છૂટે સૂરિજન સૂરિજન ટોરી' સમજાણું કાંઈ? એ 'આનંદઘનજી' કહે છે. 'ચાખે રસ ક્યું કરી છૂટે?' ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદના દર્શન થયા, પ્રતીત થઈ, સ્વાદ આવ્યો એ 'ચાખે રસ ક્યું કરી છૂટે? સૂરીજન સૂરીજન ટોરી' દેવતાની ટોળી આવે અને કહે, એમ નથી. (તો આ કહે છે), ચાલ, ચાલ! અમને જે અનુભવ થયો છે

www.vitragvani.com



તે ચીજ બીજે ક્યાંય છે જ નહિ. સમજાણું કાંઈ? 'સોહાગન લાગી અનુભવ પ્રીત' સોહાગન સોહાગન કહે છે ને આ? પતિવ્રતા સ્ત્રીને સોહાગણ કહે છે. પતિ હોય ને, પતિ? તેને સૌભાગ્યવંતી કહે છે. એમ 'સોહાગણ લાગી અનુભવ પ્રીત' ભગવાનઆત્મા, એ સોહાગન પ્રીત લાગી. માથે ધણી–આત્મા દેખ્યો. સમજાણું કાંઈ? એ 'આનંદઘનજી'એ લખ્યું છે. સમજાણું કાંઈ?

'સંસાર તરફ પીઠ ફેરવી લે છે. તેનામાં આઠ લક્ષણ અથવા ચિહ્ન પ્રગટ થઈ જાય છે.' એ જરી લખે છે. સંવેગ હોય છે. ધર્મનો પ્રેમ, ધર્મનો વેગ. (૧) સંવેગ–જ્ઞાનીને સ્વભાવ તરફનો વેગ છે. (૨) નિર્વેદ–સંસાર તરફથી ઉદાસ છે. સંવેગ અસ્તિ છે, (નિર્વેદ) વૈરાગ્ય છે. સમજાણું કાંઈ? સ્વભાવ શુદ્ધ આત્મા તરફનો વેગ, ગતિ, વીર્ય, રુચિ અનુયાયી વીર્ય, રુચિ અનુયાયી વીર્ય, શુદ્ધ સ્વભાવની રુચિ થઈ તો વીર્ય, રુચિને અનુસાર જ વીર્ય ગતિ કરે છે. તેનું નામ સંવેગ કહે છે. વૈરાગ્ય–સંસાર પરિભોગ, આખા સંસારથી વૈરાગ્ય. (આત્મામાં) સંવેગ, અહીંયાં (નિર્વેદ). 'સંસારની ચારે ગતિઓમાં આકુળતા છે. આ શરીર કારાગાર છે. ઇન્દ્રિયોના ભોગ અતૃપ્તિકારક અને નાશવંત છે.' એવો વૈરાગ્ય (છે). વૈરાગ્ય, હોં! દ્વેષ નહિ (કે) આ વિષય આવા છે, આ શરીર આવું છે. એ તો જ્ઞેય છે. એ તરફનો પ્રેમ છે તે છૂટી ગયો છે અને સ્વભાવ તરફનો પ્રેમ થઈ ગયો છે.

(૩) નિંદા–પોતાને જરી રાગ આવે છે તો અંતરમાં ખેદ (થાય છે કે), આ શું? અરે..! આ શું? જુઓ! સમકિતીને ભોગ પણ હોય છે પણ તેમાં નિંદા (થાય) છે. અરે..! અમારી ચીજમાં અમે એકાકાર થવા માગીએ છીએ એમાં આ શું? નિંદા કરે છે.

(૪) ગર્હા–ગુરુ પાસે ગર્હા કરે છે. સમજાણું કાંઈ? પોતાની નબળાઈની નિંદા કરતા રહે છે. જુઓ! સ્વામી 'કાર્તિકેયાનુપ્રેક્ષા'માં લીધું છે, આત્માનું ભાન થયું, સમ્યગ્દર્શન થયું, અનંતાનુબંધીનો અભાવ થયો તો પર્યાયમાં પોતાને તુચ્છ જોવે છે. અરે..! અમારી પર્યાય ઘણી ઓછી છે. ક્યાં ભગવાન કેવળજ્ઞાનની દશા, ક્યાં સંતોની ચારિત્રની રમણતાની ઉગ્ર-ઉગ્ર સ્વસંવેદનની દશા! સમજાણું કાંઈ? એ પાંચમી (ગાથામાં) લીધું છે ને? પ્રચુર સ્વસંવેદન. ('સમયસાર'માં) 'કુંદકુંદાચાર્યદેવ' કહે છે, અમને તો અમારા ગુરુની કૃપા થઈ છે. અમને ગુરુએ ઉપદેશ આપ્યો, ભગવાન તું શુદ્ધાત્મા છો ને! લ્યો! આખું બાર અંગ એમાં આવી ગયું. અમારા ગુરુએ અમને, સર્વજ્ઞથી માંડી અમારા ગુરુ પર્યંત, અપરગુરુ... એ પાંચમી ગાથામાં આવે છે, એ સર્વજ્ઞ કે જે વિજ્ઞાનઘન છે અને અમારા ગુરુ પણ વિજ્ઞાનઘન છે. અલ્પ થોડા છે એમ નહિ, બધા વિજ્ઞાનઘન લીધા છે. એવો સંસ્કૃતમાં પાઠ છે. વિજ્ઞાનઘન-મગ્ન છે ને! એમાં લીધું. અંતર્મગ્ન, અંતરનિમગ્ન છે, એવો પાઠ છે. અપરગુરુ ભગવાનથી માંડીને અમારા ગુરુ વિજ્ઞાનઘનમાં અંતર નિમગ્ન છે. ત્યાં એટલી વ્યાખ્યા કરી. તેમણે અમારી ઉપર કૃપા કરી અમને ઉપદેશ આપ્યો. અમારી પાત્રતા હતી, એમ ન લીધું. એવો પાઠ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છે. શું (ઉપદેશ) આપ્યો?

ભગવાન! તું આત્મા શુદ્ધ છો ને! આહા..! એવો ઉપદેશ આપ્યો. અને અમને પ્રચુર સ્વસંવેદન પ્રગટ થયું. મુનિ છે ને! સમ્યગ્દષ્ટિમાં સ્વસંવેદન છે, પ્રચુર નથી. મુનિ છે, ચારિત્ર દશા છે, પ્રચુર સ્વસંવેદન, પ્રચુર સ્વસંવેદન. ઓ..હો..હો...! અમારા અનુભવથી, અમારા વૈભવથી અમે કહીએ છીએ, એમ કહે છે. સમજાણું કાંઈ?

(અહીંયાં) કહે છે કે, થોડો પણ દોષ હોય તો કમી દેખાય છે. અરે..! અમારી પર્યાય. પૂર્ણ કેવળજ્ઞાન અતીન્દ્રિય આનંદની પૂર્ણ દશા હોવી જોઈએ, (એમાં) આ શું? સમજાણું કાંઈ? એવી નિંદા (કરે છે). હોંશ ન હોય કે રાગ હો તો હો, ભલે હો, એમ નહિ. સમજાણું કાંઈ? પરમાત્મા શુદ્ધ ચૈતન્ય તરફનો ઝુકાવ છે તો રાગ તરફની નિંદા, ગર્હા થાય છે, એવું તેનું લક્ષણ છે. સમજાણું કાંઈ?

(૫) ઉપશમ–'આત્માનુભવના પ્રતાપે તેનામાં સહજ શાંતભાવ જાગૃત રહે છે.' ઉપશમની વ્યાખ્યા કરી. અકષાય પરિણતિ સદાય જાગૃત રહે છે. સદાય અકષાય ભાવ સાક્ષીની જાગૃતિ છે.

(૬) ભક્તિ–'સમ્યગ્દષ્ટિ જીવને જિનેન્દ્રદેવ, નિર્ગ્રંથ ગુરુ અને જિનવાણીની ગાઢ ભક્તિ હોય છે.' શુભભાવ છે ને? શુભભાવ. 'સ્તુતિ, વંદના, પૂજા અને સ્વાધ્યાય કરતા રહે છે. તેમને મોક્ષના સહકારી જાણે છે.' મોક્ષમાં એ નિમિત્તરૂપે ભાવ છે. એ શુભભાવ નિમિત્તરૂપે સહકારી છે. મારો સ્વભાવ સાધન છે.

(૭) વાત્સલ્ય–'સાધર્મી ભાઈ અને બહેનો ઉપર...' પ્રેમ છે. 'ધાર્મિક પ્રેમ રાખે છે,...' ધાર્મિકની સાથે વાત છે ને! એમાં શું છે? હેં? સાધર્મીની વિશેષ દશા જોઈને તેને દ્વેષ નથી આવતો. (એને એમ થાય કે), ઓ..હો..! મારે પણ ઉગ્રતામાં જાવું છે, તેને ઉગ્રતા થઈ ગઈ. ધન્ય અવતાર, ભાઈ! એમ નથી કે અમારો શિષ્ય કેમ વધી ગયો? આને તો ચાર જ્ઞાન થઈ ગયા અને અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાનની તૈયારી થઈ ગઈ. બહુ સારુ, અલૌકિક વાત છે. અમારે જે જોઈએ છે તે તેને પ્રાપ્ત થાય છે, બહુ સારુ. (એમ) પ્રેમ રાખે છે. સાધર્મી પ્રત્યે તેને (પ્રેમ આવે છે). (પોતાથી) અધિક જોઈને દ્વેષ નથી આવતો. લોકોમાં તો પોતા કરતા વધારે પૈસા જોવે તો દ્વેષ આવે છે. આપણી પાસે પાંચ લાખ અને એની પાસે દસ લાખ (થઈ ગયા). 'મલૂકચંદભાઈ'! તેના છોકરા પાસે એક કરોડ, બે કરોડ છે ને! તોપણ બીજા ઉપર દ્વેષ આવે કે, અમારી પાસે બે કરોડ અને એની પાસે પાંચ કરોડ? એમ દ્વેષ આવે છે. અહીંયાં તો સાધર્મીની વિશેષ ગુણની દશા જોઈને પ્રેમ આવે છે. ઓ..હો..! ધન્ય અવતાર! સમજાણું? એમ પ્રેમ છે. એમાં આવ્યું નહિ? '...' 'રત્નકરંડ શ્રાવકાચાર'. ધર્મ કંઈ ધર્મી વિના હોતો નથી. ધર્મીજીવ વિના ધર્મ હોતો નથી તો જેને ધર્મી ઉપર પ્રેમ નથી તેને ધર્મ ઉપર પ્રેમ નથી. 'રત્નકરંડ શ્રાવકાચાર'. આચાર્યોએ તો વસ્તુના સ્વરૂપનું મહા

www.vitragvani.com



કથન એવી પદ્ધતિથી કર્યાં છે. વાત્સલ્ય છે.

(૮) અનુકંપા છે. પ્રાણીમાત્ર ઉપર દયા છે. કોઈની સાથે 'અન્યાયનો વ્યવહાર કરતા નથી.' એમ લીધું છે. પછી લીધું છે, સમ્યગ્દષ્ટિને ૪૧ પ્રકૃતિનો બંધ નથી.

'તે તો દેવગતિ અથવા મનુષ્ય ગતિમાં જ જન્મ લે છે. જો તિર્યંચ કે મનુષ્ય સમ્યગ્દષ્ટિ થાય તો તે સ્વર્ગના દેવ થાય છે. જો નારકી દેવ સમ્યગ્દષ્ટિ થાય તો ઉત્તમ મનુષ્ય થાય છે. સમ્યક્ત્વ પામ્યા પહેલાં જો તિર્યંચનું કે મનુષ્યનું આયુષ્ય બાંધી લીધું હોય તો ભોગ ભૂમિમાં તિર્યંચ કે મનુષ્ય તરીકે જન્મે છે અને જો નરકનું આયુષ્ય બાંધી લીધું હોય તો સમ્યક્ત્વ સહિત પહેલી નરકમાં જન્મે છે. ત્યાં પણ સમભાવથી દુઃખ સુખ ભોગવી લે છે. સમ્યગ્દષ્ટિ સદાય સુખી રહે છે.'

'બાહર નારકી કૃત દુઃખ ભોગત, અંતર સુખમેં ગટાગટી'. લ્યો, આ લાકો કહે છે, સમકિત એટલે શ્રદ્ધા. એમ નથી, ભગવાન! જુઓ! 'બાહર નારકી કૃત દુઃખ ભોગત, અંતર સુખ મેં ગટાગટી.' અંતર આનંદના પ્રેમની અધિકતામાં તેને આનંદ છે. જેટલો કષાયભાવ છે તેટલું દુઃખ છે. તેની ગૌણતા કરીને પોતાની અધિકતા સ્વભાવ તરફ કરે છે. સમજાણું કાંઈ? (સમ્યગ્દષ્ટિ) મનુષ્ય નરકમાં જાય તોપણ સુખી છે અને મિથ્યાદષ્ટિ નવમી ગ્રૈવેયકે જાય તોપણ દુઃખી છે. એ અહીંયાં કહે છે. કહ્યું ને?

'सम्माइट्ठी-जीवडई, दुग्गई-गमणु ण होइ' અને કદાચિત્ જાય તો શું છે? એ તો .. જાય છે. સમયે સમયે જડ કર્મની નિર્જરા થાય છે અને રાગની અશુદ્ધતાની પણ નિર્જરા થાય છે. 'નિર્જરા અધિકાર'માં આવ્યું ને? ભાવ અશુદ્ધિની પણ નિર્જરા થાય છે અને દ્રવ્યકર્મની પણ નિર્જરા થાય છે. પહેલી ગાથામાં દ્રવ્યકર્મની નિર્જરા કહી, બીજી ગાથામાં ભાવકર્મની (નિર્જરા) કહી. ક્ષણે ક્ષણે અશુદ્ધતા ખરે છે અને દ્રવ્યકર્મના રજકણ પણ ખરે છે. સ્વભાવ તરફની અધિક દશા છે ને! તો કહે છે...

'રત્નકરંડ શ્રાવકાચાર'માં કહ્યું છે–' દાખલો આપ્યો છે. 'સમ્યગ્દર્શનથી શુદ્ધ જીવ વ્રતરહિત હોવા છતાં પણ...' લ્યો! ભગવાનઆત્મા, જેને અંતર સમ્યગ્દર્શન સૂર્ય પ્રગટ થયો, સમ્યગ્દર્શન-રવિ પ્રગટ થયો. 'વ્રતરહિત હોવા છતાં પણ એવા પાપ નથી બાંધતો જેનાથી તે નારકી થાય,...' એવા પાપ નથી. 'તિર્યંચ થાય, નપુંસક થાય, સ્ત્રી થાય, નીચ કુળમાં જન્મ લે,...' અરે..! 'અંગહીન હોય,...' એવા કર્મ નથી બાંધતો. પોતાના પૂર્ણ પરમાત્મ સ્વભાવનું દૃષ્ટિમાં ભાન થયું પછી વળી બહારના અંગ હીન મળે એવા પુણ્ય શા માટે બાંધે? સમજાણું કાંઈ? 'અલ્પાયુવાળો...' હોય એમ નહિ અને 'દરિદ્રી..' ન થાય.

'સમ્યગ્દર્શનથી પવિત્ર જીવ ઓજ,...' ઓજ.. ઓજ.. ઓજસ્વી પરાક્રમી દેખાય. નમાલા જેવા ન દેખાય. પોતાના પુરુષાર્થનું પરાક્રમ અંદરથી, હોં! બહારના પરાક્રમની વાત નથી. 'તેજ...' પ્રતાપ, અંતર પ્રતાપ (હોય). પ્રભુત્વશક્તિ ખીલી છે ને! પ્રભુત્વશક્તિનો અર્થ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



'અમૃતચંદ્રાચાર્યદેવે' એવો (કર્યો છે કે), સ્વતંત્રતાથી શોભિત અખંડ પ્રતાપ, જેનો પ્રતાપ કોઈ ખંડ ન કરી શકે (એવી) પ્રભુતા શક્તિ આત્માની છે. એવા શક્તિવાનનું ભાન થયું તો પોતાનો પ્રતાપથી બીજાનો પ્રતાપ તેમાં લાગુ પડતો નથી. કહો, સમજાણું કાંઈ?

'વિદ્યા...' જુઓ! સમ્યગ્દષ્ટિ સારી વિદ્યામાં ઉત્પન્ન થાય છે. ઓજ લઈને ગયા છે ને! 'વીર્ય...' પુરુષાર્થ.. પુરુષાર્થ–બળ. 'યશ...' સમ્યગ્દષ્ટિ પુણ્ય બાંધે તેમાં યશ જ હોય. શું તે પાપી છે? સમજાણું કાંઈ? 'શ્રેણિક' (રાજા) સમ્યગ્દષ્ટિ તીર્થંકર ગોત્ર બાંધીને ગયા છે. બહાર નીકળશે (પછી) તીર્થંકર (થશે). ઓહોહો..! માતાના પેટમાં આવ્યા પહેલા છ મહિના પહેલા દેવો આવશે. અહો..! માતા! હે રત્નકૂખધારિણી! રત્નને કૂખમાં ધરનારી માતા–જનેતા તારી કૂખે ભગવાન આવે છે. મોટો માણસ આવે ત્યારે પહેલા સાફ કરવા નથી જતા? કોઈ માણસ આવવાનો હોય તો બે કલાક, ચાર કલાક પહેલા જમીન સાફ કરે, પાણીનો ગોળો ભરે, કરે છે કે નહિ અહીં? રાજા આવતા હોય તો સાફ કરે. મકાન-બકાન સાફ કરે. એમ કંઈ આવે? ત્રણલોકના નાથ ભલે નરકમાંથી આવે. આહાહા..! માતા! તમારું પેટ સાફ કરવા આવશે. કોણ આવે છે? ત્રિલોકનાથ ભગવાન. એટલા પુણ્ય. સમ્યગ્દર્શન સહિત શું નીચ ગતિ, હલકી ગતિમાં જાય? અને હલકી ગતિ નરકમાં ગયા તોપણ કર્મની નિર્જરાને કારણે ગયા છે, એમ અહીંયાં કહે છે. સમજાણું કાંઈ?

'વૃદ્ધિ...' વૃદ્ધિ.. વૃદ્ધિ. એને શુદ્ધિની વૃદ્ધિ જ થાય છે. બાહ્યના પુણ્યની પણ વૃદ્ધિ થાય છે. 'અને વિજય પ્રાપ્ત કરનાર...' છે. પોતાનો વિજય છે. અમે કદી પડવાના નથી. અમારો વિજય છે, અમારો વિજય છે. અમારી ધજા ઉપર છે. **'णाणसहावाधियं मुणदि आदं'** રાજાની ધજા ઉપર હોય છે ને? એમ અમારો જય છે, વિજય છે. રાગનો, કર્મનો પરાજય છે. મૂઢ (એમ કહે), કર્મ એવા આવે છે, મને મારી નાખે છે. એલા..! કર્મમાં તું શક્તિ માને છે અને તારામાં શક્તિ નથી? સમજાણું કાંઈ? એ તો પરદ્રવ્ય છે. એનામાં શક્તિ (માને છે), અરે..! ભગવાન! આવા કર્મ છે. હું એવો પુરુષાર્થ કરું કે, ક્ષણમાં કેવળજ્ઞાન લઉં, એમ કેમ નથી લેતો? સમજાણું કાંઈ? મારા આત્મામાં એક ક્ષણમાં એવો ઉગ્રપણે ઝુકી જાઉં કે સર્વજ્ઞપદ (પ્રગટ થઈ જાય). સર્વજ્ઞપદ પડ્યું છે, પ્રાપ્તની પ્રાપ્તિ છે. તેને એવી શંકા નથી થતી કે, મને કર્મ આવશે ને પેલા આવશે, એવી શંકા ધર્મીને થતી નથી. વૃદ્ધિ જ થાય છે, વિજય પ્રાપ્ત (કરનાર છે).

'મહા કુળવાન,...' સમ્યગ્દષ્ટિ મહા કુળવાનમાં ઉત્પન્ન થાય છે. હલકા કુળમાં (ન આવે). 'મહા ધનવાન...' પછીની વાત છે, સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યા પછી મહા ધનવાન (થાય). 'મનુષ્યોમાં મુખ્ય થાય છે.' અહીંયાં આત્માને મુખ્ય કર્યો તો બહારમાં પણ બધામાં મુખ્ય કેમ ન થાય? એવા પુણ્યાનુબંધી પુણ્ય બંધાઈ જાય છે. કહો, સમજાણું કાંઈ?

www.vitragvani.com



સમ્યગ્દષ્ટિનું શ્રેષ્ઠ કર્તવ્ય.

अप्प-सरुवहँ जो रमइ, छंडिवि सहु ववहारु।
सो समाइट्ठी हवइ, लहु पावइ भवपारु।।८९।।

આત્મસ્વરૂપે જે રમે, તજી સકળ વ્યવહાર;
સમ્યગ્દષ્ટિ જીવ તે, શીઘ્ર કરે ભવપાર. ૮૯.

**અન્વયાર્થ** :- (जो सहु ववहारु छंडिवि) જે સર્વ વ્યવહારને છોડીને (अप्प-सरुवहँ रमइ) પોતાના આત્માના સ્વરૂપમાં રમણતા કરે છે (सो समाईट्ठा हवई) તે જ સમ્યગ્દષ્ટિ છે. (लहु पावई भवपारु) તે શીઘ્ર જ સંસારથી પાર થઈ જાય છે.

---

૮૯. 'સમ્યગ્દષ્ટિનું શ્રેષ્ઠ કર્તવ્ય.' વસ્તુ એવી જ છે. હીરાને કાંઈ કોથળામાં રાખે છે? આ બોરી.. બોરી હોય છે ને? ચોખાની બોરી. હીરા એમાં રાખે છે? બારદાનમાં હીરા રાખે છે? હીરા તો મોટી મખમલની ડબ્બીમાં રાખે. એમ સમ્યગ્દષ્ટિ જાય તો ઉત્તમ માતા-પિતા હોય ત્યાં જાય. ડબ્બી એવી હોય. એ સહજ પૂત્રનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? લલચાવવાની વાત નથી. એનું પુણ્ય પણ લોકોત્તર પુણ્ય છે. સમ્યગ્દર્શન પછી જન્મ લીધો. સમજાણું કાંઈ?

'શ્રીમદ્' એકવાર પત્રમાં લખે છે, આ દેહ પહેલા જો ન મળ્યો હોય તો હવે પછી આ દેહ મને નહિ મળે. આ દેહ નહિ મળે, બીજો આવો નવો દેહ મળશે કે પૂર્વે અનંતકાળમાં નહિ મળ્યો હોય. સમ્યક્‌ની ભૂમિકામાં જે વિકલ્પ આવ્યો અને પુણ્ય બંધાયું એવું અનંતકાળમાં નથી બંધાણું. સમજાણું કાંઈ? ઇ જાત જુદી છે, શરીરના રજકણની જાત જ જુદી થઈ જાય છે, ભગવાનને જેમ પરમ ઔદારિક થઈ જાય છે.

સમ્યગ્દષ્ટિ જ્ઞાની જાય ત્યાં અનંતકાળમાં એવા સમ્યક્‌ભાવમાં, ભૂમિકામાં એવું પુણ્ય એમણે કદી નહોતું બાંધ્યું. એ ભૂમિકામાં એવું પુણ્ય બાંધે છે કે એના ફળરૂપ એવું શરીર મળે (કે) નિરોગ, સુંદર આદિ બધું (હોય). એ વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? પુણ્ય-પાપની સ્થિતિ ઘટે છે. પાપનો રસ ઘટે છે, પુણ્યનો રસ વધે છે. શું (કહ્યું)? સમ્યગ્દષ્ટિને પુણ્યનો રસ વધે છે. પાપની સ્થિતિ ઘટે છે, પુણ્યની સ્થિતિ ભલે ઘટે, રસ ન ઘટે. રસ તો ચડતો જાય છે. જ્ઞાન જેમ વધતું જાય તેમ રસ તેનો ચડી જાય. પૂરું થઈ જાય તો છૂટી જાય છે. સમજાણું કાંઈ? એ શાસ્ત્રનું લખાણ છે. એ વસ્તુનું સ્વરૂપ છે એમ બતાવે છે.

अप्प-सरुवहँ जो रमइ, छंडिवि सहु ववहारु।
सो समाइट्ठी हवइ, लहु पावइ भवपारु।।८९।।

લો, ભારે, ભાઈ! 'જે સર્વ વ્યવહારને છોડીને...' સર્વ વ્યવહારનો અર્થ-ભગવાનની શ્રદ્ધા

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



રાગાદિનો વિકલ્પ એ પણ વ્યવહાર છે. વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ તે વ્યવહાર છે. 'સર્વ વ્યવહારને છોડીને...' આહાહા..!

મુમુક્ષુ :– વ્યવહારથી તો મુક્ત છે ને.

ઉત્તર :– મુક્ત જ છે. સમ્યક્‌માં સ્વભાવની એકતાબુદ્ધિ થઈ (તો) રાગથી મુક્ત છે. રાગ છે ખરો (પરંતુ) સ્વભાવમાં નથી, દૃષ્ટિમાં નથી, દૃષ્ટિના વિષયમાં નથી. એ (વ્યવહાર) તો પરવિષય થઈ ગયો. વ્યવહાર છે ખરો પણ જેમ પરદ્રવ્ય છે એમ જ્ઞાનીને વ્યવહાર પરદ્રવ્યરૂપ છે. સમજાણું કાંઈ? આહાહા..!

'સર્વ વ્યવહારને છોડીને પોતાના આત્માના સ્વરૂપમાં રમણતા કરે છે.' ભગવાનઆત્મા..! સમજાણું કાંઈ? પોતાનો શુદ્ધ પ્રભુ તરફનો અંતર ઝુકાવ (છે), જ્યાં અનંતાઅનંત ગુણનો પિંડ પ્રભુ, અનંતાઅનંત ગુણ! ઓહોહો..! જે ત્રણકાળના સમય કરતાં અનંતાનંત ગુણ પડ્યા છે, એવો પ્રભુ ત્રણકાળનો કોળિયો કરી ગયો. ઓહોહો..! સમજાણું કાંઈ? એવા અનંતાઅનંત ગુણનો પિંડ આત્મા, તેના અનુભવથી.. સમજાણું? તે સમ્યગ્દૃષ્ટિ (તેમાં) રમણ કરે છે. અને 'શીઘ્ર જ સંસારથી પાર થઈ જાય છે.' ઉદયને પાર કરી દે છે. પોતાની પૂર્ણ પ્રાપ્ત કરીને ઉદયનો અભાવ કરી નાખે છે. સમજાણું કાંઈ?

'જેને નિર્વાણ જ એક ગ્રહણ યોગ્ય પદ દેખાય છે,...' પૂર્ણ શુદ્ધ જે ધ્યેયમાં છે તે જ ગ્રહણ યોગ્ય દેખાય છે. 'ચારે ગતિઓની સર્વ કર્મજનિત દશાઓને ત્યાગવા યોગ્ય સમજે છે, જે અનંત જ્ઞાન, દર્શન, સુખ, વીર્યની પ્રાપ્તિને પરમ લાભ સમજે છે.' પોતાની શુદ્ધિની વૃદ્ધિને જ પરમ લાભ સમજે છે. આહાહા..! બહારમાં ચક્રવર્તીનું પદ મળ્યું તો લાભ થયો એમ સમકિતી નથી માનતા. પોતાના અનંત જ્ઞાન, દર્શન, આનંદ પડ્યા છે તેમાંથી શુદ્ધિની વૃદ્ધિ થાય તે જ મારો લાભ છે, તે જ મારો લાભ છે. લાભ સવાયા, તમારે લખે છે ને? વાણિયા લખે, લાભ સવાયા. એ લાભ શેના? ધૂળના–પૈસાના? હેં? 'મલૂકચંદભાઈ'! શું છે?

અહીં તો લાભ સવાયા. લાભ બમણા, લાભ તમણા, લાભ અનંતગુણા. આહાહા..! ભગવાનને ઘરે ક્યાં ખામી છે તો અનંતગુણું પ્રાપ્ત ન કરે? પૂર્ણાનંદ પ્રભુ છે. આહાહા..! પોતાના સ્વરૂપની જ્યાં નિઃશંક દૃષ્ટિ થઈ ગઈ (તો એ) મોક્ષના માર્ગે ચાલ્યો. અલ્પકાળમાં મોક્ષ (જાશે), સંસાર-ફંસાર છે જ નહિ. ભગવાનને પૂછવું ન પડે કે, મહારાજ! અમારે કેટલા ભવ છે? અરે..! ચાલ.. ચાલ! તને શંકા છે તો ભગવાન જાણે છે કે શંકા છે. તું નિઃશંક છો તો ભગવાન જાણે છે કે તું નિઃશંક છે. ભગવાન તને કરી દ્યે છે? સમજાણું કાંઈ? 'જે જે દેખી વીતરાગને, તે તે હોસી વીરા, અનહોની કબહૂ ન હોસી, કાહે હોત અધિરા' તારી દૃષ્ટિ સ્વભાવ ઉપર પડીને જો શુદ્ધિની વૃદ્ધિ થઈ (તો) ભગવાન એમ જોવે છે, ભગવાન એમ જોવે છે. સમજાણું કાંઈ? 'પરમ લાભ સમજે છે.'

'હું સર્વ સિદ્ધ સમાન શુદ્ધ છું.' હું સર્વ શુદ્ધ. સર્વ શુદ્ધનો અર્થ થોડું શુદ્ધ એમ નહિ.

www.vitragvani.com



હું વસ્તુ છું, તે તો સર્વ શુદ્ધ છે અને દૃષ્ટિનો વિષય દ્રવ્ય છે. એ દૃષ્ટિએ સર્વ શુદ્ધને જ સ્વીકારી છે. સમજાણું કાંઈ? સિદ્ધ સમ. 'સિદ્ધ સમાન સદા પદ મેરો' એ 'બનારસીદાસ'માં આવે છે. નહિ? 'ચેતન રૂપ અનૂપ અમૂરત સિદ્ધ સમાન સદા પદ મેરો' બસ! એટલી વાત. પછી મોહ મહાતમ એ તો અનાદિની વાત છે.

'વ્યવહારદૃષ્ટિમાં કર્મનો સંયોગ છે તે ત્યાગવા યોગ્ય છે એમ સમજે છે, જે સંસારવાસમાં ક્ષણ માત્ર પણ રહેવા ઇચ્છતા નથી..' આહાહા..! સમજાણું કાંઈ? એવો રોગ આવે.. શું કહે છે? આ પગમાં થઈ જાય છે ને? ઊલટી ને ઝાડા. કોલેરા! આહાહા..! એ ચાહે છે કે રોગ રહેજો? હેં? 'મલૂકચંદભાઈ'ને ખબર છે, બે છોકરાને મૂકીને.. તમે હતા? આ તો ઓલા બે છોકરા નહિ તમારે? માંડલમાંથી બે યુવાન ભાઈ. બધું માણસ હતું, કોલેરા થઈ ગયા. મા-બાપ સાથે. જંગલમાં પાંચસો-છસો કેટલા માણસ સાથે હતા, પછી એને કોલેરા થઈ ગયા. છોકરા ચાલી શકે નહિ. સાથે માલ નહિ, મકાન નહિ, વાહન નહિ. બેયને જંગલમાં મૂકી દીધા. જંગલમાં મૂકીને એના મા-બાપ ચાલ્યા ગયા. ભાઈ! અમે શું કરીએ? અમે રહીએ તો અમે મરશું. અહીં કોઈ સાધન નથી. આસપાસ પચીસ-પચાસ ગાઉમાં કોઈ ગામ નહિ. આ તો સાથે કાફલો છે, જ્યાં જશો (ત્યાં આવશું). ચોખા અને દાળ સાથે રાખતા. થોડું ખાઈને પૂરું કરે. આ બે જુવાન માણસ, હોં! આહાહા..! એ મા-બાપ એને દેખતા જંગલમાં ચાલ્યા ગયા. કોલેરા થયેલો, ઉપાડે કોણ? ચલાવે કોણ? દે કોણ? રાખે કોણ? આહાહા..! એ જંગલમાં બે જુવાન એકલા. એમાં વારાફરતી મર્યા હશે. મડદું અને આ એકલો. આહાહા..! શું થાય? જગતની દશા નિરાધાર અશરણ (છે). શરણ તો અંદરમાં આત્મા છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા, પણ છે ને! ઇ મેં જોયું છે. આપણે જ્યારે છપ્પનિયાનો પ્લેગ હતો ને? પ્લેગ હતો. આ તો (સંવત) ૧૯૫૭ની સાલ. દીક્ષા પછી નહિ, આ તો સંસારમાં (હતા ત્યારની વાત છે). ૧૯૫૬ અને ૧૯૫૭ની સાલમાં પ્લેગ હતો, મોટો પ્લેગ. ઉનાળામાં અમને ખબર છે, અમે નાના છોકરાઓ, બાળક. ડેલો–દરવાજો (હોય ત્યાં) સાત-આઠ જણા મર્યા હોય, પડ્યા હોય. અને આ છપ્પનિયામાં જુઓને મર્યા નહિ? છપ્પનિયામાં દુકાળ (હતો), પ્લેગ નહિ, દુકાળ પડ્યો હતો. દુકાળ પડ્યો હતો ત્યારે દરવાજાની (બહાર) એક આમ, એક આમ. એક મરી ગયો હોય, એક જીવતો હોય, મરવાની તૈયારી હોય. આમ નજરે દેખ્યા છે. ૧૯૫૬માં દસ વર્ષની ઉંમર હતી. અને ૧૯૪૬માં જન્મ. અત્યારે નજરે તરે છે, હોં! એક રોતો હતો, એક મરતો હતો, મરી ગયેલો હતો. રાતે-જંગલમાં. આ તો બધું નજરે જોયું છે. બે ભાઈને રાખ્યા હશે. પહેલો-પછી મર્યા હશે ને? છપ્પનિયાના દુકાળની વાત છે, લ્યો! પેટ ખાલી,.. મરી ગયા. ઘઉંની ઘૂઘરી આપતા, દરબાર તરફથી ઘઉં.. ઘઉં.. આમ મૂઠો ભરીને આપતા. ખાય પછી પાણી પીવે ને મરતા. બહુ વધારે ખાતા. બધું જોયું

www.vitragvani.com



હતું, હોં! દસ વર્ષની ઉંમરે જોયું હતું. આહાહા..! કોઈ શરણ (છે)? ભાઈ પડ્યો હોય, મરતો હોય તો (કહે), ભાઈ..! ઓલો પણ મરવા પડ્યો હોય. કરવું શું? કરે કોણ? આહાહા..! સમકિતી ક્ષણવાર પણ સંસારમાં રહેવા ઇચ્છતા નથી. સમજાણું કાંઈ? છે કે નહિ અંદર?

'જે જાણે છે કે નિર્વાણનો ઉપાય માત્ર એક પોતાના શુદ્ધ આત્માના શુદ્ધ સ્વભાવમાં લીનતા છે.' ચારિત્રની પ્રતીત થઈ ગઈ છે. પોતાના સ્વરૂપમાં લીનતા કરવી તે ચારિત્ર છે અને તે ચારિત્ર વિના કદી મુક્તિનો બીજો કોઈ ઉપાય છે જ નહિ. સમજાણું કાંઈ? 'તેનો નિશ્ચિંતપણે અભ્યાસ ત્યારે જ બને જ્યારે સર્વ વ્યવહારનો ત્યાગ કરવામાં આવે,...' જુઓ! સર્વ વ્યવહાર. મુનિપણામાં જે પંચ મહાવ્રતાદિનો વિકલ્પ છે તે વ્યવહારને પણ છોડીને અંદરમાં ધ્યાન કરે ત્યારે ચારિત્ર અને રમણતા થાય છે.

મુમુક્ષુ :- અહીં તો વેપાર ધંધો લીધો છે.

ઉત્તર :- આ બધો વ્યવહાર, એણે ભલે લીધું હોય. આ વસ્તુ છે. અહીં તો સર્વ વ્યવહારની વાત છે. અહીં તો સર્વ વ્યવહાર. વ્યવહાર શબ્દે રાગ. જેટલો અભેદ સ્વરૂપમાંથી ભેદ રાગ થાય છે તે બધાને વ્યવહાર કહે છે. ચાહે તો અશુભ હો, ચાહે શુભ હો. અરે..! ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ પણ વ્યવહાર છે. અહીં તો સર્વ વ્યવહાર, એવો પાઠ છે. આચાર્યના હૃદયમાં એકલા સ્વભાવ સન્મુખ થઈને લીનતા કરવી તે જ જેની દૃષ્ટિ છે. સમજાણું કાંઈ? એવો સમ્યગ્દૃષ્ટિ પોતાના સ્વભાવ સન્મુખમાં વ્યવહાર છોડીને ધ્યાન કરે છે, અનુભવ કરે છે અને તેમાં રહેવું તેને જ ઠીક માને છે. બહાર નીકળવું તે દુઃખ, દુઃખ.. રોગ, રોગ, રોગ જાણે છે. સમજાણું કાંઈ? આચાર્યનું હૃદય એ છે. 'छंडिवि सहु ववहारु' પોતાના નિજ સ્વરૂપની દૃષ્ટિ કરનાર પોતાના સ્વરૂપમાં રહેવા માટે વ્યવહારના વિકલ્પ છોડી દે છે. સમજાણું કાંઈ?

'તીર્થંકર સમાન યથાખ્યાતરૂપ નગ્ન દિગંબરપદ ધારણ કરવામાં આવે, શાંતભાવમાં રહીને નિર્જન સ્થાનોમાં આત્માનો અનુભવ કરવામાં આવે. સાધુપદમાં એટલો જ વ્યવહાર રહી જાય છે...' જુઓ! 'જેથી ભિક્ષાવૃત્તિ દ્વારા શરીરનું પાલન થાય અને જ્યારે ઉપયોગ આત્મિક ભાવમાં ન રહે ત્યારે શુદ્ધાત્માનું સ્મરણ કરાવનાર શાસ્ત્રોના મનનમાં અને ધર્મચર્ચામાં સ્તુતિ, વંદના, પાઠાદિ ભણવામાં ઉપયોગ લગાડવામાં આવે છે.' એ શુભ છે, પણ એ શુભને પણ છોડીને શુદ્ધમાં જાય છે.

'વ્યવહાર ધર્મધ્યાન અને ધર્મની પ્રભાવના કરવી એટલો વ્યવહાર રહે છે. આહાર, વિહાર અને વ્યવહારધર્મને પાળતા સાધુ આ વ્યવહારથી પણ ઉદાસ રહે છે.' એમાં હોંશ નથી. હોંશ સમજ્યા? ઉત્સાહ નથી. રાગ છે ને, રાગ. ઉલ્લસિત વીર્ય સ્વભાવ સન્મુખ છે, ઉલ્લસિત વીર્ય સ્વભાવ સન્મુખ છે. જે મંદ રાગાદિ છે તેમાં તેનું વીર્ય ઉલ્લસિત નથી, ઉદાસ છે. એ તરફનો આદર નથી. બહુ સારુ કર્યું, બહુ સારુ થયું, બહુ સારુ થયું એમ નથી.

www.vitragvani.com



'આત્માના પુરુષાર્થની નબળાઈથી તેમાં વર્તે છે. જેમ જેમ આત્મધ્યાનની શક્તિ વધતી જાય છે તેમ તેમ આ વ્યવહાર પણ છૂટતો જાય છે. તો પણ સાધુપદમાં એટલી અધિક આત્મરમણતાનો અભ્યાસ થઈ જાય કે એક અંતર્મુહૂર્ત કરતાં વધારે સમય આત્માના અનુભવ વિના રહેતા નથી.' 'સમાધિશતક'માં આવે છે ને? 'પૂજ્યપાદ સ્વામી'. '....' અતત્પર. વિકલ્પમાં તત્પરતા નથી. નબળાઈથી આવે, તત્પરતા નથી. ભગવાનઆત્મા શુદ્ધ સ્વભાવ સન્મુખમાં તેની તલ્લીનતા વારંવાર ભાવના રહે છે. સમજાણું કાંઈ? પછી લે છે. 'વ્યવહાર ધર્મ અને ક્રિયાનું પાલન છઠ્ઠા ગુણસ્થાનમાં હોય છે. આહાર, વિહાર, નિંદ્રા...' જુઓ! એ કાર્ય છઠ્ઠા ગુણસ્થાનમાં થાય છે, પ્રમાદભાવ છે ત્યારે (થાય છે). એ તો પ્રમાદભાવ છે. હેં?

મુમુક્ષુ :- એ તો 'કુંદકુંદાચાર્યદેવે' પાળ્યા હતા.

ઉત્તર :- પાળ્યા હતા ક્યાં, આવ્યા હતા. હોય છે, પાળે છે એની વાત કરે છે. 'કુંદકુંદાચાર્યદેવે' પણ પંચ મહાવ્રત પાળ્યા છે. તમે કહો છો કે, પંચ મહાવ્રત આસ્રવ છે. ભગવાન! આસ્રવ છે તો આવ્યા વિના રહેતો નથી એ બીજી વાત છે. પણ તેનો આદર છે? અંદરમાં તેને તે ચારિત્ર માને છે? પંચ મહાવ્રત તો આસ્રવમાં આવે છે. 'તત્ત્વાર્થ સૂત્ર'માં પંચ મહાવ્રત, અણુવ્રતને આસ્રવમાં લીધા છે.

મુમુક્ષુ :- 'ધવલ'ને આધારે સંવર છે.

ઉત્તર :- 'ધવલ'ને આધારે સંવર કર્યો જ નથી. 'ધવલ' બીજું કહે છે? એ 'જયધવલ'માં આવ્યું છે ને? પંડિતજી! એ શુદ્ધ અને શુભ વિના નિર્જરા થતી નથી, એવો પાઠ છે. પણ એ તો નિમિત્તનું કથન છે. શુદ્ધથી નિર્જરા છે ત્યાં શુભ નિમિત્તને નિર્જરામાં ગણી લીધું છે. જેમ નિમિત્તના કથનમાં બે મોક્ષમાર્ગ છે, પણ વાસ્તવિક મોક્ષમાર્ગ એક જ છે. એમ નિર્જરામાં બે ગણી લીધા છે, (બાકી) નિર્જરા એક જ છે. કથન બે પ્રકારના ચાલ્યા છે. આહાહા..! સમજાણું કાંઈ?

હવે આ પંડિત-બંડિત ભેગા થઈને... આ 'બંસીધરજી' મોટા પંડિત છે, બધાને ભેગા કરીને કાંઈક કરો. તમે મોટા પંડિત છો, તમારી ઘણી પ્રસિદ્ધિ છે. પોણોસો પંડિતોને એણે ભણાવ્યા છે. અરે..! ભગવાન! આવો વખત મળ્યો, એમાં શું ઝગડા કરવા? સત્ય છે તેનો સ્વીકાર કરો, ભાઈ! ઝગડા મૂકી દો. એ બિચારા કહે છે, હોં! 'સાગર'વાળા 'મુન્નાલાલ'. બે મિનિટનું કામ છે, આ શું ઝગડો ઉપાડ્યો છે? એક ફેરી પંડિતજીને કહ્યું હતું. છાપામાં આવ્યું હતું, હોં! નિશ્ચય, વ્યવહાર, ઉપાદાન, નિમિત્ત અને ક્રમબદ્ધ પાંચ બોલ છે, બે મિનિટનું કામ છે. આટલા આટલા પૈસા, હજારો પૈસા. 'જયપુર'ની મોટી ચર્ચા, એનું પુસ્તક છપાશે. દસ હજાર ઉપર તો પૈસા જોશે. એ તો ઓલા નહિ આપે, આ આપશે પૂનમચંદજી. અરે..! ભગવાન! એ ચીજ છે? અને એટલી ચર્ચા થઈ તો બહાર આવવામાં શું વાંધો છે? લોકો વાંચે ને, એમાં શું છે? પંડિતો વચ્ચે આટલી ચર્ચા થઈ એમાં મધ્યસ્થપણે પેલા હતા, આપણા

www.vitragvani.com



મોટા પંડિત.. ચર્ચા બહાર આવે તો વાંધો શું છે? ઓલા ના પાડે છે, નહિ. આ લોકો છાપે છે, ૧૫૨ પાના આવ્યા છે. કેટલા છે? ૧૫૨ પાના આવ્યા છે.

મુમુક્ષુ :- બધું ચાલ્યું છે.

ઉત્તર :- હા, બધું ચાલ્યું છે. બધું ચાલ્યું છે, શું? એ માટે તો વાત કરીએ છીએ. અહીંયાં આવી ગયું છે, ૧૫૨ પાના છપાઈને આવી ગયા છે. અત્યારે 'ફૂલચંદજી' કામમાં છે. 'લલિતપુર'માં મકાન બનાવે છે. રોકાઈ ગયા. અમે તો વાટ જોઈએ છીએ કે કેમ આવ્યું નહિ? ૧૫૨ પાના આવી ગયા. બહારમાં વાંચો, એમાં શું છે? બન્નેની દલીલોને સાંભળશે તેમાં વાંધો શું છે? અને મોટા પંડિત તો મધ્યસ્થતામાં હતા. બહાર આવવા દ્યો, શું છે? બીવો છો શું? ચર્ચા બહાર ન છપાવો (એમ કહે છે). એમાં હાનિ-વૃદ્ધિની શું વાત છે? ચીજ શું છે તે સમજશે, વિચાર કરશે.

આ મુનિને છઠ્ઠે ગુણસ્થાનમાં 'વ્યવહાર કાર્યોમાં અંતર્મૂહુર્તથી વધારે સમય લાગે તો વચ્ચે વચ્ચે સાતમું ગુણસ્થાન ક્ષણભર માટે આત્માનુભવરૂપ થઈ જાય છે.' આહાહા..! મુનિની દશા તો પોણી સેકંડની નિંદ્રા છઠ્ઠા ગુણસ્થાનમાં આવી જાય. જરી આહારનો વિકલ્પ (આવે એટલું). એકદમ વિકલ્પ છૂટીને સાતમામાં (આવી જાય). ઓહોહો..! આ ચારિત્રની રમણતા! સંતપણું મુનિપણું પરમેશ્વરપદમાં ભળી ગયા છે. પંચ પરમેષ્ઠી! કહે છે કે, એમને ધ્યાનની લગની લાગી ગઈ છે. આહાહા..! આહારમાં આવવું, વિકલ્પ આવે છે તો ખેદ થાય છે. અરે..! અમારો અનાહારી અમૃત ખોરાક (અને આ શું)?

મુમુક્ષુ :- મુનિ તો શુદ્ધઉપયોગમાં રહેવાની જ પ્રતિજ્ઞા કરે છે.

ઉત્તર :- પ્રતિજ્ઞા જ શુદ્ધઉપયોગની કરી છે. 'જયધવલ'માં એવું આવ્યું છે કે, મેં તો શુદ્ધોપયોગની પ્રતિજ્ઞા કરી છે. આ આહારનો વિકલ્પ આવ્યો તો મેં પ્રતિજ્ઞા તોડી છે. એવો પાઠ છે. માટે મૃત્યુ સમયે હું ફરીથી શુદ્ધોપયોગ ગ્રહણ કરું છું, પ્રત્યાખ્યાન કરું છું. એમ આવે છે. વિકલ્પ ઊઠે છે, રાગ છે, આવે છે પણ મેં તો શુદ્ધઉપયોગની પ્રતિજ્ઞા કરી છે. મારે તો શુદ્ધઉપોયગમાં રહેવું છે, એવો પાઠ છે, હોં! 'જયધવલ'માં છે. પ્રત્યાખ્યાન. મેં પ્રત્યાખ્યાન તો શુદ્ધઉપયોગમાં રહેવાના લીધા હતા. આ શું? મારા પ્રત્યાખ્યાનનો ભંગ થયો. આહાર, પાણી, બોલવું એવો વિકલ્પ આવ્યો એ તો ભંગ થયો. ફરીથી પ્રત્યાખ્યાન લઉં છું. ઓહોહો..! એવી દશા! સ્વભાવના આશ્રયે લીન થવાનો ઉપાય-માર્ગ છે. વચ્ચે રાગ આવે છે, હો, વ્યવહાર છે, બંધનું કારણથી હટવું (અને) સ્વરૂપાનુભવમાં રહેવું એ જ માર્ગ છે. કહો, સમજાણું?

'સમ્યગ્દષ્ટિને ગૃહત્યાગ અને સાધુપદનું ગ્રહણ ત્યારે જ થાય છે જ્યારે તેની અંદર પ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉદય ન થતાં...' એ તો કાંઈ નહિ. પુરુષાર્થ વૃદ્ધિગત થાય છે. 'દઢતાપૂર્વક પરિણામોની ઉચ્ચતા પ્રાપ્ત કર્યા વિના કોઈ ઊંચી ક્રિયા ધારણ કરતા નથી.'

સમ્યગ્દૃષ્ટિ તત્ત્વજ્ઞાનપૂર્વક, ભાનપૂર્વક દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવપૂર્વક પ્રતિજ્ઞા લે છે. લોકોની સાથે વેગમાં આવીને પ્રતિજ્ઞા તત્ત્વજ્ઞાની લેતા નથી. આવ્યું હતું ને? ભાઈ! 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવ્યું છે, યથાશક્તિ. લોકો લઈ લ્યે છે માટે હું લઈ લઉં (એમ નહિ). મારા પુરુષાર્થની જાગૃતિ, સહજ પુરુષાર્થ કેટલો કામ કરે છે? બસ! એટલું જોવે છે. તેમાં કોઈ ભંગ ન પડે, ઉત્સાહમાં શિથિલતા ન આવી જાય. ઉત્સાહમાં શિથિલતા ન આવે કે, બહુ બોજો થઈ ગયો. એ તો બાહ્ય થઈ ગયું. અસ્થિરતા થઈ ગઈ. ખેદ થઈ ગયો. સમજાણું? ધર્મી જીવ તો પોતાના પરિણામોની ઉચ્ચતા પ્રાપ્ત થયા વિના કોઈ ઊંચી ક્રિયાને ધારણ કરતા નથી.

'જ્યાં સુધી સહજ વૈરાગ્ય ન આવે તો પરિણામો અનુસાર શ્રાવક પદમાં રહીને યથા સંભવ દર્શન પ્રતિમાથી લઈને ઉદિષ્ટત્યાગ નામની અગિયારમી પ્રતિમા સુધીનું ચારિત્ર પાળીને આત્માના અનુભવ માટે અધિક અધિક સમય કાઢે છે.' પહેલી પડિમા, બીજી પડિમા.. શાંતિની વૃદ્ધિ છે. જેમ જેમ અંદર શાંતિની વૃદ્ધિ થાય તેમ તેમ અનુભવમાં આગળ વધવાનો પ્રયાસ કરે છે. સમજાણું કાંઈ? પછી ઘણી વાત કરી છે.

'દેવસેનાચાર્ય તત્ત્વસારમાં કહે છે :' લ્યો!

**लहइ ण भव्वो मोक्खं जावइ परदव्व बावडो चित्तो।**
**उग्गतवंपि कुणंतो सुद्धे भावे लहुं लहइ।।३५।।**

'જ્યાં સુધી ચિત્ત પર દ્રવ્યના વ્યવહારમાં રહે છે...' આહાહા..! 'મોક્ષ પાહુડ'માં ભગવાન 'કુંદકુંદાચાર્યદેવ' કહે છે, '**परदव्वादो दुग्गई, सदव्वादो हु सुग्गई**' (ગાથા–૧૬). જેટલું પરદ્રવ્ય તરફ લક્ષ જાય છે તે બધી દુર્ગતિ છે. આહાહા..! એ વ્યવહાર છે. '**सदव्वादो हु सुग्गई**' પોતાનું સ્વદ્રવ્ય શુદ્ધ તરફ રુચિ–ગમન થવી તે સુગતિ છે. તેનું નામ સુગતિ છે. '**परदव्वादो दुग्गई**' એવો પાઠ 'મોક્ષ પાહુડ'માં 'ભગવાન કુંદકુંદાચાર્યદેવ' (કહે છે). બે પક્ષ છે. સ્વભાવ તરફ સાવધાન થવું તે મોક્ષમાર્ગ છે, પર તરફ રાગ થવો તે દુર્ગતિ છે. દુર્ગતિ નામ પોતાની ગતિ બીજા તરફ ચાલી છે. આહાહા..!

'જ્યાં સુધી ચિત્ત પરદ્રવ્યના વ્યવહારમાં રહે છે ત્યાં સુધી ભવ્ય જીવ કઠિન કઠિન તપ કરવા છતાં પણ મોક્ષ પામતો નથી.' પરદ્રવ્ય તરફના વલણમાં વિકલ્પમાં રહે છે અને અંતર નિર્વિકલ્પ અનુભવ નથી ત્યાં સુધી તેને મોક્ષ થતો નથી. 'પરંતુ શુદ્ધ આત્મિક ભાવોનો લાભ થતાં...' શુભ વિકલ્પની ક્રિયા ચાહે જેટલી હો, તેનાથી સંવર, નિર્જરા થતા નથી. માટે તેને છોડીને પોતાના શુદ્ધ ભાવોથી આત્માનો લાભ થતાં, પરમાનંદ પ્રભુ આત્માનો શ્રદ્ધા, જ્ઞાનમાં લાભ થતાં સ્થિરતા કરવાનો પ્રયત્ન કરે છે. તે થતાં 'શીઘ્ર જ મોક્ષ પામી જાય છે.' એવો આત્મા અલ્પકાળમાં મોક્ષને પ્રાપ્ત થાય છે. સંસાર-બંસાર તેને રહેતો નથી. એ ૮૯ (ગાથા પૂરી થઈ). (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

www.vitragvani.com



## વીર સંવત ૨૪૯૨, અષાઢ વદ ૧૩, શનિવાર
## તા. ૧૬-૦૭-૧૯૬૬
## ગાથા–૮૯, ૯૦ પ્રવચન નં. ૩૬

'યોગસાર', 'યોગીન્દ્રદેવ'ના ૮૯ શ્લોકમાં છેલ્લી ગાથા છે. 'દેવસેનાચાર્ય' 'તત્ત્વસાર'માં કહે છે. અધિકાર શું ચાલે છે? જુઓ! સમ્યગ્દષ્ટિ જીવ પર વ્યવહારને છોડીને પોતાના શુદ્ધ સ્વભાવનો આશ્રય લઈને તેમાં લીન થાય છે તે જ એક મોક્ષનો માર્ગ છે. એ ગાથાના સારમાં એ લખ્યું છે. સમજાણું કાંઈ?

**अप्प-सरुवहँ जो रमइ, छंडिवि सहु ववहारु।**
**सो समाइट्ठी हवइ, लहु पावइ भवपारु।।८९।।**

તેના આધારમાં આ ગાથા આપી છે, જુઓ!

**लहइ ण भव्वो मोक्खं जावइ परदव्व बावडो चित्तो।**
**उग्गतवंपि कुणंतो सुद्धे भावे लहुं लहइ।।३५।।**

એક શબ્દમાં કેટલું ભર્યું છે, જુઓ! 'જ્યાં સુધી ચિત્ત પરદ્રવ્યના વ્યવહારમાં રહે છે...' ભગવાનઆત્મા પોતાનું સ્વદ્રવ્ય શુદ્ધ ચૈતન્યમૂર્તિનો આશ્રય છોડીને જ્યાં સુધી પરદ્રવ્યનો આશ્રય કરે છે ત્યાં સુધી તેને મુક્તિ થતી નથી. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં પણ પહેલા સ્વદ્રવ્યનો આશ્રય થાય છે પછી પણ જેટલો પરદ્રવ્યના આશ્રયે રાગ રહે ત્યાં સુધી તેની મુક્તિ થતી નથી.

મુમુક્ષુ :– રાગથી સંવર, નિર્જરા થાય.

ઉત્તર :– રાગથી સંવર નિર્જરા એ પંડિત કહે છે, એ પંડિત (સંવત) ૨૦૧૩ની સાલમાં કહેતા હતા. વ્યવહાર બંધનું કારણ છે, લાવો સિદ્ધ કરી દઉં. કોણ માને?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ બધા કાંઈ ઠેકાણું ન મળે. પંડિતજી! ત્યાં ૨૦૧૩ની સાલમાં ત્યાં કહ્યું હતું. પછીથી સાંભળ્યું હતું, અમે આવ્યા ત્યાં ચર્ચામાં કહેતા હતા, વ્યવહાર રત્નત્રય બંધનું કારણ છે, લાવો, ચર્ચા કરો. પણ કોઈ કરતા નથી, કોઈને સાંભળવું નથી. વ્યવહાર પરાશ્રય છે અને નિશ્ચય સ્વાશ્રય છે. એ તો સીધી વાત છે. એ ગાથાનો અહીંયાં આધાર આપીને કહે છે.

જ્યાં સુધી આત્માને પહેલી શરૂઆતથી સ્વદ્રવ્ય ચૈતન્યનો આશ્રય ન હોય ત્યાં સુધી તેને સમ્યગ્દર્શન થતું નથી. પરદ્રવ્યના આશ્રયે સાક્ષાત્ તીર્થંકર હો, સર્વજ્ઞ હો, સમવસરણ

www.vitragvani.com



હો, સમેદશીખર હો કે ગણધર, આચાર્ય આદિ હો એ પરદ્રવ્યના આશ્રયે સમ્યગ્દર્શન ત્રણકાળમાં થતું નથી.

મુમુક્ષુ :– દિવ્યધ્વનિથી થતું નથી તો પછી...

ઉત્તર :– શું કરે? ભગવાન! એ દિવ્યધ્વનિ તો પરદ્રવ્ય છે. આહાહા..!

મુમુક્ષુ :– અરે..! સાહેબ! ઉત્તર હિન્દુસ્તાનમાં થઈ જાય.

ઉત્તર :– આ પંડિત ઉત્તર હિન્દુસ્તાનના નથી? આહાહા..! ભગવાન! ન્યાયથી તો સાંભળો, ભાઈ! કે, આ આત્મદ્રવ્ય છે તે એક સેકંડના અસંખ્ય ભાગમાં શુદ્ધ દ્રવ્ય, ગુણ, પર્યાયનો પિંડ છે. તો એ દ્રવ્ય, ગુણ, પર્યાય શુદ્ધ છે. પુણ્ય-પાપના વિકલ્પ એ તો આસ્રવ છે. શરીર, કર્મ આદિ અજીવ છે. દેવ-ગુરુ-શાસ્ત્ર, સમેદશીખર કે સર્વજ્ઞ સાક્ષાત્ સમવસરણ એ પરદ્રવ્ય છે. પરદ્રવ્યના આશ્રયે કદી ધર્મની શરૂઆત થતી નથી. કહો, સમજાણું કાંઈ? કેમકે સ્વદ્રવ્ય જે છે તેમાં અનંત અનંત શુદ્ધતા પડી છે. તો સ્વદ્રવ્યનો આશ્રય લીધી વિના પહેલા સમ્યગ્દર્શનની શરૂઆત થતી નથી. સમજાણું કાંઈ?

અહીં તો પૂરી વાત કરે છે કે, જ્યાં સુધી પરદ્રવ્યનો આશ્રય રહે છે, રાગાદિ, વ્યવહારાદિ, વિકલ્પાદિ (રહેશે) ત્યાં સુધી તેને મુક્તિ નહિ થાય. સમજાણું કાંઈ? જુઓ! 'જ્યાં સુધી ચિત્ત પર દ્રવ્યના વ્યવહારમાં રહે છે (સંલગ્ન છે) ત્યાં સુધી ભવ્ય જીવ કઠિન કઠિન તપ કરવા છતાં પણ...' 'उग्गतवंपि कुणंतो' એમ 'દેવસેનાચાર્ય'નો પાઠ છે. મોક્ષ પ્રાપ્ત કરતો નથી. પર તરફના લક્ષથી કઠિન તપ શું બાર-બાર મહિનાના અપવાસ કરે, ઇન્દ્રિયદમન પરલક્ષે કરે તેમાં શું થયું? એ તો પુણ્યબંધનું કારણ છે. ભગવાનઆત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ સ્વતત્ત્વ છે, એ સ્વતત્ત્વના આશ્રયે અનંતકાળમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિ જેને થઈ તેને તેનાથી થઈ છે. સમજાણું કાંઈ? અને પછી પણ જેટલો વ્યવહાર રહ્યો તેને પરાશ્રય જાણીને, સ્વઆશ્રય કરીને છોડે છે તો તેને કેવળજ્ઞાન અથવા શુક્લધ્યાનથી મુક્તિ થાય છે. સ્વઆશ્રયો નિશ્ચય, પરાશ્રયો વ્યવહાર. સીધી વાત છે. આમાં તો કાંઈ આટલા શાસ્ત્ર વાંચે તો સમજાય, એવી કોઈ વાત નથી. સમજાણું કાંઈ?

અહીં 'દેવસેનાચાર્ય' 'તત્ત્વસાર'માં કહે છે કે, કઠિન કઠિન 'उग्गतवंपि कुणंतो' પણ 'परदव्व बावडो' લક્ષ પર ઉપર છે, રાગ ઉપર છે, નિમિત્ત ઉપર છે, સંયોગ ઉપર છે, દેવ-ગુરુ ઉપર છે ત્યાં સુધી તેને સમ્યગ્દર્શન પણ થતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? પહેલી શ્રદ્ધામાં આવો નિર્ણય ન થાય કે, હું તો સ્વદ્રવ્યના આશ્રયે જ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પ્રાપ્તિ કરું છું. પરના આશ્રયે મને બિલકુલ થતું નથી. કેમકે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, આનંદ એ બધી પર્યાયનો પિંડ તો દ્રવ્ય છે. એ પર્યાય કંઈ રાગમાં નથી રહેતી. એ પર્યાયની શક્તિ રાગમાં (નથી રહેતી). વ્યવહારના રાગમાં એ પર્યાયની શક્તિ રહે છે? નિમિત્તમાં રહે છે? આ પર્યાય–નિર્મળ મોક્ષમાર્ગની પર્યાય, એ પર્યાયની શક્તિ તો દ્રવ્ય-

www.vitragvani.com



ગુણમાં છે. સમજાણું કાંઈ? એ શક્તિ રાગમાં છે? વ્યવહાર વિકલ્પમાં છે? સંઘયણમાં છે? દેહમાં છે? આ શક્તિ પરદેહમાં છે? સમજાણું કાંઈ? સીધી વાત અને સરળ વાત (છે) પણ એટલી બધી ગડબડ કરી નાખી છે. શાસ્ત્રની સ્વાધ્યાય, એવા કર્તા ને એવા વાદ ને વિવાદ.

ભાઈ! અહીં તો કહે છે કે, 'लहइ ण भव्वो' ભવ્ય જીવ હોવા છતાં, ઉગ્ર તપ કરવા છતાં પરદ્રવ્યના વ્યવહારને ન છોડે... સમજાણું કાંઈ? 'બંધ અધિકાર'માં પણ 'અમૃતચંદ્રાચાર્યદેવે' કહ્યું, (શ્લોક–૧૭૩). 'अध्यवसानमेवमखिलं त्याज्यं यदुक्तं जिनै' ભગવાન એમ કહે છે કે, હું પરદ્રવ્યને જીવાડું છું, મારું છું, સુખી-દુઃખી કરું છું, પરદ્રવ્યની પીડા, એકત્વબુદ્ધિ એ તો મિથ્યાત્વ છે. એ મિથ્યાત્વનો, પરદ્રવ્યનો આશ્રય જ્યારે ભગવાને છોડાવ્યો તો આચાર્ય કહે છે કે, અમે એમાંથી કાઢીએ છીએ કે જેટલો પરદ્રવ્યના આશ્રયે વ્યવહાર છે તેને ભગવાન આચાર્ય છોડાવે છે. પંડિતજી! એ શ્લોકમાં આવ્યું ને? તમારે તો કંઠસ્થ છે. 'अध्यवसानमेवमखिलं'

सर्वत्राध्यवसानमेवमखिलं त्याज्यं यदुक्तं जिनै-
स्तन्मन्येव्यवहार एव निखिलोऽप्यन्याश्रयस्त्याजितः।
सम्यङ्निश्चयमेकमेव तदमी निष्कम्पमाक्रम्य किं
शुद्धज्ञानघने महिम्नि न निजे बन्धन्ति सन्तो धृतिम्।।१७३।।

મહાસિદ્ધાંત છે. કહો, 'પાટણીજી'! આમાં વાદવિવાદનું સ્થાન ક્યાં છે? ભાઈ! ભગવાનઆત્મા સર્વજ્ઞ પરમેશ્વરે એવો કહ્યો કે, પરદ્રવ્યને જીવાડવા, મારવા, સુખી-દુઃખી કરવા, તરવાર હાથમાં લેવી, શરીરની ક્રિયા એ બધું આત્મા કરી શકતો નથી અને હું કરી શકું છું એમ માનવું અધ્યવસાય નામ બે દ્રવ્યની એકતાબુદ્ધિનું મિથ્યાત્વ છે. તો ભગવાને જ્યારે બે દ્રવ્યની એકતાબુદ્ધિનું પૃથક્ દ્રવ્ય કરાવવા મિથ્યાત્વ છોડાવ્યું, પરદ્રવ્યનો અધ્યવસાય છોડાવ્યો તો આચાર્ય કહે છે કે, એ તો એકત્વબુદ્ધિ છોડાવી. પણ અમે તો એમાંથી કાઢીએ છીએ કે પરદ્રવ્ય આશ્રયે જેટલા ભાવ વ્યવહાર છે, તે બધાને ભગવાન છોડાવે છે. આહા..! '...' નિશ્ચયનયાશ્રિત.. જુઓ! આવી વાત કાઢે છે. એ વ્યવહાર જે છે એ મિથ્યાદૃષ્ટિનો વ્યવહાર છે. અરે..! ભાઈ! 'अन्यआश्रयत्वात' જે વ્યવહાર અન્યના આશ્રયે ઉત્પન્ન થાય છે તે સમ્યગ્દૃષ્ટિને પણ ત્યાજ્ય છે, મિથ્યાદૃષ્ટિને તો વ્યવહારની વાત છે જ ક્યાં? સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, સર્વજ્ઞ પરમેશ્વરે જ્યારે પોતાના આત્મા સિવાય પરદ્રવ્યના કર્તાપણાનું અભિમાન–મિથ્યાત્વ છોડાવ્યું તો અમે તો એમ જાણીએ છીએ કે પરના આશ્રયે જે પોતામાં વ્યવહાર થયો તે તો પરદ્રવ્યનું કાર્ય છોડાવ્યું. કાર્ય કરી શકતો નથી માટે. પણ એમાંથી અમે તો એમ કાઢીએ છીએ કે પરદ્રવ્યના આશ્રયે જે ભાવ થાય છે તે વ્યવહાર પણ ભગવાને

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છોડાવ્યો છે. આહાહા..! અન્યઆશ્રયત્વાત. એ વાત અહીંયાં કહે છે.

ભાઈ! આત્મા વસ્તુ છે, મહાન ચૈતન્ય જ્યોત છે તેના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે, તેના આશ્રયે સમ્યગ્જ્ઞાન થાય છે, તેના આશ્રયે ઉગ્ર પુરુષાર્થથી ચારિત્ર થાય છે, તેના આશ્રયે શુક્લધ્યાન થાય છે, તેના આશ્રયે કેવળજ્ઞાન થાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આપે તો ખોલી નાખી વાત.

ઉત્તર :- ગુપ્ત રાખવા માટે હશે? આ ગુપ્ત વાત આચાર્યોએ તો દાંડી પીટીને કહી છે. 'અમૃતચંદ્રાચાર્યદેવે' તો ખુલ્લંખુલ્લું કરી નાખ્યું અને 'કુંદકુંદાચાર્યદેવે' તો પહેલા ખુલ્લુ કરી નાખ્યું. 'વ્યવહારો પરિસિદ્ધો' કેમકે વ્યવહાર પરાશ્રય છે, નિશ્ચય સ્વઆશ્રય છે. 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.' એ વાત અહીંયાં છે. સમજાણું કાંઈ? અરે..!

મુમુક્ષુ :- લોકો વ્યવહારને માને છે.

ઉત્તર :- લોકો ગમે તે હોય તો શું છે? વ્યવહાર પરાશ્રય છે તે બંધનું કારણ છે. એ સિદ્ધાંત નક્કી (છે). ત્રણકાળ ત્રણલોકમાં.. સમજાણું? સર્વજ્ઞની પેઢીમાં એ ચાલે છે, બીજી પેઢીમાં ચાલતું નથી. એવો ધંધો ભગવાનના ઘરનો છે. આહાહા..!

અહીંયાં 'દેવસેનાચાર્ય' કહે છે, 'જ્યાં સુધી ચિત્ત પર દ્રવ્ય...' ઉપર લક્ષ જાય છે વિકલ્પ, સર્વજ્ઞ પરમાત્મા છે, આ દેવ છે, આ ગુરુ છે (એમ લક્ષ જાય છે) ત્યાં સુધી તેને બંધનું કારણ છે. તેના આશ્રયે મુક્તિ થશે નહિ. ત્યાં સુધી સ્વઆશ્રય થતો નથી. ત્યારે પાઠ કેવો લીધો છે? જુઓ, ભાઈ! 'सुद्धे भावे लहुं लहइ' એટલો પાઠ. એટલે ઇ શું (કહ્યું)? પરદ્રવ્ય આશ્રયે જે ભાવ થાય છે તે અશુદ્ધ છે. પરદ્રવ્ય ઉપર લક્ષ જાય છે, ગમે તેટલા દયા, દાન, ભક્તિ, વ્રત, તપ આદિ તેના અશુદ્ધભાવ છે, પછી શુભ હોય તોપણ અશુદ્ધ છે.

સ્વદ્રવ્ય આશ્રયે 'सुद्धे भावे लहुं लहइ' એવા શબ્દો મૂક્યા છે. શુદ્ધભાવ પોતાનો આત્મા શુદ્ધ ચૈતન્યદ્રવ્ય છે તેના આશ્રયે શુદ્ધભાવ ઉત્પન્ન થાય છે, તે શુદ્ધભાવથી પોતાનો નિર્વાણ નામ મુક્તિ થાય છે. પહેલા જ શુદ્ધભાવથી સમ્યગ્દર્શન, શુદ્ધભાવથી સમ્યગ્જ્ઞાન. પોતાના આશ્રયે સમ્યગ્દર્શન, પોતાના આશ્રયે જ્ઞાન. એ ભાવ-સમ્યગ્દર્શન શુદ્ધભાવ છે. શુદ્ધભાવ ત્રિકાળ, તેના આશ્રયે ઉત્પન્ન થયેલી પર્યાય તે શુદ્ધભાવ છે. શુદ્ધભાવ ત્રિકાળ, તેના આશ્રયે સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન થયો તે શુદ્ધભાવ છે. શુદ્ધભાવ ત્રિકાળ, તેના આશ્રયે સ્થિરતા-ચારિત્ર થયા તે શુદ્ધભાવ છે. એ શુદ્ધભાવથી મુક્તિ થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! આમાં ચર્ચા ને વાદવિવાદનો અવસર પણ ક્યાં છે? હેં?

કહે છે, પંડિતજીનો ભણાવેલો શિષ્ય કહે છે, બે મિનિટની વાત છે. સાંભળ્યું છે? એ 'સાગર'વાળા નથી? 'મુન્નાલાલજી', એ લખે છે કે, આ ઉપાદાન, નિમિત્ત, નિશ્ચય, વ્યવહાર અને ક્રમબદ્ધની બે મિનિટની વાત છે. આટલી માથાકૂટ શું કરે છે? ઉપાદાનથી થાય છે,

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પોતાથી નિમિત્ત છે. નિશ્ચય થાય છે તો વ્યવહાર છે. બસ! સીધી વાત છે અને દ્રવ્યની વ્યવસ્થિત પર્યાય છે, એ ક્રમબદ્ધ. બે મિનિટની વાતમાં આટલી શું ચર્ચા? 'પાટણી' એ મોટું લાંબુ કર્યું 'જયપુર'માં. કેટલા હજાર ખર્ચશે, દસ-દસ હજાર. એમ કહે છે. એમાં લખ્યું છે, તમારું નામ નથી લખ્યું. આ લોકો આટલા બધા પૈસા ખર્ચી શકે છે અને આટલું કરે છે. બે મિનિટનું કામ છે. શાંતિથી બે પંડિત મળી જાય તો આ મોટા પંડિત છે તેની સાથે બેસાડવા જોઈએ. આ કહે કે, અમારે કાંઈ કરવું નથી. શું કરે પણ? કોણ માને?

ભાઈ! આવો અવસર મળ્યો. જૈનદર્શનનું મૂળ તત્ત્વ છે, તેનાથી વિપરીત હોય તો શાસનની પદ્ધતિ બદલાઈ જશે. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞે જે પંથ કહ્યો તેની પદ્ધતિ ન રહે તો આખી અન્યમતિ જેવી પદ્ધતિ થઈ જશે. રાગથી લાભ છે, પરથી લાભ છે એ તો અન્યમતની પદ્ધતિ છે, જૈનદર્શનની એ છે જ નહિ. ભાઈ! જૈનદર્શનની પદ્ધતિ સર્વજ્ઞની પરંપરાએ અનાદિથી ચાલી છે. તેવી આવવી જોઈએ. વિશેષ સ્થિરતા ભલે અંદર ન થાય, પણ દૃષ્ટિ તો પોતાના સ્વરૂપના આશ્રયે લાભ છે એ વાત ત્રણકાળમાં બીજી હોવી જોઈએ નહિ. સમજાણું કાંઈ? 'જ્ઞાનચંદજી'! આહાહા..!

જુઓ! પાઠ એવો છે, 'सुद्धे भावे लहुं लहइ' એ 'सुद्धे भावे' વર્તમાન પર્યાયની વાત છે, હોં! ત્રિકાળની નહિ. ત્રિકાળ તો શુદ્ધ છે જ પણ ત્રિકાળનો આશ્રય કરવો તે શુદ્ધભાવ છે અને પરનો આશ્રય કરવો તે અશુદ્ધભાવ છે. એમ 'દેવસેનાચાર્યે' ટૂંકામાં શબ્દ લઈ લીધા છે. સમજાણું કાંઈ? 'શુદ્ધ આત્મિક ભાવોનો લાભ થતાં...' જુઓ! 'તે શીઘ્ર જ મોક્ષ પામી જાય છે.' આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– પરનો આશ્રય તો પહેલો કરે ને.

ઉત્તર :– પરનો આશ્રય પહેલો કરે, આથમણો જાય ત્યારે ઉગમણો ચાલે, એમ હશે? ઉગમણો સમજો છો? પહેલા પશ્ચિમમાં થોડો ચાલે પછી પૂર્વમાં ચાલે. એનો અર્થ શું? દેવાનુપ્રિયા! એ શેઠ છે, દલાલ. અને છે પણ શેઠ, હોં! એના કુટુંબમાં શેઠ કહેવાય છે. શેઠિયા, શેઠ, શેઠ. કહો, સમજાણું કાંઈ? અહીં તો શ્રેષ્ઠ–સ્વઆશ્રય કરવો તે શ્રેષ્ઠ છે. આહાહા..! આ તો શેઠ એટલે પ્રભુ! મહાન શ્રેષ્ઠ સ્વદ્રવ્ય સ્વભાવ, તેના આશ્રયે જ શ્રેષ્ઠ સમ્યગ્દર્શન, જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તો ધર્માત્માનું ચિત્ત જ્યાં સુધી પરદ્રવ્ય ઉપર રહ્યું, અરે..! ક્ષાયિક સમકિત થયું, સ્વઆશ્રયે ચારિત્ર પણ થયું, હજી જ્યાં સુધી પરના આશ્રયે રાગ રહે છે ત્યાં સુધી તેનો અભાવ કર્યા વિના, સ્વઆશ્રય કર્યા વિના મુક્તિ થતી નથી. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે ને, પરાધીન સ્વપ્ને સુખી નહિ. એમ કહેતા નથી? ભાષા તો કરે છે, પરાધીન સ્વપ્ને સુખી નહિ. તેનો શું અર્થ છે? ભગવાનઆત્મા પોતાનો આશ્રય છોડીને સાક્ષાત્ સર્વજ્ઞ પરમેશ્વરનો આશ્રય કરે તોપણ અશુદ્ધભાવ–વિકલ્પ ઊઠે છે. તેનાથી મુક્તિ નથી, બંધ છે. પરાશ્રય ભાવ વ્યવહાર બંધ છે, સ્વઆશ્રય ઉત્પન્ન થયો તે અબંધભાવ છે. એક જ વાત.

www.vitragvani.com



ત્રણકાળ ત્રણલોકમાં સિદ્ધાંત સિદ્ધ (થયેલો છે), તે ફરે નહિ. સમજાણું કાંઈ? એ શ્લોક આધારમાં આપ્યો હતો. ૮૯ શ્લોકનો આધાર હતો. હવે ૯૦ (ગાથા).

---

### સમ્યગ્દષ્ટિ જ પંડિત અને મુખ્ય છે.

जो सम्मत्त-पहाण बुहु सो, तइलोय-पहाणु।
केवल-णाण विलहु लहइ, सासय-सुक्ख-णिहाणु।।९०।।

જે સમ્યક્ત્વપ્રધાન બુધ, તે જ ત્રિલોકપ્રધાન;
પામે કેવળજ્ઞાન ઝટ, શાશ્વત સૌખ્યનિધાન. ૯૦.

અન્વયાર્થ :- (जो सम्मत्त-पहाण) જે સમ્યગ્દર્શનના સ્વામી છે (बुहु) તે પંડિત છે. (सो तइ लोय पहाणु) તે જ ત્રણ લોકમાં પ્રધાન છે. (सासय सुक्ख णिहाणु केवण-णाण वि लहु लहइ) તે અવિનાશી સુખનું નિધાન કેવળજ્ઞાન શીઘ્ર જ પ્રાપ્ત કરી લે છે.

---

'સમ્યગ્દષ્ટિ જ પંડિત અને મુખ્ય છે.' પ્રધાન છે ને? પ્રધાન. પ્રધાનનો અર્થ મુખ્ય કર્યો, 'बुहु'નો અર્થ પંડિત કર્યો.

जो सम्मत्त-पहाण बुहु सो, तइलोय-पहाणु।
केवल-णाण विलहु लहइ, सासय-सुक्ख-णिहाणु।।९०।।

ઓહોહો..! દિગંબર સંતોએ કામ કર્યાં છે ને! બહુ ટૂંકા શબ્દોમાં આખો સાર.. સાર. 'યોગસાર' છે ને? પોતાના સ્વઆશ્રયે જે પર્યાય પ્રગટ થઈ તેનું નામ યોગ કહે છે. એ યોગનો સાર છે. પરના આશ્રયે જે રાગ થાય તે યોગસાર નથી. સમજાણું કાંઈ?

'જે સમ્યગ્દર્શનનો સ્વામી છે...' 'बुहु' 'તે પંડિત છે.' આહાહા..! તે જ પંડિત છે. ભગવાનઆત્મા..! આત્મા સમજ્યો એ પંડિત, બીજો પંડિત કોણ છે? અગિયાર અંગ નવ પૂર્વ પણ અનંતવાર ભણી ગયો, તે પંડિત ન થયો. પછી નાશ થઈ ગયું. અગિયાર અંગ નવ પૂર્વ ભણ્યો. આત્માનો આશ્રય લીધો નહિ, સમ્યગ્દર્શન થયું નહિ (તો) અગિયાર અંગ નવ પૂર્વ નાશ પામ્યા. નિગોદમાં ચાલ્યો ગયો. નિગોદમાં અક્ષરના અનંતમેં ભાગે રહી ગયો, એટલો ક્ષયોપશમ, પણ એ ક્ષયોપશમ સ્વનો ક્યાં હતો? પરાશ્રય હતો, તે પણ કલ્યાણનું કારણ નથી. અગિયાર અંગ અને નવ પૂર્વનો ક્ષયોપશમ પણ કલ્યાણનું કારણ નથી. સમજાણું કાંઈ? કેમકે પરાશ્રય છે.

ભગવાનઆત્મા જ્ઞાનમૂર્તિમાં એકાગ્ર થઈને તેમાંથી જ્ઞાનનો કણ કાઢવો. જ્ઞાનનો કણ!

www.vitragvani.com



લ્યો, વળી કણ યાદ આવ્યો. છે ને 'પરમાર્થ વચનિકા'માં? સ્વરૂપની કણિકા જાગી, એવો પાઠ છે. સ્વરૂપની કણિકા જાગી. દૃષ્ટિ અને જ્ઞાનથી સ્વરૂપની ચારિત્રનો અંશ કણિકા જાગી. (તે) મોક્ષમાર્ગ છે, નહિતર મોક્ષમાર્ગ નથી. 'પરમાર્થ વચનિકા', 'બનારસીદાસ'. 'બનારસીદાસ' મહા પંડિત! યથાર્થ તત્ત્વ (કહ્યું છે). વર્તમાન પંડિતો ઉપર બહુ માન નહિ. અમે તો બધા પંડિતોને જાણીએ છીએ, એ તો એક જ પંડિત છે. અમે તો બધા શાસ્ત્રને જાણીએ છીએ, અમે તો બધા કરતાં મોટા. શાસ્ત્રથી મોટો શું છે? નવ પૂર્વ ભણ્યો એમાં મોટો શું આવ્યો?

અહીં તો કહે છે, 'સમ્યગ્દર્શનના સ્વામી છે...' જુઓ! 'पहाण'નો અર્થ કર્યો છે. પ્રધાન કીધું ને? પ્રધાન. સમ્યક્ સ્વરૂપ ભગવાનઆત્મા પૂર્ણ તત્ત્વ શુદ્ધ તત્ત્વ, તેમાં અંતર્મુખ થઈને જેણે સ્વઆશ્રય સમ્યગ્દર્શન પ્રગટ કર્યું તે જ જગતમાં પ્રધાન અથવા સ્વામી અથવા 'बुहु', એ જ પંડિત છે. એણે બધું જાણ્યું, એમ કહે છે. તેણે બધું જાણ્યું. 'એક જાણ્યે સબ હોત હૈ, સબસે એક ન હોય' આહાહા..! તેને તો કેવળજ્ઞાન આવશે. કેવળજ્ઞાનની પર્યાય જ્ઞાનગુણમાં પડી છે. જ્ઞાનગુણમાં અનંતી પર્યાય પડી છે. કેવળજ્ઞાનની અનંતી પર્યાય, સાદિ અનંત પર્યાય જેટલી છે તે બધી જ્ઞાનમાં પડી છે. એવા જ્ઞાયકની દૃષ્ટિ થઈ (તો) કેવળજ્ઞાન લાવશે, લાવશે અને લાવશે. એકાદ-બે ભવમાં કેવળજ્ઞાન લીધે છૂટકો. તેનું કેવળજ્ઞાન ફરે નહિ. એવી ચીજ છે. તેની સાક્ષી તો આત્મા દે કે કોઈ આપે? સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, ભગવાનઆત્મા સમ્યગ્દર્શન જેને પ્રધાન છે, જેની દૃષ્ટિમાં આત્મા પ્રધાનપણે પ્રતીતમાં, જ્ઞાનમાં વર્તે છે તે જ જગતમાં સ્વામી, સાચો પ્રધાન પુરુષ કહેવામાં આવે છે. પ્રધાન લીધું ને? 'सम्मत्त-पहाण बुहु सो, तइलोय-पहाणु' 'તે જ ત્રણલોકમાં પ્રધાન છે.' 'રત્નકરંડ શ્રાવકાચાર'માં બહુ લીધું છે. સમકિત તો કરણધાર છે, કરણમાં આધાર છે. એ સમકિત વિના જ્ઞાન, ચારિત્ર, વ્રત બધું ફોગટ છે, પથરા જેવા છે. રત્નની, ચૈતન્યરત્નની દૃષ્ટિ પોતાના નિર્વિકલ્પ સ્વરૂપનું ભાન ન થયું ત્યાં સુધી તેને જ્ઞાન કહેવામાં આવતું નથી.

'ત્રણલોકમાં પ્રધાન છે.' ત્રણલોકમાં પ્રધાન! ઓહોહો..! 'લેશ ન સંયમ' આવે છે ને? 'છ ઢાળા'માં નથી આવતું? 'પૈ સુરનાથ જજૈ હૈં.' સમ્યગ્દર્શન 'લેશ ન સંયમ છતાં સૂરનાથ જજૈ હૈં.' ગરિમા છે જ નહિ, સ્વભાવમાં જ છે. આ ભગવાનઆત્મા ઉપર દૃષ્ટિ પડે તેમાં જ રહ્યો છે. રાગ આવે છે તેમાં રહ્યો છે? તેમાં પોતાની રુચિ છે? ત્યાં છે?

ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપી ચિદાનંદ દૃષ્ટિમાં અનુભવમાં આવ્યો તો કહે છે કે, ત્રણલોકમાં સમ્યગ્દૃષ્ટિ પ્રધાન છે અને 'सासय सुक्ख णिहाणु केवण-णाण वि लहु लहइ'. 'અવિનાશી સુખનું નિધાન...' અવિનાશી સુખનું નિધાન કેવળજ્ઞાન, હોં! પર્યાયની વાત છે. અવિનાશી સુખની પર્યાયનું નિધાન કેવળજ્ઞાન, એ કેવળજ્ઞાનને શીઘ્ર જ પ્રાપ્ત કરી લે છે. કેવળજ્ઞાનને તો બોલાવે છે, સમ્યગ્જ્ઞાન, મતિજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે. સમજાણું કાંઈ? ગણધરને પણ સર્વજ્ઞના પુત્ર કહ્યા છે. સર્વજ્ઞના પુત્ર! ઇસુ કહે છે કે, ઈશ્વરનો પુત્ર. આ

www.vitragvani.com



તો કહે છે, અંદર સર્વજ્ઞનો પુત્ર છે. આહાહા..! એમ અહીંયાં સમ્યગ્દષ્ટિ લઘુનંદન છે. છે કે નહિ? 'તે જગમાંહિ જિનેશ્વર કે લઘુનંદન, તે જગમાંહિ જિનેશ્વર કે લઘુનંદન.' આવે છે ને? 'ભેદવિજ્ઞાન જગ્યો જિનકે ઘટ, શીતલ ચિત્ત ભયો જિમ ચંદન, કેલિ કરે સિવમારગ માહિ, જગમાંહિ જિનેશ્વર કે લઘુનંદન.' આહાહા..! ત્યાં ગણધરને સર્વજ્ઞના પુત્ર કહ્યા, અહીં તો સમકિતીને કેવળજ્ઞાનના પુત્ર કહ્યા. લઘુનંદન. સાધુ મોટા નંદન છે. સમકિતી લઘુનંદન છે. પોતાનું સર્વસ્વ આખો ચૈતન્યપ્રભુમાં દૃષ્ટિ કરી, તેના આશ્રયે જ્યાં પ્રભુત્વ પ્રગટ થયું તો તે કેવળજ્ઞાનનો લઘુનંદન જ છે. આહાહા..! એવી અંતરમાં જ્યાં સુધી કિંમત ન આવે અને પોતાના ક્ષયોપશમજ્ઞાનની... સમજાણું કાંઈ? કે કોઈ રાગની મંદતાની અધિકતા દૃષ્ટિમાં રહે અને સમ્યગ્દષ્ટિને કે જેને પોતાના સ્વરૂપની દૃષ્ટિ છે તેની અધિકતા, પોતાથી ભિન્ન અધિક છે એવું બહુમાન ન આવે ત્યાં સુધી તેને સ્વદ્રવ્યનો આશ્રયભાવ પ્રગટ થતો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'યોગસાર'! 'સમ્યગ્દર્શન સર્વ ગુણોમાં પ્રધાન છે.' હવે થોડો વિસ્તાર કરશે. સર્વ ગુણોમાં મુખ્ય મૂળ તો એ છે. 'દંસણ મૂલો ધમ્મો'. ભગવાન 'કુંદકુંદાચાર્યદેવ'નું વાક્ય છે. અહીં ચાર વાક્ય લખ્યા છે. 'દંસણ મૂલો ધમ્મો', 'દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ', 'દર્શનશુદ્ધિથી આત્મસિદ્ધિ', અહીંયાં 'પૂર્ણતાને લક્ષે શરૂઆત તે વાસ્તવિક શરૂઆત.' ચાર ચાકળા છે, ચાર. સમજાણું કાંઈ? 'દંસણ મૂલો ધમ્મો'. ધર્મ ભલે ચારિત્ર, પણ તેનું મૂળ તો દર્શન છે. '...' જ્યાં મૂળ જ નથી ત્યાં વૃક્ષ કેવું? જ્ઞાન કેવું? તપ કેવું? નિર્જરા કેવી? સમજાણું કાંઈ?

કહે છે, 'સમ્યગ્દર્શન સર્વ ગુણોમાં પ્રધાન છે. એ હોતાં જ્ઞાન સમ્યગ્જ્ઞાન અને ચારિત્ર સમ્યક્ચારિત્ર થઈ જાય છે. જેમ એકના અંક સહિત મીંડું સફળ થાય છે.' એક અંક હોય તો મીંડું સફળ છે. નવને વધારી દે છે. તો એ અંકની પ્રધાનતા છે, મીંડાની પ્રધાનતા નથી. અસંખ્યાત અનંત મીંડા હોય (પણ) એક વિના આંકડો કેવી રીતે કરવો? મીંડી વિના સફળ નથી નહિં તો નિષ્ફળ છે. 'તેના વિના નિષ્ફળ રહે છે તેમ સમ્યક્ત્વ સહિત જ્ઞાન અને ચારિત્ર મોક્ષ તરફ લઈ જાય છે.' કેમકે પોતાના દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ સ્વસન્મુખ સ્વઆશ્રયે થઈ તે જ દર્શન સ્વસન્મુખમાં લઈ જવાનું કારણ છે, તે જ દૃષ્ટિ સ્વસન્મુખમાં લઈ જવાનું કારણ છે. કારણ કે સ્વસન્મુખમાં લઈ જતાં, લઈ જતાં કેવળજ્ઞાન થઈ જશે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં વ્યવહારથી, વિકલ્પથી પણ એ તો મુક્ત છે. વ્યવહાર છે ખરો, હોય છે પણ સમ્યગ્દર્શનનું ધ્યેય તો સ્વરૂપમાં છે, દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે, પર્યાયનું પરિણમન દ્રવ્ય ઉપર થઈ ગયું છે. એ રાગથી તો મુક્ત છે.

એ સમ્યગ્દષ્ટિ ક્રમે ક્રમે મોક્ષ તરફ લઈ જનાર છે. અર્થાત્ અબંધ પરિણામની ઉગ્રતા તરફ લઈ જનાર સમ્યગ્દર્શન છે. બંધ પરિણામ તરફથી છૂટે છે, અબંધ પરિણામ તરફ લઈ જનાર છે. આહાહા..! કેમકે અબંધસ્વભાવી દ્રવ્ય, અબંધસ્વભાવી દ્રવ્ય દૃષ્ટિમાં આવ્યું

www.vitragvani.com



તો અબંધસ્વભાવી પરિણામ પણ તેની સન્મુખ ચાલ્યું જાય છે. અબંધસ્વભાવી પરિણામ કહો કે મોક્ષનો માર્ગ કહો, મોક્ષમાર્ગ કહો કે અબંધ પરિણામ કહો (એકાર્થ છે). જ્યારે સમ્યગ્દર્શન અબંધસ્વભાવી દ્રવ્યના આશ્રયે ઉત્પન્ન થયું તો એ ક્રમે ક્રમે અબંધ પરિણામ તરફ જ ઝુકે છે. કેવળજ્ઞાન સુધી લઈ જાય છે. સમજાણું કાંઈ?

'જો સમ્યક્ત્વ ન હોય તો કેવળ પુણ્ય બાંધીને સંસારભ્રમણના જ કારણ છે.' સ્વનો આશ્રય થયો નહિ અને એકલા પરના આશ્રયે દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ કરે છે (તો) પુણ્ય છે, સંસારનું કારણ છે. બંધનું કારણ કહો કે પરનો આશ્રય રખડવાનું કારણ છે. 'જેમ મૂળ વિના વૃક્ષ નથી,...' મૂળ વિના વૃક્ષ હોય છે? 'પાયા વિના ઘર નથી. તેવી જ રીતે સમ્યક્ત્વના બીજ વિના ધર્મરૂપી વૃક્ષ ઉગતું નથી.' કહો, સમજાણું કાંઈ? 'જેને અનેક શાસ્ત્રોનું જ્ઞાન હોય, પરંતુ સમ્યક્ત્વ ન હોય તો તે જ્ઞાની પંડિત નથી.' ઓહોહો..! એક દેડકું આત્માનો આશ્રય કરીને આ આનંદ છે... નવ તત્ત્વના શબ્દોનો ખ્યાલ નથી, (પરંતુ) આ અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે, આ એનાથી વિરુદ્ધ જે રાગાદિ છે તે આનંદની જાત નથી, દુઃખ છે. બસ! એમાં બધી આવી ગયું. આનંદનું પૂર્ણ સ્વરૂપ તે જીવ છે, તેનાથી વિરુદ્ધ તે અજીવ છે. આનંદ તરફની રુચિ, પ્રીતિનું પરિણમન થયું તે સંવર, નિર્જરા છે. તેનાથી રાગ (વિપરીત છે), તે આસ્રવ, બંધનું જ્ઞાન થયું. સમજાણું કાંઈ? શબ્દોની કાંઈ જરૂર નથી, ત્યાં ભાવની જરૂર છે. આહાહા..!

ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો સ્પર્શ થયો તો નવ તત્ત્વનું જ્ઞાન થઈ ગયું. સમજાણું કાંઈ? અતીન્દ્રિય આનંદની રુચિ, ભાસ થયું, વેદન થયું તો આખો આત્મા અતીન્દ્રિય આનંદમય છે તે જીવ થયો. એ પર્યાય પ્રગટ થઈ તે સંવર, નિર્જરા થયા. તેનાથી વિરુદ્ધ જેટલા આ પુણ્ય-પાપના વિકલ્પ આકુળતા છે, તે આનંદની જાત નથી, તેનું જ્ઞાન થઈ ગયું. અને આ દ્રવ્યથી વિરુદ્ધ બીજા દ્રવ્ય છે, આ આનંદમૂર્તિ પૂર્ણ છે તેનાથી વિરુદ્ધ છે તે બધા અજીવ છે.

મુમુક્ષુ :– આવી વિદ્યા ક્યાંથી યાદ રાખવી?

ઉત્તર :– આ આવી ને, જુઓને! આ કહીએ છીએ ને, શું કહીએ છીએ? વિદ્યા શું ત્યાં કંઈ ગોખવું છે? શબ્દો ગોખવા છે? અંતર્મુખની દૃષ્ટિ થઈ ત્યાં સર્વસ્વ થયું. એ પાઠ તો ચાલે છે. 'પાટણીજી'! આહાહા..! સમજાણું કાંઈ?

'સમ્યક્ત્વ ન હોય તો તે જ્ઞાની પંડિત નથી. સમ્યક્ત્વ હોય તો જ તે જ્ઞાની છે. તેનું શાસ્ત્રજ્ઞાન સફળ છે. બાર અંગની વાણીનો સાર એ જ છે કે પોતાના આત્માને પર દ્રવ્યોથી અને પર ભાવોથી ભિન્ન...' પરદ્રવ્યથી અને પરદ્રવ્યના લક્ષે ઉત્પન્ન થયેલા ભાવ, તેનાથી 'ભિન્ન શુદ્ધ દ્રવ્ય જાણે...' એકલો પ્રભુ શુદ્ધસ્વરૂપી જાણે. સમજાણું કાંઈ?

ત્યાં એ કહ્યું ને? છઠ્ઠી ગાથામાં એ કહ્યું, પરદ્રવ્યથી ભિન્ન 'उपास्यमानः' એવો શુદ્ધ કહેવામાં આવે છે. એ ('સમયસાર'ની) છઠ્ઠી ગાથા. 'ण वि होदि अप्पमत्तो ण पमत्तो'

www.vitragvani.com



પરદ્રવ્યથી ભિન્ન. 'उपास्यमानः' કેમકે પરદ્રવ્યથી લક્ષ છોડીને અહીંયાં ઉપાસ્યમાન થયો તો શુદ્ધતા પ્રગટ થઈ, શુદ્ધતા પ્રગટ થઈ તો આ આખો (આત્મા) શુદ્ધ છે, તેને (માટે) શુદ્ધ છે. શુદ્ધ પર્યાય પ્રગટ ન થાય તો એ શુદ્ધ દ્રવ્ય ક્યાંથી આવ્યું? ત્યાં એમ કહે છે. 'उपास्यमानः' તેને કહે છે. સમજાણું કાંઈ? પોતાનો આત્મા શુદ્ધ છે.

**'ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो। एवं भणंति सुद्धं'** આ શુદ્ધ છે એમ કોને થયું? જેને પરદ્રવ્યનું લક્ષ, આશ્રય છોડીને પોતા તરફનું ઉપાસ્યમાન થયું તો પર્યાયે દ્રવ્યની સેવા કરી, તો પર્યાયમાં શુદ્ધતા પ્રગટી, એ શુદ્ધતાથી જાણ્યું કે, આ શુદ્ધ છે. શુદ્ધ તો ત્રિકાળ દ્રવ્ય શુદ્ધ છે. સમજાણું કાંઈ? ત્યારે ત્રિકાળ દ્રવ્ય શુદ્ધ છે. પર્યાયના વેદન વિના આ શુદ્ધ છે, એ ક્યાંથી આવ્યું? ત્યાં એમ કહે છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા જ્ઞાયક શુદ્ધ. પણ એ શુદ્ધના ભાન વિના પરદ્રવ્યથી હટીને નિજ દ્રવ્યનો આશ્રય લીધો તો આશ્રયની પર્યાયમાં શુદ્ધતા આવી અને શુદ્ધતા દ્વારા (જાણ્યું કે) આ દ્રવ્ય શુદ્ધ છે. ત્રિકાળ દ્રવ્ય શુદ્ધ છે, આ ત્રિકાળ દ્રવ્ય શુદ્ધ જ છે. સમજાણું કાંઈ?

એ બાર અંગની વાણીનો સાર એ છે કે 'પર ભાવોથી ભિન્ન શુદ્ધ દ્રવ્ય જાણે...' નહિતર તો વસ્તુ, દ્રવ્ય તો શુદ્ધ જ છે, પણ શુદ્ધ છે એવો ભાસ આવ્યા વિના શુદ્ધ કોણે માન્યું? સમજાણું કાંઈ? આ ત્રિકાળ શુદ્ધ છે, પણ ત્રિકાળ શુદ્ધ છે તે કંઈ વાણીનો વિષય છે? શું ધારણાનો વિષય છે? આ શુદ્ધ છે. પરદ્રવ્યનું લક્ષ, વ્યવહારનું (લક્ષ) એટલે પરાશ્રય છોડીને સ્વદ્રવ્યનો આશ્રય લીધો તો સમ્યગ્દર્શન, જ્ઞાનની શુદ્ધતા થઈ તે દ્વારા (જાણ્યું કે) આ આખો શુદ્ધ છે. તેને શુદ્ધ છે, તેને દ્રવ્ય શુદ્ધ છે. સમજાણું કાંઈ? પરદ્રવ્યના આશ્રયે અશુદ્ધતાનું સેવન છે અને આ દ્રવ્ય શુદ્ધ છે એમ ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સર્વજ્ઞ ભગવાન જાણે છે કે દ્રવ્ય શુદ્ધ છે.

ઉત્તર :- સર્વજ્ઞ ભગવાન જાણે એમાં આને શું આવ્યું? ભગવાન તો જાણે છે. 'પ્રભુ તુમ જાણગ રીતિ, સૌ જગ દેખતા હો લાલ.. પ્રભુ તુમ જાણગ રીતિ, સૌ જગ દેખતા હો લાલ.. નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા હો લાલ..' હે નાથ! આપની જાણવાની રીતિમાં દરેક આત્મા સત્તાએ શુદ્ધ છે એમ આપ દેખો છો. કેમકે પુણ્ય-પાપ છે તે કંઈ આત્મા નથી. કર્મ, શરીર અજીવ છે, પુણ્ય-પાપ આસ્રવ છે. ભગવાન જોવે છે-'પ્રભુ તુમ જાણગ રીતિ, સૌ જગ દેખતા, નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા..' આખા દ્રવ્યને-આત્માને ભગવાન શુદ્ધ જ દેખે છે, પણ એ જોવે છે. તારા જાણવામાં આવ્યા વિના તને શુદ્ધ ક્યાંથી આવ્યો? એમ કહે છે. આહાહા..! હેં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, બધાને દેખે છે. પણ આત્માને શુદ્ધ જોવે છે, એમ કહે છે. ભગવાન આત્માને શુદ્ધ જોવે છે. આ તો જોવે છે પણ ઓલું તો પર છે, એ આત્મા નથી. સમજાણું

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કાંઈ? કેવળજ્ઞાની આત્માને કેવો જોવે છે? બધા આત્માને. આત્માને જોવે છે, તો આત્મા શું છે? આત્મા શુદ્ધ છે. રાગને જોવે છે તો આસ્રવતત્ત્વને જોવે છે. કર્મ, શરીરને જોવે છે તો અજીવતત્ત્વને જોવે છે. આત્મા શું? તમારામાં એવો આત્મા જોયો છે, ભગવાન સર્વ આત્માને શુદ્ધ જ જોવે છે. રાગને જોવે છે એ આત્મા નથી, એમ જોવે છે. એને તો અનાત્મા તરીકે ભગવાન જોવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

એક સમયની પર્યાય જોવે છે, રાગાદિની એક એક સમયની પર્યાય (જોવે છે). જડની પર્યાય એક એક સમયની (જોવે છે). ત્રણકાળ ત્રણલોકના અવિભાગ પ્રતિચ્છેદ એક એક ભિન્ન ભિન્ન કરીને જોવે છે. પણ આત્મા જોવે છે એનો અર્થ શું? આત્મા કોને કહેવો? શું પુણ્ય-પાપને આત્મા કહેવો? સાત તત્ત્વમાં એ તત્ત્વ તો ભિન્ન છે. સાત તત્ત્વ છે કે નહિ? તો શરીર, વાણી, કર્મ અજીવતત્ત્વમાં આવ્યા. પુણ્ય-પાપતત્ત્વ આસ્રવતત્ત્વમાં આવ્યા. તો આત્મા શું?

આત્મતત્ત્વમાં આસ્રવતત્ત્વનો અભાવ છે, આસ્રવતત્ત્વમાં આત્માનો અભાવ છે. અજીવમાં આસ્રવનો અભાવ છે. એમાં તો બહુ મોટી વાત છે. કર્મના ઉદયથી આસ્રવ થાય છે એમ કહો તો કર્મનો ઉદય અજીવપર્યાય છે. અજીવપર્યાય છે તો આસ્રવતત્ત્વ (અને અજીવતત્ત્વ) બે એક થઈ જાય છે. અજીવ અજીવપણે ભગવાન જોવે છે અને આસ્રવને આસ્રવપણે જોવે છે. તેને કારણે આસ્રવ અને આસ્રવને કારણે અજીવ છે, એમ નથી. અને આસ્રવ છે તો આત્મા છે અને આત્મા છે તો આસ્રવ છે, એમ નથી. સમજાણું કાંઈ? આ તો સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગમાર્ગ એટલે ચારે બાજુથી વસ્તુને જોવો તો સત્ય જ ઊભું થાય છે. એક જ પ્રકાર ઊભો થાય છે. ચારે બાજુથી જુઓ, હોં! વસ્તુ સત્ય છે તો એમાં બીજું શું નીકળે? સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ? 'સુભાષચંદજી'! આહાહા..!

'પ્રભુ તુમ જાણગ રીતિ..' પણ એ તો એ જાણે છે. ઇ જ કહે છે ને કે, ભગવાને જાણ્યું. ભગવાને જાણ્યું એમાં તને શું? ભગવાન તો ત્રણકાળ ત્રણલોક, સામાન્ય અને વિશેષ, એક એક સમયમાં અનંતા અવિભાગ પ્રતિચ્છેદ ભિન્ન ભિન્ન ભગવાન જાણે છે. દિવ્યજ્ઞાન કોને કહે? ઓહોહો..! જેની જ્ઞાનપર્યાય એકલી નિરાવરણ નિર્મળાનંદ થઈ ગઈ. લોકાલોક શું તેનાથી અનંતગુણું હોય તો જાણવાની તાકાત છે. સ્વભાવની મર્યાદા શું? જ્ઞાનની એક સમયની પર્યાય સ્વભાવ છે. સ્વભાવમાં માપ નથી, સ્વભાવમાં હદ નથી. અમાપ.. અમાપ.. અમાપ.. આનાથી અનંતગુણા લોકાલોક હોય તો એક સમયમાં જાણવાની સહજ તાકાત છે. સમજાણું કાંઈ?

'પરમાત્મ પ્રકાશ'માં દૃષ્ટાંત આવ્યું હતું ને? વેલડીનું દૃષ્ટાંત આપ્યું છે. વેલડી કહે છે? લતા. જ્યાં સુધી વાંસ છે ત્યાં સુધી વેલ ચાલે છે, પછી ન ચાલી એટલે એની તાકાત નથી એમ નહિ. વાંસ છે ત્યાં સુધી ચાલી પછી એમ ને એમ ઉપર ચડે છે. એમ ભગવાન

જ્ઞાનમાં લોકાલોકનો મંડપ એટલો દેખાય છે માટે શક્તિ એટલી છે, એમ નહિ. ભગવાન! એ સ્વભાવની મર્યાદા નથી. આહાહા..! સ્વભાવ કોને કહે! પરમાણુનો સ્વભાવ કોને કહે? ઓહોહો..! એક સમયમાં પરમાણુ એક પ્રદેશથી બીજા પ્રદેશે ગતિ કરે છે, બીજા સમયે ચૌદ બ્રહ્માંડ ગતિ કરે છે, કારણ શું? કારણ શું? દ્રવ્ય-ગુણ કારણ છે? એ તો ત્રિકાળ પડ્યા છે. કાળ કારણ છે? કાલકરણા લખ્યું છે. 'પંચાસ્તિકાય'માં લખ્યું છે-કાલકરણા. પુદ્ગલ. અને જીવને પુદ્ગલ કરણા. એ હો. લાવો સિદ્ધાંત. એક રજકણ પરમાણુ પોઈન્ટ એક સમયમાં આટલો જાય, બીજે સમયે ચૌદ બ્રહ્માંડ ચાલ્યો જાય. કારણ કોણ? કારણ શું, એ પર્યાયનો સ્વતઃ સ્વભાવ છે. દ્રવ્ય-ગુણને કારણે નહિ. દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ પડ્યા છે. પહેલા પણ એક સમય ચાલ્યો ત્યારે દ્રવ્ય-ગુણ પડ્યા છે. કાળ તો નિમિત્ત છે. કાળ કરાવી દે છે એને? શું છે? ભગવાન! સ્વભાવની ચીજ જ એવી છે.

'પંચાસ્તિકાય'માં કહ્યું છે, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય લોક પર્યંત છે. પછી આકાશ (છે). 'લોકસ્વભાવ' એમ આવ્યું છે. લોકનો સ્વભાવ સાંભળનારને ભગવાને આમ કહ્યું છે. લોકનો સ્વભાવ, આવે છે કે નહિ? 'લોકસ્વભાવ' આવે છે. આચાર્યોએ તો ઘણું નાખ્યું છે, બહુ સ્પષ્ટ કર્યું છે. ઓહો..! કારણ શું? લાવો, બતાવો. એક પરમાણુ બીજે સમયે ચૌદ બ્રહ્માંડ જાય. પહેલા નીચે હોય, તદ્દન તળિયે, હોં! સાતમી નરકે. અને ત્યાંથી એક પ્રદેશ આમ ઊંચો આવે, બસ! એટલું. એક પ્રદેશથી બીજા પ્રદેશે. બીજે સમયે ત્યાંથી ઠેઠ સિદ્ધ (શિલા સુધી જાય). કારણ કોણ? કારણ કાઢો. કોઈ કારણ બતાવો. ન્યાયથી તો વિચાર કરવો પડશે કે નહિ?

મુમુક્ષુ :- તે વખતનો કાળ બળવાન.

ઉત્તર :- કાળ શું બળવાન? એ.. પંડિતજી! ભગવાન! એ સ્વભાવની અચિંત્યતા છે પ્રભુ! જડની એક સમયની અચિંત્યતા એવી તો આત્માના એક સમયના જ્ઞાનની પર્યાયની અચિંત્યતાની વાત શું કરવી!

મુમુક્ષુ :- એમ માને તો નિમિત્તનું જોર ચાલ્યું જાય છે.

ઉત્તર :- ભાઈ! નિમિત્ત છે. કોણ ના પાડે છે? પણ નિમિત્ત નિમિત્તના ઘરમાં છે. શું અહીંયાં ગરી ગયું છે? ને એના કારણે આ પર્યાય છે? નિમિત્ત પહેલા નહોતું? પછી નિમિત્તમાં શું થયું? એક સમયમાં ચૌદ બ્રહ્માંડ ચાલ્યો તો કારણ શું? લાવો, બતાવો. નિમિત્ત કહો, તો નિમિત્ત કોણ છે? નિમિત્ત તો સદાય એકસરખું પડ્યું છે. ભગવાન! એમ ન હોય. એ સ્વભાવની મહિમા આવવી જોઈએ. ઓહો..હો..! જેને જ્ઞાન નથી, અને બીજે સમયે એક સમયમાં ચૌદ બ્રહ્માંડ ચાલ્યો જાય. સમજ્યા? ગતિની ઉગ્રતાનો પોતાનો સ્વભાવ (છે).

આ તો કેવળજ્ઞાનની એક સમયની પર્યાય કોને ન જાણે? આહાહા..! એક સમયની, હોં! પરમાણુ એક સમયમાં આમ ચાલ્યો જાય. આ તો ત્રણકાળ ત્રણલોક અનંતગુણા હોય

www.vitragvani.com



(તોપણ જાણે).

હા, ઇ કાલે કહેતા હતા. જુઓ! એક સમયના આટલા ભાગ પડી ગયા, એમ 'રતનચંદજી'એ કહ્યું. ચૌદબ્રહ્માંડનું ચાલ્યું ને? પંડિતજી! તો એક સમયમાં આટલા ભાગ પડ્યા. અરે..! ભગવાન! ભાગ નહિ. અરે.. ભાઈ! એ તો એની એક સમયની ગતિની ઉગ્રતાનો સ્વભાવ છે. સમયનો શું ભાગ પડે? સમયનો ભાગ પડે છે? સમજાણું કાંઈ?

અહીં કહે છે, ભગવાનઆત્મા 'પર દ્રવ્યોથી અને પર ભાવોથી ભિન્ન શુદ્ધ દ્રવ્ય જાણે અને શંકારહિત વિશ્વાસમાં લાવે એ જ નિશ્ચય સમ્યગ્દર્શન છે.' એ કોઈ બહારની ચીજ છે? એનો આત્મા કબુલ કરવો જોઈએ ને! માનો, પણ કઈ રીતે માનવું? સસલાના શીંગડા માનો, પણ છે જ નહિ, કેવી રીતે માને? જે ચીજ છે તેનો આશ્રય કરી યથાર્થ નિઃશંક થયો. ઓ..હો..! આ ભગવાનઆત્મા અનંત કેવળજ્ઞાનનું પેટ પડ્યું છે. એની પર્યાય ત્રણકાળ ત્રણલોક જાણે, તેનાથી પણ અનંતગુણું જાણે. એવી એવી અનંતગુણી પર્યાય એક જ્ઞાનગુણમાં પડી છે. એવા સ્વદ્રવ્યની દૃષ્ટિ થઈ તો કહે છે કે, તેનું નામ નિશ્ચય સમ્યગ્દર્શન છે. એ ચોથેથી હોય છે, હોં! અત્યારે કહે છે કે, ચોથે, પાંચમે, છઠ્ઠે વ્યવહાર સમ્યગ્દર્શન હોય, બાકી નહિ. અરે..! ભગવાન! ચોથેથી છે, પ્રભુ! તું શું કરે છે?

મુમુક્ષુ :– આઠ કર્મ જોર કરે છે.

ઉત્તર :– જોર-બોર એને ઘરે રહ્યું. કર્મનું જોર એને ઘરે. એના ઘરમાં જોર ઘૂસી જાય છે? સમજાણું કાંઈ?

'ત્રણ લોકની સંપદા સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સામે કાંઈ હિસાબમાં નથી.' ત્રણ લોકની સંપદા શું પણ ધૂળ છે. સમજ્યા? એક સમયમાં જાણવા લાયક છે, આદરવા લાયક ક્યાં ત્રણલોકની સંપદા છે? 'એક નીચ ચાંડાળ પુરુષ જો સમ્યગ્દર્શન સહિત હોય તે પૂજનીય દેવ છે...' પંડિતજી! 'રત્નકરંડ શ્રાવકાચાર'માં આવ્યું છે ને? ભસ્મથી ઢંકાયેલો અગ્નિ. ભસ્મથી ઢંકાયેલો અગ્નિ છે, અગ્નિ છે. જાજ્વલ્યમાન અગ્નિ છે. આહાહા..! ચંડાળ દેવ છે. સમ્યગ્દર્શનની શું મહિમા છે તેને લોકો સમજતા નથી. દ્રવ્યની તો વાત જ શું કરવી! ઓહો..! એવી સમ્યગ્દર્શનની પર્યાય જેમાં અનંતી પડી છે. સમ્યગ્દર્શન પર્યાય પ્રગટ થઈ તો અનંત અનંત અનંત સદાય રહે છે કે નહિ? સાદિઅનંત. ભલે એ પર્યાય નહિ, પણ સાદિઅનંત પર્યાય છે એ બધી અંદર શ્રદ્ધામાં પડી છે. દ્રવ્યની તો વાત શું કરવી! કહે છે કે, સમ્યગ્દર્શનની મહિમા.. એ પૂજનીય દેવ, ચંડાળ પુરુષ પણ.. ઓહો..! અલ્પકાળમાં એ ચારિત્ર ધારણ કરશે. ચંડાળ પણ મુક્તિ લેશે.

'પરંતુ એક નવમી ગ્રૈવેયકનો અહમિન્દ્ર સમ્યગ્દર્શન વિના પૂજ્ય નથી.' નવમી ગ્રૈવેયક ચાલ્યો જાય એટલી ક્રિયા (પાળે). ચામડા ઉતરડીને ખાર છાંટે (તોપણ) ક્રોધ ન કરે. બીજા દેવલોકની ઇન્દ્રાણી આવે તોપણ ચળે નહિ. એમાં શું થયું? સ્વદ્રવ્યની દૃષ્ટિ થયા વિના નવમી

www.vitragvani.com



ગ્રૈવેયકનો દેવ પણ પૂજ્ય નથી. નવમી ગ્રૈવેયક, ૩૧ સાગર, અહમિન્દ્ર બધા સરખા. અહમ્ અહમ્ અહમ્ ઇન્દ્ર બધા સરખા, પણ એ પૂજ્ય નથી. આહાહા..! ભાઈ! ભગવાનઆત્માની મહિમા છે. આત્માની મહિમાની જ્યાં દૃષ્ટિ થઈ તેની શું મહિમા કહેવી!

'એક ગૃહસ્થ સમ્યગ્દર્શન સહિત હોય તો તે એવા મુનિ કરતાં ઉત્તમ છે...' એ તો આવ્યું ને? ... બસ! એ. 'મિથ્યાદર્શન સહિત વ્યવહાર ચારિત્રનું પાલન કરે છે. સમ્યગ્દર્શન સહિત નરકનો વાસ પણ ઉત્તમ છે, સમ્યગ્દર્શન રહિત સ્વર્ગનો વાસ પણ બરાબર નથી.' આહાહા..! પહેલું સમ્યગ્દર્શન એટલે દ્રવ્યમોક્ષ, દ્રવ્યનો મોક્ષ મોક્ષ થઈ ગયો. સમજ્યા? 'અમૃતચંદ્રાચાર્યદેવ'ના કળશમાં 'मुक्तएव' આવે છે. સાંભળ તો ખરો. પણ ભાવમોક્ષની પર્યાય થોડી બાકી છે.

'સમ્યગ્દર્શનનું આટલું માહાત્મ્ય એટલા માટે કહેવામાં આવ્યું છે કે એની પ્રાપ્તિ થતાં અનાદિકાળનો અંધકાર મટી જાય છે અને પ્રકાશ થઈ જાય છે.' 'સબ આગમ ભેદ સુ ઉપર બસે' બધા આગમમાં શું કહ્યું છે તે તેના જ્ઞાનમાં આવી જાય છે. એને બહાર શોધવું પડતું નથી. બધા આગમનું રહસ્ય, ચૌદ પૂર્વમાં બાર અંગમાં શું કહેવું છે? કેમ છે? એ સમ્યગ્દર્શનમાં આવી જાય છે. 'જે સંસાર પ્રિય લાગતો હતો તે હવે ત્યાગવા યોગ્ય ભાસે છે.' અંધકાર ગયો, પ્રકાશ થયો, સંસાર આદરણીય હતો તે હવે છોડવા લાયક થઈ ગયો. આખો સંસાર, આખો સંસાર. જે ભાવે તીર્થંકર ગોત્ર બાંધે તે ભાવ પણ હેય છે.

'સાંસારિક ઇન્દ્રિયસુખ ગ્રહણ કરવા યોગ્ય ભાસતું હતું તે ત્યાગવા યોગ્ય ભાસે છે.' આહાહા..! અનાદિ મિથ્યાત્વમાં ઇન્દ્રિયના સુખમાં રુચિ હતી તે બધું હેય થઈ ગયું. પોતાનો અતીન્દ્રિય આનંદ-સુખ પોતામાં છે એવી રુચિમાં આખા આત્માનો આદર થઈ ગયો. ત્રણલોકના ઇન્દ્રિયસુખનો દૃષ્ટિમાં ત્યાગ થઈ ગયો. સમજાણું કાંઈ? 'જે અતીન્દ્રિય સ્વાધીન સુખની ખબર જ નહોતી તેનો પત્તો લાગી જાય છે અને તેનો સ્વાદ પણ આવવા લાગે છે.' સર્વ ગુણાંશ તે સમકિત. અનંત ગુણનો પિંડ તે દ્રવ્ય. અને દ્રવ્યની રુચિથી જ્યાં અંતર પરિણમન થયું તો સર્વ ગુણનો અંશ વ્યક્તિપણે પ્રગટ ન થાય તો સર્વ ગુણાંશ, સર્વ ગુણના ધરનાર દ્રવ્યની દૃષ્ટિ થઈ ક્યાંથી? સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટી, આનંદની પર્યાય પ્રગટ થઈ, સ્વરૂપાચરણની પ્રગટ થઈ, સ્વચ્છતાની પ્રગટ થઈ, પ્રભુતાની પ્રગટ થઈ અને સ્વરૂપના કર્તા, કર્મ, કરણનો અંશ પણ પ્રગટ થયો. બધા ગુણનો અંશ પ્રગટ થયો.

'સમ્યગ્દૃષ્ટિને સાચું જ્ઞાન હોય છે કે મારું આત્મદ્રવ્ય પરમ શુદ્ધ જ્ઞાતાદૃષ્ટા પરમાત્મસ્વરૂપ છે. મારી સંપત્તિ મારા જ અવિનાશી જ્ઞાન, દર્શન, સુખ, વીર્યાદિ ગુણ છે.' (અજ્ઞાની જીવો) આ ધૂળની સંપદા માને. આ મિલ ને માલિક ને ધૂળ ને ફૂળ. મૂઢ છે. માલિક શેનો? પરચીજનો માલિક ક્યાંથી થયો? સહજાત્મસ્વરૂપ, સહજાત્મસ્વરૂપ ચૈતન્યસ્વામી. સહજાત્મસ્વરૂપ ચૈતન્યસ્વામી.

www.vitragvani.com



મુમુક્ષુ :– મિલમાલિક મૂઢ હશે?

ઉત્તર :– માને ઇ મૂઢ જ છે. વળી શું છે? મૂઢને શીંગડા ઉગે છે? પરવસ્તુનો સ્વામી તું ક્યાંથી થયો? એક ચીજના બે સ્વામી? એની પર્યાય અને દ્રવ્ય-ગુણનો તે સ્વામી અને તું પણ સ્વામી, એક ચીજના બે સ્વામી ક્યાંથી આવ્યા?

મુમુક્ષુ :– મિલમાલિક મોટા કહેવાય ને.

ઉત્તર :– ધૂળેય નથી. મોટા કોને કહેવા? અહીં તો સમ્યગ્દર્શન ચૈતન્યનો સ્વામી થયો તે મોટો થયો. એ.. 'મલૂકચંદભાઈ'! તમારા બે કરોડ ને ત્રણ કરોડનું કાંઈ નહિ.

મુમુક્ષુ :– અમારા માટે ગણતરી છે, આપના માટે નહિ.

ઉત્તર :– ધૂળમાંય ન્યાં ગણતરો નથી. બધા દુઃખીના ડાળિયા છે. આહાહા..!

'મારો અહંભાવ હવે મારા આત્મામાં છે અને મમકાર ભાવ મારા જ ગુણોમાં છે,...' હું આત્મા અને ગુણ મારા. એમ. આ ગુણ મારા, બીજું કોઈ મારું છે નહિ. 'પહેલાં હું કર્મજનિત મારી અવસ્થાઓને મારી માનતો હતો કે હું નારકી છું, તિર્યંચ છું, મનુષ્ય છું, દેવ છું, હું સુંદર છું,...' આ બધી માન્યતા ચાલી ગઈ. 'રોગી છું, નીરોગી છું, ક્રોધી છું,...' સુંદર છું. એ સુંદર તો જડની દશા છે, તું સુંદર ક્યાંથી આવ્યો? હું વક્તા છું. વક્તા જડની પર્યાય છે. વક્તા ક્યાંથી થયો? સમજાણું કાંઈ? બધાનું અભિમાન ચાલ્યું ગયું. હું વક્તા છું, બે કલાક બરાબર બોલી શકું છું, હોં! ભગવાન! તારી પાસે વાણી છે? તારી પાસે વિકલ્પ પણ નથી તો વાણી ક્યાંથી આવી? વક્તા તું છે? મૂઢ છો. એવી દૃષ્ટિ ખલાસ થઈ ગઈ. હું તો વક્તા પણ નથી ને મૌન પણ નથી, એ તો જડની ચીજ છે. સમજાણું કાંઈ?

નીરોગી, ક્રોધી, માની, માયાવી, લોભી, સ્ત્રી, પુરુષ, નપુંસક દેહની (સ્થિતિ છે), હું ક્યાં છું. ભયવાન, દુઃખી, સુખી, પુણ્યનો કર્તા, પાપનો કર્તા. લ્યો! બધું ચાલ્યું ગયું. એક ચૈતન્યરવિ–સૂર્ય ઉગ્યો, ચૈતન્યરવિ–સૂર્ય સમ્યગ્દર્શન થયું ત્યાં બધું અંધારુ ગયું. જરી રાગ છે, શુભભાવ, તીર્થંકર ગોત્ર બાંધે તેનો તો કર્તા થાય ને? સમ્યગ્દૃષ્ટિને જ એવો રાગ આવે છે, પણ એ રાગનો કર્તા નથી. આવી જાય છે, બંધાઈ જાય છે. પરોપકારી છું, અજ્ઞાની એમ માને છે, હું પરોપકારી છું. કોણ પરોપકારી છે? તું શું બીજાનું કાંઈ કરી શકે છે? દાની છું, તપસ્વી છું. તપસ્યા કરે છે, શરીરમાં બહુ તપસ્યા કરી. વિદ્વાન છું, લ્યો! એટલું જાણપણું છે કે, હજારો શાસ્ત્રો અમને પાણીના પૂરની જેમ યાદ છે. પાણીનું પૂર ચાલે ને આમ.. આમ? એમાં શું થયું? ભગવાન! એ તો બહારની સંપદા છે. હું વિદ્વાન છું, એ દૃષ્ટિ તો મૂઢ છે. આહાહા..! મૂરખ છું અને વિદ્વાન છું, બેય પર્યાયનો ધર્મ છે, આત્માને શું છે?

'વ્રતી છું,..' લ્યો! એક સમયની પર્યાય વ્રતી થઈ તેને પોતાની માને છે. 'શ્રાવક છું, મુનિ છું,...' એ પણ વર્તમાન પર્યાયનું અભિમાન છે. 'રાજા છું, પ્રધાન છું. એવી જ રીતે

www.vitragvani.com



પર વસ્તુઓને પોતાની માનીને મમકાર કરતો હતો કે મારું ધન છે, ખેતર છે, મકાન છે, ગામ છે, રાજ્ય છે, મારાં વસ્ત્ર છે, આભૂષણ છે,...' વગેરે ઘણી વાત લીધી છે. 'આવા અહંકાર-મમકારમાં આંધળો થઈને રાત દિવસ કર્મજનિત સંયોગોમાં જ ક્રીડા કર્યા કરતો હતો.' સમજાણું કાંઈ? 'ઇષ્ટના ગ્રહણ અને અનિષ્ટના ત્યાગમાં ઉદ્યમી હતો,...' કહો, અનુકૂળ હોય તો ઠીક, પ્રતિકૂળ હોય તો અઠીક, એવી દૃષ્ટિ મિથ્યાત્વમાં હતી. સમ્યગ્દર્શનમાં તો અનુકૂળ ઠીક અને પ્રતિકૂળ અઠીક એવું કાંઈ છે જ નહિ. કેટલો ત્યાગ થઈ ગયો, એમ કહે છે. સમ્યગ્દૃષ્ટિ આખા સંસારનો સન્યસ્ત છે. આહાહા..! આવી ગયું ને? આપણે આમાં આવી ગયું. સમ્યગ્દૃષ્ટિ સંન્યાસી છે, ખરો સંન્યાસી એ છે. રાગ વ્યવહાર પણ આદરણીય નહિ, પર આદરણીય નહિ એ બધાનો ત્યાગ થઈ ગયો (માટે) સન્યસ્ત એ છે. ભારે વાત, ભાઈ! જેનો આદર નહોતો, તેનો આદર થયો, જેનો આદર હતો તેનું જ્ઞાન થઈ ગયું, જ્ઞેય છે, બસ! ગુલાંટ ખાઈ ગઈ, દૃષ્ટિ ગુલાંટ ખાઈ ગઈ. આનું માહાત્મ્ય કોણ કરે! સમજાણું કાંઈ?

'અજ્ઞાનનો નાશ થતાં જ સમ્યગ્દૃષ્ટિને પરભાવોમાં અહંકાર અને પર પદાર્થોમાં મમકાર બિલકુલ દૂર થઈ જાય છે.' લો! 'જ્યાં સુધી તે ઘરમાં રહે છે ત્યાં સુધી કર્મોના ઉદયને ઉદય માનીને ગૃહસ્થને યોગ્ય બધી લૌકિક ક્રિયાને આત્માના કર્તવ્યથી ભિન્ન જાણે છે,...' એ રાગાદિ, શરીરાદિ ક્રિયા મારી નથી. 'તેમાં લેપાઈ જતો નથી, અંદરમાં વૈરાગી રહે છે.' કહો, સમજાણું કાંઈ? 'સદાય ભેદવિજ્ઞાન દ્વારા પોતાના શુદ્ધાત્માને ભિન્ન ધ્યાવે છે,...' ધીરે ધીરે નિર્મળ થઈને, સાધુ થઈને કેવળજ્ઞાન પામે છે.

'સમ્યક્ત્વ સમાન કોઈ મિત્ર નથી, એ જ સાચો મિત્ર છે, જે સંસારના દુઃખથી છોડાવીને નિર્વાણમાં પહોંચાડી દે છે.' લ્યો, 'આત્માનુશાસન'નો દાખલો આપ્યો છે. 'શાંતભાવ, જ્ઞાન, ચારિત્ર, તપનું મૂલ્ય કાંકરા પથરા સમાન છે...' સમ્યગ્દર્શન વિના શાંતભાવ, જ્ઞાન થાય 'बोधवृत्ततपसां पाषाणस्येव गौरवं पुंसः' આહાહા..! આચાર્યે કંઈ વાત કરી છે! 'કાંકરા પથરા સમાન સમ્યગ્દર્શન વિના તુચ્છ છે, જો સમ્યક્ત્વ સહિત હોય તો તેમનું મૂલ્ય મહાન રત્ન સમાન થઈ જાય છે.' સમ્યગ્જ્ઞાન આદિ યથાર્થ થઈ ગયા. કિંમત સમ્યગ્દર્શનની છે. સમજાણું કાંઈ? એ મુખ્ય છે, એ પંડિત છે, એ સર્વસ્વ છે, એ સ્વભાવ સન્મુખની ગતિ કરવામાં સમ્યગ્દર્શન મુખિયો છે. પરથી વિમુખ અને સ્વથી સન્મુખ. એ સમ્યગ્દર્શન મુખ્ય છે. સમ્યગ્દર્શન જેવી કોઈ ચીજ જગતમાં મહિમાવાળી નથી. કેવળજ્ઞાન, ચારિત્ર તેની વાત શું કરવી! પણ આ તો પહેલી ચીજમાં સમ્યગ્દર્શનની આટલી મહિમા કરી છે. વિશેષ કહેશે..

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



**આત્મામાં સ્થિરતા સંવર અને નિર્જરાનું કારણ છે.**

**अजरु अमरु गुण-गण णिलउ जहिं अप्पा थिरु ठाइ।**
**सो कम्मेहिं ण बंधियउ संचिय-पुव्व विलाइ।।९१।।**

**અજર, અમર, બહુ ગુણનિધિ, નિજરૂપે સ્થિર થાય;**
**કર્મબંધ તે નવ કરે, પૂર્વબદ્ધ ક્ષય થાય. ૯૧.**

**અન્વયાર્થ :–** (**जहि अजरु अमरु गुण-गण णिलउ अप्पा थिरु ठाइ**) જ્યાં અજર અમર ગુણોનો નિધાન આત્મા સ્થિર થઈ જાય છે (**सो कम्मेहि ण बंधियउ**) ત્યાં તે આત્મા નવીન કર્મોથી બંધાતો નથી (**पुव्व संचिय विलाइ**) અને પૂર્વના સંચિત કર્મોનો ક્ષય કરે છે.

---

**વીર સંવત ૨૪૯૨, અષાઢ વદ ૧૪, રવિવાર**
**તા. ૧૭-૦૭-૧૯૬૬**
**ગાથા–૯૧, ૯૨ પ્રવચન નં. ૩૭**

---

'યોગસાર' ચાલે છે. એની ૯૧મી ગાથા. 'આત્મામાં સ્થિરતા સંવર અને નિર્જરાનું કારણ છે.' આ એનું મથાળું છે.

**अजरु अमरु गुण-गण णिलउ जहिं अप्पा थिरु ठाइ।**
**सो कम्मेहिं ण बंधियउ संचिय-पुव्व विलाइ।।९१।।**

જુઓ! શું કહે છે? 'જ્યાં અજર અમર ગુણોનો નિધાન...' એવો શબ્દ વાપર્યો છે. આ આત્મા અજર અમર છે. અજર અમર. એને કોઈ દિ' જીર્ણતા વૃદ્ધાવસ્થા લાગુ પડતી નથી. શાશ્વત ધ્રુવ સત્ તત્ત્વ અકૃત્રિમ નહિ કરાયેલું, શાશ્વત સ્વભાવની મૂર્તિ, એવો આત્મપિંડ એ અજર છે, એને કોઈ જીર્ણતા લાગુ પડતી નથી. એના ગુણને પણ જીર્ણતા લાગુ પડતી નથી. એ તો ગુણી અને ગુણ બધી એક જ ચીજ છે ને! સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા અજર નામ એમાં જીર્ણતા નથી અને તેમાં મરણ નામ અભાવ નથી. એ ગુણનો પિંડ પ્રભુ, મહાસત્તા ચૈતન્ય સત્ સ્વરૂપ અનાદિઅનંત અજન્મ અને અમરણ. એને જન્મ પણ નથી અને મરણ પણ નથી. એવું શાશ્વત તત્ત્વ છે. એવા 'ગુણોનો નિધાન આત્મા સ્થિર થઈ જાય છે.' જ્યારે આવા આત્મામાં સ્થિર (થઈ જાય છે). અનાદિથી પુણ્ય-પાપના વિકલ્પ ને રાગમાં સ્થિર થવાથી બંધન છે. રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવમાં સ્થિર થવાથી બંધન છે. અને આત્મા રાગ-દ્વેષ વિકલ્પ વિનાનો આત્મા છે, તેમાં સ્થિર થવાથી, પહેલા શ્રદ્ધામાં પૂર્ણાનંદની પ્રતીત અનુભવમાં કરીને પછી સ્થિર થવાથી સંવર, નિર્જરા થાય

www.vitragvani.com



છે. સંવર, નિર્જરાની ક્રિયા કર્મનું રોકાવું અને કર્મનું ટળવું, તેની ક્રિયા પોતાના શુદ્ધ સ્વરૂપમાં સ્થિર થવું તે એક જ ક્રિયા છે. કહો, સમજાણું કાંઈ? સ્થિર થઈ જવું.

'ત્યાં તે આત્મા નવીન કર્મોથી બંધાતો નથી...' કેમકે પોતાનું સ્વરૂપ સમ્યગ્દર્શનમાં શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ કરી તો શુદ્ધ ચૈતન્યમાં સ્થિર થવાથી નવીન કર્મ બિલકુલ બંધાતા નથી. 'અને પૂર્વના સંચિત કર્મોનો ક્ષય કરે છે.' એટલે જૂના કર્મ ક્ષય થઈ જાય છે. કરે છે એમ કહેવામાં આવે છે. 'पुव्व संचिय विलाइ'. પૂર્વના સંચયનો નાશ થઈ જાય છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણે લઈ લીધા. શું કહ્યું?

ભગવાનઆત્મા ધ્રુવ અજર અમર છે તેમાં સ્થિર થવું તે ઉત્પાદ પર્યાય નિર્મળ થઈ અને પૂર્વની અશુદ્ધ અવસ્થા છે તેનો નાશ થાય છે. અહીં કર્મની અપેક્ષા લીધી. અશુદ્ધ અવસ્થાનો વ્યય થાય છે. શુદ્ધ અવસ્થાની ઉત્પત્તિ થાય છે અને જેમાં સ્થિર છે તે તો ધ્રુવ કાયમ છે. સમજાણું કાંઈ? આ ધાર્મિક ક્રિયા. જૈનધર્મની આ ક્રિયા. ધ્રુવ સ્વભાવ ચૈતન્યબિંબ મહાસત્તામાં રુચિ, પરિણતિ કરીને સ્થિર થવું તે જ સંવર, નિર્જરાની જૈનમાર્ગની ધાર્મિક ક્રિયા છે. 'મંગળદાસભાઈ'! હેં?

મુમુક્ષુ :- એકમાં આવી ગયું છે શાસ્ત્રમાં તો બધું.

ઉત્તર :- જુઓને, શાસ્ત્રનું બધું લખાણ આ માટે છે. શાસ્ત્રમાં લાખ વાત હોય. વાત તો સમજવા માટે બધી કરી કે નહિ? ... '...' વસ્તુ આ.

ચૈતન્ય ભગવાનમાં અનંત ગુણ શાશ્વત પડ્યા છે. શાશ્વત. અને વસ્તુ શાશ્વત (છે). શક્તિ-સ્વભાવ-ગુણ શાશ્વત. તેમાં સ્થિર પહેલા દૃષ્ટિ કરીને, દૃષ્ટિ તેમાં લગાવવી. તેમાં રુચિ થઈ અને સ્વરૂપાચરણ પણ થયું પછી વિશેષ સ્થિર થવું ચારિત્ર છે. તેનાથી સંવર અને નિર્જરા ઉત્પન્ન થાય છે અને આસ્રવ અને બંધનો વ્યય થાય છે. ધ્રુવમાં લક્ષ અને રુચિ કરવાથી અને સ્થિર થવાથી સંવર, નિર્જરાની પર્યાયનું ઉત્પન્ન થવું અને અશુદ્ધ આસ્રવ, બંધનો નાશ થવો. અજીવતત્ત્વ તો એવું છે કે, અહીંયાં આસ્રવનો નાશ થાય છે તો કર્મની પર્યાય પણ પોતાને કારણે પલટી જાય છે. કહો, સમજાણું કાંઈ?

'આ આત્મા નિશ્ચયથી જન્મ, જરા, મરણ રહિત અવિનાશી છે...' આત્મા જન્મે છે? આત્મા જન્મે? જન્મે કોણ? આ શરીરના સંયોગને લોકો જન્મ કહે છે. શરીરના સંયોગને જન્મ કહે છે. આ શરીર, શરીર. આત્મામાં જન્મ ક્યાં છે? આત્મા જન્મે એટલે નવો ઉત્પન્ન થાય છે? આત્મા મરે એટલે નાશ થાય? જરા, મરણ, જન્મથી રહિત ભગવાનઆત્મા અવિનાશી 'સામાન્ય અને વિશેષ ગુણોનો સમૂહ છે.' લ્યો! આત્મામાં અસ્તિત્વ, વસ્તુત્વ આદિ સામાન્ય ગુણ અનાદિથી છે. સામાન્યનો અર્થ જે ગુણ બીજા દ્રવ્યમાં પણ છે (અને) પોતામાં પણ છે. તેને સામાન્ય કહે છે. અને પોતામાં છે અને બીજામાં નથી એવા વિશેષ ગુણ આત્મામાં છે. જ્ઞાન, દર્શન, આનંદ, ચારિત્ર. કહો, સમજાણું કાંઈ? એ વિશેષ ગુણોનો સમૂહ છે. અને

www.vitragvani.com



એ વિશેષ ગુણ અને સામાન્ય ગુણ જે ત્રિકાળ છે તેમાં એકાગ્ર થવાથી, સામાન્યમાંથી વિશેષ પર્યાય થાય છે. વિશેષ પર્યાય થાય છે તે સંવર, નિર્જરા. સમજાણું કાંઈ?

મિથ્યાત્વશ્રદ્ધામાં સામાન્યનું વિશેષ(માં) અજ્ઞાન અને રાગ-દ્વેષરૂપ જે પરિણમન હતું, ભગવાનઆત્મા સામાન્ય અને વિશેષ ગુણનો પિંડ હોવા છતાં જ્યાં સુધી રાગ ને પુણ્ય ને નિમિત્ત ઉપર રુચિ હતી તો મિથ્યાત્વ અને રાગ-દ્વેષની ઉત્પત્તિ થતી હતી. જ્યારે ભગવાનઆત્મા સામાન્ય વિશેષ ગુણનો પિંડ છે તો એ ગુણની દૃષ્ટિ ગુણી ઉપર થઈ તો ગુણનો વિસ્તાર વિશેષપણે, નિર્મળ પર્યાયપણે પ્રગટ થયો. એ નિર્મળપણે પ્રગટ થઈ તેનું નામ સંવર અને નિર્જરા કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

આપણે બે-ત્રણ દિ' પહેલા એ અધિકાર આવી ગયો છે. આત્મામાં આનંદગુણ છે, આનંદ. આનંદ વિશેષ ગુણ છે, હોં! બીજામાં નથી. હેં? પ્રશ્ન તો કર્યો હતો, છોકરાઓને પૂછ્યું હતું, આદમીને પૂછ્યા હતા. આત્મામાં આનંદગુણ છે. એ આનંદગુણની વ્યાખ્યા શું? ગુણની વ્યાખ્યા તો એ છે કે, ગુણ દ્રવ્યના સર્વ ભાગમાં, સર્વ હાલતમાં રહે છે. દ્રવ્ય તેને કહે છે કે, ગુણના સમૂહને દ્રવ્ય કહે છે. ગુણ તેને કહે છે કે દ્રવ્યના સર્વ ભાગમાં એટલે ક્ષેત્ર અને સર્વ હાલતમાં એટલે દશા. આવ્યું હતું કે નહિ? 'હેમંત'! તે દિ'. છોકરાવ બીજા નહીં હોય. સમજાણું કાંઈ?

પોતાનો આત્મા વિશેષ ગુણ આનંદ, વિશેષ ગુણ ચારિત્ર. તો ગુણની વ્યાખ્યા શું? ગુણ તો પોતાના દ્રવ્યમાં સર્વ ભાગમાં, સર્વ ભાગનો અર્થ સર્વ ક્ષેત્રમાં. દ્રવ્ય તો છે, તો સર્વ ક્ષેત્ર આવ્યું. એ ગુણ સર્વ ક્ષેત્રમાં (છે). ગુણ તો ભાવ છે. અને સર્વ હાલતમાં, એ પર્યાય થઈ. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ચારે આવી ગયા. એ આનંદગુણ છે તે પોતાની પર્યાયમાં દરેક હાલતમાં આનંદ છે, પણ જ્યાં સુધી એને પુણ્ય-પાપની રુચિની શ્રદ્ધા છે ત્યાં સુધી આનંદગુણની અવસ્થા તો છે, એ આનંદગુણની અવસ્થા દુઃખરૂપ છે. 'ચંદુભાઈ'! શું કહ્યું સમજાણું?

આનંદગુણ તો આત્મામાં છે. ત્રિકાળ અતીન્દ્રિય આનંદનો રસપિંડ આત્મા છે. એ અતીન્દ્રિય આનંદગુણની વ્યાખ્યા શું? ગુણ સર્વ હાલતમાં રહે, ગુણ સર્વ હાલતમાં રહે અને સર્વ ક્ષેત્રમાં રહે. સર્વ હાલતમાં રહે તેનો અર્થ શું થયો? કે, આનંદગુણ કોઈપણ પર્યાયની હાલતમાં ન હોય એમ નહિ. ત્યારે (કોઈ) કહે, સંસારી અજ્ઞાની પ્રાણીને અત્યારે તો આનંદ નથી. તો કહે છે, રાગની એકતાબુદ્ધિ કરે છે તો એ આનંદની અવસ્થા ત્યાં દુઃખરૂપ છે. છે, આનંદની અવસ્થા છે. સમજાણું કાંઈ? 'શશીભાઈ'!

કોઈ ગુણની અવસ્થા ન હોય, હાલત ન હોય, એમ ત્રણકાળમાં બને નહિ. ભગવાનઆત્મા! આનંદગુણ સંપન્ન પ્રભુ, તેની હાલત મિથ્યા રાગ-દ્વેષની રુચિમાં છે તો આનંદગુણની હાલત, હાલત તો છે, (પણ) દુઃખરૂપ છે. (આ કહે છે), આનંદગુણ કહેવો

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અને વળી હાલત દુઃખરૂપ કહેવી. આનંદગુણની અવસ્થા આનંદરૂપ છે? એ ગુણ કોઈપણ અવસ્થા વિના રહેતો નથી. તો તેનો અર્થ શું થયો? 'ચંદુભાઈ'! એ આનંદગુણ, ગુણનો ધરનાર ભગવાનઆત્માની રુચિ થવાથી, તેની પ્રતીત, ભરોસો થવાથી એ આનંદગુણની અવસ્થા આનંદરૂપ પરિણમે છે. મુખ્યપણે આનંદની અવસ્થા આનંદરૂપે પરિણમે છે. ગૌણપણે થોડું દુઃખ છે પણ એ વાત ગૌણ છે. સમજાણું કાંઈ? હેં? રાગ-દ્વેષના પરિણામ (થાય છે) તે ત્યાં ચારિત્રદોષ છે અને તેનાથી વિરુદ્ધ (પરિણમન) થયું, આનંદથી વિરુદ્ધ તે દુઃખ–આકુળતા છે. સમજાણું કાંઈ?

'જૈન સિદ્ધાંત પ્રવેશિકા' આ છોકરાઓને આવડે છે કે નહિ? ભઈ, આ નાના છોકરાઓ છે કે નહિ? ગુણ કોને કહેવો? આવે છે ને? ભાઈ! ગુણ તેના દ્રવ્ય અને વસ્તુના દરેક ભાગમાં એટલે એની દરેક ક્ષેત્રની સ્થિતિ અવગાહનામાં ગુણ વ્યાપેલો હોય છે, રહેલો હોય છે. અને એ ગુણ એની દરેક હાલતમાં ઉપસ્થિત હોય છે. હાલત વિનાનો એ ગુણ હોઈ શકે નહિ. આ તો 'જૈન સિદ્ધાંત પ્રવેશિકા'માં છોકરાને શીખવે એની વાત છે. શું (કહ્યું)? 'રાજમલજી'! સમજાણું કાંઈ?

એ આનંદગુણ.. ભગવાનઆત્મા વિશેષ ગુણ અને સામાન્ય ગુણનો સમુદાય છે. એવો આત્માનો અંતર્મુખ થઈને વિશ્વાસ, રુચિ, ભરોસો, શ્રદ્ધાનું પરિણમન થયું તો જેટલા આત્મામાં ગુણ છે (તે) સર્વ ગુણના અંશરૂપ વ્યક્તપણે પરિણમન સમ્યગ્દર્શનની સાથે થાય છે. કેમકે સમ્યગ્દર્શન આખા પૂર્ણ દ્રવ્યને પ્રતીત કરે છે. પૂર્ણ દ્રવ્યને. તો દ્રવ્ય પૂર્ણ ગુણનો પિંડ છે, બધા ગુણોનો પિંડ છે. આખા દ્રવ્યની પ્રતીતિ કરવાથી, આખા દ્રવ્યના જેટલા ગુણ છે તેટલા સમ્યક્શ્રદ્ધામાંથી જ્યાં પર્યાય પ્રગટ થઈ તો અનંત ગુણની પણ અંશે પ્રગટ દશા થાય છે. આહા..! આવી સાદીસીધી વાત એના ગોટા વાળે છે, લ્યો! સમજાણું કાંઈ? અહીં એ પોતે કહેશે, હોં! આવી સાદી વાત છે, ભગવાન! સીધી વાત છે.

આત્મા પ્રસિદ્ધ છે, પ્રગટ છે. વસ્તુ છે એ પ્રગટ છે કે નહિ? કે અપ્રગટ અવરાઈ ગયો છે? દ્રવ્ય ઢંકાઈ ગયું છે? સમજાણું કાંઈ? પ્રગટ તત્ત્વ છે, પ્રગટ તત્ત્વ છે. પ્રગટ એટલે છે. છે એ સત્તાવાળું તત્ત્વ છે. સત્ તે સત્તાવાળું, હોવાવાળું, સત્‌રૂપ, સત્ત્વરૂપ (છે) તો એના ગુણો, સત્‌ના ગુણો શાશ્વત છે. સત્ જેમ શાશ્વત છે એમ ગુણો પણ શાશ્વત છે. એની દરેક હાલતમાં ગુણ રહે નહિ તો ક્યાં જાય? 'ચીમનભાઈ'! આહાહા..!

અહીં તો પહેલો પ્રશ્ન મગજમાં ઉઠ્યો હતો. 'અજર અમર ગુણોનો નિધાન...' એમ આવ્યું હતું ને? મેં કીધું, આ એક વાત ઠીક છે. છે તો આત્મા, સંસ્કૃતવાળાને પૂછવું જોઈએ ને? પંડિતને પૂછ્યું. સમજાણું કાંઈ? એ તો ભગવાનઆત્મા અજર અમર છે તો એના ગુણ પણ અજર અમર છે અને ગુણ અજર અમર છે તો આત્મા પણ અજર અમર છે. આહાહા..! વાત ઇ છે કે એણે વિશ્વાસની સરાણે ચડાવી નથી. સરાણે સમજો છો? આ છરી નથી

www.vitragvani.com



સાફ કરતા? ધાર લગાવે છે. એમ ભગવાનઆત્મા પોતાની શ્રદ્ધાના ભરોસાની ધારમાં ચડાવ્યો નથી. આત્માને ભરોસાની ધારમાં ચડાવે તો એક સેકંડના અસંખ્ય ભાગમાં જેટલા સામાન્ય, વિશેષ ગુણનો પિંડ છે તેટલા બધા ગુણનો એક અંશ પરિણમન વ્યક્ત–પ્રગટ થઈ જાય છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ?

'કર્મોથી અને શરીરોથી ભિન્ન...' ભગવાનઆત્મા..! કર્મ તો જડ અજીવતત્ત્વ છે. શરીર પણ અજીવતત્ત્વ છે, ભિન્ન છે. 'જ્યારે પોતાના આત્માને જોવામાં આવે છે...' ભિન્ન છે એમ જોવામાં આવે છે. સમજાણું કાંઈ? એ તો કાલે કહ્યું હતું ને? ભગવાને આત્માને કેવો જોયો છે? મલિન પર્યાય દેખાય તો મલિન પર્યાય આસ્રવતત્ત્વની છે. ખરેખર એ આત્મતત્ત્વ છે જ નહિ, એ આસ્રવતત્ત્વ છે. આહાહા..! આત્મા ભગવાન છે. સર્વજ્ઞદેવે ત્રિલોકનાથ પરમેશ્વરે આમ આત્મા જોયો-દેખ્યો. ઓ..હો..! એ તો પૂર્ણાનંદ પ્રભુ છે. રાગાદિ આસ્રવતત્ત્વમાં જાય છે. કર્મ, શરીર અજીવતત્ત્વમાં જાય છે. એવો સમાન્ય, વિશેષ ગુણનો પિંડ પ્રભુ... કહે છે કે, શરીર અને કર્મોથી ભિન્ન જોવામાં આવે તો તે શુદ્ધ જ દેખાય છે.

મુમુક્ષુ :– ક્યારે?

ઉત્તર :– એવો છે. અત્યારે, ક્યારે શું? 'નવરંગભાઈ'! પણ શુદ્ધ છે એ તો સિદ્ધ કર્યું. આત્મા જેને કહીએ, જ્ઞાયકભાવ કહીએ, તેમાં આસ્રવ ક્યાં આવ્યો? પર્યાયતત્ત્વ જે આસ્રવ છે એ તો જ્ઞાયકભાવ તત્ત્વથી ભિન્ન છે. હેં? આહાહા..! શરીર, કર્મ તો અજીવતત્ત્વ તદ્દન ભિન્ન છે. એ તો તદ્દન ભિન્ન છે. એ આસ્રવ તો એક સમયમાં અનિત્ય તાદાત્મ્યરૂપ દેખાય છે પણ નિત્ય તાદાત્મ્ય સ્વભાવની અપેક્ષાએ એ પર્યાય પણ સંયોગીભાવ પરદ્રવ્ય જ છે. આહા..! સમજાણું કાંઈ? નિત્ય તદાત્મ્ય સ્વભાવ, જ્ઞાન, આનંદાદિ તદાત્મ્ય સ્વભાવે જોવાથી તો, અનિત્ય જે એક સમયની (પર્યાય) તદાત્મ્ય છે તે, નિત્ય ત્રિકાળ સ્વભાવને જોવાથી તે ભાવ પણ સંયોગમાં જાય છે. 'નવરંગભાઈ'! એ કર્તા-કર્મમાં આવ્યું છે. પહેલી ૬૯ અને ૭૦ ગાથામાં (આવ્યું છે). ૬૯-૭૦માં એને સંયોગભાવ કહ્યા છે. સંસ્કૃત ટીકા, 'અમૃતચંદ્રાચાર્યદેવ'. કારણ છે, વસ્તુ સ્વભાવ નથી. સમજાણું કાંઈ? જેવો છે તેવો દેખવાથી દૃષ્ટિ શુદ્ધને જોવે છે. આહાહા..! વાત પણ એ આત્મા કેવો એની એને ખબર નથી. તેની ચીજની ખબર વિના એને ધર્મ કરવો છે, લ્યો! શું કરવું? ધર્મનો પિંડ તો એ છે. ધર્મ શબ્દે સ્વભાવ. સ્વભાવનો પિંડ ધર્મી છે. હવે સ્વભાવપિંડ ધર્મી છે તેની દૃષ્ટિ અને તેનું જ્ઞાન કર્યા વિના ધર્મ કરવો છે, ક્યાંથી કરે? સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા અનંત ગુણસંપન્ન પ્રભુ, એ શરીર અને કર્મ અને સંયોગી વિકારીભાવથી ભિન્ન છે. અત્યારે છે. છે તેને એવો જોવાથી શુદ્ધ દેખાય છે. આહાહા..! એ તો રાગ, વિકલ્પ અને નિમિત્ત ઉપરનું અસ્તિત્વ અનાદિથી જોવે છે. આ.. આ.. આ.. અંશબુદ્ધિમાં બુદ્ધિ લંબાય તો એની (બુદ્ધિ) રાગ અને સંયોગમાં જાય છે. તેનો સ્વીકાર છે. આ

www.vitragvani.com



ભગવાનઆત્મા... સમજાણું કાંઈ? એક સેકંડના અસંખ્યમાં ભાગમાં પૂર્ણાનંદ પ્રભુ, તેને શુદ્ધ છે તેમ દેખાય છે.

'જેમ માટી સહિત પાણીને જ્યારે પાણીના સ્વભાવની અપેક્ષાએ જોવામાં આવે તો પાણી શુદ્ધ જ દેખાય છે.' પાણી મેલું છે? મેલું તત્ત્વ તો માટીને લઈને માટીનો ભાગ છે. સમજાણું કાંઈ? પાણીનો ભાગ નથી.

મુમુક્ષુ :– માટી મેલી છે?

ઉત્તર :– માટી જ મેલી છે, પાણી ક્યાં મેલું છે? એ મેલાં પરિણામ છે એ માટીનાં છે, પાણીના નહિ. તેમ 'ભેદવિજ્ઞાનની શક્તિથી પોતાના આત્માને કર્મોથી ભિન્ન અને કર્મોદયજનિત ભાવોથી ભિન્ન...' લ્યો, એ આસ્રવ આવ્યો. શુભ અને અશુભભાવ હોવા છતાં તેનાથી દૃષ્ટિ ઉઠાવી પોતાના સ્વભાવ તરફ જોવે તો આત્માને કર્મના નિમિત્તે ઉત્પન્ન થયેલા ભાવ (તે) ભિન્ન છે, ભિન્ન જ છે. સમજાણું કાંઈ?

આ રાગાદિને જોવાથી તેને એક દેખાય છે. એ તો પર્યાયબુદ્ધિ, અંશબુદ્ધિ, વ્યવહારબુદ્ધિ મિથ્યાબુદ્ધિ થઈ. આ વિકલ્પ ને આ કર્મ ને આ શરીર, એ વર્તમાન પૂરતી બુદ્ધિ થઈ. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા એ રાગ, નિમિત્ત, કર્મજન્ય ઉપાધિભાવ છે તો તેનો અપરાધ. એ અપરાધ ત્રિકાળ સ્વભાવથી વિરુદ્ધ છે. વિરુદ્ધ છે તો ખરેખર તેનો સ્વભાવ નથી, હેય છે. તો એને જ્યારે હેય કહ્યું તો ઉપાદેય શું રહ્યું? સમજાણું કાંઈ? શુદ્ધ દ્રવ્ય સ્વભાવ જ્ઞાયકભાવ ઉપાદેય રહ્યો. ન્યાયથી, સાધારણ સ્થિતિથી જોવે તો આ રહ્યો. કર્મ, શરીર એ તો જ્ઞેય પરદ્રવ્યમાં ગયા. વિકાર દુઃખરૂપ છે. છે તેની અવસ્થા પણ તે દુઃખરૂપ છે તે કારણે હેય છે. જ્યારે તે હેય નામ લક્ષ કરવા લાયક નથી, આશ્રય કરવા લાયક નથી તો રહ્યો આત્મા. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદના સ્વાદનો પિંડ છે. આ હેય થયું, તેની દુઃખની અવસ્થા હોવા છતાં તે આસ્રવતત્ત્વમાં જાય છે. આહાહા..! તેનાથી ભિન્ન જોવાથી અર્થાત્ વસ્તુનો સ્વભાવ જોવાથી, પાણીનો સ્વભાવ જોવાથી પાણી શુદ્ધ છે. હેં? આહાહા..! મોટી વાત કરે પણ મૂળ એનો પત્તો ન લે. સમજાણું કાંઈ?

કહે છે કે, પાણી સ્વભાવની અપેક્ષાએ તો નિર્મળ છે. 'ભેદવિજ્ઞાનની શક્તિથી પોતાના આત્માને કર્મોથી ભિન્ન અને કર્મોદયજનિત ભાવોથી ભિન્ન સહજ જ્ઞાન, દર્શન, સુખ, વીર્યનો સાગર નિરંજર પરમાત્મા દેવ જ દેખવો જોઈએ.' પોતાને જોવો જોઈએ, તો પોતાનું સ્વરૂપ તો જ્ઞાન, દર્શન, આનંદ, વીર્યનો તો પિંડ છે. સમજાણું કાંઈ? જોવે તો છે, જોવાની નજર તો છે, પણ જોવાની નજર રાગ, વિકારને જોવે છે. એક ક્ષણિક વિકૃત અવસ્થા જે સ્વભાવથી વિપરીત છે તેને જોવે છે. તે જ દૃષ્ટિમાં તેનાથી ભિન્ન મારી ચીજ છે એમ જોવાથી ભગવાન શુદ્ધ જ દેખાય છે. સમજાણું કાંઈ? 'સમ્યગ્દૃષ્ટિને આવું જ શ્રદ્ધાન હોય છે.' લ્યો! સમ્યગ્દૃષ્ટિને

www.vitragvani.com



આવું જ શ્રદ્ધાન હોય છે. સમજાણું કાંઈ? હેં? શું કહે છે?

મુમુક્ષુ :- સાંભળતા સાંભળતા વધારે સમજાય છે.

ઉત્તર :- એટલે સાંભળવાથી, એમ? એટલે વજન સાંભળવામાં આપે છે. ભઈ, અમારે પંડિતજીને પૂછવું પડે ને શું કહે છે આ? આહાહા..!

ભગવાન ક્યાં અજાણ્યો છે? એ ક્યાં જ્ઞાનસ્વભાવ વિનાનો છે? કે એને બીજા દ્વારા જાણવામાં આવે? આહાહા..! ચૈતન્યનો પિંડ પ્રભુ, ચિત્પિંડ. ચિત્પિંડ આવ્યું છે ને? એને દર્શનના અર્થમાં લીધું છે. પિંડ છે એટલે 'જયચંદ્રજી' પંડિતે પિંડ નામ દર્શનના અર્થમાં લીધું. સામાન્ય છે ને? અને પ્રકાશના અર્થમાં જ્ઞાન લીધું છે. ચાર બોલ લીધા છે. સુપ્રભાત.. સુપ્રભાત. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, અનંત સુખ-એમ લીધું છે. એક કળશની અંદર ચિત્પિંડ લીધું છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા..! પોતાનું સ્વરૂપ સમ્યગ્દષ્ટિ શુદ્ધ જોવે છે. અશુદ્ધ જોવે એ પોતાનું સ્વરૂપ છે? એ પોતાના સ્વરૂપમાં નથી એવું જ્ઞાન કરે છે. એનો અર્થ આવી ગયો છે, ભાઈ! વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. એ શૈલીએ વાત કરી છે શાસ્ત્રમાં. પોતાનો સ્વભાવ શુદ્ધ છે, પવિત્ર છે, રાગથી ભિન્ન છે એવું સ્વરૂપ છે. એમ જોયું. બાકી રાગ રહી ગયો, પણ એ રાગ ભિન્ન રહી ગયો, પોતાના સ્વરૂપમાં ન આવ્યો, પરજ્ઞેયમાં ગયો તો વ્યવહાર જાણેલો (પ્રયોજનવાન છે). નિશ્ચય થયો તો રાગ છે તે જાણેલો પ્રયોજનવાન છે, બસ! એટલી વાત છે. છે, એટલું જ્ઞાન કરવા લાયક છે. સમજાણું કાંઈ?

આ તો સમ્યગ્દર્શનથી માંડીને પહેલેથી વાત છે. પહેલેથી ન હોય તો રાગથી ભિન્ન સ્વરૂપ છે, વિકલ્પથી ભિન્ન સ્વરૂપ છે, એવા સ્વરૂપનું ભાન થયું તો વિકલ્પ પોતાના સ્વરૂપમાં નથી એમ (ભાન) થયું. પણ છે તો ખરો. સમજાણું કાંઈ? સ્વરૂપ શુદ્ધ પરમાત્મા નિજાનંદ પ્રભુની દૃષ્ટિમાં વસ્તુ શુદ્ધ છે, પર્યાયમાં પણ તે વિકાર આવતો નથી, એક થતો નથી. પર્યાયમાં પણ, દ્રવ્યમાં પણ. દ્રવ્યમાં તો રાગનું એકત્વ થતું નથી, કેમકે તેમાં નથી, પણ દૃષ્ટિમાં પણ રાગનું એકત્વ થતું નથી. ભાઈ! કેમકે દૃષ્ટિ શુદ્ધ નિર્મળ પર્યાય સંવર, નિર્જરારૂપ છે. એ સંવર, નિર્જરારૂપ પર્યાયમાં આસ્રવ પર્યાય કદી હોતી નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'આ શ્રદ્ધાન અને જ્ઞાનના બળથી સમ્યગ્દષ્ટિ જીવ પોતાના આત્મામાં સ્થિર થવાનો પુરુષાર્થ કરે છે.' લ્યો! એ શ્રદ્ધાના બળથી હું શુદ્ધ છું, પૂર્ણ છું, એવું પ્રતીતિમાં, જ્ઞાનમાં-ભાસમાં આવ્યું છે તો પુરુષાર્થ કરીને સ્થિર થવાનો પ્રયત્ન કરે છે. બસ! એ સ્થિર થવું એ મોક્ષનો માર્ગ અને સંવર, નિર્જરા છે, બાકી બધી વાતું (છે). આટલા અપવાસ કર્યા માટે નિર્જરા થઈ ગઈ. 'વલ્લભદાસભાઈ'! આ વર્ષીતપ કર્યા (માટે) નિર્જરા થઈ ગઈ. એનો એટલો કાળ ગયો, સાંભળને હવે, નિર્જરા ક્યાંથી આવી? એ.. 'નવરંગભાઈ'! આહાહા..! ભગવાનઆત્મા પોતાના આસ્રવ અને કર્મથી ભિન્ન, પોતાના સ્વરૂપને જેવું તત્ત્વ છે તેવું

www.vitragvani.com



જોવાથી રાગાદિ રહ્યા તે પૃથક્-ભિન્ન રહી ગયા. તો જ્ઞાનીને દ્રવ્યમાં બંધ નથી, દ્રવ્ય બંધસ્વરૂપ નથી, અબંધસ્વરૂપની દૃષ્ટિ થઈ તો દૃષ્ટિમાં પણ બંધ નથી. દૃષ્ટિવાનને બંધ છે જ નહિ. દૃષ્ટિવાનને બંધ જ નથી, એમ કહે છે. બંધ બંધભાગમાં ગયો, અબંધ દ્રવ્યના અબંધ પરિણામમાં એ બંધભાવ આવ્યો નહિ, આવતો નથી. સમજાણું કાંઈ?

'જ્યારે સ્વાનુભવ અથવા આત્મામાં સ્થિરતા પ્રાપ્ત કરે છે ત્યારે પૂર્વે બાંધેલા કર્મોની નિર્જરા ઘણી થાય છે.' દૃષ્ટિનો અનુભવ, ભાન હોવા છતાં સ્વરૂપમાં નિર્વિકલ્પપણે અનુભવ થાય તો ઘણી નિર્જરા થાય છે. સમજાણું કાંઈ? આ લોકો કહે છે ને, ભઈ! શાસ્ત્રનો સ્વાધ્યાય કરવાથી નિર્જરા થાય છે. અરે..! ભગવાન! સાંભળ તો ખરો. પરદ્રવ્યના લક્ષમાં નિર્જરા ક્યાંથી આવી? આહાહા..! 'અમૃતચંદ્રાચાર્યદેવે' પણ કહ્યું, આવ્યું ને? પર પરિણતિ. પંડિતજી! અમારી વિશુદ્ધિ થાઓ, આ ટીકા કરતાં વિશુદ્ધિ થાઓ, એવો પાઠ છે, લ્યો! એનો અર્થ સમજવો જોઈએ ને. નિર્જરા તો પોતાના સ્વરૂપની સ્થિરતામાં જ થાય છે. પણ ટીકાના કાળમાં મારો વિકલ્પ તો છે, પણ તેનાથી ભિન્ન મારું ઘોલન છે, એ ઘાલનથી મારી નિર્જરા થાય છે.

મુમુક્ષુ :- આત્માની સમીપતા થશે.

ઉત્તર :- આત્માની સમીપતા અને આત્મામાં રહેવાથી થાય છે. રાગમાં રહેવાથી થાય છે? અરે..! ભગવાન! બન્ને માર્ગ જ ભિન્ન છે. એક આસ્રવમાર્ગ, એક સંવરમાર્ગ કે નિર્જરામાર્ગ. નિર્જરામાર્ગ તો પોતાના સ્વના આશ્રયમાં નિર્જરામાર્ગ શરૂ થાય છે. સમજાણું કાંઈ?

કહે છે, 'ગુણસ્થાનોની રીત પ્રમાણે બંધ નિયમિત પ્રકૃતિઓનો થાય છે,...' થોડો બંધ, એ બંધ બંધભાગમાં રહ્યો. લાંબો વિસ્તાર કર્યો છે, ઠીક, કંઈ નહિ. નીચે ત્રીજો પેરેગ્રાફ. 'આત્મામાં સ્થિરતા થવાનું કામ...' આ બાજુ. 'આત્મામાં સ્થિરતા થવાનું કામ ચોથા ગુણસ્થાનથી શરૂ થઈ જાય છે.' પાછળ લખ્યું છે, ત્યાં સ્વરૂપાચરણ ચારિત્ર છે. પંડિતજી! એમ છે, પ્રભુ! સાંભળ તો ખરો! આત્મા શુદ્ધ છે એવી જ્યાં દૃષ્ટિ થઈ તો તેમાં અંશે સ્થિરતા પણ થઈ, તો મિથ્યાત્વ ગયું, અનંતાનુબંધી ગયું. મિથ્યાત્વ જવાથી સમ્યક્ત્વ થયું, અનંતાનુબંધી (ગયું તો) સ્વરૂપમાં અંશરૂપ સ્થિરતા (થઈ). પછી જે શબ્દ કહેવો હોય તે કહીએ, લે! સ્વરૂપાચરણ નથી, સ્વરૂપાચરણ નથી. રાડેરાડ પાડે છે. અરે..! ભગવાન! સાંભળ તો ખરો, ભાઈ! હેં?

કજિયાળો છોકરો રાડ પાડે છે, એમ કહે છે. કજિયાળો છોકરો હોય છે ને? તોફાની. આ તરબૂચ હોય છે ને? તરબૂચ, શું કહે છે? એનો બાપ તરબૂચ લાવે ને? તરબૂચ, શું કહે છે? લાલ. પછી કોઈ લાંબી ચીર હોય, કોઈ નીચે પહોળી હોય. નીચે પહોળી હોય તો આટલી ટૂંકી હોય, લાંબી હોય તો આવી હોય. એના બાપને પહેલેથી ખબર હોય કે, આ કજિયાળો છે. (એટલે કહે), પહેલા જ પસંદ કરી લે. જો, આ દસ (ચીર) પડી છે.

www.vitragvani.com



આ ત્રણ દીકરી છે ને પાંચ છોકરા છે ને આ તારી મા ને આ તારો બાપ. આ દસ ચીર છે, જો! પછી તું કહીશ, અરે.. બાપુ! પેલાને પહોળી છે. પણ એને પહોળી હેઠે છે, પણ ઊંચે લાંબી નથી. તારે નીચે ટૂંકી છે પણ લાંબી છે. બેય સરખું છે. કજિયાળા તો આવા કજિયા કર્યા જ કરે છે. એમ ધર્મને નામે ઓછા, અધિક, વિપરીત કરીને કજિયા કર્યા જ કરે છે. બાપુ! આ તો ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ, ભાઈ! એની દુકાનના મુનિમ પણ જુદી જાતના હોય. સમજાય છે? ઘાંચી જેવાને મહિને દસ રૂપિયા પગાર આપે (એને) અબજોપતિની દુકાને મુનિમ (તરીકે) બેસાડે એ કરે શું? ઘાણી સૂઝે. પૈસા બધા પીલી નાખે. બાપુ! સર્વજ્ઞ પરમેશ્વર પ્રભુ આત્મા છે, ભાઈ! ત્રણકાળ ત્રણલોકના જાણનારા પરમાત્મા, ધર્મનું મૂળ સર્વજ્ઞ પરમેશ્વર છે, જેણે એક સમયમાં અનંતા ગુણો, અનંતી પર્યાય ત્રણકાળ હસ્તામલાની જેમ જોયા. એવા પરમેશ્વરના માર્ગમાં બહુ જવાબદારીથી કામ લેવું જોઈએ. સમજાય છે કાંઈ?

અહીં કહે છે કે, ભાઈ! એ સ્વરૂપાચરણ ચારિત્ર ચોથે હોય છે. ભાઈ! તારાથી ના ન પડાય. જ્યારે તું રાગમાં એકત્વ હતો અને રાગથી પૃથક્ થયો... એકત્વ-વિભક્ત, પંડિતજી! આવ્યું ને? પંડિતજીએ પરમ દિ' કહ્યું હતું ને? 'तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण' આ પાંચમી ગાથામાં કહ્યું. 'तं एयत्तविहत्तं' તેં કદી સાંભળ્યું નથી. પરથી પૃથક્. ભગવાન રાગથી પૃથક થયો અને સ્વભાવથી એકત્વ થયું તો રાગથી પૃથક થયો એમાં કોઈ સ્થિરતા થઈ કે નહિ? સમજાણું કાંઈ? ન્યાયથી, વસ્તુથી, સ્થિતિથી સમજવું પડે ને! એમ ને એમ અર્થ કરે (ચાલે નહિ). આ તો વીતરાગમાર્ગ છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા પોતાનું શુદ્ધ સ્વરૂપ જ્યારે દૃષ્ટિમાં નહોતું અને રાગ ને પુણ્ય ને વિકલ્પ દૃષ્ટિમાં હતા ત્યારે તો તેની શ્રદ્ધા પણ મિથ્યા હતી. કેમકે રાગને જ, અંશને જ આત્મા માનતો હતો. અથવા રાગની પાછળ વર્તમાન ક્ષયોપશમ જ્ઞાન, દર્શન, વીર્યનો અંશ છે તે વિકાસ, અંશને આત્મા માનતો હતો. અંશને આત્મા માનતો હતો કાં રાગને આત્મા માનતો હતો, પણ ત્રિકાળ જ્ઞાયકભાવને આત્મા માનતો નહોતો. ભાઈ! ત્રિકાળ જ્ઞાયકભાવ અનંત ગુણથી ભર્યો છે, એની જ્યાં અંતર દૃષ્ટિ થઈ તો અંશને માનતો હતો ત્યારે તો રાગાદિનું લક્ષ થતું હતું, અંશી ઉપરની જ્યાં દૃષ્ટિ થઈ તો એમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ આનંદનો અંશ અને સ્વરૂપાચરણનો-સ્થિરતાનો અંશ સાથે હોય, હોય ને હોય જ છે. તારી લાખ ચર્ચા કરને! સમજાણું કાંઈ? શું કરે? ઓલાને બિચારાને મોળું મૂકવું પડ્યું છે, હોં! 'ગાંધી'ને. મેં કીધું, તપાસ કરું છું. શાસ્ત્રનો આધાર (જોઉં છું). જેમાં બેયને વાંધો ન આવે. શાસ્ત્રઆધાર મળતો નહિ. પણ ભગવાન! સાંભળ તો ખરો. ન્યાયથી સાંભળ. પ્રભુનો ન્યાયમાર્ગ છે.

અહીંયાં કહે છે, જુઓ! ચોથે ગુણસ્થાનથી આત્માની સ્થિરતા શરૂ થાય છે. પછી

www.vitragvani.com



સ્થિરતા ન થઈ તો રાગથી પૃથક્ થયો કઈ રીતે? સાત તત્ત્વમાં આસ્રવતત્ત્વ અને અજીવ, બન્નેથી ભિન્ન થઈને જ્ઞાયક તત્ત્વની પ્રતીત કરી તો પ્રતીતિ થઈ ક્યાંથી? 'તત્ત્વાર્થ શ્રદ્ધાનમ્ સમ્યગ્દર્શન.' એમાં આસ્રવતત્ત્વ આવ્યું, પુણ્ય-પાપ (એમાં આવી ગયા), અજીવ તત્ત્વ આવ્યું, તો એની શ્રદ્ધા ક્યારે થાય? કે, આ આત્મામાં એ આસ્રવ અને અજીવ નથી એવી પ્રતીત કરવાથી સ્વરૂપની સ્થિરતા થઈ. જ્ઞાયકની શ્રદ્ધા થવાથી સંવર, નિર્જરાની પર્યાય ઉત્પન્ન થઈ. ત્યારે એ આસ્રવ બાકી રહી ગયો તે બંધનું કારણ છે એમ વ્યવહારથી જાણે છે. સમજાણું કાંઈ?

'ત્યાં સ્વરૂપાચરણ ચારિત્ર છે જે અનંતાનુબંધી કષાયનો ઉદય ન થતાં પ્રગટ થઈ જાય છે.' 'જ્ઞાનચંદજી'! ભાઈ! અનંતા ગુણમાંથી ચારિત્ર ગુણનો અંશ ન આવ્યો હોય તો અનંતાનુબંધી જતાં શું થયું? કેમકે અનંતાનુબંધી ચારિત્રમોહની પ્રકૃતિ છે, ભાઈ! ભલે એ ગમે તે શાસ્ત્રમાંથી કાઢે કે એ તો દર્શનમોહની પ્રકૃતિમાં જાય છે. વિપરીત અભિનિવેશમાં આવે છે, એવા 'ગોમ્મટસાર'ના દાખલા આપે છે. પણ ભાઈ! એ તો મિથ્યાત્વની વાત બનાવીને કરવાનું કહ્યું, પણ ચારિત્રમોહની પ્રકૃતિ તો પચીસ છે. દર્શનમોહની ત્રણ છે. તો સમ્યક્ અનુભવમાં મિથ્યાત્વ અને અનંતાનુબંધી ગયા તો એ તો કષાયની પ્રકૃતિ છે. કષાય જવાથી શું થયું? અકષાય અંશ થયો કે નહિ? અકષાય અંશ થયો તેનું નામ સ્વરૂપાચરણ ચારિત્ર છે. સમજાણું કાંઈ? આમાં વાદવિવાદનો વખત પણ ક્યાં છે? આ તો વસ્તુસ્થિતિ જ એવી છે. અનંતકાળમાં માંડ આવો વખત મળ્યો. આહાહા..! નિગોદમાંથી નીકળીને કેટલા પંચેન્દ્રિય, એમાં મનુષ્ય, એમાં વીતરાગની વાણીનું સાંભળવું, એમાં એ યથાર્થ વાત કાને પડવી અને એની રુચિ થવી એ તો મહાદુર્લભ, દુર્લભ ને દુર્લભ છે. સમજાણું કાંઈ?

'પાંચમા દેશસંયમ ગુણસ્થાનમાં અપ્રત્યાખ્યાન કષાયનો ઉદય નથી એથી સ્વરૂપાચરણમાં અધિક સ્થિરતા થાય છે...' લ્યો! ચોથામાં ભગવાનઆત્મા પૂર્ણ શુદ્ધની પ્રતીતિ થઈ તેની સાથે અંશે સ્થિરતા પણ થઈ. અને આગળ વધીને જ્યારે પંચમ ગુણસ્થાન આવ્યું, એ ગુણસ્થાન અંતર દશાની વાત છે. ત્યાં બીજું અપ્રત્યાખ્યાનાવરણી... સમજાણું? અહીંયાં સ્વરૂપમાં સ્થિરતાની વૃદ્ધિ થઈ (તો આ બાજુ) અપ્રત્યાખ્યાનાવરણીનો નાશ થયો, તો ત્યાં સ્થિરતા વધી ગઈ. અહીંયાં (ચોથે ગુણસ્થાને) થોડી સ્થિરતા હતી કે સીધી પાંચમેથી આવી? સમજાણું કાંઈ? સ્થિરતાનો અંશ, સ્વસંવેદનનો અંશ, સ્વરૂપાચરણ કણિકાનો અંશ.. કણિકા લીધી છે ને? કણિકા લીધી છે. 'પરમાર્થ વચનિકા'. કણિકા જાગી, છે ને? અંતર દૃષ્ટિના પ્રમાણમાં મોક્ષમાર્ગ સમ્યગ્દૃષ્ટિ સાધે છે. સમ્યક્ માર્ગ સાધવો એ વ્યવહાર છે. સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપાચરણની કણિકા જાગી એ મોક્ષમાર્ગ સાચો. 'બનારસીદાસ', 'પરમાર્થ વચનિકા'. છેલ્લે કહેશે, આ યથાસુમતિ પ્રમાણ... સમજાણું? કેવળી વચનાનુસાર છે. યથાયોગ્ય સુમતિ પ્રમાણ જે જીવ આ સાંભળશે, સમજશે, શ્રદ્ધશે તેને ભાગ્ય અનુસાર કલ્યાણ થશે. સમજાણું કાંઈ?

અજ્ઞાની હશે એ આ સ્થિતિ સાંભળશે ખરો, સમજશે નહિ. 'બનારસીદાસે' તો બહુ લખ્યું છે. ત્રણે કાળે એવા જીવ હોય છે. જ્યાં એને પોતાને અંદરમાં ભરોસો અને એ જાતનો ખ્યાલ ન આવે એટલે એને ખટક્યા કરે કે, આમ ન હોય, આમ હોય. પણ એને ધીરેથી શાંતિથી જોવે તો ખબર પડે ને?

અહીં કહ્યું, જુઓ! શું કહ્યું? સમ્યગ્જ્ઞાન, સ્વસંવેદન અને સ્વરૂપાચરણની કણિકા, ત્રણે થઈ ગયા. સમ્યગ્દૃષ્ટિ થઈ, સ્વસંવેદનજ્ઞાન થયું, ચોથે સ્વરૂપાચરણની કણિકા કીધી છે. પાંચમે વધી ગઈ, છઠ્ઠે વધી, સાતમે સ્થિરતા વધી ગઈ. 'ચંદુભાઈ'! જુઓને! ભાષા કેવી છે! સ્વરૂપાચરણની કણિકા જાગી. કણિયો જાગ્યો, સ્થિરતાનો અંશ, ચોથે (જાગ્યો છે). એમ લખ્યું છે, હોં! સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ જીવ અંતર દૃષ્ટિ વડે મોક્ષપદને સાધે છે બાહ્યભાવને બાહ્ય નિમિત્તાધીન માને, રાગાદિ હોય છે, જાણે છે કે નિમિત્તરૂપ છે મોક્ષમાર્ગ. સમજાણું? અને મોક્ષમાર્ગ સાધવો, વ્યવહાર, શુદ્ધ દ્રવ્ય ક્રિયારૂપ તે નિશ્ચય. ભગવાન અક્રિય શુદ્ધ બિંબ તેને અહીં નિશ્ચય કહ્યું છે. અને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની ક્રિયા જે પર્યાય થાય એને ભેદરૂપ પર્યાય છે માટે વ્યવહાર કહ્યો. દશા લેવી છે ને? ધ્રુવ બિંબ પ્રભુ પડ્યો છે એને નિશ્ચય કીધો. અક્રિય છે, એમાં ક્રિયા નથી, પરિણમન નથી, ઉત્પાદ-વ્યય નથી. અને એને આશ્રયે જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાય થઈ એ મોક્ષમાર્ગ સાધ્યો, એ તો વ્યવહાર થયો. પર્યાય છે ને એ અપેક્ષાએ વ્યવહાર, હોં! ઓલો રાગ વ્યવહાર (કહે છે તેનું) અત્યારે કામ નથી. સમજાણું કાંઈ? કારણ કે મોક્ષમાર્ગની પર્યાયને આશ્રયે મોક્ષ થતો નથી. મોક્ષ તો દ્રવ્યને આશ્રયે થાય છે. મોક્ષમાર્ગની પર્યાયનો વ્યય, મોક્ષનો ઉત્પાદ એ ભાવમાંથી થાય છે. ઓલી પર્યાયનો વ્યય-અભાવમાંથી ભાવ થાય છે? સમજાણું કાંઈ? 'જ્ઞાનચંદજી'! આ તો સીધી વાત છે, ભગવાન! આમાં કાંઈ કોઈ આઘીપાછી કરે એ વસ્તુ ચાલે નહિ. જુઓ! આ કણિકા (લખ્યું છે), હોં! 'પરમાર્થ વચનિકા'. સમ્યગ્દૃષ્ટિનો વિચાર સાંભળો, એમાં છે.

પાંચમાં ગુણસ્થાનમાં... પાંચમું ગુણસ્થાન સર્વાર્થસિદ્ધિના દેવ કરતાં વધી ગયો. સર્વાર્થસિદ્ધિના દેવને તો કોઈને ચૌદ પૂર્વનું જ્ઞાન (હોય). અહીંથી એવું લઈને ગયા છે ને! આને કાંઈ ન હોય, થોડું (હોય). વિભાવ હેય અને સ્વભાવ આદરણીય એવું અંદર ભાન અનુભવના વેદનમાં થઈ ગયું. આગળ વધીને સ્થિર થયો તો સર્વાર્થસિદ્ધિના દેવ કરતાં શાંતિ વધી ગઈ. આહાહા..! હેં? જેને પકડ્યો એમાં વિશેષ સ્થિર થયો એને હવે શું બાકી રહ્યું? પાંચમું ગુણસ્થાન..! આહાહા..! શ્રાવકદશા, કહે છે કે, જ્યાં સ્થિરતા શાંતિની વધી ગઈ છે અને આ પડિમાઓ જે છે એ પણ ખરેખર તો વિકલ્પ છે એ નહિ, અંદર સ્થિરતાના અંશો શાંતિના વધે છે એને ખરી નિશ્ચય પ્રતિમા કહે છે. કહો, સમજાય છે?

'નિર્મળતા પણ થાય છે...' 'સ્વરૂપાચરણમાં અધિક સ્થિરતા થાય છે અને નિર્મળતા પણ થાય છે. પાંચમા ગુણસ્થાનમાં અગિયાર શ્રેણી છે.' સમજ્યા ને? અગિયાર પડિમા.

www.vitragvani.com



ચડતાં ચડતાં આગળ વધે છે, લાંબી વાત છે. 'પ્રમત્ત ગુણસ્થાનમાં પ્રત્યાખ્યાન કષાયનો ઉદય રહેતો નથી..' મુનિ.. મુનિ. 'સ્વરૂપાચરણમાં વિશેષપણે સ્થિરતા થાય છે. અપ્રમત્તમાં સંજ્વલન કષાયનો મંદ ઉદય છે ત્યારે અધિક નિશ્ચળતા થાય છે.' કરતા કરતા બારમા ગુણસ્થાને (પહોંચે છે). વીતરાગતા બારમે, વીતરાગતા તેરમે. અંતર્મુહૂર્તમાં કેવળ.

'ઇષ્ટોપદેશમાં કહ્યું છે : મોક્ષના પ્રેમીઓનું કર્તવ્ય છે કે આત્મા સંબંધી જ પ્રશ્ન પૂછે,...' હેં? 'મોક્ષના પ્રેમીઓને...' આપણે વ્યાખ્યાન ચાલી ગયા છે. બધા વ્યાખ્યાન ઉતરી ગયા છે. 'ઇષ્ટોપદેશ' (બધા) વ્યાખ્યાન ઉતરી ગયા છે.

મુમુક્ષુ :– આ વખતે આપે રાજકોટમાં આ જ શબ્દો કહ્યા હતા કે આત્માની જ વાત પૂછવાની.

ઉત્તર :– આત્મા.. આત્મા.. આત્મા.. કરણાનુયોગ બધું હોય હવે મૂક ને. કેટલી તો અમને પણ આવડતી ન હોય. કરણાનુયોગમાં આ ગુણસ્થાને કેટલી પ્રકૃતિ બંધાય અને કેટલા સત્તામાં (હોય) એ યાદ પણ ન હોય, એની સાથે શું સંબંધ છે? ભગવાનઆત્મા આખો છે એનું પૂછ ને, એનું કહે ને, એનો ઉત્તર માગ ને! ભાઈ! આવે છે ને ઓલામાં, નહિ? ઘણા બોલ, અગિયાર બોલ આવે છે. 'યોગસાર'માં અગિયાર બોલ આવે છે. 'યોગસાર'માં આવી ગયું છે, આપણે બધું ઉતરી ગયું છે. ઘણા વખતથી ઘણી વાતો આવી છે. 'આત્મધર્મ'માં તો ઘણા પ્રકાર આવી ગયા. પણ માળા 'આત્મધર્મ'ને ઓલા કહે, એ.. એકાંત છે. ભગવાન! એને દૃષ્ટિમાં સમાતું નથી ને એટલે એમ લાગે. ભાઈ! એને ધીરેથી જોવું જોઈએ. એમ ને એમ પક્ષથી અને આગ્રહથી ન જોવાય. સમજાય છે? ન્યાયથી જોવું જોઈએ ને!

'મોક્ષના પ્રેમીઓનું કર્તવ્ય છે કે તે આત્મા સંબંધી જ પ્રશ્ન પૂછે, તેનો જ પ્રેમ કરે...' સમજ્યા? અમને કેટલાક ખાનગીમાં પૂછે, મહારાજ! અમારે ધ્યાન શી રીતે કરવું? એ જાણે કે, મહારાજ ધ્યાન કરે છે. પણ એવું કોઈ ધ્યાન નથી કે ૐ ૐ કર્યા કરે. આ આત્મા વસ્તુ છે તેની દૃષ્ટિ કરીને ઠરવું તે ધ્યાન છે. હજી આત્માની ખબર વિના ધ્યાન કોનું? સમજાય છે કાંઈ? એનો પ્રશ્ન કર, એને દેખ, એને અનુભવ કર. 'તે આત્મજ્યોતિ અજ્ઞાન રહિત છે,...' ભગવાનમાં અજ્ઞાનની ગંધ નથી. એ તો ચૈતન્યનું નૂર, પૂર, સૂર્ય છે. ચૈતન્યના નૂરનું પૂર (છે). તેજ, નૂર એટલે તેજ. ચેતનના તેજનું પૂર છે. એમાં અંધકાર કેવા? સૂર્યમાં અંધકાર હોય? આ જડ રજકણ (છે). આ તો ઘણા રજકણની પર્યાયની વિભાવિક દશા (છે). આ તો એક દ્રવ્ય અખંડ, એક દ્રવ્ય અખંડ (છે). આ (સૂર્ય) તો ઘણા રજકણનો પિંડ છે. એક દ્રવ્ય અખંડનું તત્ત્વ, એકલા ચૈતન્યનું પૂર છે. એનો પ્રશ્ન કર. એ અજ્ઞાન રહિત 'પરમ જ્ઞાનમય છે અને સૌથી (ભગવાન) મહાન છે.' કહો, સમજાણું કાંઈ?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## આત્મામાં રમનાર કર્મોથી બંધાતો નથી.

जइ सलीणेण ण लिप्पियह, कमलणि-पत्त कयावि।
कब कम्मेहिं ण लिप्पियइ, जइ रइ अप्प-सहावि।।९२।।

પંકજ જ્યમ પાણી થકી, કદાપિ નહીં લેપાય;
લિપ્ત ન થાયે કર્મથી, જે લીન આત્મસ્વભાવ. ૯૨.

અન્વયાર્થ :- (जह कमलणि-पत्त कया वि सलिलेण ण लिप्पयइ) જેમ કમલિનીનું (પંકજનું) પાંદડું કદી પણ પાણીથી લેપાતું નથી (तह जइ अप्प-सहावि रइ कम्मे हिं ण लिप्पियइ) તેમ જ જો જીવ પોતાના સ્વભાવમાં રત હોય તે કર્મોથી લેપાતો નથી.

---

૯૨. 'આત્મામાં રમનાર કર્મોથી બંધાતો નથી.' આ તો 'યોગસાર' છે ને? યોગસારનું જ સ્પષ્ટીકરણ ખૂબ કર્યું છે.

जइ सलीणेण ण लिप्पियह, कमलणि-पत्त कयावि।
कब कम्मेहिं ण लिप्पियइ, जइ रइ अप्प-सहावि।।९२।।

શરત આ. આત્મામાં જેને રતિ લાગી છે, લગન લાગી આત્માની. રતિ. છે ને? ભાઈ! 'નિર્જરા અધિકાર'માં ૨૦૬ ગાથામાં છે ને? એમાં પ્રીતિ કર, એમાં રતિ કર, એમાં સંતોષ કર, એમાં ઠર. 'પાલીતાણા'માં એ ગાથા ચાલી હતી. 'અમદાવાદ'માં પણ એ ચાલી હતી. એ ભડકે.. ભડકે.. ભડકે.. આ તો આત્મા આત્મા કરે છે. પણ સાંભળ, ભગવાન! તારે આત્મા સિવાય શું કરવું છે? હેં? આ ક્રિયા કરો, ભગવાનની જાત્રા, પૂજા, સિદ્ધગિરી, સિદ્ધગિરીના દર્શન (કરો). હવે એ તો શુભભાવ છે, બાપુ! તું લાખ સિદ્ધગિરી ઉપર જાને! આ સિદ્ધગિરી આખી અંદર પડી છે. અનંતા સિદ્ધોની પર્યાય જે એક સમયે સિદ્ધને પ્રગટે, એવી અનંતી પર્યાય રાખીને ભગવાન અંદર પડ્યો છે. એ સિદ્ધગિરી ઉપર ચડ.. 'વલ્લભદાસભાઈ'! તો તારી જાત્રા સફળ થાય. 'શત્રુંજય' ઇ છે, શત્રુનો જય કરનારો ભગવાનઆત્મા એ શત્રુંજય છે. એ ભક્તિનો ભાવ અશુભથી બચવા હોય છે એમ વ્યવહારથી કહેવાય, બાકી એ કાળે આવવાનો ભાવ હોય છે એટલે શુભભાવ આવે. હો, પણ તું એને એમ માની લે કે આનાથી હળવે હળવે કલ્યાણ થઈ જશે (તો એમ નથી). સ્વદ્રવ્યના આશ્રય વિના કલ્યાણનો અંશ કોઈ દિ' જાગે નહિ.

જુઓ! દાખલો આપ્યો છે, હોં! 'જેમ કમલિનીનું પાંદડું કદી પણ પાણીથી લેપાતું નથી...' એ આપણે આવી ગયું છે, ('સમયસાર') ચૌદમી ગાથા. 'તેમ જો જીવ પોતાના સ્વભાવમાં રત હોય...' જુઓ! એમ ભગવાનઆત્મા જ્ઞાનનો સૂર્ય, જ્ઞાનનો સૂર્ય, એમાં રત થાય એ એનો સ્વભાવ કહેવાય છે. જ્ઞાનસ્વરૂપી ભગવાનમાં લીન થાય તો જીવ 'કર્મોથી લેપાતો નથી.' લિપ્ત ક્યાંથી થાય? અંદર વસ્તુમાં જ્યાં લીન થયો તો કર્મથી બંધ ક્યાંથી થાય?

www.vitragvani.com



સમજાણું કાંઈ? નિર્જરા થાય છે.

'આત્મામાં લીન ભવ્ય જીવ મોક્ષમાર્ગી છે. તે રત્નત્રયની એકતા ધરાવે છે.' પોતાનો આત્મા, તેની રુચિ, તેનું સ્વસંવેદનજ્ઞાન અને તેનું સ્વરૂપાચરણ. એમ ત્રણેની એકતા રાખે છે. વીતરાગ સમભાવથી લીન થાય છે. વીતરાગભાવમાં અથવા સમભાવમાં લીન થાય છે. રાગ-દ્વેષ વિહીન હોય છે તેથી કર્મોથી બંધાતો નથી. બંધનાશક વીતરાગભાવ છે. બંધનો નાશ કરનાર તો આત્મા વીતરાગસ્વરૂપ અને એમાંથી ઉત્પન્ન થયેલો વીતરાગભાવ (છે). સમ્યગ્દર્શન એ પણ વીતરાગભાવ છે, ભાઈ! ઓલા કહે, સરાગ સમકિત છે. સરાગ સમકિત તો એને રાગથી કહ્યું છે. સમકિત સરાગ-ફરાગ છે જ નહિ. વીતરાગ સમ્યગ્દર્શન. ત્યારે ઓલા કહે, વીતરાગ સમ્યગ્દર્શન આઠમે હોય. ચોથે સરાગ સમ્યગ્દર્શન હોય.

મુમુક્ષુ :- અમુક એમ કહે છે, છઠ્ઠે હોય.

ઉત્તર :- પણ એ તો છઠ્ઠે કહે છે. સાતમે વીતરાગ છે, ગૌણપણે ચોથાનું લીધું છે. ત્યાં ટીકામાં લીધું છે.

કહે છે, બંધનાશક વીતરાગભાવ, બંધકારક રાગ-દ્વેષ, મોહ. બેય બંધ આવે છે ને? મોહ મિથ્યાત્વભાવને કહે છે. એ તો ઠીક. ૪૧ પ્રકૃતિનો બંધ નથી કરતો, લ્યો! સમ્યગ્દૃષ્ટિ પોતાના શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિમાં અંશે સ્થિર થયો તેને ૪૧ પ્રકૃતિનો બંધ તો સહજ નથી. લડાઈમાં ઊભો હોય તોપણ ૪૧ પ્રકૃતિનો બંધ નથી. આહાહા..! સમજાણું કાંઈ? અને અજ્ઞાની આમ દયા પાળવાની કુંજલી લઈને, મોરપીંછી લઈને (ચાલતો હોય), દૃષ્ટિ કર્તાબુદ્ધિની છે, એ ક્રિયા હું કરું છું, રાગ આવ્યો તે મારો ધર્મ છે, એવી મિથ્યાબુદ્ધિમાં મિથ્યાત્વનો ચીકણો અનંત સંસાર પડે છે. સમજાણું કાંઈ? પછી ઘણી વાત કરી છે.

છેલ્લો શ્લોક 'સમયસાર કળશ'નો (લીધો છે). 'જ્ઞાનીને રાગ દ્વેષ મોહ હોતા નથી...' એ ધર્મીને રાગ-દ્વેષ હોતા જ નથી. હોતા જ નથી. ધર્મની દૃષ્ટિમાં નથી, દૃષ્ટિનો વિષય આત્મામાં નથી તો ધર્મીને રાગ-દ્વેષ, મોહ હોતા જ નથી. 'તેથી જ્ઞાનીને બંધ થતો નથી.' આ 'આસ્રવ અધિકાર'નો (શ્લોક) છે. 'रागो दोसो मोहो य आसवा णत्थि सम्मदिट्ठिस्स' (ગાથા-૧૭૭). એ આસ્રવની ગાથા છે ને? એની પહેલાનો ઉપોદ્‌ઘાતનો કળશ છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્માનું જ્ઞાન થયું કે, શુદ્ધ આત્મા છે, બંધરહિત સ્વરૂપ છે, અબંધ સ્વરૂપી ભગવાન (છે). દૃષ્ટિ અબંધ સ્વરૂપની થઈ (તો તેના) દૃષ્ટિવંતને રાગ-દ્વેષ, મોહ હોતાં નથી. તેને બંધ નથી.

'આત્મરમણતાથી વીતરાગભાવ વધે છે,..' અને સ્વભાવમાં રમણતાને કારણે વીતરાગભાવ વધી જાય છે, થોડો રાગ બાકી છે એ પણ ઘટી જાય છે. કહો, સમજાણું કાંઈ? 'બંધ રોકાય છે.' ભગવાનઆત્મા સ્વરૂપની દૃષ્ટિ (થઈ). અબંધ સ્વરૂપી આત્મા, અબંધ સ્વભાવ. અબંધ સ્વભાવ કહો કે મુક્ત કહો, એવી દૃષ્ટિ થઈ તો અબંધ પરિણામ થયા, અબંધ પરિણામમાં બંધ થતો નથી. બંધનો નાશ થાય છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

સમતારૂપી સુખના ભોક્તા નિર્વાણના પાત્ર છે.

जो समसुक्ख णिलीणु बुहु, पुण पुण अप्पु मुणेइ।
कम्मक्खउ करि सो वि फुडु, लहु णिव्वाणु लहेई।।९३।।

શમ-સુખમાં લીન જે કરે ફરી ફરી નિજ અભ્યાસ;
કર્મ ક્ષય નિશ્ચય કરી, શીઘ્ર લહે શિવવાસ. ૯૩.

અન્વયાર્થ :– (जो बुहु सम सुक्ख णिलीणु पुण पुण अप्पु मुणेइ) જે જ્ઞાની સમસુખમાં લીન થઈને વારંવાર આત્માનો અનુભવ કરે છે (सो वि फुडु कम्मखउ करि सहु णिव्वाणु लहेइ) તે જ પ્રગટપણે કર્મોનો ક્ષય કરીને શીઘ્ર જ નિર્વાણ પામે છે.

---

વીર સંવત ૨૪૯૨, શ્રાવણ સુદ ૧, મંગળવાર
તા. ૧૯-૦૭-૧૯૬૬
ગાથા–૯૩, પ્રવચન નં. ૩૮

---

આ 'યોગસાર' નામનું શાસ્ત્ર છે, એની આ ૯૩ મી ગાથા છે, ૯૩. 'સમતારૂપી સુખના ભોક્તા નિર્વાણના પાત્ર છે.' નિર્વાણનો પાત્ર કોણ છે? (તે કહે છે).

जो समसुक्ख णिलीणु बुहु, पुण पुण अप्पु मुणेइ।
कम्मक्खउ करि सो वि फुडु, लहु णिव्वाणु लहेई।।९३।।

મૂળ ગાથા છે એનો અર્થ જરી ઝીણો છે. શું કહે છે? જે કોઈ 'बुहु', 'बुहु' એટલે જ્ઞાની. જ્ઞાની–ધર્મી એને કહે છે કે, આ આત્મા આનંદસ્વરૂપ છે, જ્ઞાનાનંદ ચૈતન્ય સ્વરૂપ શુદ્ધ છે, એનું જેને શરીર, કર્મરહિત અને પુણ્ય-પાપના ભાવ, વિકારથી રહિત પોતાના આત્માનું શુદ્ધ સ્વરૂપનું ભાન અને અનુભવ થાય તેને ધર્મી અને જ્ઞાની કહે છે. સમજાય છે કાંઈ? ધર્મની શરૂઆત કરનાર એને કહે છે.

પહેલો શબ્દ 'बुहु' વાપર્યો છે. બુધ. આ આત્મા આ દેહ, વાણી, મન તો માટી જડ છે, આ ધૂળ છે, એ આત્મા નહિ. અંદર આઠ કર્મના રજકણ ઝીણી ધૂળ છે એ પણ આત્મા નહિ. એ માટી છે. આત્મામાં હિંસા, જૂઠું, ચોરી, રળવા આદિના ભાવ (થાય તે) પાપ છે અને દયા, દાન, ભક્તિ, વ્રત આદિ પરિણામ થાય તે પુણ્ય છે. એ પુણ્ય અને પાપના ભાવ રહિત પોતાનું સ્વરૂપ શુદ્ધ જ્ઞાનાનંદ અતીન્દ્રિય આનંદનો એ કંદ આત્મા છે. એનું અંતરમાં રાગરહિત રુચિ કરીને સ્વભાવની અંતર દૃષ્ટિ થવી અને આત્મા જ્ઞાનાનંદ

www.vitragvani.com



છે એવો અનુભવ થવો તેને ધર્મી અને તેને જ્ઞાની કહે છે. ઝીણી વાત છે. કેટલાકે તો કોઈ દિ' સાંભળી પણ નહિ હોય. આ ભગવાનઆત્મા આવો કહે છે, કેવો? હેં? આ આત્મા આવો છે. આ બધા આવ્યા છે ને? સાંભળે શી રીતે? સમજે ત્યારે ને માંડ માંડ?

'सम सुक्ख' એમ શબ્દ પડ્યો છે. ધર્મી 'સમસુખમાં લીન થઈને...' ભગવાનઆત્મા અંતર અતીન્દ્રિય જેવો સિદ્ધનો આનંદ છે, જેવો સિદ્ધમાં પરમાત્મામાં આનંદ છે એવો આ આત્મામાં અંતર સ્વરૂપમાં આનંદ છે. આ પુણ્ય-પાપના રાગ-દ્વેષના ભાવ એ આકુળતા અને દુઃખ છે, એનાથી રહિત આત્મામાં આનંદ થવો એને સુખ કહે છે. સમજાય છે કાંઈ? કહો, 'રતિભાઈ'! આ પૈસામાં સુખ છે, શરીરમાં સુખ છે, રળવામાં સુખ છે એવી જે કલ્પના–માન્યતા તે મિથ્યાત્વ છે અને એમાં સુખ છે તે માન્યતા વિપરીત સહિતનો રાગ-દ્વેષ ભાવ છે, એ દુઃખ છે.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– ધૂળમાંય નથી. કોણ સુખી છે? બધા સમજવા જેવા છે, બધા દુઃખી છે.

ભગવાનઆત્મામાં... સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાની (એમ કહે છે કે), ભાઈ! તારો આત્મા અનાદિથી આત્માના આનંદસ્વરૂપની દૃષ્ટિ વિના એકલા શુભ અને અશુભના વિકારના ભાવને કરીને મને સુખ છે, તેમ મૂઢ મિથ્યાદૃષ્ટિ અનાદિથી માને છે. એને જો ધર્મ કરવો હોય તો ધર્મ એને કહીએ કે, એ શરીર, વાણી, મન તો જડ છે, એ તો મારામાં નથી પણ શુભ ને અશુભ, પુણ્ય ને પાપ એ વિકાર, કૃત્રિમ ઉપાધિ મેલ એ મારી ચીજમાં નથી. મારી ચીજમાં તો અતીન્દ્રિય આનંદ (ભર્યો છે). અતીન્દ્રિય અમૃત સ્વરૂપ, સુખસ્વરૂપ.. આત્મા અતીન્દ્રિય સુખનો સાગર છે. આહાહા..!

મુમુક્ષુ :– કેવડો સાગર છે?

ઉત્તર :– આ સાગર તો સાધારણ (છે), આ તો અનંત સાગર છે. એમાં અનંત અનંત શાંતિ પડી છે. જે સિદ્ધ ભગવાનને અનંત આનંદ પ્રગટે તે ક્યાંથી આવે છે? બહારથી આવે છે? અંતરમાં એને ખબર નથી કે આત્મા શું ચીજ છે? અને આત્મામાં શું છે અને આત્મા શું ચીજ અને એમાં શું છે? ખબર નથી. મૂઢ અનંતકાળમાં ત્યાગી થયો, ભોગી થયો, રોગી થયો, નિરોગી થયો, રાજા થયો અને રંક થયો. અનંત અનંત વાર! પણ એ આત્મા શું છે અને એમાં શું છે? આત્મા શું છે અને એમાં શું છે? આત્મા ચૈતન્ય સ્વરૂપ છે અને એમાં અતીન્દ્રિય શાંતિ અને આનંદ છે. એવી અંતરમાં સમ્યક્ દૃષ્ટિ થવી, અનંતકાળથી એ ભાવ એણે પ્રગટ કર્યો નથી. એ અંતરમાં અતીન્દ્રિય શાંત વસ્તુ છું.

અતીન્દ્રિય આનંદની મૂર્તિ મારું સ્વરૂપ (છે), ત્રિકાળ પરમેશ્વરે એમ કહ્યું છે. પરમેશ્વરે એમ જોયું છે, પરમેશ્વર વીતરાગદેવે એમ ફરમાન કર્યું છે કે, ભાઈ! અમને જે સમસુખ, વીતરાગી અનંત આનંદ જે અમને પ્રગટ્યો છે એ અતીન્દ્રિય સમ વીતરાગી આનંદ તારી

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



વસ્તુમાં પડ્યો છે. 'પાટણી'! આ પણ ક્યાં ગોતવું? અહીં તો ચારે કોર ધૂળમાં ને પૈસામાં ને શરીરમાં અને કાં તો અંદરના પાપભાવ હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસનામાં સુખ છે, મૂઢને એવી માન્યતા અનાદિની ભ્રમણા છે. એમ કરતાં આગળ ચાલે તો બહુ તો રાગની મંદતા-દયા, દાન, ભક્તિ, વ્રત, તપના શુભભાવ(માં આવે), એ પણ રાગની મંદતાનો શુભભાવમાં અનાદિથી મૂઢ સુખ છે એમ માની રહ્યો છે. સમજાણું કાંઈ? 'રતિભાઈ'! શું હશે? હૈં?

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર કેવળી પણ્ણત્તો ધમ્મો શરણં. એ કેવળી પરમાત્માએ આત્મામાં અતીન્દ્રિય.. આત્મા ધર્મી અને એમાં અતીન્દ્રિય આનંદ એનો ધર્મ નામ સ્વભાવ છે. એની એણે અનંતકાળમાં પુણ્ય-પાપની રુચિ છોડી અને આત્મા આનંદ અતીન્દ્રિય છે એમ એણે દૃષ્ટિ અને રુચિ એક સેકંડ અનંતકાળમાં કરી નથી. સમજાણું કાંઈ?

એથી કહે છે, જે જ્ઞાની... પહેલો શબ્દ એ લીધો. 'बुहु' શબ્દ પડ્યો છે ને? 'बुहु'. 'बुहु' નામ જ્ઞાની. જેણે ભગવાનઆત્મામાં ગૃહસ્થાશ્રમમાં હો, છ ખંડના રાજમાં પડ્યો દેખાય, 'ભરત' ચક્રવર્તી આદિ, પણ એ અંતરમાં મારા સ્વરૂપમાં અતીન્દ્રિય આનંદ છે એવો સમ્યગ્દૃષ્ટિને અંતર સ્વાદ આવી જાય છે. સમજાય છે કાંઈ? એ અતીન્દ્રિય આનંદ મારામાં છે એવું અંતર સમ્યગ્દર્શન થતાં, સમકિત થતાં, ધર્મની પહેલી દશા થતાં, આત્મા અતીન્દ્રિય સાગર છે, અતીન્દ્રિય આનંદનું મૂળ સ્વરૂપ છે એવો એને સ્વાદ સમ્યગ્દર્શનમાં, ધર્મની દૃષ્ટિમાં, પ્રથમ દરજ્જામાં આનંદ છે એવું વેદન અને અનુભવ થઈ જાય છે. એને જ્ઞાની અને ધર્મી કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

આમાં પાઠ શું છે? જુઓ! 'सुक्ख णिलीणु' શબ્દ શું છે? 'बुहु सम सुक्ख णिलीणु' પહેલો શબ્દ છે. કહો, 'મનસુખભાઈ'! એનું નામ પણ 'મનસુખ' છે. છે એમાં--૯૩માં શબ્દ? શબ્દ છે એમ કહું છું, મેં 'મનસુખ'નું ક્યાં કહ્યું? કહો, સમજાણું આમાં? મનમાં સુખ છે એ માન્યતા પણ મિથ્યાદૃષ્ટિ મૂઢની છે, એમ કહે છે.

મુમુક્ષુ :- મન એટલે જ્ઞાન એવો અર્થ થાય છે.

ઉત્તર :- અહીંયાં ઇ નથી લેવું. મને એટલે વિકલ્પ જે શુભ-અશુભ પરિણામમાં સુખ છે એ મિથ્યાદૃષ્ટિ એને માને છે. જૈન સર્વજ્ઞની પરમાત્માની દૃષ્ટિથી વિરુદ્ધ માન્યતાવાળો એ માને છે. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ... મોડું કેમ થયું? 'કલ્યાણજીભાઈ'! આમ આવો ઓરા. હમણાં હિન્દી ચાલે છે, પણ અમારા 'જગજીવનભાઈ' કહે, આજે ગુજરાતી કરજો, અમારે મહેમાન આવ્યા છે. શું કહ્યું?

કે જે કોઈ જ્ઞાની, એમ શબ્દ પડ્યો છે. સમ, સમ શબ્દમાં 'શમ' જોઈએ. એ અર્થમાં ભૂલ છે. 'જ્ઞાની સમસુખમાં લીન થઈને વારંવાર આત્માનો અનુભવ કરે છે.' આટલા શબ્દોનો અર્થ ચાલે છે. સમસુખ-ભગવાન પરમેશ્વરે સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ તીર્થંકરદેવે કેવળજ્ઞાનમાં

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આ આત્મામાં અતીન્દ્રિય આનંદ ભગવાને જોયો છે. એ અતીન્દ્રિય આનંદનું ઊલટું રૂપ અનાદિકાળથી શુભ ને અશુભ વિકાર કરીને, પુણ્ય ને પાપના ભાવ કરીને તે દુઃખને વેદે અને અનુભવે છે. એ દુઃખનું વેદન એનું નામ મિથ્યાદૃષ્ટિપણું અને અજ્ઞાનપણું છે.

મુમુક્ષુ :- પુણ્યનું ફળ દુઃખ?

ઉત્તર :- એ પુણ્યફળ નહિ, પુણ્ય પોતે દુઃખ છે. ૯૩ ગાથા છે.

'जो सम सुक्ख णिलीणु' શબ્દ છે. 'सम सुक्ख णिलीणु' એટલે જે સમસુખમાં લીન.. લીન છે. ધર્મી એને કહીએ, ગૃહસ્થાશ્રમમાં રહ્યો છતાં પણ સમ્યગ્દૃષ્ટિ એને કહીએ કે આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે, એને પુણ્ય ને પાપના શુભ-અશુભભાવની રુચિ છોડી અતીન્દ્રિય આનંદનો સ્વાદ અંતરમાં દૃષ્ટિમાં-શ્રદ્ધામાં, જ્ઞાનમાં લે છે એને ધર્મી અને સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે. 'કલ્યાણજીભાઈ'! આ ઝીણું છે, ઝીણી વાત (છે), હોં! કલ્યાણનો માર્ગ બહુ ઝીણો છે. આહાહા..! કેવળી પણ્ણત્તો ધમ્મો શરણં, ગડિયો તો સાંજ-સવાર બોલે છે.

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે તીર્થંકરદેવ ત્રિલોકનાથે સો ઇન્દ્રની ઉપસ્થિતિમાં હાજરીમાં સમવસરણની સભામાં મહાવિદેહક્ષેત્રમાં બિરાજમાન તીર્થંકર 'સીમંધરપ્રભુ' આદિ વર્તમાન છે અને એવા અનંત તીર્થંકરોમાં આ ભરતક્ષેત્રમાં પૂર્વે થઈ ગયા. એ અત્યારે અહીં નથી, એ સિદ્ધપદમાં છે. જે 'મહાવીર' ભગવાન આદિ થયા, અહીંયાં હતા ત્યાં સુધી અરિહંતપદે હતા, પછી અત્યારે તો હવે સિદ્ધપદ-શરીરરહિત થઈ ગયા. મહાવિદેહ ક્ષેત્રમાં ભગવાન બિરાજે છે એ હજી અત્યારે અરિહંતપદમાં છે. શરીર છે, વાણી છે, ઉપદેશ છે. મહાવિદેહ ક્ષેત્રમાં 'સીમંધર' પરમાત્મા તીર્થંકરદેવ મોજૂદ મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે. એ બધા તીર્થંકરોએ કેવળજ્ઞાનમાં એમ જાણીને કહ્યું કે, ભાઈ! તેં અનંતકાળ પરિભ્રમણમાં ગાળ્યો એનું કારણ કે ભગવાનઆત્માના અતીન્દ્રિય આનંદ જેવો સિદ્ધ ભગવાનને આનંદ-અતીન્દ્રિય આનંદ છે, ઇન્દ્રિય વિનાનો, રાગ વિનાનો એવો આનંદ તારામાં છે પણ એ આનંદની તને રુચિ થઈ નથી. તારી રુચિ પુણ્ય અને પાપના ભાવ, શુભ ને અશુભ, એમાં તને રુચિ પડી છે તે દુઃખની રુચિ છે. નિર્ધનતા એ દુઃખ નથી. સધનતા એ સુખ નથી. એ તો ધૂળ બહારની ચીજ છે. એ મૂઢ એમાં કલ્પે છે કે, હું નિર્ધન! એવી દીનતાની કલ્પના તેને દુઃખરૂપ છે. સધનતા સુખ નથી, તેમ દુઃખ નથી. પણ હું સધન છું, એવી મમતાનો ભાવ તે દુઃખરૂપ છે. સમજાણું કાંઈ?

આત્મા ભગવાન સચ્ચિદાનંદ સિદ્ધ સ્વરૂપ છે એ તો. જે સિદ્ધ ભગવાન થયા એ ક્યાંથી થયા? એ નિર્દોષ દશા લાવ્યા ક્યાંથી? બહારથી આવે છે? 'કલ્યાણજીભાઈ'! પીપરનો દાખલો આપ્યો હતો. તે દિ' એક ફેરી આપ્યો હતો. 'મુંબઈ', એને યાદ છે. તે દિ' બોલ્યા હતા. લીંડીપીપરનો (દાખલો આપ્યો હતો). ઓલી આવડી લીંડીપીપર થાય છે ને? એમાં ચોસઠ પહોરી તીખાશ ભરેલી છે અંદર અને અંદર લીલો રંગ પડેલો છે. એ ઘૂંટવાથી થાય

www.vitragvani.com



એ કાંઈ પથરાથી નથી થતું. પથરાથી થાય તો કોલસા અને કાંકરા ઘસવા જોઈએ. 'રસિકભાઈ'! આ લોજીકથી વાત છે કે નહિ? એ વકીલ છે કે નહિ થોડા? આ તો લૌકિકના વકીલ છે, આ તો ભગવાનનો લોકોત્તર વકીલ છે.

કહે છે કે, ભાઈ! એ પીપરનો દાણો આવડો, કાળો, અંદર લીલો, તીખો જરી દેખાય, અંદર ચોસઠ પહોરો (છે). ચોસઠ એટલે રૂપિયે રૂપિયો તીખો પડ્યો છે. એ ઘૂંટતા ઘૂંટતા અંદરમાંથી આવે છે, પ્રાપ્તની પ્રાપ્તિ છે, હોય એમાંથી આવે, કૂવામાંથી અવેડામાં આવે. એમ એ પીપરમાં ચોસઠ પહોરી એટલે રૂપિયે રૂપિયો તીખાશ (ભરી છે). આ હિન્દીમાં તમારે ચરપરાઈ કહે છે, અમારે અહીં કાઠિયાવાડમાં એને તીખાશ કહે છે. એ તીખાશ ચોસઠ પહોરી પડી છે. લીલો રંગ પડ્યો છે. તો પડ્યો છે તે પ્રાપ્ત થાય છે. એમ આત્માના દાણામાં અંતરમાં અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય સર્વજ્ઞપદ પડ્યું છે. એ કોણ જાણે ક્યાં હશે? ઓલા પીપરની વાત બેસે કે, વાત સાચી છે.

અહીં ભગવાન કહે છે, આત્મામાં અંતર વસ્તુમાં વર્તમાનમાં પુણ્ય-પાપના વિકલ્પો જે રાગ ઊઠે છે એ તો દુઃખ છે, આકુળતા છે, બંધનું કારણ છે, એ આકુળતા જન્મ-મરણના પરિભ્રમણનું કારણ છે. એ પુણ્ય-પાપના ભાવ, વિકલ્પ રહિત અતીન્દ્રિય ભગવાનઆત્મા છે એનો અંતરમાં જ્ઞાનીને અનુભવ થતાં આ આત્મા આખો અતીન્દ્રિય પૂર્ણ સ્વરૂપથી ભરેલો છે, પીપર ચોસઠ પહોરી તીખાશથી ભરી છે, એમ આત્મા અતીન્દ્રિય આનંદનો ભરેલો (છે), એમ સમ્યગ્દર્શન થતાં જ્ઞાનીને આત્માના આનંદનો, આત્મામાં આનંદ છે એમ ભરોસો આવે છે. એ આનંદ નથી પુણ્ય-પાપમાં માનતો, નથી સ્ત્રી-કુટુંબમાં માનતો, નથી રાજપાટમાં માનતો. સમ્યગ્દૃષ્ટિ જીવ ક્યાંય સુખને માનતો નથી. સમજાણું કાંઈ? સમજાય છે આમાં? 'કામદાર'! શું છે કોણ જાણે આ કઈ જાતની વાત હશે આ? આહાહા..!

ભગવાન! તારી ચીજ છે ને અંદર! આત્મા અરૂપી પણ દળ છે, તત્ત્વ છે, અરૂપી તત્ત્વ છે. રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાનું શરીર પ્રમાણે અરૂપી ચૈતન્ય આનંદકંદનું દળ છે, પિંડ છે. 'મોહનભાઈ'ના દીકરા છે, 'મોહનલાલ કાળીદાસ જસાણી'. સમજાણું કાંઈ? જેમ એક ઠંડી બરફની સાડા ત્રણ હાથની શિલા હોય તો એમાં ચારે બાજુ ઠંડુ, ઠંડુ, ઠંડુ જ ભર્યું છે. એના ખૂણામાં, એના મધ્યમાં, એના આસપાસમાં બધું દળ ઠંડુ જ છે. એમ આત્મા દેહવ્યાપક ભિન્ન આનંદની શિલા છે. કોણ જાણે શું હશે આ? સમજાણું કાંઈ? એ શિલા જેમ... બરફની મોટી પાટ હોય છે ને? પાટ. તમારે 'મુંબઈ'માં તો મોટી હોય. 'કલ્યાણજીભાઈ'! મોટા મોટા ગાડા અમે દેખતા હોઈએ ને, આવડી આવડી પાટું ફરતી હોય. આ ભગવાન કેવડી પાટ છે એની એને ખબર ન મળે. દેહના રજકણની અંદર જુદું અને પુણ્ય-પાપના વિકલ્પ જે રાગ ઊઠે છે, વિકારથી જુદો એ આત્મા ચૈતન્ય આનંદની મોટી પાટ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ આત્માનું જ્યાં સુધી અંતર જ્ઞાન અને અનુભવ ન થાય ત્યાં સુધી એને

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ધર્મની ગંધ ત્રણકાળમાં હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

કહે છે, એ ધર્મી જીવ, જેઓ અનાદિથી અજ્ઞાનમાં પોતાના આનંદ સિવાય પુણ્ય-પાપના ભાવમાં સુખબુદ્ધિએ જે દુઃખને વેદતો હતો એ અજ્ઞાન દશા હતી, એ મિથ્યાદૃષ્ટિ હતો, એ મૂઢ તત્ત્વને માટે હતો, એનાથી ભિન્ન પડીને ભગવાનઆત્મા અતીન્દ્રિય અનાકુળ શાંતરસનો પ્રભુ પિંડ–દળ છે. એવી અંતરમાં સમ્યગ્દૃષ્ટિ થતાં એ સમસુખમાં લીન છે. આહાહા..! છે 'કલ્યાણજીભાઈ'? શબ્દ તો જુવો, ન્યાં તમારા ચોપડામાં તો કેટલા ફેરવી નાખ્યા. પહેલો શબ્દ છે ને? ભાઈ! પહેલો છે ને? ભાઈ! 'सम सुक्ख णिलीणु' શબ્દ છે. આ તો તમારા જમાઈને માટે કહીએ છીએ. 'सम सुक्ख णिलीणु'. 'णिलीणु' લીન. 'सम सुक्ख णिलीणु' એક શબ્દમાં આટલું પડ્યું છે.

જે કોઈ ધર્મી 'बुहु', 'बुहु' એટલે જ્ઞાની, જે 'सम सुक्ख णिलीणु पुण पुण अप्पु मुणेइ' આ શબ્દ પડ્યો છે. આ તો મહાસિદ્ધાંત મંત્ર છે. ભગવાનઆત્મામાં પુણ્ય-પાપના આકુળતાના ભાવથી ભિન્ન પડેલો પ્રભુ, એવા આત્મતત્ત્વમાં અતીન્દ્રિય શાંત આનંદરસ જેમાં ભર્યો છે, એની જેને અંતર દૃષ્ટિ થઈને આત્માના આનંદનું જ્ઞાન થઈને આત્માના આનંદનો સ્વાદ આવ્યો છે એને જ્ઞાની અને સમ્યગ્દૃષ્ટિ અને ધર્મી કહે છે. કહો, સમજાણું આમાં? આ પુણ્ય-પાપના ભાવમાં સુખ માને, પૈસામાં સુખ માને, બાયડીમાં સુખ માને, રાગમાં સુખ માને, ભગવાન કહે છે કે, ઇ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. હેં?

મુમુક્ષુ :– દુઃખી છે ઇ-

ઉત્તર :– દુઃખી છે, એમ કહે છે. 'કાંતિભાઈ'! શું હશે આ? પુણ્ય-પાપમાં પડેલો દુઃખી છે. એના ફળની વાત નથી. ફળ તો બહાર ધૂળ છે. પૈસા-બૈસા બહારના ધૂળમાં ગયા, એમાં અહીં ક્યાં ગરી જાય છે? એની પાસે તો શુભ ને અશુભ વિકાર થાય છે. એ શુભ અને અશુભ ભાવ છે તે દુઃખરૂપ છે, એ દુઃખી જીવ છે. એનાથી રહિત આત્માનું સમ્યગ્દર્શન થતાં 'सम सुक्ख णिलीणु'. સમ્યગ્દૃષ્ટિ જીવ–ધર્મની શરૂઆતવાળો જીવ, આત્મામાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો એવો (જીવ), સમ સુખ. સમ (શબ્દ) કેમ મૂક્યો છે? કે, પુણ્ય-પાપના ભાવ તે વિષમ છે. શુભ-અશુભભાવ થાય છે એ વિષમ છે, વિષમ છે, કષાય છે. એનાથી 'सम सुक्ख णिलीणु'. એ પુણ્ય-પાપના ભાવ વિષમ છે, આકુળતા છે. એનાથી રહિત ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદ સમસુખથી ભરેલું તત્ત્વ છે, એની દૃષ્ટિ કરતાં સમસુખની દૃષ્ટિ થતાં ધર્મી સમસુખમાં લીન છે. અતીન્દ્રિય આનંદમાં જેની પ્રીતિ, રુચિ અને અનુભવ છે. આહાહા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? ચોપડી છે કે નહિ? ભાઈ, 'કામદાર'! ચોપડીમાં નામા લખો છો ત્યારે એકબીજા મેળવો છો કે નહિ? શું કહેવાય?

'जो समसुक्ख णिलीणु बुहु'. 'बुहु' શબ્દ છે ને? ભાઈ! એ 'बुहु' એટલે જ્ઞાની થાય. જ્ઞાની. બોહિ નથી આવતું? બોહિ દયાણં. બોહિ એટલે જ્ઞાની. 'समसुक्ख णिलीणु बुहु' એટલો

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અર્થ થયો. 'पुण पुण अप्पु मुणेइ' 'पुण पुण' નામ ફરી ફરીને એ આત્માના અતીન્દ્રિય આનંદની રુચિ અને દૃષ્ટિ જે થઈ છે એ વારંવાર અતીન્દ્રિય આનંદનો અનુભવ કરે છે એને સંવર અને નિર્જરા થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? 'सो वि पुण पुण' અનુભવ કરે છે. 'पुण पुण' નામ વારંવાર.

માખીને ફટકડીના સ્વાદમાં ફીકાશ લાગે છે અને એને સાકરના સ્વાદમાં મીઠાશ લાગે છે. માખી જેવું જનાવર પણ સાકરને છોડીને ઊડતું નથી. એમ ભગવાનઆત્મા પુણ્ય-પાપના ભાવ તે ફટકડી જેવા ખારા અને દુઃખરૂપ છે. એના સ્વાદમાં ફીકાશ લાગતાં ધર્મીને આત્માના ગાંગડા, સાકરગાંગડામાં સ્વાદ ભાસતાં એમાં લીન થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? મારો આનંદ મારામાં અંતર્મુખમાં (છે). આ શરીર, વાણી, જડ તો અજીવ તત્ત્વ છે. પુણ્યના, પાપના શુભ-અશુભભાવ થાય છે એ તો આસ્રવતત્ત્વ છે. ભગવાનઆત્મા એ આસ્રવ અને અજીવથી જુદું તત્ત્વ છે, એમ જેને ધર્મની પહેલી દૃષ્ટિ થઈ છે એ ધર્મી સમસુખમાં લીન થઈને વારંવાર આત્માનો અનુભવ કરે છે.

એમ કહીને એમ કહે છે કે, નિર્વાણનો ઉપાય કષ્ટ સહન નહિ. ભાઈ! નીચે અર્થ કર્યો છે ને? મોક્ષનો ઉપાય દુઃખ નહિ. અરે..! બહુ સહન કરવું પડે, હોં! એ તો તને દુઃખ લાગ્યું. દુઃખ લાગે એ તો આર્તધ્યાન છે. એ ધર્મ નહિ. નિર્વાણ નામ મોક્ષનો ઉપાય કષ્ટ સહન કરવા એ નહિ. કષ્ટ-દુઃખ સહન કરવું એ તો આર્તધ્યાન છે. નિર્વાણનો ઉપાય અતીન્દ્રિય આનંદમાં શાંતિનું વેદન કરવું, સમસુખ એ નિર્વાણનો ઉપાય છે. આહાહા..! 'કલ્યાણજીભાઈ'! કોઈ દિ' સાંભળ્યું ન હોય. જય નારાયણ! ન્યાં અગ્રેસર થઈને મોઢા આગળ થાય, આમ કરજો, આમ કરજો, આમ કરજો.

મુમુક્ષુ :- બુદ્ધિવાળા માણસો કહેવાય.

ઉત્તર :- પણ આ સમજ્યા વિના બુદ્ધિ કોને કહેવી? 'કલ્યાણજીભાઈ'! સમજાણું કાંઈ? 'રસિકભાઈ'! ન્યાયથી-લોજીકથી સમજાય છે ને? લોજીક-ન્યાય છે ને? વીતરાગનો માર્ગ ન્યાયથી છે. 'નિરાવયમ' આવે છે ને? પાંચમા ...માં આવે છે. 'નિરાવયમ' ન્યાયથી વીતરાગ સર્વજ્ઞ કહે છે. 'નિરાવયમ' ન્યાયથી વીતરાગદેવ કહે છે કે, આ આત્મા અનાદિકાળથી પોતાના આનંદને ભૂલીને જેટલા પુણ્ય અને પાપના ભાવ કરે છે તે દુઃખને વેદે (છે) અને દુઃખી છે. તેને ધર્મી નહિ પણ અધર્મી કહેવામાં આવે છે. આહાહા..! 'મનસુખભાઈ'! નવરા કે દિ' (હતા)? ન્યાં આવે તો સાંભળવા નવરા નથી. ન્યાં પણ દુકાનની તડામાર તડામાર.. ધૂળમાં.. ધૂળમાં હેરાન.. હેરાન.. હેરાન.. દુઃખીના ડાળિયા મોટા. કેમ હશે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ધૂળમાં સુખી નથી, કોણ કહે છે? મૂઢ જીવ કહે. ગાંડાના ઇસ્પિતાલમાં બીજો ગાંડો બીજા ગાંડાને કહે કે, આ ડાહ્યો લાગે છે. 'કલ્યાણજીભાઈ' એમ ખરું ને? ભાઈ!

www.vitragvani.com



ઇ તો મેં કીધું. ઓલા કહે કે, આ સુખી લાગે છે. કો'ક પાસે પાંચ લાખની મૂડી હોય કાં બે કરોડની મૂડી હોય, 'પૂનમચંદ'ને લોકો કહે કે, આ સુખી છે. ધૂળમાંય નથી. કોણ કહેતું હતું? દુઃખ છે ન્યાં શું છે? ધૂળ છે? રાખ છે ન્યાં. આત્મા ભેગું બેસવાનું મળે એ આનંદ છે. એમ અહીં તો પરમાત્મા કહે છે.

મુમુક્ષુ :– છાપામાં તો આવે છે.

ઉત્તર :– એનામાં છાપ ક્યાં પડી? દુઃખની છાપ પડી. લાખો માણાને ખબર પડે, કીડીઓને બહુ ખબર પડે એટલે માણસ કીડીઓ થઈ ગઈ?

અહીં કહે છે કે, નિર્વાણનો ઉપાય. છે ને? પહેલા ગાથાનો અર્થ લઈ લઈએ. 'जो समसुक्ख णिलीणु बुहु, पुण पुण अप्पु मुणेइ' 'अप्पु' એટલે આત્મા. વારંવાર આત્માના અતીન્દ્રિય આનંદની પહેલી દૃષ્ટિ કરી છે તેથી તે આનંદમાં લલચાયા છે. સમ્યગ્દૃષ્ટિ આત્મામાં અતીન્દ્રિય આનંદ છે એમ સમ્યગ્દર્શન થતાં લલચાયો છે. અહીંયાં આનંદ છે, અહીં આનંદ છે, અહીં આનંદ છે. ભગવાન કહે છે કે, એ આનંદનો વારંવાર જે અનુભવ કરે છે, 'सो फुडु कम्मखउ करि सहु णिव्वाणु' એ 'પ્રગટપણે કર્મોનો ક્ષય કરીને...' એ કર્મનો ક્ષય કરે છે. આત્માના આનંદનો અનુભવ કરે એ કર્મનો ક્ષય કરે. સમજાણું કાંઈ? અને 'लहु' શીઘ્ર કાળમાં નિર્વાણને પામે છે.

એક ગાથામાં તો ઘણા તત્ત્વો સમાડી દીધા. ભગવાનઆત્મા એને કહીએ કે જે અતીન્દ્રિય આનંદની મૂર્તિ (છે). એક તત્ત્વ. આ કર્મ, શરીર એ અજીવતત્ત્વ. બે. અંદર પુણ્ય-પાપના ભાવ થાય તે આસ્રવતત્ત્વ. બે ને બે ચાર થઈ ગયા. આત્મા આનંદમય, આસ્રવ અને પુણ્ય-પાપ એ ત્રણ થઈ ગયા. આ કર્મ, શરીર અજીવ. ભગવાન આનંદમૂર્તિ તે આત્મા. એની દૃષ્ટિ અને અનુભવ કરવો એ સંવર અને નિર્જરા. અને એ સંવર, નિર્જરા ઉત્કૃષ્ટ થઈ જાય ત્યારે મોક્ષ થાય તેનું નામ પૂર્ણાનંદની પ્રાપ્તિ. આ નવે તત્ત્વ આમાં આવી ગયા. હેં? નજરે નવે દેખાય. જ્ઞાનમાં નવે જણાય.

અરે..! ભગવાન! પણ એને કોઈ દિ' અંતરના માર્ગ વીતરાગે શું કહ્યા એ સાંભળવા મળે નહિ. એ સમજે કે દિ'? રુચિ કરે કે દિ'? અને અનુભવ કરે કે દિ'? માથાકૂટ, મરીને હેરાન થઈને અનંતકાળથી એમ ને એમ વર્ષ ગાળ્યા, અનંતા ભવ ગયા. આવું મનુષ્યપણું અનંતકાળમાં માંડ મળ્યું. કીડી, કાગડા, કૂતરા, હાથી, નરકમાં, નિગોદમાંથી નીકળતો નીકળતો માંડ અહીંયાં આવ્યો. એમાં પણ આ આત્માનું જ્યાં સુધી ભાન ન કરે તો એની એ દશામાં રખડે છે. આહાહા..!

એક વાત સમસુખમાં એમ શબ્દ લીધો કે, આત્મા આનંદમૂર્તિ તે વીતરાગી સુખનો કંદ છે એને આત્મા કહીએ. એની અંતર દૃષ્ટિ કરીને આનંદનું જ્ઞાન કરે અને આનંદનો અનુભવ કરે એવી દશાને સંવર અને નિર્જરા કહીએ. એ સંવર, નિર્જરામાં પુણ્ય અને પાપ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ને આસ્રવ મેલ તત્ત્વથી રહિત થયો, એ મારામાં નથી, એને પુણ્ય-પાપ ને આસ્રવનું જ્ઞાન થયું કે, એ મલિન છે, મારામાં નથી. અને એ બંધનો ભાવ છે. શુભ-અશુભ વિકારભાવ તે બંધભાવ છે. એ પુણ્ય, પાપ, આસ્રવ, બંધ ચાર તત્ત્વ થઈ ગયા. શરીર, કર્મ અજીવ છે. ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદની સમસુખની મૂર્તિ છે, તે જીવ. એમાં સમ્યગ્દર્શનનું અનુભવનું ભાન થતાં આ આત્મા આનંદમૂર્તિ, એનું વેદન અને શાંતિનું વેદન થતાં એને સંવર અને નિર્જરા કહેવામાં આવે છે. એ વેદન વધતાં વધતાં 'लहु णिव्वाणु' અલ્પકાળમાં પૂર્ણ આનંદરૂપી મુક્તિને પામે છે. એ નવ તત્ત્વ થઈ ગયા. નવ તત્ત્વની હજી ખબર ન મળે, કોને કહેવા? આંકડા નામની પણ ખબર ન મળે અને ભાવની તો ક્યાં ખબર હોય? સમજાણું કાંઈ આમાં? 'રતિભાઈ'!

'સમસુખ' શબ્દ પડ્યો છે ને? એની સામે એક વિષમસુખ છે. એ વિષમસુખ શું? વસ્તુ દુઃખરૂપ એ વસ્તુની વાત નથી. વસ્તુ તો પરમાં રહી ગઈ. આ શરીર-બરીર આ તો માટી-ધૂળ છે, એ તો જડ છે, પર છે. આ પૈસા-બૈસા ધૂળ પર છે, એ ક્યાં આત્મામાં કોઈ દિ' અડે છે? આ તો માટી-ધૂળ છે, ભગવાન તો અરૂપી છે. આત્મા તો રૂપ, રંગ, ગંધ, સ્પર્શ વિનાની ચીજ છે. આ તો સ્પર્શવાળી, ગંધવાળી જડ માટી-ધૂળ છે. એટલે આ અજીવતત્ત્વ (છે). શરીર, કર્મ અને બાહ્ય બાયડી, છોકરાનું દળ આ બધું દેખાય એ બધું અજીવ. અંદર આત્મા છે એ જીવ જુદી વસ્તુ છે. એના લક્ષે થયેલા પુણ્ય અને પાપના ભાવ, શુભ ને અશુભભાવ એ પુણ્ય ને પાપ, આસ્રવ ને બંધ એ ચારે તત્ત્વ એકમાં સમાઈ જાય છે. દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ ઉઠે તે પુણ્ય છે, એને આસ્રવ કહે છે અને ચૈતન્યમૂર્તિ એમાં અટક્યો માટે તેને બંધ કહે છે. સમજાણું કાંઈ? એને વિષમસુખ કહે છે. વિષમસુખ એટલે દુઃખ. પુણ્ય-પાપનો ભાવ એ વિષમ એટલે સમની વિરુદ્ધ તે દુઃખ. એ પુણ્ય-પાપ, આસ્રવભાવના રાગથી ખસીને ભગવાનઆત્માના આનંદના વેદનમાં આવ્યો ત્યારે આત્માનું ભાન થયું એ આત્મા અને શાંતિનું, અરાગી સમસુખનું વેદન થયું એને સંવર અને નિર્જરા કહેવામાં આવે છે. એ સમસુખની નિર્જરા થતાં થતાં સમસુખની જ્યાં શુદ્ધિ વધી ગઈ (અને) પૂર્ણતા થાય તેને ભગવાન મોક્ષ કહે છે. 'કામદાર'! આ કોઈ દિ' સાંભળ્યું પણ નહિ હોય. માણસ નથી સમજતા એટલે તત્ત્વથી શું કહે છે એ સાંભળતા નથી. સમજતા નથી, બંધ કરાવી દીધું. નહિ, માનું. પણ સાંભળ તો ખરો પહેલા શું છે? સમજાય છે કાંઈ?

સર્વજ્ઞે ન્યાયથી, લોજીકથી, યુક્તિથી માર્ગ સિદ્ધ કર્યો છે. અનંત પરમેશ્વર થઈ ગયા, ભગવાન મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે, ગણધરો બિરાજે છે, સંતો બિરાજે છે, લાખો મુનિઓ બિરાજે છે. વર્તમાન મહાવિદેહ ક્ષેત્રમાં, હોં! ઇન્દ્રો ઉપરથી ભગવાનના સમવસરણમાં અત્યારે આવે છે. ક્રોડ પૂર્વનું જેનું આયુષ્ય છે, 'મુનિસુવ્રત' ભગવાનના વખતમાં જેમણે દીક્ષા લીધી છે. અત્યારે કેવળજ્ઞાનપણે બિરાજે છે. આવતી ચોવીશીમાં બારમા અને તેરમા તીર્થંકર અહીં

www.vitragvani.com



થશે ત્યારે ત્યાં મોક્ષ પધારશે. એટલું એમનું ભગવાન 'સીમંધરપ્રભુ'નું આયુષ્ય મોટું છે. 'કલ્યાણજીભાઈ'! આ બધા ન્યાંના શેઠિયા. એના પત્તા નીકળી જાય છે.

આવી ભગવાનના મુખમાંથી વાણી આવેલી છે અને સંતો, જ્ઞાનીઓ એ વાત કરે છે. ભાઈ! 'फुडु कम्मखउ करि' આત્મામાં શાંતિનું, અતીન્દ્રિય આનંદ સ્વરૂપનું જેટલું વેદન કરે, અનુભવે... 'અનુભવ રત્ન ચિંતામણિ અને અનુભવ હૈ રસકૂપ, અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષ સ્વરૂપ.' એ આત્માના અતીન્દ્રિય આનંદનો અનુભવ કરવો, શાંતિનું વેદન કરવું એને ભગવાન મોક્ષનો માર્ગ કહે છે. જેટલા પુણ્ય અને પાપના ભાવ ઉઠે એ બધા બંધના કારણ અને દુઃખરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? કહો, 'પાટણીજી'! આમાં ક્યાંય દલીલને અવસર તો નથી પણ માળા'એ કોઈ દિ' એણે... માણસપણામાં નક્કી કરવાનો અવસર માંડ મળ્યો એને ખોઈ બેઠો. જાઓ! એને નિગોદનું શરીર મળ્યું કે આ મળ્યું, બેમાં ફેર છે? બટાટા, શકરકંદ શરીર મળ્યું, એક શરીરમાં અનંતા જીવ. એ મળ્યું અને આ માણસપણું મળ્યું, પણ જેને આત્મા શું ચીજ છે, એની દૃષ્ટિ કેમ કરવી એનું ભાન નથી તો એને શરીર મળ્યું અને માણસનું શરીર (મળ્યું), બન્ને સરખા છે. કારણ કે એમાં આને કાંઈ લાભ નથી અને એને કાંઈ લાભ નથી. 'ગોરડિયા'! સમજાણું કાંઈ? આ મુદ્દાની રકમની વાત છે. માણસ એવા હોય ને કે, પાંચ લાખ આપ્યા હોય, છ આના તરીકે વ્યાજ (લેતા હોય, એ કહે) હવે વ્યાજ નહિ, રોકડ લાવ. વ્યાજ વીસ વર્ષ ખાધું. મૂળગી મૂડી લાવ. મૂડી નથી. ત્યારે શું કરવા વ્યાજ આપ્યું? એમ અહીં કહે છે, મૂળગી મૂડી આત્મા એના ભાન વિના તારા પુણ્ય-પાપના પરિણામ એ બધા પુણ્યના વ્યાજ બહાર ગયા. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા પોતાના સ્વરૂપનું સમસુખની શાંતિનું વેદન કરે. આહાહા..! એક શબ્દમાં તો કેટલું મૂક્યું છે!! ગૃહસ્થાશ્રમમાં 'ભરત' ચક્રવર્તી, છન્નુ હજાર સ્ત્રી. સમજાય છે? છતાં એને રાગ છે પણ એ રાગ જરી અશુભ છે, એનાથી આત્મા આનંદ છે એમ ભિન્નનું ભાન છે. આ નહિ રે, નહિ. મારો સ્વાદ અંદરમાં છે. એ છ ખંડના રાજમાં પડ્યો પણ આનંદને ભૂલતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? નટ દોરડે નાચતો હોય, નાચતો હોય પણ એનો પગ ક્યાં છે એ ભૂલે નહિ, (ભૂલે) તો પડી જાય હેઠે. એમ ધર્મી જીવ ગૃહસ્થાશ્રમમાં રહ્યાં છતાં છન્નુ હજાર સ્ત્રી પટરાણી, રાણીઓ એને દેવાંગના જેવી હોય છે. જેના શરીર પણ સુંદર, જેના ઇન્દ્ર તો મિત્ર છે. 'ભરત' ચક્રવર્તીને ઇન્દ્ર તો જેને મિત્ર હોય છે. જેના સિંહાસન એકલા હીરામાણેકથી જડેલા, જેની અત્યારે કોઈ રાજા 'એડવર્ડ'ની પાસે ન હોય એટલી કિંમત તો એના સિંહાસનના પડવાયાની હોય છે. સમજાણું કાંઈ? પણ અંદર આ મારો આત્મા આનંદ છે ને. અરે..! આનંદમાં ક્યારે જાઉં? ક્યારે જાઉં? રુચિ ત્યાં લાગી છે. એવા પુણ્ય-પાપના ભાવ થવા છતાં રુચિ આત્માના આનંદમાં લાગી છે. એને સમ્યગ્દૃષ્ટિ

www.vitragvani.com



કહેવામાં આવે છે. આહાહા..! સમ્યક્ નામ સાચી દૃષ્ટિ. તો આત્મામાં અતીન્દ્રિય આનંદ છે તેની રુચિ અને અનુભવ થયો એને સમ્યગ્દૃષ્ટિ કહે છે. અને એનાથી વિરુદ્ધ પુણ્ય-પાપના ભાવ એ દુઃખરૂપ છે તેનું વેદન તે હું, એ મિથ્યાદૃષ્ટિ આત્મા દુઃખમાં આત્મા માને છે. સમજાણું કાંઈ?

'નિર્વાણનો ઉપાય કષ્ટ સહન...' એણે (ભાવાર્થમાં) એની થોડી વ્યાખ્યા કરી છે. શબ્દ તો આ જ છે પણ 'સમ'માંથી કાઢ્યું છે. મોક્ષનો ઉપાય કષ્ટ સહન નહિ. લોકો કહે છે ને કે, જેમ કષ્ટ સહન કરશું એમ વધારે.. ધૂળમાં.. કષ્ટ સહનમાં તો દુઃખ છે. મોક્ષમાર્ગ દુઃખરૂપ હોય? બહુ સહન કરે, પરિષહ બહુ સહન કરે. પરિષહ સહન કરવા એટલે શું? અંતર અતીન્દ્રિય આનંદનો સ્વાદ અને ઉલ્લસિત આનંદ સ્ફૂરે. દુઃખ લાગે નહિ, પ્રતિકૂળતા દેખાય નહિ, જ્ઞાતાના સમભાવમાં જાણનાર-દેખનાર, જાણનાર-દેખનાર (રહે છે). લાખ પ્રતિકૂળ હો, એ બધા જ્ઞેય–જાણવા લાયક ચીજ છે, મને કોઈ પ્રતિકૂળ છે નહિ અને મને કોઈ અનુકૂળ છે નહિ. આ પ્રતિકૂળ વિકારીભાવ અને અનુકૂળ ભગવાનઆત્મા (છે). સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ પ્રતિકૂળ એ પોતાના પુણ્ય-પાપના ભાવ તે અનિષ્ટ અને દુઃખરૂપ (એમ જોવે છે). મારો આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ, આ એની દૃષ્ટિ–સમ્યગ્દૃષ્ટિની હોય છે. આહાહા..! સમજાણું કાંઈ?

સુખનો ભોગ. શું કહે છે? જુઓ! 'પરંતુ સમભાવપૂર્વક સુખનો ભોગવટો છે.' એ અર્થ છે. એમાં નથી, એ તો શબ્દ છે. આમાં થોડી ટીકા કરી છે. સમ્યગ્દૃષ્ટિને દુઃખ નથી. દુઃખ સહન કરવું એ મોક્ષનો ઉપાય નથી. આનંદ સમતા.. સમતા.. સમતા.. કઈ સમતા? લોકો કહે એવી નહિ. અંતર સમસ્વરૂપી પ્રભુ, શીતળ શિલા, અરૂપી ચિદાનંદ ચંદન.. ચંદન.. ચંદન શિલા આત્મા અને અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ, એનો સ્પર્શ કરી અને આનંદનું વેદન આવ્યું એ કષ્ટ નથી, એ સમસુખ છે. એ સમસુખ મોક્ષનો ઉપાય છે. સુખનો ભોગ સાથે છે. આહાહા..! એને નિર્જરા કહેવાય છે. જેમાં શાંતિ.. શાંતિ.. અનાકુળ શાંતિ, સ્વભાવના સાગરમાંથી કણિયો ફૂટ્યો. ભગવાન..! જેમ પાણીનો દરિયો હોય અને જેમ ભરતી આવે, ભરતી કાંઠે (આવે), એમ અતીન્દ્રિય આનંદનો સાગર ચૈતન્ય રત્નાકર પ્રભુ આત્મા છે. એની અંતરમાં સમ્યગ્દૃષ્ટિથી એકાગ્ર થતાં એની વર્તમાન દશામાં આનંદની ભરતી આવે છે. એ આનંદની ભરતી મોક્ષનો ઉપાય છે. આહાહા..! 'કલ્યાણજીભાઈ' આ કોઈ દિ' શબ્દ પણ સાંભળ્યા નહિ હોય. 'કામદારે' તો તરત કબુલ્યું. 'ધીરુભાઈ'! 'ઝોબાળિયા' ઘણા ભેગા થયા છે. આ પણ 'ઝોબાળિયા' જ છે ને? ઓહોહો..!

પ્રભુ! તારા મારગડા પ્રભુ જુદા છે, ભાઈ! દુનિયા માને અને મનાવે એથી કાંઈ વીતરાગનો માર્ગ ન થઈ જાય. વીતરાગ પરમેશ્વરનો માર્ગ સમ વીતરાગભાવ છે. સમસુખ કહો કે વીતરાગભાવનો આનંદ કહો. આહાહા..! એ વીતરાગભાવનો આનંદ અંદરમાં આવે એ

www.vitragvani.com



વીતરાગનો માર્ગ કહેવાય છે. જેમાં પુણ્ય અને પાપના ભાવ એ તો રાગભાવ (છે), એ વીતરાગમાર્ગ નથી. ભારે વાત પણ, ભાઈ! છતાં (સમ્યગ્દષ્ટિ) રાજપાટમાં કેમ રહે? ભાઈ! એને હજી આસક્તિભાવ હોય છે એથી રાજપાટમાં દેખાય છે પણ એ આસક્તિને દુઃખ દેખે છે. એ આસક્તિને દુઃખ દેખે છે. ભોગની વાસના સમકિતીને આવે પણ એને ઉપસર્ગ ઉપસર્ગ કાળો નાગ દેખે છે. આહાહા..! સમ્યગ્દષ્ટિ આત્માના આનંદના સ્વાદ આગળ એ પાપની વાસના જ્યાં ભોગની આવે એને કાળો નાગ દેખે છે. અરે..! આ દુઃખ ઝેર છે. સમજાય છે? એની સ્થિરતા નથી એટલે એટલો (ભાવ) આવે છે પણ એમાં એને પ્રેમ અને રુચિ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

સમકિતીને આ ઇન્દ્રાણી હોય. છે ને અત્યારે? શક્રેન્દ્ર છે ને? સુધર્મ દેવલોકનો શક્રેન્દ્ર અત્યારે છે. એકાવતારી, હોં! એકભવતારી. એની રાણી પણ એકભવતારી છે. શચિ-પત્ની બેય એકભવતારી છે. સુધર્મ દેવલોકમાં બત્રીસ લાખ વિમાનનો લાડો છે. સમકિતી, ક્ષાયિક સમકિતી છે. એની રાણી સમકિતી છે, બેય એક ભવ કરીને મોક્ષ જનારા છે. એમાં પડ્યા છતાં ક્યાંય આનંદ દેખતા નથી, એ આનંદ અંદરમાં દેખે છે. બત્રીસ લાખ વિમાન અને એક એક વિમાનમાં કેટલાકમાં તો અસંખ્ય દેવ છે. હૈં?

મુમુક્ષુ :- શચિ ઇન્દ્રાણી ક્ષાયિક સમકિતી છે?

ઉત્તર :- ક્ષાયિકનું મેં નથી કહ્યું. સમકિતી એટલું કહ્યું. સમકિતી એટલું જ કહ્યું. ક્ષાયિક કંઈ સ્ત્રીમાં હોય નહિ, ત્યાં ન હોય. પછી આવશે, પણ સમકિતી એટલું કહ્યું. આ ક્ષાયિક સમકિતી છે. શક્રેન્દ્રે ક્ષાયિક સમકિતી છે અને એની રાણી છે એ સમકિતી છે. બેય મનુષ્ય થઈને મોક્ષ જવાના છે. અત્યારે સ્વર્ગમાં બિરાજે છે. એ દેવની આટલી પાછી એક એક ઇન્દ્રાણી એટલી બધી હોય છે, કરોડો અપ્સરા.. લોકોને એમ લાગે કે, આ ભોગ લે છે. અંતરથી દુઃખ લાગે છે. એ રાગ ટળતો નથી, સ્વરૂપની સ્થિરતાની કચાશ છે એટલે રાગ આવે છે પણ દુઃખ લાગે છે, ઉપસર્ગ આવ્યો એમ લાગે છે. જેમ રોગનો ઉપસર્ગ આવ્યો હોય એમ જ્ઞાનીને ભોગની વાસના ઉપસર્ગ અને રોગ લાગે છે. આહાહા..! સમજાણું? અને મૂઢ મિથ્યાદૃષ્ટિને એ ભોગની વાસનામાં મીઠાશ લાગે છે. આટલો દૃષ્ટિમાં ફેર છે. હવે એ દૃષ્ટિની કિંમતું ક્યાં લાવવી, કરવી? સમજાણું કાંઈ?

અહીં કહે છે, 'પોતાના આત્માનું આત્મારૂપ શ્રદ્ધાન, જ્ઞાન, તેમાં જ ચર્યા (ચાલવું તે) અર્થાત્ આત્માનુભવ જ નિશ્ચય રત્નત્રય સ્વરૂપ મોક્ષમાર્ગ છે.' એની વ્યાખ્યા કરી છે. એ શબ્દની વ્યાખ્યા છે, એ એમાં નથી, એ બીજું પુસ્તક છે. એકલા શ્લોકનો જ અર્થ છે. આ હિન્દી છે ને? ભગવાનઆત્મા દેહદેવળમાં સ્ત્રીનો દેહ હોય તો માટી (છે). ઉપર ચામડા વીંટેલા (છે), ભગવાનઆત્મા એ રૂપે કોઈ દિ' થયો નથી. સોનાની લગડી એને લાખ લૂગડાં, કપડાં, જીર્ણ, નવા, જૂના, વાઘના, હરણના ચિત્રથી પણ એ સોનાની લગડી

www.vitragvani.com



એ ચિતરામણરૂપે અને કપડારૂપે કોઈ દિ' થતી નથી. એમ ભગવાન અંદર સોનાની લગડી છે. એને આ માથે કપડા, કો'કને પુરુષના, કો'કને બાયડીના અને કો'કને હીજડાના, કો'કને હાથીના અને કો'કને કંથવાના. એ બધા માથે માટીના લેપ છે. વસ્તુ ભગવાન ચિદાનંદ આનંદકંદ એ ભિન્ન તત્ત્વ છે. સમજાણું કાંઈ? હેં?

અહીં 'समसुक्ख णिलीणु' શબ્દ છે ને? આહાહા..! ભાઈ તારી દશા કોણ? તું કોણ? ભાઈ! તું કોણ? તું એટલે કે અતીન્દ્રિય આનંદનો પિંડ તે તું. ભાઈ! આ શરીર, વાણી, મન તું? આ પુણ્ય-પાપના ભાવ થાય એ તું? ભગવાન તું વિકાર? ભગવાન તું અજીવ? કે ભગવાન તું જીવ? આહાહા..! તો જીવ એટલે શું? આનંદ અને શાંતિના જીવનથી ભરેલો ભગવાન તેને જીવ કહીએ. આહાહા..! કહે છે, ભાઈ! એ હરણની ડૂંટીમાં કસ્તુરી પણ એની એને કિંમત નથી. એમ ભગવાન કહે છે, બાપુ! તારા આત્મામાં અતીન્દ્રિય આનંદ અને સર્વજ્ઞપદ આત્મામાં પડ્યું છે. એ સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાની થાય છે એ ક્યાંથી લાવ્યા કેવળ? બહારથી આવે છે? ચોંસઠ પહોરી તીખાશ ક્યાંથી આવી? પથરેથી આવી? 'કલ્યાણજીભાઈ'! આ મારામાં આવું છે? એક બીડી વિના ચાલે નહિ, સરખી સદડી અડદની દાળ ન થાય તો ઢીંચણિયું ઉડે, ઢીંચણિયું ઉછળી જાય. અડદની દાળ હોય ને? અડદની. છાશ.. છાશ સમજો છો? મઠા. મઠો નાખે ને? પછી દાળ આમ સરખી સદડી ન થાય. (તો કહે), ધનનું ધૂળ કરી નાખ્યું. કહો ત્યારે ધાન લાવી દઈએ છીએ. પણ આવું કરી નાખ્યું? દાળ જુદી, છાશ જુદી. એકરસ થતું નથી. એકરસ ન્યાં જોવા માટે મંડ્યો, માળો! અહીં એકરસ થાતો નથી એ તો જો! સમજાણું કાંઈ? અરે..! અડદની દાળ આવી કરી, ધૂળ આવી કરી. આમ શિરો સરખો લહલહતો આવ્યો, આમ ઘી ટપકતો (આવ્યો) ત્યાં તો એકાકાર (થઈ જાય). મૂઢ છે. હેં? પત્તરવેલિયાં કટકા આમ સરખા તળેલા હોય ને? અને શ્રીખંડ, પુરી ખાવા બેઠો હોય તો જાણે મૂઢ ત્યાં જ આખો સલવાઈ ગયો. ભાઈ! એ તો માટી છે, પ્રભુ! છ કલાકે તો વિષ્ટા થાશે. આ શરીર એવો સંચો છે. શ્રીખંડ અને પુરી બીજે ક્યાંક કોઠીમાં નાખીશ તો છ કલાકે વિષ્ટા નહિ થાય. પણ આ સારો શ્રીખંડ ફર્સ્ટક્લાસ અહીં નાખશે તો છ કલાકે વિષ્ટા થાશે, એવો આ સંચો છે. આ તો માટી ધૂળ છે, બાપુ! એ આત્મા નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા અંતરમાં અતીન્દ્રિય આનંદથી પૂર્ણ છલોછલ ભરેલો (છે). કહે છે, એવા આત્માની અંતર શ્રદ્ધા, સમ્યક્ અનુભવ, એનું જ્ઞાન અને એની રમણતા (થાય) એને ભગવાન સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર કહે છે. આહાહા..! લ્યો! એ 'આત્મામાં જ રત થાય છે, મનના વિચાર બંધ થઈ જાય છે, વચન અને કાયાની ક્રિયા સ્થિર થઈ જાય છે,... તે જ વખતે આત્મસ્થિતિ થતાં આત્મિક સુખનો સ્વાદ આવે છે.' મન છૂટી જાય, વિકલ્પ છૂટી જાય, આત્મા આનંદ અનુભવમાં આવે ત્યારે સમ્યગ્દર્શન થતાં, સમ્યગ્દર્શન થતાં એને

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આત્માના નિર્વિકલ્પ આનંદનો અનુભવ થઈ જાય છે. એને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. એ સમ્યગ્દર્શન થયા પછી એને સ્વરૂપમાં સ્થિરતા-રમણતા થાય એને ચારિત્ર કહે છે. સમજાય છે કાંઈ? બહારથી વેશ પલટ્યા અને આ કર્યા માટે અમને સમ્યગ્દર્શન થઈ ગયું અને ચારિત્ર થઈ ગયું (એમ નથી). અનંતવાર (એ) થોથાં કરી કરીને નવમી ગ્રૈવેયકે ગયો. સમજાય છે? 'દ્રવ્ય સંયમ સે ગ્રૈવેયક પાયો, ફેર પીછો પટક્યો.' એ સજ્ઝાયમાં આવે છે. દ્રવ્ય સંયમ આત્માના સમ્યક્ અનુભવ, દૃષ્ટિ વિના બહારની ક્રિયાકાંડ વડે નવમી ગ્રૈવેયક ઊંચે ગયો, ફેર પીછો પટક્યો. ચાર ગતિમાં રખડવા ફરીથી આવ્યો, પણ એણે આત્માની દૃષ્ટિ ને આત્માનું જ્ઞાન ને અનુભવ કર્યો નહિ.

દાખલો આપે છે. 'જેમ સાકર ખાવાથી મીઠાશ..' આવે. સાકર (ખાય તો) મીઠાશ દેખાય. લીમડાને ખાવાથી કડવાશ દેખાય અને મીઠુ ખાવાથી ખારું દેખાય. એમ ભગવાનનો અનુભવ કરતાં આત્માને આનંદ આવે. આ દાખલો દાખલા માટે છે કે દાખલો સિદ્ધાંત માટે છે? એલા લીમડો ખાતા કડવાશ દેખાય, મીઠુ ખાતા ખારાશ દેખાય, સાકર ખાતા મીઠાશ દેખાય, અફીણ ખાતા કડવાશ દેખાય ત્યારે આત્માનો અનુભવ થતાં કાંઈ થાય કે નહિ? એમ કહે છે. આહાહા..! 'તેમ આત્માના શુદ્ધ સ્વભાવમાં રમણતા કરવાથી આત્માનંદનો સ્વાદ આવે છે.' જેમ પેલો કડવો સ્વાદ, મીઠો સ્વાદ, ખારો સ્વાદ (આવે). ભગવાનઆત્મામાં આનંદ છે એનું સમ્યગ્દર્શન કરતાં, એનું જ્ઞાન કરતાં આત્માને આનંદનો સ્વાદ આવે એને આત્મધર્મ કહેવામાં આવે છે. આહાહા..!

મુમુક્ષુ :- સાકર જેવો સ્વાદ આવે -

ઉત્તર :- સાકર જેવો ગળ્યો ક્યાં, ધૂળ છે. ગળ્યો તો જડ છે. એમ કહે છે, આત્માનો સ્વાદ સાકર જેવો ગળ્યો હશે ને? સાકર તો જડ માટી-ધૂળ છે. અને આને (-આત્માને) સાકરનો સ્વાદ આવે છે? આ સાકર તો જડ છે, ગળી અવસ્થા તો માટી છે, એના ખ્યાલમાં આવે છે કે આ ગળી છે, બસ! એટલું. ગળ્યો થઈને ગળ્યાને નથી જાણતો. ધ્યાન રાખજો! સાકર ગળી છે ને? ગળી તો જડની અવસ્થા માટી-ધૂળની છે. આ જાણે છે કે આ ગળ્યું. એ આત્મા ગળ્યો થઈને ગળ્યાને જાણે? આત્મા જ્ઞાનમાં રહીને ગળ્યાને ભિન્ન તરીકે આ ગળ્યું છે એમ જાણે છે. ગળ્યો થઈને જાણે તો આત્મા જડ થઈ જાય. આહાહા..! આવું સમજવું પડે, 'કલ્યાણજીભાઈ'! ચોપડા માટે, નામા માટે કેટલું સમજવું પડતું હશે? હેં? વાણિયા તો ચક્રવર્તી વ્યાજ કાઢે. દસ લાખ આપ્યા હોય ચાર આના લેખે, અત્યારે તો મોંઘું થઈ ગયું, પહેલાની વાત છે ને? દસ લાખ આપ્યા હોય, ચારા આના તરીકે, તો એક દિવસનું વ્યાજ કાઢે અને વ્યાજ ભેળવીને ફરી પાછું ચાર આનાનું બીજા દિવસનું (કાઢે), એનું વ્યાજ ભેળવીને ચાર આનાનું બીજા દિવસનું (ભેળવે), એ ચક્રવર્તી વ્યાજ કહેવાય. ન્યાં ધૂળમાં ઇ ચક્રવર્તી વ્યાજ કાઢે. 'કામદાર'! ન્યાં કામદારપણું કાઢે. હેં? કહે છે, બાપા! આમાં તો

www.vitragvani.com



થોડો કામદાર થા.

તારા સ્વરૂપમાં બાપુ! આનંદ છે. જેમ પરના સ્વાદમાં તને જ્ઞાન થાય છે, જ્ઞાન થાય છે કે આ કડવું છે. એ આત્મા કડવો થઈને કડવાને નથી જાણતો. કડવું તો જડ છે. કડવું થઈને કડવું જાણે તો આત્મા જડ થઈ જાય. ગળ્યો થઈને આત્મા ગળ્યાને જાણે તો આત્મા જડ થઈ જાય. લવણનો ખારો સ્વાદ, એ ખારો થઈને ખારાને જાણે તો આત્મા ખારો જડ થઈ જાય. એને જાણતાં ખ્યાલમાં આવે છે કે, આ કડવું છે, ખારું છે, બસ! એટલું. એમ ભગવાનઆત્માને જાણતાં આમાં ઓલો ભિન્ન રહીને જાણે છે. આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપને એકમેક અભેદ થઈને આત્માને જાણે, પેલા ત્રણ દાખલામાંથી એટલો ફેર (છે). સમજાણું કાંઈ? આ ખારું મોઢું નથી કહેતા? ખારુ મોઢું થઈ ગયું, તીખુ મોઢું થઈ ગયું. તો શું આત્મા તીખો થતો હશે? તીખી અવસ્થા તો જડની, માટી–ધૂળની છે. આત્મા જડરૂપે થાય? એ તો જ્ઞાન જાણે છે કે આ તીખું છે, એટલું. તીખાને ભિન્ન રાખીને જાણે છે. એમ ભગવાનઆત્મા પોતાના આનંદને ભિન્ન રાખીને જાણે છે, એમ નહિ. આનંદને ભિન્ન રાખીને વિકારને વેદે છે. એ અનાદિનો મૂઢ છે. આત્માના આનંદને જુદો રાખી વિકારને વેદે છે તે મૂઢ છે, મિથ્યાદષ્ટિ છે. એનાથી રહિત આત્માના આનંદમાં એકાકાર થઈને આનંદને વેદે તેને સમ્યગ્દર્શન ને જ્ઞાન ને ધર્મ કહેવાય છે. એને સંવર, નિર્જરા અને મોક્ષનો ઉપાય કહેવાય છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

### ઉદીરણા-સંક્રમણ વગેરેમાં પણ ક્રમબદ્ધપર્યાયનો નિયમ!

કર્મની ઉપશમ, ઉદીરણા, સંક્રમણ વગેરે અવસ્થાઓનું શાસ્ત્રમાં વર્ણન આવે છે તે બધી અવસ્થા પણ ક્રમબદ્ધ જ છે. શુભભાવથી જીવે અસાતાપ્રકૃતિનું સાતારૂપે સંક્રમણ કર્યું - એમ કથન આવે; પરંતુ ત્યાં કર્મની તે અવસ્થા થવાની ન હતી તે જીવે કરી એમ નથી, પણ તેવી અવસ્થા થવા વખતે જીવના તેવા પરિણામ નિમિત્ત હોય છે એમ જણાવ્યું છે. બધે ઠેકાણે એક જ અબાધિત નિયમ છે કે પદાર્થોની અવસ્થા ક્રમબદ્ધ છે ને આત્મા જ્ઞાયક છે, ફેરફાર કરનાર નથી. જીવે શુભભાવ કર્યો અને કર્મમાં અસાતા પલટીને સાતા થઈ, ત્યાં તે કર્મની અવસ્થામાં ફેરફાર તો થયો છે, પરંતુ તેથી કાંઈ અવસ્થાનો ક્રમ તૂટ્યો નથી; તેમજ જીવે શુભભાવ કરીને તે અજીવમાં ફેરફાર કર્યો એમ પણ નથી; અસાતા પલટીને સાતા થઈ ત્યાં એવો જ તે અજીવની અવસ્થાનો ક્રમ હતો.

(આત્મધર્મ — ઑગસ્ટ - ૨૦૦૮)

www.vitragvani.com



વીર સંવત ૨૪૯૨, શ્રાવણ સુદ ૨, બુધવાર
તા. ૨૦-૦૭-૧૯૬૬
ગાથા-૯૩, ૯૪. પ્રવચન નં. ૩૯

**जो समसुक्ख णिलीणु बुहु, पुण पुण अप्पु मुणेइ।**
**कम्मक्खउ करि सो वि फुडु, लहु णिव्वाणु लहेई।।९३।।**

અહીં તો આત્મા પોતાના આનંદ સ્વભાવને જાણીને વારંવાર આનંદનો અનુભવ કરે તે કર્મનો ક્ષય કરી નિર્વાણને પ્રાપ્ત થાય છે. એટલા ભાવ મૂક્યા છે. સમજાણું કાંઈ? કાલે થોડી વાત છેલ્લી આવી ગઈ છે. જેમ સાકર ખાવાથી મીઠાપણાનો સ્વાદ આવે, લીમડો ખાવાથી કડવાપણાનો સ્વાદ આવે અને લવણ ખાવાથી ખારાપણાનો સ્વાદ આવે, એમ આત્મા અતીન્દ્રિય શાંતસ્વરૂપની દૃષ્ટિ અને અનુભવ કરવાથી આત્માના આનંદનો સ્વાદ આવે. ત્યારથી એને નિર્જરા શરૂ થાય. કહો, સમજાણું આમાં?

કોઈપણ પદાર્થનો સ્વભાવ હોય એ સ્વભાવનો એને અનુભવ-સ્વાદ આવે ને? એમ આત્મ પદાર્થ છે, વસ્તુ છે, એમાં એનો અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય શાંતરસ સ્વભાવ છે. ચારિત્ર અને આનંદ એમ બે લીધા. સમજાણું કાંઈ? એના સ્વભાવની રુચિ અને સન્મુખતા થઈને તેનું જ્ઞાન (થાય) અને તે સ્વભાવની રુચિનું પરિણમન થવું, એનો અનુભવ (થવો) એ અનુભવમાં ચૈતન્યના આનંદનો સ્વાદ આવ્યા વિના રહે નહિ. સ્વાદ આવે એને અનુભવધર્મ કહે છે, એને મોક્ષનો માર્ગ કહે (છે), એને કર્મની નિર્જરા કહે છે. કહો, સમજાણું આમાં?

'તેમ આત્માના શુદ્ધ સ્વભાવમાં રમણતા કરવાથી આત્માનંદનો સ્વાદ આવે છે.' તે વખતે કર્મની સ્થિતિ ઘટે એવી બધી વાત કરી છે. 'જ્યારે આસ્રવ ઓછા અને નિર્જરા અધિક થાય ત્યારે મોક્ષમાર્ગનું સાધન થાય છે.' શું કહે છે? જ્યારે આત્મામાં શુદ્ધપણાના ભાનની દૃષ્ટિમાં જ્યાં સુધી એને સ્થિરતા પૂર્ણ ન હોય તો અસ્થિરતાનો આસ્રવ થોડો આવે, આસ્રવ થોડો આવે અને નિર્જરા વધી જાય. એવા સાધકજીવને ધર્મ હોય છે. સમજાણું કાંઈ? આસ્રવ થોડો થઈ જાય. કેમકે આત્માની દૃષ્ટિ, શુદ્ધ રુચિ થઈ અને સ્વરૂપમાં કંઈ પણ સ્વાદની અધિકતા થઈ એટલો નિર્જરાનો ભાવ વધી ગયો. તેથી તેને મિથ્યાત્વનો આસ્રવ તો હટી ગયો, થોડો અવ્રત કે કષાયનો થોડો ભાગ બાકી રહે તો આસ્રવ થોડો અને નિર્જરા વધારે (થાય છે). સમજાણું કાંઈ? કેમ પંડિતજી નથી આવ્યા?

આસ્રવ થોડો અને નિર્જરા ઘણી. આ વ્યાખ્યા. એકલો જ્યાં મિથ્યાત્વભાવ, અવ્રત, પ્રમાદ એકલો આસ્રવભાવ છે ત્યાં તો એકલો બંધભાવ, અધર્મભાવ છે. પણ જ્યારે આત્મા

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



શુદ્ધ આનંદ અને શાંત સ્વરૂપ આત્મામાં આનંદ છે, એમ રુચિથી લલચાયો તેથી એનામાં વારંવાર વલણ કરીને સ્વાદના અનુભવમાં વૃદ્ધિ કરે એટલી એને નિર્જરા વધી અને એને આસ્રવ થોડો થયો. આસ્રવ થોડો અને નિર્જરા ઘણી એનું નામ સાધકજીવની દશા (છે). એકલો આસ્રવ એ મિથ્યાદૃષ્ટિની દશા. બિલકુલ આસ્રવ નહિ અને પૂર્ણ નિર્મળતા એ અરિહંતની દશા (છે). સમજાણું કાંઈ?

કહે છે, છેલ્લી લીટી છે, વચમાં બધું મૂકી દીધું. જ્યારે આસ્રવ–કર્મ આવવાના કારણો ઘટ્યા, કેમકે કર્મ વિનાનો આત્મા અને પુણ્ય-પાપના વિકારના ભાવ વિનાનો આત્મા, એવા આત્માનો આશ્રય લઈ અને દર્શન, જ્ઞાન ને શુદ્ધિ પ્રગટ થઈ (તો) નિર્જરા વધી ગઈ. સમજાય છે? અને મિથ્યાત્વનો આસ્રવ ટળી ગયો. કદાચિત્ ચોથે ગુણસ્થાને હોય તોપણ અવ્રત, પ્રમાદ, કષાયનો આસ્રવ નિર્જરા કરતાં આસ્રવ થોડો છે. સમજાય છે કાંઈ?

'સમ્યગ્દૃષ્ટિને સાચા સુખનો ભોગવટો આત્માની સન્મુખ સારી રીતે થવાથી થાય છે.' સાચા સુખનો ભોગ આત્માની સન્મુખ થવાથી થાય છે. વિકાર, હર્ષ-શોક, શુભ-અશુભભાવનો એકલો અનુભવ અથવા કર્મચેતનાનો એકલો અનુભવ અને કર્મફળચેતનાનો એકલો અનુભવ એ અધર્મ દશા છે. અને આત્મા ચૈતન્ય જ્ઞાયક સ્વરૂપની સન્મુખની રુચિ–દૃષ્ટિ, જ્ઞાન થયું તેને જ્ઞાનચેતના જાગી. એટલે તેને કર્મચેતના અને કર્મફળચેતના ઘણી અલ્પ રહી. અને વસ્તુના સ્વભાવ સન્મુખમાં આત્માના આનંદ સન્મુખમાં આનંદ (વધી ગયો). પંડિતજી આવ્યા. શું કહ્યું?

'સમ્યગ્દૃષ્ટિને સાચા સુખનો ભોગવટો આત્માની સન્મુખ સારી રીતે થવાથી થાય છે.' આત્મા આનંદ અને શાંત, શાંત શબ્દે ચારિત્ર (અને) આનંદ શબ્દે સુખ, એવો શાંત અને આનંદસ્વરૂપનો પ્રભુ પિંડ, એની દૃષ્ટિ સમ્યક્ ને રુચિ પરિણતિ અને જ્ઞાન થવાથી એને નિર્જરા અધિક છે, એથી આત્માના અનુભવનો ભોગ અધિક છે. જ્ઞાનચેતનાનો ભોગ અધિક છે. મિથ્યાદૃષ્ટિમાં એકલા રાગ-દ્વેષની કર્મચેતના અને હર્ષ-શોકના વેદનની એકલી દશા હતી. એ બાધકદશા હતી, મિથ્યાદૃષ્ટિને ધર્મનું સાધકપણું ત્યાં હોતું નથી. હવે જ્યાં સાધકપણું પ્રગટ્યું ત્યાં ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપની આત્માની દૃષ્ટિનો, આત્મસન્મુખનો આનંદનો ભોગ અંશે પ્રગટ્યો ત્યાં નિર્જરા વધી અને આસ્રવ ઘટ્યો. સમજાય છે કાંઈ? તેથી તેને સાધકપણું પ્રગટ્યું. બિલકુલ આસ્રવ ન હોય અને એકલી શુદ્ધિ પ્રગટ થઈ જાય તે તો અરિહંત દશા (થઈ). એકલો આસ્રવભાવ આવે અને બિલકુલ ધર્મસન્મુખ સાધન નથી એ અધર્મ દશા (થઈ).

હવે મિશ્ર દશા સાધકની (થઈ), જ્યાં આત્મા શુદ્ધ ચૈતન્યની, આનંદની લાલચ લાગી છે, આત્મામાં અતીન્દ્રિય આનંદ છે અધિક, તે જગતના કોઈપણ સુખમાં છે નહિ, એવી દૃષ્ટિ જ્યાં આત્માના આનંદની સમ્યગ્દૃષ્ટિ થઈ એને આસ્રવ થોડો અને નિર્જરા ઘણી (થાય

www.vitragvani.com



છે). કર્મચેતના થોડી, કર્મફળચેતના થોડી અને જ્ઞાનચેતના અધિક. એવી સાધકદશાને ધર્મ દશા કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ સાચા સુખનો ભોગ સમ્યગ્દષ્ટિને આત્માની સન્મુખ થવાથી થાય છે. ઇન્દ્રિયોના સુખ, ઇન્દ્રના સુખ, ભોગના સુખ એ બધા રાગવાળા આકુળતાના સુખ, દુઃખ છે. એ તો મૂઢદૃષ્ટિને લઈ ચૈતન્યના આનંદના સ્વાદની બેખબરને લઈ એ સુખ-કલ્પના, ઇન્દ્રના અને ચક્રવર્તીના ભોગમાં સુખબુદ્ધિ છે એ મિથ્યાદૃષ્ટિની બુદ્ધિ છે. સમજાય છે કાંઈ? ધર્મીની દૃષ્ટિમાં સુખબુદ્ધિ આત્મામાં છે. એથી આત્મ-સન્મુખની દૃષ્ટિમાં એને આત્માનો ભોગ વિશેષ થઈ ગયો છે. એથી આત્મધ્યાન જ મોક્ષમાર્ગ છે. આહાહા..! એકલા રાગ-દ્વેષ અને પુણ્ય-પાપનું ધ્યાન તો અધર્મધ્યાન છે. અધર્મધ્યાન છે. ત્યારે ભગવાનઆત્મા શુદ્ધ સ્વરૂપ, એની પુણ્ય-પાપની રુચિ છોડીને ચૈતન્યતત્ત્વની સન્મુખ દૃષ્ટિ થઈ ત્યાં ધર્મધ્યાન થયું. ઓલું અધર્મધ્યાન હતું એ સ્વભાવ સન્મુખની દૃષ્ટિ, જ્ઞાન થવાથી ધર્મધ્યાન થયું. આ લોકો કહે છે, ધર્મધ્યાન એટલે શુભભાવ, એ નહિ. સ્વભાવ સન્મુખની જેટલી એકતા થઈ તેને ધર્મધ્યાન કહે છે. ઉગ્રપણે એકતા તેને શુક્લધ્યાન કહે છે. કહો, સમજાણું કાંઈ?

આજે મોટું લખાણ આવ્યું છે. આ બે મત છે. કેટલાક કહે છે કે, નિશ્ચયધર્મ છે તો કેટલાક કહે છે, વ્યવહારધર્મ છે. ઘણા આધાર મૂક્યા છે. આ 'પંચાસ્તિકાય'માં એમ કહ્યું છે કે, તીર્થંકરની રુચિ કરે, એના આગમની રુચિ કરે તો પુણ્ય બાંધે, મોક્ષ ન થાય. પંડિતજી! પાછળ આવે છે ને? 'પંચાસ્તિકાય'માં પાછળ (આવે છે). એવા એવા બોલ ઘણા નાખ્યા છે અને 'પરમાત્મ પ્રકાશ'માં, 'યોગસાર'માં એવું મૂક્યું છે કે તીર્થધામ મંદિરમાં દેવ નથી. દેવ તો અહીં (દેહદેવળમાં) છે. 'મૂર્ખ ભમે બહુ સ્થાન.' એ તો નિશ્ચયની વાત થઈ, હવે એનું શું કરવું? એવા નિશ્ચયના બોલ ઘણા મૂક્યા છે. તો હવે એમાં સાચો મત કોનો? નિશ્ચયના આટલા ધર્મ છે (એમ લખ્યું છે). 'જૈનદર્શન' આવે છે ને? 'દૌલતરામ' છે ને કો'ક 'ઇન્દોર'નો? 'ઇન્દોર'ના કોઈ 'દૌલતરામ' છે. દિગંબર છે? એમ! ઘણામાં લખે છે. નિશ્ચયના તો આવા બોલ આવે છે.

કર્મનો ક્ષય, આત્માના ધ્યાનથી કર્મ તૂટે છે, કર્મ તડતડ થાય છે અને 'પરમાત્મ પ્રકાશ'માં શિષ્ય પૂછે છે કે, મહારાજા! બીજી વાત મૂકી દ્યો, અમારા કર્મ કેમ તૂટે અને આત્મા કેમ પ્રાપ્ત થાય એ ઉપદેશ આપો. હવે આવી વાત આવે ત્યારે 'પરમાત્મ પ્રકાશ'માં, 'સમાધિ શતક'માં બીજાને ઉપદેશ દેવો એ પણ ઉન્માદ છે, બીજાથી સમજવું એ ઉન્માદ છે, એમ બધું મૂક્યું છે. તો હવે શું કરવું અત્યારે? માટે અત્યારે આપણે 'રતનચંદજી મુખત્યાર' કહે છે એમ કરવું. કે, અત્યારે નિશ્ચય મોક્ષમાર્ગ નથી. પંડિતજી! અત્યારે વ્યવહાર ઉપદેશ દેવો. કારણ કે પંચમકાળમાં નિશ્ચય મોક્ષમાર્ગ હોય નહિ. ક્ષપક શ્રેણી ચડે ત્યારે (હોય). માટે અત્યારે વ્યવહાર કહેવો. મંદિર કરો, દર્શન કરો, વ્રત કરો, એ વ્યવહાર કરો. મોટું

www.vitragvani.com



લખાણ આવ્યું છે. સાચું કોણ? બેમાં સાચું કોણ?

લખ્યું છે, 'દૌલતરામ' મિત્ર, જૂના પીઠા, 'ઇન્દોર'. શાસ્ત્રીય ઉપદેશના વિષયમાં બે પ્રકારના લોકમત. સાચી ધારણા કઈ? સાચી ધારણા એ કે, વર્તમાન વ્યવહારનો ઉપદેશ દેવો, જે 'રતનચંદજી' કહે છે, એ સાચી ધારણા. નિશ્ચયના ઘણા બોલ નાખ્યા છે, હોં! બધું ચાલ્યું ખરું, અંદર ગડબડ, ગડબડ. શાસ્ત્રમાં તો એમ કહે છે કે, મહારાજ! મને જન્મ-મરણ મટે એ ઉપદેશ આપો, મારે બીજું કાંઈ જોઈતું નથી. કેમ મોડું થયું? શું થયું?

મુમુક્ષુ :– સંસારિક છે.

ઉત્તર :– સંસારિક છે. રખડવાનું છે. દુઃખી થવાનું (છે). કહો, સમજાણું કાંઈ આમાં? આહા..!

કહે છે, આ આત્મા આત્મા વસ્તુ અખંડાનંદ પ્રભુ, એની સન્મુખમાં જે દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા થઈ તેટલો ભગવાને ધર્મ કહ્યો છે. એને નિર્જરા અધિક થઈ જાય છે, આસ્રવ થોડોક રહે છે. પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી થોડો આસ્રવ રહે છે. અજ્ઞાનીને તો એકલો આસ્રવ જ છે. કારણ કે મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય એમાંથી એકેય ટળ્યું નથી. એ પૂરો આસ્રવ છે. ભગવાન અરિહંતને કાંઈ આસ્રવ નથી. ઇર્યાપદ આસ્ત્રવ એક સમયનો એ કાંઈ આસ્રવ નથી. એ પૂર્ણ અણાસ્રવી પૂર્ણ અનંત જ્ઞાનાદિને પ્રાપ્ત થયા. હવે ધર્મી જે સાધક છે, એને આત્માના સન્મુખની દૃષ્ટિ થઈ છે તેથી આત્માના આનંદના અંશનો અનુભવ છે, એને જ્ઞાનચેતના અંદરમાં પ્રગટી છે તેથી સંવર અને નિર્જરા વિશેષ છે, આસ્રવ એને થોડોક છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

માટે આત્મધ્યાન જ મોક્ષમાર્ગ છે. રાગ ને પુણ્યનું ધ્યાન એ કંઈ મોક્ષમાર્ગ નથી. વચ્ચે આસ્રવ હોય, પુણ્ય-પાપ પરિણામ (હોય) પણ એ કંઈ મોક્ષમાર્ગ નથી. મોક્ષમાર્ગ તો મોક્ષસ્વરૂપ જે ભવગાનઆત્મા, વિકાર અને કર્મ ને શરીરથી રહિત સ્વરૂપ એવો મોક્ષતત્ત્વ સ્વરૂપ, નિશ્ચય મોક્ષસ્વરૂપ–શક્તિ, એની દૃષ્ટિ કરવાથી મોક્ષનો માર્ગ પ્રગટે છે. અને પુણ્ય-પાપ ને રાગ-દ્વેષ તો બંધનું લક્ષણ છે, એ તો બંધ સ્વરૂપ છે. એટલે બંધના લક્ષે, બંધના સ્વરૂપે–આશ્રયે કોઈ દિ' છૂટવાનો માર્ગ પ્રગટ થાય નહિ. સમજાણું કાંઈ? આહાહા..! સીધી સરળ (વાત છે). પણ એણે કોઈ દિ' અનંતકાળમાં એ પ્રભુ પાસે રહ્યો, એ પાસે રહ્યો પણ એણે સામું જોયું નહિ. આહાહા..! આમ (બહાર) જ જોયા કર્યું છે અને એમાંથી કાંઈક લાભ થશે, બહિર્મુખ દૃષ્ટિથી લાભ થશે, આમ જ એણે અંતર્મુખ ભગવાનઆત્માને દૃષ્ટિમાંથી ઓઝલ કરી નાખ્યો છે. હેં? આહાહા..!

ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ આત્મા, જેનું સર્વજ્ઞ પણ પૂરું કથન કહેતાં વાણીમાં ન આવે એવો આત્મા છે. 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો, જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો.' 'ગોમ્મટસાર'માં

www.vitragvani.com



આવે છે કે, ભગવાને જાણ્યું તે અનંતમા ભાગે કહી શક્યા. આહાહા..! 'તે સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?' કેવળી પરમાત્મા પૂર્ણાનંદનો નાથ જ્યાં પૂર્ણ મુક્તિ થઈ ગઈ, ભાવમુક્તિ (થઈ ગઈ), ભલે ચાર (અઘાતિકર્મ) બાકી રહી ગયા, એનું કાંઈ નહિ. ભાવમુક્તિ થઈ ગઈ. એ પણ ભગવાનઆત્માની જાત-ભાતની વાત પૂરી કહી શકે નહિ. તો 'તે સ્વરૂપને અન્ય વાણી તે શું કહે? અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો, અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?' 'શ્રીમદ્ રાજચંદ્ર' ત્રીસ વર્ષે ભાવના કરે છે. આત્મદૃષ્ટિ થયા પછીની વાત છે, હોં! ઓ..હો..! આવો ભગવાનઆત્મા ક્યાં પુણ્ય અને પાપના વિકલ્પના આસ્રવથી જીવતત્ત્વ ભિન્ન, અરે..! એના ભાન થયા, કહે છે કે, એ વાતું અનુભવગમ્ય થઈ ગઈ. અનુભવગમ્ય! ગૂંગાનો ગોળ. ગૂંગા ગોળ કેવો? એવો ભગવાનઆત્મા, એનો અનુભવ થવો એનું ધ્યાન (થવું) એ એક જ મોક્ષનો માર્ગ છે.

'આત્મધ્યાની જ ગુણસ્થાનોની શ્રેણીએ ચઢી શકે છે.' જુઓ! શું કહે છે? ચોથે ગુણસ્થાને, પાંચમે, સાતમે અને પછી છટ્ઠે આવે છે, એ ગુણશ્રેણીની શ્રેણી આત્મધ્યાની કરી શકે છે. રાગના વિકલ્પમાં અટકેલો ગુણસ્થાનની શ્રેણી વધારી શકતો નથી. સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા પૂર્ણાનંદ શાંતસ્વરૂપ મહા પિંડ ચૈતન્ય, ચૈતન્યપિંડ, ચૈતન્યદળ, ચૈતન્યનૂર, ચૈતન્યપૂર એવો પૂર્ણાનંદ પ્રભુ, કહે છે, એની દૃષ્ટિ, એનું ધ્યાન-એકાગ્રતા દ્વારા ગુણસ્થાનની શ્રેણી વધે છે. રાગને અવલંબે, પુણ્યના અવલંબે કંઈ ગુણશ્રેણીની ધારા વધતી નથી. ચૈતન્યના એકાગ્રતાની ધારાએ ગુણસ્થાન ધારા વધે છે. આહાહા..! સમજાય છે કાંઈ? વસ્તુ પૂર્ણાનંદ સ્વરૂપ, એવો આત્મા, એમાં આરૂઢ થવાથી ગુણધારા ગુણશ્રેણી ગુણસ્થાન વધે છે. ગુણધારા, ગુણશ્રેણી કહો કે ગુણસ્થાન (કહો). એ સિવાય કોઈ રાગ ને પુણ્ય ને નિમિત્તને આશ્રયે ગુણસ્થાનની ધારા વધતી નથી. આહાહા..! કહો, સમજાણું આમાં?

'મુમુક્ષુએ એક આત્મધ્યાનનો જ અભ્યાસ કરવો જોઈએ.' પછી નિર્વિકલ્પની થોડી વાત કરી છે. 'નિશ્ચયનય ત્રિકાળ શુદ્ધ આત્માનું દર્શન કરાવે છે.' નિશ્ચયનય તો આત્મા ત્રિકાળ શુદ્ધ છે એવા દર્શન કરાવે છે. વ્યવહારનય તો ભેદ અને રાગના દર્શન કરાવે છે. આહાહા..! હજી નાખ્યું છે એણે, ભાઈ! સાતમી ગાથા આવે છે ને.

**ववहारेणुवदिस्सदि णाणिस्स चरित्त दंसणं णाणं।**
**ण वि णाणं ण चरित्तं ण दंसणं जाणगो सुद्धो।।७।।**

ભગવાન 'કુંદકુંદાચાર્ય' આમ કહે છે ને? બે મતમાંથી અત્યારે વ્યવહારનો ઉપદેશ દેવો એ સાચો મત છે. આ ભગવાને કહ્યું અને એ નિષેધ છે, ભગવાન 'કુંદકુંદાચાર્યદેવે' અર્થ કર્યો એ અત્યારે સાચો નથી (એમ માને છે). અરે..! ભગવાન! શું થયું પણ આ? સમજાય છે કાંઈ? 'ण वि होदि अप्पमत्तो' જ્યાં છટ્ઠામાં પુણ્ય-પાપના વિકલ્પના ભેદ કાઢી નાખ્યા, અસદ્ભુત વ્યવહારના ઉપચાર અને અનુપચાર(ના ભેદ કાઢી નાખ્યા) અને પરનું

www.vitragvani.com



જ્ઞાન ઉપચાર છે એને કાઢી નાખ્યું. સાતમી (ગાથામાં) ગુણ-ગુણીનો ભેદ છે તે કાઢી નાખ્યો. એટલે સદ્ભુત અનુપચાર કાઢી નાખ્યો. એકલો જ્ઞાયકસ્વરૂપ છે એમાં એ ભેદ નથી. ભેદ પાડવો એ વિકલ્પનું કારણ, એ બંધનું કારણ છે. માટે તે મોક્ષનો માર્ગ નથી. એમ ત્યાં સિદ્ધ કરવું છે. એકલો ભગવાન જ્ઞાયક.. જ્ઞાયક.. જ્ઞાયક.. જ્ઞાયક.. જ્ઞાયક એવો વિકલ્પ નહિ, હોં! આ તો સમજાવવામાં શું આવે? એકલો ચૈતન્ય, ભેદ જે પુણ્ય-પાપના અચેતન વિકલ્પો જડ નામ ચૈતન્યના નૂર વિનાના, એનાથી ભિન્ન પડેલું ચૈતન્ય, એકલું જ્ઞાનનું પરિણમન, જ્ઞાયકભાવથી કરે અને એ પરિણમનમાં જ્ઞાયકભાવ શુદ્ધ જે દૃષ્ટિમાં આવે એને ધર્મદૃષ્ટિ કહે છે. આહાહા..! હવે આ દૃષ્ટિ વિના વ્યવહાર અત્યારે કહો, પંચમકાળમાં નિશ્ચય મોક્ષમાર્ગ નથી (એમ કહે છે). ભગવાન! તેં ગજબ કર્યો. આહાહા..! પણ નિશ્ચય વિના વ્યવહાર હોય જ નહિ. સ્વઆશ્રયે નિશ્ચય પ્રગટ્યો ત્યારે પરાશ્રયે કાંઈક રાગ બાકી રહી ગયો એને વ્યવહાર કહે છે. એકલો પરાશ્રય ભાવ હોય એને મિથ્યાદૃષ્ટિ અને અધર્મ કહે છે. અને એકલો સ્વાશ્રય પૂર્ણ પ્રગટ થઈ ગયો એ કેવળજ્ઞાની થઈ ગયા. અને સ્વઆશ્રયની દૃષ્ટિ, જ્ઞાનથી આશ્રય શરૂ થયો પણ પૂર્ણ સ્વઆશ્રય હજી થયો નથી, એમાં શુભરાગાદિ પરાશ્રય હજી બાકી રહી ગયો, એને વ્યવહાર કહે છે. વસ્તુની સ્થિતિ આ છે. સમજાણું કાંઈ? હવે એને કહે છે કે, અત્યારે વ્યવહાર મોક્ષમાર્ગ કહો, અત્યારે નિશ્ચય નહિ. નિશ્ચય તો આઠમા ગુણસ્થાને આવશે, અરે.. ભગવાન!

મુમુક્ષુ :– ગુણસ્થાન તો પહેલું છોડવું પડશે.

ઉત્તર :– ગુણસ્થાન શેનું છોડશે? વ્યવહારની દૃષ્ટિવાળાને ત્રણકાળમાં ગુણસ્થાન ફરે જ નહિ. સમજાણું કાંઈ?

એટલે અહીં કહે છે, 'નિશ્ચયનય ત્રિકાળ શુદ્ધાત્માનું દર્શન કરાવે છે.' અભેદ અભેદ. ભેદ છે તે તો વિકલ્પ છે. વિકલ્પથી ધર્મની શરૂઆત થાય છે? સમજાણું કાંઈ? પછી ઘણી લાંબી વાત કરી છે. 'નિશ્ચયધર્મને ઉપાદાન સાધન અને વ્યવહારને નિમિત્ત સાધન જાણવું.' ભગવાનઆત્મા..! અરે..! પોતાના સ્વરૂપનો આશ્રય (થવો) એ તો કંઈ વાત છે! અનંતકાળમાં એણે આશ્રય લીધો જ નથી. પોતે અનંતકાળથી બહાર જ ડોકિયાં માર્યા છે. બહિર્બુદ્ધિ, એનું નામ બહિર્બુદ્ધિ છે, એનું નામ બહિરાત્મા છે, એનું નામ બહિરાત્મા છે. અંતરાત્મા જ્ઞાયકસ્વરૂપમાં દૃષ્ટિ આપતા હજી પરમાત્મા ભલે થયો નહિ, પણ પરમાત્મા મારું સ્વરૂપ છે એવી દૃષ્ટિ થઈ ત્યાં અંતરાત્મા થયો. સમજાણું કાંઈ? અને હું પુણ્ય ને પાપ, ને રાગ ને દયા, દાન, વ્રતવાળો છું એ તો હજી મિથ્યાદૃષ્ટિ, અધર્મી, અજ્ઞાની છે. એ તો બહિર્બુદ્ધિ, બહિરાત્મા છે. બહિર (એટલે) જેના સ્વભાવમાં નથી, એવા વિકલ્પને પોતાનું સ્વરૂપ માનીને ત્યાં અટક્યો છે, એ તો બહિરાત્મા છે. આહાહા..! સીધી વાત છે. ભગવાન સીધો સરળ ચિદાનંદ પડ્યો છે. સત્ સરળ છે, સત્ સર્વત્ર છે, સત્ સુગમ છે. પણ એણે એવું દુર્ગમ

www.vitragvani.com



કરી નાખ્યું છે (કે) એની વાત સાંભળવી એને (ગોઠતી નથી). નિશ્ચય નહિ, નિશ્ચય નહિ, નિશ્ચય નહિ. નિશ્ચય એટલે સત્ય નહિ. વ્યવહાર એટલે આરોપિત, એ સાચું. આહાહા..!

આ જૈન કંઈ સંપ્રદાય નથી. એ વસ્તુનું સ્વરૂપ એવું છે. સમજાય છે? જૈન એટલે પૂર્ણાનંદનો નાથ પ્રભુ, પોતાનો આશ્રય લઈને પરાશ્રય અજ્ઞાન અને રાગ-દ્વેષને ટાળે તેને જૈન કહેવામાં આવે છે. એ તો વસ્તુની સ્થિતિ છે. એમાં પરમેશ્વરે કાંઈ નવો ધર્મ નથી કર્યો. કેટલાક એમ કહે છે કે, ભગવાને તો બધાના અનેકાંત નયો લઈને ધર્મ કહ્યો. એમ હશે?

મુમુક્ષુ :– બધાનો સમન્વય કરે છે.

ઉત્તર :– ધૂળેય કર્યો નથી. વસ્તુ આવી છે. બધાના નયો લઈને અનેકાંત માર્ગ બધો ભેગો કરીને કહ્યો? ભગવાનના જ્ઞાનમાં પહેલેથી નથી આવ્યું કે, આવો આત્મા પૂર્ણાનંદ અખંડ અભેદ છે અને બીજાની નય ભેગી કરીને કહ્યો. આવા ને આવા. સમજાય છે કાંઈ?

આત્મા એક સમયમાં પૂર્ણ અખંડ આનંદકંદ ધ્રુવ સ્વભાવ અનંત ગુણનો પિંડ (છે). પર્યાયનું પરિણમન, દ્રવ્યનું ધ્રુવપણું એવું એનું સ્વરૂપ જ છે. એવું સ્વરૂપ ભગવાને તો પૂર્વે સમ્યગ્દર્શન-જ્ઞાનમાં જાણ્યું હતું. જન્મ્યા ત્યારે તો ત્રણ જ્ઞાન લઈને આવ્યા હતા. પછી જગતની નયો ભેગી કરીને કહ્યું, એવું હતું ક્યાં? આહાહા..! કેટલાક પંડિતો આ પુસ્તકમાં લખે છે. ઘણા મતોના નય હતા એને ભગવાને ભેગા કર્યા. અરે..! ભગવાન! તું શું કહે છે?

મુમુક્ષુ :– સમન્વય કરવા.

ઉત્તર :– કોની સાથે સમન્વય થાય? ધૂળ સાથે?

આ તો અખંડ પ્રભુ એક સમયમાં અનંત ગુણનો પિંડ, અનંતા ગુણ તે કેટલા? આકાશના પ્રદેશથી અનંતગુણા. લાવો તો ખરા વાત. એવું ન હોય તો એ ચીજ જ ન હોય. મહાપદાર્થ મોટો પ્રભુ, અસંખ્ય પ્રદેશમાં અનંતા અનંતા ગુણો વ્યાપેલા છે. સ્વભાવની મૂર્તિ, એને શું કહેવું! અરૂપી સ્વભાવનું દળ–પિંડ, ચિત્‌પિંડ, ચિદ્‌ઘન, આનંદઘન, જ્ઞાનઘન એમ કહ્યું છે ને શાસ્ત્રમાં? વિજ્ઞાનઘન. આહાહા..! એવો ભગવાન જેમાં આકાશના પ્રદેશના અમાપ.. અમાપ. અમાપ.. પછી ક્યાં માપ? એવા અમાપના અંત નહિ, એના પ્રદેશોની સંખ્યા કરતાં ભગવાન અસંખ્ય પ્રદેશમાં રહ્યો, (આકાશના પ્રદેશો) કરતાં અનંતા અનંતગુણા ગુણો આમાં છે. એને આત્મા કહીએ. સમજાણું કાંઈ? એવા અનંતા અનંતા અનંત ગુણોનો જ્યાં આશ્રય લીધો ત્યાં સમ્યગ્દર્શન ને જ્ઞાનનો અનુભવ થયો, એને આસ્રવ ઘણો જ ઘટી ગયો. સંવર, નિર્જરા વધી ગઈ. સમજાણું કાંઈ?

અનંતાઅનંત ગુણસ્વરૂપ ભગવાન, એની જ્યાં અંતરદૃષ્ટિ, અનુભવ અને સમ્યક્ થયો ત્યારે કોઈ ગુણની કેટલાક ગુણની કાંઈક વિપરીત અવસ્થા થોડી રહી એ તો અલ્પ રહી છે. અલ્પ બંધન અને અલ્પ આસ્રવ છે. અને અનંતાઅનંત ગુણનો જ્યાં આદર થઈને અનંતા અનંત ગુણની પર્યાયની વ્યક્તતા નિર્મળ સમ્યગ્દર્શન થતાં થઈ (ત્યાં) નિર્જરા અધિક

www.vitragvani.com



થઈ ગઈ છે, આસ્રવ ઘટી ગયો છે. નિશ્ચયના કથનમાં તો સમ્યગ્દષ્ટિને બંધ નથી એમ પણ કહેવાય છે. કારણ કે સ્વભાવમાં નથી, એની દૃષ્ટિમાં નથી. બંધનો ભાવ બંધના કારણમાં નાખી દીધો, જ્ઞેયમાં (નાખી દીધો). પણ કદાચિત્ એની પર્યાયમાં મંદતા છે, કારણ કે પૂર્ણ અનંત ગુણોની પૂર્ણ વ્યક્ત દશા થઈ નથી તેથી એને અલ્પ રાગાદિ છે પણ એ આસ્રવ ઘણો થોડો છે અને મોક્ષમાર્ગ તો અંદર વધી ગયો, અધિક (થઈ ગયો છે). આત્મા **'णाणसहावाधियं मुणदि आदं'** રાગથી, નિમિત્તથી, ભેદથી ભિન્ન પાડીને અધિક આત્માની જ્યાં દૃષ્ટિ થઈ એને મોક્ષમાર્ગ હાથમાં આવી ગયો. આહાહા..! પણ એ વસ્તુનું જોર છે, ભાઈ! દૃષ્ટિ તો કરી એની ને! આવો આત્મા (છે). ભાઈ! આત્મા એટલે શું! સાક્ષાત્ પરમાત્મરૂપ. દ્રવ્ય સ્વરૂપ એટલે સાક્ષાત્ શક્તિ સ્વભાવ ગુણ પરમાત્મરૂપ. સમજાણું કાંઈ?

કહે છે કે, એમાં જ્યાં એકાગ્ર થાય એટલે એને ઉપાદાનનું સાધન વધી ગયું અને કંઈક રાગ બાકી રહ્યો છે તો એને નિમિત્ત તરીકે કહેવામાં આવે છે. પણ શુદ્ધ ઉપાદાન અંતર અનંત ગુણોનો પિંડ, એનું જ્યાં સાધન એકાગ્ર થઈને થયું એ શુદ્ધ ઉપાદાન સાધન નિશ્ચય. દેવ-ગુરુ-શાસ્ત્ર આદિનો રાગ કંઈક બાકી રહ્યો એને વ્યવહાર નિમિત્ત સાધનનો આરોપ કરીને સાધન કહ્યું છે. ખરેખર એ બાધક છે. સમજાણું કાંઈ? પણ એ ગુણસ્થાનને યોગ્ય, એવા જ સાચા દેવ, એવા જ સાચા ગુરુ, એવા જ સાચા શાસ્ત્ર એનો એને એ જાતનો શુભરાગ હોય, બીજો કુદેવ, કુગુરુનો ન હોય અને તે છઠ્ઠે ગુણસ્થાન આદિમાં રાગની મંદતા એટલી હોય કે પંચ મહાવ્રતના પરિણામમાં વસ્ત્ર, પાત્ર લેવાની વૃત્તિ ન હોય. એવા કષાયની મંદતાની યોગ્યતા વ્યવહારથી નિમિત્તની અનુકૂળતા દેખી વ્યવહાર સાધનનો આરોપ આપ્યો છે. સમજાણું કાંઈ? આ વસ્તુસ્થિતિ ત્રણકાળમાં ફરે એવી નથી. સમજાણું કાંઈ? તો પહેલો એણે નિશ્ચયનો આશ્રય કરવો જોઈએ.

'જે કોઈ નિર્વાણનું લક્ષ રાખીને સમ સુખને ભોગવતો થકો...' નિર્વાણ–મુક્તિ પૂર્ણ આનંદની પ્રાપ્તિ વિના હું અતૃપ્ત છું. પૂર્ણ આનંદની પ્રાપ્તિ વિના હું અતૃપ્ત છું એમ ધર્મી જાણે છે. સમજાણું કાંઈ? અહીં પેટ પૂરું ન ભરાય ત્યાં સુધી એમ કહે છે ને કે, મારું પેટ ભરાણું નથી. એમ સમ્યગ્દષ્ટિને પૂર્ણ આનંદની પ્રાપ્તિ નથી ત્યાં સુધી અતૃપ્ત છે. એટલે પૂર્ણ આનંદની જેને ઝંખના છે. એવા નિર્વાણનું લક્ષ રાખીને 'સમસુખને ભોગવતો થકો આત્માનુભવનો અભ્યાસ કરે તે શીઘ્ર જ નિર્વાણની પ્રાપ્તિ કરશે.' એ ગાથાનો અર્થ થયો.

પછી 'સમયસાર કળશ'ની વાત થોડી નાખી છે. 'જ્ઞાનચેતનાને અથવા આત્માનુભૂતિને આનંદ સહિત કેલી કરાવવી.' 'કર્મ કરવાના પ્રપંચથી અને કર્મફળથી નિરંતર ઉદાસીન ભાવની સમ્યક્ પ્રકારે ભાવના ભાવવી.' સમ્યગ્દષ્ટિ પુણ્ય-પાપના પરિણામ એ કર્મચેતના છે અને એના હર્ષ-શોકથી એને ભોગવવું તે કર્મફળચેતના છે. એનાથી રહિત ભગવાનઆત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ શુદ્ધ છે, એની ચેતનાને નચાવે, જ્ઞાનચેતનાને નચાવે. કર્મ અને કર્મફળચેતનાને હેય

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કરીને છોડે. સમજાણું કાંઈ?

એનામાં પૂરો માલ પડ્યો છે એની સામું નજર કરવાનો એને વખત મળતો નથી. અને જેમાં કાંઈ નથી, પુણ્ય-પાપના વિકલ્પ અને નિમિત્તમાં કાંઈ તારું તત્ત્વ નથી, તારું સત્ત્વ કે તત્ત્વ એમાં કાંઈ નથી, એમાં વળગ્યો અને એમાં જ એને સર્વસ્વ લાગે છે. બસ! આ, બસ! આ. વ્યવહાર કરો, વ્યવહાર કરો. પણ વ્યવહાર કરો એટલે અધર્મ કરો એનો અર્થ (થયો). અરે..! ભગવાન! શું કહે છે? સમજાણું કાંઈ?

અનાદિરૂઢ વ્યવહારમૂઢ છે. ૪૧૩ ગાથામાં ભગવાન 'અમૃતચંદ્રાચાર્યદેવે' કહ્યું છે, અનાદિના રાગને તું વ્યવહાર કહેવા જા તો એ તો વ્યવહારમૂઢ છે, નિશ્ચય અનારૂઢ છે. અનાદિ રૂઢ, વ્યવહારમૂઢ, નિશ્ચય અનારૂઢ એવા ત્રણ શબ્દો વાપર્યા છે. ('સમયસાર') ૪૧૩ ગાથા. ૪૧૩ ગાથા છે ને? ૪૧૩ ઘણી વાર કહેવાણી છે. એકે એક વાત ઘણી વાર (કહેવાણી છે). ત્યાં આગળ એમાંથી આ વાંધો ઉઠ્યો છે ને! 'યશોવિજય'. એમ કે, વ્યવહારથી ધર્મ કહે છે એ તો મૂઢ છે. ઓલાને એમ થયું કે, અરે..! અમારા 'યશોવિજય'ને મૂઢ કહે છે. એમ આવ્યું હતું, બહારથી આવ્યું હતું.

૪૧૩ માં છે, જુઓ! 'જેઓ ખરેખર 'હું શ્રમણ છું, હું શ્રમણોપાસક છું' વ્યવહાર લિંગ, વ્યવહાર વ્રતાદિમાં માને છે તે 'મિથ્યા અહંકાર કરે છે, તેઓ અનાદિરૂઢ (અનાદિ કાળથી ચાલ્યા આવેલા) વ્યવહારમાં મૂઢ...' જ્ઞાની છે એ વ્યવહારમાં મૂઢ નથી, વ્યવહારનો જાણનાર છે. સમજાણું કાંઈ? જાણેલો પ્રયોજનવાન છે એ બારમી ગાથા છે. એ બધી એક જ શૈલી ગોઠવી છે. વસ્તુની સ્થિતિ (એવી છે). નિશ્ચયનું ભાન થયું ત્યારે રાગ બાકી રહી ગયો, શુદ્ધતા ઓછી છે એનું જ્ઞાન કરવું તે વ્યવહાર છે. પણ એવો નિશ્ચય હોય ત્યારે વ્યવહાર (કહેવાય) ને? નહિતર અહીં આચાર્ય મહારાજ કહે છે કે, વ્યવહારમૂઢ છો. એકલી મંદ રાગની ક્રિયાને તું ધર્મની શરૂઆત કહેવા માગ અને ધર્મ છે (એમ કહે) તો અનાદિરૂઢ ભાવ, એ તો અનાદિનો ચાલ્યો આવ્યો છે. મંદ-તીવ્ર, મંદ-તીવ્ર, મંદ-તીવ્ર તો અનાદિનું છે. એમાં તું મંદને, વ્યવહાર કરનારો જાગ્યા વિના એને વ્યવહાર કહેશે કોણ? અનાદિરૂઢ વ્યવહારમાં મૂઢ. એને મૂઢ કહ્યો છે. જ્ઞાનીને વ્યવહારમાં મૂઢ નથી કહ્યો, વ્યવહારનો જાણનાર કહ્યો છે. ચૈતન્ય શુદ્ધ ભગવાનઆત્માનું ભાન થયું (ત્યારે) વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, પૂજા એવો ભાવ હોય છે એને જાણે છે. એ મૂઢ નથી. અને આ જે એકલો વ્યવહાર છે, નિશ્ચયના ભાન વિના એને મૂઢ કહ્યો છે. કેમ? કે, 'પ્રૌઢ વિવેકવાળા નિશ્ચય (–નિશ્ચયનય) પર અનારૂઢ...' રાગથી, વ્યવહારથી ભિન્ન પાડીને આત્માની દૃષ્ટિ અને આશ્રય કરવો એવો પ્રૌઢ નિશ્ચય વિવેક અનારૂઢ છે. નિશ્ચયમાં અનારૂઢ (છે તેવા) વ્યવહારને વ્યવહારનું જ્ઞાન કરનારો જાગ્યા વિના વ્યવહાર કહેવાતો નથી. ૪૧૩ માં એમ કહે છે.

હવે આ કહે, એકલો વ્યવહાર કરો, વ્યવહાર કરો. એવું મોટું લખાણ મૂક્યું છે. ઠીક!

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



(એમ લખે છે કે), બે મત છે પણ સાચો મત કોનો? લ્યો, ઠીક! સાચો મત આ 'રતનચંદજી'નો. એ કહે છે. કોઈ બીજાનો નહિ. અત્યારના કોઈ પંડિતોનો પણ નહિ, આ આચાર્યો આટલું કહે છે એનો પણ નહિ. બે મત છે. એક કહે છે કે, આત્મામાં દેવ છે, બીજો કહે કે, ભગવાનમાં દેવ છે. ત્યારે 'રતનચંદજી' કહે છે, ભગવાનના મંદિરમાં દર્શન કરવાથી નિદ્ધત અને નિકાચીત કર્મ છૂટી જાય, એવું 'ધવલ'ના પહેલા ભાગમાં છે, એમ કરીને આધાર આપ્યો છે. અરે..! એ તો આત્માના દર્શનથી તૂટે ત્યારે નિમિત્તથી કથન કહેવામાં આવે છે. એ એમ કહે છે ત્યારે 'પરમાત્મ પ્રકાશ' કહે છે કે, આત્મા દેવ ભગવાન અહીં દેહમાં બિરાજે છે. ન્યાં દેવ માનીશ તો મૂઢ છો. એ તો વ્યવહાર સ્થાપના છે. સમજાણું કાંઈ? એ તો શુભભાવનું નિમિત્ત છે. દેવ તો ભગવાન અહીં બિરાજે છે. એ દેવની તને ખબર નથી (અને) તું જ્યાં ત્યાં ભટક્યા કર (તો) મરી જઈશ. 'રાજા ભિક્ષાર્થે ભમે એવી જનને ટેવ.' મોટો ત્રણલોકનો નાથ જ્યાં ત્યાં (કહે), હે ભગવાન! હે ભગવાન! મને આપજે. ત્યાં છે તારી મુક્તિ? સંવર, નિર્જરા ત્યાં એની પાસે છે? એ..ઇ..! ભગવાન તો અહીં છે.

તમે રાજુલને પૂછતા હતા, ક્યાં છે તારી ગીતા? અહીં 'ગીતા' હતી ને? 'ગીતા'ને કહે, 'ગીતા' ક્યાં છે? 'ગીતા' આ રહી. એમ કહે. જાતિસ્મરણ થયું છે ને? એના ભત્રીજાની છોકરી. અહીં આવી હતી ત્યારે પૂછ્યું હતું, 'ગીતા' ક્યાં છે? ઓલા ભવમાં એનું નામ 'ગીતા' હતું. અહીં 'જૂનાગઢ'માં લુહાણાની દીકરી (હતી). 'ગીતા' ક્યાં છે? (તો કહે), 'ગીતા' આ રહી, 'ગીતા' આ રહી. 'ગીતા'નો આત્મા આ રહ્યો, હું આ રહ્યો. ભગવાન ક્યાં છે? ભગવાન અહીં છે. વાત તો બરાબર કરવી જોઈએ ને? મેં કીધું, 'ગીતા' ક્યાં છે. (તો કહ્યું) અહીં છે. એમ બોલી હતી, હોં! અહીં આઠ દિ' રાખી હતી. અહીં ચાર વાર આવી ગઈ છે. હમણાં બસ્સો છોકરાવ હતા ત્યારે પણ બતાવવા લાવ્યા'તા. 'ગીતા' ક્યાં છે? આ રહી. પૂર્વભવમાં તારું નામ શું હતું? 'ગીતા' ક્યાંથી આવી છે તું? 'જૂનાગઢ'થી આવી છું. આ રહી હું. 'ધીરુભાઈ'! તમે છોડી જોઈ છે કે નહિ? નથી જોઈ? હમણાં ચાર વાર આવી ગઈ. આહાહા..! 'મનસુખભાઈ'! અમારા 'મનસુખભાઈ' સાંજે પૂછે કે, આવું થાતું હશે? પણ આ થયું છે ને! થાતું હશે શું? એકલા પૈસા રળવામાં મજૂર.. મજૂર.. મજૂર મોટા. 'મલૂકચંદભાઈ'! સાચી વાત હશે? એ સાંજે પૂછતા હતા. આવું થતું હશે? પણ આ થયું છે ને? થાતું હશે શું?

મુમુક્ષુ :- પણ એ તો બીજાને ને!

ઉત્તર :- પણ બીજાને થયું છે કે નહિ? હેં? પોણા છ વર્ષે, અઢી વર્ષે બોલી. અઢી વર્ષે બોલી, 'હું જૂનાગઢથી આવી છું. મારું નામ ગીતા છે. મને ત્યાં તાવ આવ્યો હતો ને હું મરી ગઈ છું.' બધું બોલી હતી, એની મેળાએ બોલી હતી પણ આ લોકોને વિશ્વાસ ન આવ્યો. બે વર્ષ સુધી વિશ્વાસ ન આવ્યો. પછી વળી આ 'હિંમતભાઈ' ને બધા ત્યાં

www.vitragvani.com



નક્કી કરાવવા ગયા હતા. અમારા 'હિંમતભાઈ'એ તો પહેલું ત્યાં સુધી નક્કી કર્યું કે, અહીંથી તને લઈએ (તો) તું તારી બાને ઓળખીશ? તારા બાપને ઓળખીશ? હા. તારી બાને ઓળખીશ? હા. તારા કાકાને ઓળખીશ? હા. તું ગીતાને ઓળખીશ? એ શું પૂછો છો? ગીતા તો આ રહી. ન્યાં ક્યાં ગીતા હતી? પંડિતજી! આવો જવાબ આપ્યો. આ પંડિતજીએ જરી હા. હા (પડાવવામાં પૂછી લીધું). તારી બાને ઓળખીશ? તારા બાપુને ઓળખીશ? તારા કાકાને ઓળખીશ? ત્યાં ગીતાને ઓળખીશ? ગીતાને ઓળખીશ શું કહો છો? ગીતા તો આ રહી. એમ કીધું ને? ભાઈ! પોણા છ વર્ષે (બોલી). અઢી વર્ષે જાતિસ્મરણ ભવનું થયું. તમને નવરાશ કે દિ' (હતી)? હમણાં અહીંયાં ચાર દિ' આવી ગઈ છે. આઠ-આઠ દિ' રહીને. ઇ તો ઘણી વખત આવે છે, 'મનસુખભાઈ' કો'ક દિ' માંડ કારણે આવે છે, કો'કને કારણે, આ તો ઘણી વાર આવે છે. 'મનસુખભાઈ'! એ તો 'જગજીવનભાઈ' એમના કાકા થાય ને! એટલે પછી આવી જાય. કહો, સમજાણું આમાં? આહાહા..! કહે છે, ભાઈ! પ્રત્યક્ષ વાત છે. એમાં કહે છે, આમ થાતું હશે? પણ થાય, આ થયું છે ને! સમજાણું કાંઈ?

એમ આત્મા ત્રણે કાળ એવો ને એવો ભગવાન તારી સમીપમાં બિરાજમાન (છે). એટલે (કે) તું પોતે છો. અરે..! તને જોવાનો અવસર તને નહિ, ભગવાન! એના સન્મુખની રુચિ કરવી એ ઠીક છે, એ પણ હજી બેઠું નહિ. અને આ રુચિ બહારની, પુણ્ય ને દયા ને વ્રત ને ભક્તિ જે વ્યવહાર અનાદિથી બહિર્બુદ્ધિએ અને બહિરમાં પોતાપણું માનીને કર્યો છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, જ્ઞાનચેતના ભગવાનઆત્મા..! આ 'સમયસાર'નો શ્લોક છે. 'જ્ઞાનચેતનાને અથવા આત્માનુભૂતિને આનંદ સહિત કેલિ કરાવવી.' 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે, ભાઈ! પ્રભુ! તું રુચિ તો કર, ભાઈ! કે ભગવાનઆત્મા પરમાત્મા હું જ છું, હોં! અને એ પરમાત્માનો એનલાર્જ પર્યાયમાં થાય તે સિદ્ધ છે. સમજાણું કાંઈ? એ પરમાત્મા પૂર્ણાનંદનો પ્રભુ હું પોતે છું. મારામાં અપૂર્ણતા નથી, વિપરીતતા નથી. વસ્તુમાં અપૂર્ણતા અને વિપરીતતા ક્યાંથી આવી? વસ્તુ તરીકે પરમાનંદનો સ્વભાવનો પિંડ, ચિત્‌પિંડ, ચિત્‌નાથ અખંડાનંદ ભગવાન એ હું, એવી અંતર દૃષ્ટિ કર, જ્ઞાનચેતનાની કેલિ કર. રાગની ચેતના અને કર્મફળચેતનાને ગૌણ કરી નાખ. સમજાય છે? 'સર્વકાળ શાંતરસનું જ પાન કરવું. એ જ જ્ઞાનીની પ્રેરણા છે.' લ્યો, એ ૯૩ ગાથા (પૂરી) થઈ.

www.vitragvani.com



આત્માનું પુરુષાકારે ધ્યાન કરો.

पुरिसायार-पमाणु जिय, अप्पा एहु पवित्तु।
जोइज्जइ गुण-गण-णिलउ, णिम्मल तेय फुरंतु।।९४।।

પુરુષાકાર પવિત્ર અતિ, દેખો આતમરામ;
નિર્મળ તેજોમય અને, અનંત ગુણગણધામ. ૯૪.

અન્વયાર્થ :– (जिय) હે જીવ! (एहु अप्पा पुरिषायारपमाणु पवित्तु गुणगणणिलउ णिम्मलतेय फुरंतुं जोइज्जई) આ પોતાના આત્માને પુરુષાકાર પ્રમાણ, પવિત્ર ગુણોની ખાણરૂપ અને નિર્મળ તેજથી પ્રકાશમાન દેખવો જોઈએ.

---

૯૪. હવે જરી અન્યમતિથી જુદી વાત (કરે છે). કારણ કે પુરુષાકાર આત્મા છે. લોકાકાશ પ્રમાણે, લોક પ્રમાણે આત્મા નથી. આવો મોટો આત્મા તો આકાશ પ્રમાણે મોટો વ્યાપક હશે? તમે આત્માના બહુ વખાણ કરો છો, મહા. મહા.. મહા.. મહા.. તો એ મહાન આખા લોકાલોકમાં વ્યાપક થઈને મહાન હશે? ના. એ વ્યાપકપણું ક્ષેત્રથી એને મહાનપણું હોઈ શકતું નથી. એને ભાવનું મહાનપણું છે. ક્ષેત્રથી તો શરીર પ્રમાણે છે. તેથી શબ્દ લીધો છે.

पुरिसायार-पमाणु जिय, अप्पा एहु पवित्तु।
जोइज्जइ गुण-गण-णिलउ, णिम्मल तेय फुरंतु।।९४।।

ઓહોહો..! એકલા આનંદની જડ પડી છે. આ વરસાદની ઝડી આવે કે નહિ? વરસાદની ઝડી આવે ત્યાં ત્રણ-ત્રણ દિ' સુધી સામું જોવાય નહિ. પહેલા એટલા વરસાદ હતા, હવે ઓછા થઈ ગયા. આઠ-આઠ દિ'. શનિવારે શરૂ થાય તો નક્કી થાય કે (આવતા) શનિવારે રહેશે. અહીં તો ત્રણે વાર શનિવારે શરૂ થાય તો રવિવારે કાંઈ ન મળે. આ વખતે ત્રણે વાર શનિવારે શરૂ થયો. પહેલાનું એવું હતું, હોં! પચાસ-સાંઈઠ વર્ષ પહેલા. શનિવારે જો વરસાદ શરૂ થાય તો શનિવારની આઠ દિ'ની એલિ થાય. એલિ એટલે આઠ દિ' વરસે. એવી પહેલા કહેણી હતી. 'મલૂકચંદભાઈ'! ખબર છે? આ ફેરી ત્રણ વાર શનિવારે આવ્યો (તો) રવિવારે કાંઈ ન મળે. શનિવારે શરૂ થાય એટલે માણસ વાતું કરે. કાળ બદલાઈ ગયો, એ..ઇ..!

અહીં કહે છે કે, હે જીવ! 'આ પોતાના આત્માને પુરુષાકાર પ્રમાણ,...' આ મહાસિદ્ધાંત છે. પહેલા ૯૩ ગાથા સુધી આટલા વખાણ કર્યા. ત્યારે (કોઈને લાગે કે) આવડો મોટો અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંતા અનંતા ગુણ, તો એ મોટો તો કેવડો (મોટો) ક્ષેત્રથી હશે? બાપુ! ક્ષેત્રથી મોટો (હોય તેની) મહિમા નથી. ક્ષેત્રથી તો શરીર પ્રમાણે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જ છે. એના ગુણોના ભાવના સ્વભાવની અચિંત્યાનું ભાવનું માહાત્મ્ય (છે). સમજાણું કાંઈ? આ વેદાંત આદિ કહે છે ને? સર્વવ્યાપક. શું ધૂળ સર્વવ્યાપક છે? સાંભળ તો ખરો! ધ્યાન કરવું હોય તો એને આમ કરવું પડે છે? તો એનો અર્થ કે જેટલા ક્ષેત્રમાં છે તેટલામાં એકાગ્ર કરે છે. માટે પુરુષાકાર પ્રમાણ આત્મા છે, એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ?

'આ પોતાના આત્માને પુરુષાકાર પ્રમાણ, પવિત્ર...' ભાવથી પવિત્ર. 'ગુણોની ખાણ...' છે ને? 'गुणगणणिलउ' 'णिलउ' ગુણના સમૂહનો નિલય. નિલય એટલે ઘર. એકલા અનંત આનંદાદિ ગુણોનું ઘર આત્મા છે. એ તારા રાગમાં પણ નથી અને તારા પૈસામાં-ધૂળમાં ક્યાંય નથી. સમજાણું કાંઈ? 'गुणगणणिलउ' અને 'णिम्मलतेय फुरंतुं'. 'નિર્મળ તેજથી પ્રકાશમાન દેખવો જોઈએ.' એવો ભગવાનઆત્મા શરીરપ્રમાણે અંતર નિર્મળ ગુણનો નાથ, તેજથી સ્ફુરિત એવા આત્માને અંતર જ્ઞાન અને શ્રદ્ધાથી જોવો જોઈએ.

'અહીં આત્માની ભાવના કરવા માટે શિખામણ આપી છે કે આત્માને આવો વિચારવો જોઈએ કે આત્માનો પોતાનો પુરુષાકાર પ્રમાણ છે, તે આખાય શરીરમાં વ્યાપેલો છે.' આખા શરીરમાં વ્યાપક બધે છે કે નહિ? અંગૂઠાથી તે માથા સુધી. છતાં ભિન્ન. જે આસને બેઠો હોય તે પ્રમાણ માનવું, એમ કહે છે. પછી લાંબી વાત વ્યવહારની ઘણી નાખી છે. 'એ નિર્મળ જળસમાન, શુદ્ધ સ્ફટિક સમાન પરમ શુદ્ધ છે. દ્રવ્યાર્થિકનયથી આત્માને સદાય નિરાવરણ દેખવો.' વસ્તુદૃષ્ટિથી દેખો તો નિરાવરણ, ત્રિકાળ નિરાવરણ (છે). વસ્તુને આવરણ શું? સમજાણું?

'સામાન્ય અને વિશેષ ગુણોનો ધારક છે. એ જ્ઞાતાદૃષ્ટા છે, વીતરાગ છે, પરમાનંદમય છે, પરમ વીર્યવાન છે, શુદ્ધ સમ્યક્ત્વ ગુણનો ધારક છે, પરમ નિર્મળ તેજમાં ચમકી રહ્યો..' છે. ભગવાન ચૈતન્યના તેજે બિરાજમાન છે. એના ચૈતન્યના નૂર, પ્રકાશના પૂંજથી ચમકી રહ્યો છે. રાગ અને વિકારથી ચમક્યો એ વસ્તુ નથી. આહાહા..! સમજાણું કાંઈ? 'આવી રીતે પોતાના શરીરમાં વ્યાપક આત્માને વારંવાર જોઈને ચિત્તને રોકવું. આ ધ્યાનનો પ્રકાર છે.' સાધુ વિશેષ કરી શકે છે. પણ આપણે 'દેશવ્રતી મધ્યમ ધ્યાતા...' મુનિ છે તે આત્માનું ઉત્કૃષ્ટ ધ્યાન કરી શકે. દેશવ્રતી પંચમ ગુણસ્થાનવાળો બે કષાય ટળ્યા છે માટે મધ્યમ ધ્યાન કરી શકે. મુનિ છે તેને ત્રણ કષાય અસ્થિરતાના કારણ ટળ્યા માટે સ્થિરતાનું કારણ એને વધારે છે.

'અવિરત સમ્યગ્દૃષ્ટિ જઘન્ય ધ્યાતા છે.' અહીં આપણે વજન લેવું છે. ચોથા ગુણસ્થાનમાં પણ.. એક જણાએ એ નાખ્યું છે, 'ટોડરમલે' તો કહ્યું છે કે, ચોથે ગુણસ્થાને ઇષ્ટ-અનિષ્ટબુદ્ધિમાં રાગ-દ્વેષ થાય તે મિથ્યા ચારિત્ર છે. માટે તેને મિથ્યા ચારિત્ર છે, એને ચોથે સ્વરૂપાચરણ નથી. પણ સમકિતીને ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિ હોય જ નહિ. સાંભળ તો ખરો! ઇષ્ટ-અનિષ્ટની અસ્થિરતા હોય પણ આ પદાર્થ ઇષ્ટ-અનિષ્ટ હોય જ નહિ. એવો મોટો

www.vitragvani.com



લેખ (આવ્યો) છે. ચોથા ગુણસ્થાનમાં એણે પાંચ ઇન્દ્રિયના વિષય છોડ્યા નથી, ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિ છૂટી નથી માટે તેને મિથ્યાચારિત્ર કહેવામાં આવે છે. માટે મિથ્યાચારિત્રવાળાને સ્વરૂપાચરણ નથી, એમ કરીને લખ્યું છે. આહાહા..! ભાઈ! મિથ્યાચારિત્ર નથી. એને અવ્રત છે. મિથ્યાચારિત્ર તો જેની દૃષ્ટિ મિથ્યાત્વ ઉપર છે એના ચારિત્રને મિથ્યાચારિત્ર કહેવાય. પણ એવા ત્રણ શબ્દ વાપર્યા છે ખરાને. મિથ્યાચારિત્ર કહો, અચારિત્ર કહો કે અવિરત કહો. એવા ત્રણ શબ્દો 'ટોડરમલે' વાપર્યા છે. એ તો અપેક્ષાથી છે, ભાઈ!

ભગવાનઆત્મા અવિરત સમ્યગ્દૃષ્ટિ જઘન્ય ધ્યાતા છે. સ્વરૂપની દૃષ્ટિ થઈ છે એટલો તો ધ્યાન કરનારની યોગ્યતા પ્રગટી છે. સમ્યગ્દૃષ્ટિ ધ્યાતા નથી અને (તેને) ધ્યાન પણ નથી, એમ નથી. ધ્યાન અને ધ્યાતાની શરૂઆત ચોથેથી શરૂ થઈ ગઈ છે. સમજાણું કાંઈ? 'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा।' 'દ્રવ્યસંગ્રહ'માં કહ્યું છે. ધ્યાનમાં એકાગ્રતા (થાય છે). ભગવાનઆત્મા સન્મુખ નિર્વિકલ્પ દૃષ્ટિ તે ધ્યાન છે અને તેમાં સમકિત ઉત્પન્ન થાય છે. એવો સમકિતી જઘન્ય ધ્યાતા (છે).

'ધ્યાતાને સમ્યગ્જ્ઞાન હોવું જ જોઈએ.' ભગવાનઆત્માની એકાગ્રતારૂપ ધ્યાન કરનારને સમ્યગ્જ્ઞાન ન હોય તો ધ્યાન કરી શકે નહિ. સમ્યગ્જ્ઞાન, આત્માનું ભાન હોવું જોઈએ. નીચે વચમાં છે. 'કેમકે જ્યાં સુધી પોતાના આત્માના શુદ્ધ સ્વભાવનું શ્રદ્ધાન ન હોય ત્યાં સુધી તેનો પ્રેમ થતો નથી.' ભગવાનઆત્માનો પ્રેમ અને પુણ્ય-પાપનો પ્રેમ છૂટી ન જાય ત્યાં સુધી આત્માનો પ્રેમ થાય નહિ અને આત્માના પ્રેમ વિના અંદર લગની લાગે નહિ. લગની લાગવી એનું નામ ધ્યાન. આ સંસારમાં બે-બે કલાક પાપનું ધ્યાન નથી કરતા? ભૂલી જાય. જે વિચારે ચડ્યો હોય, એમાં જો કાંઈક બે લાખ, પાંચ લાખ બે મહિનામાં પેદા થવાના હોય (તો) અંદરથી ઘોડે ચડે. (કોઈ પૂછે) ક્યાં હતા? હું તો વિચારમાં ચડી ગયો હતો. ઘરે મહેમાન આવ્યા હતા, પણ તમે આંખ્યું વીંચીને બેઠા હતા એટલે અમે કોઈ પૂછી શક્યા નહિ. હું તો બે કલાક વિચારમાં ચડી ગયો હતો. હેં! ધ્યાન કરતા તો આવડે છે (પણ) ઊંધું. 'ધીરુભાઈ'! આવડે કે નહિ? આમ સ્થિર થઈ જાય, સ્થિર થઈ જાય. ખોટે વિકલ્પે ચડી જાય. આ છોકરાનું આમ થઈ જાય, ફલાણું આમ થઈ જાય. એવી શ્રેણી થઈ જાય. એમાં છોકરાના લગ્ન હોય, કરોડની પૂંજી હોય, પાંચ લાખ ખર્ચવાના હોય, સગા સગપણ સારું હોય, કોઈ આડેઅવળે મરણ થયું ન હોય એની હોંશમાં વિચાર કરવા બેઠો હોય કે આનું આમ કરશું ને આમ કરશું. રાતના દસથી બાર બે કલાક નીકળી જાય. ખબર નથી. 'અરે..! ક્યારે બધું (થયું)? આ બધું ઉપડી ગયું, વરઘોડો થઈ ગયો, બધા ચાલ્યા ગયા, તમને બધા ગોતતા હતા.' 'હું તો ખૂણે બેઠો હતો.' વરઘોડો બધો બહાર નીકળી ગયો. મને ખબર નહિ. બધા તમને ગોતતા હતા, પણ તમે ક્યાં બેઠા હતા? હું વખારમાં બેઠો હતો, ન્યાં ને ન્યાં વિચારમાં ચડી ગયો. સવારે આમ કરવું છે, સવારે આમ કરવું

www.vitragvani.com



છે, સવારે આમ કરવું છે. ધ્યાન આવડે છે કે નહિ? એમ જ્યારે ઊંધા આવડે ને બીજું ભૂલે તો આ સવળું આવે ને બીજું ભૂલે એવી એનામાં તાકાત છે. સમજાણું કાંઈ? ઊંધામાં તો તાકાત મોળી પડી જાય છે અને સવળામાં તાકાત તો ઉગ્ર થાય છે માટે સવળા કરવાની તાકાત વધારે છે. આહાહા..! સમજાણું કાંઈ? માટે સમ્યગ્દષ્ટિ જઘન્ય ધ્યાતા છે.

જ્યાં સુધી એનો પ્રેમ ન લાગે, 'પ્રેમ વિના તેમાં આસક્તિ કે સ્થિરતા થતી નથી.' પ્રેમ વિના એમાં એકાકાર એવી લીનતા નહિ થાય. 'ધ્યાતાને એ શ્રદ્ધાન હોવું જ જોઈએ કે હું જ પરમાત્મારૂપ છું.' ઇ પરમાત્માનું પેટ જ હું છું. હું પરમાત્મા છું. મારામાંથી પરમાત્મપર્યાય ફાટવાની છે. કોઈ પર્યાયમાંથી નહિ, રાગમાંથી નહિ, નિમિત્તમાંથી નહિ. એવો પરમાત્મા (હું છું).

'મારે જગતના ઇન્દ્ર, ચક્રવર્તી આદિ પદો પ્રત્યે કોઈ રાગભાવ નથી.' ધર્મીને ઇન્દ્રના સુખ અને પદવીની લાલસા હોતા નથી. ત્રણલોકના રાજને પણ જ્યાં સડ્યા તરણા જેવા લાગે, આત્માના આનંદના સ્વાદ આગળ બધા સડ્યા તરણા (લાગે). આખી દુનિયા દુઃખી લાગે તેથી તે પદને જ્ઞાની ઇચ્છતો નથી. જેમાં મીઠાશ લાગે તો ઇચ્છે. પણ આત્માના આનંદની મીઠાશ આગળ સમકિતીને કોઈ પદમાં મીઠાશ દેખાતી નથી. પુણ્યભાવમાં મીઠાશ દેખાતી નથી તો એના ફળમાં મીઠાશ ક્યાંથી દેખે? હેં? આહાહા..!

અરે..! એ ભગવાનઆત્મા એનું સત્ સ્વરૂપ અને સત્‌ના અનંત ગુણો, એના એણે કોઈ દિ' માહાત્મ્ય કર્યા નહિ અને આ વ્યવહાર વ્યવહાર કરીને મરી ગયો, એ તો નિગોદમાં અનંતવાર ત્યાં ગયો. શાસ્ત્રમાં તો એમ પણ આવે છે, 'ફૂલચંદજી' કહે છે એવું કે, નિગોદમાં પણ ક્ષણે શાતા બંધાય અને ભણે અશાતા બંધાય. એટલે શુભ-અશુભ (ચાલે છે). એવું એકવાર કહેતા હતા. આધાર માંગ્યો પણ ... એવું કહે છે. પંડિતજી! નિગોદમાં ક્ષણમાં શાતા બાંધે છે, બીજે સમયે અશાતા, ત્રીજે સમયે શાતા. એટલે શુભ ને અશુભ, શુભ ને અશુભ એમ ને એમ ચાલ્યું જ આવે છે, એમ કહેતા હતા. ... કાંઈક હશે પણ આધાર ખ્યાલ ન આવ્યો. નિગોદમાં, હોં! આ નિત્ય નિગોદવાળા. એવા શુભ-અશુભભાવ, શુભ-અશુભભાવ ક્ષણે ક્ષણે થયા જ કરે છે. શુભ-અશુભ, શુભ-અશુભ, શુભ-અશુભ. ક્રમ છે એવો કહ્યું હતું, ભાઈ! નહિ? પછી આપણે માંગ્યું હતું, આધાર ક્યાંય છે? આપણે ગોત્યું હતું ખરું પણ બહુ મળ્યું નહિ. ક્યાંક ક્યાંક ગોત્યું હતું ખરું. નિગોદના જીવ છે ને? એને ઘણો અભ્યાસ છે એટલે કાંઈ આપણે પૂછ્યું હતું, એનો આધાર ક્યાં? લાવો. હું મોકલીશ (એમ કહ્યું હતું) પણ ભૂલી ગયા.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ધ્રુવ પ્રકૃતિ પણ પરિણામનું નિમિત્ત છે કે નહિ? ધ્રુવ પ્રકૃતિ પણ નિમિત્ત કોણ? એમ કહે છે ને? આપણે કહ્યું કે, શાસ્ત્રમાં અશુભ પરિણામ વખતે પણ પુણ્યમાં

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



થોડો રસ પડે છે. ત્યારે કહે, એ તો ધ્રુવ પ્રકૃતિ. પણ ધ્રુવ પ્રકૃતિમાં નિમિત્ત કોણ? એની મેળાએ મફત પડી ગઈ? એ સિદ્ધ થયું કે, અશુભ વખતે પ્રકૃતિમાં ભલે થોડો રસ (પડે) અને પાપમાં ઘણો રસ પડે છે. સમજ્યા ને? તેથી કરીને એ શુભ કરવા જેવો છે એ પ્રશ્ન ક્યાં છે ન્યાં? આ તો શું બને છે? રાડેરાડ પાડી હતી બધાએ. અરરરર..! અશુભભાવ વખતે પણ પુણ્યમાં રસ? પણ ભગવાન કહે છે, સાંભળને હવે. એકલા શુદ્ધભાવમાં બિલકુલ બંધ નથી. પણ શુભ-અશુભમાં તો અશુભ વખતે પાપમાં વધારે, પુણ્યમાં થોડું. શુભ વખતે પુણ્યમાં વધારે અને પાપમાં થોડું. એવી બે વસ્તુ હોય જ છે, વસ્તુનું સ્વરૂપ એવું છે.

અહીં કહે છે, હું પરમાત્મા (છું) મને ઇન્દ્ર આદિના પદની પણ મને ભાવના નથી. સમ્યગ્દર્શન, ઇન્દ્રના પદ ઉપરથી ડોલે ઇન્દ્રાણીયો, મારા આનંદ આગળ બધા તારા પદ ખોટા છે. એવી એની અંદરની દઢતા આત્મા ઉપર હોય છે. પછી ત્રણ શલ્ય રહિતની વિશેષ વાત કરી છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## ક્રમ અને તે પણ નિશ્ચિત!

'जीवे हि तावत्क्रमनियमितात्मपरिणामै रुत्पद्यमानो जीव एव, नाजीव :.....' આ મૂળ ટીકા છે, તેના હિંદી અર્થમાં જયચંદ્રજી પંડિતે એમ લખ્યું છે કે - 'जीव प्रथम ही क्रम कर निश्चित अपने परिणामो कर उत्पन्न हुआ जीव ही है, अजीव नहीं है' ક્રમ તો ખરો અને તે પણ નિયમિત! એટલે કે આ દ્રવ્યમાં આ સમયે આવી જ પર્યાય થશે એ પણ નિશ્ચિત છે.

કોઈ એમ કહે કે 'પર્યાય ક્રમબદ્ધ છે એટલે કે તે એક પછી એક ક્રમસર થાય છે - એ ખરું, પણ ક્યા સમયે કેવી પર્યાય થશે તે નિશ્ચિત્ નથી' - તો એ વાત સાચી નથી. ક્રમ અને તે પણ નિશ્ચિત છે, ક્યા સમયની પર્યાય કેવી થવાની છે તે પણ નિશ્ચિત છે. જો એમ ન હોય તો સર્વજ્ઞે જાણ્યું શું? અહો! આ ક્રમબદ્ધપર્યાયની વાત જેની પ્રતીતમાં આવે તેને જ્ઞાનાનંદસ્વભાવની દૃષ્ટિ થઈને મિથ્યાત્વનો ને અનંતાનુબંધી કષાયનો નાથ થઈ જાય; તેને સ્વછંદતા ન થાય પણ સ્વતંત્રતા થાય.

(આત્મધર્મ — ઑગસ્ટ - ૨૦૦૮)

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## આત્મજ્ઞાની સર્વ શાસ્ત્રોના જ્ઞાતા છે.

जो अप्पा सुद्ध वि मुणइ, असुइ-सरीर-विभिन्नु।
सो जाणइ सत्थइँ सयल, सासय-सुक्खहँ लीणु।।९५।।

જે જાણે શુદ્ધાત્મને, અશુચિ દેહથી ભિન્ન;
તે જ્ઞાતા સૌ શાસ્ત્રનો, શાશ્વત સુખમાં લીન. ૯૫.

અન્વયાર્થ :– (जो असुइ सरीर विभिन्न) જે કોઈ આ અપવિત્ર શરીરથી ભિન્ન (सासय-सुक्खहँ लीणु) અને અવિનાશી સુખમાં લીન (सुह वि अप्पा मुणइ) શુદ્ધ આત્માનો અનુભવ કરે છે (सो सयल सत्थइं जाणइ) તે જ સર્વ શાસ્ત્રો જાણે છે.

---

વીર સંવત ૨૪૯૨, શ્રાવણ સુદ ૩, ગુરુવાર
તા. ૨૧-૦૭-૧૯૬૬
ગાથા–૯૫, ૯૬. પ્રવચન નં. ૪૦

---

'યોગસાર' ૯૫ ગાથા. 'આત્મજ્ઞાની સર્વ શાસ્ત્રોના જ્ઞાતા છે.' મથાળું છે. આત્માને જાણે એણે સર્વ શાસ્ત્રને જાણ્યા. કેમકે સર્વ શાસ્ત્રને જાણવાનું ફળ એ આત્માનું જ્ઞાન છે. આત્માનું જ્ઞાન ન કર્યું અને એકલા શાસ્ત્ર ભણે એને કંઈ એનું ફળ નથી. એથી એનું વજન છે, જુઓ!

जो अप्पा सुद्ध वि मुणइ, असुइ-सरीर-विभिन्नु।
सो जाणइ सत्थइँ सयल, सासय-सुक्खहँ लीणु।।९५।।

'જે કોઈ આ અપવિત્ર શરીરથી ભિન્ન...' આ શરીર એ તો અપવિત્ર માટીનો પિંડ છે. એનાથી ભિન્ન ભગવાન અનંત આનંદ પવિત્રનું ધામ આત્મા છે. 'અને અવિનાશી સુખમાં લીન...' થઈને એટલે? આત્મામાં અવિનાશી અતીન્દ્રિય આનંદ અનાદિઅનંત પડ્યો છે. આત્મામાં અતીન્દ્રિય આનંદ શાશ્વત (છે). જેમ વસ્તુ શાશ્વત છે (તેમ) તેનો આનંદ પણ શાશ્વત છે. એવા શાશ્વત આનંદમાં એકાગ્ર થઈને આનંદના અનુભવથી-વેદનથી આત્માને જાણે એણે બધું જાણ્યું. કહો, સમજાય છે કાંઈ?

'અવિનાશી સુખમાં લીન શુદ્ધ આત્માનો અનુભવ કરે છે...' હિતરૂપ કાર્ય તો એ છે. પ્રયોજનભૂત આત્માનું કાર્ય, મોક્ષના પરમાનંદ સુખના હેતુભૂત આત્મા પરમ આનંદ એનો અંતરમાં અનુભવ કરવો. સમજાય છે કાંઈ? આત્માનું સચ્ચિદાનંદ સ્વરૂપ સિદ્ધ સમાન, સત્

www.vitragvani.com



શાશ્વત જ્ઞાન અને આનંદનું ધામ આત્મા (છે). એવો આનંદ જે ત્રિકાળી છે એમાં લીન થઈને વર્તમાન આનંદના વેદન દ્વારા આત્માને જાણે. સમજાણું કાંઈ? એ સર્વ શાસ્ત્રોનો જાણકાર છે.

મુમુક્ષુ :– વર્તમાન આનંદથી નક્કી થાય ?

ઉત્તર :– વર્તમાન આનંદના અનુભવથી આત્માને જાણે કે, આ આત્મા છે, એમ. રાગ અને પુણ્ય-પાપ એ આસ્રવતત્ત્વ છે. આ શરીર, વાણી, મન તો જડ છે, પર છે, માટી છે. હવે એ આત્માને શાશ્વત અંદરમાં સુખ છે એને અંતર અવલંબીને આનંદના અનુભવ સહિત કરતો, અનુભવ દ્વારા આત્માને જાણે એને જાણ્યો કહેવાય છે, એમ કહે છે. આ તો એકદમ 'યોગસાર' છે ને!

'યોગસાર' એટલે ભગવાનઆત્મા, એનો યોગ એટલે અંદર જોડાણ. અનાદિથી પુણ્ય અને પાપના ભાવ, શુભ-અશુભ રાગનું જોડાણ છે. જોડાણ તો છે. એ જોડાણ મિથ્યાદૃષ્ટિમાં અધર્મરૂપ જોડાણ છે. ભગવાનઆત્મા અનંત જ્ઞાન ને આનંદ સ્વરૂપ (છે) એમ પહેલો નિર્ણય કરીને પછી તેના સન્મુખ થઈને આનંદની શક્તિની પૂર્ણતા સન્મુખ થતાં તેને અતીન્દ્રિય આનંદના વેદનનો અંશ આવતા, એ દ્વારા આત્મા અતીન્દ્રિય આનંદમય છે એમ જેણે જાણ્યો એણે બધા શાસ્ત્રો જાણ્યા. કહો, સમજાય છે કાંઈ?

અહીં તો માખણની વાત છે. 'યોગસાર' છે ને! માખણ પોચું હોય એટલે એકદમ ચાલ્યું જાય. આહાહા..! પ્રભુ તારી પાસે આનંદ છે ને! તારો આનંદ ક્યાં શોધવા જાવો પડે એવો છે. આ આનંદ એ તો તારો ધર્મ છે. ધર્મી–ધર્મનો ધરનાર એવો ધર્મી આત્મા આનંદાદિ ધર્મને ધરનાર છે, એ તો તારો સ્વભાવ જ છે, આનંદ તો તારો ધર્મ (છે). ત્રિકાળી, હોં! ત્રિકાળી વસ્તુ ભગવાનઆત્મા શાશ્વત છે તો એનો ધર્મ આનંદ, જ્ઞાનાદિ ત્રિકાળી શાશ્વત છે. એ તો આનંદને લઈને જ આત્મા પડ્યો છે. બધા શાસ્ત્ર ભણી લાખ વાતું બધી કરી જેણે અંતરના અનુભવમાં આત્માને જોડ્યો, અનુભવ આ આનંદ છે, નિર્વિકલ્પ આનંદ છે, રાગ ને પુણ્ય ને પાપની વાસના વિનાની શુદ્ધ પરિણતિ દ્વારા આ આત્મા આનંદસ્વરૂપ છે એમ જેણે આનંદના અનુભવ દ્વારા અનુભવ્યો એણે બાર અંગનું બધું જાણ્યું. કારણ કે શાસ્ત્રમાં કહેવાનો હેતુ તો આટલો હતો. કહો, સમજાણું કાંઈ?

'શાસ્ત્રોનું જ્ઞાન ત્યારે જ સફળ કહેવાય જ્યારે પોતાના આત્માની યથાર્થ ઓળખાણ થાય,...' શાસ્ત્રનું જ્ઞાન ત્યારે સફળ કહેવામાં આવે કે આત્માને જાણ્યો. આત્માને યથાર્થ ઓળખી લે. યથાર્થ આત્માને ઓળખ્યો, જાણ્યો ક્યારે કહેવાય? 'તેની રુચિ પ્રાપ્ત થાય અને તેના સ્વભાવનો સ્વાદ આવવા લાગે.' જાણવું, રુચિ અને આનંદ, ભાઈ! ત્રણ લઈ લીધાં. ભગવાનઆત્મા શુદ્ધ આનંદ ને જ્ઞાનની મૂર્તિ પ્રભુ આત્મા છે. કેવળજ્ઞાની પરમાત્માએ અરિહંત તીર્થંકરદેવે આત્માને આનંદ અને જ્ઞાનસ્વરૂપી દીઠો છે. દરેકનો આત્મા, હોં! ભગવાન

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કેવળજ્ઞાની પરમેશ્વરે તીર્થંકરદેવે આ આત્માને અનંત આનંદ અને જ્ઞાનવાળો જોયો છે. એને રાગવાળો, પુણ્યવાળો, કર્મવાળો આત્માને ભગવાને જોયો નથી. સમજાણું કાંઈ? એમ જેણે જોયું છે, એમ જે જોવા મથે છે એને આત્માના પૂર્ણ સ્વભાવ સન્મુખની દૃષ્ટિ થઈ, એનું જ્ઞાન થઈ અને એના આનંદના સ્વાદને લેવા અનુભવમાં પડે ત્યારે તેણે આત્મા જાણ્યો અને ભગવાને જાણ્યો એવો એણે માન્યો. બહુ ઝીણું પણ, ભાઈ! કહો, 'જગજીવનભાઈ'! કેવું કઠણ? મહેમાનો માટે પૂછતા હતા. મહેમાનો માટે પૂછતા હતા, આ બહુ કઠણ. અત્યાર સુધી પોષા, સામાયિક કરતા હતા, માની લીધો (ધર્મ).

આત્મામાં એનો અભ્યાસ કરે અને ન બને એવી એ ચીજ નથી. આત્મામાં રજકણના અને રાગના ભાવને કાયમ કરવા માગે તો એ થઈ શકે નહિ. આત્મા પોતાના સ્વભાવ સિવાય જગતના રજકણો, પરમાણુઓ, પુદ્ગલો નાના કે સ્કંધો, સ્કંધ એટલે ઘણા રજકણનો પિંડ–જથ્થો, એને આત્મા એ રજકણથી માંડી પૂર્ણ સ્કંધને પોતાના કરવા માંડે તો અનંત પુરુષાર્થથી પણ એ થઈ શકે નહિ. તેમ આત્મા અંદરમાં જે પુણ્ય-પાપનો જે વિકાર છે એને કાયમ શાશ્વત આત્મા સાથે જોડવા માગે તો એ થઈ શકે જ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? પણ આત્મા એ જ્ઞાન ને આનંદનો ભરપૂર ભંડાર ભરેલો પ્રભુ આત્મા છે. એવા સ્વભાવની અંતરમાં એકાગ્ર થઈને આ આત્મા એ તો પ્રાપ્ત કરી શકે એવું એનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

૪૭ શક્તિમાં એવો એનો એક ગુણ ભગવાને લીધો છે કે, આત્મામાં પ્રકાશ (શક્તિ છે). આત્મા પોતાને પ્રત્યક્ષ પ્રત્યક્ષ થઈ શકે એવો એનામાં ગુણ છે. પરોક્ષ રહે એવો કોઈ એનામાં ગુણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? 'કામદાર'! આ બધું સમજવું પડશે, હોં! આ બધા અત્યાર સુધી આડાઅવળા ગોળા માર્યા છે તે. ખરી વાત કે નહિ? હેં? 'નાનચંદભાઈ'! એ તો હળવે હળવે સાંભળે તો થાય. થોડો વખત દેવો પડે. ક્યાં ગયા 'દોશી'? 'જયંતીલાલ' સમજાણું આ? આહાહા..!

પરમેશ્વર જેને એક સમયની જ્ઞાનદશામાં પોતાનો પૂર્ણ સ્વભાવ ભાસ્યો એમાં ત્રણકાળ ત્રણલોક પણ પોતાની પર્યાયમાં ભાસ્યા. એવા ભગવાનની વાણીમાં ઇચ્છા વિના વાણી નીકળી. એ વાણીમાં આવ્યું, એ વાણી કહો કે એને આગમ કહો. એ વાણીની રચના કરી પછી એને આગમ કહેવામાં આવે છે. એ વાણીમાં, આગમમાં એમ આવ્યું, શાસ્ત્રમાં એમ આવ્યું.. અહીં શાસ્ત્ર છે ને? સર્વ શાસ્ત્રોનો જાણનાર. ભગવાનની આવી વાણી નીકળી, એ વાણીને સાંભળી ગણધરોએ પોતાની યોગ્યતાના ભાવથી સૂત્રરૂપે રચના કરી, નિમિત્તરૂપે વિકલ્પમાં, એ વસ્તુને આગમ કહે છે. એ આગમમાં એમ કહેવાણું છે, બધા આગમમાં એમ કહેલું છે કે, ભાઈ! તું તારો રાગ અને પુણ્ય-પાપ તારા ત્રિકાળી સ્વભાવમાં એક કરવા માગ તો નહિ થઈ શકે. ભાઈ! આ શરીર, વાણી, મન, જડ માટી (છે). એને તું આત્મા સાથે

www.vitragvani.com



એક સમય પણ જો તન્મય કરવા માગ, એક સમય, તો નહિ થાય. વિકાર એક સમય તન્મય છે એ ત્રિકાળ સ્વભાવ સાથે તન્મય ન થાય. સમજાય છે કાંઈ? તન્મય એટલે શું હશે? તન્મય.. તન્મય–તે રૂપ.

ભગવાનઆત્મા અનંત આનંદ અને જ્ઞાનનો સાગર પ્રભુ, એ શરીર, કર્મ આદિના રજકણને, એક સમય સેકંડનો અસંખ્યમો ભાગ, પોતાની વર્તમાન દશામાં કરવા માગે તો નહિ થઈ શકે. અને રાગ-દ્વેષના પરિણામ એક સમયમાં તન્મય છે પણ એ ત્રિકાળ સ્વભાવ સાથે તન્મય એકરૂપ કરવા માગે તો નહિ થઈ શકે. ત્યારે ભગવાનઆત્મા અનાદિ આનંદ અને જ્ઞાનથી એકરૂપ તન્મય છે. એની વર્તમાન દૃષ્ટિ કરીને એ આનંદ સાથે તન્મય થવું એ તારાથી થઈ શકશે. સમજાણું કાંઈ? કેમકે એનામાં એ ગુણ છે. એક પ્રકાશ નામનો બારમો ગુણ છે. સમજાય છે? સર્વદર્શિત્વ, સર્વજ્ઞત્વ, સ્વચ્છત્વ, પ્રકાશ. ૪૭ માં બારમો (ગુણ છે).

ભગવાનઆત્મામાં... અહીં તો એ પ્રશ્ન ઉઠ્યો કે, સર્વ શાસ્ત્રે આ કહ્યું છે. આત્માના આનંદથી (આત્માને) જાણ્યો એણે બધા (શાસ્ત્ર) જાણ્યા. તો અહીંયાં તો એ થયું કે, એ આત્મા અનાદિકાળથી વિકાર ને સંયોગી ચીજને પોતાની કરવા મથે છે પણ એનામાં એ ગુણ નથી. સમજાય છે કાંઈ? એનામાં ગુણ એટલે ગુણ કરવાનો એટલે લાભ કરવાનો એવો કોઈ ગુણ નથી. વિકારને પોતાના કરે કે શરીરાદિને કરે એવો એનામાં ત્રિકાળી ગુણ, ગુણનો ગુણ નથી. એવો ગુણ, એનો એ ગુણ નથી. પણ આત્મામાં એક ગુણ અનાદિઅનંત એવો છે કે જે પોતાને પ્રત્યક્ષ કરી શકે એવો એનામાં ગુણ છે. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

ભાઈ! એ સુખને વેદનમાં પ્રત્યક્ષ કરી શકે એવો તારો ગુણ છે, હોં! અને એ ગુણનો ગુણ આ છે. એ ગુણ જે ત્રિકાળી પ્રકાશગુણ છે એનો ગુણ એવો છે કે સ્વસંવેદન (અર્થાત્) રાગ વિના આનંદનું વેદન કરીને જાણ, એવો એ ગુણનો ગુણ છે. ગુણનો ગુણ એટલે એ ગુણનું કાર્ય. આહાહા..! સમજાણું કાંઈ આમાં? ભારે ઝીણું, ભાઈ! એ ગુણનો ગુણ વળી. એ ગુણનો ગુણ એટલે એ ગુણનું કાર્ય. સમજાણું કાંઈ? પણ વાત એને આ શું ચીજ છે અને કેમ છે, એ તો કોઈ દિ' જાણવા મંથન કર્યું નથી. બહારમાં ને બહારમાં પોતે ખોવાઈ ગયો. હેં? પરમેશ્વર ખોવાઈ ગયો.

'સૂરદાસ' હતા ને? એમાં વાત આવે છે. આંધળી આંખ્યું. એને કૃષ્ણ તરીકે સ્વીકારતા ને? આંધળા હતા તો કૃષ્ણે હાથ છોડાવી દીધો. ભાગી ગયા. ભગવાન! પણ તું હાથથી છૂટ્યો, હોં! મારા કાળજામાંથી જા તો ખરો. કારણ કે આંખ્યું બંધ હતી. સૂરદાસ હતા ને સૂરદાસ. આંખ્યું ફોડી નાખી હતી. એમ કે, આંખે સ્ત્રી કેમ દેખાય? અરે..! પણ એમાં આંખનો શું વાંક હતો? સ્ત્રી દેખાય કેમ? એ તો કેવળજ્ઞાનમાં ત્રણકાળ ત્રણલોક દેખાય છે. સ્ત્રીઓ દેખવી કે સ્ત્રીઓના અવયવ દેખવા એ કંઈ દોષનું કારણ નથી. પણ રાગીને

www.vitragvani.com



રાગ છે એટલે આમ જોતાં એને રાગ થાય એ આંખોનો દોષ નથી, એ રાગનો દોષ છે. પણ અજ્ઞાનમાં એમ ભાસ્યું નહિ, આમ કેમ થાય? ફોડ આંખ. એ આંખ ફોડવી છે કે રાગને ફોડવો છે? પણ વસ્તુના સ્વરૂપની ખબર નહિ એટલે આ રીતે આંખ ફોડી. પછી ભગવાન શ્રીકૃષ્ણને પકડ્યા. પછી ભાગ્યા. આંખો નહિ એટલે આમ ચંચોળે. ભગવાન! ભલે તું હાથમાંથી જા, કાળજામાંથી જા તો ખરો કૃષ્ણ તું, હોં! એ જાતનો એને પ્રેમ. એમ આત્મા ભગવાન આનંદ અને જ્ઞાનમાંથી જાય તો આત્મા ખરો. એ કોઈ દિ' જઈ શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

એક બાવો હતો, નાની ઉંમરનો જુવાન વીસ વર્ષનો રૂપાળો, હોં! પછી લંગોટી પહેરે ને? લંગોટી. ન્હાવા ગયો, ન્હાવા. ધૂન બહુ, 'કૃષ્ણ'ની ધૂન બહુ. ભગત કહેતા, આપણે ભગત હતા ને? ... એને હોટલ હતી. બાવા-બાવા કો'ક આવે તો ચા પાય. કામ્પમાં હોટલ હતી. વીસ વર્ષનો જુવાન, હોં! એકલી લંગોટી પહેરે. બીજું કાંઈ નહિ. ન્હાઈને લંગોટી પહેરવી ભૂલી ગયો અને એકદમ હોટલે આવ્યો. પણ અરે..! મહારાજ! લંગોટી ભૂલી ગયા. અરે..! ભગત લંગોટી ભૂલી જાઉં છું, હોં! પણ 'કૃષ્ણ'ને હું ભૂલ્યો નથી. આ વાત બનેલી છે. આ કામ્પ છે ને? કામ્પમાં ઓલા ભગત રહેતા. ખબર છે? 'કસ્તૂર ભગત', આ 'પોપટ ભગત' 'લીમડી' રહે છે ને? એના ભાઈ ત્યાં રહેતા. ઘણા વર્ષ (પહેલાની) વાત છે. એ પોતે પહેલા અહીં આવતા. 'પોપટભાઈ' કહેતા, બાવા એવા આવે પણ એને તત્ત્વની ખબર ન મળે, માર્ગની ખબર ન મળે. આમ બિચારા વૈરાગ્ય કરે. પણ આ આત્મા પરમેશ્વર સાક્ષાત્ પોતે છે. એને ભૂલવો ન જોઈએ. 'કૃષ્ણ' તો પર છે. એની અહીં વાત નથી. સમજાણું કાંઈ?

કહે છે કે, ભગવાનઆત્મા..! મૃગની ડૂંટીમાં કસ્તૂરી. એમ ભગવાનઆત્માના અંતરમાં આનંદ અને જ્ઞાનથી ભરેલો પ્રભુ, એની સામું જોયા વિના જેટલા પુણ્ય ને પાપના ભાવ આદિ કરે એ બધો સંસાર રખડવા માટે છે. સમજાણું કાંઈ? એ પછી અગિયાર અંગ ને નવ પૂર્વ ભણ્યો તો એ કાંઈ ભણ્યો નથી. પણ જેણે ભગવાનઆત્મા અનંત અનંત ગુણ સહજ સંપદા, અનંત ગુણનું સામ્રાજ્ય જેને ઘરે છે.. આહાહા..! એ જ્ઞાનની એક પર્યાયમાં ત્રણકાળ ત્રણલોક જણાય એવું સામ્રાજ્ય એક પર્યાયનું છે. એવી એવી અનંતી પર્યાયોનો એક ગુણ, એવા અનંત ગુણનું એક સ્વરૂપ. આહાહા..! દુનિયાના રાજ અને ચક્રવર્તી એ શું છે? એ પણ જોવે છે, ઇ કંઈ એને ગરી નથી જતું. એ જોતાં એમ માને છે કે, આ મને ચક્રવર્તીનું રાજ છે, આ મારી બાયડી છે. એ તો માન્યતા છે, ઇ કંઈ વસ્તુ ગરી જતી નથી. પણ ઓલો વિકાર સાથે માને છે કે મારા છે. જ્ઞાની એને દેખે છે, એને વિકાર નથી કે આ છે, ફેર આટલો છે. સમજાણું કાંઈ? એ ચીજ તો છે જેમ છે. જાણે છે. આ હું શુદ્ધ છું, આ છે એને હું જાણું છું. ઓલો (અજ્ઞાની) જાણવા ઉપરાંત આ મારા છે, એમ માને છે એ એની દોષની અધિકાઈ છે. સમજાણું કાંઈ? કે જે એના નથી. રાગ પણ

www.vitragvani.com



એનો નથી એને માને છે તે મિથ્યાદૃષ્ટિની અધિકાઈ છે. પણ એવો કોઈ ગુણ નથી કે મિથ્યાત્વ કાયમ રહે. ગુણ નથી. અને આ ગુણ છે. જેમાં ભગવાન પ્રકાશ નામનો એક ગુણ કહે છે, કે જેનું કાર્ય આત્મા રાગ અને વિકલ્પ વિના પ્રત્યક્ષ વેદનમાં આવે એવો આત્માનો ગુણ છે. આહાહા..! ૪૭ ગુણમાં (એવો એક ગુણ છે). આપણે વ્યાખ્યાન બધા આવી ગયા છે. હમણા નવા વ્યાખ્યાનો તો હજી રેકોર્ડિંગમાં રહ્યા છે. 'આત્મ પ્રસિદ્ધિ' તો બહાર પડી ગઈ છે ને! પહેલાની. પણ આ નવા વ્યાખ્યાનો બહુ સારા છે. એનાથી બહુ સારી જાત આવી પણ હજી રેકોર્ડિંગમાં અંદર પડ્યા છે, બહાર નીકળે ત્યારે ખરા. હેં? ૪૭ શક્તિ, આહાહા..! ૪૭ શક્તિ ને? બહાર આવી ગઈ છે. અમારા આ 'કુંવરજીભાઈ' તરફથી બહાર પાડવાની છે. બહુ સારા વ્યાખ્યાન આવ્યા છે. અત્યારે ૪૭ શક્તિના વ્યાખ્યાન થયા છે, બહુ સારા થયા છે, પહેલા કરતાં પણ સારા છે. બહુ સ્પષ્ટીકરણ આવ્યું છે. પંડિતજીને પહેલા આપજો. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા..! કહે છે કે, એનામાં ગુણ છે. પ્રભુ પરમાત્માએ જોયો છે. એ શું ગુણ છે? કે, આત્મા પ્રત્યક્ષ પોતાને થાય એવો ગુણ છે. રાગ દ્વારા જણાય એવો એ રહે નહિ, એવો એનો ગુણ છે. આહાહા..! અને એ ગુણનો ગુણ એટલે કાર્ય ભગવાનઆત્મા, પોતાના આનંદને પ્રત્યક્ષ કરીને આ આત્મા છે એમ જાણે એવો એનામાં ગુણ છે. આહાહા..! સમજાણું કાંઈ? ત્યારે એણે સર્વ શાસ્ત્ર જાણ્યા એમ કહેવામાં આવે છે. આહાહા..! ભલે શાસ્ત્ર ઓછાવત્તા આવડે, જવાબ દેતા પણ ન આવડે, બોલતા પણ ન આવડે, એની સાથે કાંઈ સંબંધ નથી. ભાષણ થવું કે ન થવું એ તો જડની અવસ્થા છે. એ કંઈ ઉપદેશ દેતા આવડ્યો માટે જીવને લાભ છે (એમ) જરીયે નહિ. આહાહા..!

મુમુક્ષુ :– ઉપદેશ આપેતો ઘૂંટણ થાય.

ઉત્તર :– કોનું ઘૂંટણ પણ? એ તો જ્ઞાનનું અંતરનું ઘૂંટણ પોતામાં છે. એ કંઈ વાણી દ્વારા છે? અને વિકલ્પ ઉઠ્યો છે એ દ્વારા અંદર સંવર, નિર્જરા છે? ભાઈ! આ તો માર્ગ જુદી જાતનો છે. આ પ્રભુનો માર્ગ છે. સમજાણું કાંઈ? એ પોતે પરમેશ્વર છે. વીતરાગ સ્વરૂપનો પરમેશ્વર છે. વીતરાગપણામાં જેટલો સ્વભાવમાં એકાગ્ર થાય છે એટલો જ એને સંવર અને નિર્જરાનો લાભ છે. વાણીથી કાંઈ નહિ અને વિકલ્પથી કાંઈ નહિ. આહાહા..! સમજાણું?

એવો આત્મા, એને જાણે, એની રુચિ પ્રાપ્ત કરે અને એના સ્વભાવનો સ્વાદ આવે. એ આનંદનો અનુભવ આવ્યો જાણે. 'કેમકે શુદ્ધાત્માનો અનુભવ જ મોક્ષમાર્ગ છે.' એ ભગવાન શુદ્ધ સ્વરૂપ આત્મા, એનો અનુભવ કરવો–વેદવું, વેદવા સહિત જાણવું, વેદવા સહિત રુચિ કરવી એ મોક્ષનો માર્ગ છે. જગતને ભારે કઠણ પડે. ઓલા કહે કે, બહારથી થાશે. શુભજોગથી થાશે, દેવ-ગુરુ-શાસ્ત્રથી થાશે, ભગવાનથી થાશે. ભાઈ! એ છેતરપિંડી થઈ ગઈ છે, હોં! માયાચારી થશે, પ્રભુ! એ ભગવાન એમ નહિ પકડાય. એનો એ ગુણ નથી. પરથી જણાય,

www.vitragvani.com



રાગથી જણાય, નિમિત્તથી જણાય એવો એનામાં ગુણ નથી. એવા ગુણ નથી અને એવા ગુણવાળો માનવો એ તો એણે આત્મા માન્યો નથી. આહાહા..! સમજાય છે?

'શુદ્ધ સ્વરૂપની ભાવના ભાવવાથી આત્મા શુદ્ધ થતાં પરમાત્મા થઈ જાય છે.' એ શુદ્ધ પરમાત્માનું પ્રત્યક્ષપણું વેદન થતું, પ્રત્યક્ષ થતાં.. થતાં.. થતાં પૂર્ણ થતાં કેવળજ્ઞાન થઈ જાય છે, એમ કહે છે. 'જિનવાણીના અભ્યાસનો સમ્યક્ પ્રકારે ઉદ્યમ કરીને પોતાના આત્માને યથાર્થ જાણવાનો હેતુ રાખવો.' હેતુ તો એ છે. 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો.' ભગવાનઆત્મા, એની પરમેશ્વરતા પરમ ઈશ્વરતા.. પરમ ઈશ્વરતા, એની દૃષ્ટિ, એનું જ્ઞાન અને એની રમણતામાં આવે એ એનો સાર છે. સમજાણું કાંઈ? હવે આ માર્ગ અત્યારે નથી એમ કહે છે. અરે.. પ્રભુ! ભાઈ! આવું જો પંચમઆરામાં ન હોય તો અત્યારે ધર્મ જ નથી. તો ધર્મ નથી. એમ ન હોય, ભાઈ! ધર્મ નથી એમ નહિ. અને ધર્મ હોય તો તે આ રીતે ધર્મી આશ્રયે હોય, સ્વ આશ્રયે થાય તે ધર્મ કહેવામાં આવે છે. આહાહા..!

ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર 'સીમંધરપ્રભુ' બિરાજે છે. એના જ્ઞાનથી કઈ વાત છાની છે? ત્રણ ત્રણ જ્ઞાનના ધણી શક્રેન્દ્ર આદિ, ભગવાનને વંદન કરવા જાય છે. એના જ્ઞાનમાં પણ કાંઈ ખામી નથી. શાસ્ત્રમાં આવે છે ને કે, અમુક દક્ષિણના દેવ હોય, અમુક ઉત્તરના દેવ હોય. એ ખાસ ખાસ મોટી વાતું હોય એ ઇન્દ્રોને પહોંચાડે છે. એવો પાઠ છે. ભાઈ! પંડિતજી! શું કહેવાય? 'લોકપાળ', 'લોકપાળ' છે ને? શાસ્ત્રમાં લેખ છે. આ ભરતક્ષેત્ર આદિમાં મોટી મોટી વાતું હોય એ 'લોકપાળ' ઇન્દ્રને પહોંચાડે કે, આમ છે, આમ છે. 'લોકપાળ'ની વાત આવે છે. ચાર 'લોકપાળ' છે ને? અહીં સરકારને પહોંચાડે કે નહિ? ઓલા પણે તમારી લડાઈ થવાની વાતું ચાલે છે, હોં! ફલાણું.. ઢીકણું.. ષડયંત્ર એવું કાંઈક કહે છે ને? એ બધું એના ભોમિયા હોય ઇ પહોંચાડે. એલચી કહેવાય. એમ આ ચાર એલચી છે. ચાર દિશાના 'લોકપાળ'. એ ઇન્દ્રોને મોટી મોટી વાત (પહોંચાડે). મોટા ફેરફારવાળી વાત પણ એને કાને તો ગઈ છે. સમજાણું કાંઈ? ઇન્દ્રના અવધિજ્ઞાનમાં એ વાત આવેલી છે. ભગવાનના જ્ઞાનમાં આવેલી છે.

ભાઈ! આત્મા પોતાના સ્વભાવને પહોંચે, પ્રાપ્ત કરે, રુચિ કરે, એને જાણે, એને વેદે ત્યારે તેને મોક્ષનો માર્ગ થયો કહેવામાં આવે છે. એને સામાયિક અને એને પોષા કહેવામાં આવે છે. 'કામદાર'! આહાહા..! ભાઈ! આવી તારા ઘરની મીઠી વાત તને કેમ ન રુચે? ભૂખ લાગી હોય અને એને આમ પોચામાં પોચું માખણ અને પોચામાં પોચા દહિંથરા અથવા ખાજા આપે ને ભૂખ લાગી હોય એ એને કેમ ન રુચે? એમ જેને આ આત્મા.. અરે..! આ આત્મા કોણ છે? કેવો છે? એવી જેને જિજ્ઞાસા અને રુચિ થઈ હોય એને આ વાત રુચ્યા વિના રહે નહિ. ભૂખ લાગવી જોઈએ.

મુમુક્ષુ :– ઝપટ મારે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ઉત્તર :– હા, ખાવામાં ઝપટ મારે. આ તો અહીં દાખલો છે, કહો, સમજાણું કાંઈ?

માટીનો દાખલો આપ્યો છે. વ્યવહારનયથી પાણી મેલું દેખાય છે. માટી મેલી દેખાય છે. પણ માટીની મલિનતાથી જળની સ્વચ્છતા જુદી છે. મલિનતાથી જળની સ્વચ્છતા જુદી છે. સમજાય છે? નિશ્ચયથી દેખો તો માટી માટી છે, પાણી પાણી છે. પાણી અને માટી બેય એક થયા નથી.

એમ આત્મા કર્મ પુદ્‌ગલોના સંયોગથી દેખો તો એને સંબંધ વ્યવહારથી છે. સ્વભાવથી દેખો તો એને સંબંધ છે જ નહિ. ભગવાન ચૈતન્ય જેમ જળ, સ્વચ્છ પાણીના સ્વભાવથી જોવો તો એ સ્વચ્છ છે. એમ ભગવાનઆત્માના સ્વભાવથી જોવો તો એને રાગ ને કર્મનો લેપ છે જ નહિ. એવી દૃષ્ટિથી આત્માને જોવો તે દૃષ્ટિને સત્ય દૃષ્ટિ કહે છે. જ્ઞાન કરવા માટે વ્યવહાર વસ્તુ છે. રાગ છે, કર્મ છે એ જ્ઞાન કરવા માટે છે, જાણવા માટે (છે). આદરવા માટે તો આ છે. સમજાણું કાંઈ?

'શુદ્ધ જ્ઞાતા દૃષ્ટા પરમાત્મારૂપ દેખાય છે. એ જ દૃષ્ટિ ધ્યાતાને માટે પરમ ઉપકારી છે.' પાણીને સ્વચ્છ જોવું એ જ પાણીની સ્વચ્છતાના સ્વરૂપનું સાચું જ્ઞાન છે. એમ ભગવાનઆત્માને મેલ અને કર્મ વિનાનો જોવો એવો સ્વભાવ તે દૃષ્ટિ ને જ્ઞાનને સાચી દૃષ્ટિ અને જ્ઞાન કહે છે. સમજાણું કાંઈ? બે નયનું જ્ઞાન કહે છે. વ્યવહારનયથી નવે તત્ત્વને જાણવા. સમજાય છે? એમાં અશુદ્ધતા ભેદથી એ જાણવી પણ એના રહિત શુદ્ધને જાણવો એ એનું પ્રયોજન છે. સમજાણું કાંઈ? પછી 'દ્રવ્યસંગ્રહ' અને 'તત્ત્વાર્થસૂત્ર'નો અભ્યાસ કરવો એ બધી વાત કરી છે.

'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'નો દાખલો આપ્યો છે. ઇ બહુ સરસ છે, જુઓ! 'મુનિરાજોએ અજ્ઞાનીઓને સમજાવવા માટે અસત્યાર્થને અથવા અશુદ્ધ પદાર્થને કહેનાર વ્યવહારનયનો ઉપદેશ કર્યો છે.' અબુધ બોધનાર્થે. 'अबुधस्य बोधनार्थ मुनीश्वरा देशयन्त्यभूतार्थम् ।' અશુદ્ધતા આદિ દ્વારા એને સમજાવ્યો છે કે, ભાઈ! આ અશુદ્ધતા એની પર્યાયમાં છે, વસ્તુમાં નથી. એ દ્વારા એને સમજાવ્યો છે. અજ્ઞાની, જેને વસ્તુનું સ્વરૂપ શુદ્ધ અખંડ આનંદકંદ જેની નજરમાં અશુદ્ધતાની આડમાં આવી નથી, અશુદ્ધતાની આડમાં આવ્યું નથી એને સમજાવે છે કે, જો ભાઈ! અશુદ્ધતા છે ખરી, પણ એ સ્વરૂપમાં નથી. એ અશુદ્ધથી શુદ્ધ (સ્વરૂપ) ભિન્ન છે. એમ અજ્ઞાનીઓને વ્યવહારનયથી સમજાવવામાં આવ્યું.

'પરંતુ જે કેવળ વ્યવહારનયના વિસ્તારને જાણે...' વ્યવહારના વિસ્તારને જાણે. એના ભેદોને, એના સંબંધને, એના રાગને, એના પુણ્ય-પાપને, એના પ્રકૃતિના પરિણામને એના બધા વિસ્તાર જાણે પણ 'નિશ્ચયનયના નિયમને ન જાણે...' પણ ભગવાનઆત્મા એ રાગ ને ભેદ ને નિમિત્તના સંબંધ વિનાનો છે. નિમિત્ત એટલે સંયોગી ચીજ, રાગ એટલે સંયોગી ભાવ અને મનના સંબંધે ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ ઉઠવો એ પણ વ્યવહાર છે. એ બધા

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



વ્યવહારથી ભગવાનઆત્મા જુદો (છે), એ નિશ્ચયનયનો નિયમ છે. નિશ્ચયનયનો એ નિયમ છે. એનો એ નિયમ છે કે, એ પરથી ભિન્ન બતાવે અને શુદ્ધ સ્વરૂપને પોતે ઓળખાવે. સમજાણું કાંઈ? વ્યવહારનો એ નિયમ છે કે સંયોગને બતાવે, રાગને બતાવે, ભેદ–ગુણ-ગુણીનો ભેદ એ વ્યવહારનય જણાવે છે, એટલું. આદરવામાં નિશ્ચયનયનો નિયમ એ છે કે, એનાથી તું ભિન્ન છો.

મુમુક્ષુ :– બેમાંથી માનવો ક્યો?

ઉત્તર :– કીધું ને, આ માનવો, જાણવો, માનવો. અને ઓલો છે એટલું જાણવું કે હજી આટલું બાકી છે. જાણવું ખરું, આદરવું આ, જાણવું એને. એ રીતે બેય નયને ગ્રહણ કરી કહેવાય છે.

મુમુક્ષુ :– બેયને આદરવા નહિ?

ઉત્તર :– આદરે શું? ધૂળ.

મુમુક્ષુ :– બે નય ભગવાને કીધી છે ને.

ઉત્તતર :– ભગવાને કીધી.

મુમુક્ષુ :– ઉપાદેય જોઈએ ને!

ઉત્તર :– ઉપાદેય શી રીતે? નય છે તો નયનો વિષય છે. નય વિષયી છે, તેનો વિષય છે એમ જાણવું જોઈએ પણ એ વિષય આદરણીય છે, એમ નથી. આદરણીય હોય તો બે નય કેમ રહી? બે નય કેમ રહી? બે જ્ઞાન કેમ રહ્યા? જ્ઞાનના વિષય બે જુદા કેમ પડ્યા? બેના ફળ વિના બે જુદા કેમ રહ્યા? ન્યાયથી તો એણે વિચારવું પડશે ને? બે (નય) પડી એનો અર્થ શું થયો? એક નય અભેદને બતાવે અને એક નય તેનાથી વિરુદ્ધ એવા ભેદને બતાવે. બે નયો વિરુદ્ધ થઈ ગઈ. આહાહા..!

મુમુક્ષુ :– અનેકાંત..

ઉત્તર :– અનેકાંત થયું ને? અભેદ પણ છે, ભેદ પણ છે. અભેદમાં ભેદ નથી, ભેદમાં અભેદ નથી. એનું નામ અનેકાંત છે. નહિતર તો બે એક થઈ જાય, વ્યવહાર-નિશ્ચય બે એક થઈ જાય. વ્યવહારનય અને નિશ્ચયનયનું સ્વરૂપ એક થઈ જાય તો વ્યભિચાર થઈ જાય, એક્કે નય ન રહે. એક નયની વાસ્તવિકતા જે છે એ ન રહે તો બીજા નયની વાસ્તવિકતા રહે નહિ. નહિતર નયનું સ્વરૂપ જ ન રહે. આહાહા..! 'પંચાધ્યાયી'માં કહ્યું છે ને? જો વ્યવહારનયનો વિષય નિશ્ચયમાં જાશે તો નયનું સ્વરૂપ જ નહિ રહી શકે. અતિક્રાંત થઈ જશે. વ્યવહારે નિશ્ચયનું કામ કર્યું (તો) નિશ્ચય રહી નહિ. બેય નયનો નાશ થઈ જાય. અરે..! વસ્તુ પણ આ રીતે છે એથી ભગવાનની વાણીમાં એમ આવ્યું છે.

ભાઈ! તું વસ્તુ છો. પૂર્ણ શુદ્ધ અખંડ આનંદ એ નિશ્ચય સત્યનો વિષય છે અને એની સાથે જેટલો રાગ, સંયોગ છે એ વ્યવહારનો વિષય છે. એ બે જ્ઞાન છે. અને એક નયનો

www.vitragvani.com



જે વિષય છે એનાથી બીજા નયનો વિષય જુદો છે. જુદો ન હોય તો બે નય પડી કેમ? એક આ આદરણીય છે તો આ આદરણીય નથી, જાણવા લાયક છે.

તેથી ભગવાન 'અમૃતચંદ્રાચાર્યદેવે' કહ્યું, 'तदात्वे' જાણેલો પ્રયોજનવાન છે, એમ કહ્યું છે. પાઠમાં એ છે એટલે સૌ દલીલ એ આપે છે, જુઓ! 'अपरमे ट्विदा भावे' 'सुद्धो सुद्धादेसो णादव्वो परमभावदरिसीहिं। ववहारदेसिदा पुण जे दु अपरमे ट्विदा भावे।।१२।।' જે નીચલા દરજ્જામાં છે એને વ્યવહારનો ઉપદેશ દેવો. પણ એમ ત્યાં કહ્યું નથી. 'ववहारदेसिदा'નો અર્થ 'અમૃતચંદ્રાચાર્યદેવે' એવો કર્યો છે, એ 'ववहारदेसिदा' શબ્દ છે, એનું વાચ્ય–અભેદ સ્વરૂપ આત્માની દૃષ્ટિ અને જ્ઞાન થયું ત્યારે તેને જેટલો રાગ અને સંયોગમાં અથવા શુદ્ધતાના અંશો વધ્યા કે રાગના (અંશો) ઘટ્યા, એવા ભેદને જાણવું તે 'यदात्व' કાળે પ્રયોજનવાન છે. એ 'ववहारदेसिदा' શું? એનો અર્થ 'અમૃચંદ્રાચાર્યદેવે' આ કર્યો છે. એ વાચકનું વાચ્ય (છે). ત્યારે ઓલા કહે, વ્યવહારનો ઉપદેશ દેવો. ત્યાં ઉપદેશની વ્યાખ્યા જ નથી. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાનઆત્મા પૂર્ણ પ્રભુ પોતાની પૂર્ણ નિશ્ચય દૃષ્ટિથી જોવે તો મેલ ને ભેદ ને સંયોગ વિનાનો જોવે છે. એ નિશ્ચયનયનો નિયમ છે. વ્યવહારનો એ નિયમ છે, ભેદ ને આશ્રય ને નિમિત્તને દેખે. છે, છે એટલું ખરું. જો એ ન હોય તો તો આખું તીર્થ ને ગુણસ્થાનના ભેદ રહેતા નથી. અને નિશ્ચય ન રહે તો સ્વઆશ્રય વિના તત્ત્વને લાભ ક્યાંથી થશે? આહાહા..! સમજાણું? એ વાત કરી.

અહીં કહે છે, 'નિયમને ન જાણે તે જિનવાણીનો યથાર્થ જ્ઞાતા થઈ શકતો નથી.' નિશ્ચયનયના નિયમને ન જાણે, ભગવાને કહેલો આત્મા નિશ્ચયનો વિષય, એની વસ્તુને ન જાણે તે જ્ઞાતા-દૃષ્ટા થઈ શકતો નથી. કહો, સમજાણું? 'બાળકને બિલાડી દેખાડીને સિંહ બતાવવામાં આવે છે. જો તેને સિંહનું જ્ઞાન ન કરાવવામાં આવે તો તે બાળક બિલાડીને જ સિંહ સમજતો રહેશે.' મિંદડીને જ સિંહ માનશે. એમ વ્યવહાર બતાવે ખરો, જો આ આત્મા છે, આ આત્મા છે. એકેન્દ્રિય આત્મા, બે ઇન્દ્રિય (આત્મા) પણ એ એકેન્દ્રિય, બેઇન્દ્રિયપણું વસ્તુમાં નથી. એમ વ્યવહારનય બતાવે છે પણ એને જ માની લે તો નિશ્ચયને સમજતો નથી તો એ ઉપદેશને લાયક નથી, એમ અહીં તો કહે છે.

'व्यवहारमेव केवलमवैति यस्तस्य देशना नास्ति' જુઓ! પહેલામાં આવ્યું. એમ ક્યાંય કહ્યું નથી કે, નિશ્ચયનું સ્વરૂપ જાણે અને ઓળખે એને દેશના દેવાને લાયક નથી. પણ એકલા વ્યવહારને જાણે અને નિશ્ચયને ન જાણે એ દેશના સાંભળવાને લાયક નથી, એમ કહ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? 'નિશ્ચયનું જ્ઞાન કરાવવામાં ન આવે તો નિશ્ચયને ન જાણનાર વ્યવહારને જ નિશ્ચય તથા સત્ય તથા મૂળ પદાર્થ સમજી લેશે.' જુઓ! મૂળ પદાર્થ સમજી લેશે. નિશ્ચય, સત્ય અને મૂળ. વ્યવહારને નિશ્ચય, વ્યવહારનું મૂળ પદાર્થ અને વ્યવહાર પોતે સાચો માની લેશે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એક ફેરી કહ્યું હતું ને? 'કુવાડવા.. કુવાડવા' નહિ, ઓલો મચ્છર? 'રાજકોટ'થી પાંચ ગાઉ 'કુવાડવા' ત્યાં બધા આવ્યા હતા. ત્યાં નિશાળમાં ઉતરેલા ત્યાં એક મચ્છરનું ચિત્ર ચિતરેલું. મચ્છર.. મચ્છર થાય છે ને? લાંબા પગ, આટલા આટલા ચાર (પગ). બાળકને બતાવતા હતા કે, જુઓ! ભાઈ! મચ્છર આવો હોય. નાનાને સ્પષ્ટ બતાવવા એના પગ લાંબા કરીને બતાવ્યા. એમાં એ ગામમાં આવ્યો હાથી. એણે કોઈ દિ' મચ્છર આમ નજરે નક્કી નહિ કરેલો એટલે કહે, માસ્તર સાહેબ! જુઓ! આપ તે દિ' મચ્છર બતાવતા હતા એ આવ્યો. ત્યાં આમ ચિત્ર જોયું, હોં! ત્યાં નિશાળમાં હતું. નાનું શરીર અને પગ લાંબા એટલે ઓલો ઓળખાવે કે, આ પગ ઝીણા ઝીણા લાંબા છે. અહીં ટાંકણા હોય. એ બધું લાંબુ કરે તો બતાવી શકે. લાંબુ કરીને બતાવ્યું એટલે ઓલાએ હાથી જોયેલો નહિ અને મચ્છરની ખબર નહિ કે કેવડો હોય? મચ્છર આવડો કરીને બતાવ્યો હતો. (એટલે કહે), માસ્તર સાહેબ! આપ મચ્છર બતાવતા હતા, આ મચ્છર આવ્યો. એમ વ્યવહારને નિશ્ચય માની લીધો. બનેલી વાત છે, હોં! બનેલી વાત છે.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– ખ્યાલમાં હોય ઇ આવે ને!

---

## પરભાવનો ત્યાગ કાર્યકારી છે.

**जो णवि जाणइ अप्पु परु, णवि परभाउ चएइ।**
**सो जाणउ सत्थइँ सयल, ण हु सिवसुक्खु लहेइ।।९६।।**

**નિજ-પરરૂપથી અજ્ઞ જન, જે ન તજે પરભાવ;**
**જાણે કદી સૌ શાસ્ત્ર પણ, થાય ન શિવપુર રાવ. ૯૬.**

**અન્વયાર્થ :–** (जो अप्पु परु णवि जाणइ) જે કોઈ આત્માને અને પર પદાર્થને જાણતો નથી (परभाउ णवि चएइ) અને પરભાવોનો ત્યાગ કરતો નથી (सो सयल सत्थइं जाणिइ) તે સર્વ શાસ્ત્રો જાણે છે તો પણ (सिव सुक्खु ण हु लहइ) મોક્ષનું સુખ પામતો નથી.

---

૯૬. 'પરભાવનો ત્યાગ કાર્યકારી છે.' લ્યો! સમજાણું? ૯૫માં એમ કહ્યું, ભગવાન! તારે જો હિત કરવું હોય તો આત્મા જે સ્વરૂપે છે તેને જાણ, તેને રુચિમાં લે અને તેનો અનુભવ કર એટલે ચારિત્ર થયું, સ્વરૂપાચરણ થયું. ત્રણે થઈ ગયા. સમજાણું કાંઈ? અને એ જ અનુભવ મોક્ષનો માર્ગ છે. ત્યારે અહીં કહે છે કે, એવા અનુભવમાં પરભાવનો ત્યાગ હોય છે. એ વાત કરે છે, જુઓ! 'પરભાવનો ત્યાગ કાર્યકારી છે.'

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



जो णवि जाणइ अप्पु परु, णवि परभाउ चएइ।
सो जाणउ सत्थइँ सयल, ण हु सिवसुक्खु लहेइ।।९६।।

'જે કોઈ આત્માને અને પર પદાર્થને જાણતો નથી...' જે કોઈ આ ભગવાનઆત્મા પૂર્ણ પરમાત્મ સ્વરૂપ અભેદ દૃષ્ટિથી નથી જાણતો અને પરભાવને નથી જાણતો કે આ પુણ્ય ને પાપ, રાગ ને દ્વેષ મારા આત્માના સ્વભાવથી જુદી ચીજ છે. એ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ શુભ એ આત્માથી જુદી ચીજ છે. કોઈ દિ' સાંભળ્યું ન હોય. 'કામદાર'! હોય ઇ સાંભળી હોય. બાપા!

મુમુક્ષુ :- ... શું કરવું અમારે?

ઉત્તર :- કરવું આ. નથી ક્યાં? આખો આત્મા પડ્યો છે ને! નથી કેમ? શાશ્વત અનંત ગુણનું ધામ આત્મા છે, પરમાત્મા એ પોકાર કરે છે કે, ત્રિકાળ એવો ને એવો આત્મા છે, ભાઈ! તારી નજરને આળસે તને તારું નિધાન દેખાતું નથી. સમજાણું કાંઈ? લોકો નથી કહેતા, 'કેડમાં છોકરું ને ગોતવા જાય ગામમાં'. એમ કાંઈક કહે છે કે નહિ? કેડ શું કહેવાય? કમર.. કમર. હાથ આમ ને આમ રહી ગયો ને, ભૂલી ગયો. એલા છોકરું ક્યાં ગયું? હાથ આમ ને આમ રહી ગયો અને અકડાઈ ગયો. છોકરો આમ રહી ગયેલો. છોકરો ક્યાં ગયો? ક્યાં ગયો છોકરો? ગોતવા જાય. પણ આ રહ્યો અહીં, જો તો ખરો! આમ ને આમ રહ્યા કરે. હાથ આમ આમ થઈ ગયો એટલે હાથમાં લટક લટક એમ ન રહ્યું. આમ ને આમ હાથ પકડાઈ ગયો અને ઓલો છોકરો અંદરમાં રહી ગયો. એલા છોકરો ક્યાં ગયો? છોકરો ક્યાં ગયો? અહીં તો જોતો નથી, આ રહ્યો અંદર. દાખલો આવે છે કે નહિ? તમારે (હિન્દીમાં) આવે છે કે નહિ? બગલ મેં છોકરા ગાંવ મેં ઢૂંઢે. અમારે કાઠિયાવાડમાં એમ (કહે છે), 'કાંખમાં છોકરું ને ગોતે બહારમાં.' દાખલા તો એક જ હોય ને! ભાષા ફેર હોય.

કહે છે, ભાઈ! તું પોતે પરમાત્મા છો ને! અંદરમાં શુદ્ધ આખો (છે). તું ગોતવા ક્યાં જાય (છે)? ક્યાંય 'સમેદશીખર'માં છે ભગવાન? 'શેત્રુંજય'માં છે? દેરાસરમાં છે? મૂર્તિમાં (છે)? ક્યાં છે તારો ભગવાન? આહાહા..! 'મેરો ધણિ હૈ..' આવે છે ને આપણે? ('સમયસાર નાટક'). 'દૂર દેસાંતર..' શું (છે)? 'મોહિમેં હૈ મોકો..' કેટલામું પાનું છે? 'બંધ અધિકાર'? પાનું કેટલું પણ? પાનાની ખબર ન હોય. આવ્યું.. આવ્યું.

केई उदास रहैं प्रभु कारन, केई कहैं उठि जांहि कहींकै।
केई प्रनाम करैं गढ़ि मूरति, केई पहार चढैं चढ़ि छींकै।।

એ તો શુભભાવ છે, એટલું. બાકી ન્યાં ભગવાન નથી, તારો ભગવાન તો અહીં છે.

केई कहैं असमानके ऊपरि, केई कहैं प्रभु हेठे जमींकै।
मेरो धनी नहि दूर दिसन्तर, मोहीमें है मोहि सूझत नीके।।४८।।

www.vitragvani.com



'मेरो धनी नहि दूर दिसन्तर, मेरो धनी नहि दूर दिसन्तर, मोहीमें है मोहि सूझत नीके।।' જુઓ! આ 'બનારસીદાસે' શું કીધું આ? 'मोहि सूझत नीके' અરે..! ભગવાન! તારી તને ન ખબર ન પડે, એ તે કંઈ વાત છે? અરે..! એ તે કંઈ આંધળો છે? કીધું ને હમણાં તો એનામાં પ્રત્યક્ષ થવાનો જ ગુણ છે. અનાદિઅનંત ગુણ છે.

મુમુક્ષુ :- આ કાળ એને નડે છે.

ઉત્તર :- કાળ કે દિ' એને નડતો હતો? કાળ કાળને ઘરે રહ્યો. એ પણ એમાં ઘણે ઠેકાણે કહ્યું છે. દિવસ ને પહોર ને ઘડી મારી-મારી એમ કહ્યું છે, એક ઠેકાણે, હોં! દિવસ, ઘડી એને ઘરે રહી. એ ક્યાંક છે. એ ભાઈ બહુ ગાતા. 'દામોદર લાખાણી'. આ મારો પહોર ને આ મારો દિ'. દિ' અને પહોર તો ન્યાં રહ્યો, અહીં ક્યાં અંદરમાં ગરી ગયો છે? સમજાણું? એવું આવે છે. 'मोहीमें है मोहि सूझत नीके' 'બંધ અધિકાર' ૪૮મો છે. 'બનારસીદાસ'!

અરે...! ભગવાન તારો તારી પાસે છે, બાપા! ક્યાંય ગોતવા જાય તો ત્યાંથી મળે એવો નથી. પણ ન હોય એમાંથી ક્યાંથી મળે? હોય એમાંથી મળે કે ન હોય એમાંથી મળે? આહાહા..! આવડો મોટો હું! એને બેસતું નથી. રાંકો થઈ ગયો, રાંકો-ભિખારી. આવડો હું!

એક નાની ઉંમરનો વાણિયાનો છોકરો હતો. એનો બાપ પચીસ કરોડ રૂપિયા મૂકી ગયેલો. પચીસ કરોડ! મોસાળમાં. આને મહિને સો રૂપિયા આપે. ખાવા-પીવાનું તો હોય ગુંજાના સો રૂપિયા. પછી મોટો થયો એટલે એને થયું કે, મારે તો માણસ સારા હોય, અહીં ક્યાંય ખાવા-પીવા જાવું હોય, મિત્રો મને જમાડે છે, તો મારે પણ જમાડવા જોઈએ. મારે વધારે (પૈસા) જોઈએ. બીજો માણસ કહે, પણ આ બધા પચીસ કરોડ તારા છે. એ તો ... છે. હેં...! હા, તૈયાર થઈને ધણી થા.

એમ આ આત્મામાં મહાનિધાન પડ્યું છે એનો એ ધણિ છે. આહાહા..! ખબર નથી, બાળકની પેઠે એને ખબર નથી. થોડા પુણ્ય કરે ને થોડો રાગ મંદ કરે ને કાંઈ કર્યું તો (એમ માને કે), ઓહોહો..! આપણે ઘણું કર્યું. એ અમારી મૂડી, એ અમારી પૂંજી. એ (મૂડી) નહિ. સમજાણું?

બે વાત કરી, હોં! એક કોર આત્મા છે અને એક કોર રાગાદિ, વિકારાદિ પર છે એ બેને જાણે તો આનો આશ્રય લઈને આ પરભાવને છોડે. બેને જાણ્યા વિના એકને આદરવો અને એકને છોડવું, જ્ઞાન તો બેયનું જોશે, એમ કહે છે. ઓલામાં કહ્યું હતું એકલું આત્માનું જ્ઞાન. પછી આમાં બે સાથે લીધા. ભગવાનઆત્મા શુદ્ધિ જેટલી તારે પ્રગટ કરવી છે એ બધી શુદ્ધિ તારા સત્ત્વમાં સત્ત્વમાં સત્ત્વમાં પડી છે. એવા આત્માને જાણતાં રાગાદિ, વિકારાદિ, પુણ્ય-પાપના ભાવ એ પર છે, એમ જાણીને આની કોર ઢળતાં આ છૂટી જશે. પરભાવને

www.vitragvani.com



છોડવા. એને જાણીને છોડવા અને આને જાણીને આદરવો, એમ બે વાત છે. આહાહા..! સમજાણું કાંઈ?

'અને પરભાવોનો ત્યાગ કરતો નથી...' 'सो सयल सत्थइं जाणिइ' ભલે સર્વ શાસ્ત્રો જાણે તોપણ મોક્ષના સુખને નહિ પામે. શાસ્ત્રના ભણતર.. ખૂબ ક્ષયોપશમ.. ક્ષયોપશમ.. ક્ષયોપશમ.. ક્ષયોપશમ દરિયા જેવો, પણ ભગવાન જાણ્યો નહિ અને રાગને પૃથક્ કરીને છોડ્યો નહિ (તો) શું જાણ્યું?

મુમુક્ષુ :– શાસ્ત્ર વાંચવાથી સંવર, નિર્જરા થાય પછી શું કરવા કાઢે?

ઉત્તર :– અરે..! ભગવાન! એ તો શાસ્ત્રમાં આવે. સ્વાધ્યાય કરતાં જ્ઞાનીને અસંખ્યગુણી નિર્જરા થાય એવું 'ધવલ'ના પહેલા ભાગમાં આવે છે. પણ એનો અર્થ એમ નથી કે શાસ્ત્ર સન્મુખનો જે વિકલ્પ છે એનાથી પણ સંવર, નિર્જરા (થાય છે) એવું નથી. એ વખતે એનું ઘોલન અંતર તરફ વળે છે. સમયે સમયે મુખ્ય નિશ્ચય તરફ જ પરિણતિ થઈ ગઈ છે. એને આ શાસ્ત્રના સ્વાધ્યાય કાળમાં વિકલ્પ તો જે છે એ તો પરાશ્રય પુણ્યનું કારણ છે, પણ એ સમયે સ્વભાવ તરફનું જેટલું ઢળન છે એટલી નિર્જરા છે. એ નિર્જરા છે. શાસ્ત્ર સ્વાધ્યાયના વિકલ્પથી નિર્જરા હોય તો તો ૩૩ સાગર સુધી સર્વાર્થસિદ્ધિના દેવને બહુ નિર્જરા થવી જોઈએ. ગુણસ્થાન ફરતું નથી, ચોથું ને ચોથું રહે છે. ૩૩ સાગર સુધી સ્વાધ્યાય (ચાલે) અને છેવટે એ પણ એમ કહે છે, અરે..! આ વિકલ્પ છૂટે (અને) સ્થિરતા થાય તે દિ' અમારી નિર્જરા વિશેષ થાય. આહાહા..! એ મનુષ્યપણું પામીએ, અમારી ગુણસ્થાનની દશા સ્વર્ગમાં વધતી નથી. પુણ્ય ઘણા, પુણ્ય ઘણાને! જ્યાં પાણીને પ્રવાહ હોય ત્યાં કાંઈ ખેતી કરાય? બીજ ગરે શી રીતે અંદર? ટકે શી રીતે? એમ સમ્યગ્દર્શન થયું છતાં પુણ્યનો પ્રવાહ ઘણો છે, પુણ્યનો પ્રવાહ ઘણો છે એટલે સ્થિરતાનું બીજ ત્યાં રહી શકતું નથી. સમજાય છે? નારકીમાં ખાર જમીન છે. જેમ ખાર જમીનમાં બીજ ઉગે નહિ અને પુણ્યના પ્રવાહમાં બીજ ઉગે નહિ. એમ પુણ્યના પ્રવાહમાં પડ્યા દેવ સ્વરૂપની સ્થિરતા કરી શકે નહિ. નારકીમાં પાપ કર્યાં એ અંતરની સ્થિરતા કરી શકે નહિ. સમ્યગ્દર્શન સુધી કરી શકે. સમજાણું કાંઈ? એ પણ છેવટે ૩૩ સાગર સ્વાધ્યાય કરીને .. ૩૩ સાગર એટલે શું? આહાહા..! દસ ક્રોડાક્રોડી પલ્યોપમનો એક સાગરોપમ, એક પલ્યોપમના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ.

મુમુક્ષુ :– ગણતરીમાં પકડાય નહિ.

ઉત્તર :– પણ અનંતકાળ થયો, બાપુ! આ તો આદિ વિનાનો કાળ (છે). અસંખ્યાતો અનંત.. અનંત.. અનંત.. અનંત (કાળ) ક્યાં રહ્યો, ક્યાં રહ્યો, ક્યાં રહ્યો? તું છો ને? છો કે નહિ? છે એની હયાતી રહી ક્યાં? રહી ક્યાં? જુઓને, આમ આદિ વિનાના કાળમાં રખડતા ભવમાં ક્યાં રખડ્યો? ક્યાં કેટલો (કાળ રહ્યો) એની ખબર છે? એવા અનંતકાળ

www.vitragvani.com



આગળ આવા ૩૩ સાગર તો ક્યાંય અનંતમે ભાગે છે. એ ૩૩ સાગરમાં એક સાગરોપમમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ (જાય). અને એક પલ્યોપમના અસંખ્યમાં ભાગમાં અસંખ્ય અબજ વર્ષ. એટલો સ્વાધ્યાય કરે, એમ અહીં કહેવું છે. પણ એ ગુણસ્થાન ફરતું નથી. જો બહુ નિર્જરા થતી હોય તો ગુણસ્થાન ફરવું જોઈએ. સમજાણું આમાં? બહુ નિર્જરા થાય તો (ફરવું જોઈએ). ચોથું ને ચોથું રહે છે. અંતરની એકાગ્રતા વિના નિર્જરા હોઈ શકે નહિ. પુણ્યબંધન ઘણું કરે છે.

મુમુક્ષુ :– શાસ્ત્રના અર્થ કરવામાં..

ઉત્તર :– ન્યાં શાસ્ત્રના અર્થ કરવામાં.. શું ધૂળ? આ બધા સમજ્યા વિનાના અર્થ કરે છે. સાચી દૃષ્ટિ મળી નથી અને એ દૃષ્ટિ વિના શાસ્ત્રના અર્થ કરે. ‘જન્માંધનો દોષ નહિ આતરો, જાતિ અંધનો દોષ નહિ આંતરો, જે નવિ જાણે અર્થ...’ આંધળો અર્થ શું જાણે? ‘મિથ્યાદૃષ્ટિ રે તેથી આતરો, કરે અર્થના રે અનર્થ’ આહાહા..! વસ્તુનું જે નિશ્ચય સ્વરૂપ છે, વ્યવહાર સ્વરૂપ છે, જેમ તેનો અર્થ હોવો જોઈએ, તે રીતે ન કરે એ તો કહે છે, ‘જાતિ અંધ કરતા મિથ્યાદૃષ્ટિ આતરો છે, કરે અર્થના અનર્થ’ અરે..! વીતરાગની પેઢીએ બેસીને, વીતરાગના માર્ગની પેઢીએ બેસીને વીતરાગને નામે અર્થ ઊંધા કરીને ચલાવે. બાપુ! બહુ જવાબદારી છે, ભાઈ! બહુ જવાબદારી છે, બાપા! એ તને અત્યારે નહિ લાગે. આહાહા..! વીતરાગનો માર્ગ સ્વઆશ્રયથી શરૂ થાય છે. પરાશ્રયથી લાભ મનાવે, ભાઈ! એ વીતરાગમાર્ગ નથી. ત્રણકાળ ત્રણલોકમાં નથી. સમજાણું કાંઈ?

અહીં કહે છે, જેણે આત્માને જાણ્યો એ પરભાવને પણ જાણે, પણ જાણીને ન છોડે તો એ શાસ્ત્ર જાણ્યા શું એણે? રાગ ને વિકાર મારા સ્વભાવથી જુદાં છે, એમ જ્યારે પૃથક્પણું જાણ્યું અને એકત્વપણું રાખે તો એણે જાણ્યું શું? સમજાણું કાંઈ? તેથી કહે છે કે, પર વસ્તુને, રાગ-દ્વેષને છોડે છે. અજ્ઞાની અનાદિથી કર્મચેતનામાં જ લીન છે. એને આત્માના સ્વભાવનું ભાન નથી.

‘હું તો પરમ વીતરાગી જ્ઞાન, દર્શન, સુખ, વીર્યનો ધારક કર્મકલંક રહિત પરમાત્મા છું.’ એવું એણે જ્ઞાન શાસ્ત્ર ભણ્યો પણ કર્યું નથી. જ્યારે આવો પરમાત્મા, એવું સમ્યગ્દર્શન થતાં એને વિકારની એકત્વતા તૂટી જાય છે. એટલે વિકારનો પરભાવ ત્યાગ થઈ જાય છે. એને ત્યાગ થઈ ગયો. દૃષ્ટિમાંથી ત્યાગ થઈ ગયો. પછી સ્વરૂપની જેટલી સ્થિરતા કરતો જાય એટલી અસ્થિરતા ટળતી જાય. આવું ન થાય તો એણે શાસ્ત્ર-બાસ્ત્ર કાંઈ જાણ્યા નથી અને એનો સાર છે એ સમજ્યો નથી. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

www.vitragvani.com



## પરમ સમાધિ શિવસુખનું કારણ છે

वज्जिय सयल-वियप्पइँ, परम-समाहि लहंति।
जं विंदहिं साणंदु क वि, सो सिव-सुक्खँ भणंति।।९७।।

તજી કલ્પના જાણ સૌ, પરમ સમાધિલીન;
વેદે જે આનંદને, શિવસુખ કહેતા જિન. ૯૭.

અન્વયાર્થ :– (सयल-वियप्पइं वज्जिय) સર્વ વિકલ્પોનો ત્યાગ કરીને (परम समाहि लहंति) જે પરમ સમાધિ પ્રાપ્ત કરે છે (जं कवि साणंदु विंदहि) તે કાંઈક આનંદનો અનુભવ કરે છે, (सो सिव सुक्खँ भणंति) આ જ સુખને મોક્ષનું સુખ કહે છે.

વીર સંવત ૨૪૯૨, શ્રાવણ સુદ ૪, શુક્રવાર
તા. ૨૨-૦૭-૧૯૬૬
ગાથા–૯૭, ૯૮. પ્રવચન નં. ૪૧

'યોગીન્દ્રદેવ' કૃત આ 'યોગસાર' શાસ્ત્ર છે. યોગસારનો અર્થ એ છે કે વાસ્તવિક આત્માનું જે સ્વરૂપ છે તેમાં એકાગ્ર થવાની ક્રિયાને અહીંયાં યોગસાર કહે છે. રાગ-દ્વેષ, પુણ્ય-પાપના વિકલ્પ, એમાં એકાગ્ર તો અનાદિનો છે. તે તો સંસાર છે, દુઃખરૂપ છે. વિકારનો અનુભવ છે સંસારનો. એનાથી યોગ એટલે આત્માના શુદ્ધ સ્વરૂપમાં, પવિત્ર આત્મા, પોતાનું આત્મદ્રવ્ય પોતાના સ્વભાવથી ખાલી નથી, વસ્તુ પોતે છે તે વસ્તુ સ્વભાવથી રહિત–ખાલી હોય નહિ, એનો ત્રિકાળ સ્વભાવ આનંદ ને જ્ઞાન છે, એવા સ્વભાવથી રહિત હોઈ શકે નહિ. એવા આત્મામાં એકાકાર થવું એને અહીંયાં યોગસાર કહે છે, એને અહીંયાં મોક્ષનો માર્ગ કહે છે. ૯૭. અનંત સુખનું અથવા 'પરમ સમાધિ શિવસુખનું કારણ.'

वज्जिय सयल-वियप्पइँ, परम-समाहि लहंति।
जं विंदहिं साणंदु क वि, सो सिव-सुक्खँ भणंति।।९७।।

સર્વ વિકલ્પને છોડીને, જુઓ! વિકલ્પો છે ખરા. આત્મા પોતાના આનંદ અને અનંત ગુણના શુદ્ધ સ્વભાવથી કોઈ દિ' રહિત થયો જ નથી, છતાં અનાદિ એની દશામાં, દશા એટલે હાલતમાં, રાગના વિકલ્પો, વાસના છે. સમજાય છે કાંઈ? પુણ્ય-પાપના વિકલ્પો એટલે વાસના–વિકૃતિ, લાગણી છે એને છોડીને. અનાદિ કાંઈ શુદ્ધ નથી દશામાં. સ્વભાવથી શુદ્ધ કોઈ દિ' ખાલી નથી, એ જુદી વાત થઈ પણ એની દશામાં–હાલતમાં અનાદિથી શુદ્ધ છે, એમ નથી. અનાદિથી શુદ્ધ હોય તો એને શુદ્ધ કરવાનો પ્રયત્ન–પુરુષાર્થ કાંઈ રહેતો નથી.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એટલે અનાદિથી એની દશામાં પોતાના સ્વભાવને ભૂલી પર સ્વભાવનાં લક્ષે અનેક પ્રકારનાં શુભ અને અશુભ ભાવો ઉત્પન્ન કરે છે એ દુઃખરૂપ દશા છે, એને છોડીને એમ કહ્યું.

આ તો બહુ ટુંકામાં વાત છે ને એકદમ સાર સાર સાર છે. યોગ એટલે મોક્ષનો માર્ગ એનો પણ આ સાર. જેમ 'નિયમસાર'. નિયમ એટલે મોક્ષનો માર્ગ, સાર એટલે વ્યવહાર વિપરીતતા આદિ નિશ્ચયથી વિપરીત વ્યવહાર, એનાથી રહિત. ભગવાનઆત્મા જેને આત્માની હિતની લાગણી છે (કે) અરે..! અનંતકાળથી આ આત્મા રખડ્યો, એની દયા એને આવતી હોય. અરે..! આ કેટલો રખડ્યો. આહાહા..! ક્યાંય કાળનો આરો નહિ ને ભાવના દુઃખની કલ્પનાનો પાર નહિ. તેથી પહેલેથી ઉપાડ્યું છે ને? 'ચાર ગતિ દુઃખથી ડરી' .... એ કંઈ વાતની વાત નથી. એને એમ લાગવું જોઈએ કે, હું એક આત્મા છું અને આ ચીજ ને આ અનાદિકાળથી પરિભ્રમણનાં દુઃખ શું? પરિભ્રમણ ચાર ગતિનાં ચોરાશીના અવતાર એવા એના દુઃખની જ દશા ને દુઃખની જ ખાણ સંસાર. એમ જેને લાગે એને કહે છે કે, આત્માનું હિત કરવું હોય તો એ વિકલ્પની ઝાળો જે શુભ-અશુભ આદિ સંસાર વિકાર ભાવ, એનું લક્ષ છોડી દે. પહેલું એનું લક્ષ છોડી દે અને વસ્તુ સ્વભાવ અનંત આનંદ ને શાંતિ સમાધિથી ભરેલો એ પદાર્થ છે. એનો વિશ્વાસ કર, એટલે એનું સમ્યગ્દર્શન પ્રગટ કર. સમજાય છે કાંઈ?

શાંતિ ને આનંદ હોય તે મારા સ્થાનમાં, મારા ક્ષેત્રમાં, મારા ભાવમાં છે. એમ વિકારમાં શાંતિ અને સુખ અનાદિથી માન્યું એણે આમ ગુલાંટ ખાઈને, રાગની એકત્વબુદ્ધિ છોડી, સ્વભાવની એકતા કરી. આત્મામાં આનંદ છે, શાંતિ છે એના સ્વાદ આગળ જગતનાં બધા સ્વાદો ફિક્કાં છે, એમ જ્યારે દૃષ્ટિ થાય પછી વિકલ્પને છોડીને સ્થિર થાય. આ તો ચારિત્રનાં અધિકારની વિશેષ વાત છે ને! વિકલ્પને છોડી 'परम-समाहि लहंति' પરમ શાંતિ પામે. ભગવાનઆત્મામાં જે શાંતિ.. શાંતિ.. જેનો સ્વભાવ (છે). સમાધિ કહો, શાંતિ કહો, સમભાવરૂપ અમૃત, સમસ્વરૂપે અમૃત વીતરાગભાવ કહો એવો જે આત્મા, એ વિકલ્પને છોડી અને નિર્વિકલ્પ આનંદનાં લાભને પામે એને પરમ શાંતિ પામે એમ કહે છે.

'જે પરમ સમાધિને પ્રાપ્ત કરે છે.' આ પર્યાયની વાત છે, હોં! વસ્તુ તો ત્રિકાળ ત્રિકાળ પરમ શાંતિ ને સમાધિથી જ ભરેલો પદાર્થ છે. વસ્તુ હોય એનો નિર્દોષ સ્વભાવ જ હોય. વસ્તુનો કોઈ સદોષ સ્વભાવ ન હોય. સદોષતા તો દશામાં–હાલતમાં–પર્યાયમાં હોય. વસ્તુ તો નિર્દોષ સ્વભાવથી ભરેલો (પદાર્થ છે). નિર્દોષ સ્વભાવ કહો કે સમાધિ સ્વરૂપ કહો કે વીતરાગ સમરસ કહો. એવા આત્માનો અનુભવ કરવો પુણ્ય-પાપનાં વિકલ્પને છોડીને તો એ શાંતિને પામે છે. એ શાંતિ એટલે આત્માના આનંદના સુખને પામે છે. અહીં તો બહુ જ ટૂંકામાં અને રોકડિયાની વાત છે. સમજાણું કાંઈ? આ સંસારમાં પણ રોકડિયો ધંધો (છે). જેટલા વિકલ્પો કરે તેટલું દુઃખ તે જ કાળે છે. વળી કર્મ બાંધશે ને સંયોગ મળશે એ તો બહારની ચીજ રહી, પણ જેટલા આત્માના સ્વભાવથી વિપરીત ભાવો કર્યા તે ભાવ દુઃખનું

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



વેદન તે જ કાળે છે. ૧૦૨ ગાથામાં આવે છે ને? 'તે સમયે કર્તા અને તે સમયે ભોક્તા' 'करइ वेदइ' ૧૦૨ (ગાથા), 'કર્તા-કર્મ (અધિકાર) 'સમયસાર'. તે સમયે ભોગવે છે. સમજાણું કાંઈ?

કહે છે કે જેટલા પુણ્ય-પાપના ભાવ વિકારી કરે એનું રોકડિયું દુઃખ તે કાળે છે. રોકડિયું સમજ્યા? ધંધો કરે છે, કોઈ રોકડિયા ધંધા કરે. કોઈ ઉધારનાં ધંધા કરે. પહેલા પૈસા મૂક, પછી ધંધો. આ વકીલોનો એવો ધંધો હોય. અમે ક્યાં ઉઘરાણી લેવા જઈએ તારા ઘરે? એમ અહીં કહે છે કે, રોકડિયો ધંધો (છે). ભગવાનઆત્મા પોતાનાં સ્વભાવથી ભરેલો પદાર્થ છે, એને ભૂલીને જેટલા વિકારી ભાવ કરે તે રોકડિયું દુઃખ છે, તે જ ક્ષણે એને દુઃખ છે. બરાબર હશે આ? આ બધા લહેર કરતાં દેખાય છે ને? આ બધા પૈસા ખાવા, કેળા, પૂરી ઉડાવે, દૂધપાક ને પતરવેલિયાના ઊના ઊના ભજીયા ને એમાં વળી જુવાનિયા ભેગા થયા હોય ને એમા પાંચ પચાસ લાખની પેદા થઈ હોય ને પછી જુઓ એનો જલસો ઉડતો હોય. એ સુખ હશે કે શું હશે?

કહે છે કે, ભાઈ! આત્મા આનંદસ્વરૂપ છે પ્રભુ, એ અતીન્દ્રિય સમાધિનો પિંડ પ્રભુ છે. જેમ ચૈતન્ય પિંડ છે એ જ્ઞાનની અપેક્ષાએ, આનંદ પિંડ છે એ સુખની અપેક્ષાએ, એમ ચારિત્રનો પિંડ છે એ સમભાવની અપેક્ષાએ. સમજાણું કાંઈ? એ સમાધિ સમભાવ. એ સમભાવનો પિંડ છે. અને ઓલો સુખનો પિંડ કીધો (એટલે) એ દરેક એક એક ગુણનો એ પિંડ છે, એક એક ગુણથી આખું પડ્યું છે. એક ગુણ સર્વવ્યાપક છે ને? એટલે એક ગુણથી જુઓ તો એક ગુણમય જ બધું ભેગું છે. એવા આત્માને અંતર રુચિ અને જ્ઞાનમાં ને લેતાં પર પદાર્થની રુચિ અને જ્ઞેય બનાવીને પરનું જ્ઞાન કરતાં, એમાં રાગ ને દ્વેષની ઉત્પત્તિ કરતાં, પરની શ્રદ્ધા ને પરનું જ્ઞાન ને પર સંબંધીના પુણ્ય-પાપના રાગ-દ્વેષના વિકલ્પ બસ! એ દુઃખરૂપ છે. સમજાણું કાંઈ?

એને કહે છે કે વર્જીને 'परम शांति लहंति' ભગવાનઆત્મા એ દુઃખની દાવાનળની વિકલ્પની ઝાળું, એને છોડે એટલે ભગવાનઆત્મા આનંદસ્વરૂપ અથવા સમરસ વીતરાગ સ્વરૂપ તેમાં એકાકાર થતાં તેને સમરસનો–શાંતિનો સ્વાદ આવે, આ એને ધર્મ કહે છે. આહાહા..! ભારે ધર્મની વ્યાખ્યા, ભાઈ! એ સામાયિકની વાત આપણે બપોરે આવી ગઈ છે ને હજી આમાં સામાયિકની વાત આવશે. સામાયિકમાં આનંદ આવવો જોઈએ, એમ કહે છે. 'ભગવાનજીભાઈ'! આ સામાયિક કોઈ દિ' સાંભળી નહિ (હોય). સમ+અય+લાભ = સમતાનો લાભ. પ્રગટ, હોં! સ્વરૂપમાં તો સમતાનો પિંડ જ આત્મા છે, પણ એને પુણ્ય-પાપના વિકલ્પોની લાગણીથી હટી અને અહીંથી હટે ત્યારે ક્યાંક એકાગ્ર થાય ને! ઇ પોતાનો આનંદ અથવા સમતાસ્વરૂપ, ચારિત્ર સ્વરૂપ, પોતે ચારિત્રસ્વરૂપ ત્રિકાળ છે એમાં એકાકાર થતાં રાગ-દ્વેષ અને વિકલ્પ વિનાની જે સ્થિરતાની શાંતિ પ્રગટ થાય એને ભગવાન સામાયિક

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



કહે છે. આહાહા..! એ સામાયિક કહો કે આ સમાધિ કહો. સમજાણું કાંઈ?

આપણે એમાં આવ્યું હતું ને? ભાઈ! (નિયમસારમાં) પરમસમાધિ અધિકાર આવ્યો ને! અને પરમસમાધિનાં અધિકારમાં સામાયિક આવી. 'इदि केवलिसासणे' 'इदि केवलिसासणे'. એ બધી ગાથાઓ 'પરમસમાધિ અધિકાર'માં જ આવી છે. સમજાણું કાંઈ? 'પરમસમાધિ અધિકાર'માં સામાયિકની વાત આવી હતી. ઘણી ગાથાઓ સામાયિકની આવી. એ તો હવે પૂરું થયું. બપોરે હવે 'ભક્તિ અધિકાર' ચાલે છે.

કહે છે, ભગવાનઆત્મા પોતાના સ્વરૂપથી વિપરીત એવા રાગના વિકલ્પોને, વાસનાને છોડી ભગવાનઆત્માનો આશ્રય અવલંબન લઈ જે અંતરમાં શાંતિ પ્રગટ થાય. 'તે કાંઈક આનંદનો અનુભવ કરે છે,...' ત્યારે અતીન્દ્રિય આનંદ થોડો (આવ્યો). અહીં થોડાની વાત છે. 'कवि साणंदु' 'कवि' એટલે કોઈ આનંદ એટલે કોઈ પ્રકારનો જુદો આનંદ, એમ. સંસારનો જે આનંદ છે એ તો દુઃખરૂપ છે. આ આનંદ, અતીન્દ્રિય આનંદ! આહાહા..!

'આશા ઔરન કી ક્યા કીજે, જ્ઞાન સુધારસ પીજે, આશા ઔરન કી ક્યા કીજે, ભટક્ત દ્વાર દ્વાર લોકન કે કુંકર આશા ધારી, આત્મ અનુભવ રસ કે રસિયા, ઉતરે ને કબહૂં ખુમારી, આશા ઔરન કી ક્યા કીજે, ભટકત દ્વાર દ્વાર લોકન કે કુંકર આશા ધારી'. કૂતરો હોય છે ને કૂતરો, જ્યાં ત્યાં બટકુ.. બટકુ.. આપે. બટકુ સમજ્યા? ટુકડા.. ટુકડા. ટુકડા ટુકડા માટે. એમ આ અજ્ઞાની જ્યાં ત્યાં મને કંઈક સુખ આપો ને, બાયડીનું, પૈસાનું, ધૂળનું. કૂતરાની જેવો જ્યાં ત્યાં ભટકે છે. કંઈક પૈસામાં સુખ, કંઈ ધૂળમાં, કંઈ આબરૂમાં, કંઈ કીર્તિમાં, કંઈ છોકરામાં, કંઈ શરીરમાં, કંઈક રૂપાળામાં... આહાહા..! 'ભટકત દ્વાર દ્વાર લોકન કે કૂકર આશા ધારી, આત્મ અનુભવ રસ કે રસિયા, ઉતરે ને કબહૂ ખુમારી, આશા ઔરન કી ક્યા કીજે, જ્ઞાન સુધારસ પીજે, આશા..'

કોની આશા કરી? ભાઈ! ક્યાં સ્વર્ગમાં ક્યાં સુખ છે? ક્યાં દેવોમાં સુખ છે? લેશ્યામાં સુખ છે? શરીરમાં (સુખ છે)? અરે...! પુણ્ય અને પાપનાં ભાવમાં સુખ છે? ક્યાં સુખ છે? ભાઈ! એ સુખ તો ભગવાનઆત્માનાં અંદરમાં છે. એના જ્ઞાનરસને પી! જ્ઞાનાનંદનું નિર્વિકલ્પ રસનું પીણું પી. આહાહા..! 'કૂકર આશા ધારી' હાય.. હાય..! ક્યાંક મળશે. ઓલો મોટો કહે ને સારો કહે, શાસ્ત્ર ભણેલો, વ્યાખ્યાન આવડે, ઘણાને રંજન કરે. (કહે છે), ભીખારી છો. જ્યાં ત્યાં આ મને ઠીક કહે, ઠીક કહે. શું છે પણ તને? શરીર કાંઈક રૂપાળું હોય તો બતાવવા માગે આમ. અરીસામાં જોવે ને? સવારમાં જુઓ ભૂતડાની પેઠે (જોવે). નાનો અરીસો હોય તો બહુ આમ કરવું પડે, મોટો હોય તો વળી (ઠીક). નાનો અરીસો અને માથુ મોટું (હોય). ઇ લક્ષણ એ વખતે જોયા હોય તો ભૂતડા જેવા લાગે, હોં! એમાં વળી હાથમાં ઓલો રહી ગયો હોય... દાંતિયો! અને એક કોર તેલ. આહાહા..! ક્યાંય સુખ, ક્યાંય સુખ. આમાંથી સુખ, આમાંથી સુખ. સારો દેખાઉં તો સુખ, સારો હું દેખાઉ ને? શરીર

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સારું દેખાય તો સુખ. આહાહા..! ભગવાન! તું ક્યાં ભટક્યો? કહે છે. હેં! કપડું-બપડું સરખું હોય, અપટુડેટ આમ લાગતા હોય. કપડામાં નાંખે ને કાંઈ અંતર-બત્તર એવું નાંખે છે ને? સેંટ નાખતા હશે. પણ આમ નાખીને ચાલે. અમે તો.. ઓલા આપણે 'વેણીભાઈ' નહોતા? 'રાજકોટ'! ઇ સામા મળતા ને દરરોજ? 'બક્ષી'! દરરોજ ત્રણ-ચાર ગાઉ ફરે. દરરોજ નાગર, નાગર હતા. સામા દરરોજ મળે. સેંટ અંદરથી સુગંધ મારે. ચારે ચાલ્યા જાય.છ-છ માઈલ સુધી ચાલે, છ માઈલ ચાલે ત્યારે લોટો ભાળે. એવું દર્દ હતું કાંઈક. તે દિ' આ જોયું. આમ સાથે નીકળે ત્યારે ઓલી લુગડાની ગંધ મારતી હોય. આહાહા..! સેંટથી સારા, પેન્ટથી સુધરેલા, આનાથી સુધરેલા, વાળથી સુધરેલા, કપડાથી સુધરેલા, દાગીનાથી સુધરેલા અને બહારનાં મકાન ને મકાનની બધી ઘરવખરી–ફર્નીચર કહો. ભાષા તમારે ફેરવવી છે ને! એનાથી અમારી શોભા! પ્રભુ! તું ક્યાં ભટક્યો પણ તું? કેમ 'ભીખુભાઈ'! સાચી વાત હશે ને આ? આહાહા..!

કહે છે, ભાઈ! એ સુધારસનો દરિયો તો તું છો. હેં! સુધારસનો દરિયો તું છો, એમાં ડૂબકી મારવી છોડીને આ ક્યાં ડૂબકી મારી તેં? કહે છે, પ્રભુ! એકવાર તો જો! એ વિકલ્પને છોડ. ત્યારે તને કાંઈક આનંદનો અનુભવ આવશે. સમજાણું કાંઈ? અતીન્દ્રિય આનંદનો અનુભવ એને સમ્યગ્દર્શન-જ્ઞાન ને સામાયિક કહે છે. 'કામદાર'! કોઈ દિ' આ બધું સાંભળ્યું નથી. ણમો અરિહંતાણં.. ણમો અરિહંતાણં (કર્યું છે). આહાહા..!

સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ ત્રિલોકનાથ સમાધિના પિંડ થઈ ગયેલા પ્રભુ, એની વાણીમાં આવ્યું હતું. સામે મોટા ઇન્દ્રો હતા. અહો.. જીવો! એ પર સન્મુખનાં વિકલ્પો... આ મુનિ કહે છે એ ભગવાનની વાણીમાં આવ્યું છે એ મુનિઓ કહે છે, કાંઈ ઘરનું કોઈ કહેતા નથી. સમજાણું ? પરમાત્મા આનંદ, પૂર્ણાનંદ સમાધિનાં પિંડ થઈ ગયેલા ભગવાન (છે), જેને વિકલ્પ ન મળે, ઇચ્છા વિના વાણીનો ધોધ નીકળે. ૐ ૐ ૐ નીકળે, ૐ ધ્વનિ આખા શરીરે (નીકળે). કારણ કે ખંડ ખંડ ટળી ગયું છે. આ ખંડ ખંડ છે કે એટલે આ વાણી ખંડ ખંડ નીકળે છે. અખંડ આત્મા પૂર્ણ થઈ ગયો (તો) વાણી પણ ધોધમાર એકધારી નીકળે. ૐ 'ૐકાર સમારી..' સમજ્યાને? 'ૐ ધ્વનિ સુણી ગણધર અર્થ વિચારે, અર્થ ગણધર વિચારે' એ આ બધા આગમ છે, સંતોએ કહેલા એ બધા આગમ છે. એ ભગવાનની વાણીને અનુસારે આત્મામાં દશા થઈ અને પછી આ વાણી એની મેળાએ નીકળી છે. ભાઈ! તને સુખ જોતું હોય ને પ્રભુ તો અંતરમાં આનંદ છે, હોં! એ અંતરમાં જો ને!

'ઊપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર, અંતર્મુખ અવલોકતાં વિલય થતાં નહિ વાર.' કહો, 'કામદાર'! 'શ્રીમદ્'નું વાંચ્યું છે કે નહિ? આ એની કડી છે. સમજાણું કાંઈ? ઇ છેલ્લી કડી (હતી). 'શ્રીમદ્'નો જ્યારે દેહ છૂટવાનો લગભગ કાળ હતો એના પહેલાની આ છેલ્લી કડી છે. 'ઊપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર, અંતર્મુખ અવલોકતા...'

www.vitragvani.com



આ અંતર્મુખ ચૈતન્ય પ્રભુની સામું જો, 'વિલય થતાં નહિ વાર'. એ શુભાશુભ રાગનો નાશ થતાં વાર નથી, ભગવાન! તારામાં નથી એટલે નાશ થયા વિના રહેશે નહિ.

'આ જ સુખને મોક્ષનું સુખ કહે છે.' લ્યો! છેલ્લો શબ્દ છે ને? 'सो सिव-सुक्खँ भणंति' એ ચોથું પદ છે. એને મોક્ષનું સુખની વાનકી કહે છે. માલ લે ત્યારે વાનકી કાંઈક હોય ને? તો એની જાતની વાનકી હોય કે નહિ? વાનકીને શું કહે છે? નમૂનો. રૂનું મોટું ધોકડું હોય તો થોડું પા શેર કાઢીને આમ જોવે. એમ આત્મા આનંદનું મોટું ધોકડું (છે). એને પુણ્ય-પાપનાં વિકલ્પની રુચિ છોડી અને આશ્રય છોડીને સ્વરૂપમાં જા (તો) એ આનંદનાં ધોકડામાંથી આનંદનો નમૂનો તને વેદાશે અને એ આનંદનો નમૂનો પૂર્ણ મોક્ષનાં સુખનું કારણ (છે એમ) તને ખ્યાલ આવશે. મોક્ષમાં પૂર્ણ આનંદ છે એનો આ થોડોક નમૂનો (છે). સમજાણું?

આ તો 'યોગસાર' છે. એકદમ સાર વસ્તુ મૂકી છે. 'મોક્ષનું સુખ આત્માનું પૂર્ણ સ્વાભાવિક સુખ છે જે સિદ્ધોને સદાકાળ નિરંતર અનુભવમાં આવે છે. આવા સુખનો ઉપાય પણ આત્મિક આનંદનો અનુભવ કરવો તે છે. સુખી આત્મા જ પૂર્ણ સુખી થાય છે.' એ થોડો ન્યાય મૂક્યો છે. શું કહ્યું? પેલી બાજુ (છે). સુખી આત્મા પૂર્ણ સુખનું કારણ થાય. દુઃખ અંદર વેદે ને પૂર્ણ મોક્ષનું કારણ થાય? ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ એનો આનંદનો અનુભવ લેતાં એ સુખી આત્મા સુખનો ઉપાય, પૂર્ણ મોક્ષનું કારણ થાય. શું કીધું સમજાણું? ઇ પાઠ પછી આમ આવ્યો ને? 'जं विंदहिं साणंदु क वि, सो सिव-सुक्खँ भणंति' એટલે જરી ખુલાસો કર્યો. 'સુખી આત્મા જ પૂર્ણ સુખી થાય છે.' દુઃખી આત્મા પૂર્ણ સુખી થાય? સુખી ભગવાનઆત્મા પોતાનું દર્શન કર્યું, દર્શન કર્યું, અવલોકન કર્યું અને સ્થિર થયો. એ ત્રણ થયા-શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર.

પોતાનું સ્વરૂપ પૂર્ણ શુદ્ધ આનંદ એનું દર્શન કર્યું એટલે રુચિ થઈ, અવલોકન કર્યું, જ્ઞાન કર્યું, ઠર્યો ત્યારે તેને આનંદની પ્રગટ દશાની વાનકી મળી. એ આનંદની દશા સુખી થયેલો પૂર્ણ સુખી થશે. એ પૂર્ણ સુખનાં મોક્ષને તે જ સાધી શકશે, એમ કહે છે. અંદર કષ્ટદાયક (નથી). અરે..! અપવાસ કર્યો ને કષ્ટ થયું ને... અરે..! એ તો આર્ત્તધ્યાન છે, ઇ ધર્મધ્યાન છે? એમ કહે છે. આ અપવાસ કર્યો (ત્યારે) ભાઈને પરિષહ બહુ આવ્યો હતો, હોં! અને બહુ પરિષહ સહન થયો (એટલે) નિર્જરા બહુ (થઈ). શેની નિર્જરા? ધૂળની. તને અણગમો તો લાગ્યો છે. ઇ તો આર્ત્તધ્યાન છે. આર્ત્તધ્યાનમાં સહન ક્યાં કર્યું હતું? એ તો દુઃખ છે. દુઃખી થયેલો આત્મા સુખની પૂર્ણ દશાને સાધે? સુખી થયેલો આત્મા પૂર્ણ સુખને સાધે. સમજાણું કાંઈ? આહાહા..! માંડ માંડ પૂરી કરે, કષ્ટ ક્રિયા કરી કરીને. આ મહાવ્રત પાળવા, આ દયા પાળવી, પુરૂ કર્યું, પુરૂ કરવા દ્યો ને હવે. એ તો ખેદ છે, એ તો દુઃખ છે, એ તો કષ્ટ છે, અણગમો છે, આર્ત્તધ્યાન છે, પાપ પરિણામ છે. એ પરિણામથી-એ દુઃખનાં પરિણામથી પૂર્ણ સુખનું સ્વરૂપ-મોક્ષ મળે?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



એથી કહે છે કે, 'સુખી આત્મા જ પૂર્ણ સુખી થાય છે.' આહાહા..! કહો, સમજાણું આમાં? ભગવાન! સુખી આત્માની વાત (કહી) એ પર્યાયની વાત છે, હોં! સુખી તો ત્રિકાળ છે આત્મા. એની દર્શન, જ્ઞાન ને અવલોકનની સ્થિરતા થતાં જે સુખ દશા થઈ, એ સુખી પૂર્ણ સુખને પ્રાપ્ત કરશે. દુઃખી પૂર્ણ સુખને પ્રાપ્ત કરશે? આર્ત્તધ્યાનમાં આવેલો, રાગમાં આવેલો, અણગમામાં આવેલો એ મોક્ષ તરફ જશે? સમજાણું કાંઈ? આહાહા..!

'છ ઢાળા'માં આવે છે ને? ભાઈ! નહિ? દુઃખ લાગે છે, નથી આવતું? કષ્ટદાન.. શું? 'આતમ હેતુ વૈરાગ્ય જ્ઞાન... કષ્ટદાન' ભાઈ! ચારિત્ર તો કષ્ટદાયક છે. ઇ વેળુના કોળિયા છે. વેળુ.. વેળુ. આ ચારિત્ર આવું હશે? ભાઈ! તને ખબર નથી, ભાઈ! ચારિત્ર તો આનંદદાતા છે. એને તું દુઃખદાતા કલ્પે (તો) તને ચારિત્રના ગુણની, શ્રદ્ધાની ખબર નથી. સમજાણું કાંઈ? 'છ ઢાળા'માં બહુ વાત ઘણી નાંખી છે.

જે આત્માને જ્ઞાન અને વૈરાગ્ય નામ રાગથી ખસી જવું એ સુખદાતા છે. એને કષ્ટદાતા માને, ભાઈ! બાપા! એ કરી તો જુઓ! પંચ મહાવ્રત પાળી તો જુઓ! નગ્ન તો રહી જુઓ! પડિમા ધારીને કષ્ટ તો સહન કરી જુઓ! આ શું કહે છે? અરે..! ભગવાન! તું શું કહે છે? ભાઈ! એ કષ્ટ સહનનો ભાવ એ તો આર્ત્તધ્યાન થયું, ભાઈ! એમાં તો દુઃખરૂપ દશા છે. એ દુઃખરૂપ દશા મોક્ષ જે પૂર્ણ સુખને સાધે? સુખી થયેલો આત્મા સુખને સાધે. આહાહા..! કહો, 'દોશી'! સમજાય છે કે નહિ આમાં? ન્યાં 'મુંબઈ'માં આવી ઝીણી વાત ન આવે, હોં! ન્યાં તો બધી અમુક રીતની આવતી હોય. ત્યાં તો દસ-દસ, બાર, પંદર હજાર માણસ આવે. એ તો અમુક રીતની વાત (આવે), દાખલા આવે, અમુક આવે. મોટા શહેરમાં કો'ક દિ' થોડું રહેવું એમાં... આહાહા..!

કહે છે, ભાઈ! પ્રભુ! તારી પ્રભુતા તો તારી પાસે છે ને, ભાઈ! ઇ પ્રભુતામાં તો આનંદની પ્રભુતા તારી પાસે છે. એને પુણ્ય-પાપના રાગ રહિત સુખી દશા પ્રગટ કરી આત્મામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કરવું એનો અર્થ કે સુખી દશા કરવી. દુ;ખની દશાનો અભાવ કરીને સુખી ભગવાનઆત્મા તેનો આશ્રય લઈને સમ્યક્‌શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ પ્રગટ કરવી એ સુખરૂપ દશા છે. એ સુખી થયેલો, સુખમાં આવેલો આત્મા પૂર્ણ સુખને સાધે છે. આહાહા..! એ કહ્યું છે ને આમાં? 'जं विंदहिं साणंदु सो सिव-सुक्खँ भणंति' સમજાણું કાંઈ?

'આત્મિક સુખનો સ્વાદ પ્રાપ્ત કરવાનો ઉપાય પોતાના જ શુદ્ધ આત્મામાં નિર્વિકલ્પ સમાધિની પ્રાપ્તિ કરવી તે છે. તત્ત્વજ્ઞાની માટે યોગ્ય છે કે તે પહેલાં ગાઢ વિશ્વાસ કરે કે હું જ સિદ્ધ સમાન શુદ્ધ છું.' પહેલી ગાઢ (શ્રદ્ધા) કરે કે, ઇન્દ્ર ને નરેન્દ્ર કોઈ આવે ને ફેરવે (તોપણ) ત્રણકાળમાં ન ફરે. હું પોતે શુદ્ધ આનંદકંદ સિદ્ધ સમાન જ મારું સ્વરૂપ છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો' એવો દૃઢ વિશ્વાસ કરી, 'મારું દ્રવ્ય કદી સ્વભાવ રહિત થયું નથી.' મારો ભગવાન, મારો ભગવાન, મારા ભગવાન મહિમાવંત સ્વભાવથી ખાલી નથી.

www.vitragvani.com



મારો ભગવાન, એ વસ્તુ ભગવાન! મહિમાવંત સ્વભાવથી ભગવાન ખાલી ન હોય, મહિમાવંત સ્વભાવ! અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા, અનંત પરમેશ્વરતા. સ્વરૂપના અનંતપણાની દશાને કરે, કર્મ કરે, શાંતિ સાધન પોતે કરે. એવા એક એક ગુણની અનંત મહિમા ધરનારો ભગવાન મહિમાવંત પ્રભુ, એના ગુણની મહિમાના સ્વભાવથી કોઈ દિ' ખાલી હોય નહિ. આ વિશ્વાસ આવ્યા વિના એના તરફનું વલણ ઠરવાનું ન હોઈ શકે. ઠરવું સમજાય છે? ચારિત્ર, ચરવું.

આવો અંદર ભગવાન પરમાનંદ મૂર્તિ, જેનાં મહિમાવંત સ્વભાવથી કોઈ દિ' રહિત થયો જ નથી. પર્યાયમાં અલ્પતા, વિકલ્પતા ભલે હો. સ્વરૂપ છે એ તો પૂર્ણાનંદથી રહિત કોઈ દિ' ન હોય. એવો જેને અંતર દૃઢ વિશ્વાસ આવ્યો એને સ્વરૂપમાં ઠરવાનું એ સ્થાન મળ્યું. સમજાણું કાંઈ? એ ઠરવાનું ધામ મળ્યું, ઠરવું અહીં, રહેવું અહીં, જેટલો અહીં ઠર્યો એટલો આનંદ પ્રગટ થશે. સમજાણું કાંઈ? આહાહા..!

પછી થોડી લાંબી વાત છે. 'સ્વાનુભવની કળા સમ્યક્ત્વ થતાં જ જાગી જાય છે.' લ્યો! સમજાણું? ભાઈ! આત્મા પોતાના સ્વભાવની રુચિ કરી ક્યારે કહેવાય? કે, તે સ્વભાવ તેના જ્ઞાનમાં ભાસે. આત્માનો સ્વભાવ શુદ્ધ આનંદ, જેની જ્ઞાન દશામાં ભાવ ભાસે, ભાવ ભાસે ત્યારે તેનો વિશ્વાસ આવે. ત્યારે તેને આમાં ઠરવાથી કલ્યાણ થશે એમ ચારિત્રની દશા પ્રગટ થાય. આહાહા..! આવી વાતું છે. વ્યવહાર આડે લોકોને મારી નાંખ્યા. વ્યવહારનાં થોથા ને થોથા વિકલ્પની ઝાળ, એમાં જાણે બધું થઈ ગયું. ધર્મ ને સામાયિક ને પોષા ને પડિકમણા ને.. હેં! તમારા 'નાગનેશ'માં બહુ થાય છે, નહિ? આ બધા પણ કરતા હશે ને? તમે પણ કર્યા હશે? આ પણ ભેગા હતા ને? એ મોઢા આગળ બેસતા. સામી દુકાન, સવારે વહેલા આવે. ખબર છે? સવારે વહેલા ચાર વાગે આવે. ... એમ થઈ જાય. પણ આ 'મૂળચંદભાઈ' શું કરવા બેઠા છે ન્યાં? 'છોટાભાઈ'! ખબર છે ને? 'છોટાભાઈ'ને તો ખબર હશે. 'મૂળચંદ રતન' અપાસરાની સામે દુકાન. ઉં... કરતાં કરતાં ઝોલું મારી જાય. અરે..! ભગવાન!

આત્માનો સ્વભાવ.. ભાઈ! તેના જ્ઞાનમાં ભાવ ભાસ્યો નહિ એનો વિશ્વાસ એને કેમ આવે? જે આત્માનું વસ્તુસ્વરૂપ છે એનું જ્ઞાનનું ભાન થયા વિના, એના ભાવનાં ભાસન, ભાસન કહો કે જ્ઞાન કહો. ભાઈ! 'ટોડરમલે' 'ભાવભાસન' શબ્દ બહુ વાપર્યો છે. 'ટોડરમલે' 'ભાવભાસન' શબ્દ ઘણી વખત વાપર્યો છે એનો આ હેતુ છે. ભાવભાસન વિનાની શ્રદ્ધા તે શ્રદ્ધા નહિ. સમજાણું કાંઈ? એમ ને એમ માની લેવું કે, આ આત્મા છે ને આ પરમાત્મા સર્વજ્ઞ છે. સર્વજ્ઞ છે તો તને ભાવ ભાસ્યો છે? સર્વજ્ઞ એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણે. સમજાય છે કાંઈ? એવી મહિમાવાળું જ્ઞાન તને અંદર ભાસ્યું છે? કે, આવી અસ્તિ જગતમાં છે. ક્યારે ભાસે? કે હું પણ પોતે સર્વજ્ઞ સ્વભાવી છું. એને પ્રગટ થઈ છે. હું

www.vitragvani.com



સર્વજ્ઞ સ્વભાવી છું. એવો 'સર્વજ્ઞ' શબ્દે જ્ઞાનસ્વભાવ. 'જ્ઞાન' શબ્દે પછી એમાં પૂરો. અધૂરો હોય જ નહિ. એ જ્ઞાનસ્વભાવ એટલે સર્વજ્ઞ સ્વભાવ. એવા સ્વભાવનું જ્ઞાનમાં ભાસન થયા વિના, એ આત્માની શ્રદ્ધા ભાવભાસન વિના સાચી હોઈ શકે નહિ. અને એ વિના ચારિત્ર હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? લ્યો!

'સમ્યગ્દષ્ટિને સ્વાનુભવ કરવાની રીત મળી જાય છે.' ઓલી કોર છે. ધર્મની દૃષ્ટિ થઈ ત્યારે એને કળા હાથ લાગી ગઈ કે, આ અનુભવ આમ કરવો. એકવાર માર્ગ જોયો હોય ને તો બીજીવાર એને સહેલું પડે. 'ધવલ'માં આવે છે ને? ભાઈ! 'दीठमग्गे' એવો શબ્દ બહુ આવે છે. 'ધવલ'ની અંદર 'વીરસેનસ્વામી' ટીકામાં 'दीठमग्गे' (અર્થાત્) દેખેલે માર્ગે જ્ઞાની જાય છે, અજ્ઞાની પણ દેખેલે માર્ગે જાય છે. ઊંધી શ્રદ્ધા ને ઊંધી માન્યતાને માર્ગે એ ચાલ્યો જાય છે. સમજાણું કાંઈ? 'दीठमग्गे' જેણે ભગવાન આત્માની કેડી લીધી છે, કેડી સમજ્યા ને? આ રસ્તો, પગે ચાલવાની કેડી હોય છે ને? પગદંડી. એ.. આ કેડી ગઈ. એમ ધર્મીના જ્ઞાનમાં આત્માના સ્વભાવનું ભાન થતાં એનો માર્ગ દીઠો છે કે આમાં ઠરવાથી શાંતિ મળે છે. એટલે એણે દીઠેલે માર્ગે ત્યાં રમે છે. આહાહા..! સમજાણું કાંઈ? ગાથામાં એટલું ભર્યું છે, એટલું ભર્યું છે!! સમજાણું?

કહે છે, 'આત્માની પુરુષાર્થની નબળાઈથી બધા જ સમ્યગ્દષ્ટિ આ પ્રમાણે કરી શકતા નથી. જો તેઓ શક્તિ અનુસાર ઘરમાં રહેતા હોય તો...' પૂર્ણ આનંદ ને સંતપણું ન પ્રગટ કરી શકે તો ગ્રહસ્થાશ્રમમાં રહીને પણ 'સમય કાઢીને આત્માનુભવ માટે સામાયિકનો અભ્યાસ કરે છે.' જુઓ! સામાયિકનો અભ્યાસ આવ્યો છે. સામાયિક છે ને આ? સમાધિ છે ને આ? ગૃહસ્થાશ્રમમાં પણ મુનિ જેટલો સમય એને મળે નહિ તો આત્માની અંતર અનુભવની ધારાને માર્ગે જાવું એવો થોડો વખત લઈ સામાયિકમાં એ વખત કાઢે છે. સમજાણું કાંઈ? 'સામાયિકનો અભ્યાસ કરે છે...' 'સમય કાઢીને આત્માનુભવ માટે સામાયિકનો અભ્યાસ કરે છે.' પછી ઘણી વાત કરી છે.

'તત્ત્વાનુશાસન'માં કહે છે. 'સમાધિભાવમાં સ્થિર થઈને જો જ્ઞાન સ્વરૂપ આત્માનો અનુભવ ન થાય તો તેને ધ્યાન નથી.' 'તત્ત્વાનુશાસન'માં તત્ત્વ-અનુશાસન શીખામણ. ભગવાનઆત્મા...! કહે છે કે, એનું ધ્યાન કરે અને એને આનંદ ન આવે તો એ ધ્યાન જ નથી. જે વસ્તુ આનંદમૂર્તિ છે એમાં એકાગ્ર થયો એમ કહેવું ને વળી આનંદ ન આવે! એ ખોટો. ધ્યાન કરીએ છીએ, ધ્યાન કરીએ છીએ (એમ ઘણા કહે છે). શેનું ધ્યાન? આત્માનું. આત્માનું? આત્મા શું છે ? શું કહ્યું ભાઈ? 'ભાઈ'! રાગનું ધ્યાન કર તો રાગનો સ્વાદ આવે. એનો આકુળતાનો સ્વાદ આવ્યા વિના રહે નહિ. પણ એ આકુળતાની એને મિંઢવણી નથી. મિંઢવણી એટલે? મેળવણી. આ આનંદ છે ને આકુળતા (છે). એ આનંદ ભાળે તો એની સાથે મેળવે કે આકુળતા છે. એક માલ દીઠો હોય તો બીજા માલ સાથે મેળવે કે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



આ બાજરો... શું કહેવાય? મગના દાણા જેવો. બાજરો હોય છે ને? રોટલો (થાય). એ મગના દાણા જેવો, જુવાર મોતીનાં દાણા જેવી, એવી બધી વાણિયાની ભાષા હોય છે. જુઓ! મગના દાણા જેવો બાજરો છે. 'ચેતનજી'! જુવાર હોય તો મોતીના દાણા જેવી કહે. પણ ઓલી સારી દીઠી હોય તો કો'કની સાથે મેળવે કે આ મોતીના દાણા જેવી જુવાર (છે અને) આ જુવાર એવી નથી, ભાઈ!

એમ આત્માને આનંદનો સ્વાદ દૃષ્ટિમાં આવ્યો હોય તો રાગાદિ આકુળતા છે એમ એની સાથે મેળવે. આહાહા..! આ આકુળતા છે, આ આનંદની જાત નથી. પણ જેને આનંદની જ જ્યાં ખબર નથી એને આ આકુળતા છે, એ કોની સાથે મેળવશે? એ આકુળતા જ એનું સર્વસ્વ સ્વરૂપ માનશે. સમજાણું કાંઈ?

'સમાધિભાવમાં...' ઇ 'તત્ત્વાનુશાસન'નો શ્લોક છે. જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા, એનો અનુભવ ન હો અને તે ધ્યાન કરે. બધા કરે છે ને કેટલાક અન્યમતિમાં? ૐ ૐ ૐ બાપા! એ ધ્યાન નથી. ધ્યાન તો યથાર્થ તો એને કહીએ કે, જે આત્મા વસ્તુ સર્વજ્ઞે જોયો ને છે, એ તો આનંદમય છે, એવા અનંત ગુણવાળો છે. કારણ કે આનંદ છે એની રુચિ છે, એનું જ્ઞાન છે, એનું વીર્ય છે, એની સ્થિરતા છે, અસ્તિત્વ છે, વસ્તુત્વ છે, પ્રમેયત્વ છે, જ્ઞાનમાં જણાય એવા અનંત ગુણનો પિંડ છે. એવા આત્માનું જો ધ્યાન હોય અને આનંદ અતીન્દ્રિય ન આવે તો એ ધ્યાન જ જુઠું–ખોટું છે. કાંઈક કલ્પના માને છે કે, હું ધ્યાન કરું છું.

(એક કહે) પીળુ દેખાણું. એક જણા પુછતા હતા, નહિ? એક પડિમાધારી હતો. એક હતો ને? ભાઈ હતા ને? 'ચિદાનંદજી'! અહીં બે-ત્રણ વખત રહ્યા હતા ને? હાથવાળા નહિ? ઓલા 'ચિદાનંદ'. હાથ આમ હતો ને! એની સાથે એક પ્રભુજી હતા, એનું નામ પ્રભુ. પછી અહીં આવ્યા. સાત પડિમાધારી, નામ પ્રભુજી. પાણી લઈ આવ્યા હોય ને ... માથે લઈને આવે. સાત પડિમાધારી, પછી એને પૂછીએ કે આત્મા કેવો? તો કહે, રાતો, લાલ. આત્મા લાલ (છે). એક આર્જિકા સાંજે આવી હતી. બહુ થાકેલી (હતી). ન્યાં કોઈએ પૂછ્યું હશે, અહીં તો આત્માની વાત છે. આત્મા કેવો? પહેલો હોય રાતો અને પછી દેખાય ધોળો. આર્જિકા હતી. પછી થાકી ગયેલા. પોતા-બોતા મૂકે. પાણી પીવાય તો નહિ. છાશ સમજ્યા? મઠા. લૂ બહુ લાગેલી, આમ ક્યાંકથી સાંજે ચાલેલા આવેલા. એવી ગરમી લાગે, પાણી પીવાય નહિ, છાશ લેવાય નહિ. (લોકો કહે), પરિષહ સહન કર્યાં. આર્ત્તધ્યાન છે, બાપા! એને પૂછ્યું ત્યારે કહે, આત્મા પહેલો લાલ હોય પછી ધોળો. આહાહા..! હજી તો આત્માની ખબર ન મળે અને આ પડિમાઓ ને વ્રત ને ત્યાં ચડી ગયા હતા.

(અહીંયાં) કહે છે, ભાઈ! જેને એમ છે કે અમે ધ્યાન, ધર્મધ્યાન કરીએ છીએ. એમ તો લોકો કહે છે કે નહિ? અમે ધર્મધ્યાન કરીએ છીએ. તો ધર્મધ્યાનની વ્યાખ્યા શું? ધર્મ એવો જે આત્માનો ત્રિકાળી સ્વભાવ, એનું ધ્યાન. તો એના ધ્યાનમાં જો એકાગ્ર થયો હોય

www.vitragvani.com



તો ધ્યાન. એ એકાગ્રતામાં જો અતીન્દ્રિય આનંદ ન આવે તો એ ધ્યાન જ નથી. સમજાણું કાંઈ? લ્યો! 'તે મૂર્ચ્છાવાન અથવા મોહી છે.' આચાર્ય કહે છે, હોં! 'તત્ત્વાનુશાસન'. 'તત્ત્વાનુશાસન' કોનું છે? હેં? 'રામસેનજી'નું છે.

અહીં કહે છે... આ વાતમાં ન્યાય છે, શ્લોક મૂક્યો છે, જુઓ!

समाधिस्थेन यद्यात्मा बोधात्मा नाऽनुभूयते।
तदा न तस्य तद्ध्यानं मूर्छावान्मोह एव सः।।१६९।।
तदेवानुभवँश्चायमेकाग्रय परमृच्छति।
तथात्माधीनमानंदमेति वाचामगोचरं।।१७०।।

દિગંબર મુનિઓએ, સંતોએ તો બહુ ટૂંકામાં ઘણા માલ ભરી દીધા છે. મૂળ સત્તાને સ્થિરતા દ્વારા, ચારિત્ર દ્વારા અનુભવી છે. આહાહા..! સમજાય છે ને? અને શાશ્વત માર્ગ જે હતો એ માર્ગનો પોતે જાતે અનુભવ્યો છે. એવી ટૂંકામાં વાત કરી છે. ચારિત્ર સહિતમાં રહેનારા એટલે આહા..હા..!

કહે છે જેને આત્માનું ધર્મધ્યાન કહીએ એ ધર્મનાં ધ્યાનમાં જો આત્માનો આનંદ ન આવ્યો હોય તો એ પ્રાણીને મૂર્ચ્છાવાન અને મોહી કહીએ છીએ. ક્યાંક મૂર્ચ્છાઈ ગયો છે માટે અહીં આનંદ આવતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? ક્યાંક અર્પાઈ ગયો લાગે છે. ઘરની સ્ત્રી આમ પદમણી જેવી હોય પણ પ્રેમ ન લાગતો હોય ત્યારે પછી એને શંકા પડી જાય, ક્યાંક આનું મન બીજે રમતું લાગે છે. બીજે ક્યાંક છે, અહીં મન જામતું નથી. ઓળખી લે પછી એને દ્વેષ થઈ જાય, હોં! એને ખબર પડે કે આ સાથે છે. જગતમાં એનો રીવાજ છે.

એમ અહીંયાં કહે છે, પરમાત્મા આનંદની મૂર્તિ પ્રભુ છે અને એનું જો એ ધ્યાન હોય અને આનંદ ન આવે તો એ ક્યાંક મૂર્ચ્છાઈ ગયો છે. ક્યાંક પુણ્ય ને પાપના પ્રેમમાં ફસાઈ ગયો છે. આહાહા..! સમજાણું કાંઈ? કોઈ શુભ-અશુભ લાગણી કે કોઈ વિકલ્પમાં અંદર ફસાઈ ગયો છે. જો ફસાણો ન હોત તો ધર્મધ્યાન તો જેનું ધ્યાન કરે એમાં તો આનંદ છે. તે ધ્યાનમાં આનંદ કેમ ન આવે? સમજાણું કાંઈ?

આ તો 'તત્ત્વાનુશાસન' છે ને! 'જ્યારે ધ્યાન કરતાં આત્માનો અનુભવ પ્રગટ થાય છે ત્યારે પરમ એકાગ્રતા થાય છે અને ત્યારે જ તે વચનથી અગોચર આત્મિક આનંદનો સ્વાદ ભોગવે છે.' સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર ત્રણેય ખરેખર જ્ઞાનની પ્રગટ દશા છે. જ્ઞાન સાથે આનંદ પણ છે માટે જ્ઞાન સાથે આનંદ પણ ત્રણેયમાં સાથે છે. સમજાણું કાંઈ? તેથી કહે છે, જેણે આત્માનુભવ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન ને અનુભવ સ્થિરતા પ્રગટ કરી 'ત્યારે પરમ એકાગ્રતા થાય છે...' ત્યારે અંતર એકાગ્રતા છે. 'ત્યારે જ તે વચનથી અગોચર આત્મિક આનંદનો સ્વાદ ભોગવે છે.' એ ૯૭ (ગાથા પૂરી) થઈ.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## આત્મધ્યાન ચાર પ્રકારનું છે

जो पिंडत्थु पयत्थु बुह, रूवत्थु वि जिण-उत्तु।
रूपातीतु मुणेहि लहु, जिम परु होहि पवित्तु।।९८।।

જે પિંડસ્થ, પદસ્થ ને રૂપસ્થ, રૂપાતીત;
જાણી ધ્યાન જિનોક્ત એ, શીઘ્ર બનો સુપવિત્ર. ૯૮.

અન્વયાર્થ :– (बुह) હે ! પંડિત (जण-उत्तु जी पिंडत्थु पयत्थु वि रुपातीतु मुणेहि) જિનેન્દ્ર દ્વારા કહેવામાં આવેલા જે પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાંતીત ધ્યાન છે, તેમનું મનન કર, (जिम लहु परु पवित्तु होहि) જેથી તું શીઘ્ર જ પરમ પવિત્ર થઈ જઈશ.

---

૯૮. આત્મધ્યાનના ચાર પ્રકાર 'જ્ઞાનાર્ણવ'માં આવે છે ને?

जो पिंडत्थु पयत्थु बुह, रूवत्थु वि जिण-उत्तु।
रूपातीतु मुणेहि लहु, जिम परु होहि पवित्तु।।९८।।

હે પંડિત! 'बुह' શબ્દ વાપર્યો છે. હે પંડિત! પંડિત તો એને કહીએ. આહાહા..! જે આ ચાર પ્રકારના ધ્યાનવાળા આત્માનાં આનંદમાં એકાગ્ર થઈને આત્માનુભવ કરે તેને અહીંયાં પંડિત કહેવામાં આવે છે. આહાહા..! આવે છે ને પાહુડમાં, નહિ? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં પણ આવે છે. 'પંડ્યા પંડ્યા પંડ્યા ફોતરા ખંડ્યા'. 'મોક્ષમાર્ગ પ્રકાશક' હેં? 'દોહા પાહુડ'માં. એ શ્લોક 'દોહા પાહુડ'નો છે. 'મોક્ષમાર્ગમાં પ્રકાશક'માં 'ટોડરમલે' પહેલા ભાગમાં લીધો છે. 'પંડ્યા પંડ્યા પંડ્યા' ત્રણ વાર લીધું. એટલે કે મિથ્યા શ્રદ્ધા, મિથ્યા જ્ઞાન અને મિથ્યા રાગદ્વેષ. ફોતરા ખાંડે છે, બાપા!

આ માલ અંદર ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ, એની તને પ્રતીત નથી, તેનો વિશ્વાસ નથી, તેનું જ્ઞાન નથી અને તેમાં રમણતા નથી. અને તું બીજી વાતું કરે છે, આમ થાય ને આમ થાય ને કરા ભોજન, લાખો માણસને (કહે), આમ હોય, ફલાણું હોય, વ્યવહાર કરતાં કરતાં થાય, રાગ કરતાં કરતાં થાય, પહેલું એમ ને એમ આવતા હશે કાંઈ? આહાહા..! હવે કાંઈક માર્ગ આવ્યો. આ કહે છે, બાપા! વ્યવહાર વિકલ્પને છોડતાં દૃષ્ટિનો અનુભવ થાય. સમજાણું કાંઈ? એવું આકરું લાગે આમ, અંદર માર્ગ જોયો નથી ને એ માર્ગે ચાલવાનો પુરુષાર્થ જોઈએ તે પણ તૈયાર નથી. આહાહા..! કષાય મંદ કરો, વ્યવહાર કરો ને વ્યવહાર કરતાં કરતાં વ્યવહારનાં ફળ તરીકે તમને નિશ્ચય મોક્ષમાર્ગ પ્રગટ થશે.

મુમુક્ષુ :– બારમી ગાથામાં લખ્યું છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ઉત્તર :- બારમી ગાથામાં લખ્યું નથી. લખ્યા..! એના અર્થ જ આવડતા નથી એને.

**सुद्धो सुद्धादेसो णादव्वो परमभावदरिसीहिं।**
**ववहारदेसिदा पुण जे दु अपरमे ट्ठिदा भावे।।१२।।**

અરે..! એનો અર્થ બીજો છે. 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા તો જો! એ તો સમ્યક્ અનુભવ દૃષ્ટિ થઈ છે, જ્ઞાન આત્માનું થયું છે, સ્વરૂપની સ્થિરતા પણ કેટલીક થઈ છે પણ હજી અવસ્થામાં રાગ, વ્યવહાર બાકી છે. શુદ્ધતા અંશે અંશે વધતી જાય, અશુદ્ધતા ઘટવી એનું જ્ઞાન કરવું એ જાણેલો પ્રયોજનવાન (છે), એનું નામ વ્યવહાર છે. વ્યવહાર કરવો ને એને વ્યવહારનો ઉપદેશ દેવો એ વાત જ ત્યાં નથી. સમજાણું કાંઈ? શું થાય પણ હવે?

જે દૃષ્ટિએ કહેવાણું છે તે દૃષ્ટિએ ન જોવે તો એનો અર્થ ભાસે નહિ. આચાર્યની જે દૃષ્ટિ હતી કે '**भूदत्थमस्सिदो खलु**'. ભગવાનઆત્મા ભૂતાર્થ સ્વરૂપ, એકાકાર આનંદકંદ એનો આશ્રય કરતાં સમ્યગ્દર્શન થાય. એ તો નિશ્ચય વાત સિદ્ધ કરી. ત્યારે હવે અહીં કંઈ વ્યવહાર બાકી છે કે એકલો નિશ્ચય થઈ ગયો? એટલે બારમી ગાથામાં લીધું. બાકી છે, હજી અશુદ્ધતા છે, રાગ છે, પૂર્ણ શુદ્ધતા પર્યાયમાં નથી, એ ગુણસ્થાનનાં ભેદનું બરાબર તે તે કાળે જ્ઞાન કરવું એ વ્યવહાર જાણેલો પ્રયોજનવા છે. જાણેલો પ્રયોજનવાન છે. માટે બારમામાં ઇ નાંખ્યું છે, અગિયારની સંધી તરીકે બારમામાં (નાખ્યું છે). બસ! ભૂતાર્થનો આશ્રય થઈ ગયો તો થઈ ગયો કેવળી? ના, ના. હજી બાકી છે, એને પુરુષાર્થ કરવાનો બાકી છે માટે જેટલી શુદ્ધતા પ્રગટી, અશુદ્ધતા રહિ એનું જ્ઞાન કરવાનું છે. સમજાણું કાંઈ? અને એ શુદ્ધતા પૂરી કરવા માટે સ્વનો આશ્રય લેવો પડશે. એમ સાથે વ્યવહારનું જ્ઞાન કરાવે છે. આહાહા..! શું થાય પણ? ભાઈ! એ કોઈને આપી દેવાય એવું છે? એના ઘરની ચીજ ઇ લે ત્યારે થાય એવું છે.

કહે છે કે 'હે પંડિત! જિનેન્દ્ર દ્વારા કહેવામાં આવેલા...' છે ને? '**जिण-उत्तु**'. વીતરાગ ભગવાને આ ચાર ધ્યાન કહ્યાં છે. એ દ્વારા. 'પિંડસ્થ, પદસ્થ,...' પિંડસ્થ એટલે આ શરીરમાં રહેલો ભગવાન. પિંડ એટલે શરીરમાં રહેલો ભગવાન, એનો વિચાર, ધ્યાન કરવું. પદસ્થ એટલે પાંચ પદમાં રહેલા અરિહંત, સિદ્ધ આદિનો વિચાર કરીને અંતરમાં ધ્યાન કરવું. રૂપસ્થ (એટલે) અરિહંતનાં એકલાનું રૂપમાં રહેલું શરીર, એનું ધ્યાન અને રૂપાતીત (એટલે) સિદ્ધનું. એનો વિચાર કરી.. છે પરદ્રવ્ય, પણ છતાં એનો વિચાર (કરીને) અંદરમાં જવું એ એનું પરિણામ-ફળ છે. સમજાણું કાંઈ?

'તેમનું મનન કર,...' '**जिम लहु परु पवित्तु होहि**'. જેથી '**लहु**' નામ શીઘ્ર તું પવિત્ર થઈ જઈશ, ભાઈ! તારા સ્વરૂપમાં અંતર એકાગ્ર થતાં તું અલ્પકાળમાં પરમાત્મા થઈ જઈશ. તને સિદ્ધપદ અલ્પકાળમાં મળશે પણ એ પવિત્રતાનાં ધ્યાનનાં કળાવાળે મળશે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



બીજી કોઈ કળા પરમાત્મપદને પામવાની છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

દાખલો આપ્યો છે 'જેમ મેલું વસ્ત્ર ધ્યાનપૂર્વક ચોળવાથી સ્વચ્છ થાય છે...' આ વસ્ત્રનો દાખલો (છે). એમ અશુદ્ધ આત્મા.. મલિનતા છે કે નહિ દશામાં? એ આત્માની રગડતા, રગડતા એટલે આત્મામાં એકાગ્રતા, એ 'દ્વારા શુદ્ધ થઈ જાય છે.' જ્ઞાનાવરણીની વાત કરી છે. ઇ વ્યાખ્યા આપી છે, એ તો ઠીક છે. આ ટૂંકા અર્થ કરી નાખ્યા. અને આ છેલ્લી ગાથા જુઓ! 'તત્ત્વાનુશાસન'માં કહ્યું છે.

येन भावेन यद्रूपं ध्यायत्यात्मानमात्मवित्।
तेन तन्मयतां याति सोपाधिः स्फटिको यथा।।१९१।।

'જે ભાવે અને જે રૂપે આત્મજ્ઞાની આત્માનું ધ્યાન કરે છે તેની સાથે તે તન્મય થઈ જાય છે.' શું કહ્યું? ભગવાનઆત્મા આનંદસ્વરૂપ અને પૂર્ણ જ્ઞાનસ્વરૂપ એવા ભાવથી અને એવા સ્વરૂપથી તેનું ધ્યાન કરે છે તો તે દશા તે ભાવમાં તન્મય થઈ જાય છે. ભગવાનઆત્મા 'येन' જે ભાવથી અને જે સ્વરૂપે. ભગવાન પૂર્ણ શુદ્ધ આનંદ છે અને જ્ઞાનની મૂર્તિ (છે), એવા ભાવથી અને એવા રૂપથી જે તેને ધ્યાવે છે, એવો 'આત્મજ્ઞાની આત્માનું ધ્યાન કરે છે તેની સાથે તે તન્મય થઈ જાય છે,...' ત્યારે તે વર્તમાન દશા ત્રિકાળ ભાવ સાથે એકમેક થઈ જાય છે. સમજાણું કાંઈ?

'જેમ રંગની ઉપાધિ સાથે સ્ફટિક મણિ તન્મય થઈ જાય છે તેમ.' લ્યો! એ તો દાખલો બેયને માટે, હોં! સ્ફટિક પથ્થર છે ને કાળા, રાતાં ફૂલ હોય તો એની દશામાં પણ એવી ઝાંય થાય. નીકળી જાય તો ધોળી ઝાંય થાય. તન્મય (થઈ જાય છે). ધોળી સાથે પણ તન્મય છે અને લાલ સાથે પણ (તન્મય છે). પર્યાય તરીકે તન્મય છે, લાલ આદિથી અને સ્વભાવ તરીકે થાય તો સ્વભાવ ધોળીથી તન્મય થાય છે. એમ ભગવાનઆત્મા...! છે ને 'પ્રવચનસાર'માં? શુભ-અશુભ ને શુદ્ધ જે ભાવે પરિણમે તે તન્મય થઈ જાય છે. 'પ્રવચનસાર'. 'શુભે પરિણમેલો, અશુભ પરિણમેલો, શુદ્ધે પરિણમેલો' ભગવાનઆત્મા પરિણત થાય છે. પર્યાયમાં પરિણત થાય છે. શુભ રૂપે પણ પરિણત થાય છે.

મુમુક્ષુ : સ્ફટિક લાલ થઈ જાય છે ન થાય?

ઉત્તર : ના, સ્ફટિક નહિ. ઇ જાતની પર્યાયરૂપ થઈ જાય છે, પર્યાયરૂપ થાય છે. લાલ-પીળાની પર્યાયરૂપ થાય છે, નથી એમ નહિ. લાકડા નહિ થાય, એને જો આમ રાખશો તો નહિ થાય, કેમકે એની પર્યાય થવાની લાયકાત નથી અને સ્ફટિકમાં એ પોતાની લાયકાતે થાય છે. એનામાં લાયકાત-એની પોતાની પર્યાયની યોગ્યતા છે. સ્ફટિકની વર્તમાન પર્યાયની પોતાની લાયકાત છે. લાકડાની લાયકાત વર્તમાન પણ નથી અને ત્રિકાળ પણ નથી. અહીં મૂકો તો નહિ થાય.

મુમુક્ષુ :- સ્ફટિકમાં તો પ્રતિભાસે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ઉત્તર :– છે, પરિણમન છે. અહીંયાં તો પર્યાયનું પરિણમન લેવું છે. પછી સ્વભાવની અપેક્ષાએ, સ્વભાવની દૃષ્ટિએ...

મુમુક્ષુ :– હોય ઇ પ્રતિભાસે.

ઉત્તર :– પ્રતિભાસે. એના અસ્તિત્વમાં છે. સ્ફટિકના પર્યાયનાં અસ્તિત્વમાં એ લાલ-પીળી (અવસ્થા) છે. કો'કના અસ્તિત્વને લઈને કો'કના અસ્તિત્વમાં નથી. સમજાણું કાંઈ? આ વસ્તુ છે તેથી આ દાખલો આપ્યો છે. રંગપણે પરિણમે તેવી એની પર્યાયનો ધર્મ છે, લાકડાનો નથી. પણ એનો સ્ફટિકનો ધર્મ છે.

જેમ લાકડું છે, જુઓ! આ નાનું હોય. દીવાસળી. બીડી પીતા હોય ઇ લાકડું અહીં બળશે પણ અહીં ઊનું નહિ થાય અને લોઢાનો સળિયો આવડો હોય હશે તો અગ્નિમાં મૂક્યો હશે તો એક છેડે અહીં (સુધી) જશે. એ અગ્નિને કારણે નહિ, એનો સ્વભાવ છે, લોઢાનો એનો સ્વભાવ છે. લાકડાનો એવો સ્વભાવ છે. અગ્નિ તો બેયને છે. દીવાસળી પણ અહીં છે. બીડી પીવે ને! આની કોરનું લાકડું ઊનું થાય તો કોઈ બીડી ન પી શકે. લાકડાનો એવો સ્વભાવ છે કે, ઊનું અહીં ન જાય, અહીં સુધી રહે. લોઢાનો એવો સ્વભાવ છે... અગ્નિને કારણે નહિ. અગ્નિ તો બેયને એક છે. ... જશે. એની યોગ્યતાનો પર્યાય છે. સમજાણું કાંઈ?

એમ સ્ફટિક અને ભગવાનઆત્મા જે શુભપણે રંગાય ત્યારે શુભ વિકલ્પરૂપે પરિણમે છે, અશુભપણે રંગાય તે અશુભપણે તન્મય થઈ જાય છે. શુદ્ધપણે થાય તો શુદ્ધથી તન્મય થઈ જાય છે. સમજાણું કાંઈ? એવો એનો પર્યાયધર્મ છે. અહીંથી ખસીને અહીં જા તો ત્યાં તન્મય તારી નિર્મળ દશા પ્રગટ થશે. નહિતર આ રાગ-દ્વેષની તન્મય તારા અસ્તિત્વમાં (છે). કારણ કે જીવનું તત્ત્વ છે ને! 'ઉમાસ્વામી'એ એને જીવતત્ત્વ કહ્યું છે ને? પાંચ ભાવ જીવતત્ત્વ કહ્યા છે, તો ઉદયભાવ જીવતત્ત્વમાં જીવતત્ત્વ છે, જડ નહિ, અજીવ નહિ. પાંચ ભાવ–ઉદય, ઉપશમ, ક્ષયોપશમ.. પાંચેય જીવતત્ત્વ કહ્યાં છે. આખું તત્ત્વ લેવું છે ને એને! તો એ જીવતત્ત્વ છે, વિકાર પણ જીવતત્ત્વના અસ્તિત્વમાં છે. આમ ધ્યાન કરે તો એ છૂટી જાય છે. એમ 'તત્ત્વાનુશાસન'માં વિસ્તાર છે, લ્યો! એ ૯૯માં કહેશે.

(મુમુક્ષુ :– પ્રમાણ વચન ગુરુદેવ!)

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## સામાયિક ચારિત્રનું કથન

**सव्वे जीवा णाणमया, जो सम-भाव मुणेइ।**
**सो सामाइउ जाणि फुडु, जिणवर एम भणेइ।।९९।।**

સર્વ જીવ છે જ્ઞાનમય, એવો જે સમભાવ;
તે સામાયિક જાણવું, ભાખે જિનવરરાવ. ૯૯.

**અન્વયાર્થ :–** (**सव्वे जीवा णाणमया**) બધા જ જીવ જ્ઞાનસ્વરૂપી છે એમ (**जो समभाव मुणेइ**) જે કોઈ સમભાવનું મનન કરે છે (**सो फुडु सामाइउ जाणि**) તેને જ પ્રગટપણે સામાયિક જાણો (**सए जिणवर भणेइ**) એમ શ્રી જિનેન્દ્ર કહે છે.

---

### વીર સંવત ૨૪૯૨, શ્રાવણ સુદ ૫, શનિવાર
### તા. ૨૩-૦૭-૧૯૬૬
### ગાથા–૯૯, ૧૦૦. પ્રવચન નં. ૪૨

---

આ 'યોગસાર' શાસ્ત્ર છે, એમાં ૯૯ મી ગાથા. ચારિત્ર એટલે સમભાવ કોને કહેવો? અને સમભાવ કોને હોય છે? અને સમભાવ કેમ હોય છે? સમજાણું કાંઈ? કોને હોય છે? કેમ હોય છે? એ કહે છે, જુઓ!

**सव्वे जीवा णाणमया, जो सम-भाव मुणेइ।**
**सो सामाइउ जाणि फुडु, जिणवर एम भणेइ।।९९।।**

'**सव्वे जीवा णाणमया**' જુઓ! સમભાવ એને હોય છે કે જે બધા જીવોને જ્ઞાનમય દેખે છે. 'સર્વ જીવ છે જ્ઞાનમય' એ એનો અર્થ છે. 'શ્રીમદ્'માં એમ આવે છે, 'સર્વ જીવ છે સિદ્ધ સમ'. આ 'યોગીન્દ્રદેવ આચાર્ય' (કહે છે), સર્વ જીવ છે જ્ઞાનમય. એમ પોતાને પણ જ્ઞાનમય દેખતા સમભાવ પ્રગટ થાય. પોતે જ્ઞાનમય છે, જ્ઞાનમય એકલો જ્ઞાતાદૃષ્ટાના સ્વભાવમય (છે), એમ દેખતા સમભાવ–વીતરાગતાની પર્યાય ઉત્પન્ન થાય. અને બીજા બધા જીવો જ્ઞાનમય છે એમ દેખતા એની કર્મના વશે વિવિધતા દેખે તો આ ઠીક છે, અઠીક છે એમ રાગ-દ્વેષ થાય, પણ કર્મના વશે થયેલી એની વિવિધતા એને ન દેખતા તે બધા જ્ઞાનમય છે, બધા ચૈતન્યમય છે. એમ બીજાને પણ ચૈતન્યમય, જ્ઞાનમય દેખતા કર્મના વશે થયેલી એની વિવિધતામાં આ ઠીક છે, અઠીક (છે) એવી બુદ્ધિ જ્ઞાનમય દેખતાને રહેતી નથી. સમજાણું કાંઈ?

www.vitragvani.com



સર્વ જીવ છે જ્ઞાનમય. જુઓ! અહીં તો સર્વ લીધા, હોં! પોતે તો છે પણ એનો અર્થ એ થયો. હું એક જ્ઞાનમય જાણનાર-દેખનાર સ્વરૂપ (છું). એમ જેણે દૃષ્ટિ કરી એને પોતામાં પણ સમભાવની વીતરાગતાની ઉત્પત્તિ થાય. એ બધા જીવોને દ્રવ્ય–તત્ત્વ દૃષ્ટિથી દેખે તો એ પણ બધા ભગવાન જ્ઞાનમય છે. એટલે એની વિષમતાને ઠીક, અઠીકપણે ન દેખે. વિષમતા કર્મને આધીન, જ્ઞાનવરણીયને આધીન, ઓછા-વત્તા જ્ઞાનપણું હો. દર્શનાવરણીયને આધીન, ક્ષયોપશમ ચક્ષુ-અચક્ષુનો ઓછો-અધિક હો. મોહનીયને આધીન રાગાદિ, મિથ્યા ભ્રાન્તિ આદિ હો. અંતરાયને આધીન પોતે વશ થઈને કરે, હોં! વિકારાદિ નબળાઈ દેખાય કે આયુષ્યને આધીન દીર્ઘ આયુષ્ય અને કોઈ થોડા આયુષ્યવાળો દેખાય. નામને આધીન ભિન્ન-ભિન્ન, સુંદર-અસુંદર, સુડોળ-અડોળ એવા શરીરનાં આકારો દેખાય, પણ એ તો બીજી ભિન્ન ચિજ છે. ગોત્રને તાબે થયેલી નીચ અને ઉચ કૂળની અવસ્થા દેખે તો પર્યાયદૃષ્ટિથી દેખવાનું છે. એ જાણવાનું છે. સમજાય છે કાંઈ? વેદનીયના નિમિત્તથી કોઈને ધનવાન, સ્વધન, નિર્ધન દેખે તો ઈ તો સંયોગથી દેખવું (થયું), ઇ તો જાણવા જેવું છે.

વસ્તુ જ્ઞાનમય છે એમ દેખતા સંયોગને આધીન કોઈની સધનતા, નિર્ધનતાની વિશેષતાને જાણવા લાયક માનીને એમાં આ ઠીક-અઠીક કરવા જેવું રહેતું નથી. કહો! આ શેઠ છે ને આ ગરીબ છે. એ તો કર્મને આધીન, વેદનીયને આધીન, મળેલા સંયોગને આધીન જોવાની વાત છે. પણ સંયોગ આધીન ન જોવે અને બધા આત્મા જ્ઞાનમય ચૈતન્ય પ્રભુ છે તો એ દૃષ્ટિએ બધાને દેખતા પણ ઠીક-અઠીકનાં સંયોગથી ઉત્પન્ન થતો રાગ-દ્વેષ ધર્મીને થતો નથી. સમજાણું કાંઈ?

'सव्वे जीवा णाणमया' આહા..! કેટલી વાત કરે છે! અભવી હો કે ગમે તે હો, નિશ્ચયથી પરમ સત્ પ્રભુ જ્ઞાનમય જ આત્મા છે. એમાં ઓછુ-વત્તું એમ શબ્દ નથી. જ્ઞાનની ઓછા-વત્તાની (દશા) એ પણ સર્વ જ્ઞાનમયમાં એ ન આવે. સમજાય છે કાંઈ? એમ પોતામાં પણ જ્ઞાનનું ઓછા-વત્તાપણું એ ન આવ્યું. હું તો જ્ઞાનમય છું, ચૈતન્યબિંબ સ્વરૂપ છું એમ દૃષ્ટિ થતાં એને અંતરના આશ્રયમાં વીતરાગતાની જ ઉત્પત્તિ થાય. એને સામાયિક અને સમભાવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

સર્વ જીવ, 'બધા જ જીવ...' એમ લખ્યું છે. જ્ઞાનસ્વરૂપી ભગવાનઆત્મા આહાહા..! બધાને જ્યારે જ્ઞાનસ્વરૂપી જોવે તો પોતાને પણ જ્ઞાનસ્વરૂપી જોવે છે. સમજાય છે કાંઈ? પોતામાં પણ કર્મનાં નિમિતને વશે થયેલી દશાઓને જાણવા યોગ્ય, પર્યાયદૃષ્ટિથી જાણવા યોગ્ય જાણતો સર્વ આત્મા જ્ઞાનમય સર્વ જીવ છે, હું પણ જ્ઞાનમય છું, એમ અંતરની દૃષ્ટિ થતાં એને સમભાવ અને વીતરાગતાની જ ઉત્પત્તિ થાય. સમજાણું કાંઈ?

'જે કોઈ સમભાવનું મનન કરે છે...' એમ. 'मुणेइ' (એટલે) જાણે છે, ખરેખર. એ રીતે જે જ્ઞાનમય જાણીને સમભાવને ઉત્પન્ન કરે છે 'તેને જ પ્રગટપણે...' 'फुडु' છે ને?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

'સામાયિક જાણો...' પ્રગટ સામાયિક. શક્તિરૂપે તો સામાયિક છે જ, એમ કહે છે. ભાઈ! સમભાવ તો એનું સ્વરૂપ જ છે. જ્ઞાનમય કહ્યો એનો અર્થ જ સમભાવ સ્વરૂપ એનું છે. જ્ઞાનમય કહો કે વીતરાગ જ્ઞાનસ્વરૂપ કહો, સમજ્ઞાનમય એ તો એનું સ્વરૂપ જ છે, પણ એ રીતે અંદર નજર પડતાં, એનું જ્ઞાન થતાં પ્રગટ સમતાની દશા પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? ઓહો..હો..!

વ્યવહારે 'યદાત્વે' જાણેલો પ્રયોજનવાન છે. જુઓને! ક્યાં શૈલી ગોઠવી છે. ન સમજાણું? ભગવાન 'કુંદકુંદાચાર્યે' અગિયારમી ગાથામાં એમ કહ્યું કે 'भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो' ભાઈ ! ભૂતાર્થ નામ જ્ઞાનમય કહો, ભૂતાર્થ ત્રિકાળ એકસ્વરૂપ કહો એને આશ્રયે આત્માને સમ્યગ્દષ્ટિ, સમભાવની સમ્યગ્દષ્ટિ પ્રગટ થાય છે. અને એને જ આશ્રયે ચારિત્રરૂપી સમતાનો ભાવ 'भूदत्थमस्सिदो' 'भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो' 'भूदत्थमस्सिदो खलु चारित्रवंत हवदि जीवो' એ 'પદ્મનન્દિ પંચવિંશતિ'માં એ છે. ઇ ને ઇ ગાથાને અહીંયાં 'सम्मादिट्ठी जीवो' કહ્યું છે. 'પદ્મનન્દિ આચાર્ય'માં એવું (આવે છે કે) 'भूदत्थमस्सिदो खलु' યતિ ચારિત્રભાવ હોય છે, એમ લખ્યું છે. ત્યાં એમ છે, શબ્દ આ લીધો છે. 'પદ્મનન્દિ આચાર્ય'. મૂળ તો 'સમયસાર'માં બધા બીજડાં છે. શાસ્ત્રો, આચાર્યો બીજા બધા જાણે આખા એમાં બીજડાં ભર્યા છે. થોડા તો, ઘણા થયા છે હવે.

'भूदत्थ' ત્યાં એ કહ્યું હતું. એ ગાથા એક ફેરી ક્યાંકથી કાઢી હતી. ત્યાં 'યતિ' શબ્દ મૂક્યો છે. ભૂતાર્થને આશ્રયે યતિપણું પ્રગટે છે એમ ત્યાં કહ્યું છે. આમાં ભૂતાર્થને આશ્રયે સમ્યગ્દષ્ટિપણું પ્રગટે છે (એમ કહ્યું). પણ એનો અર્થ છે કે જે વસ્તુ જ્ઞાનમય અર્થાત્ જ્ઞાનમય અર્થાત્ વીતરાગમય અર્થાત્ નિર્વિકલ્પ સ્વભાવ સમરૂપી એક સ્વરૂપે (છે) એનો આશ્રય કરતાં સમ્યગ્દર્શન થાય, સમ્યગ્જ્ઞાન થાય, સમ્યક્ચારિત્ર થાય, શુક્લધ્યાન થાય, કેવળજ્ઞાન થાય. એ રીતે બધા જીવને દેખતા ક્યાંય રાગ-દ્વેષ કરવાનું રહેતું નથી.

જે અનંતા આત્માઓની આઠ કર્મને વશે વિષમતા, વિવિધતા, અનેકતા જે જાણવામાં આવે એ કાંઈ એનું મૂળ સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? બધા જ્ઞાનમય પ્રભુ છે ને! આહાહા..! એને પછી આ ઠીક અને અઠીક કરવાની વૃત્તિ જ રહી નહિ. સમજાય છે કાંઈ? વ્યવહાર ને પર્યાયદૃષ્ટિથી જોવાની આંખ બંધ કરીને વસ્તુના કાયમી અસલી સ્વભાવને જોવાની દૃષ્ટિથી જોવે તો પોતાને પણ જ્ઞાનમય જોવે અને બીજા બધાને પણ સમભાવથી ભરેલા ભગવાન જ ભાળે ઇ. એટલે ક્યાંય વિષમતા કરવાનું (રહ્યું નહિ). કારણ કે એના જ્ઞાનમયમાં વિષમતા નથી એથી આને વિષમતા કરવાનું કારણ રહેતું નથી. સમજાણું કાંઈ? ભારે ભાઈ! સામાયિકની વ્યાખ્યા. 'યોગીન્દ્રદેવ' સામાયિકની આ વ્યાખ્યા કરે છે. આહાહા..! પાછું આધાર આપે છે, 'जिणवर एम भणेइ', હોં! 'जिणवर एम भणेइ'. પોતે સમભાવ કરીને કર્તા થઈને થઈ શકે છે.

www.vitragvani.com



(હું) જ્ઞાનમય છું (એમ) બધા ભગવાન જ્ઞાનમય છે, એમ નિશ્ચયદષ્ટિથી કર્તા આત્મા થઈને પોતાનાં જ્ઞાનમય આત્માનાં સમભાવને પ્રગટ કરે. એમ બીજા બધા આત્માઓ જ્ઞાનમય છે એટલે વિષમતાનાં પ્રકારો દેખવા છતાં અભિન્નપણે બધા ભગવાન જ્ઞાન છે એનું પણ અંદર પુરુષાર્થની દષ્ટિએ વિષમતાનું લક્ષ છોડી દઈને સમભાવી આત્મા બધા જ્ઞાનમય છે એમ પુરુષાર્થથી જોતાં તેને સમભાવ પ્રગટ થાય છે. કહો, સમજાણું આમાં? હેં? જુઓ! સામાયિક કેવી રીતે લીધું છે! આપણે એને ઓલું કર્યું છે, આપણે ઇ જોવું હતું. 'સર્વ જીવ છે જ્ઞાનમય' આનો અર્થ કર્યો છે. આ શ્લોકો છે ને પેલા બધા? તમારામાં છે કે નહિ? શું છે? જુઓ! 'સર્વ જીવ છે જ્ઞાનમય'. શ્લોકો છે. લ્યો! આપણે સજ્ઝાય થાય છે. નવ સજ્ઝાયમાં આની સજ્ઝાય છે કે નહિ આની? હેં? 'યોગસાર' નાંખે છે.

સર્વ જીવ છે જ્ઞાનમય, જાણે સમતા સાર;
તે સામાયિક જિન કરે, પ્રગટ કરે ભવપાર.

એમાં ચાર-ચાર બોલ મુક્યા છે, ભાઈ! દરેકમાં ચાર મૂક્યા છે.

सव्वे जीवा णाणमया, जो सम-भाव मुणेइ।
सो सामाइउ जाणि फुडु, जिणवर एम भणेइ।।९९।।

सव्वे जीवा णाणमया, य सम-भाव ममते।
तत सामायउ जाणि स्फूटम्, जिणवर एम भणेइ।।९९।।

सर्व जीव है ज्ञानमय, जाने समता धार।
सोसामायिक जिन कहे, प्रगट करे भव पार।।९९।।

સર્વ જીવ છે જ્ઞાનમય, જાણે સમતાધાર;
તે સામાયિક જિન કહે, પ્રગટ કરે ભવપાર. ૯૯.

સમભાવ ભાવ થાય ત્યાં ભવનો પાર જ હોય, એમ એનું ફળ બતાવ્યું. સમભાવનું ફળ જ ભવનો અભાવ, એમ. એક એક શ્લોકનાં પંડિતજીએ ચાર ચાર અર્થ કર્યાં હતા. આ એક 'લાલન' હતા ને? વૃદ્ધ (હતા), ૯૫ વર્ષે ગુજરી ગયા. ઘણો અભ્યાસ, ઘણો અભ્યાસ પંદર વર્ષની ઉંમરથી ૯૫ વર્ષ સુધી અભ્યાસ. દષ્ટિ વિપરીત હતી, પછી અહીંયાં રહેતા હતા. બાર મહિના રહ્યા હતા. બધો અભ્યાસ. સોળ વર્ષ કહેતા હતા. સોળ વર્ષથી શાસ્ત્ર અભ્યાસ, શાસ્ત્ર અભ્યાસ તે ૯૫ (વર્ષ સુધી). સંવત ૨૦૦૯ ની સાલમાં ગુજરી ગયા.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



અહીં બાર-બાર મહિના રહેતા હતા. અહીં બેસતા હતા. વૃદ્ધ હતા. પછી તત્ત્વની વાત આવે ત્યારે કહે અરેરે..! ખીચડો કર્યો છે. પછી રોવે.. રોવે.. રોવે, હોં! એવી સરળતા. એમણે આ અર્થ બનાવ્યા છે. આ શ્લોકનાં એણે બધા અર્થ બનાવ્યા છે. કેટલોક ગોટો પણ હશે અંદર, પણ કેટલીક વ્યાખ્યા ઠીક છે. કેટલોક ગોટો અંદર નાખ્યો છે. કારણ કે મૂળ તો શ્વેતાબંર હતા અને પેલી દૃષ્ટિ બે ફેરફાર હતી, એમાંથી આમાં અર્થ કર્યા છે. આખું પુસ્તક છે. 'સ્વાનુભવ દર્પણ' નામ છે આનું. 'સ્વાનુભવ દર્પણ'. છે આ યોગીન્દ્રદેવનાં દોહરાના શ્લોક. ચાર ચાર બોલ છે. 'સર્વ જીવ છે જ્ઞાનમય..' 'પ્રગટ કરે ભવપાર' નહિ હોય એમાં. ઓલામાં છે, હિન્દીમાં છે. **'जिणवर एम भणेइ'** એ તો હિન્દીમાં પણ છે. 'सर्व जीव है ज्ञानमय, जाने समताधार, सो सामायिक जिन कहे, प्रगट करे भवपार।।' હિન્દીમાં કર્યું છે આનું, એમાં નહિ હોય.

મુમુક્ષુ :– સર્વ જીવ છે જ્ઞાનમય, એવો જે સમભાવ;
તે સામાયિક જાણવું, ભાખે જિનવરરાવ.

ઉત્તર :– ઇ શબ્દાર્થ કર્યો છે, બરાબર, પાઠનો શબ્દાર્થ છે. ભાઈએ કર્યો છે. આપણે પંડિતે કર્યો છે, પાઠને અડીને. સમજાણું આમાં ?

આ સામાયિક કોને કહેવી એમા સમ્યગ્દર્શન આવી ગયું, સમ્યગ્જ્ઞાન આવી ગયું ને વીતરાગ ભાવ ત્રણેય આવી ગયા. ભગવાનઆત્મા જ્ઞાનમય છે એટલે કે અલ્પપણું, વિકારપણું કે સંયોગપણું એના સ્વભાવમાં નથી. એવી જે અંતર સ્વભાવદૃષ્ટિ થવી તેને સમ્યગ્દર્શન કહે છે. એવો જે જ્ઞાનમય, આનંદમય... અહીં જ્ઞાનમય પ્રધાન પરમભાવગ્રાહક નયથી વાત કરી છે. જ્ઞાન પરમભાવગ્રાહક છે, પરમભાવ છે, એ વસ્તુ બીજા કરતાં. કારણ કે જ્ઞાન પોતે સવિકલ્પ સ્વ-પરને જાણનારો ગુણ છે અને બીજા ગુણો અસ્તિ રાખે છે પણ પોતે કોણ છે ને પર કોણ એને જાણતું નથી તેથી બધા ગુણોને નિર્વિકલ્પ કહેવામાં આવે છે. નિર્વિકલ્પ એ હયાતી ધારે છે, પોતાની હૈયાતીને ને પરની હૈયાતીને તે જાણતા નથી.

ભગવાનઆત્માનું જ્ઞાન પોતે પોતાને જાણે અને એના અનંતા ગુણોને પણ જાણે તેથી તે ગુણને સવિકલ્પ કહી, સાકાર કહીને તેને અસાધારણ પરમભાવગ્રાહક કહેવામાં આવ્યો છે. 'આલાપ પદ્ધતિ'માં એનો નય લીધો છે. પરમભાવગ્રાહકનય. 'પંડિતજી' ! 'આલાપ પદ્ધતિ'માં. સમજાણું કાંઈ? એ અપેક્ષાથી અહીં કહ્યું છે. પરમભાવ એકલો જ્ઞાનમય ભગવાન, એનું જ્ઞાન તે જ્ઞાન અને પરમ જ્ઞાનમય આત્મા, એમ અંદરમાં દૃષ્ટિ, જ્ઞાન કરીને ઠરતાં... કારણ કે પરમ જ્ઞાનમય છે એને તો જ્ઞાતા-દૃષ્ટાપણે રહેવું જ એનું સ્વરૂપ થયું. એટલે ત્યાં વીતરાગતા અને સામાયિક એટલે સમતાભાવની ઉત્પત્તિ (થઈ). પરમ જ્ઞાનમય આત્મા (છે) એમ અંતર નિર્ણય થતાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમભાવ ત્રણે તેમાંથી ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? શું છે? '...ચંદજી'! ક્યાં ગયું આ બધું ઘંટીનું પડ ને... હેં? જ્ઞેયમાં.

ઘંટીએ દળવું, આમ કરવું ને આમ કરવું... ન્યાં ને ન્યાં સલવાણા. ઘઉંને ત્યાં દળવા ને પાછા ધોવા... પણ હવે એ તો સ્હેજે દેહની, જડની ક્રિયા એને કારણે થવાની હોય તો થાય આત્મા એનો કર્તા નથી. ત્યાં સલવાણા. બરાબર ક્રિયા આવી કરવીં, હોં! નિર્દોષ આહાર માટે બિચારાને વખત જાય. એક જણો કહેતો હતો, મહારાજ! તમે આ વાતું કરો છો પણ અમારે તો આશ્રમમાં રહીએ (એટલે) ચોખા તપાસવા ને ઘઉં તપાસવા, એમાં રહેવું (પડે). અમારે આ સમજવું, સાંભળવું, વિચારવું કે દિ'? ત્રણ ત્રણ કલાક ન્યાં રહે. કોણ? 'પરશુરામજી'! 'પરશુરામજી' કહેતા હતા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સવિકલ્પ છે. સવિકલ્પનો અર્થ શું? રાગ નહિ. સવિકલ્પનો અર્થ સ્વ-પરને જાણે એનું નામ સવિકલ્પ છે. સવિકલ્પનો અર્થ રાગ નહિ. સ્વ-પરને જાણે તેનું નામ જ સવિકલ્પ છે. બીજા (ગુણો) સ્વ-પરને નથી જાણતા માટે બીજાને નિર્વિકલ્પ કહે છે. વિકલ્પ એટલે રાગની અપેક્ષાની વાત નથી. કેવળજ્ઞાન પણ સવિકલ્પ છે. સવિકલ્પનો અર્થ સ્વ-પરને જાણવું તેનું નામ સવિકલ્પ છે. એ તો 'પ્રવચનસાર'માં આવે છે ને? અર્થાકાર. સ્વ-પરના અર્થાકારે પરિણમવું એ જ સવિકલ્પ છે. સવિકલ્પ (એટલે) રાગ-ફાગની અહીં વાત નથી. સમજાય છે કાંઈ?

સ્વ-પર પ્રતિચ્છેદક બેને જાણનાર તેનું નામ સવિકલ્પનો અર્થ આ રાગ નહિ. સ્વ-પરને જાણવાનો ભાવ, તેનું નામ જ સવિકલ્પ છે. એ સવિકલ્પ રાગથી નિર્વિકલ્પ છે. રાગથી નિર્વિકલ્પ છે. પણ સ્વ-પરના જાણવાના આકારરૂપે પરિણમવું તેનું નામ જ સવિકલ્પ છે. એ તો પોતાનો સ્વભાવ છે. સિદ્ધનું કેવળજ્ઞાન પણ સવિકલ્પ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીં એ જ કહે છે. ભગવાન! સર્વ જીવ જ્ઞાનમય એમ જાણવું કહ્યું ને? ભાઈ! પોતે જાણે ને પરને જાણે, બેય આવ્યું. હું પણ જ્ઞાનમય છું તો જ્ઞાનનો સ્વભાવ છે કે હું પણ જ્ઞાનમય છું, બધા જ્ઞાનમય છે એવું એનું જાણવું. જાણવું બેયનું એ કાંઈ રાગનું કારણ નથી. એ તો એનો સ્વભાવ છે. સ્વપરને જાણવારૂપે પરિણમવું, પરિણમવું, થવું એ જ્ઞાનના પર્યાયનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? એથી એ સવિકલ્પ જ્ઞાન જ્ઞાતાપણે હું આ જ્ઞાન છું, એમ જે પર્યાયમાં જ્ઞાતાપણું પ્રગટ્યું એ પર્યાય સ્વપરપ્રકાશક પ્રગટી પણ એ રાગ વિનાની સમતાભાવની પ્રગટી. સમજાણું કાંઈ? આહાહા..!

જુઓને! આચાર્યે એટલે કહ્યું! 'सव्वे जीवा णाणमया, जो सम-भाव मुणेइ' એમ લીધું છે ને પાછું? એમ નહિ કે એકલાને જાણે એમાં ન લીધું આમાં. પણ એ તો એનો સ્વભાવ છે, એમ કહે છે. હું જ્ઞાનમય છું એમ જાણ્યું ત્યારે પણ શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ જ ઉત્પન્ન થઈ અને બધા જીવો જ્ઞાનનો સ્વભાવ છે કે સ્વપરને જાણવું એટલું જ એનું એ સામર્થ્યનું સત્વ છે. ઇ રાગ નહિ. એટલે આમ બહારના બધા જ્ઞાનમાં આવ્યા, નિશ્ચયથી આને જ્યાં

www.vitragvani.com



જોયો એમ નિશ્ચયથી બીજાને જોવો. એની વિષમતા ને પરને આધીન થતી દશાઓ એને ન જોતાં, આને જોતાં વિષમતાને કારણે આ ઠીક-અઠીક જીવ છે એવો તેને રાગ-દ્વેષ ઉત્પન્ન થવાનું સ્થાન રહેતું નથી. અને પોતામાં પણ જ્યારે જ્ઞાનમય એવો આત્મા (છે) એમ અંતર જાણતા એને પણ રાગ અને દ્વેષ ઉત્પન્ન થવાનું હીણું જ્ઞાન છે માટે દીન છું, અધિક જ્ઞાન (છે) માટે મોટો, એ પણ એમાં રહેતું નથી. સમજાણું કાંઈ?

'તેને જ પ્રગટપણે સામાયિક જાણો એમ શ્રી જિનેન્દ્ર કહે છે.' આહાહા..! આચાર્યને પણ જિનેન્દ્રને નાંખવા પડ્યા છે, હોં! ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવ... તો સર્વજ્ઞ નથી જાણતા ઈ? સર્વને જાણતા નથી? અને સર્વને જાણવું એ તો જ્ઞાનમય પર્યાય છે. સર્વને જાણવું એ વિકલ્પ નથી, તેમ સર્વને જાણવું એટલે પરજ્ઞાનમય દશા છે, એમ નથી. સર્વને જાણવું એ જ્ઞાનમય, આત્મજ્ઞાનમય જીવની દશા છે. વીતરાગી દશા-રાગ વિનાની સર્વને જાણવું એની જ્ઞાનની દશા છે. સમજાણું કાંઈ ? ઈ તો એની શક્તિ છે ને!

'સમયસાર'માં આવે છે ને! શક્તિ. આત્મજ્ઞાનમય શક્તિ છે. બધી વ્યાખ્યા આવી ગઈ છે. 'સમસ્ત વિશ્વનાં...' એ દસમી (શક્તિની) વ્યાખ્યા છે. 'સમસ્ત વિશ્વના વિશેષ ભાવોને જાણવારૂપે પરિણમતા એવા આત્મજ્ઞાનમયી સર્વજ્ઞત્વશક્તિ.' આત્મજ્ઞાનમય સર્વજ્ઞત્વશક્તિ. આમ સર્વને જાણે છે માટે વ્યવહાર થઈ ગયો એ અહીં નથી અને સર્વને જાણે છે માટે રાગ થયો એ અહીં નથી. એ સર્વજ્ઞત્વ આત્મજ્ઞાનમય સર્વજ્ઞત્વ શક્તિ. ભગવાનઆત્મા એનામાં સર્વજ્ઞ શક્તિ છે, ગુણ છે એ આત્મજ્ઞાનમય દશા થઈને બધાને જાણે છે. એ આત્મજ્ઞાનમય થઈને, પર થઈને, પરને લઈને નહિ. અને પરને જાણે છે માટે અહીં સર્વને જાણ્યું માટે વિકલ્પ આવ્યો અને પરને જાણ્યું માટે અહીં ઉપચાર આવ્યો એ અહીં નથી. ભાઈ! આહાહા..!

આત્મજ્ઞાનમય સર્વજ્ઞશક્તિ. દર્શનમાં પણ એમ લીધું છે-આત્મદર્શનમય સર્વદર્શીશક્તિ, આત્મદર્શનમય સર્વદર્શી શક્તિ. એ દર્શી શક્તિ, જ્ઞાન શક્તિનો સ્વભાવ જ સ્વપણાને પૂર્ણ દેખવું ને પૂર્ણ જાણવું એમાં બધું જાણવું-દેખવું આવી જાય, એવી જ એની આત્મજ્ઞાનમય ને આત્મદર્શનમય શક્તિ છે. સમજાણું કાંઈ? આ શક્તિઓમાં તો બહું વર્ણન (છે), આખું તત્ત્વ ભર્યું છે ને એમાં એટલે એ જ અહીંયાં કહે છે.

'સમભાવની પ્રાપ્તિને સામાયિક કહે છે.' થોડો અર્થ કર્યો છે. 'આ ભાવ ત્યારે જ સંભવિત બને જ્યારે આ વિશ્વને...' નિશ્ચયદૃષ્ટિથી દેખે તો. આમાં ઈ કીધું ને? ભાઈ! સર્વ જીવ જ્ઞાનમય દેખો, એનો અર્થ શું થયો? શું થયો એનો અર્થ? નિશ્ચયથી જોયું, વ્યવહારથી જોવું ન રહ્યું. હું પણ જેમ જ્ઞાનમય, એ પણ જ્ઞાનમય. એ જ્ઞાનમય દેખવું એમાં કાંઈ વિકલ્પ નથી, એ રાગ નથી. એ સ્વ જ્ઞાનમય, બધા જ્ઞાનમય. નિશ્ચયથી હું જ્ઞાનમય, નિશ્ચયથી બધા જ્ઞાનમય, એવી આત્મજ્ઞાનની પર્યાય પ્રગટ થવી એને સમભાવ કહે છે. એ વીતરાગભાવ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છે. એથી કહ્યું ને, જુઓને! 'जो सम-भाव मुणेइ, सव्वे जीवा णाणमया, जो सम-भाव मुणेइ' અરે..! સર્વ જીવને આટલા બધા જોવા જાય ત્યાં એને રાગ ન થાય? કે, ના. એ તો આ જ્ઞાનનો પર્યાય એવા સામર્થવાળો છે કે આ (હું) જ્ઞાનમય છું અને આ બધા જ્ઞાનમય છે, એવી જ્ઞાનની પર્યાયનાં સામર્થ્યની દશા છે. એને જાણતાં હું પણ જ્ઞાનમય છું, પર્યાય નહિ, આ બધા જ્ઞાનમય છે–એમ સમભાવે રાગની અપેક્ષા વિના, પરની અપેક્ષા વિના સ્વના સામર્થ્યમાં સ્વ-પરનું જાણવું પરિણમે તેને સમભાવ કહે છે. આહાહા...! સમજાણું કાંઈ?

તેને જ સામાયિક હોય છે. જુઓ! આ સામાયિકની વ્યાખ્યા. પછી આઠ કર્મની લાંબી વાત કરી છે, આપણે ટૂંકી કરી નાખી. ભાઈ! ટૂંકી કરી નાંખી ને! આઠ કર્મને વિશે વિષમતા ને વિપરીતતા કે ઓછા-વત્તાપણું હોય એ પર્યાયનયનો વિષય છે તેને ગૌણ કરીને. કેમ? કે પોતે પણ પોતાના પર્યાયનયના વિષયને ગૌણ કર્યો છે. ભેદને, રાગને, અલ્પતાને ગૌણ કરીને, અભાવ કરીને નહિ, ગૌણ કરીને, વ્યવહારને અભાવ કરીને નહિ પણ વ્યવહાર ગૌણ કરીને તેને નથી (એમ કહ્યું) અને (નિશ્ચયને) મુખ્ય કરીને તે છે (એમ કહ્યું). એકલો ભગવાન જ્ઞાન ને આનંદમય છે એને મુખ્ય કરીને તેનો અસ્તિપણાનો જ્યાં સ્વીકાર થયો (ત્યાં) સમભાવ પ્રગટ્યો. સમજાણું કાંઈ?

પછી કહે છે, 'આ રીતે સમભાવ લાવીને ધ્યાતા જ્યારે પર જીવો તરફથી ઉપયોગ ખસેડીને...' છેલ્લી પાછળની વાત છે, છેલ્લી. 'કેવળ પોતાના સ્વભાવમાં જોડે છે ત્યારે નિશ્ચળ થઈ જાય છે, આત્મસ્થ થઈ જાય છે.' પાછળ, તદ્દન પાછળ, છેલ્લું થોડું. (વચ્ચે) લાંબુ ઘણું કર્યું છે, એ તો કર્મની વાતથી લાંબુ કર્યું છે. આ કર્મને આમ થાય ને આમ થાય. એ વિવિધતા ન જોવી એટલું. 'નિશ્ચળ થઈ જાય છે, આત્મસ્થ થઈ જાય છે.'

ભગવાનઆત્મા જ્ઞાનમય, આનંદમય, સ્વભાવમય, સ્વભાવવાન, જ્ઞાનવાન, જ્ઞાનમય એવું જ એનું સ્વરૂપ છે એમ જે આત્મસ્થ થાય છે એને સમભાવ પ્રગટ થાય છે. 'આત્માનુભવમાં આવી જાય છે...' એ આત્મા અનુભવમાં આવી જાય, સ્થિરતા. 'ત્યારે જ પરમ નિર્જરાના કારણરૂપ સામાયિક ચારિત્રનો પ્રકાશ થાય છે.' શુદ્ધિ, જ્ઞાનમય પ્રભુ ચૈતન્યમય છે એમ દૃષ્ટિ, જ્ઞાન અને એના તરફનો ઝુકાવ થઈ, સમભાવ દશા થઈ એ દૃષ્ટિએ પરને પણ નિશ્ચયથી એના પોતાના જ્ઞાનના સ્વપર સામર્થ્યનાં કારણે પરને પણ જ્ઞાનમય જોતાં તેની દશામાં નિર્જરાનું કારણ સમભાવ ઉત્પન્ન થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? કહો! આ સામાયિક! કેટલી સામાયિકો કરી હશે કેટલાયે, આ વળી સામાયિક કઈ જાતની નીકળી? આહા..!

આ એક સમયની સામાયિક ભવના અભાવને કરે. એથી એમાં ભવનો અભાવ લખ્યું છે ને! કારણ કે આવો સમભાવ હોય એને ભવનો અભાવ થયા વિના રહે જ નહિ. એ તો એનું ફળ મૂક્યું છે. હિન્દીમાં મૂક્યું છે અને એ તો ગુજરાતીમાં આમાં મૂક્યું છે. એ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



તો ભાઈએ પછી શ્લોક પ્રમાણે શબ્દાર્થ કરીને ભાઈએ કર્યું છે. ઓલામાં જરી ફળ નાંખ્યું હતું. જિનવર એમ કહે છે, ભગવાનઆત્મા જ્ઞાનમય જેણે વસ્તુની ત્રિકાળીતા, અભેદતા સ્વભાવ સાથે આ સ્વભાવવાનને (છે) એમ જેણે દૃષ્ટિએ જોયું ને ઠર્યો એને ભવ હોય જ નહિ. કારણ કે વસ્તુમાં ભવ અને ભવનો ભાવ નથી. આ જ્ઞાનમય જોતામાં શું આવ્યું? જ્ઞાનમય આત્મામાં શું આવ્યું? ભવ છે એમાં? ભવનો ભાવ છે? એ તો પરમાં ગયો, આમાં ક્યાં છે ઇ? આચાર્યોના શબ્દો છે, આ તો આચાર્યોના શબ્દો છે એમાં તો ગૂઢ ગંભીરતા છે. આમાં એક એક શબ્દોમાં ઘણા આગમો વસ્યા છે. સમજાણું કાંઈ?

જ્ઞાનમય ભગવાન (છે) એમ જેણે વર્તમાન દશા વડે ત્રિકાળ જ્ઞાનમય છે એમ જેણે જોયું એમા ભવ ક્યાં છે? દ્રવ્યમાં ભવ ક્યાં? ગુણમાં ભવ ક્યાં? અને જે દ્વારા સમભાવે જોયું એ ભાવમાં ભવ ક્યાં? અને એ ભાવમાં ભવનાં કારણરૂપ ભાવ ક્યાં? એ ભાવ તો પૃથક્ રહી ગયો. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા ભવનાં અભાવ સ્વભાવ સ્વરૂપ છે. તો ભવના અભાવ-સ્વભાવ સ્વરૂપ દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેયમાં વ્યાપી ગયું. લ્યો, વળી આ આવ્યું. શું કીધું? કે, ભગવાનઆત્મા જ્યાં જ્ઞાનમય છે એમ કહ્યું તો જ્ઞાનમય એ તો જ્ઞાન સ્વભાવમય (અને) આત્મા સ્વભાવવાન, એમ જ્યાં અંદર નિર્ણય અને સમભાવ પ્રગટ્યો તેની પર્યાયમાં પણ જ્ઞાનમય (ભાવ પ્રગટ્યો), રાગમય ન આવ્યું. ત્યાં પણ જ્ઞાનમયની પર્યાય, શ્રદ્ધામયની પર્યાય, સ્થિરતાની પર્યાય પ્રગટ થઈ. એટલે ભવનાં અભાવ-સ્વભાવવાળું દ્રવ્ય એનો નિશ્ચય થતાં એ ભવનો અભાવ-સ્વભાવ ત્રણેયમાં વ્યાપી ગયો. દ્રવ્યમાં ભવનો અભાવ ભાવ, ગુણમાં ભવનો અભાવ ભાવ અને એને પ્રગટ્યો સમભાવ એમાં ભવનો અભાવ ભાવ. એથી એમાં વિષમભાવ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ વસ્તુ એવી છે. આ તો '**जिणवर एम भणेइ**' એ તો જાણ્યું છે એમ કહે છે. કાંઈ કર્યું છે ભગવાને બીજાનું? આહાહા..! જુઓ!

નિર્જરાનું કારણ થાય છે. 'વિકલ્પરહિત ભાવમાં રહેવું તે જ સામાયિક છે, એ જ મુનિપદ છે એ જ મોક્ષમાર્ગ છે, એ જ રત્નત્રયની એકતા છે.' લ્યો! ઓહો..હો..! એણે વાતનું સ્વરૂપ પદાર્થનું (જાણ્યું નથી). વિકલ્પ આદિ હો, રાગ આદિ (હો), નબળાઈનો ભાવ (હોય) પણ કહે છે એ કાંઈ કાયમની ચીજ છે? સમજાય છે? પર તરફનો ઝુકાવવાળો ભાવ એ કાયમી ચીજ છે? એ તો નબળાઈની ચીજ છે. નબળાઈ તો વર્તમાન વ્યવહાર નયનો, પર્યાયનયનો વિષય થયો. એ આદરણીય વિષય ન રહ્યો, જાણવા લાયક રહ્યો. આદરણીય વિષય તો ભગવાન ત્રિકાળ જ્ઞાનમય, આનંદમય, સ્વભાવમય, ભવનાં અભાવ-સ્વભાવમય આત્મા (છે) એવી દૃષ્ટિ થતાં તેને જ્ઞાન, દર્શન ને ચારિત્રની સમભાવ દશા પ્રગટ થાય છે એને સામાયિક કહે છે. આહાહા..!

દિગંબર સંતોએ તો થોડા થોડા શ્લોકમાં તો મહા કેટલુંય ભરી દીધું છે!! હેં? ઓહો..હો..! મુનિઓની શું વાત! છઠ્ઠે-સાતમે ઝુલતા સંત, એને આ લખવાનો એક વિકલ્પ આવ્યો છે,

www.vitragvani.com



હોં! એ રાગ પણ મારામાં ક્યાં છે. મારામાં ક્યાં છે. હું એને ક્યાં મારામાં જોઉં છું. આહાહા..! લખવા કાળનો વિકલ્પ છે, વાણીની રચનાં તો જડની છે. એ વાણી, આ શ્લોકો કંઈ મારાથી રચાતા નથી.

ભગવાનઆત્મા જ્યાં જ્ઞાનમય છે એમ જ્યાં જોયું ત્યાં વિકલ્પ ઉઠ્યો એ મય નથી, એ તો પૃથક્ રહી ગયો. વાણીની ક્રિયા તો પૃથક્ જડમાં રહી ગઈ અને બીજા આત્માઓનાં ભેદ-ભાવવાળા ભાવ એ તો ભંગ-ભેદ પર્યાયનયના વિષયમાં રહી ગયા. એકલા ભગવાન, જ્ઞાનના ભગવાન બધાય છે. આખો લોક પરમાત્માથી ભર્યો છે. આહાહા..! ઓલા (અજ્ઞાની) તડે વિષ્ણુ, થડે વિષ્ણુ કહે. એમ નથી. સમજાણું કાંઈ? આખો ચૌદ બ્રહ્માંડ એકલા પરમાત્માનાં પદથી જ ભરેલો આખો લોક છે. આ હિસાબે. સત્વ જુદા અનંતના, પણ છે બધા ભગવાન સર્વ જ્ઞાનમય, પિંડમય પ્રભુ છે બધા. ઓલાને તો ભાન નથી (તો કહે છે), જળે વિષ્ણુ, થડે વિષ્ણુ, ભગવાન એક વ્યાપક (છે). એમ છે નહિ ત્રણ કાળમાં. સમજાણું કાંઈ?

તેથી આચાર્યે ભાષા શું વાપરી છે? 'सव्वे' શબ્દ વાપર્યો છે. પૃથક્ પૃથક્ રાખીને વાત કરી છે. બધાને એક કરીને નથી. એક ત્રણકાળમાં હોઈ શકતા નથી. અનંતની સત્તા તે અનંતની પૃથકપણે રહીને, સિદ્ધ પણ પૃથક સત્તા રહીને સિદ્ધ થાય છે. સિદ્ધમાં થઈને એક સત્તા બીજામાં ભળી (નથી જતી). જ્યોતમાં જ્યોત ભીલાય, એમ કેટલાક કહે છે. ન્યાં પછી ભળી ગયા. શું ધૂળ ભળે? સાંભળને!

મુમુક્ષુ :– નોખો ચોકો.

ઉત્તર :– નોખા ચોકા (શું) સત્તા ત્રિકાળ જુદી છે. ત્રિકાળ સત્તાનું હોવાપણું જુદું (છે) તો જ્યાં મોક્ષ થયો ત્યાં સત્તાનો અભાવ થયો કે મોક્ષ થયો ત્યાં વિકારનો અભાવ થયો? વિકારનો અભાવ થયો તો સ્વસત્તાની વિકાસશક્તિ પૂર્ણ પ્રગટી, (તે) સહિત સત્તા રહી છે. સમજાણું કાંઈ? આ વસ્તુ આવી છે. અન્યમતિઓ બધા ગપ્પા મારે (કે) આ બધા એક છે (એમ નથી). ઓલા જૈનમાં એમ કહે છે. એક હતો ઓલો ભાઈ! નહિ? 'મણિયાર' હતો ને? ભાઈ! આપણે આંધળો. (સંવત) ૧૯૯૫માં વ્યાખ્યાન સાંભળવા આવતો. આ 'સમયસાર' આપણે ચાલતું ત્યારે. (ત્યારે એણે કહેલું), હા, મહારાજ! બરાબર છે, હોં! જ્યોતમાં જ્યોતિ મિલાયી.પછી સિદ્ધ થાય ને જ્યોતમાં જ્યોતિ મિલાય જાય. અરે..! એમ નથી. આવા ક્યાં ગપ્પા માર્યા? એકમાં અનેક ને અનેકમાં એક આવે છે ને સ્તુતિમાં? એ તો જ્યાં એક ભગવાન બિરાજે ત્યાં ક્ષેત્રમાં અનંત છે, અનંત બિરાજે ત્યાં એક છે, સત્તા દરેકની ભિન્ન છે. અસ્તિત્વ હોય એ કોઈ તત્ત્વ ખોઈ બેસે? એનો અસ્તિત્વગુણ જ એવો છે કે જે અસ્તિત્વગુણને લઈને દરેક તત્ત્વ અનાદિઅનંત સ્વસત્તાને ધારી રાખ્યું છે. એ તો અસ્તિત્વગુણનો ગુણ છે. છ ગુણનો સામાન્ય ગુણનો પહેલો ગુણ છે–અસ્તિત્વ. અસ્તિત્વ કહો કે સત્ કહો. સમજાણું કાંઈ?

www.vitragvani.com



અહીં આચાર્ય ભગવાન કહે છે કે, ભાઈ! આહાહા..! આવો ભાવ જ્યાં તને બેઠો કે ભગવાન તો એકલો જ્ઞાન ચૈતન્ય સુર્ય છે, બસ! એ શું કરે? એ રાગને કરે? એ પરનું કરે? એ રાગ અને પરને પર્યાયથી ભેદને જાણે. પર્યાયનયથી જાણવાનું (કરે). નિશ્ચયનયથી તે અભેદ જ્ઞાનમય બધા આત્મા, એ બધા જ્ઞાનમય આત્મા પણ રાગને કરતાં નથી અને કર્મને વશ થયેલી દશા એનાં જ્ઞાનમયમાં નથી. સમજાણું કાંઈ? આહાહા..! એમ જેને અંતરમાં જ્ઞાનની વાસ્તવિક રીતે સમતા પ્રગટી છે એને સામાયિક ભગવાન પરમાત્મા 'जिणवर एम भणेइ'. ત્રણલોકના નાથ પરમેશ્વર જિનદેવ એને સામાયિક કહે છે. આહાહા..! એને હવે ભવ નથી. સમજાણું કાંઈ? વસ્તુમાં-દ્રવ્ય-ગુણમાં તો ભવ નહોતા પણ પર્યાય આવી પ્રગટી એટલે હવે પર્યાયમાં ભવ નથી. આહાહા..! તેથી 'फुडु' શબ્દ વાપર્યો છે ને! પ્રગટ થઈ ગઈ સામાયિક દશા (તેને) ભવ નથી, ભવ નથી. આહાહા..!

(લોકોને) એવું લાગે ભગવાન જાણે ભગવાને કેટલા ભવ દેખ્યા હશે? હવે સાંભળને! તું તને દેખે છે ઇ પ્રમાણે ભગવાન દેખે છે. તું દેખ કે હું અરાગી છું. મારે સંસાર નથી તો ભગવાન એમ દેખે. અને એવી દશા છે. જ્ઞાનમય ભગવાનઆત્મા, આનંદમય આત્મા સ્વભાવનો અભેદવાળો સ્વભાવ. સ્વભાવવાન સ્વભાવથી અભેદ છે, ભવનાં ભાવથી અભેદ છે નહિ. સમજાણું કાંઈ?

જુઓ! આ સામાયિક ને આ સામાયિક કેવી? કોને હોય? અને કેમ હોય? પહેલા (આ) ત્રણ બોલ કહ્યા હતા, ભાઈ! શરૂઆતમાં પહેલા ત્રણ (બોલ) કહ્યા હતા. કેવી હોય? કોને હોય? કેમ હોય? સમજાણું કાંઈ? પહેલું આવ્યું હતું કે નહિ? આ વળી શું ત્રણ? આહાહા..!ભાઈ કેવી હોય? આવી સમતા હોય, સામાયિક હોય. કોને હોય? જ્ઞાનમય દેખે એને હોય. સમજાણું કાંઈ? કેમ હોય? કે, સ્વભાવનો આશ્રય કરે એને હોય. આહાહા..!

બીજા બધા આત્માઓને, જ્યારે પોતે પણ પોતાનાં આત્માને જ્ઞાનમયથી જ્યાં જોવે છે, જાણે છે, એ સ્થિતિએ પોતાને જ્યાં રાગને ભેદને ગૌણ કરી નાંખ્યો છે, તો એ રીતે બધા આત્માને પોતાનાં સ્વભાવદૃષ્ટિએ જોતા એનો પણ ભેદ ને રાગ ગૌણ કરીને તેને જ્ઞાનમય જોવે. બસ! સમભાવ (થઈ ગયો). કોઈ ઉપર વિષમપણું કરવાનું રહેતું નથી. આ પરમાત્મા છે માટે વંદનીક છે એવો રાગ પણ રહેતો નથી, એમ કહે છે. અને આ જૈનદર્શનનો વિરોધી છે માટે દ્વેષ (થાય), એ વસ્તુમાં છે નહિ, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'શ્રી યોગીન્દ્રદેવ અમૃતાશીતિમાં કહે છે : હે મિત્ર! સાચા સામ્યભાવની ગુફાની મધ્યમાં બેસીને...' ભાષા જુઓ! આપણે 'સમયસાર'ની 'જયસેનાચાર્યદેવ'ની ૪૯ ગાથાની ટીકામાં આવે છે ને? 'અનુભૂતિની ગુફામાં બેસ'. ૪૯મી ગાથામાં છે. 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં (છે). અનુભૂતિની ગુફા. સમજાણું? 'सचैवोपादेय आत्मा इति मत्वा निर्विकल्पनिर्मोह-निरंजननिजशुद्धात्म-समाधिसंजातसुखामृतरसानुभूतिलक्षणे गिरिगुहागह्वरे स्थित्वा' કેવી ગિરીગુફા?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ગિરીગુફાના વિશેષણ વાપર્યા કે, ભગવાનઆત્માને–શુદ્ધ પૂર્ણ છે એને જાણીને.. સમજાણું? 'इति मत्वा निर्विकल्पनिर्मोहनिरंजननिजशुद्धात्मसमाधिसंजातसुखामृतरसानुभूतिलक्षणे गिरिगुहागह्वरे स्थित्वा सर्वतात्पर्येण ध्यात्व्य इति।' એ ગિરી ગુફા (છે). બહારની ગિરી ગુફામાં ઓલો ગિરી ગુફા ગોતે. નિવૃત્ત જ છે, તારી ગિરી ગુફા અહીં પડી છે. સમજાણું કાંઈ? ક્યાંક એકલા જઈએ. પણ અહીં છે કે નહિ? તું તો બધે તું નો તું છો. સમજાય છે? જ્યાં જાય, ગિરીગુફામાં જાય તો તું તારા સમભાવથી દેખ તો થાય એવું છે. આ સમુદાયમાં રહીને બેઠો હોય તો તું તને એકલો દેખતો થા એવું છે. એમાં કાંઈ કોઈ બહારની ચીજ તને દખલ કરે છે કે વિષમતા ઉપજાવે એવી કોઈ ચીજ છે નહિ. આહાહા..!

એ તો ભાઈ 'બનારસીદાસજી'એ લખ્યું નથી? 'ચાહે રહો ઘર મેં...' પંડિતજી! આમ છે. 'ચાહે રહો ઘર મેં, ચાહે રહે મંદિર મેં, વન મેં મંદિર મેં' એમ છે. 'ચાહે રહો વન મેં, ચાહે રહો મંદિર મેં' એવું 'બનારસીદાસજી'નું કાંઈક છે. ઘણા બધા પાઠ કાંઈ યાદ હોય? પાછળ છે. સમજાણું કાંઈ?

આચાર્ય મહારાજ શું કહે છે? દેખો! 'હે મિત્ર!' આહાહા..! ક્યાંથી કાઢ્યું ઈ? 'सखे', 'आत्मानमात्मनि सखे' આહાહા..! આચાર્ય (કહે છે), હે સખા! મારી હારનો મિત્ર તું છો. આહાહા..! અમે પણ સ્વભાવને સાધકપણે ધ્યાવીએ છીએ ને! અને હવે સ્વભાવમાં જાઈએ છીએ, હોં! તું પણ સખો–મારો મિત્ર છો, ભાઈ! આહાહા..! કેટલી કરુણાદૃષ્ટિથી આ મિત્ર બનાવ્યો, લ્યો! બાપા! સખા! 'સામ્યભાવની ગુફાની મધ્યમાં બેસીને અને નિર્દોષ પદ્માસન આદિ બાંધીને પોતાના જ એક આત્મામાં પોતાના જ પરમાત્મા સ્વરૂપ આત્માને તું ધ્યા. જેથી તું સમાધિનું સુખ અનુભવી શકે.' 'અમૃતાશીતિ'નો શ્લોક છે. સામ્યભાવની ગુફા. ભાઈ! સમતાની ગુફામાં જા! જ્ઞાનમય ભગવાન શુદ્ધરૂપ એને દેખવા જાય ત્યાં ગુફાની અંદર પેઠો, એમ કહે છે. રાગથી નીકળી ગયો, સંયોગથી નીકળી ગયો. એવો ભગવાનઆત્મા અનુભૂતિ લક્ષણ એવી જે ગિરીગુફામાં પેઠો, એમાં સમભાવ પ્રગટ્યો એને સુખનો અનુભવ થાય છે. ૯૯ (પૂરી) થઈ. ૧૦૦. એ પણ સામાયિકની વ્યાખ્યા છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## રાગ દ્વેષનો ત્યાગ તે સામાયિક છે

**राय-रोस बे परिहरि वि, जो समभाउ मुणेइ।**
**सो सामाइउ जाणि फुडु, केवलि एम भणेइ।।१००।।**

રાગ-દ્વેષ બે ત્યાગીને ધારે સમતાભાવ;
તે સામાયિક જાણવું, ભાખે જિનવરરાવ. ૧૦૦.

**અન્વયાર્થ :–** (**जो राग-रोस बे परिहरि वि समभाउ मुणेइ**) જે કોઈ રાગદ્વેષનો ત્યાગ કરીને સમભાવની ભાવના કરે છે (**सो फुडु सामाइउ जाणि**) તેને પ્રગટપણે સામાયિક જાણો (**एम केवलि भणेइ**) એમ કેવળી ભગવાને કહ્યું છે.

---

**राय-रोस बे परिहरि वि, जो समभाउ मुणेइ।**
**सो सामाइउ जाणि फुडु, केवलि एम भणेइ।।१००।।**

'फुडु' ને 'लहु' શબ્દ તો આમાં બહુ આવે છે. 'लहु' એટલે શીઘ્ર અને 'फुडु' એટલે પ્રગટ.'જે કોઈ રાગદ્વેષનો ત્યાગ કરીને...' અર્થાત્ વિષમતાને દેખવું-જોવું છોડી દઈને. 'સમભાવની ભાવના કરે છે...' ભગવાનઆત્મા તદ્દન વીતરાગી બિંબ છે. એ તો જાણનાર, દેખનાર ત્રિકાળ સ્વભાવ ધારણ (કરનારું) તત્ત્વ છે. એમ જે અંતરમાં સમભાવની ભાવના કરે છે 'તેને પ્રગટપણે સામાયિક જાણો...' એની દશામાં સામાયિક થઈ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ભાવના એટલે રાગ લેવો?

ઉત્તર :– રાગની વાત ક્યાં છે? કોણે કીધું? ઓલો કહે છે ખરો, એ કહે છે, હોં! 'રતનચંદજી' કહે છે. આપણે પેલું નહોતું (આવ્યું)? ભાવના. શુદ્ધઉપયોગની ભાવના શ્રાવકને સામાયિકમાં હોય છે. 'જયસેનાચાર્યદેવ'ની ટીકા. ભાઈ 'ફૂલચંદજી'એ નાખ્યું હતું કે, ભાઈ! સામાયિકમાં કોઈવાર સામાયિક આદિમાં પણ શ્રાવકને પણ શુદ્ધઉપયોગ હોય છે. અને ભાવના, ભાવનાનો અર્થ જ હોય છે. ભાવના વિકલ્પ એમાં આમ થાય, એવી ભાવના તો આખા કેવળજ્ઞાનની છે. એની ક્યાં વાત છે અહીં? આ તો શુદ્ધોપયોગનું પરિણમન સામાયિકમાં કોઈવાર, સામાયિક સિવાય પણ કોઈવાર પાંચમાં ગુણસ્થાનમાં, ચોથામાં પણ એવું થઈ જાય છે. કોઈવાર એ દશા હોય છે. અંદરનાં પૂર્ણને સ્વરૂપને નિર્વિકલ્પને સ્પર્શવાનો ભાવ અમુક કાળે ન આવે તો વસ્તુ રહેતી નથી. આહાહા..! ઝીણી વાત છે. એ છે, 'જયસેનાચાર્યદેવ'ની ટીકામાં છે. તે દિ' એક ફેરી કાઢ્યું હતું. સમજાણું?

આ ભાવનાનો અર્થ શું છે? સમભાવ. અહીં તો એમ કહ્યું છે 'राग-रोस बे परिहरि

www.vitragvani.com



वि समभाउ मुणेइ' જાણવું, એમ છે. સમભાવની ભાવના કરે એટલે વીતરાગ પર્યાય પ્રગટ કરે. પોતાના સ્વભાવમાં... ભાઈ! આવું ટાણું, આવો કાળ મળ્યો, પ્રભુ! તારામાં પૂર્ણતા પડી છે ને પ્રભુ! ત્યાં ક્યાં ગોતવા જાવું છે? તારી નજર પડ્યે તને ન્યાલ થવાના રસ્તા છે. આહાહા..! ન્યાલ થવાનો રસ્તો ક્યાંય બહાર નથી. આહાહા..!

ભગવાનઆત્મા...! કહે છે કે, જેને રાગ-દ્વેષના વિષમતાના ભેદનું લક્ષ છોડી દઈને સમભાવને 'मुणेइ', સમભાવને કરે છે, ત્યાં એમ લેવું. 'मुणेइ'નો અર્થ જાણે છે (થાય છે) પણ એનો અર્થ કરે છે (એમ લેવું). સમભાવ જે પ્રગટ કરે છે 'તેને પ્રગટપણે સામાયિક જાણો એમ કેવળી ભગવાને કહ્યું છે.' જુઓ! એમાં ઇ નાંખ્યું. 'केवलि एम भणेइ'. ઓલામાં 'जिनवर एम भणेइ' (હતું). સર્વજ્ઞ પરમેશ્વર જેને એક સમયમાં સ્વપરની પૂર્ણતાનું જ્ઞાન જ્યાં પ્રગટ વ્યક્ત (થયું), શક્તિમાં હતું ઇ પ્રગટ થઈ ગયું છે, એવા પરમેશ્વરે સામાયિક આમ કહી છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

એ વસ્તુનું મહાત્મ્ય અને વસ્તુનો સ્વભાવ (એને ખબર નથી). એને આમ જાણે બહારનાં મહાત્મ્ય આડે આ આત્મા તો કોઈ ચીજ જ નથી. આ થઈ ગઈ, અધિક થઈ ગઈ, અધિક. શુભ રાગ વિકલ્પ કર્યો ને કાં વિશેષ જ્ઞાન થઈ ગયું, નવ પૂર્વનું લ્યો ને! (ત્યાં તો) આહા..હા..! (થઈ ગયું એટલે) આ અધિક થઈ ગયું, ઓલો મોટો ભગવાન રહી જાય છે ને! આખો ચૈતન્ય પિંડ એના મહાત્મ્યમાં આવતો નથી.

અહીં કહે છે કે, જ્યાં એ મહત્મ્યમાં આવ્યું ત્યાં રાગ-દ્વેષ છૂટી ગયા. એને પ્રગટ સામાયિક છે એમ કેવળી ભગવાન કહે છે. સમજાણું? 'રાગ-દ્વેષનો ત્યાગ જ સામાયિક છે.' ઇ ભાઈ વાત કરે છે. મિથ્યાદૃષ્ટિને એવું નથી. 'સમ્યગ્દૃષ્ટિનો ભાવ બદલાઈ જાય છે.' ન્યાંથી શરૂ કરીએ. મિથ્યાદૃષ્ટિમાં રાગ ને અલ્પજ્ઞતા ને સંયોગનાં અસ્તિત્વમાં જ મારું અસ્તિત્વ છે એમ સ્વીકારે છે. મિથ્યા નામ અસત્ દૃષ્ટિવાળો સંયોગમાં કાં વિકારમાં કાં અલ્પજ્ઞ આદિ પર્યાયમાં પોતાનું હોવાપણું સ્વીકારે છે. તેથી તેને અસત્ દૃષ્ટિમાં રાગ-દ્વેષ સાથે જ વસેલા છે. એને આ અલ્પજ્ઞ દેખે ત્યાં અરે..! આવો? (એમ થાય). વિશેષ દેખે તો, આહાહા..! પંડિત છે, અધિક છે (એમ થાય). પર્યાયથી અધિક-ઓછો દેખે ત્યાં એને (રાગ-દ્વેષ થયા વિના) રહે નહિ. હીણો દેખો તો ઉં..હું.. (થાય). પણ એ બધી દૃષ્ટિ એને પોતાની પર્યાયની દૃષ્ટિ છે તો બીજાના પર્યાયનાં ભેદો આવા દેખતા એને નાના-મોટાપણું દેખીને રાગ-દ્વેષ કર્યા વિના રહેતો નથી. સમજાણું કાંઈ?

'સમ્યગ્દૃષ્ટિનો ભાવ બદલાઈ જાય છે. તે સંસારના સુખનો શ્રદ્ધાવાન રહેતો નથી.' આહાહા..! દૃષ્ટિમાં જેની વિપરીતતા છે એનો ઉલ્લાસ પુણ્યના પરિણામમાં, પાપના પરિણામમાં, એના બંધમાં અને એનાં ફળમાં એ ઉલ્લસિત વીર્ય એનું ત્યાં રોકાય ગયેલું છે. આહાહા..! એટલે પરમાં જ સુખને કલ્પે છે. હાશ કરીને માને છે ને? ઠીક કરીને માને છે ને? પુણ્ય-

www.vitragvani.com



પાપના પરિણામ, અલ્પજ્ઞતા કે નિમિત્તતા એમાં ઠીક કરીને માન્યું એટલે એમાં સુખ માન્યું. પણ આત્મા આનંદમૂર્તિ છે–મારામાં આનંદ છે એવું એણે માન્યું નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

છન્નુ હજાર સ્ત્રીના વૃંદમાં પડ્યો પણ એ આનંદ ક્યાંય માનતો નથી, હોં! આહાહા..! અરે..! એ તે દૃષ્ટિની કેટલી કિંમત! આહાહા..! જેના આનંદનાં ભેટા ભગવાનમાં ભાળે છે એ છન્નુ હજાર (સ્ત્રીના) ભોગમાં દેખાતો હોય (પણ એની) દૃષ્ટિ ગુલાંટ ખાઈ ગઈ છે. 'ભાવ બદલાઈ ગયો છે. તે સંસારના સુખનો શ્રદ્ધાવાન રહેતો નથી.' આહાહા..! આ ઇન્દ્રો આવીને આમ માન આપે. કોને માન? આનંદની ઉલ્લસિત વીર્યની સ્ફુરણા તો મારામાં પડી છે. એટલે આ ઇન્દ્રો આ છે તે મને ઠીક માને છે એવો વિકલ્પ કરવાનું ત્યાં રહેતું નથી. એને કારણે રહેતું નથી, કોઈ નબળાઈને કારણે આસક્તિથી અસ્થિરતા થઈ જાય એ ચારિત્ર દોષ છે, આને કારણે થાય એ મિથ્યાદૃષ્ટિનો દોષ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ઇષ્ટ માને છે.

ઉત્તર :– ઇષ્ટને માનતો જે કહે છે કે વિકાર મને એને લઈને થયો (એ) દૃષ્ટિ મિથ્યાત્વ છે. વસ્તુ ઇષ્ટ-અનિષ્ટ છે નહિ. વસ્તુ જ્ઞેય છે. જ્ઞેયના બે ભાગલા પાડે છે એ મિથ્યાદૃષ્ટિ (ભાગલા) પાડે છે. આ મને ઠીક છે એટલે એને રાગ થયા વિના રહે જ નહિ. આ મને અઠીક છે તો દ્વેષ થયા વિના રહે નહિ. જ્ઞાનીને જ્ઞેયના બે ભાગ છે જ નહિ. જ્ઞાની જ્ઞેયને જ્ઞેય તરીકે જાણે, ઇષ્ટ-અનિષ્ટ એની બુદ્ધિમાં છે નહિ. પણ નબળાઈને લઈને ઇષ્ટ-અનિષ્ટની વૃત્તિઓ ઉઠી જાય એ પરને કારણે નહિ. ઇષ્ટ-અનિષ્ટ પદાર્થને કારણે નહિ અને સ્વભાવને કારણે નહિ, કમજોરીને કારણે જરી (રાગ) ઉભો થઈ જાય (એ) આસક્તિનો ચારિત્રદોષ છે. આહાહા..! સમજાણું કાંઈ ?

'સમ્યગ્દૃષ્ટિનો ભાવ બદલાઈ જાય છે.' પલટી જાય છે, દૃષ્ટિમાં પલટો ખાય છે. આહાહા..! 'સંસારના સુખનો શ્રદ્ધાવાન રહેતો નથી.' ક્યાંય એને સુખ શ્રદ્ધામાં ભાસતું નથી. ભગવાનઆત્મામાં આનંદ ભાસે છે. આહાહા..! જેના ઇન્દ્રો મિત્રો હોય, ચક્રવર્તીને ઇન્દ્રો મિત્ર હોય. સિંહાસનમાં આવીને ભેગા બેસે. (તેમાં) ક્યાંય સુખબુદ્ધિ દેખાતી નથી. આહાહા..! હીરાના સિંહાસન હોય. એ તો ચક્રવર્તી છે ને! હીરાના સિંહાસન (હોય). ઇન્દ્ર આવીને (બેસે છે). પધારો.. પધારો. ઉપરથી ઈન્દ્ર (આવે), ભેગા બેસે. ... મિત્ર. તો એમાં આ ઠીક થયું એમ દૃષ્ટિમાં છે જ નહિ. આહા..! એ બધા પૂર્વનાં પુણ્યનાં ખેલ મારા જ્ઞાનમાં જ્ઞેય (છે), એ જાણવા લાયક છે. સમજાણું કાંઈ? એ મારો નિવાસ, મારો વાસ છે ત્યાં મારો નિવાસ છે. મારો વાસ તો સ્વભાવમાં, આનંદમાં છે. ત્યાં મારો નિવાસ (છે). આ રાગ ને આ સંયોગમાં હું છું જ નહિ. સમજાણું કાંઈ? એમ સમ્યગ્દૃષ્ટિની શ્રદ્ધા પલટી ગઈ છે.

મિથ્યાદૃષ્ટિની અનાદિથી બીજી (શ્રદ્ધા છે). એને જ્યાં હોય ત્યાં સુખ ભાસે છે. ભગવાનમાં

www.vitragvani.com



સુખ ન ભાસતા જ્યાં-ત્યાં સુખ ભાસે છે. પુણ્ય પરિણામમાં ને પાપ પરિણામમાં ને સંયોગો સારા મિત્રો મળ્યા, બાયડી મળી કે ... મળ્યું, પદમણી જેવી મળી, પૈસા મળ્યા તો સુખ ભાસે છે. કેમ હશે 'મૂળચંદભાઈ'? આ પૈસાવાળાને પુછીએ. હેં? 'ધીરુભાઈ'! ગાંડાનાં ઇસ્પીતાલમાં ગાંડા ગાંડાને ડાહ્યા કહે. હેં? પાગલની ઇસ્પીતાલ હોય... આહાહા..!

પાગલપણું એટલે? જ્યાં આત્મામાં આનંદ છે ત્યાં ન માનતા બીજે આનંદ માને એ મિથ્યાદૃષ્ટિ પાગલ છે. આહાહા...! 'સમાધિશતક'માં તો 'પૂજ્યપાદસ્વામી'એ ત્યાં સુધી લીધું છે કે, ભાન દૃષ્ટિનું છે છતાં વિકલ્પ એવો થાય કે, હું આને સમજાવું એથી સમજશે, હું એનાથી સમજું. કહે છે કે પાગલ છે વિકલ્પમાં. 'સમાધિશતક'માં કહ્યું છે. એ પાગલ-ઉન્માદ છે. ઉન્માદ છે.

ભાઈ! ક્યાં જ્ઞાનમૂર્તિ પ્રભુમાં પરની વિષમતાથી હોંશ અને પ્રતિકૂળતાથી ખેદ એ વસ્તુમાં નથી અને એ ચીજમાં પણ નથી. એ ચીજો જે છે એમાં હોંશ કરવાની વૃત્તિનું કારણ એ નથી, શોક કરવાનું કારણ એ નથી અને હોંશ ને શોક કરવાની ચીજ આત્મામાં પણ નથી, પર્યાયમાં ઉભી કરે છે. પર્યાયદૃષ્ટિવાળો આ સુખ, અહીં સુખ (છે), અહીં સુખ (છે એમ વૃત્તિ ઉભી કરે છે). સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ પલટી ગઈ છે. પરમાં ઠીકપણાની હોંશની શ્રદ્ધા બળી ગઈ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'તેને અતીન્દ્રિય આત્મિક આનંદની ગાઢ શ્રદ્ધા હોય છે. તે એક માત્ર સિદ્ધ દશાનો જ પ્રેમી રહે છે.' મારી દશા જેવો દશાવાન છું તેવી દશા થાય, તે જ ભાવનાવાળો સમકિતી છે. એ રાગની ભાવના અને અલ્પજ્ઞ રહેવાની ભાવના હોતી નથી. સર્વજ્ઞ કેમ વીતરાગ થયા ને સર્વજ્ઞ થયા? એ અલ્પજ્ઞ અને રાગમાં કેમ ન રહ્યા? એણે અલ્પજ્ઞ અને રાગનો અભાવ કરીને સર્વજ્ઞ વીતરાગ થયા. એના ઉપદેશમાં પણ એ આવ્યું, અલ્પજ્ઞ ને રાગની દૃષ્ટિ છોડ અને સર્વજ્ઞ સ્વભાવની દૃષ્ટિ કર, સર્વજ્ઞ થા ને વિજ્ઞાનઘન થા! સમજાણું કાંઈ? એવા સમ્યગ્દૃષ્ટિ અતીન્દ્રિય પ્રેમી છે. 'તે સંસાર, શરીર અને ભોગો પ્રત્યે સંપૂર્ણ વિરક્ત થઈ જાય છે.' સમજાય છે? માટે તેને સમતા (હોય છે). અંદરમાં સમ્યગ્દર્શનનાં પ્રમાણમાં સમતા અને આગળ વધતાં ચારિત્રદોષ ટળીને સમભાવની સ્થિરતા થાય અને વીતરાગપણાની સમતા (થાય) એને સામાયિક કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(મુમુક્ષુ : પ્રમાણ વચન ગુરુદેવ!)

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## વીર સંવત ૨૪૯૨, શ્રાવણ સુદ ૭, રવિવાર
## તા. ૨૪-૦૭-૧૯૬૬
## ગાથા– ૧૦૦ થી ૧૦૩. પ્રવચન નં. ૪૩

સામાયિક–સમતાભાવ કોને કહેવો? વાત આવી–'केवलि एम भणेइ' આવ્યું છે ને? રાગ-દ્વેષનો પરિહાર (કરી) સમભાવને પ્રગટ કરે તેને સામાયિક પ્રગટરૂપે કેવળજ્ઞાની મહારાજ કહે છે. આત્મા જ્ઞાનનંદ સ્વરૂપ (છે) એવો જેને અંતર નિર્ણય અને ભાન થયું એને બીજા પ્રાણીઓ પ્રત્યે સમભાવ છે. સમજાણું? ધર્મી જીવની દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિ કરતાં ઊલટી થઈ ગઈ છે.

અજ્ઞાની બીજાના કામ દેખીને આણે આનું કર્યું, આણે આમ કર્યું, આણે આનું બગાડ્યું, આનું આણે સુધાર્યું એમ માનીને અજ્ઞાની પોતે રાગ-દ્વેષ કરે છે. જ્ઞાની એમ જાણે છે કે કોઈ કોઈનું બગાડતું ને સુધારતું નથી. સૌ સૌની દશા પોતાના કર્મ અનુસાર સંયોગ-વિયોગ થાય છે. એને કારણે એને બીજા પ્રત્યે એને આણે આનું કર્યું માટે દ્વેષ થાય ને આનું સારું કર્યું માટે રાગ થાય, એવું કારણ સમ્યગ્દૃષ્ટિને જ્ઞાનમાં, શ્રદ્ધામાં રહેતું નથી. સમજાણું કાંઈ?

એથી અહીં છેલ્લે આમ કહ્યું 'તે જાણે છે કે સર્વ જીવોને સુખ દુઃખ અને તેમના જીવન-મરણ તેમના જ પોતાના કર્મોના ઉદય અનુસાર થાય છે. કર્મોના ઉદયને કોઈ મટાડી શકતું નથી.' એ 'બંધ અધિકાર'ની વાત લીધી છે. અહીં ધર્મી પોતાનાં આત્મસ્વભાવને જ્ઞાતા-દૃષ્ટા તરીકે કબુલતો, જાણતો, ઠરતો. સમજાણું કાંઈ? બીજા જીવના જીવન ને મરણ, સુખી-દુઃખીનાં સંયોગો, કોઈ બીજો કોઈને કરી શકે છે એમ જ્ઞાની માનતો નથી. જગતમાં અનેક કામો ચાલે છે એના પોતપોતાના અંતરંગ ઉપાદાન(ના) કારણે કાર્ય થાય છે.

મુમુક્ષુ :– નિમિત્ત આવે તો થાય.

ઉત્તર :– એ પ્રશ્ન જ ક્યાં છે? નિમિત્ત ક્યાં નથી? એ વખતે પદાર્થમાં કાર્ય નથી તે વખતે નથી. અનાદિઅનંત પદાર્થમાં સમયે સમયે કાર્ય થાય છે.

મુમુક્ષુ :– સારું નિમિત મળે તો કાર્ય થાય ને.

ઉત્તર :– પ્રશ્ન જ ક્યાં એમાં સારાં-નરસાંનો આવ્યો?

વસ્તુ છ દ્રવ્ય... એમાં થોડું લખ્યું છે. પછી આગળ આવશે. જેમ આ સૂર્ય ઉગે છે એને કોઈ એમ વિચારે છે કે આ સૂર્ય ઝટ આથમી જાય તો ઠીક ને ઝટ ઉગે તો ઠીક, ઓછો સૂર્ય થાય તો ઠીક ને વધે તો ઠીક? એ તો એને કારણે ઉગે અને એને કારણે અસ્ત થાય છે. એમાં ઓછા-વત્તા કરવાપણાનું કારણ કોઈને વિકલ્પ આવતો નથી. એમ

www.vitragvani.com



ધર્મી જીવને જગતનાં પદાર્થો તેના ક્રમે પરિણમતા પોતાની અવસ્થાના કાર્યને કરે ત્યારે બીજી ચીજ એ વખતે અનુકૂળ જે હોય તે હોય જ છે, એથી એને બીજામાં વિષમતા ઉત્પન્ન થતી નથી. તેમ મેં બીજાના કામ કરી દીધા એવો એને અહંકાર હોતો નથી, તેમ બીજાઓ મારા કામ કરી દે એવી એની માન્યતા નથી.

મુમુક્ષુ :- કામ કરી દીધા ઇ જ અહંકાર.

ઉત્તર :- અહંકાર હોતો નથી એનો અર્થ કે કરી શકતો નથી, માટે અહંકાર નથી. કોનાં કાર્ય કરે? ક્યું દ્રવ્ય નકામું છે? નકામું એટલે? એનાં કામમાં કાર્યની પર્યાય વિનાનું દ્રવ્ય 'पर्याय विजुत्तम दव्वम्' પર્યાય વિનાનું દ્રવ્ય કહો કે કાર્ય વિનાનું દ્રવ્ય કહો, બે એક જ સ્વરૂપ છે. આહાહા..! સમજાય છે? શાસ્ત્રકારની ભાષા છે કે 'पर्याय विजुतम् दव्वम्' અને 'द्रव्य विजुत्तम पर्याय'. પર્યાય વિનાનું દ્રવ્ય ન હોય અને દ્રવ્ય વિનાની પર્યાય ન હોય. એનો અર્થ એ કે કાર્ય વિનાનું દ્રવ્ય ન હોય ને કારણ વિનાનું એ કાર્ય ન હોય. કારણ એટલે દ્રવ્ય. સમજાણું કાંઈ? આહાહા..!

છ દ્રવ્યનો જે વાસ્તવિક સ્વભાવ (છે) એનું કારણરૂપ દ્રવ્ય તો પોતે કારણ છે એના પર્યાયનું. સમયે સમયે કારણ એ ને પર્યાય તેનું કાર્ય. ક્યાં કાર્ય વિનાનું તે દ્રવ્ય છે? અને એ કાર્યનું એ કારણ દ્રવ્ય ક્યાં નથી? સંયોગી ચીજ હો તો હો ભલે, એની સાથે શું સંબંધ છે?

મુમુક્ષુ :- કારણ-કાર્યની મિંમાસા...

ઉત્તર :- એ જ કાર્ય કારણની મિંમાસા છે. સમજાણું કાંઈ?

એટલે અહીંયાં કહે છે, કોઈ કોઈને કોણ મારે? કોણ જીવાડે? કોણ આપે? કોને દે? કોને લે? એવી બધી ભ્રમણા અજ્ઞાનીને થાય છે કે આને આ દીધું ને આણે આને લીધું ને આને આમ કર્યું. એ જ્ઞાનીને થતું નથી. તેથી સહજપણે ધર્મીને એ જાતનાં પરનાં કારણ બનાવીને વિષમતા ભાવ ઉત્પન્ન થતો (હતો) એ થતો નથી. રવિવાર છે, રવિવાર છે એટલે વકીલ નવરા હોય.

અહીં તો કહે છે, આત્મા 'આવા સમભાવના ધારક જ્ઞાની ગૃહસ્થ સામાયિક શિક્ષાવ્રત અને મુનિ સામાયિક ચારિત્રના પાલક છે.' ગૃહસ્થાશ્રમમાં પણ પોતાના સમ્યગ્દર્શન ને જ્ઞાનનું ભાન છે એથી એને પર પ્રત્યેની વિષમતા ટળી ગઈ છે અથવા પોતાનાં જ્ઞાનમાં રાગાદિ કોઈ નબળાઈથી થાય તેને પોતાના સ્વભાવમાં એને ખતવતો નથી. સમજાણું કાંઈ? એ દાખલો આપ્યો છે. જુઓ!

'શ્રી સમયસાર કળશમાં કહ્યું છે :' છેલ્લો દાખલો. 'इति वस्तु स्वभावं स्वं ज्ञानी जानाति तेन सः' 'બંધ અધિકાર'નો ૧૭૬મો કળશ છે. 'બંધ અધિકાર'નો ૧૭૬મો સળંગ.. સળંગ.. સળંગ ૧૭૬ (શ્લોક છે). 'रागादीन्नात्मनः कुर्यान्नातो भवति कारकः' સમ્યગ્જ્ઞાની પોતાના જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવને જાણતો 'જ્ઞાની આવી રીતે સર્વ વસ્તુઓના સ્વભાવને...'

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



બધી વસ્તુનાં સ્વભાવને અને 'પોતાની જાતને બરાબર જાણે છે...' બધા ચૈતન્ય પરમાત્મ સ્વરૂપ જ્ઞાતા છે એમ જાણે છે. રાગ-દ્વેષની વિષમતા હો તો તેને વ્યવહારથી તેમ જાણે છે. દ્રવ્ય તરીકે જગતના પરમાણુ આદિ સામાન્યરૂપે તેને જાણે છે. વ્યવહાર તરીકે તેનો પર્યાય તેનું કાર્ય છે તેમ તે પર્યાયને કાર્ય તરીકે વ્યવહારનય તરીકે જાણે છે. સમજાણું કાંઈ? એનું પર્યાયે કાર્ય વ્યવહારનયથી જાણે છે, એમ કહ્યું. ત્યાં ઇ પર્યાયનો વ્યવહાર છે, નિશ્ચય એનું દ્રવ્ય છે. સમજાણું કાંઈ?

પરમાણુઓ અનંત છે એનું સામાન્યપણુ, ધ્રુવપણું તે તેનું દ્રવ્ય છે, નિશ્ચય છે. એનો પર્યાય તે સમયે સમયે (થાય છે) તે તેનો વ્યવહાર છે. એ વ્યવહાર. નિશ્ચય ને વ્યવહાર. પર્યાય વિનાનું દ્રવ્ય હોય નહિ, નિશ્ચય વ્યવહાર વિનાનું હોય નહિ, દ્રવ્ય કાર્ય વિનાનું હોય નહિ, કાર્યને પોતાનું દ્રવ્ય કારણ નથી એવું દ્રવ્ય એને ન હોય એમ હોય નહિ. આહાહા..! ભારે વાત, ભાઈ!

એવી સમતા થતાં 'પોતામાં રાગ-દ્વેષ ભાવ કરતા નથી,...' એટલે? રાગ-દ્વેષના વિકલ્પો જરી થાય પણ હું આત્મા જ્ઞાતા જ્ઞાનસ્વરૂપી શુદ્ધ સ્વભાવ (છું), એમ જાણતા એ રાગને પોતાના જ્ઞાન સ્વભાવમાં મેળવતો, ભેળવતો, ખતવતો નથી. સમજાણું કાંઈ? આહાહા..! આમ સમભાવ (છે). કો'ક લાકડી મારે તો સમભાવ (રાખવો), એમ સમભાવ નહિ. લ્યો! કોઈ લાકડી મારીને ક્ષમા રાખી. ઇ ક્ષમા નહિ.

મુમુક્ષુ :- એક થપાટ મારે તો બીજી મારવા દેવી.

ઉત્તર :- મારે ક્યાં? એ તો બધી ખ્રિસ્તીની વાતું. ઈસુ ખ્રિસ્ત કહે છે ને એક આમ મારે તો આમ માર, એ સમભાવ. એ સમભાવની વ્યાખ્યા જ નથી.

સમભાવની વ્યાખ્યા – આત્મા જ્ઞાનાનંદ સ્વભાવ અને પુણ્ય-પાપના વિકલ્પો એક પ્રકારના ઉઠે એ બધો એક જ પ્રકાર બંધભાવ છે. બેય વિષમભાવ છે, સ્વભાવ સમભાવ છે, એવો જ્યાં વિવેક થાય ત્યાં સમભાવ હોય, એને સમભાવ કહે છે. આમ ઓલા કહે, એક કોર તમે અહીં મારો, બીજી કોર અહીં મારો. ઈસુ ખ્રિસ્ત. એને ખબર જ નથી. મારે કોને ને સહન કરવું કોને? સમજાણું કાંઈ? જ્ઞાન ભગવાનઆત્મા પોતાના સમસ્વભાવી ચૈતન્ય રસને જ્ઞાની સમ્યગ્દષ્ટિ જાણતો, એમાં પુણ્ય-પાપના નબળાઈને લઈને થતાં રાગો એને સ્વભાવમાં ખતવતો નથી. બસ! એ અપેક્ષાએ તે રાગ-દ્વેષને કરતો નથી. સમજાય છે કાંઈ? એ સામાયિકની વાત થઈ. હવે છેદોપસ્થાપનાની (ગાથા છે).

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

## છેદોપસ્થાપના ચારિત્ર

हिंसादिउ-परिहारु करि, जो अप्पा हु ढवेइ।
सो वियउ चारित्तु मुणि, जो पंचम-गइ णेइ।।१०१।।

હિંસાદિકના ત્યાગથી, આત્મસ્થિતિકર જેહ;
તે બીજું ચારિત્ર છે, પંચમ ગતિકર તેહ. ૧૦૧.

અન્વયાર્થ :– (जो हिंसादिउ-परिहारु करि अप्पा हु उवेइ) જે કોઈ હિંસા આદિ પાપોનો ત્યાગ કરીને આત્માને સ્થિર કરે છે (सो वियउ चारित्तु मुणि) તે બીજા ચારિત્રના ધારક છે એમ જાણો. (जो पंचम-गइ णेइ) આ ચારિત્ર જીવને પંચમગતિમાં લઈ જાય છે.

---

हिंसादिउ-परिहारु करि, जो अप्पा हु ढवेइ।
सो वियउ चारित्तु मुणि, जो पंचम-गइ णेइ।।१०१।।

જે કોઈ આત્મા હિંસા આદિ પાપના પરિણામના અભાવ-સ્વભાવ સ્વરૂપ આત્માને 'સ્થિર કરે છે...' 'अप्पा हु ढवेइ' નાસ્તિ કરી. હિંસા, જૂઠું, ચોરી આદિના ભાવનો અભાવ કરી, એ તો નાસ્તિથી વાત કરી, ભગવાન જ્ઞાયક સ્વરૂપમાં 'ढवेइ... ढवेइ' 'છેદોપસ્થાપના' શબ્દ છે ને? ભાઈ! એથી એમાંથી એ શબ્દ કાઢ્યો. ઉપર 'સ્થાપ' શબ્દ છે ખરો ને? આહા..! એટલે અધ્યાત્મથી વાત કરી. છેદ ઉપસ્થિત. છેદ–વિકારનો છેદ કરી આત્મામાં સ્થાપવું તેને છેદોપસ્થાપના એવો અર્થ અહીં કર્યો છે. અધ્યાત્મ છે. પરિહારમાં એમ લેશે. યથાખ્યાતમાં એમ લેશે. સૂક્ષ્મ સંપ્રાય એ ખોટું છે. એ ચારિત્ર યથાખ્યાત છે. સૂક્ષ્મ સંપ્રાય લખ્યું છે એ સૂક્ષ્મ સંપ્રાય નથી, એ યથાખ્યાત છે. 'સૂક્ષ્મ' શબ્દ પડ્યો છે ને એટલે ભ્રમ પડી ગયો છે. સમજાણું? આવશે ગાથામાં.

અહીં કહે છે 'हिंसादिउ-परिहारु' ભગવાનઆત્મા આનંદ સ્વરૂપના ભાનમાં, કાળમાં સ્વરૂપની સ્થિરતા આત્મામાં સ્થાપે છે ત્યારે એને હિંસા આદિ પરિણામોનો ત્યાં અભાવ થાય છે, અભાવ થઈને આત્મામાં આત્માને સ્થાપે છે તે 'वियउ चारित्तु'. 'યોગીન્દ્રદેવ' એણે છેદોપસ્થાપના કહેવા માગે છે. સમજાણું કાંઈ? નહિતર તો સામાયિકમાં સ્થિર હોય છે એમાં કોઈ વિકલ્પ દોષ લાગ્યો હોય એને છેદીને વળી સ્થિર થાય તો એને છેદોપસ્થાપનીય કહે છે.

અહીંયાં તો આ જ રીતે અધ્યાત્મથી લીધું છે. ભગવાન છેદ-ઉપસ્થ, ઉપસ્થ. ભગવાનઆત્મા સમસ્વભાવી વીતરાગી બિંબ આત્મા છે. એને વીતરાગી સ્વભાવથી વિરુદ્ધ

www.vitragvani.com



હિંસા, જૂઠ આદિના પરિણામ જે વિષમ છે, તેને છોડી સ્વભાવમાં આત્માને 'ઢવેइ' સ્થાપે છે તેને બીજું ચારિત્ર છેદોપસ્થાપનીય કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં? છેલ્લી ગાથાઓ છે ને! ચારિત્ર મોક્ષનું મૂળ છે ને! દર્શન-જ્ઞાન ભલે હો પણ મૂળ ચારિત્ર ઇ મોક્ષનું કારણ છે. 'चरित्त खलु धम्मो' અને 'પંચાસ્તિકાય'માં છેલ્લે ચારિત્ર લીધું છે ને! ચારિત્રમાં થોડું બાકી રહે એટલો પરસમય બાકી છે. .... ચારિત્ર પૂરું થઈ જાય, ચારિત્રની રમણતા એ જ મોક્ષનું કારણ છે. હા. એ ચારિત્ર સમ્યગ્દર્શન વિના ન હોય એ જુદી વાત છે, પણ મોક્ષનું સાક્ષાત કારણ તો સ્વરૂપની રમણતા છે. આહાહા...! એ રમણતા સ્વરૂપના દર્શન અને જ્ઞાન વિના હોતી નથી. ભગવાનઆત્મા સમસ્વભાવી ચૈતન્ય-સૂર્ય એના દર્શન, એનું અવલોકન, એની શ્રદ્ધા ને એના જ્ઞાન વિના સ્વરૂપમાં ઠરવું એવું ચારિત્ર, રમવું એવું ચારિત્ર હોતું નથી. પણ એ ચારિત્ર તો સાક્ષાત મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ?

'તે બીજા ચારિત્રના ધારક છે એમ જાણે. આ ચારિત્ર જીવને પંચમગતિમાં લઈ જાય છે.' પાઠ છે ને જુઓ! 'पंचम-गइ णेइ'-પહોંચાડે છે, પંચમગતિ પહોંચાડે છે, લઈ જાય છે. ભગવાનઆત્મા સ્વરૂપની રમણતા કરતાં, ધ્રુવ સ્વરૂપ ભગવાન એમાં રમણતા કરતાં ધ્રુવ પર્યાય એવી પ્રગટ છે, ધ્રુવ એટલે છે તો પર્યાય પણ એને કૂટસ્થ તરીકે એવી ને એવી જ સ્થિરતા કાયમ રહે છે એથી એને એક ન્યાયે ધ્રુવ ને કૂટસ્થ પણ કહેવાય છે.

ધ્રુવ સ્વરૂપમાં સ્થિરતારૂપી પર્યાય પ્રગટતા કેવળજ્ઞાનને પણ એક ન્યાયે કૂટસ્થ કહ્યું છે. 'પંચાસ્તિકાય'. છે ને? અપેક્ષાથી એવું ને એવું ને એવું ને એવું છે. સ્થિરતા એવી ને એવી, એવી ને એવી સ્થિરતા રહે છે. જેમ સ્થિર પોતે બિંબ ભગવાન છે એમાં સ્થિરતાનો અંતર અભ્યાસ થતાં એ સ્થિરતા એમ ને એમ કાયમ રહી જાય છે. ભલે પલટે ભલે પણ સ્થિરતા એમ ને એમ વીતરાગતા કાયમ રહે છે તેથી તેને ધ્રુવ પણ એક ન્યાયે કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..!

આ અધ્યાત્મથી વાત કરી છે ને! એની-સાધુની કેટલીક વાત કરી છે, ઠીક છે. એનો છેલ્લો શ્લોક 'તત્ત્વાર્થસાર'નો છે. 'જ્યાં હિંસાદિના ભેદથી પાપકર્મોનો ત્યાગ કરવો અથવા વ્રતભંગ થતાં પ્રાયશ્ચિત લઈને પછી વ્રતી થવું તે છેદોપસ્થાપના ચારિત્ર છે.' બે પ્રકારનું લીધું છે ને? બે પ્રકાર છે. 'પ્રવચનસાર'માં ચરણાનુયોગમાં બે પ્રકાર છે. સામાયિકમાંથી ભેદ પડીને પછી સ્થિર રહેવું કાં છેદ કરીને સ્થિર રહેવું-એ બે પ્રકારના છે. કહો, સમજાણું? હવે ત્રીજો શ્લોક-૧૦૨. આ બહુ સાધારણ વાત છે એટલે લેતા નથી. જુઓ! પરિહારવિશુદ્ધિ ચારિત્રની વ્યાખ્યા! અધ્યાત્મની.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



## પરિહારવિશુદ્ધિ ચારિત્ર

मिच्छादिउ जो परिहरणु, सम्मद्दंसण-सुद्धि।
सो परिहारविसुद्धि मुणि, लहु पावहि सिवसिद्धि।।१०२।।

મિથ્યાત્વાદિક પરિહરણ, સમ્યગ્દર્શન શુદ્ધિ;
તે પરિહારવિશુદ્ધિ છે, શીઘ્ર સહો શિવસિદ્ધિ. ૧૦૨.

અન્વયાર્થ :– (जो मिच्छा दिउ परिहरणु) જે મિથ્યાત્વાદિનો ત્યાગ કરીને (सम्मद्दंसण सुद्धि) સમ્યગ્દર્શનની શુદ્ધિ પ્રાપ્તિ કરવી (सो परिहार विसुद्धि मुणि) તેને પરિહાર વિશુદ્ધિ સંયમ જાણો. (लहु सिव-सिद्धि पावहि) જેનાથી શ્રેષ્ઠ મોક્ષની સિદ્ધિ મળે છે.

---

मिच्छादिउ जो परिहरणु, सम्मद्दंसण-सुद्धि।
सो परिहारविसुद्धि मुणि, लहु पावहि सिवसिद्धि।।१०२।।

એવી શૈલી લીધી છે. પરિહારવિશુદ્ધિ એટલે ચાલતી રૂઢિ પ્રમાણે તો એમ છે કે સ્વરૂપ જે છે પરિહારવિશુદ્ધનું તે વિશેષ સાધુ પ્રાપ્ત થાય છે ત્રીસ વર્ષ પછી, અમુક જાતનો સંસારમાં રહ્યો હોય ને પછી ભગવાન પાસે આઠ વર્ષ રહીને સંગતિ પ્રત્યાખ્યાન પૂર્વનો અભ્યાસ આદિ કર્યો હોય તો એને હોય છે. એ તો કોની દશા એ રીતે (કહ્યું છે) પણ અહીં તો એને ખરો પરિહાર, ખરો પરિહાર તો મિથ્યાશ્રદ્ધાનો ત્યાગ 'सम्मद्दंसण-सुद्धि' એનો ખરો પરિહાર કહે છે, અહીં તો. આહાહા..!

मिच्छादिउ जो परिहरणु, सम्मद्दंसण-सुद्धि।
सो परिहारविसुद्धि मुणि, लहु पावहि सिवसिद्धि।।

'જે મિથ્યાત્વાદિનો ત્યાગ કરીને...' 'આદિ' શબ્દ છે ને? મિથ્યાત્વ–ભ્રમણા, અસ્થિરતા, અવ્રત, કષાય આદિના મલિન પરિણામ. ત્યાંથી પરિહાર ઉપાડ્યું. સમજાણું કાંઈ? જેણે પરમાત્મા નિજ સ્વરૂપનો અંતર શ્રદ્ધા ને જ્ઞાન દ્વારા સત્કાર કર્યો છે, આદર કર્યો છે. જેણે પરમાત્મા પોતે પૂર્ણાનંદ સ્વરૂપ (છે) એવું શ્રદ્ધા ને જ્ઞાનમાં ઉપાદેયપણે કર્યું છે એનો અર્થ કે એનો સત્કાર, આદર કર્યો છે. અનાદિથી એનો અનાદર કરતો અને પુણ્ય ને પાપના વિકલ્પોનો અનાદિથી એકલો એકાંત આદર કરતો. સમજાણું કાંઈ? એને છોડીને જે 'સમ્યગ્દર્શનની શુદ્ધિ પ્રાપ્ત કરવી...' ત્યાં 'એક' શબ્દ લીધો છે. એ તો 'અષ્ટ પાહુડ'માં આવે છે ને? 'सम्मद्दंसण' એક સમકિતમાં પરિણત થયેલો આઠ કર્મને નાશ કરે છે. એવો 'અષ્ટ પાહુડ'માં શ્લોક છે. 'કુંદકુંદાચાર્ય'. ત્યાં જોર દેવું છે–સમ્યગ્દર્શન. સ્વરૂપની જે શ્રદ્ધા પૂર્ણ પૂર્ણ પૂર્ણ થઈ છે એના તરફનાં વલણમાં એનું ને એનું પરિણમન આમ જ્યાં ચાલ્યું

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



(તો) આઠે કર્મનો નાશ થઈ જાય છે. 'समस्त परिणमणुं अठ कम्मं' નાશ થાય છે, એવો પાઠ છે. સમજાણું કાંઈ?

એમ ભગવાન પરમાનંદ અનંત ગુણનું ધામ એનો જ્યાં અંતર સ્વભાવમાં એકાકાર થઈને થાપ મારી, આદર કર્યો કે આ જ આત્મા છે (ત્યાં) બધો પરિહાર થઈ ગયો. સમજાણું કાંઈ? મિથ્યાત્વનો પરિહાર અને રાગ-દ્વેષનો પણ જ્યાં પરિહાર નામ ત્યાગ નામ અભાવ થયો અને ભગવાનઆત્માના સ્વરૂપની પૂર્ણ પ્રતીતિનો આદર અને સ્વરૂપમાં સ્થિરતા થઈ તેને અહીં પરિહારવિશુદ્ધિ ચારિત્ર કહે છે. આહાહા..! દર્શન ઉપર વધારે જોર આપ્યું છે.

વસ્તુ સમ્યગ્દર્શન વિના એક ડગલું પણ આગળ ધર્મનું ચાલી શકે નહિ. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ જેની દૃષ્ટિમાં પરમાત્મા નિજ સ્વરૂપનો ભેટો થયો એને ખરેખર પરમાત્માનો શ્રદ્ધા-જ્ઞાનમાં સાક્ષાત્કાર થયો છે. સમજાણું કાંઈ? લોકો નથી કહેતા? કે, એલા તને ભગવાનનો સાક્ષાત્કાર થયો? ભગવાન મળ્યા તને? એ ભગવાન પરમેશ્વર પોતે જેના શ્રદ્ધા ને જ્ઞાનમાં અંતર્મુખ થતાં ભેટો થયો એનું સમ્યગ્દર્શન અને શાંતિનું પરિણમન (થયું) એને અહીંયાં પરિહારવિશુદ્ધ ચારિત્ર કહે છે. અધ્યાત્મથી વાત લીધી છે ને! ઓલી ક્રિયા વ્યવહારની છે એ વાતને જ્ઞાનમાં લીધી. સમજાણું કાંઈ?

'અહીં અધ્યાત્મદૃષ્ટિથી શબ્દાર્થ લઈને કહ્યું છે...' એણે ખુલાસો કર્યો છે 'અહીં અધ્યાત્મદૃષ્ટિથી શબ્દાર્થ લઈને કહ્યું છે કે મિથ્યાત્વાદિ વિષયોનો ત્યાગ કરીને સમ્યગ્દર્શનની વિશેષ શુદ્ધિ પ્રાપ્ત કરવી તે પરિહારવિશુદ્ધિ છે.' બીજી રીતે કહીએ તો મિથ્યાત્વ શ્રદ્ધાનો વિષય પર છે, ઊંધી શ્રદ્ધાનો વિષય પર છે, રાગ-દ્વેષ, આ.. આ.. આ.. આખી ચીજ સમ્યગ્દર્શનનો વિષય છે. સમજાણું કાંઈ? મિથ્યાત્વ શ્રદ્ધામાં તો આ રાગ, દ્વેષ, પુણ્ય, પાપ આ.. આ.. આ.. આ અલ્પજ્ઞ એ અસ્તિ આખું આવે છે. એવો વિષય જેને છૂટી ગયો છે અને સમ્યગ્દર્શનમાં સ્વ વિષય જેને પ્રાપ્ત થયો છે. અને રાગાદિમાં પણ વિષય પર છે, રાગ-દ્વેષની પર્યાયમાં વલણ પર ઉપર જાય છે. ઓલી શ્રદ્ધાનો વિષય પર હતો, આ રાગ-દ્વેષની અસ્થિરતામાં પણ, પ્રશસ્ત દેવ-ગુરુ આદિ કે અપ્રશસ્ત સ્ત્રી, કુટુંબ એનો વિષય પર ઉપર જાય છે. એનો વિષય આમ અંદરમાં ફરી ગયો છે. સમભાવ કરીને જેણે આત્માને વિષય બનાવ્યો છે એવા ચારિત્રને પરિહારવિશુદ્ધ ચારિત્ર અધ્યાત્મ શબ્દાર્થથી કહ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ?

દિગંબર આચાર્યોએ ભિન્ન ભિન્ન ગ્રંથમાં ભિન્ન ભિન્ન વિધિએ આત્માને ગાયો છે. સમજાણું? કારણ કે આચાર્યનો ક્ષયોપશમ પણ ભિન્ન ભિન્ન વ્યક્તિ છે એટલે હોય અને એના સ્થિરતાના પ્રકાર પણ ઘણા ફેર પડે. ષટ્‌ગુણહાનિવૃદ્ધિ હોય છે. ભલે છઠ્ઠું ગુણસ્થાન હોય પણ પર્યાયના ભેદ (છે) એટલે એની કથન પદ્ધતિમાં પણ જુદી જુદી જાતની શૈલીએ અધ્યાત્મને પ્રસિદ્ધ કર્યું છે. સમજાણું ?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



'શુદ્ધ આત્માનો (નિર્મળ) અનુભવ જ મોક્ષમાર્ગ છે. તેના બાધક મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર છે.' એને છોડીને જ્યાં જ્ઞાન ને ચારિત્ર એકદેશ ઝળકે છે... જ્ઞાન ને ચારિત્ર. સ્વરૂપનું જ્ઞાન. જ્ઞાન અને ચારિત્ર એટલે? આ જ્ઞાનમૂર્તિ એ ઝળકે છે, પર્યાયમાં પ્રગટ થાય છે અને સ્વરૂપની સ્થિરતા આત્મામાં પ્રગટ થાય છે. 'તેની પૂર્ણ પ્રગટતા માટે અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન અને સંજ્વલન કષાયનો નાશ કરીને જેમ જેમ સ્વાનુભવનો અધિક અભ્યાસ થાય છે તેમ તેમ કષાયની મલિનતા ઓછી થતી જાય છે. શ્રાવકપદમાં દેશચારિત્ર હોય છે અને સાધુપદમાં સકલ ચારિત્ર હોય છે.' સમજાણું? એણે ભંગ પાડ્યો છે. ખરેખર તો આ પરિહારવિશુદ્ધિ છે એ તો મુનિને છે પણ એણે જરી ભેદ (પાડ્યો છે). ખરેખર આ તો મુનિને છે.

વાત જરીક એવી લીધી છે કે સમ્યગ્જ્ઞાનને કારણે ધર્મીને રાગ-દ્વેષનો પરિહાર કેમ વર્તે છે? કે એને કોઈ પદાર્થની વિસ્મયતા લાગતી નથી. જે પદાર્થ જે સ્વરૂપે પરિણમે છે એ રીતે એનો સ્વભાવ વર્તમાન પર્યાયનો છે એથી તેને વિસ્મયતાથી, વિસ્મયતાથી, જે હાશથી જે રાગ થાય અને અવિસ્મય કે આમ કેમ હોય? એવો દુગંછાથી જે દ્વેષ થાય એવો રાગ-દ્વેષ જ્ઞાનમાં પદાર્થની યથાર્થ સ્થિતિનાં ભાસનને લઈને વિસ્મયતા કે છેદતા ન હોવાથી 'છ દ્રવ્યોના મૂળ ગુણ અને પર્યાયોના સ્વરૂપને કેવળજ્ઞાનીની જેમ યથાર્થ અને શંકારહિત જાણે છે.' શ્રુતજ્ઞાનમાં પણ પરોક્ષતા છે એટલી વાત છે પણ શ્રુતજ્ઞાન કેવળજ્ઞાની જાણે તેટલું જ, તેવું જ જાણે છે. સમજાણું કાંઈ? એ પોતાનાં જ્ઞાનમાં છયે દ્રવ્ય (યથાર્થ જાણે છે).

કાલે રાત્રે થોડું કહ્યું હતું અને આપણે 'કળશ ટીકા'માં આવી ગયું છે. 'કળશ ટીકા' છે ને એમાં (આવી ગયું) કે, આત્માનો એક ત્રિકાળી જ્ઞાનગુણ છે એની એક સમયની દશા છે, એ જ છ દ્રવ્યને જાણવાની તાકાતવાળી દશા છે. સમજાણું કાંઈ? આત્મા વસ્તુ છે એનો ત્રિકાળી જ્ઞાનગુણ છે, એની એક સમયની અવસ્થા છે. એ એક સમયની અવસ્થા છ દ્રવ્યને જાણવાની, માનવાની... ભલે હજી પરલક્ષી (છે) પણ એક સમયની પર્યાયમાં એટલી તાકાત છે. સમજાણું કાંઈ? 'કળશ ટીકા'માં વધારે લીધું છે. એણે ઉતાર્યું છે. 'રાજમલજી'એ એવી રીતે ઉતાર્યું છે અને વાત બરાબર છે. પર્યાયને માનતો નથી, છ દ્રવ્યને માનતો નથી એમ ઉતાર્યું છે. છ દ્રવ્યને માનતો નથી એ આત્માની પર્યાયને માનતો નથી. એવી રીતે એ વાત બરાબર છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા...! 'શશીભાઈ'! જુઓ! આ અન્યમતિ છ દ્રવ્ય માનતા નથી એનો અર્થ કે એ દ્રવ્યનાં એક ગુણની પર્યાયને જ માનતો નથી. એના પોતાના દ્રવ્યની એક પર્યાયનું સામર્થ્ય કેટલું છે એને એ માનતો નથી. સમજાણું કાંઈ? ભાઈએ કહ્યું છે 'ધર્મદાસ ક્ષુલ્લકે' 'સમ્યગ્જ્ઞાન દીપિકામાં' કહ્યું છે, જે કોઈ છ દ્રવ્ય અને છના ગુણ-પર્યાય છે, ઇ છને માનતો નથી તે આત્માને બિલકુલ માની શકે જ નહિ. સમજાણું કાંઈ? 'સમ્યગ્જ્ઞાન દીપિકા'. ભાષા

www.vitragvani.com



ક્ષયોપશમ બહુ થોડો છે પણ એની રુચિનું પરિણમન અને અંદર ધમધોકાર ઉપદેશ છે. 'સમ્યગ્જ્ઞાન દિપીકા', 'સ્વાત્માનુભવ મનન' એના બે ગ્રંથ છે. સમજાણું કાંઈ? જોરદાર છે. ક્ષયોપશમ ઓછો છે એટલે વારંવાર પુનરક્તિ બહુ આવી છે, એ તો આવે. આ 'તારણસ્વામી'માં પુનરક્તિ બહુ આવી છે, ઘણી. આ 'તારણપંથ' છે ને? પુનરક્તિ બહુ, પણ અધ્યાત્મનું અંદર જોર એટલું છે એનું, એટલું જોર છે... મારા પ્રમાણે નહિ માને તો 'निगोदम् गच्छइ' ત્યાં વારંવાર એ કહે છે. નિગોદ જશે.

ભગવાનઆત્મા અભેદ સ્વરૂપ ચિદાનંદ પૂર્ણ પરમાત્મા તારો બિરાજે છે એને એક સમયની અવસ્થા તો નહિ પણ એવો અનંત અવસ્થાનો પિંડ એક ગુણ ને એવા અનંત ગુણનો પિંડ એક દ્રવ્ય. જેના એક ગુણની એક પર્યાયની તાકાત છ દ્રવ્યને ઝીલી શકે એટલી તાકાત! છ દ્રવ્યને જાણે, શ્રદ્ધે એને કબુલ કરે એટલી એક પર્યાયની તાકાત. સમજાણું કાંઈ? આહાહા..! એવો આ ભગવાનઆત્મા એવી અનંત પર્યાયરૂપ આત્મા, એને જેણે અંતર જાણ્યો એને છયે દ્રવ્યના ગુણ-પર્યાયો કેવળી જાણે છે તેમ એ માને છે અને જાણે છે. સમજાણું કાંઈ? ઝીણું ભારે, ભાઈ!

આ બધા આત્મા.. આત્મા.. આત્મા કરે પણ આત્મા આત્મા કેવડો ને કેવો? સમજાણું? આત્મા તો હવે અત્યારે ઘણા ગાય છે. અહીંની વાત ૩૦-૩૧ વર્ષથી બહાર આવી ને! ઘણાય આત્મા ગાવા માંડ્યા. હમણા કોણ કહેતું હતું? 'રજનીશ'નું કાલે કો'ક કહેતું હતું. 'રજનીશ'નું આમ છે, ફલાણું છે, ઢીકણું છે. 'મુંબઈ' અરે..! ભગવાન! ભાઈ!

મુમુક્ષુ :– મુંબઈમાં એના અનુયાયીઓ ઘણાં છે.

ઉત્તર :– મળે, ભાઈ! આખી દુનિયા પડી છે. કીડીના નગરા ઘણા હોય. આ કીડીઓ નથી નીકળતી? એના શું કહેવાય એ? સાંજનાં લોટ નાંખે છે ને? એની ભાષા શું છે? બિલ.. બિલ ને? કાંઈક નામ હશે. સાંજે કીડીઓ બહુ નીકળે, પછી આ લોટ નાખે. આટા! અમારે નગરા કહે છે, નગરા એટલે એનું નગર એટલે ઘર. સાંજે બહુ હોય, સાંજે બહુ નીકળે. લાખો નીકળે એટલે કંઈ માણસ થઈ ગઈ કીડીયું? અહીં પહેલા બહુ નીકળતી.

આ તો ભગવાનઆત્મા આવડો છે કે જેના એક ગુણની, એક સમયની એક પર્યાય જે છ દ્રવ્યને જાણે એવું તો એક પર્યાયનું સ્વરૂપ સામર્થ્ય છે, એવો આત્મા. એમ આત્મા આત્મા કરે એમ ન ચાલે. સમજાણું કાંઈ? એવી અનંતી પર્યાયો જેનાં ગુણમાં–જ્ઞાન ગુણમાં પડી છે. એક સમયની પર્યાય છ દ્રવ્યને જાણે એવી અનંતી પર્યાયો ગુણમાં પડી છે. એવા અનંતી પર્યાયનો એક ગુણ, એને શ્રદ્ધવાની શ્રદ્ધાનો ગુણ એની એક સમયની પર્યાય આટલાને શ્રદ્ધે, હજી ભલે પર તરફમાં (છે), પણ એ શ્રદ્ધાની પર્યાયની એટલી તાકાત છે કે બધા ગુણોની પર્યાયની આવી તાકાત છે, એની પર્યાય શ્રદ્ધે છે. એવી અનંતી પર્યાય એના શ્રદ્ધા ગુણમાં પડી છે. સમજાણું કાંઈ? એવો એક ચારિત્ર ગુણ એટલો, એવો એક આનંદ ગુણ,

www.vitragvani.com



એવો એક સ્વચ્છતા ગુણ, એવો એક પ્રભુતા ગુણ, એવો એક કર્તા ગુણ, એવો એક કર્મ ગુણ, એવો એક કરણ ગુણ એનામાં છે. સમજાણું કાંઈ? ભાઈ! આત્મા તો મોટો ભગવાન છે, ભાઈ!

એ કહે છે કે, એવો આત્મા જેને ભાસ્યો, આ એને છ દ્રવ્યના મૂળ ગુણ, મૂળ એટલે સામાન્ય અને પર્યાયનાં સ્વરૂપ કેવળજ્ઞાનીની સમાન યથાર્થ શંકા રહિત જાણે છે. શંકા કેવી? શંકાનો તો ભૂહાંડિયો વળી ગયો. ત્યાં નિઃશંક દશા આત્માની થઈ ગઈ. ભગવાન જ આવડો મોટો છે! ઓહો..હો..! આ બધા કામ જુઓને, જગતમાં અનેક થઈ રહ્યા છે. થાય છે, હોય છે, બગડે છે એમ લોકોની ભાષાએ, વ્યય થાય છે, ઉત્પન્ન થાય છે એ બધો પર્યાય ધર્મ છે. એમાં જ્ઞાનીને કોઈ કોઈનો કર્તા ભાસતો નથી ને તેમાં તેની અદ્‌ભુતતા ને વિસ્મયતા લાગતી નથી. સમજાણું કાંઈ? આહાહા..! સાધારણ પ્રાણીને તો એવું લાગે કે આ શું? સમજાણું?

એક પરમાણુ એક સમયમાં ચૌદ બ્રહ્માંડ ચીરે, ગતિ કરે. પહેલે સમયે ગતિ નહોતી ને બીજે સમયે થઈ એનું કારણ કોણ? એક પરમાણુ પોઇન્ટ છે, એ વસ્તુ એવી કોઈ છે. એક પોઈન્ટ પરમાણુ છે એ એક સમયમાં આમ છે, બીજે સમયે એક પ્રદેશે જાય, ત્રીજે સમયે ચૌદ બ્રહ્માંડ જાય. કારણ કોણ? પર્યાયની વિસ્મયતા જ્ઞાનીને પણ આવતી નથી, એ એનો સ્વભાવ છે. બીજે સમયે ભલે પછી ઠરી જાય. એ એક સમયમાં આમ કેમ? આમ કેમ એ સમયનો એનો એવો સ્વભાવ છે. સમજાણું? એવું જ્ઞાનીએ છ દ્રવ્યનાં મૂળ ગુણ પર્યાયના સ્વભાવને જાણ્યા છે. સમજાણું કાંઈ?

'એવા દઢ જ્ઞાન અને વૈરાગ્યના ધારક સમ્યગ્દષ્ટિ પૂર્વ કર્મોના ઉદયથી જો કે ગૃહસ્થ પદમાં ગૃહસ્થને યોગ્ય અનેક કાર્ય કરતા...' કરતા એટલે દેખાય છે, 'કરતા દેખવામાં આવે છે તોપણ તે તે કાર્યો આસક્તિ ભાવથી કરતા નથી.' અહીં પરિહાર છે ને! પરિહાર, પરિહાર કરવો છે. નહિ.. નહિ.. નહિ. ભાવમાં જોડાય છે એમ દેખાય છે, કરે છે જાણે. આ હાલવું ને ચાલવું ને રાંધવું ને ખાવું ને બધી ક્રિયાઓનો જ્ઞાની કર્તા થતો નથી. જાણનાર રહીને જ્ઞાન તેને અલગ રાખે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'કષાયના ઉદયને રોગ જાણે છે.' જુઓ! ધર્મી તો કષાયના રાગને રોગ જાણે છે, એ રોગ પણ પુરુષાર્થથી ટળે છે એમ જાણે છે. મારા પુરુષાર્થની ગતિ એટલી વિપરીત છે માટે થાય છે. મારા સ્વભાવમાં એનો મેળ નથી. છતાં પણ જ્ઞાની જાણે છે કે આ રાગ (મારી નબળાઈને લઈને થયો છે). કર્મ રાગ કરાવે તો કર્મ ઉપર એને દ્વેષ આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! મારી નાખ્યાં! કર્મ ઉપર દ્વેષ આવ્યો પરદ્રવ્ય. આ કર્મ કાંઈક મોળા પડે ને તો ઠીક. પછી એના ઉપર રાગ આવ્યો. ઝીણી વ્યાખ્યા છે. રાગ-દ્વેષની હોં! સૂક્ષ્મ વ્યાખ્યા છે. સત્યનું સ્થાપન કરવું ને? આમ સત્ છે. રાગીને, હોં! કેવળીની વાત નથી. આમ સત્ છે ત્યાં પણ જરી રાગનો અંશ છે અને આમ ન હોય (એમ કહે) ત્યાં પણ જરી કષાયના

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



દ્વેષનો અંશ છે. ભગવાન તો વીતરાગરસ સ્વરૂપ છે. સમજાણું?

એક નયને મુખ્ય કરી, બીજાને ગૌણ કરીને સ્થાપન કરવું, છદ્મસ્થ છે ને? રાગ સાથે છે માટે, હોં! વસ્તુ માટે નહિ. કેવળી બધું કહે છે અને બધું સ્થાપે (છે). રાગી પ્રાણી(ને) રાગ છે ને! આમ ન હોય ભાઈ! આમ માર્ગ ન હોય (એમ કહે તેમાં) એટલો પણ અંદર પ્રશસ્ત કષાયનો અંશ છે. વીતરાગરસમાં એટલો એ પાલવતો નથી, ભાઈ! વીતરાગરસ એવો પ્રભુ! આંખમાં કદાચિત્ નાનું કણું જરી સામે, આ સામે નહિ એને. એવો જ્ઞાયક સ્વરૂપ. બીજો તો રાગ-દ્વેષ ક્યાં રહ્યો પણ એક નયને મુખ્ય કરીને નિશ્ચય આમ છે (એમ સ્થાપે). 'નિશ્ચય નયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની'. એ વિકલ્પવાળી નય નહિ, હોં! ઓલા અબદ્ધ, બદ્ધ ... આ તો અબદ્ધ. પણ એમાં વસ્તુ એ બરાબર છે પણ અહીંયાં જ્યાં સ્થાપનમાં જરી વીર્ય, વીર્ય જરી ત્યાં રોકાય છે ને એટલો જરી રાગનો અંશ વીતરાગરસમાં એ પણ પાલવતો નથી. પાલવતો નથી એટલે પોસાતો નથી, ચાલી શકતો નથી. એવું સ્વરૂપ છે, ભાઈ! સમજાણું કાંઈ?

કહે છે, ભગવાનઆત્મા ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં પણ એ પોતે કાર્યોમાં એની લીનતા એકાકાર નથી. સમજાય છે? અને રાગના ઉદયને એટલા ભાગને પણ સમપણામાં સાથે મેળવતાં એ વિષમતાનો અંશ તેને રોગ જાણે છે. સમજાણું કાંઈ? 'મોક્ષનો ઉપાય મૂળે એક સમ્યગ્દર્શનની શુદ્ધિ છે. વીતરાગ યથાખ્યાત ચારિત્ર અને કેવળજ્ઞાનની પ્રાપ્તિનો એ જ ઉપાય છે.' ભગવાનઆત્મા એ રાગના અંશના મેલ આદિ દ્વેષ આદિ, એને સ્વભાવથી જ્યાં ભિન્ન જાણ્યો છે એવા સમ્યગ્દર્શનમાં આશ્રય જ્યાં આત્માનો છે, એવો સમભાવી ભગવાન સમ્યક્ સમ્યક્ સમ્યક્ સત્યમાં પ્રતીતિમાં આવ્યો છે એના જોરથી એને વીતરાગ ચારિત્ર અને કેવળજ્ઞાનના લાભનો એ સમ્યગ્દર્શન એ જ ઉપાય છે, એમ અહીં કહ્યું. સમજાણું કાંઈ? આહાહા..!

એ હમણાં આપણે ભાઈએ ગાયું છે, નહિ? 'આનંદઘનજી'નું ગાયું છે ને? શેઠિયાએ કાંઈક ગાયું છે, એક શબ્દ લખ્યો છે. 'ગગન મંડળમાં' હોં! આવ્યું છે કે નહિ? આમાં ક્યાંક આવ્યું છે. 'આનંદઘનજી'એ ગાયું છે, 'આનંદઘનજી'. 'ગગમમંડળ મેં ગૌઆ વિહાણી વસુધા દૂધ જમાયા, માખણ થા સો વિરલા રે પાયા સંતો, છાશે જગત ભરમાયા, ગગનમંડળ મેં અધબીચ કૂવા, વહાં હૈ અમી કા વાસા, સુગુરા હોવે સો ભરભર પીવે સંતો, નુગુરા જાવે પ્યાસા અબધુ, સો જોગી ગુરુ મેરા, ઇન પદકા કરે રે નિવેડા'. 'ગગનમંડળ મેં ગૌઆ વિહાણી, વસુધા દૂધ જમાયા, માખણ થા સો વિરલા રે પાયા, પણ છાશે જગત ભરમાયા.' દુનિયાને છાશ મળી છે. પુણ્ય-પાપની ક્રિયા ને આ... માખણ તો જ્ઞાની ખાઈ ગયા અંદરથી, આહાહા..!

આમા ક્યાંક છે, હોં! લ્યો, ઇ જ આવ્યું. એક જ લીટી છે. 'શેઠિયા'એ બનાવ્યું છે

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



'આતમ ગગન મેં જ્ઞાન હી ગંગા, યામેં અમૃત વાસા, આતમ ગગન મેં જ્ઞાન હી ગંગા, જ્ઞાન હી ગંગા, યામેં અમૃત વાસા, સમ્યગ્દૃષ્ટિ ભર ભર પીવે સંતો, મિથ્યાદૃષ્ટિ જાય પ્યાસા અબધુ, સો જોગી રે ગુરુ મેરા, ઇન પદકા કરે રે નિવેડા' 'આનંદઘનજી'નું મોટું લાબું છે. બધા એકે એક જોયેલા. પહેલા, (સંવત) ૧૯૭૮ની સાલ પહેલા, હોં! એક એક 'આનંદઘનજી'ના પદો-બદો બધું ખૂબ જોયું છે.

આ અંતર આત્માની વાત, આ અલૌકિક વાત છે. ભગવાન સમરસી પ્રભુ! આહાહા..! એવા સમરસમાં જ્ઞાનમાં આમ વિષય બદલાય જાય કે આ ઠીક, અઠીક. કહે છે કે એ રાગ-દ્વેષ છે એ સ્વરૂપમાં પાલવતું હોઈ શકતું નથી. એનો જેને ત્યાગ છે તે ખરેખર પરિહારવિશુદ્ધિ ચારિત્ર છે. અધ્યાત્મથી લીધું છે ને!

'તત્ત્વાર્થસાર'માં લીધું છે, છેલ્લો દાખલો આપ્યો છે. 'જ્યાં પ્રાણીઓના ઘાતનો વિશેષપણે ત્યાગ હોય અને ચારિત્રની શુદ્ધિ હોય તે પરિહાર વિશુદ્ધિચારિત્ર છે.' એ 'તત્ત્વાર્થસાર'માં (આવે છે). 'અમૃતચંદ્રાચાર્ય'નું 'તત્ત્વાર્થસાર' છે ને? આપણે વ્યાખ્યાનમાં 'તત્ત્વાર્થસાર' વંચાઈ ગયું છે. કહો, સમજાણું આમાં? આ ટૂંકા ટૂંકુ કરીને (કહ્યું). હવે બધું પૂરું થવા આવ્યું છે. હવે યથાખ્યાત, ૧૦૩ (ગાથા).

---

## યથાખ્યાત સંયમ

सुहुमहँ लोहर्ह जो विलउ, जो सुहुमु वि परिणामु।
सो सुहुमु वि चारित्त मुणि, सो सासय-सुह धामु।।१०३।।

સૂક્ષ્મ લોભના નાશથી, જે સૂક્ષ્મ પરિણામ;
જાણો સૂક્ષ્મ-ચારિત્ર તે, જે શાશ્વત સુખધામ. ૧૦૩.

અન્વયાર્થ :- (सुहुमह लोहर्ह जो विलउ) સૂક્ષ્મ લોભનો જે ક્ષય થઈને (जो सुहुमु वि परिणामु) જે કોઈ સૂક્ષ્મ વીતરાગભાવ થાય છે (सो सुहुमु वि चारित्त मुणि) તેને સૂક્ષ્મ અથવા યથાખ્યાત ચારિત્ર જાણો. (सो सासय सुहधामु) તે જ અવિનાશી સુખનું સ્થાન છે.

---

પેલામાં સૂક્ષ્મ સંપ્રાય લખ્યું છે, એમ નથી. એમાં એમ છે ને? હા, પણ સૂક્ષ્મ એમ નથી. ઇ સૂક્ષ્મ ચારિત્ર એટલે યથાખ્યાત ચારિત્ર છે. પહેલા આપણે આવ્યું હતું એમાં ભૂલ હતી. પહેલો શબ્દ એવો હતો, જુઓ! 'સૂક્ષ્મ લોભના નાશથી, થાય શુદ્ધ પરિણામ, તે સૂક્ષ્મ સંપ્રાય છે ચારિત્ર સુખનું ધામ.' એમ નથી. આપણે છે એમાં? સૂક્ષ્મ ચારિત્ર એટલે યથાખ્યાત

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ચારિત્ર, એમ. આણે ઓલા સૂક્ષ્મ સંપ્રાય જોડી દીધું છે. સૂક્ષ્મ શબ્દ પડ્યો છે ને, જ્યાં સૂક્ષ્મ લોભનો નાશ થાય ત્યાં સૂક્ષ્મ સંપ્રાય હોય શેનું? સંપ્રાય તો રાગનું નામ છે. એ બધું ખોટું છે, મૂળ તો આમ છે.

सुहमहँ लोहर्ह जो विलउ, जो सुहुमु वि परिणामु।
सो सुहुमु वि चारित्त मुणि, सो सासय-सुह धामु।।१०३।।

યથાખ્યાત ચારિત્રની વાત કરે છે. ભગવાનઆત્મામાં...! આ છેલ્લી કડીઓ છે ને (એટલે) છેક સુધી લઈ, યથાખ્યાત સુધી લઈ (જઈ) પોતે ભગવાન બ્રહ્મા ને વિષ્ણુ પોતે એમ કરીને પૂરું કરશે. 'સૂક્ષ્મ લોભનો જે ક્ષય થઈને...' આ ચારિત્રની ઉત્કૃષ્ટ વ્યાખ્યા યથાખ્યાત ચારિત્ર. યથા-ખ્યાત જેવું સ્વરૂપ અંદર પ્રસિદ્ધ છે–અકષાય, અવિકારી, વીતરાગ, સમભાવ (સ્વરૂપ) એવી પર્યાયમાં યથા-પ્રસિદ્ધિ વીતરાગપણે થવી એને યથાખ્યાત ચારિત્ર કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

દસમે ગુણસ્થાને જે સૂક્ષ્મ લોભ રહે છે એનો પણ વિલય થઈ 'सुहुमु वि परिणामु' 'જે કોઈ સૂક્ષ્મ વીતરાગભાવ થાય છે...' એમ લેવું. સૂક્ષ્મ લોભનો અંશ જે દસમી ભૂમિકામાં–ગુણસ્થાનમાં હોય છે તેનો નાશ થઈ સૂક્ષ્મ પરિણામ જે પ્રગટ થાય, એકદમ વીતરાગ પરિણામ (પ્રગટ થાય) 'તેને સૂક્ષ્મ અથવા યથાખ્યાત ચારિત્ર જાણો.' એને સૂક્ષ્મ–ઝીણો વીતરાગી ચારિત્ર પર્યાય જાણો, સૂક્ષ્મ સંપ્રાય નહિ. સમજાણું કાંઈ? એ તો રાગ છે, સંપ્રાય તો રાગ છે. 'તે જ અવિનાશી સુખનું સ્થાન છે.' લ્યો! આહાહા..! એકદમ યથાખ્યાત છે ને! એવી યથાખ્યાતરૂપી નિર્મળ વીતરાગી પર્યાયનું તો બિંબ આત્મા છે, એકલો અકષાય રસ. સમજાણું?

એવા ભગવાનઆત્માનાં અંતર અવલંબનમાંથી પૂર્ણ વીતરાગતા પ્રગટી અને જ્યાં અંશ લોભનો પણ જે હતો તેનો વ્યય થયો, વીતરાગતાનો ઉત્પાદ થયો, વીતરાગસ્વરૂપે ધ્રુવ તો કાયમ પડ્યું છે. અહીં વિલય આવ્યું ને? અને પરિણામ છે એટલે ઉત્પાદ-વ્યય કીધા. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા ધ્રુવ સ્વરૂપ છે એ તો એકલો સમરસી સ્વભાવ છે, સમરસી જ્ઞાતા-દૃષ્ટા એ સમરસી સ્વભાવ છે. એમાં જે લોભનો અંશ બાકી હતો એનો વિલય કરી–વ્યય કરી અને વીતરાગી પર્યાયનો ઉત્પાદ થવો તેને યથાખ્યાત ચારિત્ર કહે છે. એ સાક્ષાત મોક્ષનું કારણ છે. કહો, સમજાણું આમાં? એ ચારિત્રના ભેદ છે અને એ પ્રકાર છે, એવી વાત બીજામાં હોઈ શકે નહિ કેમકે ગુણની શુદ્ધિની વૃદ્ધિના પ્રકારોના આ બધા નામ છે. પર્યાયશુદ્ધિ થાય છે એ વાત બીજે હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ? સમય સમયની શુદ્ધિનો અહીં તો મેળ કરવો છે.

જેને આત્મ સ્વભાવ શુદ્ધ ધ્રુવ ચૈતન્ય જેને અવલંબન દૃષ્ટિ-જ્ઞાનમાં આવ્યો અને એનો આશ્રય લઈને જેણે વીતરાગ સમભાવ.. સમભાવ.. ઓ..હો...! સમજાણું? દશમાં ગુણસ્થાનની ભૂમિકાએ અબુદ્ધિપૂર્વક જરી રાગ રહ્યો ને એનો નાશ થઈને વીતરાગ પર્યાયની પ્રગટ પ્રસિદ્ધિ–

www.vitragvani.com



જેવો સ્વભાવ છે એવી પર્યાયની પ્રસિદ્ધિ અકષાયની થઈ એ સૂક્ષ્મ યથાખ્યાત ચારિત્ર (જાણો).

'તે જ અવિનાશી સુખનું સ્થાન છે.' લ્યો! અવિનાશી સુખનું એ ચારિત્ર સ્થાન છે. એ ચારિત્ર(નો) પ્રકાર (છે). ઓલા કહે, આપણે રામ રામ રામ રામ ભગવાન ભગવાન ભગવાન ભગવાન કરો મોક્ષ થઈ જશે. સમજાણું કાંઈ? (ઓલા કહે), રામને ભેટ્યા. ઇ રામ આ. 'નિજપદ રમે સો રામ કહીએ' સમજાણું ? 'આનંદઘનજી'એ કહ્યું છે, ભાઈ! 'નિજપદ રમે સો રામ કહીએ, કર્મ ક્રસે સો કૃષ્ણ કહીએ' આ તો 'નિજપદ રમે સો રામ કહીએ' આપણામાં આવે છે ને? કળશમાં (આવે છે). આત્મારામ. બાગમાં જેમ રમે છે ને? એમ ભગવાન પોતાના આનંદ બાગમાં અંતર રમે. શુદ્ધતાની પર્યાયની પ્રગટતા વિશેષ થાય એને આત્મ બાગમાં રમણતા, એને યથાખ્યાત ચારિત્ર કહે છે. એ ચારિત્ર સાક્ષાત મોક્ષનું કારણ છે, અવિનાશી સુખનું એ કારણ છે. સમજાણું?

'સુખ આત્માનો ગુણ છે. તેને યથાર્થમાં ચારે ઘાતિકર્મોએ રોકી રાખ્યું છે...' ઘાતિ (કર્મો) તો નિમિત્ત છે, હોં! રોકી રાખ્યું એટલે કોઈ દ્રવ્ય રોકતું નથી. પોતાની પર્યાયમાં ભાવઘાતિ પોતે કર્યું ત્યારે દ્રવ્યઘાતિને નિમિત્ત કહેવામાં આવે છે. એ સોળમી ગાથામાં છે. 'પ્રવચનસાર'ની સોળમી ગાથા–'સ્વયંભૂ'ની ગાથામાં આ છે–દ્રવ્ય, ભાવ ઘાતિકર્મ. ભાઈ! આવે છે ને? સોળમી. કહો, સમજાણું કાંઈ?

'પરંતુ મુખ્યપણે તેને રોકનાર મોહકર્મ છે.' એમ લીધું. અસાવધાની. એની ચર્ચા અત્યારે પંડિતોમાં ચાલે છે. ઓલા એક કહે કે ચાર કર્મ છે, એક કહે કે મોહ કર્મ છે. ભઈ! આખો અનંત આનંદ, અનંત આનંદ તો કેવળજ્ઞાન થતાં પ્રગટે છે. બારમેં અનંત સુખ પ્રગટે. સુખ પ્રગટે, અનંત ન પ્રગટે એવી મોટી ચર્ચા બે જણાને ચાલે છે. 'કૈલાસચંદજી' અને 'અજિતકુમાર'.

અહીંયાં તો આત્માનો અનુભવ, સમ્યગ્દર્શન થતાં અતીન્દ્રિય આનંદનો અંશ ચોથે પ્રગટ થાય છે. એ પાંચમે આનંદ અંશ વધે છે, છઠ્ઠે વધે છે, સાતમે વધે છે, આઠમે, નવમે, દસમે વધતા બારમા (ગુણસ્થાને) આનંદ પૂર્ણ થઈ જાય છે. અનંત થતો નથી. સમજાણું કાંઈ? જ્યાં અંદર કેવળજ્ઞાન ને કેવળદર્શન ને અનંત વીર્ય જ્યાં પ્રગટ થયા, એ આનંદને અનંત ઉપમા અપાય છે. અનંત આનંદ પ્રગટ્યો. સમજાણું કાંઈ? એવા અનંત આનંદનું કારણ એ આત્માનો મોક્ષનો માર્ગ ઉપાય છે. સ્વભાવ સ્વભાવ સ્વભાવ... સમજાણું?

એ વાત લીધી છે, હોં! 'ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવ ચાર અનંતાનુબંધી કષાય અને દર્શનમોહની ત્રણ પ્રકૃતિઓનો જ્યારે ક્ષય કરી નાખે છે ત્યારે ક્ષાયિક સમ્યક્ત્વ અને સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટ થઈ જાય છે.' એમ લખ્યું છે, ભાઈ! એ વાત સાચી છે. એની તકરાર, અત્યારે વાંધા છે. ઓલો (કહે છે), સ્વરૂપાચરણ ચારિત્ર ચોથે ન હોય, પાંચમે ન હોય, છઠ્ઠે ન હોય. અરે..! ભગવાન! પરના આચરણમાં ગુણસ્થાન વધી ગયું? આહાહા..!

www.vitragvani.com



સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા અનાદિકાળથી રાગ-દ્વેષની અનંતાનુબંધીની તીવ્રતાના પરિણામમાં, આચરણ હતું ત્યારે શ્રદ્ધા મિથ્યા, જ્ઞાન મિથ્યા અને આચરણ મિથ્યા હતું. એવો ભગવાનઆત્મા પોતાના શુદ્ધ સ્વરૂપનું આચરણ દૃષ્ટિ થઈ, ત્યારે પ્રતીત થઈ, ત્યારે જ્ઞાન થયું કે આ આત્મા (છે), ત્યારે સ્વરૂપના આચરણનો અંશ જાગ્યો, કણિકા જાગી. સમજાણું કાંઈ? આત્મ સ્વરૂપના આચરણની કણિકા જાગી. પૂર્ણ આચરણની દશા યથાખ્યાત ચારિત્ર. સમજાણું કાંઈ? એનો અંશ ચારિત્ર જો ચોથે ન પ્રગટે તો આગળ એ વધી શકે નહિ. સમજાણું કાંઈ?

અરે..! તત્ત્વના નિર્ણયનો વિષય હોવો જોઈએ અને તે પણ સમભાવે, શાંતિથી વીતરાગી ચર્ચા હોવી જોઈએ. એને ઠેકાણે એક-બીજાને ખોટા પાડવાની વાત, એવું ન હોય, ભાઈ! સમજાણું કાંઈ? આ તો વીતરાગી ચર્ચા છે, સમભાવે જોઈએ. કોઈની ભૂલ હોય તોપણ એને બીજી રીતે એને દ્વેષી કલ્પીને કે વિરોધી કલ્પીને એને કહેવું એ કાંઈ સજ્જનતાની રીત છે? હોય છે, આ વીતરાગ માર્ગ છે, ભાઈ! એમાં તો શાંતિથી, ન્યાયથી જેમ હોય તેમ નિર્ણય કરવો જોઈએ. જે સત્ય નીકળે તેને કબુલવું જોઈએ. એમાં ક્યાં આ કોઈના પક્ષની વાત છે?

આ વાત જુઓ, ભાઈએ લખી છે–'ટોડરમલજી'એ અને ભાઈએ લખી છે–'ગોપાલદાસ બરૈયા'એ. જૈન સિદ્ધાંત પ્રવેશિકા અને 'રાજમલે' ટીકામાં લખી છે અને ભાઈએ લખી છે– 'સમયસાર નાટક' માં લખ્યું છે. પણ હોય ને? જ્યાં આત્મા સ્વરૂપે પૂર્ણાનંદ પ્રભુ ભાસ્યો ત્યાં એમાં ઠરવાનો અંશ ન આવે તો ઠર્યા વિના આ શું ચીજ છે (તેની) એકદમ શ્રદ્ધા થઈ ગઈ? પણ શ્રદ્ધા સાથે જ્ઞાનમાં કાંઈક ઠર્યો છે કે નહિ? ઠર્યા વિના.. ત્રણેયના અંશ આવ્યા છે કે નહિ ભેગા? સમજાણું કાંઈ?

ખરેખર સમ્યગ્દર્શન તો 'સર્વ ગુણાંશ તે સમકિત' છે. ભગવાન અનંત ગુણનો પિંડ પ્રભુ છે એની પ્રતીત નહોતી, જ્ઞાન-જ્ઞાયકપણાની એને (પ્રતીત નહોતી). એને પ્રતીત હતી રાગ-દ્વેષ-વિકાર ને પર સત્તાના સ્વીકારમાં. છે પોતે એટલે ક્યાંક એનું હોવાપણું તો સ્વીકારવું જોઈએ. એટલે એનું હોવાપણું આ (સ્વરૂપ) ભાસમાં ન આવ્યું એટલે અહીં રાગ-દ્વેષ(માં હોવાપણું) એણે સ્વીકાર્યું. બધો જ ત્યાં સ્વીકાર. શ્રદ્ધા ત્યાં, જ્ઞાન ત્યાં અને આચરણ ત્યાં. હવે ગુલાટ ખાધી શ્રદ્ધાએ ઓહો..! મારો પરમાત્મા પૂર્ણ પ્રભુ તો હું જ છું. એમ નિજ કારણપરમાત્માની દૃષ્ટિ, અવલોકનની, શ્રદ્ધાની થઈ ત્યાં ભગવાન કંઈ ઠર્યા વિના શી રીતે થઈ? આહાહા..! એ ઠરે છે એનું નામ ભગવાન સ્વરૂપાચરણ તરીકે કહે છે. ક્યાંક શાસ્ત્રની ભાષામાં સીધુ ન નીકળે પણ ન્યાયથી તો સમજવું જોઈએ ને?

ચારિત્ર મોહની કષાયની પ્રકૃતિ પચીસ છે. અનંતાનુબંધી ચારિત્ર મોહનીયની જ્યારે ગઈ ત્યારે કંઈક થયું, ચારિત્રમાં કંઈક થયું કે નહિ? ભલે એને દેશ સંયમ ન કહો, સર્વ

www.vitragvani.com



સંયમ નહિ. સંયમનાં સ્થાનોના જે પ્રકાર 'ગોમ્મટસાર'માં વર્ણવ્યા છે એ અમુક સ્થાન સુધીમાં સંયમ કહેવાતું નથી, તો એ ભલે હો, પણ કંઈક સ્થિરતા પ્રગટી એમ તો કહેવું પડશે કે નહિ? આમાં તકરાર શેની? આમાં વાંધા શેના? ભાઈ! કોઈની હોય ભૂલ, ખ્યાલમાં ન હોય તો એને આ રીતે સમજવું જોઈએ.

'સર્વ જીવ છે જ્ઞાનમય' આવ્યું ને આપણે? સામાયિકમાં. 'સર્વ જીવ જ્ઞાનમય' પ્રભુ જ્ઞાનમય છે ને પ્રભુ! એ તો એક સમયની, એક સમયની ભૂલ, હોં! એક સમય માત્ર ભૂલ એમાં ટકે છે. બે સમય કોઈ દિ' ભૂલ ટકતી જ નથી. ભૂલ એ પર્યાય છે. સમજાય છે? આહાહા..!

ત્રિકાળ ભગવાન અનંત ગુણથી ટકેલું તત્ત્વ અંદર છે એવી જ્યાં દૃષ્ટિ થઈ (તો) સ્વરૂપાચરણ ચારિત્ર સાથે પ્રગટે છે, અતીન્દ્રિય આનંદનો સ્વાદ પણ સાથે આવે છે અને પ્રભુતાનો, એક પ્રભુતા નામનો ગુણ જે છે એની પ્રભુતા પર્યાયમાં પણ પ્રભુતાનો અંશ પ્રગટ થાય છે, ઈશ્વરતાનો અંશ પ્રગટ થાય છે. એવા સમ્યગ્દૃષ્ટિ જીવને સ્વરૂપાચરણ હોય છે.

'આ શક્તિઓ પ્રગટ થતાં જ્યારે જ્ઞાની પોતાના ઉપયોગને પોતાના આત્મામાં સ્થિર કરે છે ત્યારે જ સ્વરૂપનો અનુભવ આવે છે અને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. અવિરત સમ્યગ્દર્શન ચોથા ગુણસ્થાનમાં પણ આ સુખનું પ્રગટપણું થઈ જાય છે.' આ વસ્તુ છે.એને અતીન્દ્રિય સ્વભાવ, સ્વભાવ છે એનો સ્વાદ ન આવે તો એની શ્રદ્ધા ક્યાં થઈ? સસલાના શીંગડાની શ્રદ્ધા કરવી છે? કાંઈક વસ્તુ હોય એની કરવી છે ને? તો આ ચીજ આનંદ અને જ્ઞાનમૂર્તિ પૂર્ણ છે એમ એના જ્ઞાન-શ્રદ્ધામાં આવ્યા વિના, એને આનંદનો સ્વાદ આવ્યા વિના એને સાચી પ્રતીત હોઈ શકે નહિ. એથી સમ્યગ્જ્ઞાનમાં સ્વરૂપાચરણ અને આનંદનો અંશ સ્વાદમાં હોય છે, અનંત ગુણના અંશ હોય છે. સમજાણું? આ એને અહીંયા વિશેષ પૂર્ણ હોય એને યથાખ્યાત કહે છે. પૂર્ણ સ્થિરતા અને આખો આનંદ એને યથાખ્યાત કહે છે. પરમ યથાખ્યાત તેરમે (ગુણસ્થાને), એ અનંત આનંદ થઈ ગયું, અનંત આનંદ થઈ ગયું, એને પરમ યથાખ્યાત કીધું છે. એ યથાખ્યાત ચારિત્ર સાક્ષાત મોક્ષનું કારણ છે. વિશેષ કહેશે... (મુમુક્ષુ :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## 'હું તો જ્ઞાયક છું.'

બધાય જીવોની પર્યાય ક્રમબદ્ધ છે તો હું કોને ફેરવું? બધાય અજીવની પર્યાય પણ ક્રમબદ્ધ છે તો હું કોને ફેરવું? હું તો જ્ઞાયક છું, જ્ઞાયકપણું જ મારો પરમ સ્વભાવ છે. હું જ્ઞાતા જ છું, કોઈનો ફેરવનાર નથી. કોઈનું દુઃખ મટાડી દઉં કે સુખી કરી દઉં એ વાત મારામાં નથી. આમ, પોતાના જ્ઞાયક આત્માનો નિર્ણય કરવો તે સમ્યગ્દર્શન છે. (આત્મધર્મ — ઑગસ્ટ - ૨૦૦૮)

www.vitragvani.com



## આત્મા જ પંચ પરમેષ્ઠી છે

अरहंतु वि सो सिद्धु फुडु, सो आयरिउ वियाणि।
सो उवज्झायउ सो जि मुणि, णिच्छइँ अप्पा जाणि।।१०४।।

આત્મા તે અર્હંત છે, સિદ્ધ નિશ્ચયે એ જ;
આચરજ, ઉવઝાય ને, સાધુ નિશ્ચય તે જ. ૧૦૪.

અન્વયાર્થ :- (णिच्छई) નિશ્ચયનયથી (अरहंतु वि अप्पा जाणि) આત્મા જ અરિહંત છે એમ જાણો (सो फुडु वियाणि) તે જ આત્મા પ્રગટપણે સિદ્ધ છે. (सो आयरिउ वियाणि) તેને જ આચાર્ય જાણો (सो उवज्झायउ) તે જ ઉપાધ્યાય છે (सो जि मुणि) તે જ આત્મા સાધુ છે.

---

વીર સંવત ૨૪૯૨, શ્રાવણ સુદ ૯, મંગળવાર
તા. ૨૬-૦૭-૧૯૬૬
ગાથા- ૧૦૪ થી ૧૦૬. પ્રવચન નં. ૪૪

---

આ 'યોગસાર'શાસ્ત્ર છે, એની ૧૦૪મી ગાથા. 'આત્મા જ પંચ પરમેષ્ઠી છે.' લ્યો! આ આત્મા જ પંચ પરમેષ્ઠીના સ્વરૂપે જ છે, એ વાત કરે છે. જુઓ! એ 'કુંદકુંદાચાર્યદેવ'ની 'મોક્ષ પાહુડ'ની ૧૦૪ ગાથામાં પણ એ જ છે.

अरहंतु वि सो सिद्धु फुडु, सो आयरिउ वियाणि।
सो उवज्झायउ सो जि मुणि, णिच्छइँ अप्पा जाणि।।१०४।।

'નિશ્ચયનયથી...' એટલે યથાર્થ દૃષ્ટિથી જોવો તો 'આત્મા જ અરિહંત છે એમ જાણો.' આત્મા પોતે અરહંત છે. અરહંતની પર્યાય-કેવળજ્ઞાન, કેવળદર્શન આદિ જે પ્રગટ છે એ બધી પર્યાયો આત્માના અંતરમાં ધ્રુવપદમાં પડી છે, એ બધી શક્તિરૂપે પડી છે. 'ધ્રુવપદ રામી રે, ...' સમજાણું કાંઈ? આત્માનું ધ્રુવ સ્વરૂપ (છે). એક સમયની દશા છે એ અલ્પ છે, વિપરીત છે, રાગાદિ. અલ્પ નામ જ્ઞાન, દર્શન ને વીર્યની અલ્પ અવસ્થા છે અને રાગ-દ્વેષની એ વિપરીત અવસ્થા છે. આ ચાર ઘાતિ, અઘાતિનું કાંઈ નહિ.

આત્મામાં વર્તમાન અવસ્થામાં-દશામાં અલ્પ જ્ઞાન, અલ્પ દર્શન, અલ્પ વીર્ય (અને) રાગ-દ્વેષ પરિણામ (છે). એ તો એક ક્ષણિક દશા છે. એના કાયમી અસલ સ્વભાવમાં તો જે અરિહંત અનંત ચતુષ્ટય પ્રગટ થવાના છે એ બધા અનંત ચતુષ્ટય આત્મામાં અંદર

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



પડ્યા છે. સમજાણું કાંઈ? એથી કહે છે કે, 'આત્મા જ અરિહંત છે એમ જાણો.' ભગવાન હું અરિહંત આત્મા જ છું.

'जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं' કહ્યું હતું ને? (પ્રવચનસાર'ની) ૮૦ ગાથા. ભગવાન અરિહંતનું દ્રવ્ય એટલે શક્તિવાન. ગુણ એટલે શક્તિ અને પર્યાય એટલે વર્તમાન પ્રગટ હાલત-દશા. એવા જે અરિહંતના દ્રવ્ય વસ્તુ સ્વભાવ અને દશાને જે જાણે છે એ આત્માને અંદરમાં (એની સાથે) મેળવે છે. સમજાણું કાંઈ? મારા આત્મામાં પણ એ અનંત જ્ઞાન, દર્શન આદિ વસ્તુના સ્વભાવમાં અરિહંતપદ અંદર પડ્યું છે, પડ્યું તે પ્રગટ થાય છે. હોય તે આવે, ન હોય તે આવે નહિ. એમ ભગવાનઆત્માને અરિહંતના સ્વરૂપથી જાણવો જોઈએ. ઓહો..! એ પ્રતીત, એ શ્રદ્ધા, રાગ રહિત નિર્વિકલ્પ શ્રદ્ધા દ્વારા એ ભગવાનઆત્મા અરિહંત છું એમ પ્રતીત થઈ શકે છે. સમજાણું કાંઈ?

કહે છે કે, અરિહંતનું ધ્યાન કરવું. કાલે કહ્યું હતું ને? કાલે આવ્યું હતું ને? પેલું નહોતું 'તત્ત્વાનુશાસન'માં ૧૯૨ ગાથા. આ ધ્યાન કરવું. અત્યારે અરિહંત નથી ને? (તો એમનું) ધ્યાન કરવું એ તો જૂઠ-મુઠ ધ્યાન છે. ભાઈ! એ જૂઠું નથી, ભાઈ! તને ખબર નથી. અરિહંત જે પ્રગટપણે અનંત અવસ્થા-દશારૂપે, કાર્યરૂપે જે પ્રગટ્યા એ બધા કારણો અંદરમાં તારા સ્વભાવમાં બધા પડ્યા છે, ભાઈ! આહાહા..! એ કારણનું એ પછી કાર્ય છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા કારણપરમાત્મા એટલે કે કારણજીવ ધ્રુવ વસ્તુ, એમાં અરિહંતપદ અંદર પડ્યું છે. ન્યાં તો એવો જવાબ આપ્યો છે કે જો એ ન હોય તો એની એકાગ્રતાથી શાંતિ ને આનંદનો અનુભવ, સફળપણું જે થાય છે એ અરિહંતપદનું અંદર સ્વરૂપ છે માટે ધ્યાનમાં સફળપણું આવે છે. તૃષા લાગી હોય અને પાણી ન હોય ને તૃપ્તિ થાય એમ બને છે? તૃષામાં સાચું પાણી હોય તો તૃષા તૂટે જૂઠ-મુઠ પાણીથી તૃષા તુટે? એમ આત્મા અરિહંતપદે અંદર સાચી રીતે છે. જો જૂઠ-મુઠ રીતે હોય તો એની એકાગ્રતાના શ્રદ્ધા, શાંતિ, આનંદ આદિની દશા જે પ્રગટે છે એ જૂઠ-મુઠ અરિહંત જો સ્વભાવમાં હોય તો આ પ્રગટે નહિ. સમજાય છે કાંઈ? 'વજુભાઈ'!

'મોક્ષ પાહુડ'માં પણ ૧૦૪ ગાથામાં એ જ કહ્યું છે, સમજ્યા ને? 'મોક્ષ પાહુડ'. (અહીં) ૧૦૪ આવી છે, ન્યાં પણ ૧૦૪ આવી છે. જુઓ! 'आगे आचार्य कहते हैं कि जो अरंहतादिक पंच परमेष्ठी हैं वे भी आत्मामें हीं हैं इसलिये आत्मा ही शरण है :-' 'મોક્ષ પાહુડ' ૧૦૪.

अरुहा सिद्धायरिया उज्झाया साहु पंच परमेट्ठी।
ते वि हु चिट्ठहि आदे तम्हा आदा हु मे सरणं।।१०४।।

'પંડિતજી'! કેટલી સ્પષ્ટતા છે, જુઓ ને! આહાહા..! સર્વદા મોજૂદ છે. વસ્તુમાં મોજૂદગી

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ન હોય તો એનલાર્જ ક્યાંથી થાય? એનલાર્જ નામ પર્યાયમાં કાર્યરૂપ ક્યાંથી આવે? સમજાય છે કાંઈ? અરે..! એ ભરોસો પણ કોણ લાવે?

જેની સત્તામાં... ભગવાન 'કુંદકુંદાચાર્ય' કહે છે, 'अरहन्त सिद्ध आचार्य उपाध्याय और साधु ये पंचपरमेष्ठी हैं ये भी आत्मामें ही चेष्टारूप हैं, शक्तिरुपे आत्माकी अवस्था हैं...' પ્રગટ થતાં એ આત્માની જ અવસ્થા છે. 'इसलिये मेरे आत्मा ही का शरण है, इसप्रकार आचार्य ने अभेदनय प्रधान करके कहा है।' સમજાય છે? ૧૦૪ છે, હોં!. અહીં પણ ૧૦૪ ગાથા આવી છે, લ્યો! કુદરતે જુઓને મેળ! અહીં ૧૦૪ છે, ત્યાં પણ 'મોક્ષ પાહુડ'ની ૧૦૪ ગાથા છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા..! ભાઈ! તું મોટો છો, ભાઈ! તું નાનો નથી. તારી દશામાં અલ્પજ્ઞપણું હો પણ સ્વભાવ સર્વજ્ઞ છે, અલ્પદર્શીપણું દશામાં હો પણ સ્વભાવ સર્વદર્શી છે, અલ્પ વીર્ય વર્તમાન પ્રગટમાં હો પણ વીર્ય અનંતનું ધામ આત્મા છે. રાગ-દ્વેષની વિપરીતતા હો પણ વીતરાગ આનંદનો એ આત્મા કંદ છે.

મુમુક્ષુ :- એને પંડિતાઈ ગમે છે?

ઉત્તર :- ગોઠે છે, એને અનાદિથી ઓલી વસ્તુની રુચિ થતી નથી. ભરોંસો આવતો નથી કે, હું આવડો ભગવાન? બીડી વીના ચાલે નહિ, આના વિના ચાલે નહિ, ધૂળ વિના ચાલે નહિ, આબરૂ વિના ચાલે નહિ, એને આવડો હું? એ કોઈ રીતે અંદર બેસતું નથી. 'પ્રેમચંદભાઈ'! આહાહા..!

ભાઈ! તું પોતે જ અરિહંત સ્વરૂપે શક્તિએ બિરાજમાન છો એનું ધ્યાન કર. તું સિદ્ધ સ્વરૂપે અંદર બિરાજમાન છો. 'સિદ્ધ સમાન સદા પદ મેરો'. વસ્તુએ (છે). કંઈ પર્યાયે સિદ્ધ સમાન છે? પર્યાયે સિદ્ધ સમાન હોય તો પછી પુરુષાર્થ કરવાનું શું રહ્યું? અંતર સ્વરૂપ જ જ્ઞાન અનંત, દર્શન અનંત, વીર્ય અનંત, આનંદ અનંત, એમ સ્વચ્છતા અનંત, પરમેશ્વરતા અનંત, કર્તા-કર્મ ષટ્કારકની શક્તિઓ પણ એક સમયમાં અનંત અનંતપણે બિરાજમાન આત્મ દ્રવ્યમાં છે. એવો આત્મ-દરબાર જેમાં અનંતા ગુણો શાશ્વતપણે, શક્તિપણે, સામર્થ્યપણે (બિરાજમાન છે). અનંતી પર્યાય એક ગુણની થાય એ તો ભલે પણ એ સિવાય એની અનંત શક્તિ એક એક ગુણની છે. સમજાણું કાંઈ?

અસ્તિત્વ રાખે છે, પ્રમેયત્વ રાખે છે, ધ્રુવતા રાખે છે, નિત્યતા અંદર એને દરેક ગુણને નિમિત્ત થવાની તાકાત રાખે છે, પોતાની અસ્તિ છે, અનંત ગુણની એમાં નાસ્તિ છે, એક એક ગુણ અસ્તિ છે અને અનંત ગુણની (નાસ્તિ છે). એવી એક એક ગુણ અનંત પર્યાય હોવા છતાં એની શક્તિ એ સિવાય અનંત છે પાછી. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! આ વસ્તુ આવી છે. આ કાંઈ કલ્પનાથી મોટી કરી દીધી છે એમ નથી, વસ્તુ જ એવી છે. વસ્તુ જ એવી (છે).

ભગવાનઆત્મા..! કહે છે કે, ભાઈ! સિદ્ધનું ધ્યાન એટલે કે તારા સ્વરૂપનું ધ્યાન કર.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



ત્રિકાળી ભગવાનઆત્મા સિદ્ધસ્વરૂપી છે, ભાઈ! એની એકાગ્રતા કર. એ એકાગ્રતાનો અર્થ શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર. એ ત્રણે સ્વભાવની એકાગ્રતાના ત્રણ રૂપ છે. સમજાણું કાંઈ? આહાહા..!

આચાર્યનું ધ્યાન. આચાર્ય જે કંઈ શિક્ષા-દીક્ષા આપવામાં જે વિકલ્પ છે રાગ એ પ્રમાદભાવ છે, એ ન રાખવો. એ આચાર્યપણું નથી, આચાર્યપણું તો અંદરમાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ પંચ આચારનું નિર્મળ પરિણમન પરિણમવું તે આચાર્યપણું છે. શિક્ષા-દીક્ષા આદિ દેવાનો વિકલ્પ હોય છે, રંજન–રાગ એ આચાર્યપણું નથી, એ તો રાગ છે. એ પરમેષ્ઠીની પર્યાયમાં એ રાગ નથી ભળતો. સમજાણું કાંઈ? આચાર્ય–નમો લોએ સવ્વ આઈરિયાણં. બધામાં 'લોએ' લેવું, હોં! એટલું છેલ્લું મૂક્યું છે–નમો લોએ સવ્વ સાહૂણં. અંત્ય દીપક છે એટલે છેલ્લું બતાવ્યું છે. બાકી નમો લોએ સવ્વ અરિહંતાણં, નમો લોએ સવ્વ સિદ્ધાણં, નમો લોએ સવ્વ આઇરિયાણં એ આચાર્યને નમસ્કાર (હો). પણ એ આચાર્યનું પદ વીતરાગી પર્યાયે પરિણમેલું પદ છે. એવી બધી પર્યાયો તારામાં અંતર છે. સમજાણું કાંઈ?

એવા આચાર્યને આ રીતે વીતરાગી પર્યાય દ્વારા આચાર્યને ઓળખી અને એનું અંતરમાં તલ્લીન થઈ જવું એ પોતે જ આચાર્ય થઈ જાય છે. ઉપાધ્યાય પણ બીજાને ભણાવે, ભણાવે એવો વિકલ્પ છે એ પ્રમાદ છે. સમજાણું કાંઈ? ઉપાધ્યાયપણું છે એ તો વીતરાગી પર્યાય છે. ભગવાન દ્રવ્ય વીતરાગી, ગુણ વીતરાગી અને પ્રગટ પર્યાય જેટલી વીતરાગી પ્રગટી છે ત્રણ (કષાયના અભાવપૂર્વક) ગુણસ્થાન પ્રમાણમાં એ વીતરાગી પર્યાયવાળું દ્રવ્ય તે ઉપાધ્યાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એવા ઉપાધ્યાયનું ધ્યાન કરવું.

સાધુ–એને અઠ્યાવીસ મૂળગુણ હોય છે પણ એ તો પ્રમાદમાં જાય છે (કારણ કે) વિકલ્પ છે. એની જે દર્શન, જ્ઞાન, ચારિત્રની વીતરાગી પરિણતિ જે છે એને સાધુ કહીએ. એ સાધુ સ્વભાવને સાધે છે, પૂર્ણ સ્વભાવને એ સાધે છે, પેલો રાગ કાંઈ સાધતો નથી. સમજાણું કાંઈ? આવા પરમાત્મસ્વરૂપમાં પાંચે પરમેષ્ઠી પદ અંદર પડ્યા છે. આહાહા..! પડ્યા તે પ્રગટ થાય છે. એમ અંતરમાં ભરોસો કરીને તેનું કર ધ્યાન, એમ કહે છે. સમજાણું કાંઈ ? ધ્યાન પછી ચારિત્રની પર્યાય છે. રુચિ પ્રગટ્યા પછી સ્થિરતા પ્રગટે ને? ભગવાનઆત્મા આવો છે, છે એવી શક્તિ. રાત્રે તો બહુ આવ્યું હતું, હવે એ કાંઈ ફરીને આવે? રાત્રે તો ઘણું આવ્યું હતું. હતા કાલે તમે? નહોતા? ઓહો..હો..! કાલે તો આવ્યું, ભાઈ! આવે ત્યારે આવી જાય ને એ તો! કહો, સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– એ કોનું ધ્યાન કરે છે?

ઉત્તર :– આનંદનું ધ્યાન કરે છે. કેવળી કોનું ધ્યાન કરે છે? 'પંડિતજી'! 'પ્રવચનસાર'માં આવ્યું ને? મોહ નથી, પદાર્થનું જ્ઞાન પૂર્ણ છે તો કોનું ધ્યાન કરે છે? તો તેમનું શું ધ્યાન છે? એવો પ્રશ્ન થયો છે. ભાઈ! એ તો અનંત અતીન્દ્રિય આનંદને અનુભવે છે ને! એ એનું ધ્યાન કહો, એનો આનંદનો અનુભવ (કહો). આહાહા..! સમજાણું કાંઈ? 'પ્રવચનસાર'.

www.vitragvani.com



છેલ્લી ગાથાઓ આવે છે ને? 'જ્ઞેય અધિકાર'. આહાહા..!

એ બધું અસ્તિ છે, હોં! આ બધી વાત નથી. એથી શાસ્ત્રમાં પેલી વાત આવે છે ને? 'ષટ્ખંડાગમ'માં 'ષટ્ પદ પ્રરૂપણા'. 'પંડિતજી'! એ પહેલો શબ્દ આવે છે ને? 'ષટ્ પદ પ્રરૂપણા'. 'ષટ્ખંડાગમ'ની પહેલી શરૂઆત આવે જ્યારે (ત્યાં એમ આવે છે) 'ષટ્ પદ પ્રરૂપણા'. છતા પદાર્થોની કથન શૈલી આવે છે. 'ષટ્ખંડાગમ'નો પહેલો શબ્દ, હોં! આમાંય એમ આવે છે, શ્વેતાંબરમાં આવે છે, મને તો શ્વેતાંબરમાંથી ખબર છે. અનુયોગ દ્વારમાં. પહેલો આવ્યો શબ્દ, આમાં એ જ આવ્યો 'ષટ્ પદ પ્રરૂપણા'. જે પદાર્થો જે રીતે છે તેને એ પદાર્થને વાણીના પદ દ્વારા એનું કથન કરવું. એ સત્ હોય તેનું કથન છે, ન હોય એનું કથન નથી. એમ પહેલી શરૂઆત જ 'ષટ્ખંડાગમ'માં ન્યાંથી ઉપાડી છે. સમજાણું કાંઈ?

આત્મા એ છે, આવો છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એવી વીતરાગી દશાઓ સાધકને ભલે અસંખ્ય છે અને સિદ્ધની, કેવળીની અનંત પર્યાય છે અને એ બધી પર્યાયોનો પિંડ ભગવાનઆત્મા છે. એવું છતું છે, એ છતો પદાર્થ એવો છે, હોવાવાળો ભગવાન એ રીતે છે. એની અંદરમાં શ્રદ્ધા (કરે), રાગનો આશ્રય છોડી એની શ્રદ્ધા (કરે). સ્વભાવ જ્યારે વીતરાગ છે તો એની વીતરાગ દશા દ્વારા જ એની પ્રાપ્તિ હોય છે. 'स्वानुभूत्या चकासते' સમજાણું કાંઈ? એ વસ્તુમાં રાગ નથી કે જેથી રાગ વડે એની પ્રાપ્તિ થાય.

ભગવાનઆત્મા અકષાય વીતરાગરસથી ભરપૂર પડેલો છે. શું કહેવી એની વાત, કહે છે. સમજાણું કાંઈ? એવા આત્માનું પંચ પરમેષ્ઠી તરીકે ધ્યાન કરવું. સમજાય છે કાંઈ? એ આત્મા જ પોતે ધ્યાન ગર્ભિત છે. 'આત્માના ધ્યાનમાં જ પાંચે પરમેષ્ઠીનું ધ્યાન ગર્ભિત છે. શરીરાદિની ક્રિયા ધ્યાનમાં ન લેતાં...' અરિહંતના સમવસરણ ને વાણી ને શરીર લક્ષમાં ન લેતા એનો આત્મા આ પ્રમાણે કેવળજ્ઞાન આદિ પરિણમેલું અસ્તિત્વ તત્ત્વ છે એવા અરિહંતને લક્ષમાં લેવા. સમવસરણ નહિ, વાણી નહિ, શરીર નહિ. સિદ્ધને તો કાંઈ બીજું છે નહિ, એ તો છે ચોખ્ખી નિર્મળ પર્યાયથી પરમ પારિણામીક દશાથી પૂરા છે. આચાર્યનું ધ્યાન પણ એના વિકલ્પ અને વાણી અને રંજન-રાગના પરિણામ એ લક્ષમાં ન લેવા. એનો આત્મા જે રીતે વીતરાગી દશાએ પરિણમ્યો એ લક્ષમાં લેવું. એમ ઉપાધ્યાયને પણ એ રીતે અને સાધુને પણ એ રીતે (લક્ષમાં લેવા).

'ક્રિયા ધ્યાનમાં ન લેતાં કેવળ તેમના આત્માનું આરાધન તે જ નિશ્ચય આરાધન છે.' જુઓ! આત્મા જેને કહીએ. અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ એ આત્મા નથી, એ તો પુણ્ય પરિણામ છે. આચાર્ય, ઉપાધ્યાય. આચાર્યને શિક્ષા-દીક્ષાનો વિકલ્પ ઉઠે છે તે આસ્રવતત્ત્વ અથવા શુભ તત્ત્વ છે, શુભ આસ્રવ છે, એ આત્મા નથી. એની આત્માની સ્થિતિ જે છે એને શ્રદ્ધા, જ્ઞાનમાં લઈને આત્મામાં આ બધું છે એમ એણે ધ્યાન કરવું જોઈએ. આહાહા..! સમજાણું કાંઈ?

www.vitragvani.com



'સમયસાર કળશ'માં કહ્યું છે.' આધાર આપ્યો છે. આત્માનું સ્વરૂપ...

दर्शनज्ञानचारित्रत्रयात्मा तत्त्वामात्मनः।
एक एव सदा सेव्यो मोक्षमार्गो मुमुक्षुणा।।२३९।।

'આત્માનું સ્વરૂપ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ ચારિત્રમય એકરૂપ જ છે, એ જ એક મોક્ષનો માર્ગ છે.' જુઓ! 'एक एव सदा सेव्यो'. મોક્ષમાર્ગ એક જ છે, ભાઈ! એ સ્વભાવ મહાન પરમાત્મા, મહા પરમાત્મા, પોતે પરમાત્મા મહા છે. એવા પરમાત્માની અંતર શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા (થાય) એ મોક્ષમાર્ગ નિર્વિકલ્પ એક જ છે. સમજાણું કાંઈ? બીજો મોક્ષમાર્ગ તો નિમિત્ત દેખીને કથન નિરૂપણ બે પ્રકારનું છે. વસ્તુ બે પ્રકારે નથી. સમજાય છે કાંઈ?

ભાઈએ 'ટોડરમલજી'એ એ જ લીધું છે. આપણે પણ આવે છે ને? નિરૂપણ નહોતું આવ્યું? ('સમયસાર') ૪૧૪ ગાથા છે. છેલ્લી ગાથા, તે દિ' કહ્યું હતું. શ્રમણ અને શ્રમણોપાસકના ભેદે બે પ્રકારના દ્રવ્યલિંગો મોક્ષમાર્ગ છે એવો જે નિરૂપણ પ્રકાર. 'ટોડરમલજી'એ ધર્મ શબ્દ નથી મૂક્યો. જે શૈલી આચાર્યોની છે એ શબ્દને જ મૂક્યો છે. 'પંડિતજી'! એમણે પણ એમાં કહ્યું છે ને કે, મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારે છે, એ શબ્દ વાપર્યો છે. મોક્ષમાર્ગ બે પ્રકારે નથી, એનું કથન બે પ્રકારે છે, એ શબ્દ અહીં છે. ટીકાકાર 'અમૃતચંદ્રાચાર્ય' (કહે છે) :

ववहारिओ पुण णओ दोण्णि वि लिंगाणि भणदि मोक्खपहे।
णिच्छयणओ ण इच्छदि मोक्खपहे सव्वलिंगाणि।।४१४।।

એક એક શબ્દ એણે શાસ્ત્રમાંથી લીધા છે. ભલે સામાન્યનું વિશેષ સ્પષ્ટ કર્યું છે ભલે પણ એ શાસ્ત્રના જે શબ્દો હોય એ શૈલીએ જ વાત કરી છે, ઘરની (વાત) કાંઈ કરી નથી પણ લોકોને એનો વિશ્વાસ આવતો નથી. સીધા શાસ્ત્રના અર્થ સમજાતા નથી અને સાચા પંડિતોએ કરેલા અર્થનું બહુમાન આવતું નથી. અહીં કહ્યું, જુઓ! 'બે ભેદે (બે પ્રકારનાં) દ્રવ્યલિંગો મોક્ષમાર્ગ છે—એવો જે પ્રરૂપણ પ્રકાર (અર્થાત્ એવા પ્રકારની જે પ્રરૂપણા) તે કેવળ વ્યવહાર જ છે,...' પરમાર્થ નથી. સમજાણું કાંઈ?

(અહીંયાં કહે છે), 'મોક્ષાર્થીએ આ જ એક સ્વાનુભવરૂપ મોક્ષમાર્ગનું સેવન કરવું ઉચિત છે.' ભગવાનઆત્મામાં આખું ધામ પરમાત્મા પોતે આખો પડ્યો છે. અરે..! એમાં તો અનંતા પરમાત્માની અનંતી પર્યાયો પડી છે. સમજાણું કાંઈ? સિદ્ધ ભગવાન જે અનંતી પર્યાયે પ્રગટ થયા એ તો એક સમયની દશા છે, એવી સાદી અનંત દશાઓ, પરમાત્માની એક સમયની દશા એવી સાદી અનંત દશા જે ભૂતકાળના સંસારના કાળ કરતાં અનંતગુણી પર્યાય છે. સમજાણું કાંઈ?

સંસારનાં પર્યાયોનો કાળ અશુદ્ધ કે સાધક, એનો કાળ બહુ થોડો છે. અશુદ્ધનો અનંત

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



સાધકનો અસંખ્ય અને સાધ્ય-પૂર્ણ દશાનો અનંત.. અનંત.. અનંત.. દ્રવ્યનો અંત કે દિ' આવે? દ્રવ્યનો અંત નથી તો પર્યાયનો અંત કે દિ' (આવે)? એમ ને એમ, એમ ને એમ પર્યાય.. પર્યાય.. પર્યાય.. દ્રવ્ય.. દ્રવ્ય.. દ્રવ્ય.. એવા અનંતા સિદ્ધો. એક સમયની દશાવાળું સિદ્ધપદ, એવી અનંતી સિદ્ધપદ (ની પર્યાય) એક સમયમાં આત્મામાં પડી છે. આહાહા..! સમજાણું કાંઈ?

મોટી દૃષ્ટિએ મોટો ભગવાન હાથમાં ન આવે ત્યાં સુધી એની રમણતા ક્યાં કરવી એની ખબર પડે નહિ. સમજાણું કાંઈ? મોટી દૃષ્ટિએ એટલે? સમ્યગ્દૃષ્ટિ મહાન દૃષ્ટિ છે, મહાન દૃષ્ટિ છે. એ દૃષ્ટિ વડે પરમાત્મા આવો છે એમ એનાં અંતરમાં પ્રતીત, શ્રદ્ધા, અનુભૂતિમાં ભાન થઈને આવ્યું પછી આમાં રમણ કરવું છે ત્યારે મારી મુક્તિ થશે. સમજાણું કાંઈ ?

૮૦મી ગાથામાં કીધું ને? 'जो जाणदि अरहंतं' પછી 'અમૃતચંદ્રાચાર્યે' કહ્યું છે કે, સમ્યગ્દર્શન (થયું) પણ આ પ્રમાદ ચોર છે, હોં! એ મારો માલ ન લૂંટી (જાય). એમાં એમ લખ્યું છે. એ પ્રમાદ ચોર છે, હોં! એ કહે છે કે, મને ભાન થયું ભલે પણ આ પ્રમાદ મારું લૂંટી ન જાય માટે હું સાવધાન થઈને સ્વરૂપની સાવધાની કરું છું. પ્રમાદ ટાળીને પુરુષાર્થની કેડ બાંધીને બેઠો છું. આહાહા..! સમજાણું કાંઈ?

એટલે કહે છે, ધર્માત્મા જીવે ધર્મી આત્મા એવો ભગવાન એનું એણે ધ્યાન, ધર્મધ્યાન કરવું, લ્યો! આનું નામ ધર્મધ્યાન. 'છોટાભાઈ'! આ બધું ઝીણું છે, હોં! ન્યાં બધું ક્યાંય (નથી), સાંભળવા માંડ માંડ મળ્યું. આહાહા..! પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ વીતરાગની વાણી આવી, એમાં આ તત્ત્વ આવ્યું છે, ભાઈ! 'કેવળી પણત્તો ધમ્મો શરણં', 'કેવળી પણત્તો ધમ્મો ઉત્તમ'. 'મંગલિક'(માં) ત્રણ બોલ આવે છે. ચત્તારિ મંગલ, ચત્તારિ ઉત્તમ, ચત્તારિ શરણં. એ બધું ભગવાન! એ શરણ તારા આત્મામાં પડ્યું છે, એમ કહે છે. ભાઈ! આત્મા તારું શરણું (છે). એ વખતે ક્યાં આમ ઝાંવા નાખે? રોગ આવ્યો ને ન્યાં ક્યાં નજર નાખી? ભગવાનને સંભારીશ? એ તો વિકલ્પ છે. સમજાણું કાંઈ? ન્યાં ક્યાંય શરણ નહિ મળે. ભગવાન ભગવાન ભગવાન ભગવાન ભગવાન. ભગવાન ભગવાન કર્યું હશે તો એ અંતર્જલ્પનો રાગ છે. ભગવાન અંદર રાગ વિનાનો તારો છે, એનું શરણ લે ત્યારે એણે ખરું અરિહંત ને સિદ્ધનું શરણ લીધું એમ કહેવામાં આવે છે. ૧૦૪ (ગાથા પૂરી) થઈ. ૧૦૫.

www.vitragvani.com



## આત્મા જ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ છે

सो सिउ संकरु विण्हु सो सो रुद्द वि सो बुद्धु।
सो जिणु ईसरु बंभू सो, सो अणंतु सो सिद्धु।।१०५।।

તે શિવ, શંકર, વિષ્ણુ ને, રુદ્ર, બુદ્ધ પણ તે જ;
બ્રહ્મા, ઈશ્વર, જિન તે, સિદ્ધ, અનંત પણ તે જ. ૧૦૫.

અન્વયાર્થ :- (सो सिउ संकरु विण्हु सो) તે જ શિવ છે, શંકર છે, તે જ વિષ્ણુ છે (सो रुद्द वि सो बुद्धु) તે જ રૂદ્ર છે, તે જ બુદ્ધ છે (सो जिणु ईसरु बंभु सो) તે જ જિન છે, ઈશ્વર છે, તે જ બ્રહ્મા છે (सो अणंतु सो सिद्धु) તે જ અનંત છે, તે જ સિદ્ધ છે.

---

'આત્મા જ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ છે.' અન્યમતિ કે ઇ નહિ, હોં! અર્થ જુદા. આ તો બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ. આવો આત્મા તેને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ કહીએ. એ લોકો બ્રહ્મા, વિષ્ણુ, મહેશ કહે છે એ આત્મા એમ નહિ. સમજાણું કાંઈ? આહાહા..! ઘણો ફેર છે, વસ્તુમાં તો આખો (ફેર છે). કાલે જોયું હતું, નહિ? 'સમયસાર'માં પ્રસ્તાવનામાં 'મનોહરલાલજી વર્ણી'એ બહુ લખ્યું કે બધામાં વિરોધ નથી. પરમાત્મા માનતા હોય, ફલાણું માનતા હોય, છે ને? એની પ્રસ્તાવના છે. બધા વિવેકી છે, પ્રજ્ઞાપૂર્ણ છે અને એકબીજાથી કોઈ વિરુદ્ધ નથી, એમાં કોઈ અસત્ય નથી.

અહીં તો કહે કે, ભગવાને જોયો આત્મા એવો કોઈ દિ' ત્રણકાળમાં બીજે ઠેકાણે નથી. આત્માની ભલે વાતું કોઈપણ કરે. સમજાણું કાંઈ? ક્યાં ગયુ પુસ્તક? એમાં આવ્યું છે. બધાનો ધ્યેય સમયસાર છે, એનો અર્થ શું? 'સમયસાર' એટલે આત્મા છે જ ક્યાં આવો? 'શશીભાઈ'! કેમ હશે? આ વૈષ્ણવ હતા, લ્યો ને!

આત્મા એક, એમાં આકાશના પ્રદેશની સંખ્યા કરતા અનંતા અનંતા ગુણો. એની અનંતી પર્યાય, એના અસંખ્ય પ્રદેશ. ક્યાં છે? લાવો, કોઈ ઠેકાણે આત્મા એવો હોય તો. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર સિવાય ભલે આત્મા ધ્યેય ધ્યેય કરે, વાતું કરે પણ આત્મા કેવો છે એ જાણ્યા વિના ધ્યેય ક્યાંથી આવ્યું એને? સમજાણું કાંઈ?

લખ્યું છે, જોયું? 'कुछ विवेकी महानुभावो की धारणा है कि जिस परमब्रह्म परमेश्वरने अपनी सृष्टी की है। उस परम पिता परमात्मा ही उपासनासे दुःखो की मुक्ति हो सकती है। कुछ विवेकी महानुभाव की धारणा है...' અહીં બ્રહ્મા, વિષ્ણુ નામ પડ્યા

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



છે એટલે એમ ન સમજવું કે ઓલા લોકો કહે છે ઇ બ્રહ્મા, વિષ્ણુ. 'कोई विवेकी कहते हैं कि प्रकृति और पुरुषमें एकत्वका अभ्यास होने से क्लेश एवं जन्म परंपरा हुई है तो प्रकृति और पुरुषका भेदज्ञान कर लेने से क्लेश मिट जाय। कुछ विवेकी महानुभावके धारणा एक क्षणिक चित्त वृत्ति है।' એનું પણ આત્માનું ધ્યાન કરે છે. 'कुछ विवेकी महानुभाव की धारणा है कि आत्मा तो शाश्वत निर्विकार है। विकार का जब तक भ्रम है तब तक जीव दुःखी है। ... विकारका भ्रम समाप्त शांत ...। कुछ विवेकी महानुभावोकी धारणा हैं कि दुष्कर्मों से जीव संसारीक यातनाये सहते हैं। यातनाओं का मुक्ति पाना सत् कर्म (है)। और कुछ विवेकी महानुभावोकी धारणा है कि विकल्पात्मक वेद उपायों को ही जीवका संसार परिभ्रमण कर रहा है। इस भवभ्रमण की निवृत्ति निर्विकल्प समाधि से होती है। इत्यादि प्रज्ञापूर्वक अनेक धारणा हैं। इनमें से किसी भी धारणा को असत्य नहीं कहा जा सकता और यह भी नहीं कहा जा सकता कि इनमें कोई भी धारणा किसी दूसरे से विरुद्ध है। इन सब धारणाओं का जो लक्ष्य है वह सब एक ही है-' આ 'સમયસાર'. બિલકુલ વાત ખોટી છે. આ છેલ્લે ભૂમિકામાં લખ્યું છે. આ 'દિલ્હી'થી છપાણું છે ને?

ભાઈ! આ આત્મા જે કહેવાય છે એ આત્મા તો ક્યાંય વેદાંત કહો કે બીજા કહો કે લાખ વાત કરે.. આ આત્મા છે, અસંખ્ય પ્રદેશ જેનું ક્ષેત્ર. વસ્તુ એક, અસંખ્ય પ્રદેશ ક્ષેત્ર, અનંતા અનંતાઅનંત ક્ષેત્રના પ્રદેશોનું માપ નથી, ક્યાંય હદ નથી તેથી અનંતા અનંતા ગુણો અને એટલી જ એની પર્યાયો. ક્યાં છે આવો આત્મા? લાવો! સમજાય છે કાંઈ? અજ્ઞાનીઓએ તો અસર્વાંશને સર્વાંશ માન્યું છે. આ તો સર્વાંશ આખી ચીજ આવી અખંડ છે. 'નેમચંદભાઈ'!

એથી અહીં કહે છે કે આ જે બ્રહ્મા આદિ શબ્દ પડ્યા છે ઈ એ નહિ. આવો જે આત્મા છે એ જે પાંચ પરમેષ્ઠીપણે પરિણમે એને જ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ કહેવામાં આવે છે. આહાહા..! કેટલાક ઇ ભ્રમમાં પડી જાય છે કે, ઓલાએ તો આમ કીધું છે, 'ભક્તામર સ્તોત્ર'માં કહ્યું છે. શું આવે છે? વિબુધ બુધ, એવું આવે છે. તમે બુદ્ધ કહો છો. પણ એ બુદ્ધ એટલે આ સ્વરૂપે છે તેને બુદ્ધ કહે છે. ઓલા બુદ્ધને અહીં બુદ્ધ કહે છે એમ નથી. સમજાણું?

તેથી આચાર્ય લે છે, જુઓ! 'सो सिउ संकरु विण्हु' 'सो' શબ્દ વાપર્યો છે પહેલો. તે જ આત્મા, આ જે આત્મા પહેલો કહ્યો, પંચ પરમેષ્ઠીના સ્વરૂપે ધ્યાન કરવા યોગ્ય, એવું કહ્યું 'सो सिउ, सो संकरु, सो विण्हु सो सो रुद्द वि सो बुद्धु, सो जिणु ईसरु बंभु सो, सो अणंतु सो सिद्धु' જુઓ! આચાર્યે એક એક શબ્દ 'सो' શબ્દ કરીને મૂક્યું છે. પાછું બ્રહ્મા, વિષ્ણુ તે આત્મા, એમ નહિ. આવો જે આત્મા કહ્યો... સમજાણું કાંઈ?

www.vitragvani.com



અરે.. ભાઈ! આ તો વસ્તુની સ્થિતિ છે. ભગવાને જોયું માટે કાંઈક કહ્યું બીજું ને જોયું બીજું, એમ નથી. એવી ચીજ જ છે. અનાદિ સ્વભાવના–છ પ્રકારના સ્વભાવના પિંડ તે છ દ્રવ્ય છે. છ પ્રકારના સ્વભાવના પિંડ છ દ્રવ્ય. એવી અનાદિ વસ્તુ છે. એનો એક એક આત્મા અનંત અનંત ગુણનો પિંડ (છે). અનંત અનંત કોને કહે? આહાહા..! આકાશ આકાશ આકાશ આકાશ આકાશ ક્યાંય 'છે' માંથી 'નહિ' આવે, એમ નહિ. તેથી અનંતગુણા ગુણ. ક્ષેત્ર આટલું એમ ન લ્યો. ક્ષેત્ર ભલે આટલું હોય. ક્ષેત્ર અસંખ્ય પ્રદેશી. એના ગુણોની, અહીં જેમ પ્રદેશનો ક્યાંય અંત નથી, આ એનાથી અનંતગુણા (ગુણ છે) એના અંતને શું કહેવું? એવા અનંતા અનંત ગુણનું સ્વરૂપ–પિંડ ભગવાન, એનું નિર્મળ પરિણમન થવું એને અહીંયાં ખરેખર આત્મા કહે છે. સમજાણું કાંઈ?

'તે જ શિવ છે,...' એમ શબ્દ પડ્યો છે ને? જુઓ! 'તે જ શિવ છે,...' શિવ આ છે, એમ નહિ. શિવ જે દુનિયામાં કહેવાય છે તે આત્મા, એમ નહિ. આવો આત્મા તેને શિવ (કહે છે). ભગવાન! આમ વાત છે. સમજાણું કાંઈ? કેમકે શિવ એટલે નિરૂપદ્રવ કલ્યાણ સ્વરૂપ છે, 'તે કલ્યાણનો કર્તા છે. તેનું ધ્યાન કરવાથી આપણું હિત થાય છે.' સમજાય છે? માટે આત્મા જ પોતે શિવ છે. પણ આવો આત્મા, હોં! આહાહા..!

એક સમયમાં દ્રવ્ય જે શક્તિવાન, દ્રવ્ય એટલે શક્તિવાન. શક્તિઓ અનંતાઅનંત અને એનું પરિણમન પણ જેટલા ગુણો તેટલી અનંતાઅનંત જેની એક સમયમાં પર્યાય. એક સમયમાં, હોં! આમ ત્રિકાળ એ જુદી વાત છે. એક સમયમાં અનંત ગુણની પર્યાયો કેટલી? કે, લોકના આકાશના, અલોકના આકાશના પ્રદેશથી પણ એક સમયની એક જીવની અનંતગુણી પર્યાયો. સમજાણું કાંઈ? ગુણ જેટલા છે એનો દરેક સમયનો પર્યાય છે કે નહિ ? 'पर्याय विजुत्तम् दव्वम्' અથવા 'पर्याय विज्जुतम् गुण' ન હોય. આહાહા..! સમજાણું કાંઈ?

આત્માને શિવ કહીએ. કેમકે કલ્યાણનો કર્તા છે. એનાથી આ આત્માનું પૂર્ણ સ્વરૂપ એનું શ્રદ્ધા, જ્ઞાન ને ધ્યાન કરવાથી કલ્યાણ થાય છે માટે આ આત્માને શિવ કહેવામાં આવે છે. બીજો જગતનો શિવ કહે છે એ નહિ.

એ શંકર કહેવામાં આવે છે. આનંદનો લાભ દેવાવાળો આત્મા છે. ભગવાનઆત્મા આવા અનંત ગુણવાળો પરમાત્મા પોતે સર્વજ્ઞ પરમેશ્વરે જોયો એવો આત્મા. એ આત્માને અહીં શંકર કહેવામાં આવે છે. શંકર કહે છે તે આ આત્મા, એમ નહિ. આવા આત્મામાં અનંત ગુણનો પિંડ પ્રભુ એનું ધ્યાન કરવાથી આત્મામાં અતીન્દ્રિય આનંદ સુખ પડ્યું છે તે દશામાં આનંદની પ્રાપ્તિ સમ્યગ્દર્શન, જ્ઞાન થતાં થાય છે. માટે તે આત્માને શંકર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

તે વિષ્ણુ (છે). સમજાણું? 'તે કેવળજ્ઞાનની અપેક્ષાએ સર્વ લોકાલોકના જ્ઞાતા હોવાથી સર્વ-વ્યાપક છે.' આ અપેક્ષા વ્યાપક, હોં! આમ ક્ષેત્રથી નહિ. ભગવાન જ્ઞાન... 'પ્રવચનસાર'માં

www.vitragvani.com



લીધું છે ને? જ્ઞેય પ્રમાણે જ્ઞાન. જ્ઞેય લોકાલોક. (ગાથા-૨૩) 'आदा णाणपमाणं णाणं णेयप्पमाण' અને જ્ઞેય લોકાલોક. સમજાણું કાંઈ? પ્રવચનસારમાં 'કુંદકુંદાચાર્યે' ઘણું મૂક્યું છે, બહુ મૂક્યું છે. 'સમયસાર' (આદિમાં) તત્ત્વોથી ભરેલા ઢગલા પડ્યા છે. ક્યાંય ગોતવા બહારના કોઈના આધાર લેવાની જરૂર નથી, એટલું ભર્યું છે અંદર. સમજાણું કાંઈ?

વિષ્ણુ આને કહીએ. એના એક જ્ઞાનની દશાના પ્રગટ વિકાસમાં એની-ગુણની શક્તિ જ એવી છે કે લોકાલોકને જાણવાની તાકાત રાખે છે. એ પ્રગટ દશા લોકાલોકને પહોંચી વળે છે. જાણવા માટે, હોં! ક્ષેત્રે પહોંચી વળે છે કે એની પર્યાયમાં ગરી જાય છે, એમ નથી. એ સંબંધીનું જ્ઞાન પૂરું પોતાના જ્ઞાનમાં આવી જાય છે એટલે એમ પણ આચાર્યે કહ્યું કે લોકાલોક વ્યાપક, એ જ્ઞાન જ્ઞેયગત છે અને જ્ઞેય જ્ઞાનગત છે. બન્ને વાત લીધી ને? 'પ્રવચનસાર'માં બેય લીધું છે. આ સમજાવવા. જેટલું જ્ઞેય લોકાલોક, એ જ્ઞાન જ્ઞેયગત છે, આ અપેક્ષાએ. ગરી નથી ગયું. જાણવાની અપેક્ષાએ (કહ્યું). અને જ્ઞાનમાં જ્ઞેય આવ્યા છે. જ્ઞાન જ્ઞેયગત છે, જ્ઞેય જ્ઞાનગત છે. લોકાલોક જ્ઞેય જ્ઞાનમાં-જ્ઞાનપણાના પર્યાયમાં આવી ગયા છે. એ નહિ પણ એ સંબંધીનું જ્ઞાન, એ અપેક્ષાએ જ્ઞેય જ્ઞાનગત છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! આવું કેવળ અને એવો એનો ... એને ટૂંકો કરી નાંખવો કે, આવું કેવળ ન હોય, આમ ન હોય, ફલાણું ન હોય, ઢીંકણું ન હોય. કેવળજ્ઞાનમાં શંકા કરવા મંડ્યા, હોં! ભૂત, ભવિષ્યમાં આમ ન હોય, ફલાણું આમ ન હોય. ભગવાન! એ વસ્તુનો સ્વભાવ છે, ભાઈ! એમાં એવા ઊંધા તર્કને સ્થાન ન હોય. સવળા તર્કને સ્થાન હોય, શ્રુતજ્ઞાનરૂપી તર્કને (સ્થાન હોય). કહો, સમજાણું?

એને રુદ્ર કહેવામાં આવે છે. કેમકે રુદ્ર જેમ બીજાને ભસ્મ કરે છે એમ ભગવાનઆત્મા આઠ કર્મને ભસ્મ કરી નાખે. ભગવાનઆત્મા જ રુદ્ર છે. પેલો રુદ્ર તે આ નહિ પણ આ આત્મા તે રુદ્ર. સમજાણું કાંઈ? આઠે કર્મના ભૂકા! એનો અર્થ અવસ્થાની નબળાઈનો નાશ. એથી રજકણની પર્યાય આઠ કર્મની છે એનું રૂપાંતર એની પર્યાયમાં કર્મરૂપ જે અવસ્થા છે એ અવસ્થા રૂપાંતર થઈને સાધારણ જડની અવસ્થા, પુદ્ગલની અવસ્થા થઈ જાય છે ઇ આઠ કર્મનો નાશ (કર્યો), એમ કહેવામાં આવે છે. એ ભગવાનઆત્મા રુદ્ર છે. સમજાણું કાંઈ? 'શંકરે' ત્રીજી આંખે કામને બાળ્યો એમ આવે છે કે નહિ? ત્રીજી આંખે આમ (બાળ્યો). કામ તો અહીં છે, ન્યાં ક્યાં કામ હતો બહાર? સમજાણું કાંઈ?

'बुद्धु' એ બુદ્ધ પણ ભગવાન સાચો બુદ્ધ. એ સર્વ તત્ત્વોનો યથાર્થ જ્ઞાતા તે બુદ્ધ છે. 'કોઈ બૌદ્ધોને માન્ય બુદ્ધદેવ યથાર્થ સર્વજ્ઞ પરમાત્મા નથી.' બુદ્ધ છે એ સર્વજ્ઞ છે જ નહિ. એ તો સાધારણ પ્રાણી હતા. મિથ્યાત્વ હતું, અજ્ઞાન હતું, એકાન્ત મિથ્યાદૃષ્ટિ હતું. એ લોકોને ગોઠતું નથી. કેટલાક કહે છે, અરર..! બુદ્ધ ભગવાન છે ને! ભાઈ! ભગવાન શેના પણ? સાંભળ ને! સમજાણું કાંઈ?

www.vitragvani.com



પરમાત્મા એક સમયમાં પૂર્ણાનંદનો નાથ આત્મા એ બુદ્ધમ્ નામ જ્ઞાન સ્વરૂપે પૂર્ણ પરિણમે છે અને એવી એવી અનંતી શક્તિઓ આત્મા રાખે છે માટે આ આત્માને બુદ્ધ કહેવાય. એવો આત્મા જ્યાં જેને પ્રતીતમાં નથી અને ક્ષણિકને જ આત્મા માને છે એ માન્યતા ખોટી, તદ્દન અજ્ઞાનભાવ છે, સંસારભાવ છે. સમજાણું કાંઈ?

'ગાંધીજી'એ 'શ્રીમદ્'ને પ્રશ્ન કર્યો છે કે, આ બૌદ્ધ છે એ મોક્ષ પામ્યા છે કે નહિ? ૨૭ પ્રશ્ન, ૨૭ પ્રશ્નો કર્યાં છે. 'ગાંધીજી'ના વખતમાં ૨૭ પ્રશ્ન, ૨૭ મા વર્ષમાં છે. ૨૭ મા વર્ષમાં ૨૭ પ્રશ્ન છે. સમજાણું? તો એમણે કહ્યું કે, બૌદ્ધના લખાણ ને શાસ્ત્ર જોતાં એમની મુક્તિ હોઈ શકે નહિ. અને આ સિવાયનાં બીજા એમના અભિપ્રાય હોય તો આપણને જાણવા મળે નહિ ત્યાં સુધી આપણે કેમ કહીએ? પણ એમણે જે અભિપ્રાયો કહ્યા છે એ ઉપરથી તો એ મુક્તિને પામ્યા નથી. ૨૭ વર્ષમાં છે. સમજાણું?

બૌદ્ધ લોકોને એમ છે કે, આહાહા..! બહુ પરોપકારી હતા ને આમ હતું. એમ કહે છે ને લોકો? હેં? ૨૭ મું વર્ષ છે અને ૨૭ પ્રશ્ન છે. બૌદ્ધનું અહીં હશે. આર્ય ધર્મ શું બધાથી ઉત્પન્ન થયો છે? આર્ય ધર્મ શું છે? બધી ખબર છે. છે આમાં? જુઓ, જોઈ. બૌદ્ધ છે તે મોક્ષને પામ્યા નથી. એમના શાસ્ત્ર જોતાં એ કથનમાં એવો અભિપ્રાય છે કે એને મુક્તિ હોઈ શકે નહિ. અને એના બીજા કોઈ અભિપ્રાય હોય તો આપણને જાણવા મળ્યા નથી, જાણવા મળ્યા પછી એનું આપણે પ્રમાણ ને નક્કી કરી શકીએ. છે, એમાં ક્યાંક છે. જુદું છે, ૨૭ માં છે ઘણું કરીને. લાવો, ઇ. બરાબર હવે આવ્યું.

(પ્રશ્ન-૨૦, પત્રાંક-૫૩૦) 'બુદ્ધદેવ પણ મોક્ષ નથી પામ્યા એ શા ઉપરથી આપ કહો છો ?' ૨૭ પ્રશ્નોમાં વીસમો પ્રશ્ન છે. 'તેના શાસ્ત્ર સિદ્ધાંતોને આશ્રયે. જે પ્રમાણે તેમનાં શાસ્ત્ર સિદ્ધાંતો છે, તે જ પ્રમાણે જો તેમનો અભિપ્રાય હોય...' એમની શૈલી એવી હતી. 'તો તે અભિપ્રાય પૂર્વાપર વિરુદ્ધ પણ દેખાય છે; અને તે લક્ષણ સંપૂર્ણ જ્ઞાનનું નથી. સંપૂર્ણ જ્ઞાન જ્યાં ન હોય તો સંપૂર્ણ રાગ-દ્વેષ નાશ પામવા સંભવિત નથી. જ્યાં તેમ હોય ત્યાં સંસારનો સંભવ છે. એટલે કેવળ મોક્ષ તેને હોય એમ કહેવું બની શકે એવું નથી. અને તેમના કહેલાં શાસ્ત્રોમાં જે અભિપ્રાય છે તે સિવાય બીજો તેમનો અભિપ્રાય હતો, તે બીજી રીતે જાણવાનું અમને તમને કઠણ પડે તેવું છે; અને તેમ છતાં કહીએ કે બુદ્ધદેવનો અભિપ્રાય બીજો હતો તો તે કારણપૂર્વક કહેવાથી પ્રમાણભૂત ન થાય એમ કાંઈ નથી.' લાવો, બીજા અભિપ્રાય શું હતા, ઇ લાવો. મોક્ષ એને છે નહિ. મોક્ષ ક્યાંથી લાવે? આ જગતમાં બહુ વધી જાય, આ માન્યતા કરોડો અબજોમાં (થાય) માટે ઊંચો છે, મોટો છે એમ કોણે કહ્યું? સમજાણું કાંઈ? બહુ એની માન્યતા છે ને! 'ચીન' ને બધે બહુ છે. શું છે પણ? સાધારણ વાત કરી છે.

આ સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો જેને બોધ-જ્ઞાન જ્યાં હોય તેને બૌદ્ધ કહેવામાં આવે છે.

આહાહા..! જુઓ! કહ્યું કે નહિ એણે? 'बुद्ध सो जिणु' એને જિન કહીએ, આવા આત્માને જિન કહીએ. આમ તો જિન નામ ધરાવનારા ઘણા નીકળે. એને 'ईसरु' કહીએ, એને ઈશ્વર કહીએ. પૂર્ણ શક્તિવાળો એવું નામ એને ઈશ્વર કહીએ. સમજાણું?

બ્રહ્મા કીધું છે ને? પછી છે 'बंभु' લ્યો! સત્ય બ્રહ્મા. ઈશ્વર કહીએ. 'કેમકે અવિનાશી પરમ ઐશ્વર્યના ધારક તે જ પરમાત્મા છે જે પરમ કૃતકૃત્ય અને સંતોષી છે, સર્વ પ્રકારની ઇચ્છારહિત છે. તે જ પરમાત્મા સાચા બ્રહ્મા છે...' છે ને 'बंभु'? 'કેમકે એ બ્રહ્મસ્વરૂપમાં લીન છે.' ભગવાનઆત્મા આનંદ અતીન્દ્રિય આનંદ સ્વરૂપમાં લીન છે એને બ્રહ્મા કહીએ. સમજાણું કાંઈ? યથાર્થ ધર્મનું સ્વરૂપ, ઉપાય બતાવે છે અથવા ધર્મનાં કર્તા છે માટે બ્રહ્મા છે. ઓલો કહે છે ને ઈશ્વરને કર્તા. આ પોતાના સ્વરૂપના કર્તા માટે બ્રહ્મા. એને 'बंभु' (કહે છે). લ્યો! એમ અનંત નામ લેવા. અનંત નામ લેવા.

'હજારો નામ લઈને ભાવના કરનાર ભાવના કરી શકે છે. નામ લેવું એ તો નિમિત્ત છે.' પણ એનું સ્વરૂપ જે આત્માનું છે તે રીતે લક્ષમાં લઈને ધ્યાન કરવું એનું નામ ખરેખર ધ્યાન અને સંવર નિર્જરા છે. નામ તો વિકલ્પ છે. કોઈપણ નામ લઈએ, નામ લક્ષમાં લઈએ તો વિકલ્પ છે. સમજાણું કાંઈ ? પછી દાખલો આપ્યો છે. 'જેમ નિર્મળ ક્ષીરસમુદ્રમાં નિર્મળ તરંગો જ ઉત્પન્ન થાય છે તેમ શુદ્ધાત્મામાં સર્વ પરિણમન અથવા વર્તન શુદ્ધ જ થાય છે.' ભગવાન, ઈશ્વર, પરમાત્મા, બ્રહ્મા આદિ કહ્યો આત્મા એનું પૂર્ણ સ્વરૂપ પ્રગટ થતાં પોતે જ્યારે, દ્રવ્ય ગુણ જ્યારે પોતાના શુદ્ધ અને પૂર્ણ છે, ક્ષીરસાગરથી ભરેલો ક્ષીરસાગર જ્યારે દૂધથી ભરેલો છે તો એના તરંગો બધા દૂધથી ભરેલા હોઈ શકે છે. તરંગો-મોજા. એમ ભગવાનઆત્મા દ્રવ્ય-ગુણ જ્યારે શુદ્ધ સ્વભાવમાં અનંત ગુણના રસકંદ રૂપે છે તો એની દશા થતાં પર્યાય પણ અનંતા શુદ્ધ ગુણના પરિણમનના એના તરંગો છે. સમજાણું કાંઈ? એ અનંતા ગુણની પર્યાય આવલી અનંતી ઉત્પન્ન થાય, જેવા ગુણ-દ્રવ્ય છે એવી જ પર્યાય નિર્મળ પૂર્ણ થાય ત્યારે તેને બૌદ્ધ, ઈશ્વર, બ્રહ્મા, જિન કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? 'શુદ્ધ જ હોય છે.' લ્યો! પછી દાખલો આપ્યો છે. ઠીક!

'સમાધિશતકમાં કહ્યું છે : પરમાત્મા કર્મમળરહિત નિર્મળ છે, એકલો છે તેથી કેવળ છે, તે જ સિદ્ધ છે, તે જ અન્ય દ્રવ્યોની અને અન્ય આત્માઓની સત્તાથી જુદો (વિવિક્ત) છે. તે જ અનંત વીર્યવાન હોવાથી પ્રભુ છે, તે જ સદા અવિનાશી છે, તે જ પરમપદમાં રહેવાથી પરમેષ્ઠી છે.' એ બધા નામ આપ્યા છે. 'સમાધિશતક'માં, હોં!

निर्मलः केवलः सिद्धो विवक्तः प्रभु रक्षयः।
परमेष्ठी परात्मेति परमात्मेश्वरो जिनः।।६।।

'ભક્તામર'માં કેટલાક આપ્યા છે. કહો, સમજાણું ? 'તે જ ઉત્કૃષ્ટ હોવાથી પરમાત્મા છે, તે જ પરમાત્મા છે, તે જ સર્વ ઇન્દ્રાદિ વડે પૂજ્ય ઈશ્વર છે. તે જ રાગાદિવિજય જિન

www.vitragvani.com



ભગવાન છે.' લ્યો! એક સમયમાં પ્રભુ દ્રવ્યથી જુઓ તો નિશ્ચય છે, પર્યાયથી જુઓ તો વ્યવહાર છે. તો જ્યાં પરિપૂર્ણ પર્યાય થઈ ગઈ એને દેખો તો પ્રમાણજ્ઞાનમાં પૂર્ણ દ્રવ્ય-ગુણ અને પૂર્ણ પર્યાય પ્રમાણ છે આખું. સમજાય છે? નિશ્ચયમાં દ્રવ્ય-ગુણ પૂર્ણ છે અને પર્યાય પૂર્ણ નથી એનું જ્ઞાન કરતાં એ જાતનું પ્રમાણ થાય છે. પણ પૂરું પ્રમાણ તો પૂરી પર્યાય પ્રગટ થાય ત્યારે પ્રમાણ થાય છે. હવે ૧૦૬.

---

## પરમાત્મા દેવ પોતાના જ શરીરમાં છે

एव हि लक्खण-लक्खियउ, जो परु णिक्कलु देउ।
देहहँ मज्झहिं सो वसइ, तासु ण विज्जइ भेउ।।१०६।।

એવા લક્ષણયુક્ત જે, પરમ વિદેહી દેવ;
દેહવાસી આ જીવમાં, ને તેમાં નથી ફેર. ૧૦૬.

અન્વયાર્થ :- (एव हि लक्खण-लक्खियउ जो परु णिक्कलु देउ) આ રીતે ઉપર કહેતા લક્ષણોથી લક્ષિત જે પરમાત્મા નિરંજન દેવ છે (देहहँ मज्झहिं सो वसइ) તથા જે પોતાના શરીરની અંદર વસનાર આત્મા છે (तासु भेउ ण विज्जइ) તે બન્નેમાં કોઈ ભેદ નથી.

---

'પરમાત્મા દેવ પોતાના જ શરીરમાં છે.' લ્યો! આહાહા..! ઇ ગાથામાં જરી ફેર છે. 'શીતલપ્રસાદજી'ની ગાથામાં. 'एक हि लक्खण-लक्खियउ' એમ ન જોઈએ 'एव हि लक्खण-लक्खियउ' જોઈએ. 'એક' શબ્દ પડ્યો છે ને? એ 'એક' ન જોઈએ. 'एव हि लक्खण' આ બધા કહ્યા ને? આત્માના લક્ષણો બધા કહ્યા ને? એમ જોઈએ. ઓલામાં એમ હશે, જુઓ! 'एव' છે ને? ઇ બરાબર છે. કારણ કે જે આ રીતે પંચ પરમેષ્ઠીરૂપ છે, બ્રહ્મા, વિષ્ણુ આદિ જેના નામ છે, એ રૂપે આત્માનું જે સ્વરૂપ છે તે રીતે 'एव हि लक्खण-लक्खियउ' એમ. આ લક્ષણથી લક્ષિત (થાય) તેને આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! ત્યારે ઓલા કહે, 'મહારાજ! તમે તો બધું સંકેલી-સંકેલીને તમારા આત્મામાં લાવો છો. બધાના દેવો પણ તમારામાં સમાડી દ્યો છો. બીજાના દેવ પણ તમે આત્મામાં સમાડી દ્યો છો.' પણ એ આત્મા એવો છે એમાં સમાડવું ક્યાં? એવો જ છે. સમજાણું કાંઈ? 'પરમાત્મા દેવ પોતાના જ શરીરમાં છે.' `एव हि लक्खण-लक्खियउ' એમ જોઈએ.

www.vitragvani.com



एव हि लक्खण-लक्खियउ, जो परु णिक्कलु देउ।
देहहँ मज्झहिं सो वसइ, तासु ण विज्जइ भेउ।।१०६।।

'આ રીતે ઉપર કહેલા લક્ષણોથી લક્ષિત...' લ્યો! આ પાંચ આચાર્ય ને બધું કહ્યું ને? પરમેષ્ઠી ને... એ પ્રકારે... પાછું અર્થમાં બરાબર કર્યું છે. 'લક્ષણોથી લક્ષિત જે પરમાત્મા નિરંજન દેવ છે...' માથે બધા જે નામ આપ્યા પાંચ પરમેષ્ઠીના (એ અને) શિવ, શંકર, વિષ્ણુ, રૂદ્ર, બૌદ્ધ, જિન, ઈશ્વર અને બ્રહ્મા એ બધા લક્ષણે જે કહ્યા (તે). ભગવાન પૂર્ણાનંદનો નાથ અનંત ગુણનો પિંડ, એનું ભાન કરીને પરિણતિ નિર્મળ આદિ થઈ એથી તે 'પરમાત્મા નિરંજન દેવ છે' એને પરમાત્મા નિરંજન દેવ કહેવામાં આવે છે.

'તથા જે પોતાના શરીરની અંદર વસનાર આત્મા છે...' એ બધા પરમાત્માનું જે સ્વરૂપ કહ્યું એ તારા દેહના ભીતર-તારા ગર્ભમાં પડ્યો છે. સમજાણું કાંઈ ? માતાનાં પેટમાં છોકરું હોય તો એને માણસ જન્મે, અંદરમાં વાંદરું હોય અને માણસ જન્મે? કહો, સમજાણું કાંઈ? વાંદરાના પેટમાં વાંદરી છે તો વાંદરું હોય તો વાંદરું જન્મે. એમ ભગવાનનાં પેટમાં અનંતા પરમાત્મા આવા પડ્યા છે, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે 'જે પોતાના શરીરની અંદર વસનાર આત્મા છે' આ દેહ દેવાલયમાં પ્રભુ બિરાજે છે. એને અહીંયાં પરમાત્મા (આદિ) બધા વિશેષણો એને કહેવામાં આવે છે. એ અંદર વસ્તુ તરીકે બિરાજે છે. પર્યાયદૃષ્ટિમાં ભલે ફેર હોય (પણ) વસ્તુ તરીકે તો એવો ને એવો પરમાત્મા બિરાજે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ તો ભગવાન એમ કહે કે, મારા ઉપરથી લક્ષ છોડ ને તારું લક્ષ કર તો તું ભગવાન થાઈશ. મોઢા સામો કોળિયો ભગવાનને ગોઠતો નથી, (બાકી) સૌને ગોઠે છે. મોઢામાં પહેલો કોળિયો લઈને પછી ખવરાવે કે નહિ? બાપ ને છોકરો સાથે જમતા હોય તો પહેલો ખાય ને પછી છોકરાને કોળિયો આપે. એક થાળીમાં ખાતા હોય તો, પછી એ પોતે ચાવતો જાય ને થોડું એને દે. વીતરાગ કહે છે કે પણ એ નહિ, અહીં તો મોઢામાં કોળિયાની જ ના છે. (અમારી) ભક્તિ કરો તો તમારું કલ્યાણ થાય, ભગવાન ના પાડે છે. આહાહા..! (કારણ કે) અમે તારાથી પરદ્રવ્ય છીએ ને પ્રભુ! મારા ઉપર લક્ષ જવાથી તને રાગ થશે. માટે અમે એમ કહીએ છીએ, પરમાત્માની વાણીમાં એમ આવે છે કે તું તારા સ્વભાવને આશ્રયે જા તો પરમાત્મા થઈશ. સમજાણું કાંઈ? એ દેહમાં વસેલો છે, 'દેહના મધ્યમાં' ભાષા વાપરી છે, હોં! પાછી. 'પોતાના શરીરની અંદર...' 'वसइ, तासु ण विज्जइ भेउ' 'તે બન્નેમાં કોઈ ભેદ નથી.' આવા જે પરમાત્મા કહ્યા, જેટલા ગુણો આટલા નામે (કહ્યા) એ બધા તારામાં છે, તું ભેદ ન જાણ. આહાહા..! સમજાય છે કાંઈ? વિશેષ કહેશે... (મુમુક્ષુ : પ્રમાણ વચન ગુરુદેવ!)

www.vitragvani.com



## વીર સંવત ૨૪૯૨, શ્રાવણ સુદ ૧૦, બુધવાર
## તા. ૨૭-૦૭-૧૯૬૬
## ગાથા-૧૦૬ થી ૧૦૮ પ્રવચન નં. ૪૫

આ 'યોગસાર' શાસ્ત્ર છે, ૧૦૬ ગાથા ચાલે છે. પરમાત્માનું સ્વરૂપ ઘણું વર્ણવ્યું ને? જિન, શંકર, ઈશ્વર, બ્રહ્મા, વિષ્ણુ વગેરે ઘણા અને પાંચ પરમેષ્ઠીનું સ્વરૂપ વર્ણવ્યું. એમાં એ કહ્યું કે 'આ રીતે ઉપર કહેલા લક્ષણોથી લક્ષિત જે પરમાત્મા નિરંજન દેવ છે...' 'एव हि लक्खण-लक्खियउ' પરમાત્મા, જેનું અહીં વર્ણન કર્યું, પાંચ પરમેષ્ઠી અથવા બ્રહ્મા આદિ, એ બધા પરમાત્માના સ્વરૂપના લક્ષણવાળા છે 'તથા જે પોતાના શરીરની અંદર વસનાર આત્મા છે તે બન્નેમાં કોઈ ભેદ નથી.' 'देहहँ मज्झहिं सो वसइ, तासु ण विज्जइ भेउ' વ્યવહારથી પર્યાયમાં, રાગમાં, નિમિત્તના સંયોગમાં ભેદ હોવા છતાં, આત્મામાં કર્મના, નિમિત્તના સંબંધમાં વિચિત્રતા, વિવિધતા અવસ્થામાં હોવા છતાં તે દૃષ્ટિને બંધ રાખી, એ લક્ષને બંધ રાખી, છે ખરું, એનું જ્ઞાન રાખવું. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા, એની વર્તમાન દશામાં કર્મના, નિમિત્તના વશે અનેક પ્રકારની વિવિધતા ને વિચિત્રતા દશાઓ એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના ઘણા પ્રકારો (પડતા) છતાં એ લક્ષને, એ દૃષ્ટિને લક્ષમાં રાખવા છતાં તેને ભૂલી જઈને એક આત્મા પરમાત્મ સ્વરૂપ છું. વસ્તુદૃષ્ટિ દ્રવ્ય સ્વભાવ અસલી ચૈતન્યબિંબ આત્મા એ પરમાત્મા છે, એમ સાધકજીવે ધર્માત્માએ આત્માની નિશ્ચયદૃષ્ટિ કરવી. સમજાણું કાંઈ?

ભગવાન પરમાત્મામાં અને મારામાં કંઈ ભેદ નથી. ભેદ છે એ વ્યવહારનયના વિષયમાં જાય છે. સમજાણું કાંઈ? વસ્તુ સ્વરૂપે ચિદ્દ્ઘન આનંદકંદ આત્મા, એને એકરૂપ દૃષ્ટિએ જોતા એ ભેદ પરમાત્મા અને આમાં દેખાય છે એ વ્યવહારથી છે, વસ્તુની દૃષ્ટિએ ભેદ છે નહિ. એમ આત્માને જોવો. પછી છેલ્લે છે, જુઓ!

'સમભાવ જ મોક્ષનો ઉપાય છે. આ ભાવ (સમભાવ) લાવવા માટે સાધકને વ્યવહાર દૃષ્ટિએ ભેદ છે...' એણે પોતે એમ નાખ્યું છે. 'એમ જાણવા છતાં પણ, એમ ધારણામાં રાખવા છતાં પણ આ દૃષ્ટિનો વિચાર બંધ કરીને નિશ્ચય દૃષ્ટિએ પોતાના આત્માને અને સર્વ સંસારી આત્માઓને દેખવા જોઈએ.' પોતાના આત્માને જે રીતે વ્યવહારના ભેદોને ગૌણ કરીને, અભાવ કરીને નહીં, વસ્તુના સ્વભાવને અભેદપણે દેખવો, એમ બીજા આત્માઓને પણ એ રીતે દેખવા. એ આત્મા છે એ તો શુદ્ધ આનંદઘન જ બધા છે. એમ દૃષ્ટિ કરીને 'પોતાના આત્માને અને સર્વ સંસારી આત્માઓને દેખવા જોઈએ. એક સમાન શુદ્ધ, નિરંજન,

www.vitragvani.com



નિર્વિકાર, પૂર્ણ જ્ઞાન, દર્શન, વીર્ય અને આનંદમય અમૂર્તિક, અસંખ્યાત પ્રદેશી...' એ અસંખ્ય પ્રદેશ તો સમજાવ્યું છે. અસંખ્ય પ્રદેશ અસંખ્ય પ્રદેશ એ પણ એક ભેદ છે. પણ વસ્તુ એવી છે એવું જ્ઞાન વ્યવહારે હોવા છતાં અંતરમાં એક જ્ઞાનાકાર દેખવો. વસ્તુ એક જ્ઞાન સ્વરૂપ જ ચૈતન્યબિંબ છે એમ અંતર દૃષ્ટિએ જોવું, જાણવું, અનુભવવું. સમજાય છે? 'એને જ પરમદેવ માનવો...' એમ વિશેષ પછી પોતાની વાત કરી થોડી.

'સમાધિશતક'ની થોડી વાત કરી છે. 'જે કોઈ પોતાના શુદ્ધ સ્વરૂપના અનુભવથી છૂટીને પરભાવોમાં આત્માપણાની બુદ્ધિ કરે છે,...' ભગવાનઆત્મા જ્ઞાતા-દૃષ્ટા શુદ્ધ બ્રહ્મ આનંદકંદ (છે) એવી દૃષ્ટિ છોડીને વર્તમાન અલ્પજ્ઞ પર્યાયમાં ને પુણ્ય-પાપના પરિણામમાં આત્મબુદ્ધિ કરે છે એ સ્વરૂપથી ભ્રષ્ટ થાય છે. સમજાય છે કાંઈ? 'પોતામાં કષાય જાગૃત કરે છે...' એવી બુદ્ધિ કરવાથી કષાયની ઉત્પત્તિ કરે છે. મિથ્યાત્વ, મોહ કષાયનામ મિથ્યાત્વ કષાય છે. પોતાનો સ્વભાવ શુદ્ધ ચૈતન્યધામ (છે) તેને ભૂલી એકલા વ્યવહારના પક્ષમાં પોતાના આત્માને સ્થાપે છે એને મિથ્યાત્વરૂપી કષાયનો ભાગ લાગી જાય છે, એને મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? 'મૂર્ખ બહિરાત્મા આ દેખાતા જગતનાં પ્રાણીઓને ત્રણ લિંગરૂપ સ્ત્રી, પુરુષ, નપુંસક દેખે છે...'

મુમુક્ષુ :– અસંખ્ય પ્રદેશ તો સ્વભાવ છે.

ઉત્તર :– એ પણ એક કીધું, સ્વભાવ છે પણ અસંખ્ય પ્રદેશ, એમ લક્ષ ન કરવું, જ્ઞાન કરવું.

મુમુક્ષુ :– સ્વભાવથી તો અસંખ્ય પ્રદેશી છે.

ઉત્તર :– છે તો ખરા. દ્રવ્યદૃષ્ટિએ જોવું, એમ. અસંખ્ય પ્રદેશી તો છે પણ તેને જ્ઞાનમાં રાખવું. અભેદમાં આ અસંખ્ય પ્રદેશ છે, એમ નહિ. વિકલ્પ નહિ, ભેદ છે ને? અંતર અભેદમાં નહિ, એ પહેલા કહ્યું હતું. અસંખ્ય પ્રદેશ ભલે એણે લખ્યું છે પણ ખરેખર તો એક પ્રદેશી જ ગણવામાં આવ્યું છે, લ્યો! આવે છે ને? 'પંચાસ્તિકાય'. 'પંચાસ્તિકાય'માં એમ લીધું છે. એક પ્રદેશી એટલે એકરૂપ, એમ. એમ લીધું છે. અસંખ્ય પ્રદેશ છે ખરા, હોં! એ વસ્તુ છે, નિશ્ચયથી એવી છે. પણ અસંખ્ય પ્રદેશનો ખ્યાલ છોડીને એકપ્રદેશી–એકસ્વરૂપ એમ 'પંચાસ્તિકાય'માં લીધું છે. એક પ્રદેશી. એક પ્રદેશી નામ એકરૂપ, બસ! એમ લીધું છે. અસંખ્ય પ્રદેશ ખ્યાલમાં આવે તો વિકલ્પ ઉઠે છે. ભેદ રહે છે. સમજ્યા? છે ને ક્યાંક અસંખ્ય પ્રદેશનું? ક્યાં છે?

'પંચાસ્તિકાય' જુઓ, છે. પહેલી લીટી છે ને? ૩૧ (ગાથા). 'જીવો ખરેખર અવિભાગી-એકદ્રવ્યપણાને લીધે લોકપ્રમાણ-એકપ્રદેશવાળા છે.' છે ને? 'जीवा अविभागैकद्रव्यत्वाल्लोक-प्रमाणैकप्रदेशाः' એકકોર લોક પ્રમાણ પણ એકપ્રદેશ, વસ્તુ અભેદ છે, એમ. 'પંચાસ્તિકાય' ૩૧મી (ગાથા) છે.

www.vitragvani.com



अगुरुलहुगा अणंता तेहिं अणंतेहिं परिणदा सव्वे।
देसेहिं असंखादा सिय लोगं सव्वमावण्णा।।३१।।

'અમૃતચંદ્રાચાર્યે' ટીકા લખી છે. અસંખ્ય એ તો ભેદ થઈ ગયો, વ્યવહાર (થયો). પાછો ભેદ થઈ ગયો એટલે અસંખ્ય નથી, એમ નહિ. વળી કોઈ એમ કહે કે એ અસંખ્ય છે એ તો વ્યવહાર જ છે. એમ પ્રશ્ન ઉઠે છે. ઘણા વર્ષ પહેલા એક ભાઈએ પ્રશ્ન કરેલો. આ 'હંસરાજભાઈ'. અભ્યાસી હતા ને? 'અમરેલી'. ઘણા વર્ષ (થયા). (સંવત) ૧૯૭૯ની સાલની વાત છે ૧૯૭૯. એ કહે, આત્માને અસંખ્ય પ્રદેશ છે નહિ, એ તો વ્યવહાર છે. કીધું, એ વ્યવહાર નહિ એ અસંખ્ય પ્રદેશ યથાર્થ છે. પણ અસંખ્ય પ્રદેશનો ભેદ વિચાર કરવો એ વ્યવહાર છે. વસ્તુ અસંખ્ય(પ્રદેશી) નથી, એમ નહિ. પછી તો જેમ વેદાંત કહે છે એમ થઈ જાય. એમ નથી. છે અસંખ્ય પ્રદેશી. એક એક અંશ એના અસંખ્ય પ્રદેશ છે. લોકના આકાશનાં પ્રદેશ જેટલા એના પ્રદેશ છે, પણ એ અસંખ્ય ઉપર લક્ષ જતા ભેદ રહે છે. એથી એને એકપ્રદેશી સમૂહ તરીકે ગણીને એકપ્રદેશી કહ્યો છે. એથી અસંખ્ય પ્રદેશ ચાલ્યા ગયા છે, એમ નથી.

(એમ કોઈ કહે કે), એ અસંખ્ય કહ્યું એ તો વ્યવહારથી, વ્યવહારથી એટલે ખોટો. એમ નહિ. સમજાય છે? અમારે તો આ ચર્ચા બહુ થતી હતી ને. સંપ્રદાયમાં બહુ (ચર્ચા થયેલી છે). એ 'હંસરાજભાઈ'ને વાંચન બહુ હતું. 'અમરેલી' સંસ્કૃત ભણેલા. વાંચન (ખરું) પણ કાંઈ નહિ. એ અસંખ્યપ્રદેશી કહ્યું છે એ તો કલ્પના છે, એ વ્યવહાર છે. એમ નહિ. અસંખ્ય પ્રદેશ નિશ્ચયથી અસંખ્ય પ્રદેશ છે. પણ અસંખ્યના ભેદનો વિચાર કરવો તે વિકલ્પ ને વ્યવહાર છે. એ અપેક્ષાએ એકપ્રદેશી કહેવામાં આવ્યું છે. આ 'પંચાસ્તિકાય' એણે વાંચેલું ખરું ને! એ વાંચતા હતા. અહીં છે ને, લોકપ્રમાણ એકપ્રદેશી. શું કીધું? લોક પ્રમાણે લોક પ્રમાણ તો કહી દીધું. સંસ્કૃત પાઠ છે, જુઓ ને! '**अविभागैकद्रव्यत्वाल्लोकप्रमाणैकप्रदेशाः**' વસ્તુ નિશ્ચયથી છે.

જેમ આકાશ અનંત પ્રદેશી નિશ્ચયથી છે. ધર્માસ્તિ અસંખ્ય પ્રદેશી નિશ્ચયથી છે. ઈ શક્તિમાં પણ આવે છે ને? ભાઈ! ૪૭ શક્તિમાં આવે છે. નિયતપ્રદેશત્વ, નિયતપ્રદેશત્વ એક શક્તિ છે. ૪૭ શક્તિમાં નિયતપ્રદેશત્વ શક્તિ. એ અસંખ્ય પ્રદેશ નિયત પ્રદેશત્વ છે. પણ અસંખ્યનું જ્યાં લક્ષ લેવા જાય ત્યાં ભેદ ઉઠે છે એથી એને અસંખ્યનું ભેદ લક્ષ કરતાં વ્યવહાર (કહ્યું છે). વસ્તુ વ્યવહાર નથી, વસ્તુ તો અસંખ્ય પ્રદેશી વસ્તુ છે. આહા..!

જૈન દર્શનની વસ્તુ એવી છે કે એને જે રીતે કીધી છે ને એ રીતે છે. આત્મામાં અનંત ગુણ નથી? પણ અનંત ગુણ છે એમ ભેદ પાડવા જાય ત્યાં વિકલ્પ ઉઠે છે. એકરૂપ વસ્તુ છે એથી કરીને અનંત ગુણ એમાંથી ચાલ્યા ગયા છે? દ્રવ્ય એક છે એટલે અનંત

www.vitragvani.com



ગુણ ચાલ્યા ગયા છે? પણ અભેદમાં અભેદદષ્ટિએ દેખતા ભેદ દેખાતો નથી. અભેદમાં ભેદ નથી એમ નહિ પણ અભેદ જોતાં ભેદ દેખાતો નથી. કારણ કે ભેદ દેખાડવા જાય ત્યાં વિકલ્પ ઉઠે ને અભેદમાં રહેતો નથી. વાત આ છે. સમજાણું કાંઈ?

નિયતપ્રદેશત્વ, છે ને? શક્તિ છે, હોં! એકે એક વાત આચાર્યો તો ઓ..હો..હો...! સત્‌ને ઘણું પ્રસિદ્ધ કર્યું છે, સ્પષ્ટ કર્યું છે. જુઓ! 'જે અનાદિ સંસારથી માંડીને સંકોચવિસ્તારથી લક્ષિત છે અને જે ચરમ શરીરના પરિમાણથી કાંઈક ઊણા પરિમાણે અવસ્થિત થાય છે એવું લોકાકાશના માપ જેટલા માપવાળું આત્મ-અવયવપણું...' અવયવપણું. સંસ્કૃત ટીકા છે, હોં! 'અવયવપણું જેનું લક્ષણ છે એવી નિયતપ્રદેશત્વશક્તિ. (આત્માના લોકપરિમાણ અસંખ્ય પ્રદેશો નિયત જ છે. તે પ્રદેશો સંસાર-અવસ્થામાં સંકોચવિસ્તાર પામે છે અને મોક્ષ-અવસ્થામાં ચરમ શરીર કરતાં કાંઈક ઓછા પરિમાણે સ્થિત રહે છે).' (૨૪). 'નિયત' શબ્દ વાપર્યો છે, હોં! નિયતપ્રદેશત્વ શક્તિ એક છે.

આત્મામાં નિયતપ્રદેશત્વ નામનો એક ગુણ છે કે જે નિયત અસંખ્ય પ્રદેશી નિશ્ચયથી છે. પણ અસંખ્ય પ્રદેશ આમ છે એમ ભેદ કરવા જાય ત્યાં વિકલ્પ ઉઠે માટે એને ગૌણ કરી નાંખવું. વસ્તુ ચાલી ગઈ નથી, વસ્તુ તો અસંખ્ય પ્રદેશી જ છે. અહીંયાં 'નિયત પ્રદેશ' (શબ્દ) વાપર્યો છે. નિયતપ્રદેશત્વશક્તિ, એવો શબ્દ વાપર્યો છે. ૪૭ શક્તિમાં છે. કહો, સમજાણું આમાં? જૈનને ઓલા અન્ય સાથે મેળવવા કેટલાક ગોટા વાળે છે. એ તો અસંખ્ય પ્રદેશ કહ્યા છે એ વ્યવહારથી કહ્યા છે. સમજ્યા ને? એમ નહિ. અસંખ્ય પ્રદેશ એ નિશ્ચયથી છે પણ એનું અસંખ્ય પ્રદેશનું લક્ષ કરવા જાય ત્યારે વ્યવહાર વિકલ્પ ઉઠે છે એ અપેક્ષાએ અસંખ્યનું લક્ષ ન કરવું, એકનું કરવું. એથી એકનું લક્ષ કરતાં અસંખ્ય નથી, વ્યવહારથી કહ્યા હતા એટલે અભૂતાર્થ નયથી કહ્યા હતા, એમ નથી. ભારે વાત, ભાઈ! સમજાય છે કાંઈ? ઝીણું બહુ આમાં, 'છોટુભાઈ'! બહુ ઝીણું, ભાઈ! આ દયા પાળવી, ઇરિયા..વિયા મિચ્છામિદુક્કડમ્ કરવું ઇ આ વાત નથી. આહાહા..!

અસંખ્ય પ્રદેશમાં અનંત ગુણ વ્યાપેલા છે. આમ એક એક પ્રદેશમાં અનંત અનંત અનંત અનંત આમ પથરાયેલા છે. તીરછા.. તીરછા.. તિર્યક્ પ્રચય આમ અસંખ્ય પ્રદેશ. અને ૯૯માં લીધું છે ને? ભાઈ! ૯૯ ગાથા, 'પ્રવચનસાર'. બતાવવું છે તો ઓલા પર્યાયને પણ ત્યાં દાખલો આપ્યો છે એક પ્રદેશમાં બીજા પ્રદેશનો અભાવ છે. એક બીજા પ્રદેશમાં ત્રીજાનો અભાવ છે. વ્યતિરેક. એ રીતે અસંખ્ય પ્રદેશ છે. ૯૯ ગાથા, 'જ્ઞેય અધિકાર', આત્માનું જ્ઞેયપણું કેવડું છે, એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? પણ આમ અસંખ્ય એ સંખ્યા જ્યાં લક્ષમાં લેવા જાય એમાં વિકલ્પ ઉઠે છે. આહાહા..! 'ભીખુભાઈ' આ ઝીણી વાત છે. આ દુકાનના આખો દિ' ધંધા.. ધંધા.. ધંધા.. એમાં માંડ કો'ક દિ' સાંભળે એમાં આવું આવે, એમાં આવું જીણું આવે. કહે છે, અમે માંડ આવ્યા ન્યાંથી દુકાન છોડીને.

www.vitragvani.com



પણ સમજવાનું આ છે. સમજાણું?

(અહીંયાં) 'સમાધિશતક'માં (કહે છે), ભગવાન! 'જ્ઞાની આ જગતના નિશ્ચયથી એકસમાન શબ્દરહિત અને નિશ્ચળ જ્ઞાતા છે.' લિંગ-બિંગ નહિ. આ સ્ત્રીલિંગ ને પુરુષાલિંગ ને નપુસંક, ભાવ વેદ ને ભાવ વેદમાં ફેર, એ પણ નહિ. એ તો પર્યાય (છે). વસ્તુ તરીકે એકાકાર ભગવાનઆત્મા જ્ઞાતા-દૃષ્ટા પરમ સ્વભાવ સ્વરૂપ એક (છે) એવી દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર પ્રગટ થાય છે. સમજાય છે? ભેદને લક્ષમાં રાખવા, ભૂલી ન જવું. ભૂલી એટલે કે એ નથી, એમ નહિ. પણ વ્યવહારનો અભાવ કરીને નિશ્ચય કરવો એમ નહિ. વ્યવહારને ગૌણ કરીને નિશ્ચય કરવો. એમ વસ્તુ (છે). અભાવ કરે તો એ વસ્તુ નથી, એમ થયું. આહાહા..! વીતરાગ શાસન એવું છે, ભાઈ! ૧૦૬ (પૂરી) થઈ, લ્યો! ૧૦૭.

---

## આત્માનું દર્શન જ સિદ્ધ થવાનો ઉપાય છે

जे सिद्धा जे सिज्झिहिहिं, जे सिज्झहि जिण-उत्तु।
अप्पा-दंसणि ते वि फुडु, एहउ जाणि णिभंतु।।१०७।।

જે સિદ્ધયા ને સિદ્ધસે, સિદ્ધ થતા ભગવાન;
તે આતમદર્શન થકી, એમ જાણ નિર્ભ્રાન્ત. ૧૦૭.

અન્વયાર્થ :– (जिण उत्तु) શ્રી જિનેન્દ્રે કહ્યું છે (जे सिद्धा) જે સિદ્ધ થઈ ગયા છે (जे सिज्झिहिहिं) જે સિદ્ધ થશે (जे सिज्झहि) જે સિદ્ધ થઈ રહ્યા છે (ते वि फुडु अप्पा दंसणि) તે સર્વ પ્રગટપણે આત્માના દર્શનથી છે. (एकउ णिभतुं जाणि) આ વાતને સંદેહ રહિત જાણો.

---

'આત્માનું દર્શન જ સિદ્ધ થવાનો ઉપાય છે.' લ્યો! આમાંથી થોડો અર્થ જોતો હોય તો, આમાં થોડો અર્થ છે, થોડો શબ્દાર્થ છે. એ 'પરમાત્મ પ્રકાશ'નું છે, બીજું જુદું પાડ્યું છે.

जे सिद्धा जे सिज्झिहिहिं, जे सिज्झहि जिण-उत्तु।
अप्पा-दंसणि ते वि फुडु, एहउ जाणि णिभंतु।।१०७।।

ઓહોહો..! 'શ્રી જિનેન્દ્રે કહ્યું છે...' જુઓ! ભગવાન 'યોગીન્દ્રદેવ આચાર્ય' પણ ભગવાનને વચમાં નાંખે છે. ભાઈ! પરમાત્મા તો આમ કહે છે. જિનેન્દ્રદેવ વીતરાગ પરમેશ્વર પૂર્ણ

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



જેને ઈશ્વરતા પર્યાયમાં પ્રગટ થઈ ગઈ છે, એવા જિનેન્દ્ર પ્રભુ એમ 'उत्तु', એમ 'उत्तु' એમ કહે છે. 'જે સિદ્ધ થઈ ગયા છે...' અત્યાર સુધી જેટલા સિદ્ધ અનંતા થયા અને 'જે સિદ્ધ થશે...' ભવિષ્યમાં સિદ્ધ થશે. જુઓ! ત્રણ કાળ લઈ લીધા. અને 'જે સિદ્ધ થઈ રહ્યા છે...' મહાવિદેહ ક્ષેત્રમાં વર્તમાન સિદ્ધ થઈ રહ્યા છે. સમજાણું કાંઈ? મહાવિદેહ ક્ષેત્રમાં છ મહિના ને આઠ સમયે મુક્તિ કાંઈ બંધ નથી થઈ ગઈ. ભરત ને ઐરાવતમાં નથી એટલે ત્યાં આ છ મહિના ને આઠ સમયમાં ૬૦૮ (જીવો) મુક્તિને પામે છે.

જે કોઈ અનંત સિદ્ધ થયા, જે અનંત સિદ્ધ થશે, એથી અનંતગુણા થયા, આમ છતાં વસ્તુ તો એટલી ને એટલી એક શરીરનાં અનંતમાં ભાગે. સમજાણું? 'તે સર્વ પ્રગટપણે...' 'ते वि फुडु फुडु' 'પ્રગટપણે આત્માના દર્શનથી છે.' આત્માના દર્શનથી મુક્તિ પામ્યા છે. અનંતા સિદ્ધ થયા એ ભગવાનઆત્માનો અનુભવ કરીને પામ્યા છે. આત્મદર્શન. ભેદ દર્શન, વ્યવહાર દર્શન એમ નહિ. આત્મદર્શન એક સમયમાં પૂર્ણ પ્રભુ, એ અનંત ગુણનું ધામ તે એકરૂપ, એનું દર્શન કરીને અર્થાત્ અનુભવ કરીને જે અનંત સિદ્ધો થયા તે અનુભવથી થયા, અનંત સિદ્ધ થશે તે અનુભવથી થશે, અત્યારે સિદ્ધ થાય છે તે અનુભવથી સિદ્ધ થાય છે. સમજાણું કાંઈ? ત્રણ કાળ લક્ષમાં લઈ લીધા. ઓહો..હો..! ત્રણે કાળમાં એક જ માર્ગ છે એમ કહે છે.

મુમુક્ષુ :– જ્ઞાન, ચારિત્ર ક્યાં ગયા?

ઉત્તર :– ઇ એમાં દર્શનમાં આવી ગયું. આત્મા પૂર્ણાનંદ પ્રભુ એનું દર્શન થયું ત્યાં જ્ઞાન પણ સમ્યક્ થયું, પ્રતીત સમ્યક્ થઈ ને સ્વરૂપાચરણની સ્થિરતા શરૂ થઈ ગઈ. ચોથે ગુણસ્થાનથી અનુભવ શરૂ થઈ જાય છે. આહાહા..! એ બધી વાતું 'પંડિતજી'ને બહુ ખબર છે. ન્યાંથી જુદા પડીને નીકળ્યા છે ને! બેન પણ એક ફેરી નહોતા કહેતા? આમ કાંઈક કહેતા હતા. મેં કીધું, કેમ એનાથી જુદા પડ્યા? એક ફેરી તમે આમ બોલતા હતા. એક કોર ઇ નીકળી ગયા. 'રતનચંદજી' સાથે રહેતા હતા ને? તમે અહીંયાં બોલ્યા હતા. રસ્તા જુદા થઈ ગયા. ભેગા રહેતા હતા. માર્ગ તો બાપુ એ છે ઇ છે. આહાહા..! સમજાણું? ચોથા ગુણસ્થાનથી પોતે આગળ કહેશે, હોં! જુઓ! અહીં છે. પોતે કહેશે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– દ્રવ્ય દૃષ્ટિએ એવો ભેદ પણ નહિ આ આનંદ છે, એવો ભેદ પણ નહિ. દૃષ્ટિના વિષય એવા દ્રવ્યમાં નથી. જ્ઞાનના અખંડમાં પણ નથી, જ્ઞાનના જ્ઞેયના અખંડમાં પણ ભેદ નથી અને દર્શનના દ્રવ્યદૃષ્ટિમાં ભેદ નથી. આ આનંદ, એ તો સમજાવવું છે. બાકી આનંદમય (છે). એક ભિન્ન ગુણ કરીને જોવું તે વ્યવહાર છે. આ તો સમજાવવાની રીત છે કે, એક જ્ઞાયક છે. અનંત ગુણ આવી જાય છે. 'પ્રવચનસાર'માં આવ્યું છે, નહિ? એક અસાધારણ જ્ઞાનગુણને કારણરૂપે ગ્રહણ કરીને, એમ આવ્યું છે. 'પ્રવચનસાર'. કેમ

www.vitragvani.com



સિદ્ધ થાય છે? છેલ્લો અધિકાર. એક અસાધારણ જ્ઞાનસ્વભાવને કારણરૂપે ગ્રહણ કરીને જે કાર્યરૂપ દશાને પ્રાપ્ત થયા છે. એવું 'પ્રવચનસાર' છે. શાસ્ત્રમાં તો બધી વાત (આવી છે). લખ્યું છે જ્ઞાન. સમજાણું કાંઈ? કેટલામું છે? એ..ઇ..! થોડું લખી રાખવું જોઈએ મોઢા આગળ. આપણે એ વાત થઈ ગઈ છે.

એક અસાધારણ જ્ઞાનને ગ્રહણ કરીને. ૨૧ ગાથા. 'ઇન્દ્રિયોને આલંબીને અવગ્રહ-ઇહા-અવાયપૂર્વક ક્રમથી કેવળીભગવાન જાણતા નથી, (પરંતુ) સ્વયમેવ સમસ્ત આવરણના ક્ષયની ક્ષણે જ, અનાદિ અનંત, અહેતુક અને અસાધારણ જ્ઞાનસ્વભાવને જ કારણપણે ગ્રહવાથી...' આ સંસ્કૃત ટીકા છે, હોં! અનાદિ અનંત (એટલે) ભેદ નહિ. અહેતુક-કોઈ હેતુ નહિ, અસાધારણ (એટલે) બીજો ગુણ નહિ. એ 'જ્ઞાનસ્વભાવને જ કારણપણે ગ્રહવાથી તુરત જ પ્રગટતા કેવળજ્ઞાનઉપયોગરૂપ થઈને પરિણમે છે.' જ્ઞાનથી થયું પણ એથી આ જ્ઞાન એમ પણ નહિ. એ ભેદ થઈ ગયો. સમજાવવા (માટે એમ કહ્યું). જ્ઞાન પરમભાવ છે ને! આ જ્ઞાયક છે, એમ કરીને. અસાધારણ જે બીજો નથી એવો ગુણ. એવા અસાધારણ ગુણને અહેતુકને, અનાદિઅનંતને કારણપણે ગ્રહીને એટલે કે વિકલ્પ આદિના વ્યવહારને કારણ (પણે) ગ્રહીને કેવળજ્ઞાન થાય છે એમ નહિ. આ અંદર અસાધારણ જ્ઞાન આનંદ સ્વરૂપ એકરૂપ એને કારણપણે ગ્રહીને ઉપર, ઉપર એટલે પર્યાયમાં કેવળજ્ઞાનરૂપે થઈને પરિણમી જાય છે. જુઓ! છે ને?

'પ્રગટતા કેવલજ્ઞાનોપયોગરૂપ થઈને પરિણમે છે.; માટે તેમને સમસ્ત દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનું અક્રમે ગ્રહણ હોવાથી સમક્ષ સંવેદનને આલંબનભૂત સમસ્ત દ્રવ્ય-પર્યાયો પ્રત્યક્ષ જ છે.' ભગવાનને પ્રત્યક્ષ છે. એવો તારો સ્વભાવ છે, ભાઈ! શક્તિનો એવો સ્વભાવ છે અને વ્યક્ત થવામાં આ એને કારણપણે ગ્રહતા ઉપર પર્યાયમાં, જે ઉપર અલ્પજ્ઞ આદિ છે, એને (જ્ઞાનસ્વભાવને) કારણપણે ગ્રહીને એકાકાર થતાં પર્યાયમાં કેવળજ્ઞાનના ઉપયોગરૂપે પરિણમી જાય છે. આહાહા..! ઝીણું બહુ પણ આમાં. ભાઈ! એ તો અરૂપી છે ને! અરૂપીનાં લક્ષણો અરૂપી, એના સ્વભાવ અરૂપી, એના કાર્ય અરૂપી, કારણ અરૂપી, એના ગુણ અરૂપી. સમજાણું કાંઈ?

કહે છે, 'આ વાતને સંદેહ રહિત જાણો.' 'णिभतुं'. ભગવાનઆત્માના દર્શનથી જ મુક્તિને પામ્યા. આત્માના દર્શનથી જ મુક્તિને પામશે, આત્માના દર્શનથી મુક્તિને વર્તમાન મહાવિદેહક્ષેત્રમાં (પામે છે). આ મુનિ લખે છે ત્યારે પાંચમાં આરાનાં છે ને અહીં? અહીં ક્યાં કેવળ છે? સમજાણું કાંઈ? સમજાણું?

'મોક્ષનો ઉપાય કેવળ પોતાના જ આત્માનો અનુભવ છે.' લ્યો! દર્શનનો અર્થ અનુભવ છે. મૂળ અનુભવ જ કહેવું છે. 'મોક્ષ આત્માનો પૂર્ણ સ્વભાવ છે.' મોક્ષ આત્માનો પૂર્ણ સ્વભાવ છે. 'મોક્ષમાર્ગ તે જ સ્વભાવનો શ્રદ્ધા અને જ્ઞાન દ્વારા અનુભવ છે.' શું (કહ્યું)?

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

મોક્ષ આત્માનો પૂર્ણ સ્વભાવ અને એ મોક્ષમાર્ગ 'તે જ સ્વભાવનો...' સ્વભાવનો શ્રદ્ધા, જ્ઞાન દ્વારા અનુભવ એ માર્ગ છે. એ સ્વભાવનો, પૂર્ણ સ્વભાવનો શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ એટલે ચારિત્ર દ્વારા અનુભવ (થવો) તે અનુભવ મોક્ષનો માર્ગ છે. અનુભવ મોક્ષમાર્ગ. 'અનુભવ રત્ન ચિંતામણી, અનુભવ હૈ રસકૂપ, અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષ સ્વરૂપ'. પર્યાય મોક્ષસ્વરૂપ કહો. વસ્તુ મોક્ષસ્વરૂપ, ત્રિકાળ મોક્ષસ્વરૂપ જ છે, મુક્ત જ છે. પરમ સ્વભાવ ભાવ પરિણામી મુક્ત સ્વરૂપ છે. એને બંધ કેવો? ને એને આવરણ કેવા? એવા મુક્ત સ્વભાવનું શરણ લઈને જે અંતર અનુભવ દશા પ્રગટ થાય એ અનુભવ માર્ગ પર્યાય છે. એ પર્યાય મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ?

'પોતાનો જ આત્મા સાધ્ય છે, પોતાનો જ આત્મા સાધક છે. ઉપાદાન કારણ જ કાર્યરૂપ થઈ જાય છે.' શુદ્ધ ઉપાદાન સ્વભાવ પોતે જ પરિણમીને પૂર્ણાનંદની પ્રાપ્તિરૂપી કાર્યને પામી જાય છે. ભલે વચ્ચે સંઘયણ ને ગમે તે હો. સમજાણું કાંઈ? વજ્રનારાચસંહનન ને મનુષ્યપણું એ કાંઈ કેવળજ્ઞાન પામવાના, કાર્યમાં નથી આવતું. પોતે જ શુદ્ધ ભગવાનઆત્મા પૂર્ણ શુદ્ધ સ્વભાવ, એ અંતરમાં એકાકાર થઈ પરિણમતો પરિણમતો પરિણમતો પૂર્ણ કાર્યરૂપે પરિણમી જાય છે. ઉપાદાન કારણ કાર્યરૂપે પરિણમી જાય છે. સમજાણું?

સોનાનો દાખલો આપ્યો છે. 'સુવર્ણ પોતે જ ધીરે ધીરે શુદ્ધ થાય છે.' પોતે જ. 'પંચાસ્તિકાય'માં દાખલો છે ને! ભાઈ! અગ્નિનું નિમિત્ત કીધું છે પછી કીધું સુવર્ણ પોતે જ પોતાને કારણે ઉપાદાનથી શુદ્ધ થતું થતું સોળ વલું થઈ જાય છે. ઓલું તો નિમિત્તથી કીધું. પદાર્થ સુવર્ણ–સોનું પોતે જ પોતાની શુદ્ધતાથી પરિણમતું પરિણમતું પરિણમતું પરિણમતું પરિણમતું સોળ વલું થઈ જાય છે. સોળ વલું કહે છે? સોળે વાન. અગ્નિ તો નિમિત્ત છે. સમજાય છે? 'સોનું પોતાથી જ કુંદન (શુદ્ધ સુવર્ણ) બની જાય છે.'

'આ દશાને આત્માનું દર્શન અથવા આત્માનો સાક્ષાત્કાર કહે છે.' લ્યો! ભગવાનઆત્મા જ્ઞાનમાં જ્ઞેય તરીકે પણ અભેદ આવ્યો, શ્રદ્ધામાં પણ દ્રવ્ય એટલે અભેદ આવ્યો. એમાં સ્થિર થવું એ અનુભવ થયો, પર્યાય. અનુભવ દ્રવ્ય-ગુણનો હોઈ શકે નહિ. અનુભવ પર્યાયનો હોય. કારણ કે જ્ઞાન બધાનું હોય. ત્રણ કાળ, ત્રણ લોકનું (હોય) પણ અનુભવ તો એક સમયની પર્યાયનો (તેનું) જ વેદન હોય. એ વેદન જે આત્માનો અનુભવ તે જ મોક્ષનો માર્ગ છે. ઓહોહો..! વ્યવહારવાળાને આકરું બહુ પડે. વ્યવહાર છે, ભાઈ! એમ કીધું ને? છે. પણ એનું લક્ષ છોડીને, એનું લક્ષ છોડીને એનો આશ્રય છોડીને અહીં ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એનો આશ્રય કર ત્યારે જ અનુભવની શરૂઆત થાય છે, ત્યારે જ મોક્ષમાર્ગની શરૂઆત થાય છે. સમજાણું?

'આત્માનું દર્શન અથવા આત્માનુભવ જ એક સીધી સડક છે જે મોક્ષના સિદ્ધમહેલ સુધી ગયેલી છે.' ભઈ! આ સડક ક્યાં જશે? આ સડક છે ને ક્યાં જશે? જાવ તળેટી

www.vitragvani.com



સુધી. 'પાલીતાણા'ની તળેટી સુધી જાય. આ સડક જાય છે ને? આ સીમેન્ટ કોંક્રિટની. ક્યાં જશે? કે જાવ સીધી તળેટી સુધી. જ્યાં 'શેત્રુંજય' છે એની તળેટી સુધી જાય છે. એમ 'આત્માનું દર્શન અથવા આત્માનુભવ જ એક સીધી સડક છે જે મોક્ષના સિદ્ધમહેલ સુધી ગયેલી છે.' મોક્ષરૂપી પ્રસાદ-મહેલ ત્યાં સુધી સડક ગઈ છે. સમજાણું? ભગવાન ત્યાં મહાવિદેહમાં બિરાજે છે. આમ બિરાજે છે. એમ કહે ને? આમ બિરાજે છે. એમ સિદ્ધપણાની પર્યાયની સીધી સડક એ આત્માનુવભવનો જે અંતર અનુભવ શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિથી કરવો એ સીધી સડક મોક્ષના મહેલ સુધી જાય છે. પૂર્ણ કાર્ય સુધી ચાલી જાય છે, પૂર્ણ કાર્ય સુધી એ કારણ ચાલ્યું જાય છે. સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ આમાં? 'નટુભાઈ'! બહુ ઝીણું પણ આમાં.

મુમુક્ષુ :- સડકની વાત સમજાય ને.

ઉત્તર :- ઇ સડકની વાત છે? એ તો દાખલો આપ્યો, એ તો દાખલો. સિદ્ધાંત સિદ્ધ કરવા દાખલો છે કે દાખલો સિદ્ધ કરવા દાખલો છે?

ભગવાનઆત્મા શુદ્ધ સ્વભાવ પરમાનંદની મૂર્તિ, એનું અનુસરીને ભવવું-અનુભવ-એને અનુસરીને થવું. રાગ ને નિમિત્તને અનુસરવાનું છોડી સ્વભાવ પૂર્ણાનંદને અનુસરીને ભવવું-થવું, એવો જે પર્યાયમાં આનંદ ને શાંતિનો અનુભવ એમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય આવી ગયા. એ સીધી સડક સિદ્ધપદની પર્યાયનાં મહેલ સુધી પહોંચી જાય છે. 'બીજી કોઈ ગલી નથી.' એમ લખ્યું છે. એ..ઇ..! કોઈ કહે, આ ક્યાં જાય? એ સીધી ગલી છે. બીજું કાંઈ વચમાં (આવે છે)? તો કહે, વચમાં કાંઈ નથી. આડોઅવળો રસ્તો નથી, સીધી સડક છે. કાંઈ નથી, સીધી સડક છે. અમારે તો ઘણું રસ્તામાં પુછવું પડતું ને? જ્યારે બહાર નીકળતા ત્યારે. ૧૮૦૦૦ માઈલ ફર્યા હતા ને જ્યારે? ત્યારે બહુ પુછવું પડતું. (સંવત) ૨૦૨૦ની સાલમાં 'મોહનભાઈ' પુછે, આ સડક ક્યાં ગઈ? સીધી (જાય છે). વચ્ચે (કાંઈ) આવશે? ના. સીધી (જાય છે). આગળ જતા બે માઈલ છેટે એક માર્ગ આની કોરનો નીકળશે એ છોડી દેવો, એમ કહે. બાકી સીધી ચાલી જશે. તમે હતા કે નહિ કેટલીક વાર? ઇ પણ એમાં હતા. કહો, સમજાણું કાંઈ?

'જેના ઉપર ચાલીને ત્યાં પહોંચી શકાય. સિદ્ધપદ ન તો કોઈની ભક્તિથી મળી શકે છે...' એ પરમાત્મા સાક્ષાત બિરાજે એની ભક્તિથી કાંઈ મુક્તિ નથી. એ વચ્ચે શુભભાવ આવ્યા વિના રહે નહિ. વીતરાગ થયો નથી ત્યાં સુધી પૂર્ણાનંદના આશ્રયની પરિણતિ હોવા છતાં ... એવો ભક્તિનો શુભભાવ આવે પણ એ સડક નથી. એ વચમાં એવો ભાવ અશુભથી બચવા, એમ કહેવાય ખરેખર તો તે કાળે તે શુભ આવ્યા વિના રહેતો નથી. વસ્તુસ્થિતિ આમ છે. સમજાણું કાંઈ? લ્યો!

'સિદ્ધપદ ન તો કોઈની ભક્તિથી મળી શકે છે કે ન બાહ્ય તપ, જપ અને ચારિત્રથી

www.vitragvani.com



મળી શકે છે.' બહારનું તપ, ઉપવાસ આદિ કે જપ-ભગવાન ભગવાન ભગવાન (કરવું) કે વ્યવહાર પંચ મહાવ્રતના પરિણામ આદિ, એનાથી મુક્તિ મળી શકતી નથી. 'તે તો કેવળ પોતાના જ આત્માના યથાર્થ અનુભવથી પ્રાપ્ત થઈ શકે છે.' ઠીક લખ્યું છે. સમજાય છે કાંઈ? પછી એ દ્રવ્ય ગુણોનો સમુદાય છે, એમ લખ્યું છે. દ્રવ્ય છે એ ગુણનો સમુદાય છે. 'ગુણોમાં જે પરિણમન થાય છે, તેને જ પર્યાય કહે છે.' સમજાણું?

૧૫મી ગાથામાં ન આવ્યું? આપણે 'પંડિતજી' હતા ત્યારે. જેઠ મહિનો. 'પંચાસ્તિકાય'.

भावस्स णत्थि णासो णत्थि अभावस्स चेव उप्पादो।
गुणपज्जयेसु भावा उप्पादवए पकुव्वंति।।१५।।

આ ચર્ચા આપણે જેઠ મહિનામાં ખૂબ ચાલી હતી. ૨૦૧૩ની સાલ, જેઠ માસ. પંડિતજી દસ દિવસ આવ્યા હતા ને? 'गुणपज्जयेसु भावा' દરેક દ્રવ્ય પોતાના ગુણના પર્યાયને વિશે. 'उप्पादवए भावा पकुव्वंति' 'उप्पादवए भावा पकुव्वंति' દ્રવ્ય એના ઉત્પાદ વ્યયને કરે છે. ૧૫મી ગાથા (છે). સમજાણું કાંઈ? લ્યો! (પછી) અનંત ગુણનો સાગર છે, એમ લેશે.

મુમુક્ષુ :- ઉત્પાદ વ્યય ધ્રુવ તો ધ્રુવ પરિણમનશીલ છે.

ઉત્તર :- નહિ, નહિ. ધ્રુવ પરિણમનશીલ નહિ. પરમપારિણામિકભાવ તો એકરૂપ સદૃશ (છે).

મુમુક્ષુ :- પરમપારિણામિક ભાવ છે તેનું પરિણમન તો કેવળજ્ઞાનરૂપ પણ થાય છે ને મતિશ્રુતજ્ઞાનરૂપ પણ થાય છે.

ઉત્તર :- એ પણ થાય છે. મતિ-શ્રુત પણ થાય છે, પહેલા મતિ-શ્રુત આદિ થાય છે, પછી કેવળજ્ઞાન થાય છે. તેનું જ પરિણમન પર્યાયદૃષ્ટિથી. દ્રવ્યદૃષ્ટિથી તે એવો ને એવો જ છે. દ્રવ્યથી તો પરમપારિણામિક એવો ને એવો છે. પર્યાયદૃષ્ટિથી જુઓ, પર્યાયદૃષ્ટિથી જુઓ તો એ ધ્રુવનું એ ઉત્પાદ-વ્યયનું પરિણમન તે એનું છે. તે પર્યાયદૃષ્ટિથી જુઓ તો. દ્રવ્યદૃષ્ટિથી જુઓ તો એવો ને એવો છે. એ પરિણમતું નથી, દ્રવ્ય પરિણમતું નથી. દ્રવ્ય કૂટસ્થ છે. પર્યાય પરિણમે છે. દ્રવ્ય તો કૂટસ્થ છે, અપરિણમન છે. દ્રવ્ય સ્વભાવ (માટે તો) 'સદૃશ' શબ્દ લીધો ને? તેનો અર્થ જ સદૃશ લીધો છે. એવો ને એવો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કૂટસ્થ દૃષ્ટિમાં આવ્યો. પરિણમનશીલ પર્યાયમાં લક્ષમાં આવે છે, લક્ષમાં પર્યાયમાં આવે છે, પણ લક્ષમાં જે ચીજ આવે છે તે અપરિણમનશીલ છે, વસ્તુ-દ્રવ્ય અપરિણમનશીલ છે, પણ લક્ષમાં આવે છે અનિત્ય પર્યાયથી. અનિત્ય પરિણમન પર્યાયથી લક્ષમાં આવે છે. એ ધ્રુવથી લક્ષમાં નથી આવતું, પર્યાયથી લક્ષમાં આવે છે. પણ લક્ષમાં શું (આવ્યું)? ધ્રુવ, કૂટસ્થ છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



મુમુક્ષુ :– પારિણામિકભાવમાં પણ પર્યાય છે?

ઉત્તર :– ગુણ છે, પર્યાય નહિ. ગુણરૂપ ત્રિકાળ એકરૂપ. પર્યાય તો જે ઉત્પન્ન થઈ તે, તે તો પર્યાયદૃષ્ટિ. ગુણસ્વરૂપ જ છે. એ તો ગુણવાન, વાળો (એવો) ભેદ પણ નહિ, ગુણસ્વરૂપ જ છે.

અહીં તો એ ચીજ છે એ એકદમ ધ્રુવ, એકદમ ધ્રુવ. ખરેખર તો નિશ્ચયનું સ્વરૂપ જ ધ્રુવ છે. આ તો પર્યાય છે, ઉત્પાદ-વ્યય એ બધો વ્યવહારનો વિષય છે, પણ છે. બીજી રીતે જો કહીએ તો એ પારિણામિક છે એની જ એ પર્યાય છે પણ એ વ્યવહારનયની અપેક્ષાએ. પારિણામીક સ્વભાવ છે એ તો નિશ્ચયથી એકરૂપ ત્રિકાળ, એકરૂપ ત્રિકાળ, ઓછું નહિ, વિશેષ નહિ, પરિણમન નહિ, ભેદ નહિ. પણ એ લક્ષ કરનાર છે તે પર્યાય છે. પર્યાયથી લક્ષ થાય છે. કરવું કોનું? એ દ્રવ્યનું. કરે કોણ? કે, પર્યાય. ધ્રુવ તો લક્ષ કરતો નથી, ધ્રુવ તો એકરૂપ છે. પર્યાયનો જે અનુભવ છે એ 'આ દ્રવ્ય સામાન્ય છે' એમ નક્કી કરે છે. સમજાણું કાંઈ?

'આત્મા પૂર્ણ જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, સમ્યક્ત્વ, ચારિત્રાદિ શુદ્ધ ગુણોનો સાગર છે.' લ્યો! વિશેષ લીધું છે. 'ચોથા અવિરત સમ્યક્ત્વ ગુણસ્થાનમાં આત્માનો અનુભવ શરૂ થઈ જાય છે.' આની કોર છે, ભાઈ! 'તે બીજના ચન્દ્ર સમાન...' એ 'પરમાત્મ પ્રકાશ'માં નાંખ્યું છે ભાઈએ 'દૌલતરામજી'એ. 'પરમાત્મ પ્રકાશ'માં (છે). બીજનો જેમ ચંદ્રમા હોય છે એટલો અનુભવ ચોથેથી થોડો (શરૂ) થઈ જાય ઇ વધતા વધતા પૂર્ણને પામી જાય છે. એ બધી પર્યાયો છે, ધ્રુવ તો એમ ને એમ છે ઇ છે. એમાં કાંઈ ઓછું-વત્તું થાય છે એમ છે નહિ. કેવળજ્ઞાન થાય તો ન્યાં પર્યાય શક્તિ ઓછી છે અને મતિજ્ઞાન થયું અનંતમેં ભાગે તો ત્યાં શક્તિ વધારે છે, એમ કંઈ છે નહિ. એ તો એકરૂપ ત્રિકાળ એકરૂપ છે.

તે દિ' ભાઈએ કીધું નહિ? ઓલામાં આપણે નહિ? 'લબ્ધિત્રય'માં. 'અકલંક દેવ'! ગુણનું લક્ષણ સદૃશતા. એ વસ્તુ કાયમ એકરૂપ સદૃશ.. સદૃશ.. સદૃશ.. સદૃશ.. સદૃશ.. ઉત્પાદ-વ્યય છે તે વિસદૃશ છે. સદૃશથી ઊલટું બીજું. વિસદૃશ એટલે ભાવ-અભાવ, ભાવ-અભાવ, ઉત્પાદ તે ભાવ, વ્યય તે અભાવ. ભાવ-અભાવ. ઓલું ભાવ-ભાવ એકરૂપ સદૃશભાવ, એકરૂપ સદૃશભાવ, આ વિસદૃશભાવ. વિસદૃશ તે વ્યવહારનયનો વિષય, સદૃશ તે નિશ્ચયનો વિષય. બેને એકસાથે કહો તો પ્રમાણનો વિષય થઈ ગયો. સમજાણું કાંઈ? વસ્તુ જ એવી છે. ત્યાં એમાં કરેલી કોણે છે? વસ્તુ જ આવી અનાદિની ચીજ છે. સમજાણું કાંઈ?

ચંદ્રમાને સમાન છે. લ્યો! એ 'તે જ આત્માનુભવના સતત અભ્યાસથી પાંચમા ગુણસ્થાનને યોગ્ય...' આગળ વધી જાય છે, એમ કહે છે. 'આત્માનુભવને જ ધર્મધ્યાન કહે છે.' જુઓ! ધર્મધ્યાન કોઈ બીજી ચીજ નથી. આત્માનુભવ એ ધર્મધ્યાન છે. ધર્મ નામ ત્રિકાળી સ્વભાવ, એનું ધ્યાન એકાગ્રતા (થવી) એ તો આત્માનો અનુભવ ધર્મ, એ ધર્મધ્યાન

www.vitragvani.com



છે. ઓલા કહે, શુભયોગ તે ધર્મધ્યાન છે. અરે..! ભગવાન! ભારે ભાઈ!

એક ફેરી નહોતું કહ્યું? ભદ્ર 'પંડિતજી'! 'પંડિતજી'ને ખબર છે. (એક જણ કહેતો હતો), સમકિતીને ધર્મધ્યાન નથી, ભદ્રધ્યાન છે. એ કહ્યું હતું ને? પણ ભદ્ર ભલે આવે પણ એનો અર્થ શું? એમ નથી. એ તો ભદ્ર એટલે સરળ–સીધું ધ્યાન. ધર્મધ્યાન ઉગ્રપણે તે શુક્લધ્યાન છે. આ હજી એકદમ ઉગ્ર નથી. આહાહા...! શુક્લધ્યાન, એમ લખ્યું છે. અને 'કષાયમળ અધિક દૂર...' થવાથી શુક્લધ્યાન થાય છે. 'આ મોક્ષમાર્ગ વર્તમાનમાં પણ સાધકને આનંદ આપનાર છે.' આ બાજુ (છે). 'આ મોક્ષમાર્ગ વર્તમાનમાં પણ...' આપણે સાર સાર લઈએ છીએ, (બાકી બીજું) ઘણું બધું લખાણ છે. 'ભવિષ્યમાં અનંત સુખનું કારણ છે.'

મોક્ષમાર્ગ તો વર્તમાન આનંદ છે. આનંદ છે, દુઃખ કેવું? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે સ્વભાવ પૂર્ણ (છે) તેની દૃષ્ટિ, એનું જ્ઞાન અને રમણતા એ ત્રણે આનંદમૂર્તિ છે. સમ્યગ્દર્શન આનંદરૂપ છે, જ્ઞાન આનંદરૂપ છે અને ચારિત્ર આનંદરૂપ છે. મોક્ષમાર્ગ વર્તમાન આનંદદાતા છે (અને) ભવિષ્યમાં પૂર્ણ આનંદનો એ દાતા છે. સમજાય છે? અનંત સુખનું કારણ છે.

'મુમુક્ષુને વ્યવહાર ધર્મના બાહ્ય...' એ કાંઈ નહિ, એમાં ગડબડ છે. થોડી ગડબડ ક્યાંક નાંખી દ્યે છે. નિમિત્તની તો ગડબડ નાંખી દે છે. નિમિત્ત છે ને! લ્યો! હવે છેલ્લો શ્લોક, છેલ્લો શ્લોક, લ્યો! આજે પૂરું થાય છે. જેઠ વદ ૩ શરૂ કર્યું હતું. 'ચીમનભાઈ'ના વાસ્તુમાં. 'શાંતિભાઈ તમારે (ત્યાં) વાસ્તુ હતું ને? તે દિ' જેઠ વદ ૩, વાર સોમવાર હતો ને? સોમવાર. જેઠ વદ ૩ સોમવારે ત્યાં શરૂ કર્યું હતું. વાસ્તુ (હતું), નવું મકાન (કર્યું). આજે હવે પૂરું થાય છે.

## ગ્રંથકર્તાની અંતિમ ભાવના

**संसारह भय-भीयएण, जोगिचंद-मुणिएण।**
**अप्पा-संबोहण कया, दोहा इक्क-मणेण।।१०८।।**

સંસારે ભયભીત જે, યોગીન્દુ મુનિરાજ;
એકચિત્ત દોહા રચે, નિજસંબોધન કાજ. ૧૦૮.

અન્વયાર્થ :– (संसारह भय-भीयएण) સંસારના ભ્રમણથી ભયભીત (जोगिचंद-मुणिएण) યોગેન્દ્રાચાર્ય મુનિએ (अप्पा-संबोहण) આત્માને સમજાવવા માટે (इक्क-मणेण) એકાગ્ર ચિત્તથી (दोहा कया) આ દોહાઓની રચના કરી છે.

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.

www.vitragvani.com



'ગ્રંથકર્તાની અંતિમ ભાવના.'

संसारह भय-भीयएण, जोगिचंद-मुणिएण।
अप्पा-संबोहण कया, दोहा इक्क-मणेण।।१०८।।

પહેલી શરૂઆતમાં એમ કહ્યું હતું કે, જે ભવભીરૂ જીવ છે એને માટે કરું છું. અહીં પોતે (કહે છે), મેં મારા આત્મા માટે, સંબોધનને માટે, મેં મારી ભાવનાની એકાગ્રતા માટે (રચના કરી છે). જેમ 'નિયમસાર'માં કહ્યું ને પ્રભુએ? 'કુંદકુંદાચાર્યે'. 'णियभावणाणिमित्तं मए कदं' મારી ભાવના માટે મેં આ કહ્યું છે, ભાઈ! એમ અહીં આચાર્ય પોતે કહે છે કે, 'अप्पा-संबोहण कया' – મારા આત્માને મેં સંબોધન કર્યું છે, ભાઈ! હે આત્મા! તું પરમાનંદમૂર્તિ છો એમાં સ્થિર થા, એમાં સ્થિર થા, એમાં સ્થિર થા. દૃષ્ટિ ને જ્ઞાન થયું છે પણ હવે એમાં સ્થિર થા. એવા સંબોધનને કારણે મેં આ રચ્યું છે. સમજાણું કાંઈ?

'સંસારના ભ્રમણથી ભયભીત...' અરે..! ચાર ગતિના ભવ (એનો) ભય, ભય જેને લાગ્યો હોય. સમજાણું ? એને માટે કહે છે, ચાર ગતિનો ડર લાગ્યો છે. આહાહા..! પરાધીનતા, દુઃખરૂપ દશા. સ્વર્ગનો ભવ પણ દુઃખરૂપ પરાધીન છે. ચાર ગતિ લીધી છે, હોં! (ફક્ત) દુઃખ એમ નહિ, દુઃખથી ડરે એમ નહિ. 'संसारह भय-भीयएण' 'સંસાર' શબ્દે ચાર ગતિ. એકલું દુઃખ ને કંટાળે એ તો દ્વેષ છે. એમાં તો એને સુખની, સ્વર્ગની ઇચ્છા છે.

ભગવાનઆત્માના આનંદની બહાર નીકળતા જે શુભાશુભ પરિણામ થાય એનું ફળ સંસાર છે. એ બધો સંસાર દુઃખરૂપ છે. સમજાણું કાંઈ? સર્વાર્થસિદ્ધિનો ભવ કરવો એ ભાવ પણ દુઃખરૂપ છે. સમજાણું કાંઈ? તીર્થંકર પ્રકૃતિનો બંધ થવો એ ભાવ પણ દુઃખરૂપ છે. એમ કહે છે, હોં! અરે.. ભગવાન! આનંદ સાગરમાંથી નીકળવું (એમાં) ચાર ગતિનો ભય છે કે અરે..! આ મને ન હો. અહીંયાં કહેશે, હોં! 'યોગીન્દ્રાચાર્ય' મુનિએ આત્માને સમજાવવા માટે...' આત્માને સમજાવવા માટે. 'એકાગ્ર ચિત્તથી આ દોહાઓની રચના કરી છે.'

'ગ્રંથકર્તા યોગીન્દ્રાચાર્યે પ્રગટ કર્યું છે કે તેમણે પોતાના જ કલ્યાણના નિમિત્તે આ દોહાની રચના કરી છે.' દોહા કહ્યા. એમાંથી પાછું (લોકો) કાઢે છે, જુઓ! એમણે દોહા રચ્યા કે નહિ? ભઈ! અહીં તો નિમિત્તપણે થયું એની વાત કરે છે. એ રજકણની દોહાની પર્યાય તો અનંતા સ્કંધની સ્વતંત્ર થઈ છે. લખ્યું પણ બધા લખ્યાના શા આશય છે એ સમજવા જોઈએ ને! અરે.. ભગવાન! શું થાય? 'આ કીધું જુઓ!' પોતે કહી ગયા છે કે કોઈનો રજકણનો કર્તા આત્મા નથી. કર્તા-હર્તા આત્મા એક રજકણની પર્યાયનો નથી. વળી દોહા (કહે) દોહા મેં કર્યા. અહીં તો દોહાના રચનાકાળમાં મારો એક વિકલ્પ જે હતો, નિમિત્ત હતો એમાં હું હતો એમ બતાવે છે. હું તો એના જ્ઞાનમાં, વિકલ્પનાં જ્ઞાનમાં હું છું, વિકલ્પમાં નથી તો એમાં પરની પર્યાયમાં મારી પર્યાય અડી છે અને થઈ છે (એમ નથી). આહાહા..! સમજાણું કાંઈ?

www.vitragvani.com



શબ્દમાં તાકાત છે સ્વપર વાર્તા કહેવાની. એ શબ્દ એ રૂપે પરિણમ્યા છે. ભગવાનઆત્માનો ભાવ ત્યાં અડતો નથી. (કોઈ એમ પૂછે કે) એવા જ ભાવ કેમ આવે ત્યારે? પરમાણુની એવી પર્યાય એને પોતાના ભાવપણે પરિણમવાની છે. શું આત્માનો ભાવ એ અડે છે ત્યાં? આત્માની પર્યાય ત્યાં સંક્રમે છે રજકણની પર્યાયમાં? કર્તા નથી, ભાઈ! જ્યાં વિકલ્પ ઉઠ્યો એનો પણ કર્તા નથી ત્યાં દોહાની રચના(ના કર્તા ક્યાંથી હોય?) ફક્ત રચનાના કાળમાં મારી આ ભાવના હતી એમાં આ થયું એટલે દોહા કર્યા એમ કહેવામાં આવે છે, આમ છે.

મુમુક્ષુ :– લખ્યું તો ખરું ને.

ઉત્તર :– લખ્યા ઇ જ વાંધા છે ને!

મુમુક્ષુ :– અકર્તા છે તો લખે કેવી રીતે?

ઉત્તર :– કર્તા છે નહિ. ત્રણ કાળ, ત્રણ લોકમાં ભગવાનઆત્માનો સ્વભાવ, વિભાવનું કર્તૃત્વ પણ જેના સ્વભાવમાં નથી. એવો કોઈ ગુણ નથી કે વિકારને કરે. ભગવાનઆત્મા રાગના અકર્તા સ્વભાવવાળો એનામાં ગુણ છે. સમજાણું કાંઈ? આ એનામાં શક્તિ છે. ૪૭ (શક્તિમાં) અકર્તાપણાની શક્તિ છે. અકર્તૃત્વ, અભોક્તૃત્વ, પરનું, હોં! આહા..! રાગને ને ભોગને, વિકારને અનુભવવો એવો કોઈ ગુણ નથી. ગુણ હોય તો તો ત્રિકાળ રાગનું કર્તૃત્વ ઉભું રહે અને કોઈ દિ' મુક્તિ થાય નહિ, સમ્યગ્દર્શન ન થાય. એનો ગુણધર્મ જો દુઃખ ભોગવવાનો હોય તો તો દુઃખથી મુક્ત એટલે કે દુઃખથી મુક્ત જેવું સ્વરૂપ છે એ સમ્યગ્દષ્ટિને દૃષ્ટિમાં આવે જ નહિ. સમ્યગ્દર્શન જ ન થાય. ભાઈ! એમ વાત છે. આત્મા અને આત્માનો કોઈ ગુણ કર્તા-ભોક્તા છે જ નહિ. એવો પણ અહીંયાં પરમાણુની પર્યાયના રચનાકાળમાં એક આ જ્ઞાન આવું હતું કે, આમ થાય. એથી એને મેં રચ્યા એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

કહે છે કે 'તેઓ કહે છે કે મને સંસાર ભ્રમણનો ભય છે.' સંતો ભવભીરૂ હતા. ભાગ્યા, તીર્થંકર જેવા ત્રણ જ્ઞાનના ધણી સંસારને પૂંઠ દઈને ભાગ્યા. આહાહા..! જેમ અગ્નિ સળગતી હોય ને પાછળ વાઘ આવતો હોય ને ભાગે માણસ. આગ લાગી, આગ. એ ચાર ગતિના ભવ અને ભવનો ભાવ એ દુઃખરૂપ છે. એ ભય પામ્યા છે. સ્વર્ગના સુખથી ભય પામ્યા છે. સમજાણું કાંઈ? એથી કહે છે 'સંસારમાં આત્માને અનેક પ્રાણ ધારણ કરીને ઘણા કષ્ટો સહેવા પડે છે, ત્યાં પરમ નિરાકુળ સુખની પ્રાપ્તિ થતી નથી.'

'મિથ્યાત્વનું ગાઢપણું રહે છે જેથી પ્રાણી પોતાના આત્મિક અતીન્દ્રિય સુખને ઓળખતા નથી.' મિથ્યાત્વનું ગાંડપણું, પાગલપણું જ્યારે છે, ભ્રમણા (છે), શુભભાવમાં લાભ, પાપમાં મજા, સંયોગો અનુકૂળ હોય તો સગવડતા ઘણી, પ્રતિકૂળતા હોય તો હેરાન હેરાન (થઈ ગયા) એવો મિથ્યાદષ્ટિનો ભાવ ગાંડપણું છે, પાગલપણું છે. 'જેથી પ્રાણી પોતાના આત્મિક

www.vitragvani.com



અતીન્દ્રિય સુખને ઓળખતા નથી, ઇન્દ્રિય સુખમાં જ આસક્ત બની રહે છે.' એ તો ઇન્દ્રિયનો લોભી રહે છે. સમજાણું? અને વિષયભોગની ઇચ્છા અથવા લોકની સુખની ઇચ્છા (છે) તો એના નિમિત્તો અનુકૂળ હોય એનો પ્રેમ એને ખસતો નથી, પ્રતિકૂળ હોય એનો દ્વેષ ખસતો નથી. કોઈ પોતાના ઈન્દ્રિય વિષયના પ્રેમીને ઈન્દ્રિય વિષયમાં વિઘન કરનારા હોય એના ઉપર દ્વેષ થયા વિના રહે નહિ, માને છે ને ઇ કે અહીંથી મને મળતું હતું. સમજાણું? અને એમાં વિઘન કરનારા હોય છે કે આ ક્યાંથી અત્યારે આવ્યો? અને એના અનુકૂળ સામગ્રી સાધનવાળા ઉપર એને રાગ થાય.

મિથ્યાદૃષ્ટિ જ્ઞેયના બે ભાગ પાડી, ઇષ્ટ-અનિષ્ટના ભાગ પાડી મિથ્યાત્વના રાગ-દ્વેષ કરે છે. જ્ઞેયના ભાગ છે જ નહિ. જ્ઞેય તો જાણવા લાયક બધી ચીજ એકરૂપે જ છે. એના બધા અનુકૂળ, એના બધા પ્રતિકૂળ એ વસ્તુ ક્યાં છે? વસ્તુમાં નથી અને જ્ઞેયમાં નથી. જ્ઞેયમાં છે એવો સ્વભાવ? ઇષ્ટ થવાનો, અનિષ્ટ થવાનો એવો વસ્તુનો સ્વભાવ છે? સમજાણું કાંઈ?

કહે છે, જેની ચાહના રહે છે એ રોગ છે. 'ઇચ્છાની બળતરા થવી તે એક જાતનો રોગ છે.' આહાહા..! વિષયની એટલે બહારની અનુકૂળતામાં ઉલ્લસિત વીર્ય સ્ફુરે ઇ રોગ છે, રોગ છે. નિરોગ ભગવાનઆત્મા એમાં એ રોગ છે. એ રોગને ટાળવાનો ઉપાય ભગવાનઆત્માનું શરણ છે. 'આચાર્યદેવ પ્રગટ કરે છે કે મને સંસારનો ભય છે અર્થાત્ હું રાગ-દ્વેષ, મોહના વિકારથી ભયભીત છું.' જુઓ! રાગ-દ્વેષથી બીક છે. આ આકુળતા.. આકુળતા દુઃખ છે. 'હું એમાં પડવા ઇચ્છતો નથી.' હું રાગ-દ્વેષમાં પડવા ઇચ્છતો નથી. હું રાગ-દ્વેષ વિનાનો સ્વભાવ (છે) એમાં રહેવા ચાહું છું. સમજાણું કાંઈ? છેલ્લો શ્લોક છે ને!

'આત્મિક આનંદનો જ સ્વાદ લેવો જોઈએ. નિરાકુળ અતીન્દ્રિય સુખ ભોગવવું જોઈએ. આત્માનું દર્શન કરવું જોઈએ. આ ગ્રંથની અંદર આચાર્યે આ જ શુદ્ધાત્માની ભાવના કરીને પોતાના આત્માનું હિત કર્યું છે. અધ્યાત્મ તત્ત્વનું વિવેચન પરમ હિતકારી છે. આત્મિક ભાવનાનો હેતુ છે.' લ્યો! 'ગ્રંથકર્તાએ પોતાના જ ઉપકાર માટે ગ્રંથની રચના કરી છે તો પણ શબ્દોમાં ભાવોની સ્થાપના કરવાથી અને તેમને લિપિબદ્ધ કરવાથી પાઠકોને પણ પરમ ઉપકારનું નિમિત્ત છે.' સમજાય છે? ઇ ગ્રંથની વાત કરી છે, લ્યો!

પછી સમયસારનો છેલ્લે કળશ, ત્રીજો આપ્યો છે. 'આચાર્ય કહે છે કે નિશ્ચયથી હું શુદ્ધ ચૈતન્ય માત્ર મૂર્તિનો ધારક છું.' 'અમૃતચંદ્રાચાર્ય'.

पर परिणतिहेतोर्मोहनामनोऽनुभावा-
दविरतमनुभाव्याव्याप्ति कल्माषितायाः।
मम परमविशुद्धिः शुद्धचिनमात्रमूर्ते-
र्भवतु समयसार व्याख्ययैवानुभूतेः ।।३।।

www.vitragvani.com



હવે આ ટીકા કરવામાં મારું લક્ષ તો આત્માની એકાગ્રતાનું છે. એ ટીકાના કાળમાં મારી શુદ્ધિ વધો એમ જે ભાવના છે એ આત્માની જ ભાવના છે, એમ. 'અનાદિકાળથી મારી અનુભૂતિ વિભાવ પરિણામોની ઉત્પત્તિનું કારણ એવા મોહકર્મના ઉદયના પ્રભાવથી રાગદ્વેષથી નિરંતર મેલી થઈ રહી છે.' 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે કે પર્યાયમાં કર્મના નિમિત્તમાં લક્ષ જતાં મારી પર્યાય એના ભાવથી મલિન થઈ ગઈ છે.

'હું આ સમયસાર ગ્રંથનું વ્યાખ્યાન કરીને એ જ યાચના કરું છું કે આ જ મારી અનુભૂતિ પરમ શુદ્ધ થઈ જાય,...' લ્યો! ગ્રંથ પૂર્ણ કરવાનું એ ફળ. જુઓ! ત્યારે બીજા શું કહે છે? જુઓ! ઇ શાસ્ત્ર-ગ્રંથ કરતાં કરતાં જે વિકલ્પ ઉઠે છે ને ઇ નિર્જરાનું કારણ છે. આ ગાથાનો એવો અર્થ કરે છે. પર પરિણતિ. અરે.. પ્રભુ! એ શબ્દ તો નિમિત્તથી કથન છે. મારું એ વખતે સ્વભાવ તરફનું આમ અભેદ, આમ એકાકાર એમ જે મારું વલણ છે એ આ વિકલ્પના કાળમાં વલણ આ બાજુ વિશેષ વર્તે છે એનાથી મારી શુદ્ધિ થજો. એમાં એમ કહ્યું કે, આ ટીકા કરતા મારી શુદ્ધિ થજો. આમ કથનો કંઈ ને ભાવ કંઈ. સમજાણું કાંઈ?

'વીતરાગી થઈ જાય, પરમ શાંતરસથી વ્યાપ્ત થઈ જાય. સમભાવમાં તન્મય થઈ જાય, સંસારમાર્ગમાંથી મોક્ષમાર્ગ થઈ જાય.' લ્યો! આ ટીકાના કાળમાં મારો આત્મા આ થાઓ, એમ આચાર્યે ભાવના કરી છે.

મંગલમય અરહંતનું, મંગલ સિદ્ધ મહાન;
આચારજ પાઠક યતી, નમું નમું સુખદાન.
પરમ ભાવ પ્રકાશનું, કારણ આત્મવિચાર,
જે નિમિત્તથી હોય તે, વંદનીક હરવાર,

પાઠક એટલે ઉપાધ્યાય. પછી પાંચ માંગલિક કરીને અરિહંત ભગવાન આદિ મંગળકારી છે, ભગવાન છે. આ પાંચે મંગળિક છે. પરમભાવ પ્રકાશ કારણ આત્મ વિચાર છે. એ આત્માનો અનુભવ તે પરમભાવ પરમાત્માને પ્રકાશ કરવાનું કારણ છે એમ કહીને આ ગ્રંથ પૂરો કર્યો છે. (મુમુક્ષુ :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**દ્રવ્ય સત્, પર્યાય પણ સત્!**

જીવ બધું છોડીને ચાલ્યો ગયો - એમ લોકો કહે છે, પણ ત્યાં કંઈ જીવપણું તેણે છોડ્યું છે? જીવ જીવપણે રહીને બીજે ગયો છે ને! જેમ જીવ જીવપણે સત્ રહ્યો છે તેમ જીવની એકેક સમયની પર્યાય પણ તે તે સમયનું સત્ છે, તે પલટીને બીજા સમયની પર્યાયપણે થઈ જતી નથી.

(આત્મધર્મ — ઑગસ્ટ - ૨૦૦૮)

Shree Kundkund-Kahan Parmarthik Trust, Mumbai.



# માનસ્થંભજી

## સુવર્ણપુરી, સોનગઢ